ગુજરાત યુનિ., દક્ષિણ ગુજરાત યુનિ. અને સૌરાષ્ટ્ર યુનિ. ના
પ્રથમવર્ષ બી. એ. (F. Y. B. A)ના અભ્યાસક્રમ અનુસાર

પ્રાચીન ભારત
નો
ઇતિહાસ

(ઇતિહાસ પ્રશ્નપત્ર–૧)

: સંપાદક – લેખકો :

પ્રા. જશુ પટેલ, એમ. એ.
અધ્યક્ષ, ઇતિહાસ વિભાગ,
વિદ્યામંદિર કૉલેજ ફોર વિમેન, સૂરત.

પ્રા. શશિન જાની, એમ. એ.
અધ્યક્ષ, ઇતિહાસ વિભાગ,
એમ. વી. મહિલા કૉલેજ, રાજકોટ.

: લેખકો :

પ્રા. ગુણવંતભાઈ દેસાઈ,
એમ. એ., એમ. એડ્.
આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, બીલીમોરા.

પ્રા. જીવણભાઇ પટેલ,
એમ. એ. (ઇતિહાસ), એમ. એ. (અર્થશાસ્ત્ર)
શ્રી એન્ડ શ્રીમતી કોટવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ

પ્રા. સુરેશભાઇ શેઠ, એમ. એ.
એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સૂરત.

પ્રા. જશભાઇ પટેલ, એમ. એ.
આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઇ.

પ્રા. મનુભાઇ સોલંકી, એમ. એ.,
પટેલ જે.બી.રૂદેલવાલા આર્ટ્સ કૉલેજ, બોરસદ.

પ્રા. મગનભાઈ પટેલ, એમ. એ.
આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, બારડોલી.

પ્રા. ટી. જે. પંડયા, એમ. એ.
વિદ્યામંદિર કૉલેજ ફોર વિમેન, સૂરત.

અપના પ્રકાશન,
૧/૧૦૦૯, નાનપુરા, પોલીસચોકી પાછળ, સૂરત–૧.

પ્રકાશક :
અપના'પ્રકાશન વતી
જયશ્રી ટી. પંડયા.
૧/૧૦૭૯, વાનપુરા,
પોલિસચોકી પાછળ,
સુરત-૧.

પ્રથમ આવૃત્તિ : ૧૯૬૭
કિંમત : ૮-૦૦

: મુદ્રક :
કમળા હ. મોદી
વંદના મુદ્રણાલય
ગુર્જર ફળિયા,
હરિપુરા, સુરત-૩

અનુક્રમણિકા

વિષય પ્રવેશ[૧]

"હિંદુ લોકોમાં પરલોકદૃષ્ટિ વધારે છે, ને આ લોકની વ્યવસ્થા વિષે સાવ બેપરવાઈ છે એવું માનનારાઓએ કૌટિલીય અર્થશાસ્ત્ર જોઈ જવા જેવું છે."
—શ્રી હર્ષદ.

*** પ્રકરણની રૂપરેખા ***

(૧) ઇતિહાસ એટલે શું ?
(૨) પ્રાચીન ભારતનો ઇતિહાસ.
(૩) ઐતિહાસિક યુગના શ્રીગણેશ.

૧. ઇતિહાસ એટલે શું ?

"ઇતિહાસ" શબ્દ ત્રણ શબ્દોનો બનેલો છેઃ इति+ह+आस. इति = આવું, આ પ્રમાણે, ह = નિશ્ચિતરૂપે(જ) आस = હતું. એટલે ઇતિહાસનો અર્થ થયો "આ પ્રમાણે જ હતું." એટલે કે જે બનાવો નિશ્ચિતપણે બન્યા છે તે જ ઇતિહાસ છે. આમ ઇતિહાસનો અર્થ "આ પ્રમાણે જ હતું" એમ માની લઈએ તો તુરત જ બીજો પ્રશ્ન આપણી સમક્ષ ઉપસ્થિત થાય છે કે આ પ્રમાણે શું (What) ક્યારે (When) અને કેવું (How) હતું ? તે પ્રશ્નોના જવાબ આપણે શોધવાના રહે છે. તેનો જવાબ શોધવા ભૂતકાળમાં ડોકિયું કરવું પડશે, કારણ કે "હતું" શબ્દ ભૂતકાળનો સૂચક છે, માટે એમ પણ કહેવાય છે કે ભૂતકાળમાં થયેલાં કાર્યોનો સંગ્રહ એટલે જ ઇતિહાસ. શ્રી ચંદ્રભાઈ ભટ્ટના મતાનુસાર "થવાની આ પ્રક્રિયાનો, વીતી ગયેલા જમાનાના જીવનનો અભ્યાસ એટલે જ ઇતિહાસનો અભ્યાસ."[૨].

ઇતિહાસને ફક્ત ભૂતકાળની નોંધ માની લઈને ફ્રીમેન જેવા ઇતિહાસકારે તેને "ભૂતકાલીન રાજકારણ" કે "જીવંત ભૂતકાળ" પણ કહ્યો છે. પરંતુ એ

---

૧. આ પ્રકરણ ગુજરાત, દ. ગુજરાત અને સૌરાષ્ટ્ર યુનિ.ના અભ્યાસક્રમમાં નથી. માત્ર વિષયની પૂર્વભૂમિકારૂપે આપવામાં આવેલ છે, જેની વિદ્યાર્થીમિત્રોએ નોંધ લેવી.

૨. ચંદ્રભાઈ ભટ્ટ–વિશ્વ ઇતિહાસની રૂપરેખા પૃ. ૧.

છે ઇતિહાસ સમજવાનો સંકુચિત દૃષ્ટિકોણ, કારણ કે ઇતિહાસ તો માનવના જીવનસંગ્રામની કથા છે અને એટલે જ **શ્રી નહેરુ** લખે છે કે "જંગલી અવસ્થામાંથી મનુષ્યે સંસ્કૃતિનો સાધેલો વિકાસ એ ઇતિહાસનો વિષય મનાયો છે."૩ પરંતુ સંસ્કૃતિના વિકાસનો આ ક્રમ તો સતત ચાલુ જ રહ્યો છે, એટલે ઇતિહાસને ફક્ત ભૂતકાળ સાથે જોડી શકાય નહિ, કારણ કે માનવજીવન તો ભૂત, વર્તમાન અને ભવિષ્યના સમન્વયથી બનેલું છે. એ બાબત **પ્રો. એસ. આર. શર્મા**ના શબ્દોમાં મૂકીએ તો "ઇતિહાસ એ અદ્‌ભૂત પ્રાણીના (માનવીના) ભૂતકાળનાં કાર્યો, સંઘર્ષો, સિદ્ધિઓ અને નિષ્ફળતાનાં સંસ્મરણો છે અને તે વર્તમાનમાં માર્ગદર્શન કરે છે તથા ભવિષ્યમાં ફળ આપે છે."

આજકાલ ઘણીવાર એવો પ્રશ્ન પણ પૂછવામાં આવે છે કે "ઇતિહાસના અભ્યાસથી શો લાભ થાય છે?" ત્યારે એ હકીકત ન ભૂલાવી જોઈએ કે ઇતિહાસ ભૂતકાળના મહાન અનુભવોની ખાણ છે. આજની યુવાન પેઢી તેમાંથી બોધપાઠ લઈ પોતાના ભાવિનું ઘડતર કરી શકે છે. એટલ તે દરેક વ્યક્તિ માટે જ નહીં પરંતુ દરેક રાષ્ટ્ર માટે પણ ઉત્તમ માર્ગદર્શક બની રહે છે.

પહેલાં ફક્ત રાજાઓ કે અમુક કાળના મુખ્ય નાયકોને કેન્દ્રસ્થાને રાખીને જ ઇતિહાસ લખાતો. પરિણામે એ ઇતિહાસ માત્ર રાજકીય બાબતોને સ્પર્શતો, એકાંગી બની જતો. પરંતુ આપણે જાણીએ છીએ કે ઇતિહાસ તો માનવપ્રવૃત્તિનાં દરેક પાસાંને સ્પર્શે છે. એટલે રાજકીય બાબતોની સાથે સાથે સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક બાબતોને સાંકળી લેવાથી જ ઇતિહાસનો સર્વાંગી અભ્યાસ થઈ શકે. ઇતિહાસ પ્રત્યેના આ આધુનિક અને વિશાળ દૃષ્ટિકોણ અંગે પોતાનું મંતવ્ય રજૂ કરતાં **ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી** લખે છે કે, "ઇતિહાસમાં અગાઉ રાજકીય ઇતિહાસ જ નિરૂપાતો, એમાં મુખ્યત્વે રાજાઓનાં અંગત જીવન, પરાક્રમો, ગુણદોષ ઇત્યાદિ નિરૂપાતું. રાજકુલો, રાજવંશો, મંત્રીઓ અને રાજ્યશાસકોનો વૃત્તાંત આલેખાતો, પરંતુ હવે ઇતિહાસ એવો મર્યાદિત રહ્યો નથી. એમાં રાજકુલ ઉપરાંત પ્રજાની અને પ્રજાના વિવિધ વર્ગોની વાત પણ આવે છે. એમાં ખાસ કરીને સામાજિકજીવન, આર્થિકજીવન, સામાજિક મતો અને સંસ્થાઓ, આર્થિક સંગઠનો, ધર્મ અને સંપ્રદાયો, ધાર્મિક માન્યતાઓ, ક્રિયાઓ અને સંસ્થાઓ, સાહિત્ય અને વિદ્યા, વિદ્યાઓ અને કલાઓ, શિક્ષણની પ્રવૃત્તિઓ અને શૈક્ષણિક સંસ્થાઓ, લલિત કલાઓ

૩. જ. નહેરુ–જગતના ઇતિહાસનું રેખાદર્શન પૃ. ૯.

હુન્નરકલાઓ, ઉદ્યોગો વેપારવણજ, દરિયાઈ વેપાર, વહાણવટું, વિદેશો સાથેના સંબંધો અને સંપર્કો, સંસ્કૃતિની આપલે ઇત્યાદિ અનેક વિવિધ વિષયનો સમાવેશ થાય છે."[૪]

૨. પ્રાચીન ભારતનો ઇતિહાસ

ભારતના ઇતિહાસનો ઉગમ ઘણો જૂનો છે. તેનો પ્રવાહ સળંગ રીતે આજસુધી ચાલુ રહ્યો છે. સાતત્યની વિશેષતા સિવાય પણ અનેક રીતે ભારતનો ઇતિહાસ અનુપમ છે. આપણા દેશના ઇતિહાસની વિશેષતા વિષે **રોમા રોલાં** લખે છે કે "માનવજીવનના સ્વપ્નનો આરંભ થયો તે અતિ પ્રાચીનકાળથી ધરતીના પડ પર હયાતિ ધરાવતાં માણસોનાં બધાંય સ્વપ્નાંઓને જો કયાંય સ્થાન મળ્યું હોય તો તે હિંદમાં મળ્યું છે." એટલે જ **શ્રી મેકસમૂલર** ભારતને **"પૃથ્વી ઉપરનું સ્વર્ગ"** કહે છે. આજે પણ આપણી જીવનપ્રણાલી પ્રાચીન સંસ્કૃતિના પાયા પર રચાયેલી છે. આ પ્રાચીન સંસ્કૃતિ પાંચ–૭ હજાર વર્ષની લાંબી મજલ પછી પણ સળંગપણે ચાલી આવી છે. આવા ભારતના ઇતિહાસનું જ્ઞાન આધુનિક ભારતીય સંસ્કૃતિ અને ઇતિહાસને સમજવા માટે જરૂરી છે. એ **"ભવ્ય અને ગૌરવપૂર્ણ પ્રાચીન ઇતિહાસ"** આપણા રાષ્ટ્રના કર્ણધારો માટે પ્રેરક પ્રસંગો પૂરા પાડે તેવો છે. તે મહાન ભૂતકાળના એક મહાન રાજવી અને સંતસમ્રાટ અશોકના ધર્મચક્રને આપણે આપણા રાષ્ટ્રધ્વજમાં સ્થાન આપીને પ્રાચીન રાજવીના મહાન સિદ્ધાંતોને અર્વાચીન માળખામાં મૂકવાનો જવાબદારીપૂર્વક પ્રયાસ કર્યો છે, એમ કહી શકાય.

ભારતનો ઇતિહાસ વિશ્વઇતિહાસનું એક અનુપમ પ્રકરણ હોવાથી વિશ્વના દરેક વિદ્યાર્થી માટે તે અભ્યાસનો અગત્યનો વિષય મનાયો છે. એટલે જ **શ્રી વિલ ડુરાં** લખે છે કે "ઇતિહાસના કોઈપણ આધુનિક વિદ્યાર્થી માટે એનાથી વધુ લજ્જાની કોઈ વાત ન હોઈ શકે કે ભારત વિષેનું તેનું જ્ઞાન ઘણું જ મર્યાદિત અને અપર્યાપ્ત છે." ભારતના ઇતિહાસની જાણકારી વિશ્વના અન્ય દેશોના ઇતિહાસના વિદ્યાર્થીઓ માટે જો આટલી મહત્ત્વની ગણાતી હોય તો દરેક ભારતીય માટે તે કેટલી જરૂરી છે તેનો ખ્યાલ **શ્રી ડી. આર. ભાંડારકર** આ રીતે આપે છે: "કોઈપણ ભારતીયને ત્યાં સુધી શિક્ષિત ન કહી શકાય. જ્યાં સુધી તે પોતાના દેશના ઇતિહાસ વિષે થોડુંક જાણતો નથી."

---

૪. પ્રા. જશુ પટેલ પર લખેલ તા. ૭–૪–'૬૭ ના પત્રના આધારે.

૩. ઐતિહાસિક યુગના શ્રીગણેશ

પ્રાચીન ભારતના ઇતિહાસને અભ્યાસ કરવામાં સરળતા લાવવાની દૃષ્ટિએ ઇતિહાસકારો (૧) પ્રાગૈતિકહાસિક યુગ (પ્રારંભથી ઇ. સ. પૂ. ૬૫૦સુધી) અને (૨) ઐતિહાસિક યુગ (ઈ.સ. પૂ. ૬૫૦ થી ઈ. સ. ૬૪૭ સુધી) એમ બે વિભાગમાં વહેંચી નાખે છે. આ રીતે ઇ. સ. પૂવે ૬૫૦ નું વર્ષ પ્રાચીન ભારતના ઇતિહાસમાં એક વિભાજન રેખા બને છે. આ વર્ષ પહેલાંનો સમય પ્રાચીન ભારતના ઇતિહાસમાં પ્રાગૈતિહાસિક સમય તરીકે ઓળખાય છે, કારણ કે આ સમયના ઇતિહાસનો સાલવાર અહેવાલ નક્કી કરવાની મુશ્કેલી રહે છે. પરંતુ આ વર્ષથી (ઇ. સ. પૂ. ૬૫૦ થી) પ્રાચીન ભારતના ઇતિહાસનો સાલવારનો ક્રમિક અહેવાલ મળી રહે છે. ઇ. સ. પૂર્વે ૬૫૦થી હિંદનો પહેલો ઐતિહાસિક યુગ શરૂ થાય છે, કારણ કે આ સમયથી આપણને વિશ્વસનીય કાળનોંધો, સમયની ટાંચણો અને બનાવોનો વિસ્તૃત અહેવાલ મળે છે. આ સમય બુદ્ધના ઇતિહાસનો છે. એટલે આ સમયનો રાજકીય ઇતિહાસ બુદ્ધના સમયે અસ્તિત્વમાં હતાં એવાં રાજ્યોની વંશાવળી જોઇએ તો જ સમજી શકાય.[૫] આ અંગેની ચર્ચા પ્રકરણ ૨માં કરીશું.

અભ્યાસ પ્રશ્નો

૧. 'ઇતિહાસ' શબ્દનો અર્થ સમજાવો. ઇતિહાસ પ્રત્યેનો નૂતન દૃષ્ટિકોણ રજૂ કરો.

૨. "ઇ. સ. પૂર્વે ૬૫૦ ની સાલ પ્રાચીનભારતના ઇતિહાસમાં એક વિભાજન રેખા બની રહે છે" આ વિધાનની ચર્ચો.

૩. પ્રાગૈતિહાસિક યુગ અને ઐતિહાસિક યુગ એટલે શું ?

---

૫. ડૉ. વિજયસિંહ ચાવડા : ભારતનો સાંસ્કૃતિક ઇતિહાસ, પૃ. ૫૭ને આધારે.

પ્રકરણ ૨

મૌર્યવંશની સ્થાપના પૂર્વેનું ભારત

સિકંદરના આક્રમણે 'ભારત'ને March divided અને Fight unitedનો સિદ્ધાંત શીખવ્યો."

—ડૉ. ટાર્ન.

*** પ્રકરણની રૂપરેખા ***

(૧) મૌર્યવંશની સ્થાપના પૂર્વેનું ભારત.
(૨) સિકંદરનું ભારત પર આક્રમણ.
(૩) સિકંદરના આક્રમણ સમયે ભારતની રાજકીય પરિસ્થિતિ.
(૪) સિકંદરના આક્રમણનાં પરિણામો.
(૫) સિકંદરના આક્રમણની વિશેષતાઓ.
(૬) વિદેશી ધૂંસરીમાંથી મુક્તિ.
(૭) બિંબિસાર.

૧. મૌર્યવંશની સ્થાપના પૂર્વેનું ભારત અથવા મગધના ક્રમિક ઉદયનાં વિવિધ સોપાનો

અ. પ્રાસ્તાવિક : ઈ. સ. પૂ. ની છઠ્ઠી સદી ભારતના ઐતિહાસિક યુગની શરૂઆત તો સૂચવે જ છે, પરંતુ સાથેસાથે તે પ્રાચીન ભારતના પ્રથમ ઐતિહાસિક સામ્રાજ્ય–મગધ–ના વિકાસની શરૂઆત પણ સૂચવે છે. આમ પ્રારંભના એક નાનકડા રાજ્યમાંથી પ્રાચીન ભારતના પ્રથમ ઐતિહાસિક સામ્રાજ્યમાં વિકાસ પામેલા એવા મગધના ક્રમિક ઉદયનો ઇતિહાસ જાણવો જરૂરી બની રહે છે.

બ. મગધના ઉદયનાં સોપાનો : મગધના ક્રમિક ઉદયનો ઇતિહાસ નીચે પ્રમાણે છે :

પ્રથમ સોપાન (મગધ સોળ મહાજનપદોમાંનું એક અંગ) :

મગધના ઉદયના પ્રારંભિક તબક્કા સમયે ભારત સોળ નાનાં નાનાં રાજ્યોમાં વિભક્ત હતું, જે "સોળ મહાજનપદ" તરીકે ઓળખાતાં હતાં. એટલે તો ડૉ. **વાસુદેવશરણ અગ્રવાલ** નોંધે છે કે લગભગ ઈ. સ. પૂર્વે એક હજારથી ઈ. સ. પૂર્વે પાંચસો સુધીના યુગને ભારતના ઇતિહાસમાં જનપદ મહાજનપદનો યુગ કહી શકાય છે. સંપૂર્ણ દેશમાં એક ખૂણેથી બીજે ખૂણે સુધી જનપદોની લાઈન લાગી હતી."

બૌદ્ધધર્મગ્રંથ **અંગુત્તર નિકાય** આવાં ૧૬ મહાજનપદોનો ઉલ્લેખ કરે છે, જે નીચે પ્રમાણે છે :

૧. અંગ (ચંપાનગરી)	૯. કુરૂ (ઇંદ્રપ્રસ્થ)
૨. મગધ (ગિરિવ્રજ)	૧૦. પાંચાલ (કાંપિલ્ય)
૩. કાશી (કાશી)	૧૧. મત્સ્ય (વિરાટનગર)
૪. કોશલ (શ્રાવસ્તી)	૧૨. શૂરસેન (મથુરા)
૫. વૃજ્જિ (વૈશાલી)	૧૩. અશ્મક (પોટન)
૬. મલ્લ (કુશીનગર અને પાવા)	૧૪. અવંતિ (ઉજ્જૈન)
૭. ચેદિ (શુક્તિમતિ)	૧૫. ગાંધાર (તક્ષશિલા)
૮. વત્સ (કોશાંબી)	૧૬. કંબોજ (હાટક)

ઉપરની યાદીમાં કૌંસમાં મહાજનપદોની રાજધાનીનાં નામો આપેલાં છે. આ યાદી ઉપરથી એ પૂરવાર થાય છે કે ઈ. સ. પૂર્વે છઠ્ઠી સદીમાં જ્યારે ઉત્તર ભારતમાં સોળ મહાજનપદોનું રાજ્ય હતું ત્યારે મગધ પણ એમાંનું એક હતું. આને મગધના સામ્રાજ્યના ઉદયનું પ્રથમ પગથિયું ગણાવી શકાય.

દ્વિતીય સોપાન (સોળ મહાજનપદોમાંથી ચાર મહારાજ્યોનો ઉદય) :

સોળ મહાજનપદમાં કોઈપણ મહાજનપદ એટલું બધું શકિતશાળી ન હતું કે જે બધાં ઉપર સત્તા સ્થાપી શકે. તેમનામાં રાજકીય એકતાનો અભાવ હતો. દરેક મહાજનપદ પોતાની સત્તા વધારવા ઇચ્છતું હતું, માટે તેઓ પોતાનામાંથી નિર્બળને હરાવી પોતાનાં રાજ્યમાં ભેળવી લેવાની પેરવીમાં જ રહેતાં. આવી રીતે સોળ મહાજનપદોમાં સત્તાની સાઠમારી ચાલતી હતી. શરૂઆતમાં કાશી ખૂબ જ શકિતશાળી રાજ્ય બની ગયું હતું. જાતકના એક ઉલ્લેખ પ્રમાણે તેણે કોશલ, અંગ અને મગધના રાજાઓને હરાવ્યા હતા, પરંતુ સમય જતાં કાશી પોતે જ કોશલ રાજ્યનો એક ભાગ બની ગયું હતું. ડૉ. **રમાશંકર ત્રિપાઠી** લખે છે કે “બુદ્ધના જીવનકાળ દરમ્યાન ભારતના રાજકારણનો સૌથી વધુ મહત્ત્વપૂર્ણ બનાવ હતો વત્સ, અવંતિ, કોશલ અને મગધના ચાર રાજ્યોનો ઉદય.”[1] આમ સત્તાવૃદ્ધિની હરિફાઈમાં ઉપરોક્ત ચાર મહાજનપદો જીત્યા અને તેથી ઉત્તર ભારતમાં ચાર મહારાજ્યો સ્થપાયાં, મગધ પણ તેમાંનું એક હતું. દરેક મહારાજ્યની શકિત તેમ જ સત્તામાં વૃદ્ધિ થઈ હતી મગધ સિવાયના અન્ય મહારાજ્યોની પરિસ્થિતિ ટૂંકમાં આ પ્રમાણે હતી.

---

1 Dr. R. S. Tripathi : History of Ancient India, P. 89.

(૧) વત્સ : વત્સનો રાજા ઉદયન ખૂબ જ દેખાવડો હતો. તેની રાજધાની અલ્હાબાદ પાસે કૌશાંબીમાં હતી. તે એક શક્તિશાળી રાજા હતો. તે યુદ્ધપ્રિય હતો અને અવંતિના રાજવી સાથે તેનો જીવનપર્યંત સંઘર્ષ ચાલ્યો હતો;અવંતિના રાજા પ્રદ્યોતની કન્યા વાસવદત્તાનું તે હરણ કરી લાવ્યો હતો. તે પ્રથમ બૌદ્ધ ધર્મનો વિરોધી હતો, પરંતુ પિન્ડોલ (Pindol) નામના બૌદ્ધસાધુ જ્યારે કૌશાંબી આવ્યા ત્યારે તેમના ઉપદેશથી પ્રભાવિત થઈને તેણે બૌદ્ધ ધર્મને રાજ્યધર્મ બનાવી દીધો હતો. મગધની કુંવરી પદ્માવતી સાથે પણ તેને લગ્ન કર્યાં હતાં અને મગધ સાથે હંમેશા મિત્રતાપૂર્ણ વ્યવહાર રાખ્યો હતો. ઉદયનના મૃત્યુ પછી અવંતિના રાજાએ વત્સ ઉપર આક્રમણ કરીને જીતી લીધું હતું અને તેને અવંતિમાં ભેળવી લીધું. આમ ઉદયનના મૃત્યુની સાથે જ વત્સના સાર્વભૌમત્ત્વનો અંત આવ્યો.

(૨) અવંતિ : અવંતિની રાજધાની ઉજ્જૈનમાં હતી. તે વત્સની દક્ષિણે આવેલું રાજ્ય હતું. બુદ્ધના સમયમાં અવંતિનો શાસક ચંડપ્રદ્યોત હતો, જે ખૂબ જ મહત્ત્વાકાંક્ષી શાસક હતો. પાડોશમાં આવેલા વત્સ રાજ્યની સામ્રાજ્યવાદી પ્રવૃત્તિઓને લીધે અવંતિ અને વત્સના સંબંધો કટુ બની ગયા હતા. પરંતુ ઉદયન (વત્સનો શાસક) પછી કમજોર વારસદારો આવતાં તેણે વત્સ જીતી લીધું હતું તો પ્રદ્યોતના મૃત્યુ પછી નિબળ વારસદારોના કાળમાં મગધે અવંતિ જીતી લીધું હતું.

(૩) કોશલ : કોશલની રાજધાની શ્રાવસ્તીમાં હતી. બુદ્ધના સમયમાં ત્યાંનો શાસક પ્રસેનજિન હતો. તે વીર અને શક્તિશાળી હતો. તેણે પોતાની બહેન કોશલદેવીનાં લગ્ન બિંબિસાર સાથે કરીને "કાશી"નું પરગણું કરિયાવરમાં આપ્યું હતું. આમ કાશી મગધનો ભાગ બન્યું. બિંબિસારના પુત્ર અજાતશત્રુએ તેનું ખૂન કર્યું હોવાનું મનાય છે. અજાતશત્રુના પિતૃહત્યાના કાર્યને લીધે કોશલ અને મગધ વચ્ચે સંઘર્ષ થયો હતો. આ બંને શક્તિશાળી રાજ્યોના સત્તા–સંઘર્ષમાં છેવટે મગધ વધુ શક્તિશાળી પૂરવાર થયું અને વિજયશ્રી તેને જ મળી. આમ "કોશલની મહત્ત્વાકાંક્ષાઓ દક્ષિણ બિહારના જંગલોમાં ઉદિત એક નવીન રાજ્યસત્તા (મગધ) દ્વારા નષ્ટ કરી દેવામાં આવી"[૨]

(૪) મગધ : ચાર મહારાજ્યોમાંથી મગધ પણ એક હતું. તેની રાજધાની ગિરિવ્રજ હતી. બુદ્ધના કાળમાં મગધના શાસકો હતા બિંબિસાર અને

---

२. डॉ. मजुमदार, डॉ. रायचौधरी और डॉ. दत्त : भारतका बृहत इतिहास भाग १ पृ. ५९

અજાતશત્રુ, જેમનાં કાર્યોનું વિગતવાર વર્ણન આગળ કરીશું.

તૃતીય સોપાન : (મગધ એક શકિતશાળી મહારાજ્ય બને છે) :

સોળ મહાજનપદોમાંથી ચાર મહારાજ્યો બન્યાં અને એમાં પણ મગધનું સ્થાન મહત્ત્વનું હતું. આ ચાર મહારાજ્યો (વત્સ, અવંતિ, કોશલ અને મગધ) વચ્ચે પણ સત્તા અને શકિત વધારવાની હરીફાઇ ચાલી. તેના પરિણામે થોડાં જ વર્ષોમાં મગધ ઉત્તર ભારતનું એક માત્ર શકિતશાળી મહારાજ્ય રહ્યું. મગધની સત્તાની આવી વૃદ્ધિ કરવાનો શ્રેય હર્યંકવંશ, શિશુનાગવંશ અને નંદવંશ એ ત્રણ વંશના શાસકોને ફાળે જાય છે.

(અ) હર્યંકવંશ :

૧. બિંબિસાર : હર્યંકવંશનો સ્થાપક બિંબિસાર હતો. તેના પિતાનું નામ ભટ્ટીય હતું. ડૉ. **રાયચૌધરી**ના મતાનુસાર તે ૧૫ વર્ષની ઉંમરે ગાદીએ આવ્યો હતો. તેણે શાંતિપૂર્ણ સાધનો એટલે કૂટનીતિક લગ્નસંબંધો દ્વારા અને જીતો દ્વારા મગધના રાજ્યનો વિસ્તાર કર્યો. તેણે (i) કોશલના રાજા પ્રસેનજિતની બહેન **કોશલદેવી** સાથે, (ii) વૈશાલીના લિચ્છવીઓના પ્રમુખ ચેટકની પુત્રી **ચેલ્લના** સાથે, (iii) વિદેહની **વાસાવી** સાથે અને (iv) પંજાબ (મદ્ર)ના શાસકની કુંવરી **ક્ષેમા** સાથે લગ્ન કર્યાં. તેણે અંગ રાજ્યના શાસક બ્રહ્મદત્તને હરાવી અંગને મગધના સામ્રાજ્યમાં ભેળવી દીધું અને ત્યાં પોતાના પુત્ર અજાતશત્રુને સુબા તરીકે નીમ્યો. આમ તેણે જીતો અને લગ્નો દ્વારા મગધને ઉત્તરભારતમાં એક માત્ર 'મહારાજ્ય' બનાવવાનો પ્રયાસ કર્યો. તે પોતે રાજ્યકાર્યમાં ધ્યાન રાખતો, અને તેથી રાજ્યના ઉચ્ચ અધિકારીઓ (મહામાત્રો)ને પણ પોતાનાં કાર્યો ધ્યાનપૂર્વક કરવાં પડતાં. તે બૌદ્ધધર્મી હતો. તેણે બૌદ્ધસંઘને **કરંદ-વેણુ-વન** ભેટ આપ્યું હતું, બૌદ્ધ સાધુઓને જમાડયા હતા અને તેમને 'જળયાત્રાકર'માંથી મુકિત આપી હતી. તે અન્યધર્મો પ્રત્યે પણ આદર દાખવતો હતો. તે સ્થાપત્યકલાને પ્રોત્સાહન આપતો. તેની રાજધાની રાજગૃહના મહેલોનું નિર્માણ પ્રસિદ્ધ સ્થપતિ **મહાગોબરે** કર્યું હતું. જીવક તેનો રાજવૈદ્ય હતો.

ઉપરોક્ત વિવિધ ક્ષેત્ર મેળવેલી સિદ્ધિઓ જોતાં બિંબિસારને 'મગધની મહાનતાનો સ્થાપક' કહી શકાય.

૨. અજાતશત્રુ : બિંબિસાર પછી તેનો પિતૃઘાતક પુત્ર અજાતશત્રુ ગાદીએ આવ્યો બિંબિસારનું ખૂન થતાં તેની વિધવા રાણી કોશલદેવી પતિ-શોકમાં મૃત્યુ પામી તેથી કોશલદેવીનો ભાઈ કોશલનરેશ પ્રસેનજિત ખૂબ ક્રોધે ભરાયો અને તેણે કાશીનો પ્રદેશ પાછો લઈ લીધો. આ પ્રશ્ને કોશલ અને મગધ વચ્ચે સંઘર્ષ

જન્માવ્યો. અજાતશત્રુ સામ્રાજ્યવાદી હતો અને તે કાશીનો પ્રદેશ જતો કરવા તૈયાર ન હતો, તેથી તેણે કોશલ ઉપર આક્રમણ કર્યું. તે હાર્યો અને તેને કેદ કરી લેવામાં આવ્યો. પરંતુ બૌદ્ધ ધર્મ પ્રત્યેના અનુરાગને લીધે પ્રસેનજિતે તેને છોડી દીધો અને પોતાની દીકરી વજીરાનાં લગ્ન અજાતશત્રુ સાથે કર્યાં અને કાશીનો પ્રદેશ પાછો આપ્યો. આમ કાશી હવે કાયમી રીતે મગધના રાજ્યનો ભાગ બન્યું. સામ્રાજ્યવાદી અજાતશત્રુએ ત્યાર પછી વૈશાલીના લિચ્છવીઓ ઉપર આક્રમણ કર્યું. આ આક્રમણનું કારણ એમ બતાવવામાં આવે છે કે લિચ્છવી રાજા ચેટકે પોતાના દૌહિત્રો હલ્લુ અને બેહલ્લ (અજાતશત્રુના ઓરમાન ભાઈઓ)ને શરણ આપેલું. તેના પિતા બિંબિસારે તેમને પ્રસિદ્ધ હાથી સેચનક અને બહુમૂલ્ય મોતીની માળા આપેલી. અજાત–શત્રુએ તે પાછી માગી, જે આપવાનો તેમણે ઈન્કાર કરતાં તેમના આશ્રયદાતા નાના ચેટકના રાજ્ય ઉપર આક્રમણ કર્યું. આક્રમણ કરતાં પહેલાં પોતાના મંત્રી વસ્સકારને મોકલી કૂટનીતિ દ્વારા તેમનામાં કુસંપ ઉત્પન્ન કરાવ્યો અને વૈશાલી જીતી લીધું. "આવી રીતે અંગ, કાશી, વૈશાલી અને આસપાસના પ્રદેશો મેળવી (હર્યંક વંશના શાસનકાળમાં) મગધ **ઉત્તર ભારતનું સૌથી વધુ શક્તિશાળી રાજ્ય** બની ગયું"[૩]

પાડોશી રાજ્યોની વધતી શક્તિનો સામનો કરવા માટે અજાતશત્રુએ ગંગા અને સોન નદીના સંગમ પર આવેલા પાટલીગ્રામમાં એક કિલ્લો બંધાવ્યો હતો. આ કિલ્લેબંધ પાટલીગ્રામ જે એક પેઢી દરમ્યાન પાટલિપુત્રના વિશાળ નગરના રૂપમાં પરિવર્તન થઈ ગયું, જે લગભગ ચારસો વર્ષ સુધી ભારતની રાજધાની રહ્યું હતું.

અજાતશત્રુ ૩૨ વર્ષ શાસન કરી મૃત્યુ પામ્યો. તેના પછી હર્યંક વંશમાં ઉદયિન, અનુરૂદ્ધ, મુંડ અને નાગદશક થયા. આ બધા રાજાઓ પિતૃ-ઘાતક હોવાથી જનતા તેમનાથી કંટાળી ગઈ હતી. પરિણામ નાગદશકને જનતાએ ગાદી ઉપરથી ઉઠાડી મૂકીને તેના મંત્રી શિશુનાગને રાજા બનાવ્યો હતો, જેણે શિશુનાગ વંશની સ્થાપના કરી હતી.

(બ) શિશુનાગ વંશ : શિશુનાગ વંશના સ્થાપક શિશુનાગે પણ હર્યંક વંશની સામ્રાજ્યવાદી નીતિ ચાલુ રાખી હતી. અવંતિમાં ચંડપ્રદ્યોતના મૃત્યુ પછી નિર્બળ વારસદારો આવતાં શિશુનાગે અવંતિ ઉપર આક્રમણ કરી સરળતાથી તેને મગધમાં મેળવી દીધું. આમ મગધના સામ્રાજ્યનો વિસ્તાર

---

૩ r. R. S. Tripathi: History of Ancient India, P. 96.

ચાલુ રહ્યો હતો. શિશુનાગના ૧૮ વર્ષના શાસન પછી તેનો ઉત્તરાધિકારી કાલાશોક કે કાકવર્ણિન આવ્યો, જેણે ૨૮ વર્ષ રાજ્ય કર્યું હતું. કાકવર્ણિન પછી તેના દસ પુત્રોએ એકીસાથે કુલ ૨૨ વર્ષ રાજ્ય કર્યું. શિશુનાગ વંશના છેલ્લા રાજવીનું ખૂન કરી મહાપદ્મનંદ ગાદીએ આવ્યો હતો, જેણે નંદ વંશની સ્થાપના કરી હતી.

(ક) નંદવંશ : મહાપદ્મનંદે નંદવંશની સ્થાપના કરી હતી. જૈન ગ્રંથો અને ગ્રીક ઇતિહાસકારોના લખાણો અનુસાર મહાપદ્મનંદ હજામ હતો અને કાકંવર્ણિનની રાણીનો તે પ્રેમી હતો. રાણીની સહાયથી તેણે રાજાનું ખૂન કર્યું હતું. પુરાણો પ્રમાણે તે એક શૂદ્ર સ્ત્રીથી ઉત્પન્ન પુત્ર હતો અને સૌ પ્રથમ તેણે કાકવર્ણિનનું ખૂન કરી તેના ૧૦ પુત્રોના સંરક્ષક બનવાનો દેખાવ કર્યો અને પછી તેમનું ખૂન કરી ગાદીએ બેઠો. બાણના "હર્ષચરિત" પ્રમાણે તેણે કાકવર્ણિનના ગળામાં ખંજર ભેરવી ખૂન કર્યું હતું. હાથીગુફાનો લેખ દર્શાવે છે કે તેણે કલિંગ–વિજય કર્યો હતો. મહાપદ્મનંદે મગધનો રાજ્યવિસ્તાર ખૂબ વધાર્યો હતો. "તેણે સમકાલીન ઇક્ષ્વાકુ, કુરૂ, પાંચાલ, કાશી, શૂરસેન, મિથિલા, કલિંગ, અશ્મક, હૈહય વગેરે સત્તાઓ ઉપર વિજય મેળવી ક્ષત્રિયોનો નાશ કર્યો હતો."[૪] અનેક ક્ષત્રિયોનો નાશ કરવાને લીધે તેને **'સર્વ ક્ષત્રાન્તક'** અથવા **'બીજો પરશુરામ'** કહેવામાં આવે છે. તેણે પોતે "એકરાટ" (The sole sovereign) ની ઉપાધિ ધારણ કરી હતી. પુરાણ સાહિત્યમાં તેને "મહાપદ્મપતિ" એટલે કે પુષ્કળ સંપત્તિનો માલિક કહેવામાં આવ્યો છે. કથાસરિતસાગર પ્રમાણે તેની પાસે ૯૯ કરોડ સુવર્ણ-મુદ્રાઓ હતી. તેણે ૨૮ વર્ષ રાજ્ય કર્યું. તેના પછી તેના આઠ પુત્રોએ મગધમાં ૧૨ વર્ષ રાજ્ય કર્યું હતું આ વંશના છેલ્લા અત્યાચારી નંદરાજવી ધનનંદનો અંત લાવીને ચંદ્રગુપ્ત મૌર્યે 'મૌર્ય સામ્રાજ્ય' સ્થાપ્યું હતું.

ચતુર્થ સોપાન (મગધનું મહાન સામ્રાજ્ય) :

નંદ સમ્રાટોના સમયમાં ઉત્તર અને પૂર્વ ભારત મગધના આધિપત્ય હેઠળ આવતાં એટલા પ્રદેશમાં તેમનું એકચક્રી શાસન સ્થપાયું. ત્યારબાદ નંદવંશનું પતન કરી મહાન પરાક્રમી અને શકિતશાળી સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્યે પોતાના બુદ્ધિ-શાળી તેમજ રાજનીતિના પંડિત અને 'મૌર્યબિસ્માર્ક' મનાતા પ્રધાન ચાણક્યની સહાયતાથી દિગ્વિજય કરી ચારે દિશામાં મૌર્ય સામ્રાજ્યની વિજય દુંદુભી વગાડી. આમ ચંદ્રગુપ્ત મૌર્યે મગધને ભારતનું " The Supreme State " બનાવ્યું.

---

૪. Ibid – 110.

क. ઉપસંહાર : આ છે મગધના ક્રમિક ઉદયનો ઇતિહાસ જેની નોંધ લેતાં ડૉ. રમાશંકર ત્રિપાઠી લખે છે કે, "આવી રીતે પગલે પગલે વધીને મગધે ભારતમાં સર્વશકિતશાળી રાજ્યનું સ્થાન ગ્રહણ કર્યું અને દીર્ઘકાલ સુધી તેનો ઇતિહાસ સંપૂર્ણ ભારતનો ઇતિહાસ રહ્યો."[5] ટૂંકમાં એમ કહી શકાય કે ઇ. સ. પૂર્વે છઠ્ઠી સદીથી ૨૦૦ વર્ષનો ઇતિહાસ એટલે મગધના ઉત્થાનનો ઇતિહાસ.

૨. સિકંદરનું ભારત પર આક્રમણ

अ. પ્રાસ્તાવિક : સિકંદર મેસિડોનિયાના શાસક ફિલિપ બીજાનો પુત્ર હતો. 'પુત્રનાં લક્ષણ પારણામાં' એ અનુસાર તેનામાં નાનપણથી જ મહાન થવાના ગુણ દેખાતા હતા. પોતાના પિતા ફિલિપને ખૂબ વિજયો મેળવતા સાંભળીને તે ખુશ થવાને બદલે રડી પડ્યો હતો કારણ કે તેને એમ ડર હતો કે જો તેના પિતા બધું જીતી લેશે તો તેના માટે જીતવાનું કશું જ બાકી રહેશે નહિ, અને તો તેને પોતાની શકિત કે યોગ્યતા કઈ રીતે પૂરવાર કરી બતાવવી. નાનપણથી જ આવી મહત્ત્વકાંક્ષા સેવનાર બાળક સિકંદર યુવાન થતાં વિશ્વવિજય કરવાની મહેચ્છા ધરાવે તે અસ્વભાવિક નથી. ઈ. સ. પૂર્વે ૩૩૬માં ફક્ત વીસ વર્ષની નાની વયે તે ગાદીએ આવ્યો હતો ત્યાર પછી બે વર્ષના ટૂંકા ગાળામાં તેણે સમગ્ર ગ્રીસનાં નગરરાજ્યો ઉપર પોતાની સર્વોપરી જમાવી. ત્યારબાદ ઈ. સ. પૂર્વે ૩૩૪માં વિશ્વ-વિજય માટેની યાત્રા શરૂ કરી અને આઠ વર્ષના ગાળામાં એશિયા માઈનોર, સિરિયા, ઈજીપ્ત અને ઈરાન જીતીને તેનું સૈન્ય ભારતના વાયવ્ય દરવાજે પહોંચી ગયું.

ब. ભારત પરના આક્રમણનાં કારણો – તેના ભારત પરના આક્રમણનાં કારણો આ પ્રમાણે ગણાવી શકાય :

(૧) વિશ્વવિજયના એક ભાગ રૂપે,

(૨) ભારતની સમૃદ્ધિ પ્રાચીનકાળમાં બધાં માટે આકર્ષણરૂપ હતી. એમ કહેવાતું કે "India is a land of bottomless treasure." ભારતનો એક પ્રાંત જે ઈરાની સામ્રાજ્યની એક સત્રપી હતો તે ઈરાનને વાર્ષિક ૩૬૦ કરોડ સુવર્ણ ટેલન્ટ કરરૂપે આપતો. તે સિવાય ભારતમાંથી પાયદળમાં ભરતી કરવા માટે મોટા પ્રમાણમાં સૈનિકો મળી રહેતા. માટે ભારતની સમૃદ્ધિ જ તેના ઉપરનાં વિદેશી આક્રમણોનું કારણ બની હતી.

(૩) ૧૯મી સદીનો ફ્રાન્સનો સમ્રાટ મહાન નેપોલિયન એમ કહેતો કે,

---

५ प्राचीन भारताचा इतिहास : पृ. ८६

"કીર્તિ હંમેશા પૂર્વમાંથી આવે છે." શું સિકંદર પણ એમ માનતો ન હતો ? તે પણ એમ જ માનતો હશે કારણ કે તેણે કરેલા વિજયો મોટા ભાગના એશિયાના દેશોના (પૂર્વના દેશો) જ છે.

(૪) ગ્રીક ઇતિહાસકારોનું એમ પણ કહેવું છે કે પૂર્વના દેશો ઉપરના સિકંદરના આક્રમણનો એક હેતુ " હેલાસ (ગ્રીસ)ની સંસ્કૃતિના પ્રસારનો પણ હતો. "

(૫) Alexander's spirit of geographical equiry & his passion for natural history influenced his decision to invade India.

(૬) ઉપરોક્ત કારણો સિવાય વાયવ્ય ભારતની રાજકીય એકતાના અભાવની પરિસ્થિતિએ સિકંદરના વિજયને સરળ કરી દીધો. ડૉ. **રાયચૌધરી** ભારપૂર્વક જણાવે છે કે ભારતની વાયવ્ય સરહદનાં નાનાં રાજ્યોના કુસંપે સિકંદરના આક્રમણને સુગમ બનાવ્યું.[૬]

ટૂંકમાં એમ કહી શકીએ કે વિશ્વવિજયની આકાંક્ષા, ભારતની સમૃદ્ધિ, કીર્તિની ઝંખના, ગ્રીક સંસ્કૃતિનો પ્રસાર કરવાની ઇચ્છા, વાયવ્ય સરહદની અસંતોષજનક રાજકીય પરિસ્થિતિ જેવાં કારણોએ ભારત ઉપરનાં આક્રમણ કરવા તેને પ્રોત્સાહન આપ્યું.

(क) સિકંદરનાં ભારત પરનાં આક્રમણો :

સિકંદરનું ઘોડાપૂરની જેમ ધસમસતું આવતું વિજયી સૈન્ય ઈ. સ. પૂર્વે ૩૨૭માં હિંદુકુશ સુધી પહોંચી ગયું હતું. ત્યારપછી ૧૦ દિવસમાં હિંદુકુશ પાર કરી તેનું સૈન્ય કાબુલની ખીણમાં આવી પહોંચ્યું, અહિં તેણે પોતાના સૈન્યને બે ભાગમાં વહેંચ્યું: એક ભાગની સરદારી હેફાઇસ્ટિઅન અને પર્ડીક્કાસ નામના સેનાપતિઓને સોંપી અને બીજા ભાગની સરદારી તેણે પોતે લીધી.

*** વિજયકૂચ :**

(૧) સરહદ પ્રદેશની પહાડી જાતિઓને નમાવી – સિકંદરની સેનાના પ્રથમ ભાગે આંભીકુમારના માર્ગદર્શન હેઠળ ખૈબરઘાટના માર્ગે ભારતમાં પ્રવેશ કર્યો. પરંતુ રસ્તામાં 'અષ્ટક' નામની જાતિએ રાજા 'એસ્ટેસ'ની નેતાગીરી હેઠળ સિકંદરનો સામનો કર્યો, અને ૩૦ દિવસ સુધી પોતાની રાજધાની પુષ્કલાવતીનો બચાવ કર્યો. છેવટે આ જાતિને હરાવીને તેણે ભારતની ભૂમિમાં પ્રથમ વિજય પ્રાપ્ત કર્યો. સિકંદરની સરદારી હેઠળના બીજા ભાગે

૬. Basham : Studies in Indian History & Culture, P. 224.

સ્વાત અને પંજોરની ખીણમાં પ્રવેશ કરી અસ્પાસિઓઈ (Aspasioi) નામની લડાયક જાતિને હરાવી તેમનું ક્રૂરતાપૂર્વક દમન કર્યું તથા તેમના ૪૦ હજાર માણસોને પકડયા અને ૨ લાખ ૩૦ હજાર બળદો પકડીને તેમાંથી ઉત્તમ હોય એવા પસંદ કરીને ખેતી માટે મેસિડોનિયા મોકલી દેવામાં આવ્યા. ત્યાંથી આગળ વધી સિકંદરે **'નિસા'**ના પહાડી રાજ્યને જીતી લીધું. તેમણે તેની આધીનતા સ્વીકારી અને ૩૦૦ ઘોડેસ્વાર સિકંદરના લશ્કર સાથે મોકલ્યા. ત્યાંથી આગળ વધી રહેલા સિકંદરના સૈન્યનો **'અસ્સકેનોઈ'** નામની પ્રજાએ રાજધાની મસ્સગના કિલ્લામાંથી મુકાબલો કર્યો. યુદ્ધમાં લડતાં રાજાનું મૃત્યુ થતાં તેની માતા ક્લીઓફિસે સેનાની નેતાગીરી લીધી. તેઓ બહાદુરીથી લડયા પરંતુ સિકંદરની સેનાના મોરચા સામે તેઓ નિષ્ફળ નીવડયા. તેમાં સિકંદરે પકડેલા ૭૦૦૦ સૈનિકોને કિલ્લામાંથી સલામત પાછા જવા દેવાનું કબુલ્યું હતું, પરંતુ પછી વચનભંગ કરીને તે બધાંની કતલ કરાવી નાખીને તેણે પોતાની કારકિર્દીને કલંક લગાડયું. આગળ વધીને તેના લશ્કરે **ઓરા, બઝીરા, ઓર્નસ, પુષ્કલાવતી, હિર્તા** વગેરે નગરો જીત્યાં.

આ પ્રમાણે ઉપરોક્ત સ્વાધીનતાપ્રિય પહાડી જાતિઓને હરાવીને તેની સેનાના બંને ભાગ અટકથી ૧૬ માઈલ દૂર આવેલ 'ઓહિંદ' આવી પહોંચ્યાં.

(૨) તક્ષશિલા – સિકંદરે ઈ. સ. પૂર્વે ૩૨૬માં ઓહિંદથી હોડીઓના પુલ દ્વારા સિંધુ નદી પાર કરીને તક્ષશિલા પહોંચ્યો, જ્યાં આંભીનરેશે તેનું ભવ્ય સ્વાગત કર્યું અને સિકંદરને ૫૦૦૦ ચુનંદા સૈનિકોનું લશ્કર આપવાનું વચન આપ્યું. સિકંદરે તેને તક્ષશિલાનો ગવર્નર નીમ્યો. આમ આંભી તક્ષશિલાનો શાસક તો રહ્યો પરંતુ હવે તે સ્વતંત્ર રાજવી ન રહેતાં સિકંદરના સામ્રાજ્યના એક પ્રાંતનો પ્રતિનિધિ બન્યો. આંભીએ આ શરણાગતિ એટલા માટે સ્વીકારી હતી કે જેથી તે પોતાના હરીફ પોરસને સિકંદર દ્વારા પરાજય અપાવી શકે.

(૩) પંજાબનો પોરસ – સિકંદરે તક્ષશિલામાં દરબાર ભરીને અન્ય રાજાઓને પોતાનું આધિપત્ય સ્વીકારવા કહેણુ મોકલ્યું. ઘણાય રાજાઓએ તેનું આધિપત્ય સ્વીકાર્યું પરંતુ જેલમ અને ચિનાબ વચ્ચેના પંજાબ પ્રદેશના પુરુવંશી પોરસે તેના શરણાગતિ સ્વીકારવાની ચોખ્ખી ના પાડી અને કહ્યું કે તે તેના કહેણનો જવાબ રણમેદાન ઉપર આપશે. બંને વચ્ચે જેલમ નદીના કાંઠે કર્રી (Karri)ના મેદાનમાં યુદ્ધ ખેલાયું, જેમાં પોરસની હાર થઈ. બંદી રાજા પોરસને સિકંદરે પૂછ્યું કે, "તમારી સાથે કેવો વર્તાવ કરવામાં આવે? ત્યારે સ્વાભિમાની પોરસે ઉન્નત મસ્તકે જવાબ આપ્યો કે, "એક

રાજા બીજા સાથે કરે છે તેવો." સિકંદર બહાદૂર પોરસના ગૌરવપૂર્ણ જવાબથી ખુશ થયો અને પોરસને તેનું રાજ્ય તો પાછું આપ્યું. પરંતુ સાથો સાથે આસપાસનો પ્રદેશ (જેમાં ૧૫ ગણતંત્રો, ૫૦૦૦ શહેરો અને અનેક ગામડાં) પણ તેને સોંપ્યો. સિકંદરના આ પગલાને આચાર્ય ચતુરસેન '**વીરતા અને ઉદારતાનું સંયુક્ત દૃષ્ટાંત**' કહે છે.

(૪) ગ્લાઉસાઈ – પોરસને હરાવીને સિકંદરનું સૈન્ય આગળ વધ્યું અને ગ્લાઉસાઈ જીતીને તેનાં ૩૭ શહેરો કબજે કર્યાં.

(૫) નાનો પોરસ (પોરસનો ભત્રીજો) – સિકંદરે ચિનાબ નદી પાર કરીને નાના પોરસનો પ્રદેશ જીતી લીધો. નાના પોરસનો પ્રદેશ (Gandaris) અને ગ્લાઉસાઈનો પ્રદેશ તેણે મહાન પોરસના અમલ હેઠળ મૂકયો.

(૬) પિંપ્રમા અને કઠ – સિકંદરે ત્યાંથી રાવી નદી પાર કરીને પિંપ્રમા નામનો કિલ્લો જીત્યો અને કઠ જાતિની રાજધાની '**સંગલ**' ઉપર આક્રમણ કરીને પોરસની મદદથી વિજય મેળવ્યો. આ યુદ્ધમાં કઠ જાતિના ૧૭,૦૦૦ મરાયા અને ૭૦ હજાર કેદ પકડાયા. કઠ લોકોની વિશેષતા એ હતી કે તેઓ ફક્ત યુદ્ધકુશળ જ નહીં પરંતુ સાથોસાથ સૌંદર્યોપાસક પણ હતા.

*** સિકંદરના સૈન્યનો બળવો :**

રાવી નદી પાર કરી બિયાસ નદીના કિનારા સુધી સિકંદરનું સૈન્ય આવી પહોંચ્યુ. હવે સિકંદરના સૈન્યે બળવો પોકાર્યો અને આગળ વધવાની સાફ ના પાડી. શામાટે તેના સૈન્યે આગળ વધવાની ના પાડી ? કારણકે (૧) પોતાનું ઘર અને દેશ છોડયા ઘણાં દિવસો થયા હતા, એટલે મિત્રો અને સગાંસંબંધીઓની યાદ આવતી હતી. (૨) યુદ્ધયાત્રા ઘણી લાંબી થઈ ગઈ હતી, તેથી તેઓ યુદ્ધથી કંટાળી ગયા હતા. (૩) ભારતની આબો-હવા તેમને અનુકૂળ ન હતી તેથી તેઓ રોગના શિકાર બન્યા હતા અને સ્વાસ્થ્ય બગડતું હતું. (૪) મગધના મહાન સામ્રાજ્યની સૈનિક શકિત અને વૈભવ વિષે સાંભળીને તેમનું સાહસ ખંડિત થઈ ગયું હતું.

શ્રી નહેરૂ આ બાબત જણાવે છે કે "સરહદના પ્રદેશના રાજાએ તેનો એવો સખત સામનો કર્યો કે હિંદના અંદરના ભાગમાં જવાના પોતાના ઈરાદા વિષે સિકંદર વિમાસણમાં પડી ગયો. સરહદ પરનો એક નાનકડો રાજા જો આ રીતે લડી શકે તો આગળનાં દક્ષિણનાં વધારે મોટાં અને બળવાન રાજ્યોનું શું સમજવું ? ઘણું કરીને આ કારણસર જ તેના સૈન્યે આગળ

વધવાની ના પાડી અને ત્યાંથી પાછા જવાનો આગ્રહ પકડયો."[૫]

ઉપરનાં કારણોમાંથી એક અથવા બધાં એકી સાથે રહ્યાં હોય, પરંતુ એ હકીકત છે કે સિકંદરના અનેક પ્રકારે પોતાના સૈન્યને સમજાવવાના પ્રયત્નો નિષ્ફળ ગયા. કોઈની સામે ન ઝૂકનાર સિકંદરને છેવટે પોતાનાં સૈનિકોની સામે નમતું જોખવું પડયું. આ અંગે **શ્રી બી. જી. ગોખલે** યોગ્ય જ લખે છે કે "Alexander had won battles but not the people."[૬] ખૂબ ઉદાસ મને ગ્રીકસેનાને સ્વદેશ પાછા ફરવાની આજ્ઞા કરવામાં આવી. પાછા ફરતાં પહેલાં પથ્થરની બાર વેદીઓ ગ્રીક દેવતાઓના માનમાં બનાવવામાં આવી અને પોતાની સુખરૂપ યાત્રા માટે બલિદાનો આપી, પૂજા કરવામાં આવી.

*** પીછે હઠ :**

સિકંદરના લશ્કરે આગળ વધવાનો ઈન્કાર કરતાં તે લશ્કર સાથે પોરસના રાજ્યમાં પાછો ફર્યો. અને પોરસને જેલમ અને બિયાસ નદીઓ વચ્ચે આવતા બધા પ્રદેશોનો શાસક નીમવામાં આવ્યો. આંભીને સિંધુ અને જેલમ નદીની વચ્ચેના પ્રદેશોનો અને અભિસારને કાશ્મીરનો (હઝારા રાજ્ય સહિતનો) શાસક નીમવામાં આવ્યો. પછી સિકંદરે ૧૦૦૦ હોડીઓનો પ્રબંધ કરી સિંધુ નદીના માર્ગે પાછા ફરવાનો કાર્યક્રમ ઘડયો. પરંતુ સિંધુ નદીના માર્ગે પાછા ફરવાની આ યાત્રા પણ અવરોધો વિનાની ન હતી. રસ્તામાં અનેક નાના નાના રાજાઓ સાથે ભીષણ સંગ્રામ ખેલવો પડયો.

(૧) સૌભૂતિ – સૌ પ્રથમ સિકંદરે પીછેહઠની કૂચ દરમ્યાન સૌભૂતિ જીત્યું. તેઓ મીઠાની ખાણ પાસેના પ્રદેશમાં વસતા હતા. તેઓ સૌંદર્યપ્રેમી, વિદ્યાપ્રેમી અને કુશળ યોદ્ધા હતા. કહેવાય છે કે "એમનાં કૂતરાં પણ સિંહ સાથે લડી શકતાં."

(૨) શિબિ અને અગલસ્સ – આગળ વધતાં સિકંદરને શિબિ અને અગલસ્સ જેવી સ્વતંત્ર જાતિઓનો સામનો કરવો પડયો. શિબિઓએ ૪૦,૦૦૦ પાયદળ સાથે સામનો કર્યો પરંતુ વ્યર્થ ગયો. અગલ્લસે પણ ૪૦,૦૦૦ પાયદળ અને ૩,૦૦૦ રથદળ સાથે સામનો કર્યો, પરંતુ સિકંદરની સામે હારતાં તેઓએ પોતાનાં ઘર બાળી નાખ્યા અને બાળકો અને સ્ત્રીઓ સાથે જ્વાળાઓમાં

---

૫. જ. નહેરૂ : મારું હિંદનું દર્શન–૧૪૬.

૬. B. G. Gokhle; Ancient Indian History & Culture P. 32.

અગ્નિસ્નાન કરી ભસ્મીભૂત થઈ ગયા. આમ તેમણે પરાજિત થઈને અપમાન સહન કરવા કરતાં મૃત્યુને ભેટવું વધુ પસંદ કર્યું. આ જૌહર-પ્રથાનો સૌ પ્રથમ પ્રસંગ ગણી શકાય.

(૩) **માલવ અને ક્ષુદ્રક** – માલવ અને ક્ષુદ્રક એકબીજાનાં વિરોધી ગણરાજ્યો હતાં, પરંતુ સમાન શત્રુએ બંનેને મિત્ર બનાવ્યા અને બંને વિરોધીઓએ મિત્ર બની એક સંઘ રચ્યો. આ સંઘના સંયુકત લશ્કરમાં ૯૦ હજાર પાયદળ, ૧૦ હજાર અશ્વદળ અને ૯૦૦ રથ હતા. સિકંદરના ઘરભણી વળતા સૈન્યે ધારેલું કે હવે તેમના યુદ્ધનો અંત આવ્યો છે, પરંતુ વળતાં તો તેમને વધુ લડાયક સામનાનો મુકાબલો કરવો પડયો, તેથી લશ્કરને સિકંદરના વચનમાં અશ્રદ્ધા લાગવા માંડી કે, "સિકંદરે યુદ્ધ બંધ કર્યું નથી પણ યુદ્ધસ્થળ બદલ્યું છે." ફરી સેનામાં વિદ્રોહીવૃત્તિ ન જાગે એ બીકે સિકંદરને કરુણામય રીતે કહેવું પડયું કે, "મને ભારતમાંથી ગૌરવભેર પાછો ફરવા દો, ભાગેડૂની જેમ ભાગવા વિવશ ન કરો." બધાં માલવ શહેરો પ્રતિકારનાં કેન્દ્રો બની ગયાં હતાં. તેમાં માલવોના એક કિલ્લાને ઘેરતાં સિકંદરને ગંભીર ઘા થયો હતો, તેથી તેનું સૈન્ય કોપિત થયું અને એક પણ પુરુષ, સ્ત્રી કે બાળકને જીવતું ન મૂકયું. આખા શહેરને શબથી ભરી દીધું, તો ક્ષુદ્રકોની લાશોથી પણ ખેતરો ભરાઈ ગયાં. આમ માલવ અને ક્ષુદ્રકો બહાદુરીથી લડી મોતને ભેટયા.

(૪) **અવસ્તનોઈ, ક્ષત્રિ, વસાતિ, શુદ્ર** – ત્યારબાદ સિંધુના મુખ સુધી પહોંચતાં સિકંદરે અવસ્તનોઈ, ક્ષત્રિ, વસાતિ, શુદ્ર મુષિક, શાંબ વગેરે જાતિઓને નમાવી.

(૫) **બ્રાહ્મણ વિરોધ** – આ પ્રદેશોના એક વિભાગમાં બ્રાહ્મણોનો રાજનીતિમાં ખૂબ પ્રભાવ હતો. તેમણે જ મુષિક વગેરે જાતિને વિદેશીઓની સામે લડી લેવા જણાવ્યું હતું. એરિયન બ્રાહ્મણોને "Men of spirit" કહે છે. તેઓ દેશમાં સન્માનીય હતા. તેમણે ધર્મશાસ્ત્રોમાં વર્ણવેલ આજ્ઞાનુસાર જ કાર્ય કર્યું હતું. ધર્મશાસ્ત્રમાં આજ્ઞા છે કે કટોકટીના સમયે દેશ અને ધર્મના રક્ષણ માટે બ્રાહ્મણોએ શાસ્ત્ર ત્યજી શસ્ત્ર ધારણ કરવાં જોઈએ. ૫૦૦૦ બ્રાહ્મણોએ સિકંદરનો મુકાબલો "આબરૂભેર જીવવા અને તેમ ન થાય તો આબરૂભેર મરવા" માટે કર્યો.

(૬) **પત્તલ** – અંતે સપ્ટેમ્બર ઈ. સ. પૂર્વે ૩૨૫માં સિકંદર સિંધુના ડેલ્ટા પ્રદેશમાં પત્તલ પહોંચ્યો અને તેને જીતી લીધું.

સ્વદેશ પતિ – સ્વદેશ પાછા ફરતી સેનાને તેણે પત્તલ મુકામે ત્રણ

વિભાગમાં વહેંચી નાખી. પહેલો વિભાગ નિયરકસના નેતૃત્વ હેઠળ દરિયાઇમાર્ગે, બીજા વિભાગો ક્રાટેરસ (Krateros) ની સરદારી નીચે બોલનઘાટને માર્ગે અને ત્રીજો વિભાગ સિંકદરની નેતાગીરી હેઠળ મકરાનના રણમાર્ગે સ્વદેશ પ્રતિ –ગ્રીસ તરફ રવાના થયો. રસ્તામાં અનેક વિટંબણાઓ પાર કરી અંતે ત્રણે ભાગ ઇ. સ. પૂર્વે ૩૨૩ માં બેબિલોન પહોંચ્યા. પરંતુ સિંકદરને તાવ લાગુ પડતાં તે ૩૩ વર્ષની નાની વયે ૧૩મી જૂન ઇ. સ. પૂર્વે ૩૨૩માં મૃત્યુ પામ્યો. તેના મૃત્યુ પછી તેનું સામ્રાજ્ય જે તલવાર દ્વારા સર્જિત હતું, વેરવિખર થઇ ગયું

ड. સમીક્ષા–આ પ્રમાણે ભારતની ભૂમિપર સિંકદરનું આક્રમણ એક દરોડા રૂપે થયું છતાં એ આક્રમણે **રાજકીયક્ષેત્રે** ભારતવાસીઓની અંતર્ગત નબળાઇઓ છતી કરી, દેશમાં રાજકીય એકતા સ્થાપવામાં સહાયક નીવડયું, ભાવિ આક્રમણ માટે ભૂમિકા પૂરી પાડી, **સાંસ્કૃતિક ક્ષેત્રે** ભારત અને પશ્ચિમના દેશો વચ્ચે આવાગમનનો માર્ગ ખોલી દીધો, 'ગાંધર શૈલી' નામની નવી મૂર્તિવિધાનની કલાના ઉદ્‌ભવમાં દૂરગામી અસર પહોંચાડી, ગ્રીક સિક્કાઓનું ચલણ ભારતમાં પ્રચલિત બનાવ્યું, ભારતીય ખગોળશાસ્ત્ર પર અસર પહોંચાડી, વિશ્વના ભૌગોલિક જ્ઞાનમાં વધારો કર્યો અને **ઐતિહાસિક ક્ષેત્રે** ઇતિહાસની કાલ–ગણનામાં સહાયતા પ્રદાન કરી.

૩. સિકંદરના આક્રમણ સમયની ભારતની રાજકીય પરિસ્થિતિ.

अ. પ્રાસ્તાવિક – ઈ. સ. પૂર્વે છઠ્ઠી સદીમાં ઈરાનના સમ્રાટ સાયરસ ભારત ઉપર કરેલ આક્રમણ બાદ લગભગ બે સદી પછી ભારત ફરી એકવાર વિદેશી આક્રમણનું ભોગ બન્યું. તે આક્રમણ હતું યુરોપના મેસિડોનિયા રાજ્યના મહાન સિકંદરનું. તેણે ભારત પર આક્રમણ કર્યું (ઈ. સ. પૂર્વે ૩૨૭) ત્યારે ભારતની રાજકીય પરિસ્થિતિ કેવી હતી તે જાણવું જરૂરી છે કારણકે એ માહિતીની પૂર્વભૂમિકામાં જ સિકંદરના આક્રમણ અને તેના વિજયોનું સાચું મહત્ત્વ આંકી શકાય.

ब. આક્રમણ સમયનું ભારત – સિકંદરના ભારત પરના આક્રમણ સમયે ભારતની રાજકીય પરિસ્થિતિ નીચે મુજબની હતી.

પૂર્વ અને મધ્ય ભારતમાં શક્તિશાળી નંદવંશનું સામ્રાજ્ય– સિકંદરના આક્રમણ સમયે ભારતના મધ્યપ્રદેશ અને પ્રાચ્યદેશ (મધ્ય અને પૂર્વ ભારત) ઉપર વિશાળ નંદ સામ્રાજ્ય ફેલાયલું હતું. આ સમયે ધનનંદ એ નંદસામ્રાજ્યનો છેલ્લો સમ્રાટ હતો. તેના લશ્કરમાં ૨ લાખ પાયદળ, ૨૦ હજાર ઘોડેસ્વાર, બે હજાર રથ અને ત્રણ હજાર હાથી હતા. આમ

ભારતના પૂર્વ અને મધ્યભાગમાં તો નંદવંશનું એકચક્રી શકિતશાળી શાસન હતું. આ વિશાળ સામ્રાજ્યની પ્રબળ શકિત સાંભળીને તો સિકંદરના સૈનિકોએ બિયાસ નદીથી આગળ વધવાનો ઈન્કાર કર્યો હતો.

વાયવ્ય ભારતમાં શકિતશાળી શાસનનો અભાવ – પરંતુ જે વિભાગ વિશેષ કરીને સિંકંદરના આક્રમણનો ભોગ બન્યો હતો તે વાયવ્ય ભારત (કાશ્મીર, પજાંબ અને સિંધનો પ્રદેશ) ની રાજકીય પરિસ્થિતિ સંતોષજનક ન હતી. તે વિભાગ અનેક નાનાં નાનાં રાજ્યોમાં વિભકત હતો, જેમાં પ્રમુખ રાજ્યો આ પ્રમાણે હતાં.

(૧) અસ્પોસયન – આ જાતિ કાબુલની ઘાટીમાં હતી.
(૨) ગુરેઈયન (ગૌર) – પંજકૌર નદીની ઘાટીમાં વસતી જાતિ.
(૩) અશ્વક – સિંધુ નદીની પશ્ચિમમાં વસતી જાતિ.
(૪) નીસા – કાબુલ અને સિંધુ નદી વચ્ચે આવેલું પહાડી રાજ્ય.
(૫) તક્ષશિલા – સિંધુ અને ઝેલમ વચ્ચેનું આભીનું રાજ્ય.
(૬) પોરસનું રાજ્ય – ઝેલમ અને ચિનાબ નદી વચ્ચેનું રાજ્ય.
(૭) નાના પોરસનું રાજ્ય – ચિનાબ અને રાવી નદી વચ્ચેનું રાજ્ય.
(૮) કઠ – રાવી અને બિયાસ નદી વચ્ચેનું રાજ્ય.
(૯) અભિસાર – કાશ્મીરના નૌશેરા અને પુંચ વિસ્તારનું રાજ્ય.

આ બધાં રાજ્યો અંદરો અંદર ઝઘડતાં હતાં, તેમનામાં રાજકીય એકતાનો અભાવ હતો. આ પરિસ્થિતિનો ચિતાર આપતાં ડૉ. **પી. સરન** નોંધ છે કે "આ સમયે (સિંકદરના આક્રમણ સમયે) વાયવ્ય ભાગમાં કોઈપણ શકિતશાળી રાજ્ય ન હતું. અનેક નાનાં નાનાં રાજ્યો હતાં, જે પારસ્પારિક ફૂટને લીધે આપસઆપસમાં ઝઘડતાં હતાં અને તેમનામાં કોઈ વિદેશી શકિતશાળી દુશ્મનનો મુકાબલો કરવાની તાકાત ન હતી." એટલા માટે જ આ રાજ્યો સિંકદરના આક્રમણની સામે ટક્કર ઝીલી શકયાં નહિ.

આ નાનાં રાજ્યો તો "એકતા એ જ બળ છે" એ સિદ્ધાંતને વિસારી દઈને પારસ્પારિક દ્વેષ અને ઈર્ષ્યાના વમળમાં જકડાઈ ગયાં હતાં. માટે જ તેઓ સિકંદરનો સંયુકત સામનો કરી શકયાં નહિ, એટલું જ નહિ પરંતુ તેમાંના અમુક તો પોતાનાં પાડોશી રાજ્યોની વિરુદ્ધ સિકંદરને પક્ષે ભળી ગયાં અને તેને મદદ કરી. આ હતો ભારતના ઇતિહાસનો દેશદ્રોહનો પ્રથમ ઐતિહાસિક બનાવ. તે દેશદ્રોહીઓ હતા શશિગુપ્ત, આંભી, વગેરે. નીચતા, સ્વાર્થ અને વિશ્વાસઘાતના પ્રતીક એવા આ રાજવીઓએ સિકંદરની મૈત્રી સ્વીકારી અને તેને મદદ પણ કરી હતી.

વાયવ્ય ભારતનાં આ નાનાં નાનાં રાજ્યોના પારસ્પરિક સંઘર્ષનું ચિત્ર ગ્રીક ઇતિહાસકાર કર્ટિયસે બહુ સરસ રીતે વર્ણવ્યું છે. કર્ટિયસના મતાનુસાર તક્ષશિલાનો રાજા આંભી અને પંજાબનો રાજા પોરસ બંને એકબીજાના હરીફ હતા. બંને પોતાની સત્તા વધારવા ઇચ્છતા હતા, તેથી તેમની વચ્ચે સત્તાની સાઠમારી ઊભી થવી સ્વાભાવિક હતી. અભિસારનરેશ (કાશ્મીરના નૌશેરા અને પુંચ વિસ્તારમાં અભિસારનું રાજ્ય હતું) પોરસનો મિત્ર હતો. એરિયન લખે છે કે પોરસ અને અભિસાર નરેશ ફકત આંભીના જ શત્રુ ન હતા, પરંતુ તેમની વિસ્તારવાદી નજર સ્વશાસનવાળા પાડોશીઓ ઉપર પણ હતી. તે તો ત્યાં સુધી કહે છે કે પોરસ અને તેના ભત્રીજા (નાનો પોરસ) વચ્ચે પણ અણબનાવ હતો. પોરસ અને અભિસારનું રાજ્ય રાજતંત્ર હોવાથી પણ તેઓ પાડોશી ગણરાજ્યોના શત્રુ હતા. તેથી જ તેમણે ક્ષુદ્રક અને માલવ ગણરાજ્યો સાથે પણ શત્રુતા કરી હતી. ગણરાજ્યોમાં પણ પરસ્પર વૈમનસ્ય હતું, જેમકે શાંબ અને મુષિક જાતિ વચ્ચે. આ સમયે રાજકીય વાતાવરણ એવું હતું કે ઘણીવાર રાજ્યોને પોતાના પ્રદેશના વિસ્તાર કરતાં પાડોશીના પતનમાં વધુ રસ હતો. ટૂંકમાં 'ઘર ફૂટે ઘર જાય' જેવું રાજકીય વાતાવરણ હતું.

क. સમાપાન – આ પ્રમાણે સિકંદરના આક્રમણ સમયની ભારતની ઉપરોકત રાજકીય પરિસ્થિતિ પરથી એ વસ્તુ સ્પષ્ટ થાય છે તે સમયની વાયવ્ય ભારતની રાજકીય પરિસ્થિતિ અસંતોષજનક હતી, તે સમયનું વાયવ્ય ભારત માત્ર નાનાં નાનાં રાજ્યોમાં જ વિભક્ત હતું એટલું જ નહીં પરંતુ એ રાજ્યોમાં પારસ્પરિક ઇર્ષા અને વેરઝેર એટલાં બધાં વ્યાપેલાં હતાં કે તેમની શક્તિ ઉત્તરોત્તર ક્ષીણ થઈ રહી હતી. ટૂંકમાં એમ કહી શકાય કે ઇ. સ. પૂર્વે ચોથી સદીમાં **સિકંદરના આક્રમણ સમયના વાયવ્ય ભારતનો ઇતિહાસ એટલે અનેક નાનાં નાનાં રાજ્યો અને તેમના પારસ્પરિક ઇર્ષા અને સંઘર્ષનો ઇતિહાસ.**

૪. સિકંદરના આક્રમણનાં પરિણામો (અસરો)

अ. પ્રાસ્તાવિક : સિકંદરના આક્રમણની ભારતીય સંસ્કૃતિ પર શી અસરો પડી એ વિષે વિદ્વાનોમાં વિરોધાભાસી વિચારસરણી પ્રવર્તે છે. ડૉ. સ્મીથ, ડૉ. રાધાકુમુદ મુકર્જી વગેરે વિદ્વાનોનો એક વર્ગ એમ માને છે કે વિજયકૂચની દૃષ્ટિએ તેના આક્રમણની કંઈ જ અસર થઈ નહિ અને તે વાત વિસરાઈ ગઈ. ડૉ. **સ્મીથ** તેના આક્રમણને **'વિશાળ પાયા ઉપરનો એક ઉજજવળ અને સફળ દરોડો'** કહે છે.[૭] ડૉ. મુકરજી તેના

૭ V. A. Smith : The Early History of India, P. 117.

આક્રમણને એક 'ઉજ્જવળ લશ્કરી સફળતા' ગણતા નથી. સ્વ. નહેરુ સિકંદરના આક્રમણ વિષે લખે છે કે સિકંદરે કરેલી હિંદ પરની ચડાઈ લશ્કરી દૃષ્ટિએ મામૂલી હતી. વાસ્તવમાં એ સરહદના પ્રદેશ પરનો દરોડો હતો અથવા એ સફળ દરોડો પણ ન હતો. આમ સિકંદરનું આક્રમણ એ ભારતના ઇતિહાસમાં એ મામૂલી પ્રસંગ હતો. આ પ્રસંગની તે વખતના કોઈપણ ભારતીય લેખકે–હિંદુ, બૌદ્ધ કે જૈન– નોંધ રાખવાની પણ દરકાર કરી નથી, તે જ તેની મહત્ત્વશૂન્યતા પ્રકટ કરે છે. તો ડૉ. રાયચૌધરી, ડૉ. મજુમદાર, ડૉ. જયચંદ અલંકાર, ડૉ. ત્રિપાઠી, ડૉ. નીલકંઠ શાસ્ત્રી વગેરે વિદ્વાનોનો બીજો વર્ગ એમ માને છે કે, આક્રમણ બાદ ભારત અપરિવર્તિત રહ્યું છતાં રાજકીય, સાંસ્કૃતિક અને ઐતિહાસિક દૃષ્ટિએ તેના આક્રમણની અસરો કાયમી અને કલ્યાણકારી બની. પ્રા. નીલકંઠશાસ્ત્રી જણાવે છે કે, The invasion itself was too great an occurance to leave things as they were. આ વિવાદસ્પદ પ્રશ્ન પર પોતાનો અભિપ્રાય આપતાં પોલ મેસન ઓસે લે યોગ્ય જ કહ્યું છે કે સિકંદરના ભારતીય અભિયાનની મહત્તાને ધાર્યા કરતાં વધુ પડતી અને ઓછી આંકવામાં આવી છે. સત્ય તો આ બંને અંતિમવાદી વિચારોની મધ્યમાં રહેલું છે.

ब. આક્રમણનાં પરિણામો (ચઢાઈની અસરો) : ભારત પરના સિકંદરના આક્રમણનાં પરિણામોને અભ્યાસની સરળતા ખાતર નીચે પ્રમાણે ત્રણ વિભાગમાં વહેંચી નાખવામાં આવેલ છે.

क. રાજકીય પરિણામો–અસરો :

(૧) એશિયાઈ લશ્કરની આંતરિક નબળાઈનાં દર્શન : ડૉ. સ્મીથ લખે છે કે "........મહાન સિંકદરની વિજયકૂચે યૂરોપના લશ્કરનાં ચાતુર્ય અને શિસ્ત સામે મહાન એશિયાઈ લશ્કરની આંતરિક નબળાઈ છતી કરી." પરંતુ આ આંગ્લ ઇતિહાસકાર એ ભૂલી જાય છે કે સિકંદરને હિંદમાં સૌથી શકિતશાળી 'મહાન એશિયાઈ લશ્કર'નો (મગધના લશ્કરનો) સામનો કરવાનો પ્રસંગ જ ઉપસ્થિત થયો નથી. તો પછી તેને મહાન એશિયાઈ લશ્કરની આંતરિક નબળાઈ ખુલ્લી પાડવાનો પ્રસંગ કયાંથી સાંપડયો ? તેણે માત્ર વાયવ્ય સરહદ પરના કેટલાંક નાનાં નાનાં રાજ્યો ઉપર વિજય મેળવ્યો હતો. તેમાંય આ નાનકડાં રાજ્યોને લેતાં તેને સવાત્રણ વર્ષ લાગ્યાં. મગધના નંદરાજાની લશ્કરી તાકાતની વાત સાંભળીને તેના સૈનિકોએ બિયાસને પેલે પાર જવાની સાફ ના પાડી. આ હતી સિકંદરના લશ્કરની શિસ્ત ? અને તેની વિજયકૂચમાં પણ શું હતું ? બધે કત્લેઆમ અને ખૂનામરકી નજરે પડે છે. ડૉ. મજુમદારના

અને તેણે સિંધુની ઉપલીખીણના હલ્લાઓમાં ૭૦ હજારની કતલ કરી અને તેથી ભારતીય ઇતિહાસકારો તેને નાદીરશાહ કે તૈમુરલંગનો પૂરોગામી ગણાવે છે. પરંતુ તેણે આક્રમણ દરમિયાન પોતાની બર્બરતાની સાથોસાથ ઉદારતા અને મહાનતાનાં પણ દર્શન કરાવ્યાં, તે પોતે ભારતીય તત્ત્વજ્ઞાનીઓ અને સાધુઓમાં પણ રસ ધરાવતો હતો તેથી તેને નાદીરશાહ કે લંગ સાથે સરખાવો એ દુ:ખજનક કહેવાય.

(૨) ભારતવાસીઓની અંતગર્ત નબળાઈનાં દર્શન – સિકંદરે હિન્દમાં સફળતા મેળવી, કારણ કે આંભી અને શશિગુપ્ત જેવા અમુક રાજાઓ દેશદ્રોહી નીકળ્યા, તેમજ જુદાં જુદાં રાજ્યોએ અને ગણરાજ્યોએ એકતા સાધીને એક સરદારની નેતાગીરી નીચે લડવાને બદલે અલગ અલગ રીતે સિકંદરનો સામનો કર્યો. આ રાજ્યો શત્રુની વિરુદ્ધ રાષ્ટ્રીય એકતાનો મોરચો ન રચી શક્યાં, પરિણામે સિકંદરે તેમને એકએક કરીને કચડી નાખ્યાં. આમ તેની ચડાઈએ ભારતવાસીઓની અંતર્ગત નબળાઈ છતી કરી, જે તેની ચડાઈનું એક મહત્ત્વનું પરિણામ ગણી શકાય, બીજી રીતે મૂકીએ તો તેના આક્રમણે આંતરિક સંઘર્ષના વમળમાં અટવાયેલાં વાયવ્ય સરહદના પ્રદેશ પર આવેલાં અનેક નાનાં રાજ્યોની પ્રથાની બિનસાર્થકતા(અયોગ્યતા) ઉઘાડી પાડી.[૮] આમ તેના આક્રમણે ભારતવાસીઓને Fight unitedનો સિદ્ધાંત શીખવ્યો.

[૩) રાજકીય એકીકરણને પ્રોત્સાહન – સિકંદરના આક્રમણ સમયે ભારતનો સરહદી પ્રદેશ અનેક નાનાં નાનાં રાજ્યોમાં વિભકત હતો. આ નાનાં રાજ્યો રાજકીય એકતાના માર્ગમાં અવરોધરૂપ હતાં. તેમનામાં એકતા ન હતી. પરિણામે સિકંદરે આંભી, પોરસ અને અભિસારનાં રાજ્યોમાં આસપાસનાં નાનાં નાનાં રાજ્યો ભેળવી દીધાં અને ત્યાં એકતા સ્થાપવાનો પ્રયત્ન પણ કર્યો.

આ રાજકીય એકતા નજદીકના ભાવિષ્યમાં ચંદ્રગુપ્ત મૌર્ય માટે મહાન સામ્રાજ્યની સ્થાપનામાં સહાયક નીવડી. આમ ચંદ્રગુપ્ત મૌર્ય હેઠળ વાયવ્ય ભારતના રાજકીય એકીકરણને અજાણપણે મળેલું પ્રોત્સાહન એ તેના આક્રમણનું તાત્કાલિક પરિણામ હતું.[૯] ડૉ. **રાયચૌધરી** લખે છે કે, "જેમ ઉગ્રસેને (ધનનંદે) પૂર્વભારતમાં ચંદ્રગુપ્ત મૌર્ય માટે માર્ગ પ્રશસ્ત કર્યો હતો

---

૮. R. Sathianathaier : History of India, P. 85.
૯. Ibid : P. 85.

તેમ વાયવ્ય ભારતમાં સિકંદરે તેનો માર્ગ મોકળો કર્યો."[10] ટૂંકમાં એમ કહી શકાય કે સિકંદરના આક્રમણે દેશમાં રાજકીય એકીકરણને પ્રોત્સાહન આપ્યું–રાજ્યમાં રાજકીય એકતા સ્થાપવામાં સહાયક નીવડયું. (It promoted the Political Unification of the Country)

(૪) સૈન સંગઠન અને સંચાલન પર થયેલી અસર – સિકંદરના આક્રમણે ભારતીય સૈન્યની કમજોરી પ્રકટ કરી અને એ રીતે ભારતીય સૈન્યસંગઠન, યુદ્ધપદ્ધતિ, વ્યૂહરચના વગેરેની નિર્બળતા પૂરવાર કરી. ભારતનું સૈન્ય સંખ્યાની દૃષ્ટિએ મોટું હતું, પરંતુ સુસજ્જ, સુશિક્ષિત અને રણકૌશલ્ય ધરાવતા ગ્રીક સૈન્ય સામે તે ટકી શકયું નહીં, આથી સૈનિક સજાગતાને પ્રોત્સાહન મળ્યું; આપણા લશ્કરે સંગઠન અને યુદ્ધકૌશલ્યના મહત્ત્વને પારખ્યુ અને સૈન્યની "**સંખ્યા કરતાં ગુણ**" મહત્ત્વનું પાસું છે તેમ અનુભવ્યું. પરિણામે આક્રમણ પછી ભારતીય લશ્કરે ગ્રીકસૈન્યના યુદ્ધકૌશલ્ય અને સંગઠનની અમુક વિશિષ્ટતાઓ અપનાવી. પરંતુ હકીકતમાં તો સિકંદરના આક્રમણ બાદ પણ ભારતીય સેનામાં હાથીઓ અને રથોનું મહત્ત્વ જરાપણ ઓછું આંકવામાં નહોતું આવતું. આ વિચારને અનુમોદન આપતાં **ડૉ. સ્મીથ** જણાવે છે કે, સૈન્યક્ષેત્રે સિકંદરના સૈન્યની તલવારે આપેલ બોધપાઠ શીખવા માટે ભારતીય-સૈન્યે જરાપણ તત્પરતા દર્શાવી નહોતી.

(૫) ભાવિ આક્રમણ માટે ભૂમિકારૂપ – સિકંદરના આક્રમણને લીધે પૂર્વ–પશ્ચિમનો માર્ગ ખુલ્લો થવાથી મૌર્ય સામ્રાજ્યની પડતી થતાં જ બેકટ્રીયા અને પાર્થિયાની ગ્રીકપ્રજાએ ભારતના સરહદી મુલકો પર અધિકાર જમાવી દીધો અને ત્યાં જ સ્થિર વસવાટ કર્યો. આ ગ્રીક–પ્રજાનું હિંદમાં આગમન એ સિકંદરના આક્રમણનું પરોક્ષ પરિણામ હતું, કારણ કે સિકંદરના મૃત્યુ બાદ આ ગ્રીકજાતિ સિકંદરના વારસદારોના વર્ચસ્વ-માંથી સ્વતંત્ર બની અને તેમણે સિકંદરના માર્ગને અનુસરીને ભારત પર આક્રમણ કર્યું.

ખ. સાંસ્કૃતિક પરિણામો (અસરો) : સિકંદરના આક્રમણથી સાંસ્કૃતિક ક્ષેત્રે થયેલા ફેરફારો નીચે મુજબ છે.

(૧) પૂર્વ અને પશ્ચિમ વચ્ચે ખુલેલો આવાગમનનો માર્ગ – સિકંદરના આક્રમણે પૂર્વ અને પશ્ચિમ વચ્ચેની અલગતાની દિવાલ તોડી નાખી

---

૧૦. Dr. H. C. Raychaudhari : Political History of Ancient India, P. 263.

અને બંને વચ્ચે વાહન-વ્યવહાર, વેપાર અને દરિયાઈ સાહસ માટેના નવા માર્ગો ખુલ્લા મૂકયા. સિકંદરે શોધેલ **ત્રણ સ્થળમાર્ગો**–કાબુલ, મુલ્લાઘાટી ગેડ્રોસિયા (બલુચિસ્તાન) – **અને એક જળમાર્ગ**–મકરાનના કિનારે થઈને જતો–દ્વારા પશ્ચિમના દેશો સાથે સંબંધો સ્થાપિત થયા, પરિણામે વેપાર વાણિજ્યમાં વૃદ્ધિ થઈ અને બંને દેશો વચ્ચે સંસ્કૃતિની આપલે થવા લાગી. **ડૉ. મજુમદાર** લખે છે કે "ભારતીય દૃષ્ટિકોણથી તેના આક્રમણનું મહત્ત્વ એ હકીકતમાં રહેલું છે કે તેણે ભારત અને પશ્ચિમના દેશોની વચ્ચે આવાગમનનો માર્ગ ખોલી દીધો." પરંતુ આ મંતવ્યને પડકારતાં **ડૉ. હેવેલ** (Havell) જણાવે છે કે સિકંદરના આક્રમણ પહેલાં પૂર્વ અને પશ્ચિમ વચ્ચેના માર્ગો ઇરાનીઓ દ્વારા ખુલ્લા મૂકવામાં આવ્યા હતા; માત્ર સિકંદરના આક્રમણે બંને દેશો વચ્ચેના સંબંધો વધુ ગાઢ બનાવ્યા. (આર્થિક પરિણામ)

(૨) શિલ્પકલા પર અસર– પ્રોફેસર નગેન્દ્રનાથ ઘોષના મત મુજબ સિકંદરના વિશ્વવ્યાપી અભિયાન (Campaign) નો એક હેતુ જીતેલા દેશોમાં ગ્રીક સંસ્કૃતિ અને સભ્યતાનો ફેલાવો કરવાનો હતો. આ હેતુથી તેણે એશિયામાં અનેક ગ્રીક વસાહતો સ્થાપી, આવી એક વસાહત તેણે બેકટ્રીયામાં પણ સ્થાપી.

કનિષ્કે બુદ્ધભગવાન અને બોધિસત્ત્વોની મૂર્તિઓ ઘડવા માટે અનેક ગ્રીકબેકટ્રીયન શિલ્પીઓને ગાંધારમાં બોલાવ્યા હતા. આ મૂર્તિઓના ઘડતરમાં ગ્રીક અને ભારતીય શિલ્પકલાના મિશ્રણની પ્રતીતિ થાય છે. આ બંને શિલ્પકલાનો સમન્વય થવાથી શિલ્પકલાના ક્ષેત્રે "ગાંધાર શૈલી" નામની નવી પ્રકારની મૂર્તિવિધાનની કલાનો ઉદ્ભવ થયો. આ છે સિકંદરના આક્રમણની એક દૂરગામી અસર.[૧૧] આમ સિકંદરે 'પશ્ચિમ તથા મધ્યએશિયાના જંગલોમાં ગ્રીકસંસ્કૃતિના છોડો રોપ્યા' (ગ્રીક વસાહતો સ્થાપી), જેમણે પાછળથી ભારતીય સંસ્કૃતિ પર ગાઢ અસર પહોંચાડી.

(૩) સિક્કાઓ પર અસર – સિકંદરના આક્રમણના પરિણામે ભારતીય સિક્કાઓ પર પણ ગ્રીક સિક્કાઓની અસર થઈ. આ ક્ષેત્રે સિકંદરના આક્રમણના પ્રત્યક્ષ પ્રભાવની સાબિતીરૂપે **ડૉ. સ્મીથ** નોંધે છે કે, "સોભૂતિ" નામના નગરે ગ્રીક અસરના પરિણામે કેટલાક સિક્કાઓ બનાવ્યા, જે ગ્રીકસિક્કાઓના નમૂના પર તૈયાર કરવામાં આવ્યા હતા. પંજાબમાં તક્ષશિલાના ઉપરના પ્રદેશમાં સિકંદરના વિજયના સ્મારકરૂપમાં સિકકાઓ ચાલતા. એક સિક્કો

---

૧૧. N. N. Ghosh : Early History of India. PP. 128-129.

એવો મળી આવ્યો છે કે, જેની એક બાજુ સિકંદરની આકૃતિ અને બીજી બાજુ ભાગતા હાથી પર પુરુ (પોરસ)નો પીછો કરતા ઘોડેસ્વાર (સિકંદર)ની આકૃતિ અંકિત થયેલી નજરે પડે છે.[૧૨] વળી ભારત અને ગ્રીક વચ્ચેના વેપારની વૃદ્ધિ થતાં ગ્રીક સિક્કાઓનું ચલણ ભારતમાં થવા લાગ્યું. પરિણામે એથેન્સના 'ઘુવડ શૈલીના સિક્કાઓ' (Owl Coins) અને ચાંદીના 'દ્રમ્મ' જેવા સિક્કાઓનું અનુકરણ થયું, જેમાં ભારતીય સિક્કો 'દિનાર' મહત્ત્વનો ગણાય છે. હવે ભારતીય સિક્કાઓ પણ સુડોળ અને કલાત્મક બનવા લાગ્યા.

(૪) ખગોળશાસ્ત્ર પર થયેલી અસર : ભારતીય ખગોળશાસ્ત્ર (Astronomy) ઉપર ગ્રીસની અસર સ્વીકારવી પડશે. આ ક્ષેત્ર ગ્રીકો પાસે સારું જ્ઞાન હતું, ફ્લીટના મતે ભારતીઓએ ગ્રીકોના ખગોળશાસ્ત્રનો સ્વીકાર કર્યો, પરિણામે ગ્રહોનું જ્ઞાન અને અઠવાડિયાના વારની ગણતરી ભારતમાં શરૂ થઈ.

(૫) વિશ્વના ભૌગોલિક જ્ઞાનમાં વૃદ્ધિ : સિકંદરના આક્રમણ પહેલાં પાશ્ચાત્ય દેશોના લોકોમાં ભારતની ભૌગોલિક પરિસ્થિતિ અંગે ભ્રામક ધારણાઓ પ્રચલિત હતી, જે ધારણોને સિકંદરના આક્રમણે દૂર કરી. અલબત્ત, તેને કોલંબસ કે વાસ્કોડિગામાની કક્ષામાં તો ન જ મૂકી શકાય છતાંય તેણે સિંધુ નદીને ઓળંગવા માટે હોડીઓના પૂલો બનાવ્યા અને સાથીઓની સહાયથી મકરાન અને ઈરાનની ખાડીનું પરિભ્રમણ કર્યું. આ બનાવે વિશ્વના ભૌગોલિક જ્ઞાનમાં વધારો કર્યો. આ અંગે ડો. રાયચૌધરી લખે છે કે સિકંદરે યોજેલી દરિયાઈ યાત્રાઓ અને સાહસોએ તેના સમકાલીન લોકોના ભૌગોલિક દષ્ટિકોણને વિસ્તૃત કર્યો.

ગ. ઐતિહાસિક પરિણામો : ઐતિહાસિક દષ્ટિએ પ્રાચીન ભારતના ઇતિહાસમાં સિકંદરના આક્રમણનો સમય અદ્વિતીય ગણાય છે.

(૧) ઇતિહાસની કાલ-ગણનામાં સહાયતા : સિકંદરના આક્રમણની પહેલાંનો ભારતનો ક્રમબદ્ધ ઇતિહાસ મળતો નથી, પરંતુ સિકંદરના આક્રમણની તિથિ (ઈ. સ. પૂ. ૩૨૭) નિશ્ચિત છે. આ તિથિએ દેશનો ક્રમબદ્ધ ઇતિહાસ લખવામાં મદદ કરી. આ આક્રમણે એક એવી ચોક્કસ તિથિ આપી, જેની સહાયથી ઇતિહાસના બનાવોની સાલવારી નક્કી કરવામાં સુગમતા સાંપડી છે.

---

૧૨. K. A. Nilkanta Sastri : History of India, Part I. P. 61.

(૨) ઇતિહાસનાં જાણકારીનાં સાધનોમાં ઉમેરો : સિકંદરના ભારત પરના આક્રમણ સમયે તેની સાથે લગભગ ૨૦ ગ્રીક લેખકો આવેલા.[૧૩] તેમણે સિકંદરના ચડાઈની સાથોસાથ પોતાના ગ્રંથોમાં તત્કાલીન ભારતનો 'આંખે દેખ્યો હેવાલ' રજૂ કર્યો છે. આ હેવાલે ભારતીય ઇતિહાસનાં જાણકારીનાં સાધનોમાં ઉમેરો કરીને ભારતના ઇતિહાસ પર પ્રકાશ ફેંક્યો.[૧૪]

क. નિષ્કર્ષ : નિષ્કર્ષ સ્વરૂપે એમ કહી શકાય કે સિકંદરનું આક્રમણ ભારતના ઇતિહાસ પર ભલે દરોડા રૂપે થયું છતાં તેની વિવિધક્ષેત્રે જે પ્રત્યક્ષ અને પરોક્ષ અસરો થઈ છે તેનું મહત્ત્વ ઓછું ન આંકી શકાય. ડૉ. ટાર્ન યોગ્ય જ લખે છે કે જો કે સિકંદરના આક્રમણની પ્રત્યક્ષ અસરો હિંદમાંથી તો એક જ પેઢીની અંદર અદ્રશ્ય થઈ ગઈ અને તેના (હિંદના) સાહિત્યે તેના આક્રમણને પીછાણ્યું (નોંધ્યું) પણ નહીં, છતાંય એ આક્રમણે સદીઓ સુધી ભારતના ઇતિહાસને અસર પહોંચાડી.[૧૫] તો પણ એટલું તો સ્વીકારવું પડશે કે સિકંદરના ભારતપરના આક્રમણની અસરો તેની સિદ્ધિઓ, મહાનતા અને ઉદ્દેશની ભવ્યતાની તુલનામાં સપ્રમાણ ન હતી.

૫. સિકંદરના આક્રમણની વિશેષતાઓ

(૧) આ આક્રમણ સ્થળ માર્ગે અને વાયવ્ય દિશામાંથી થયું હતું. આ દિશામાંથી જ ભવિષ્યમાં ગ્રીક, શક પલ્લવ, કુષાણ વગેરે જાતિઓએ આક્રમણ કર્યું હતું.

(૨) આક્રમણનો ઉદ્દેશ્ય સામ્રાજ્ય-વિસ્તાર હતો.

(૩) આ આક્રમણ ભારત જેવા વિશાળ દેશ (કે જેને એક ઉપ-ખંડ કહી શકાય) ના એક નાના ભાગ ઉપર જ થયું હતું. "તેણે ફક્ત વાયવ્ય પ્રદેશનો અમુક ભાગ જ જીત્યો હતો. ચીન તરફ તો તે ગયો જ નહિ, જે તે સમયે એક મોટું રાજ્ય હતું, એટલા માટે તેને વિશ્વવિજયી તો ન કહી શકાય."[૧૬]

(૫) અહીં બે રાજ્યો કરતાં બે સિદ્ધાંતોનું (સામ્રાજ્યવાદ અને સ્વતંત્રતા) યુદ્ધ હતું. ભારતીઓ "પરાધીનતા કરતાં પાયમાલી"ને વધુ પસંદ કરતા

---

૧૩. E. J. Rapson : Ancient India, P. 48.

૧૪. H. H. Dodwell (Edited): The Cambridge Shorter History of India, P. 24.

૧૫. W. W. Tarn : Alexander The Great, PP. 42-43.

૧૬. आचार्य चतुरसेन : भारतीय संस्कृति और उसका इतिहास पृ. ५९६.

હતા "આબરૂભેર જીવવું અથવા આબરૂભેર મરવું" એ તેમનો જીવનમંત્ર હતો. જીવનને સ્વતંત્રતાની બલિવેદી ઉપર ચડાવી દેનાર મરણિયા થઈને લડતા સ્વાધીનતા–પ્રેમી અને સ્વમાની ભારતીય સૈનિકોની વીરતા જોઈને ગ્રીકો પણ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા હતા.

(૬) આ આક્રમણે એક બાજુ ભારતીય વીરતાના પ્રતીક સમાન પૌરસની ઓળખાણ આપી તો બીજી બાજુ ભારતના પ્રથમ દેશદ્રોહીઓ એવા આંભી અને શશિગુપ્તનો પણ પરિચય આપ્યો. એક ભારતીય ઇતિહાસનું સોનેરી પ્રકરણ છે તો બીજું કલંક છે.

(૭) બ્રાહ્મણોએ પણ કટોકટીના સમયે "શાસ્ત્રો ત્યજી શસ્ત્રોધારણ કરી" પોતાનો ધર્મ બજાવ્યો.

(૮) ભારતની સ્ત્રીઓ પણ અબળા નથી અને જરૂર પડે સિંહણની માફક આક્રમક બની શકે છે તે રાજમાતા કલીઓફિસે દાખવ્યું, તેમ જ પરાધીન થઈ જીવવા કરતાં આબરૂભેર અગ્નિસ્નાન કરવાનું સ્ત્રીઓએ પસંદ કર્યું હતું અને એ રીતે ભારતના ઇતિહાસમાં જોહરનું સૌ પ્રથમ ઉદાહરણ પૂરું પાડ્યું.

(૯) સિકંદરને નાદિરશાહ કે તૈમૂરલંગ જેથી સૈનિક સફળતાઓ ન મળી પરંતુ તેણે સિંધુ ખીણના ઉપલા વિરતારમાં ૭૦ હજાર માણસોને માર્યા અને અસંખ્યને ગુલામો તરીકે વેચી દીધા તેના આ કાર્ય બદલ ઇતિહાસકારો તેને નાદિરશાહ કે તૈમુરલંગનો પૂર્વગામી કહે તો તેમાં તેમને દોષી ન કહી શકાય.[૧૭]

(૧૦) સિકંદરનું આક્રમણ એક ક્ષણિક બનાવ જ રહ્યો. તે ધૂમકેતુની જેમ આવ્યો અને ચાલ્યો ગયો. તે **વાવાઝોડાની જેમ આવ્યો અને તોફાનની માફક ચાલ્યો ગયો.** ડો. સ્મીથના શબ્દોમાં, 'કોઈપણ ભારતીય લેખકે–હિંદુ, બૌદ્ધ કે જૈન–સિકંદર કે તેના કાર્યની નોંધ સરખી પણ લીધી નથી.'

(૧૧) સિકંદર હિંદમાં સૌથી શક્તિશાળી 'મહાન એશિયાઈ લશ્કરના–મૌર્ય લશ્કરના–સંઘર્ષમાં આવ્યો ન હતો.

ટૂંકમાં Alexander's invasion of India was an after-thought.

૬. વિદેશી ધૂંસરીમાંથી મુક્તિ

ડૉ. રાધાકુમુદ મુકરજીના મંતવ્ય મુજબ વિદેશી (ગ્રીકોની) ધૂંસરીમાંથી

---

૧૭. डॉ. आर. सी. मजुमदार : प्राचीन भारत पृ. ८२–८३.

દેશને મુક્ત કરવાનું કાર્ય અતિ મુશ્કેલ હતું,[૧૮] કારણકે સિકંદરના ભારત પરના સફળ લશ્કરી કૂચના આઘાતમાંથી દેશ હજુ ટટ્ટાર થયો ન હતો, દેશ વિદેશી શાસનના આધિપત્ય નીચે પસાર થઈ ચૂકયો હતો, તેના આક્રમણે ભારતની રાજકીય દુર્બળતા છતી કરી અને ભારતના સૈન્યના સંગઠનની કમજોરી તરફ આપણું ધ્યાન દોર્યું. દેશમાં નિરાશાનું વાતાવરણ ફેલાયું હતું. આવી પરિસ્થિતિ સામે સ્વાતંત્રતાનો જંગ ખેલવા માટે ભારતમાં બધાં રાજયો એક શકિતશાળી નેતાની જરૂરિયાત અનુભવવા લાગ્યાં, જે નિરાશ થયેલી પ્રજામાં નવો જોમ જુસ્સો રેડે અને વિદેશી શાસન સામે નવો રાષ્ટ્રીય મોરચો રચે. સદ્‌ભાગ્યે આ જરૂરિયાતે ભારતને ચંદ્રગુપ્તમૌર્ય નામનો નેતા પૂરો પાડયો, જે મહાન કાર્ય માટે અગાઉથી ચાણકય (કૌટિલ્ય) દ્વારા તૈયાર થઈ ચૂકયો હતો. ચંદ્રગુપ્ત મૌર્યની શકિત અને તેના બુદ્ધિમાન મંત્રી ચાણકયની યુકિતના સમન્વયથી ભારતમાં રાજકીય એકતાનું સર્જન થયું. ચંદ્રગુપ્ત મૌર્યની સામે મુખ્ય બે ઉદ્દેશ્ય હતા. (૧) વિદેશીઓને દેશમાંથી બહાર હાંકી મૂકવાનો અને (૨) દેશમાં એકતા સ્થાપિત કરી રાષ્ટ્રનિર્માણ કરવાનો. તેણે આ બંને કાર્ય સફળતાથી પાર પાડી દેશને વિદેશી ધૂંસરીમાંથી મુકિત અપાવી. સિકંદરના એશિયાઈ રાજયના વારસદાર સેનાપતિ :(બેબિલોનના શાસક) સેલ્યુકસને હરાવી તેણે વિદેશોને બતાવી આપ્યુ કે હવે ભારતને હરાવવું સહેલું નથી, કારણકે હવે સિકંદરના આક્રમણ સમયનું ભારત રહ્યું નથી, પરંતુ તે એક સંગઠિત અને વ્યવસ્થિત રાષ્ટ્ર બન્યું છે. આમ તેણે દેશને વિદેશી ધૂંસરીમાંથી મુકત કર્યો. ડો. **આર. સી. મજુમદાર**ના શબ્દોમાં મૂકીએ તો 'દેશને વિદેશી (ગ્રીકોની) ધૂંસરીમાંથી મુકત કરાવવાનો યશ ચંદ્રગુપ્તમૌર્ય ખાટી જાય છે."[૧૯] સાચે જ ચંદ્રગુપ્ત મૌર્ય એક મુકિતદાતા તરીકે ઇતિહાસમાં અદ્વિતીય સ્થાન ધરાવે છે. આમ ચંદ્રગુપ્ત મૌર્ય પ્રાચીન ભારતમાં 'The hero & leader of this 'First War of Indian Independence' તરીકે ઓળખાય છે.

૭. બિંબિસાર

બિંબિસાર એ ગૌતમબુદ્ધના સમયમાં મગધનો શાસક હતો. તે કયા વંશનો શાસક હતો તેના વિષે વિદ્વાનોમાં મતભેદ છે. પુરાણો બિંબિસારને શિશુનાગ વંશનો કહે છે, પરંતુ બૌદ્ધગ્રંથો પ્રમાણે તે હર્યંક વંશનો હતો.

---

૧૮. K. A. Nilkanta Sastri (Edited): A Comprehensive History of India, Vol. 2. P. 1.

૧૯. A. I.: P. 105.

શિશુનાગવંશનો સ્થાપક શિશુનાગ તો બિંબિસારના પછી ઘણા સમયે થયો હતો તેમજ હર્યંક વંશના પતન પછી જ શિશુનાગ વંશની સ્થાપના થઈ હતી, એટલે અહીં બૌદ્ધમત સ્વીકાર્યો છે. તે હર્યંક વંશનો સ્થાપક હતો. તેના પિતાનું નામ ભટ્ટીય હતું.[૨૦] ડૉ. રાયચૌધરીના મતે તે ૧૫ વર્ષની નાની ઉંમરે (ઈ. સ. ૫૪૫ની આસપાસ) ગાદીએ આવ્યો.[૨૧] તેની રાજધાની શરૂઆતમાં ગિરિવ્રજ હતી અને પછી રાજગૃહ (જે 'બિંબિસારપુરી' પણ કહેવાય છે) માં રાખવામાં આવી હતી. બિંબિસારને 'શ્રેણિક' કે 'સેનિય' પણ કહેવામાં આવે છે.

(ક) સામ્રાજ્યવાદી નીતિ :

(૧) રાજ્યવિસ્તાર – તેણે શાંતિમય ઉપાયો (કૂટનીતિક લગ્નસબંધો) અને સૈનિક કાર્યો (યુદ્ધો) દ્વારા મગધનો રાજ્યવિસ્તાર વધાર્યો.

અ. કૂટનીતિક લગ્નસંબંધો દ્વારા – તે મહાન રાજનીતિજ્ઞ અને કૂટનીતિજ્ઞ હતો. તેણે મગધનો રાજ્યવિસ્તાર વધારવા શાંતિપૂર્ણ સાધનોનો ઉપયોગ કર્યો એટલે કે અન્ય રાજ્યો સાથે કૂટનીતિક લગ્નસંબંધો બાંધ્યા. આ હેતુ પાર પાડવા તેણે ચાર રાજ્યો સાથે લગ્નસંબંધો દ્વારા મિત્રતા સ્થાપી હતી :

(i) તેણે કોશલના રાજા પ્રસેનજિતની બહેન **કોશલદેવી** સાથે લગ્ન કર્યાં હતાં. કોશલનરેશે લગ્નમાં વાર્ષિક એક લાખ રૂપિયાનીવાળો કાશીનો પ્રદેશ કરિયાવરમાં આપ્યો. આવી રીતે આ લગ્નદ્વારા બિંબિસારને કાશીનો પ્રદેશ મળ્યો.

(ii) તેણે વૈશાલીના લિચ્છવીઓના પ્રમુખ ચેટકની સૌથી નાની પુત્રી **ચેલ્લના** સાથે કર્યાં હતાં. આવા મહાન ગણરાજ્ય સાથે લગ્નસંબંધ બંધાતાં તેની સત્તા અને પ્રભાવમાં વૃદ્ધિ થઈ.

(iii) તેણે વિદેહની **વાસાવી** અને (iv) પંજાબ (મદ્ર)ના શાસકની કુંવરી **ક્ષેમા** સાથે પણ લગ્ન કર્યાં હતાં. મહાવગ્ગ કહે છે કે તેને ૫૦૦ રાણીઓ હતી, જે અતિશયોક્તિપૂર્ણ લાગે છે.

---

૨૦. પુરાણો, તિબેટીવિવરણ અને ટર્નરના મત મુજબ બિંબિસારના પિતાનું નામ અનુક્રમે હેમજિત ક્ષેત્રૌજા, મહાપદ્મ અને ભટ્ટીય હતું.

૨૧. 'Age of Imperial Unity' પ્રમાણે તેના શાસનકાળનો સમય ઈ. સ. પૂર્વે ૫૪૪ થી ૪૯૩ સુધીનો ગણાય છે.

આમ ઉપરોક્ત શાંતિપૂર્ણ સાધનો દ્વારા તેણે મગધના રાજ્યનો વિસ્તાર કર્યો. આવા લગ્નો મગધના ઇતિહાસમાં ખૂબ જ મહત્ત્વ ધરાવતાં. આ લગ્નોએ (i) સમકાલીન રાજ્યોમાં મગધના રાજકુળની પ્રતિષ્ઠામાં વધારો કર્યો અને (ii) મગધના વિસ્તાર માટેનાં દ્વાર ખોલી દીધાં.[૨૨]

ब. જીતો દ્વારા : તેણે ઉત્તર અને પશ્ચિમમાં પોતાની સ્થિતિ સુદૃઢ અને સુરક્ષિત બનાવીને અંગ રાજ્યના શાસક બ્રહ્મદત્તને હરાવ્યો અને અંગને મગધના સામ્રાજ્યમાં ભેળવી દીધું. તેણે અંગને સામ્રાજ્યનો અલગ પ્રાંત બનાવીને તેના વહીવટ માટે પોતાના પુત્ર અજાતશત્રુને નીમ્યો.

આ પ્રમાણે બિંબિસારે અંશતઃ કૂટનીતિક નીતિ દ્વારા અને અંશત : યુદ્ધો દ્વારા તેણે મગધનો ચારે દિશામાં વિસ્તાર કર્યો.[૨૩]

(૨) દૂર રાજ્યો સાથે મૈત્રી સંબંધો : તેણે દૂર આવેલાં રાજ્યો સાથે રાજદ્વારી (મૈત્રી) સંબંધો સ્થાપ્યા. ગાંધારના શાસક પુકકુસાતી (Pukkusati)એ તેની સાથે મૈત્રી બાંધવા એક રાજદૂતને તેના દરબારમાં મોકલ્યો હતો. તેણે અવન્તી રાજ્ય સાથે પણ સારા સંબંધો જાળવી રાખ્યા હતા, તેણે અવન્તીનરેશ પદ્યોતની ચિકિત્સા માટે પોતાના રાજવૈદ્ય જીવકને મોકલ્યો હતો.

આવી રીતે મગધને ઉત્તરભારતમાં એકમાત્ર 'મહારાજ્ય' બનાવવાનો તેણે પ્રયાસ કર્યો હતો. બુદ્ધઘોષની અટ્ઠકથા પ્રમાણે તેના શાસનકાળ દરમિયાન મગધનો રાજ્ય વિસ્તાર બમણો થઈ ગયો. તેના રાજ્યમાં ૮૦,૦૦૦ ગામડાંનો સમાવેશ થતો હતો.

(ખ) શાસનનીતિ (વહીવટીતંત્ર) **:** તે માત્ર સામ્રાજ્યવાદી જ ન હતો પરંતુ કુશળ વહીવટકર્તા પણ હતો. તેણે કુશળ વહીવટી વ્યવસ્થા ઊભી કરી હતી.

તે પોતે રાજ્યકાર્યમાં ધ્યાન રાખતો. તેથી રાજ્યના ઉચ્ચ અધિકારીઓ (મહામાત્રો)ને પણ પોતાનું કામ ધ્યાનપૂર્વક કરવું પડતું. તેના રાજ્યના મુખ્ય અધિકારીઓ 'મહામાત્રો' કહેવાતા. આવા મહામાત્રો ત્રણ પ્રકારના હતા.

(૧) સબ્બાથક, જે રાજ્યવહીવટનાં સામાન્ય કાર્યો પર ધ્યાન રાખતો.
(૨) વોહારિક મહામાત્ર, જે ન્યાયાધિશ હતો.
(૩) સેનાનાયક મહામાત્ર, જે સેનાપતિ હતો.

---

૨૨. Dr. R. S. Tripathi : H. A. I., P. 93.
૨૩. Prof. N. N. Ghosh : Early History of India, P. 111.

તેના સામ્રાજ્યમાં આવેલ ગણરાજ્યોનો વહીવટ રાજકુમારો કરતા. ગુનેગારો માટે કારાવાસની વ્યવસ્થા હતી. અને ગુના માટે કોરડા મારવા, જીભ ખેંચી કાઢવી, શિરચ્છેદ વગેરે આકરી શિક્ષાઓ થતી.

રાજ્યમાં આવેલ પ્રાંતો સ્વાયત્ત વહીવટી એકમો હતા. અજાતશત્રુ અંગનો ગવર્નર હતો. ગામડાનો વહીવટ 'ગ્રામિક' હેઠળ ગ્રામ સમિતિ સંભાળતી. તેના રાજ્યનાં ૮૦ હજાર ગામડાના ગ્રામિકો (મુખીઓ)ની એક સામાન્ય સમિતિ હતી, આ ગ્રામિકોને કેન્દ્રની મહાસભામાં સ્થાન મળતું.

(ગ) ધર્મનીતિ : જૈન અને બૌદ્ધ બંને ધર્મો બિંબિસારને પોત-પોતાના ધર્મના અનુયાયી માને છે. જૈનગ્રંથો તેને 'શ્રેણિક બિંબિસાર' કહે છે અને તેને જૈનધર્મી તરીકે સ્વીકારે છે, જ્યારે બૌદ્ધગ્રંથો તેને બૌદ્ધધર્મી કહે છે. હકીકતમાં તે બૌદ્ધધર્માવલંબી હતો તેનાં પ્રમાણો છે. તે બુદ્ધનો સમકાલીન અને પ્રશંસક હતો. ભગવાન બુદ્ધ તેના રાજ્યમાં ઘણા દિવસો સુધી રહ્યા હતા. તેણે બુદ્ધની ચિકિત્સા માટે પોતાના રાજવૈદ્ય 'જીવક' નિયુક્ત કર્યો હતો. તેણે બૌદ્ધસંઘને 'કરંદ–વેણુ–વન' ભેટ આપ્યું હતું, બૌદ્ધ સાધુઓને જમાડયા અને .તેમને જળયાત્રાકર (Ferry dues)માંથી મુક્તિ આપી હતી. આ બધાથી સ્પષ્ટ થાય છે કે તે બૌદ્ધધર્મી હતો, છતાં તેની ધર્મનીતિ ઉદાર અને સહિષ્ણુ હતી. તે અન્યધર્મો પ્રત્યે આદર દાખવતો.

(ઘ) કલા–વિજ્ઞાન : તે કલાને પ્રોત્સાહન આપતો. તેની રાજધાની રાજગૃહના મહેલોનું નિર્માણ પ્રસિદ્ધ સ્થપતિ **મહાગોવિંદે** (Mehagovinda) કર્યું હતું. તેણે પોતાના રાજવૈદ્ય જીવકને ભગવાનબુદ્ધ અને અવન્તીનરેશ પ્રદ્યોત મહાસેનની ચિકિત્સા માટે મોકલ્યો હતો.

(ચ) મૃત્યુ : બાવન વર્ષ રાજ્ય કર્યા પછી તેનો કરુણ અંત આવ્યો. બૌદ્ધ પરંપરા મુજબ તેના પુત્ર અજાતશત્રુએ બુદ્ધ ભગવાનના દુષ્ટ પિતરાઈ દેવદત્તની ભંભેરણીથી કેદમાં નાખ્યો અને પાછળથી તેનો વધ કર્યો હતો. આ અપરાધનો તેણે બુદ્ધ સમક્ષ એકરાર કર્યો હતો. ભારહૂતના એક ચિત્રમાં અજાતશત્રુને પશ્ચાતાપ કરતાં દેખાડવામાં આવ્યો છે. આમ બૌદ્ધ ગ્રંથો તેને પિતૃઘાતક કહે છે, જ્યારે જૈનગ્રંથો તેને પિતૃભક્ત કહે છે.

(છ) ઇતિહાસમાં સ્થાન : આમ તે મગધના ઇતિહાસમાં અગત્યનું સ્થાન ધરાવે છે.

તે સામ્રાજ્યવાદી હતો. તેણે યુદ્ધો અને કૂટનીતિક લગ્ન સંબંધો દ્વારા મગધના રાજ્યનો વિસ્તાર વધાર્યો. એ રાજ્યના સંચાલન માટે તેણે કુશળ વ્યવસ્થા ઊભી કરી હતી, તે બૌદ્ધધર્મી હતો તેમજ કલાનો પોષક હતો.

દકમાં તેણે મગધની મહાનતાનો પાયો નાખ્યો. તેની સિદ્ધિઓનું સરવૈયું કાઢતાં ડૉ. સ્મીથ અને ડૉ. રાયચૌધરીએ બિંબિસારને The real founder of Magadhan imperial power તરીકે ઓળખાવ્યો છે.[૨૪]

*

આટલું યાદ રાખીએ તો...........

૧. મૌર્યવંશની સ્થાપના પૂર્વેનું ભારત

મગધના ક્રમિક ઉદયનો ઇતિહાસ......તબક્કાવાર નીચે પ્રમાણે છે.

પ્રથમ સોપાન : ઉદયના પ્રારંભિક તબક્કે ઉત્તરભારત સોળ મહાજન-પદોનું બનેલું હતું, તેમાંનું એક અંગ મગધ હતું.

દ્વિતીય સોપાન : સોળ મહાજનપદોમાં ચાલતી સત્તાની સાઠમારીમાંથી વત્સ, અવંતિ, કોશલ અને મગધ એમ ચાર મહારાજ્યોનો ઉદ્ભવ થયો.

તૃતીય સોપાન : સર્વોપરીતાના જંગમાં આખરે મગધ ઉત્તર ભારતનું સૌથી વધુ શકિતશાળી રાજ્ય બની ગયું.

ચતુર્થ સોપાન : ચંદ્રગુપ્ત મૌર્યે મગધને ભારતનું સર્વોપરી રાજ્ય બનાવ્યું.

૨. સિકંદરનું ભારત પર આક્રમણ

ક. આક્રમણ સમયે ભારતની રાજકીયસ્થિતિ...અસંતોષજનક હતી.

૧. પૂર્વ અને મધ્ય ભારતમાં નંદવંશનું એકચક્રી શકિતશાળ શાસન હતું, જેની પ્રબળ શક્તિ સાંભળીને સિકંદરના સૈન્યે બિયાસ નદીથી આગળ વધવાનો ઇન્કાર કરી દીધો.

૨. વાયવ્ય ભારત અનેક નાનાં નાનાં રાજ્યોમાં વિભક્ત હતું, જે પાર-સ્પારિક ફૂટ અને ઈર્ષાને લીધે અંદરોઅંદર ઝઘડતાં હતાં.

૩. સંક્ષેપમાં સિકંદરના આક્રમણ સમયના વાયવ્ય ભારતનો ઇતિહાસ એટલે અનેક નાનાં નાનાં રાજ્યો અને તેમના પારસ્પરિક સંઘર્ષનો ઇતિહાસ.

ખ. ભારત પર સિકંદરનું આક્રમણ... વિગતો નીચે દર્શાવી છે.

March dividedના સિદ્ધાંત મુજબ લશ્કરનું બે ભાગમાં વિભાજન : એક ભાગની સરદારી હેફાઈસ્ટિન અને પર્ડીક્કાસને સોંપી અને બીજા ભાગની સરદારી સિકંદરે પોતે લીધી.

---

૨૪. ડૉ. સ્મીથ : E.H. I., P. 33. અને ડૉ. રાયચૌધરી : P. H. A. I., P. 157.

ગ. વિજયકૂચ :

૧. સરહદપરની પહાડી જાતિઓને નમાવે છે—અષ્ટક, અસ્પાસિયન નીસા અશ્વક ઓરા, બઝીરા, ઓર્નસ, પુષ્કલાવતી વગેરે પહાડી પ્રજાઓને નમાવે છે.

૨. તક્ષશિલામાં આંભીકુમાર શરણે આવે છે.

૩. પોરસ સાથે જેલમ નદીના કાંઠે કરીના મેદાનમાં થયેલા યુદ્ધમાં સિકંદર જીતે છે. ડૉ. હરિશ્ચંદ્ર શેઠ પોરસ જીત્યાનું જણાવે છે.

૪. ત્યાંથી આગળ વધીને ગ્લાઉસાઈ જીતે છે તેમજ પોરસના ભત્રીજાને હરાવે છે.

૫. રાવી નદી પાર કરીને પિંપ્રમા દુર્ગ જીતે છે અને પોરસની મદદથી કઠ જાતિને નમાવે છે.

ઘ. સૈન્યનો બળવો : બિયાસ નદીના કિનાર સુધી આવી પહોંચેલી સિકંદરની સેના બળવો પોકારે છે ને આગળ વધવાની ના પાડે છે...કારણ કે

૧. સ્વદેશ છોડયા ઘણા દિવસ થયા હોવાથી સૈનિકોને સગાંસંબંધીની યાદ આવતી હતી.

૨. ઘણા વર્ષોના એકધારા યુદ્ધ પછી સૈનિકો યુદ્ધથી કંટાળી ગયા હતા.

૩. સ્વાસ્થ્યની દૃષ્ટિએ ભારતની આબોહવા પ્રતિકૂળ હતી.

૪. મગધના મહાન સામ્રાજ્યની સૈનિક શક્તિ વિષે સાંભળીને તેમનું સાહસ ઓગળી ગયું.

ચ. પીછેહઠ : પીછેહઠની કૂચ દરમિયાન સિકંદરને અનેક નાના રાજાઓ સાથે સંગ્રામ ખેલવો પડયો. પીછેહઠની કૂચ દરમિયાન તેણે......

૧. સૌભૂતિ જીત્યું.

૨. શિબિ અને અગલસ્સ જેવી સ્વતંત્ર જાતિઓ સામે ટક્કર લેવી પડી, જેમાં તે જીતે છે.

૩. માલવ અને ક્ષુદ્રકના સંયુક્ત લશ્કરનો મુકાબલો કરવો પડયો.

૪. અવસ્તનોઈ, ક્ષત્રિ, વસાતિ, શુદ્ર, મુષિક, શાંબ વગેરે જાતિઓને નમાવી.

૫. બ્રાહ્મણક ગણરાજ્યના ૫૦૦૦ બ્રાહ્મણોનો સામનો કરવો પડયો.

૬. સિંધુના ડેલ્ટા પ્રદેશમાં આવેલ પત્તલ જીત્યું.

જ. સ્વદેશ પ્રતિ : સ્વદેશ પાછા ફરતા લશ્કરને તેણે ત્રણ વિભાગમાં વહેંચી નાખ્યું......

૧. એક વિભાગે નિયરકસ (Nearchos)ના નેતૃત્વ નીચે દરિયાઈ માર્ગે ૨. બીજા વિભાગે ક્રાટેરસ (Krateros)ની સરદારી નીચે બોલનઘાટના માર્ગે ૩. ત્રીજા વિભાગે સિકંદરની નેતાગીરી હેઠળ જમીનમાર્ગે	સ્વદેશપ્રતિ પ્રયાણ કર્યું.

૩. સિકંદરના આક્રમણનાં પરિણામો : આ અંગે વિદ્વાનોમાં વિરોધાભાસી વિચારસરણી પ્રવર્તે છે.

अ. રાજકીય પરિણામો .... સિકંદરના આક્રમણે

૧. યુરોપના લશ્કરનાં ચાતુર્ય ને શિસ્ત સામે મહાન એશિયાઈ લશ્કરની આંતરિક નબળાઈ છતી કરી.

૨. ભારતવાસીઓની–આંતરિક સંઘર્ષના વમળમાં અટવાયેલાં અનેક નાનાં રાજ્યોની–અંતર્ગત નબળાઈ છતી કરી.

૩. દેશમાં રાજકીય એકીકરણને પ્રોત્સાહન આપ્યું અને એ રીતે મહાન સામ્રાજ્યની સ્થાપનાની બાબતમાં ચંદ્રગુપ્તના કાર્યને સુગમ બનાવ્યું.

૪. ભારતીય સૈન્યસંગઠન, યુદ્ધપદ્ધતિ, વ્યૂહરચના ને રણકૌશલ્યની નિર્બળતા પૂરવાર કરી.

૫. ભાવિ આક્રમણ માટેનો માર્ગ ખુલ્લો કર્યો.

ब, સાંસ્કૃતિક પરિણામો.........સિકંદરના આક્રમણના પરિણામે.

૧. ભારત અને પશ્ચિમના દેશોની વચ્ચેનો આવાગમનનો માર્ગ ખુલી ગયો.

૨. શિલ્પકલાક્ષેત્રે 'ગાંધાર શૈલી'ના ઉદ્ભવ માટે પરોક્ષ પ્રોત્સાહન મળ્યું.

૩. એથેન્સના ઘુવડ શૈલીના સિક્કાઓ અને ચાંદીના દ્રમ્મ જેવા સિક્કાઓનું ભારતમાં ચલણ શરૂ થયું.

૪. ગ્રહોનું જ્ઞાન અને અઠવાડિયાના વારની ગણતરી ભારતમાં શરૂ થઈ.

૫. વિશ્વના ભૌગોલિક જ્ઞાનમાં વધારો થયો અને લોકોનો ભૌગોલિક દૃષ્ટિકોણ વિસ્તૃત થયો.

क. ઐતિહાસિક પરિણામો .... સિકંદરના આક્રમણને લીધે

૧. દેશનો ક્રમબદ્ધ ઇતિહાસ લખવામાં સહાયતા મળી, કારણ કે તેના આક્રમણની તિથિ નિશ્ચિત છે.

૨. દેશનો ઇતિહાસ જાણવાનાં સાધનોમાં એકનો ઉમેરો થયો, કારણ કે

મૌર્યયુગ : સમ્રાટો

"મૌર્યસામ્રાજ્યની સ્થાપના એ ભારતના ઇતિહાસમાં એક અપૂર્વ બનાવ છે."
—ડૉ. રાધાકુમુદ મુકર્જી

" જે સ્વભાવથી મઠાધીશ માટે લાયક હતો તે ભૂલથી ગાદીશન થયો."
—સ્વ. ડૉ. જયસ્વાલ.

*** પ્રકરણની રૂપરેખા ***

(૧) મૌર્ય રાજ્યવંશનો રાજકીય ઇતિહાસ.
(૨) ચંદ્રગુપ્ત મૌર્ય—પૂર્વજીવન અને કુળ.
(૩) ચંદ્રગુપ્ત મૌર્યની રાજકીય કારકિર્દી.
(૪) અશોક : કારકિર્દી અને સિદ્ધિઓ.
(૫) અશોકનો ધર્મ—ધર્મનીતિ.
(૬) અશોકનું ઇતિહાસમાં સ્થાન—મહત્ત્વ.
(૭) અશોકના અભિલેખો.
(૮) મૌર્ય સામ્રાજ્યના પતનનાં કારણો.

૧. મૌર્ય રાજ્યવંશનો રાજકીય ઇતિહાસ

अ. પ્રાસ્તાવિક – ભારતના પ્રાચીન ઇતિહાસમાં મૌર્યવંશ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તે એક એવો યુગ હતો, જે યુગમાં સૌ પ્રથમ એકચક્રી શાસનની સ્થાપના થઈ. ડૉ. મુકરજીના મતે મૌર્યસામ્રાજ્યનું આગમન એ ભારતીય ઇતિહાસની એક અપૂર્વ ઘટના છે, કારણ કે આ યુગથી ઐતિહાસિક યુગના શ્રીગણેશ મંડાયા. આ સમયથી ભારતનો રાજકીય ઇતિહાસ તિથિ–ક્રમ પ્રમાણે શરૂ થયો, એટલે કે ભારતીય ઇતિહાસનો કાળક્રમ આ સમયથી સ્પષ્ટ બનતો જાય છે. આથી મૌર્ય રાજ્યવંશનો રાજકીય ઇતિહાસ જાણવો જરૂરી રહે છે.

ब. મૌર્ય રાજ્યવંશનો રાજકીય ઇતિહાસ – મૌર્ય રાજ્યવંશનો રાજકીય ઇતિહાસ જાણવા માટેનાં સાધનો આ પ્રમાણે છે : મેગેસ્થનિસના 'ઇન્ડિકા' નામના પુસ્તકમાં મૌર્યરાજ્યવહીવટનો; ખાસ કરીને ચંદ્રગુપ્ત મૌર્યના શાસનકાળનો વિસ્તૃત ઉલ્લેખ છે. કૌટિલ્યનું '**અર્થશાસ્ત્ર**' પણ ચંદ્રગુપ્ત મૌર્યકાલીન રાજકીય અને સાંસ્કૃતિક જીવન પર વેધક પ્રકાશ ફેંકે છે. આ ઉપરાંત 'દીપવંશ' અને 'મહાવંશ' જેવા **બૌદ્ધગ્રંથોમાં** રાજ્યવહીવટનું વિવરણ આપેલ છે. અશોક અને તેના અનુગામી રાજવીઓના

અભિલેખો, સ્તૂપો વગેરે મૌર્યકાલીન ભારત પર સારો એવો પ્રકાશ પાડે છે. આ બધાં ઐતિહાસિક સાધનોના આધારે મૌર્યરાજ્યવંશનો રાજકીય ઇતિહાસ નીચે પ્રમાણે તૈયાર કરવામાં આવેલ છે.

(૧) ચંદ્રગુપ્ત મૌર્ય (ઈ. સ. પૂ. ૩૨૨–૨૯૮) – તે મૌર્યરાજ્યવંશનો સ્થાપક હતો. તેણે મગધના છેલ્લા નંદરાજા ધનનંદનો ઘાત કરી ચાણક્યની મદદથી મગધની (રાજધાની પાટલીપુત્રની) ગાદી પ્રાપ્ત કરી. તે ક્ષત્રિય કુળનો હતો. તેણે ગાદી પ્રાપ્ત કર્યા પછી (૧) મગધની આસપાસના મુલકો જીત્યા, (૨) તેણે પંજાબ પણ જીત્યું હતું, (૩) તેણે સેલ્યુકસને હરાવીને તેની પાસેથી હેરાત, કાબુલ, કંદહાર અને બલુચિસ્તાનના પ્રદેશો મેળવ્યા, (૪) તેણે ગુજરાત–સૌરાષ્ટ્ર જીત્યું હોવાનું તેના ગિરનારના શિલાલેખના વિવરણ પરથી જણાય છે, (૫) તેણે દક્ષિણ પ્રદેશની જીત પણ કરી હતી. આમ તેણે પ્રાચીન ભારતના પ્રથમ 'સામ્રાજ્ય–નિર્માતા' તરીકેની નામના મેળવી.

તે શાસનતંત્રનો વડો હતો. તેને વહીવટમાં મદદ કરવા ૧૨ થી ૨૦ સભ્યોનું મંત્રીમંડળ હતું. કૌટિલ્ય તેનો મુખ્યમંત્રી હતો. ૩૦ સભ્યોની બનેલ એક લશ્કરી સમિતિ તેના સૈન્યની દેખરેખ રાખતી. પ્રાંતનો મુખ્ય અધિકારી સુબો, સ્થાનિય (જિલ્લો)નો સ્થાનિક, સંગ્રહ (તાલુકો)નો ગોપ અને ગ્રામનો મુખ્ય અધિકારી ગ્રામણી હતો. રાજધાની પાટલીપુત્રની વ્યવસ્થા માટે ૩૦ સભ્યોની બનેલી એક નાગરિક સમિતિ હતી. જૈન પરંપરા મુજબ તેણે જૈનધર્મનો અંગીકાર કર્યો હતો અને અંતિમ અવસ્થામાં તેણે મૈસુરમાં આવેલ શ્રવણ બેલગોલામાં જૈન સાધુ ભદ્રબાહુ સાથે વસવાટ કર્યો. ભદ્રબાહુના મૃત્યુબાદ તેણે અનશનવ્રત કરીને દેહત્યાગ કર્યો. (ઈ. સ. પૂર્વે ૨૯૮.)

૨. બિંદુસાર (ઈ. સ. પૂ ૨૯૮–૨૭૩) : ચંદ્રગુપ્તના ગાદી ત્યાગ બાદ તેનો પુત્ર બિંદુસાર પાટલીપુત્રની ગાદીએ આવ્યો. તે તેના પિતાના સમયમાં તક્ષશિલાનો સૂબો હતો. તેણે દક્ષિણ પ્રદેશની જીત કરેલી એવું સ્મીથ જણાવે છે. તેના શાસનકાળ દરમિયાન તક્ષશિલામાં થયેલ પ્રજાકીય બળવાને તેના પુત્ર અશોકે દબાવી દીધો હતો. ચંદ્રગુપ્તે ગ્રીકો સાથે સ્થાપેલા મૈત્રાચારી ભર્યા સંબંધો તેણે જાળવી રાખ્યા. ઇજિપ્તના ટોલમીરાજા ફિલાડેલ્ફસે ડાયોનિસ્યોસને અને સેલ્યુકસના પુત્ર એન્ટીઓકસે ડાયામેચસને પોતાના પ્રતિનિધિઓ તરીકે બિંદુસારના દરબારમાં મોકલ્યા હતા.

૩. અશોક (ઈ. સ. પૂર્વે ૨૭૩–૩૩૨) : બિંદુસાર પછી તેનો પુત્ર અશોક

ગાદીએ આવ્યો. આ પહેલાં તે અનુક્રમે ઉજ્જૈન અને તક્ષશિલાનો સુબો હતો. તેણે કલિંગ જીત્યું પરંતુ આ યુદ્ધે તેના જીવનમાં મહાન પરિવર્તન આણ્યું. તેણે શસ્ત્રો ત્યજી શાસ્ત્રો ધારણ કર્યાં અને બૌદ્ધસાધુ ઉપગુપ્તના ઉપદેશથી તેણે બૌદ્ધધર્મ સ્વીકાર્યો. તેની શાસન વ્યવસ્થા તેના દાદા ચંદ્રગુપ્ત મૌર્યની શાસન વ્યવસ્થા પર આધારિત હતી. કેન્દ્રમાં તે સર્વોપરી હતો. તેનો મુખ્યમંત્રી રાધાગુપ્ત હતો. પ્રાંતોના સુબા તરીકે સામાન્યતઃ રાજકુમારો નીમાતા. તેના રાજ્યઅધિકારીઓમાં ધર્મ મહામાત્ર, રાજૂક, રથિક, પ્રાદેશિક યુક્ત પતિવેદક, વ્રજભૂમિકા, લિપિકાર, દૂત, આયુક્ત, કારણિકા વગેરેનો સમાવેશ થતો.[1] તે દર પાંચ વર્ષે અધિકારીઓને રાજ્યનું નિરીક્ષણ કરવા મોકલતો. તેણે પ્રજાની નૈતિક-પ્રગતિ માટે 'ધર્મમહામાત્રો' ની નિમણૂક કરી હતી. તેણે રાજૂકને સન્માન અને દંડવિષયક સત્તાઓ આપી હતી અને દર રાજ્યાભિષેકના વર્ષ દિવસે તે કેદીઓને મુક્ત કરતો, તેણે લોકહિત અને માનવસુખ માટે અનેક લોકકલ્યાણનાં કાર્યો આદર્યાં હતાં. કલિંગના યુદ્ધના પરિણામે તે ધર્માભિમુખ બન્યો અને બૌદ્ધધર્મના પ્રચાર અર્થે અનેક પ્રયાસો કર્યા. તે બૌદ્ધધર્મી હોવા છતાં અન્ય ધર્મો પ્રત્યે તે સમભાવ દાખવતો. તેણે બૌદ્ધધર્મને વિશ્વધર્મનું સ્વરૂપ આપ્યું અને એ રીતે તેણે પોતાના સમયના "જગદ્‌ગુરુ" તરીકેની નામના મેળવી. તે પ્રજાપાલક અને આદર્શ રાજવી હતો. તેણે વિશ્વની પ્રજાને વિશ્વબંધુત્વના પાઠો ભણાવ્યા. સ્થાપત્ય ક્ષેત્રે ભવન-નિર્માતા તરીકે તેની મહાનતા ઘણી છે. ટૂંકમાં **એચ. જી. વેલ્સ**ના મતે સમસ્ત વિશ્વના સમ્રાટોમાં અશોકનું નામ તારાની જેમ ચમકે છે.

૪. અશોક પછીના રાજાઓ – અશોકના અનુગામીઓ શક્તિશાળી નહોતા. અશોક પછી તેનો પુત્ર કુણાલ, તેના પછી દશરથ, સંપ્રતિ, શાલિશૂક, દેવવર્મા, શતધનુષ અને બૃહદ્રથ ગાદીએ આવ્યા. આ છેલ્લા રાજા બૃહદ્રથને તેના સેનાપતિ પુષ્યમિત્રશુંગે લશ્કરી કવાયત વખતે મારી નાખ્યો અને ગાદી હાથ ધરી (ઈ. સ. ૧૮૫.)

क. સમાપન – આમ ચંદ્રગુપ્તે ભારતના ઇતિહાસમાં પ્રથમ ઐતિહાસિક સામ્રાજ્યનું સર્જન કર્યું. તેનું સામ્રાજ્ય તેના પુત્ર બિંદુસારે વધાર્યું, પરંતુ તેના પૌત્ર અશોકે તેને શોભાવી સુગંધિત કર્યું. પરંતુ તેના પછીના અનુગામી રાજાઓ એટલા બધા પ્રતિભાસંપન્ન નહોતા, જે આવડા મોટા સામ્રાજ્યને

---

૧. Dr. Raychaudhuri : Political History of Ancient India, P. 261.

ટકાવી શકે. પરિણામે અશોકના મૃત્યુ બાદ સાડીત્રણ સદીમાં જ ચંદ્રગુપ્તે સ્થાપેલ ઐતિહાસિક સામ્રાજ્યનો અંત આવ્યો. શ્રી દર્શક યોગ્ય જ લખે છે કે, 'ચંદ્રગુપ્તે નંદરાજાને મારી નાખી ગાદી લીધી હતી. તેના છેલ્લા વંશજને પુષ્યમિત્ર શુંગે લશ્કરની સામે મારી નાખી આદિ અંતનો પ્રાસ મેળવી દીધો ! આ રીતે મૌર્યવંશ ડૂબ્યો પરંતુ અશોકની વાણી ને કૃતિ આજે પણ ભારતવર્ષના લોકોને તારી રહી છે.'[૨] ટૂંકમાં If Chandhragupta earned for the Maurya dynasty an empire, Ashoka gave it undying fame.[3]

૨. ચંદ્રગુપ્ત મૌર્ય–પૂર્વજીવન અને કુળ

અ. પ્રાસ્તાવિક – ભારતના પ્રથમ ઐતિહાસિક સામ્રાજ્યનો સ્થાપક એવો ચંદ્રગુપ્તમૌર્ય શાહી દરજ્જાએ પહોંચ્યો તે પહેલાંના તેના જીવન વિષે માત્ર દંતકથાઓ પ્રવર્તે છે, પરિણામે તેના પૂર્વજીવન વિષે વિદ્વાનોમાં મતભેદો પ્રવર્તે છે. તેવી જ રીતે તે ક્ષત્રિય કે શુદ્ર જાતિનો હતો એ અંગે પણ વિદ્વાનોમાં વિવાદસ્પદ મંતવ્યો પ્રવર્તે છે.

બ. પૂર્વજીવન – ચંદ્રગુપ્તનો જન્મ ઈ. સ. પૂર્વે ૩૪૫માં થયો હતો. બૌદ્ધકથાઓ મુજબ ચંદ્રગુપ્તનો જન્મ પિપ્ફલીવનમાં રહેતા 'મોરિય' નામની ક્ષત્રિય જાતિના સરદારને ત્યાં થયો હતો. **પ્રા. ભાર્ગવે** આ મતનું સમર્થન કર્યું છે. તે જણાવે છે કે ચંદ્રગુપ્તના પિતાને[૪] નંદરાજાની સાથે થયેલી લડાઈમાં તેના પિતાનું મૃત્યું થયું, અને નંદરાજાએ તેનો પ્રદેશ પોતાના સામ્રાજયમાં ભેળવી દીધો. આથી તેની વિધવા રાણી, પોતાના ભાઈઓ (ચંદ્રગુપ્તના મામાઓ) સાથે ત્યાંથી નાસી છૂટીને પુષ્પપુર (=કુસુમપુર=પાટલીપુત્ર) માં આવીને છૂપી રીતે રહેવા લાગી, જ્યાં ચંદ્રગુપ્તનો જન્મ થયો. ચંદ્રગુપ્તના મામાઓ તેને એક ગૌશાળામાં મૂકી આવ્યા, અહીં એક ભરવાડે તેનું પુત્રની જેમ પાલન કર્યું અને જ્યારે તે મોટો થયો ત્યારે તેણે એક શિકારીને વેચી દીધો, જેણે ચંદ્રગુપ્તને ગાયો ભેંસો ચરાવવાનું કામ સોંપ્યુ. તે ગામડાના અન્ય બાળકો સાથે રમતગમતમાં રાજસભા ભરતો. આવી એક સભામાં ચાણક્યે ચંદ્રગુપ્તમાં નેતૃત્વ કરવાની શકિતનાં ચિહ્નો નિહાળીને તેના શિકારી માલિકને એક

---

૨. આપણો વૈભવ ને વારસો, પૃ. ૧૫૦.

3 B. G. Gokhale : The story of Ancient India, P. 59.

૪. મુદ્રારાક્ષસના ટીકાકારના મતે ચંદ્રગુપ્તના પિતાનું નામ "મૌર્ય" હતું.

હજાર કર્ષાપણ આપીને ખરીદ્યો અને તેને પોતાની સાથે તક્ષશિલામાં લાવ્યો. અહીં ચાણક્યે તેને સાત કે આઠ વર્ષ યોગ્ય કેળવણી આપી. પોતાના પિતાનું જૂન વેર વાળવા તેણે નંદરાજ્યની નોકરી સ્વીકારી અને તેની આવડતને લીધે નંદરાજા ધનનંદે તેને મગધની સેનાના સેનાપતિપદે નિયુક્ત કર્યો. આ રાજા સાથે અણબનાવ થતાં તેને દેશવટો આપવામાં આવ્યો. ત્યાંથી તેણે સિકંદરની છાવણીમાં જઈને ગ્રીક ઢબની લશ્કરી તાલીમ મેળવી, ત્યાં પણ સિકંદરને નાખુશ કરતાં ત્યાંથી તેને વિંધ્યાચળના જંગલોમાં નાસી જવું પડ્યું. પોતાની જેમ ચાણક્ય (કૌટિલ્ય) નું પણ નંદરાજાએ ભરદરબારમાં અપમાન કર્યું હતું. આમ નંદરાજાના આ બંને સમાન દુશ્મનોએ સિકંદરના મૃત્યુબાદ તુરત જ ગ્રીક સૈન્યને સિંધુ પ્રદેશમાંથી હાંકી કાઢ્યું, તથા પંજાબના રાજા પર્વતક (પોરસ)ની મદદથી મગધ પર આક્રમણ કર્યું, અને ભદ્રશાલના નેતૃત્વ નીચે લડતા નંદરાજાના લશ્કરને હરાવ્યું, ત્યારબાદ નંદરાજા ધનનંદનો ઘાત કર્યો, અને મગધમાં **'મૌર્યવંશ'** ની સ્થાપના કરી. (ઈ. સ. પૂ. ૩૨૨–૩૨૧.)[૫]

ક. ચંદ્રગુપ્તનું કુળ (જાતિ)[૬] : ચંદ્રગુપ્તના કુળ અંગે વિદ્વાનોમાં મતભેદો પ્રવર્તે છે, જે નીચે પ્રમાણે છે.

[૧] ચંદ્રગુપ્ત મૌર્ય પારસી હતો : ચંદ્રગુપ્ત સમયના મૌર્યકાલીન ભારત અને ઈરાન વચ્ચે કેટલીક સામાજિક, ધાર્મિક અને રાજકીય વિધિઓ વચ્ચે સામ્ય નિહાળીને **સ્પૂનર** ચંદ્રગુપ્તને (મૌર્યને) પારસી હોવાનું જણાવે છે, પરંતુ ભારતીય વિદ્વાનોએ તેમજ સ્મીથ, કીથ, થોમસ વગેરે પાશ્ચાત્ય વિદ્વાનોએ સ્પૂનરના મંતવ્યનું ખંડન કર્યું છે.

[૨] ચંદ્રગુપ્ત મૌર્ય શુદ્ર હતો : મુદ્રા રાક્ષસ નામના નાટકમાં તેને વૃષલ (શુદ્ર કે કુલહીન) તરીકે ઓળખાવ્યો છે. પરંતુ કુલહીન એટલે નીચા કુળનો નહીં, પરંતુ નિમ્ન (સાધારણ) કુળનો એવો અર્થ વિદ્વાનો ઘટાવે છે. આ જ અર્થમાં ગ્રીક લેખક જસ્ટિન પણ તેને 'સામાન્ય કુટુંબમાં જન્મેલો' (Humble originનો) ગણે છે. વિષ્ણુપુરાણનો ટીકાકાર ચંદ્રગુપ્તને

---

૫. અધ્યયનના હેતુ માટે મૌર્યવંશની તવારીખ અંગે Dr. Eggermontની સ્કીમ માટે જુઓ Dr. A. L Basham : Studies in I. H. & C; Chapter, 9.

૬. આ મથાળા હેઠળ "મૌર્યોની જાતિ," મૌર્યો કોણ હતા ? વગેરે મુદ્દા આવી શકે.

નંદરાજાની 'મુરા' નામની ઉપપત્નીનો પુત્ર હોવાનું જણાવે છે.[૭] તેવી જ રીતે **મુદ્રારાક્ષસના ટીકાકાર**ના મતે 'સર્વાર્થ સિદ્ધિ' નામનો એક ક્ષત્રિય રાજા હતો, તેને 'સુનંદા' નામની ક્ષત્રિય રાણી અને 'મુરા' નામની શુદ્ર રાણી એમ બે રાણીઓ હતી. સુનંદાને નવ પુત્રો હતા જે નંદો કહેવાયા, અને મુરાને 'મૌર્ય' નામનો પુત્ર હતો. આમ ચંદ્રગુપ્ત મુરા નામની શુદ્ર સ્ત્રીના પુત્ર મૌર્યનો પુત્ર હતો, તેથી તે શુદ્ર જાતિનો હતો. પરંતુ પુરાણનો ટીકાકાર ચંદ્રગુપ્તને નંદરાજાનો (એટલે કે મુરાનો) પુત્ર માને છે, જ્યારે મુદ્રા.નો ટીકાકાર તેને નંદરાજાનો (એટલે કે મુરાનો) પૌત્ર માને છે. પુરાણનો ટીકાકાર નંદોને શુદ્ર માને છે, જ્યારે મુદ્રાનો ટીકાકાર નંદોને ક્ષત્રિય માને છે. કુળ અંગે એટલે ચંદ્રગુપ્તના મુદ્રા.ના ટીકાકારનું મંતવ્ય પ્રમાણિક ઠરતું નથી.

(૩) ચંદ્રગુપ્ત ક્ષત્રિય હતો – મહાવંશ અને દિવ્યાવદાન જેવા **બૌદ્ધગ્રંથો** ચંદ્રગુપ્તનો ક્ષત્રિય તરીકે ઉલ્લેખ કરે છે. મહાવંશમાં તેને પિપ્ફલીવનમાં રહેતી મોરિય નામની ક્ષત્રિય જાતિના સરદારનો પુત્ર ગણવામાં આવ્યો છે. પ્રા. ભાર્ગવે પણ આ મતનું સમર્થન કર્યું છે. **કલ્પસૂત્ર** જેવા જૈન ગ્રંથોમાં પણ ચંદ્રગુપ્તનો ક્ષત્રિયકુળનો હોવાનો ઉલ્લેખ આવે છે. કૌટિલ્યનું '**અર્થશાસ્ત્ર**' પણ ચંદ્રગુપ્ત ક્ષત્રિયકુળનો હોવાનું પૂરવાર કરે છે[૮] એલિયન, સર જહોન માર્શલ વગેરે પણ ચંદ્રગુપ્તને ક્ષત્રિય તરીકે સ્વીકારે છે.

क. સમાપન – આમ ચંદ્રગુપ્તના પૂર્વજીવન અને કુળ વિષે વિદ્વાનોમાં મતભેદો પ્રવર્તે છે. **ડૉ. રાયચૌધરી**એ ઉપરોક્ત વિવાદસ્પદ મંતવ્યોનો ગંભીરતાપૂર્વક અભ્યાસ કરીને અનેક પૂરાવા દ્વારા સાબિત કર્યું છે કે તે 'મોરિય' નામની ક્ષત્રિય જાતિનો હતો.[૯]

---

૭. પરંતુ સંસ્કૃત વ્યાકરણના નિયમો અનુસાર 'મુરા' શબ્દ પરથી 'મૌરે' શબ્દ બને, 'મૌર્ય' શબ્દ નહીં. મૌર્ય શબ્દ સંસ્કૃતના મુર (પુ.) પરથી ઊતરી આવેલ છે. આ અંગે ડૉ. રાધાકુમુદ મુકર્જી લખે છે કે વિષ્ણુપુરાણનો ટીકાકાર વ્યાકરણના નિયમોનું પાલન કરવાની અપેક્ષા ચંદ્રગુપ્તને એક 'મા' શોધી આપવા માટે અધિક આતુર હતો.

૮. કૌટિલ્યના મંતવ્યની વિગતે ચર્ચા માટે જુઓ **डॉ. राधाकुमुद मुकर्जी : चन्द्रगुप्त मौर्य और उसका काल, पृ. १२७–१२८.**

૯. ચંદ્રગુપ્તના કુળ અંગે રસપ્રદ અને ટીકાત્મક અધ્યયન માટે જુઓ. Dr. Buddha Prakash : Studies in I. H. & C. PP- 70 to 130

૩. ચંદ્રગુપ્ત મૌર્યની રાજકીય કારકિર્દી (સિદ્ધિઓ)

अ. પ્રાસ્તાવિક : ભારતના પ્રથમ ઐતિહાસિક સામ્રાજ્યના સ્થાપક ચંદ્રગુપ્ત મૌર્યનો જન્મ પિપ્ફલીવનમાં રહેતી 'મોરિય' નામની ક્ષત્રિય જાતિના નાયકને ત્યાં ઈ. સ. પૂર્વે ૩૪૫માં થયો હતો. પુરાણ, મુદ્રારાક્ષસ વગેરે તેને શુદ્રકુળનો જણાવે છે. તો મહાવંશ જેવા બૌદ્ધગ્રંથો, કૌટિલ્યનું અર્થશાસ્ત્ર ડૉ. માર્શલ, ડૉ. રાયચૌધરી વગેરે તેને ક્ષત્રિયકુળનો જણાવે છે. તેણે નંદવંશના છેલ્લા રાજા ધનનંદનો ચાણક્યની મદદથી ઘાત કર્યો. અને મગધની ગાદી હાથ કરી મૌર્યવંશની સ્થાપના કરી; ત્યારથી તેની રાજકીય કારકિર્દીનો આરંભ થયો.

ब. ચંદ્રગુપ્તની રાજકીય કારકિર્દી (સિદ્ધિઓ) : ચંદ્રગુપ્ત મૌર્યની રાજકીય કારકિર્દીને નીચે પ્રમાણે બે વિભાગમાં વહેંચી નાખવામાં આવી છે :

૧. **વિજયો :** (અ) ગાદીશીન થયા પહેલાંના વિજયો.
(બ) ગાદીશીન થયા પછીના વિજયો.

૨. **શાસનવ્યવસ્થા :**

૧. **વિજયો :** સામ્રાજ્ય-નિર્માતા તરીકે.

अ. ગાદીશીન થયા પહેલાંના વિજયો

(૧) સિંધુ પ્રદેશમાંથી ગ્રીક શાસનની નાબૂદી : મગધની ગાદીએ આવ્યા પહેલાં ચંદ્રગુપ્ત મૌર્યે કૌટિલ્યની મદદથી સિકંદરના મૃત્યુ બાદ ગ્રીક સૈન્યને સિંધુ પ્રદેશમાંથી હાંકી કાઢયું અને આ રીતે દેશને વિદેશી શાસનમાંથી મુક્ત કર્યો. એટલે તો તે પ્રાચીન ભારતના ઇતિહાસમાં 'The leader of this first war of Indian Independence.' તરીકે ઓળખાય છે.

(૨) મગધમાંથી નંદવંશી શાસનનો અંત : વિદેશી ગ્રીકોને દેશ બહાર હાંકી કાઢયા બાદ ચંદ્રગુપ્તે મગધમાંથી નંદવંશનો નાશ કરવા માટે યોજના ઘડી. મૌર્ય બિસ્માર્ક એવા કૌટિલ્ય અને પંજાબના રાજા પર્વતક (પોરસ)ની સહાયથી ચંદ્રગુપ્ત મૌર્યે મગધ પર આક્રમણ કર્યું, અને ભદ્રશાલની નેતાગીરી હેઠળ લડતા નંદરાજાના લશ્કરને યુદ્ધમાં હરાવ્યું. ત્યારબાદ નંદરાજા ધનનંદનો વધ કર્યો અને મગધ કબજે કર્યું. આ રીતે મગધમાંથી નંદવંશી શાસનનો અંત આણી ત્યાં મૌર્યવંશની સ્થાપના કરી.

ब. ગાદીશીન થયા પછીના વિજયો

(૩) સેલ્યુકસ સાથે યુદ્ધ : સિકંદરે જીતેલા પ્રદેશો પાછા મેળવવા તેના વારસદાર સેલ્યુકસે ઈ. સ. પૂર્વે ૩૦૫ની આસપાસ મોટા લશ્કર સાથે

સિંધુ નદી ઓળંગી પંજાબમાં પ્રવેશ કર્યો ચંદ્રગુપ્તે તેનો સામનો કર્યો. ગ્રીક ઇતિહાસકારોએ તેમના વચ્ચે થયેલા યુદ્ધની વિગતો નથી આપી. આ પ્રકારના દેશાભિમાન માટે આપણે તેમને ધન્યવાદ દેવા જોઈએ! ગ્રીક ઇતિહાસકારોએ તેમની વચ્ચે થયેલી સંધિની નોંધ કરી છે.[૧૦] આ સંધિના પરિણામો જોતાં જણાય છે કે યુદ્ધમાં સેલ્યુકસને પરાજય સહન કરવો પડયો અને તેને શરમજનક સંધિ કરવાની ફરજ પડી હતી. સંધિની શરતો મુજબ સેલ્યુકસે હેરાન, કાબુલ, કંદહાર, અને બલુચિસ્તાનના પ્રદેશો ચંદ્રગુપ્તને આપ્યા તથા પોતાની પુત્રી હેલનને ચંદ્રગુપ્ત સાથે પરણાવી[૧૧] તેમજ પોતાના પ્રતિનિધિ તરીકે મેગેસ્થનીસને ચંદ્રગુપ્તના દરબારમાં મોકલ્યો; બદલામાં ચંદ્રગુપ્તે સેલ્યુકસને ૫૦૦ લડાયક હાથીઓ ભેટ તરીકે આપ્યા. આ વિજયથી મૌર્યસામ્રાજ્યની ઉત્તરી સરહદ છેક હિંદુકુશની પેલેપાર પહોંચી. ડૉ. સ્મીથના મતે હિંદુકુશ એ આમ તો હિંદની સાચી વૈજ્ઞાનિક સરહદ છે, જે બે હજાર પહેલાં ચંદ્રગુપ્ત તાબે કરવા શકિતમાન થયો.[૧૨]

[૪] ગુજરાત–સૌરાષ્ટ્રની જીત : ગિરનારના શિલાલેખના વિવરણ મુજબ ચંદ્રગુપ્તના સૂબા પુષ્યગુપ્ત વૈશ્યે ખેતીને માટે ગિરનગર (જૂનાગઢ)માં સુદર્શન તળાવ બંધાવેલ, જે હકીકત સૌરાષ્ટ્ર મૌર્યસામ્રાજ્યનો ભાગ હોવાનું પૂરવાર કરે છે ડૉ. **રાયચૌધરી** માને છે કે તેણે પશ્ચિમ ભારતમાં છેક સૌરાષ્ટ સુધી પોતાની વિજયકૂચ આદરેલી. આમ તેણે ગુજરાત–સૌરાષ્ટ્ર જીત્યાં હોવાનું જણાય છે.

[૫] દક્ષિણ પ્રદેશની જીત : ચંદ્રગુપ્તમૌર્યની દક્ષિણ પ્રદેશની જીત અંગે વિદ્વાનોમાં મતભેદ પ્રવર્તે છે. પ્રાચીન તામીલ સાહિત્યમાં ચંદ્રગુપ્તે દક્ષિણના પ્રદેશો જીત્યા હોવાનો ઉલ્લેખ છે. શિલાલેખ નં ૧૩ માં જણાવ્યા મુજબ કલિંગના યુદ્ધ પછી અશોકે અન્ય કોઈ યુદ્ધ કરેલું નથી તેમજ બિંદુસારના

---

૧૦. Dr. Raychaudhuri : Political History of India, P. 222.

૧૧. એપ્પેન (Appain) ના મતે બંને વચ્ચે વૈવાહિક સંબંધો સ્થાપિત થયા પરંતુ કોણ કોની પુત્રી સાથે પરણ્યો એ અંગે ચોકકસપૂર્વક કંઈ પણ કહી શકાય તેમ નથી. જુઓ, K. A. Nilkanta Sastri (Edited) : Age of the Nandas & Mauryas, P. 151. અને A Comprehensive History of India, Vol. 2. P. 57. વધુ વિગત માટે જુઓ, Dr. Bnddha Prakash : Studies in I. H. & C., P. 127.

૧૨. Dr. V. A. Smith : The Early History of India. P. 126.

શાસનકાળના કોઈ નોંધપાત્ર વિજયો ઇતિહાસના પાને નોંધાયા નથી. પરિણામે ચંદ્રગુપ્તે પોતાની સત્તા દક્ષિણની સરહદ સુધી ફેલાવી હોવાનું સંભવિત છે. જૈન પરંપરા મુજબ તેણે પાછલી જિંદગીમાં મૈસુર પ્રદેશમાં જઈને દેહ છોડયો હતો[૧૩] ગ્રીક લેખક જસ્ટિન પણ દક્ષિણ પર ચંદ્રગુપ્તનું આધિપત્ય સ્વીકારે છે. **ડૉ. આર. કે મુકુર્જી**ના મતે દક્ષિણનો પ્રદેશ જીતવાનું શ્રેય અશોકને નહિ પરંતુ ચંદ્રગુપ્તને ફાળે જાય છે.[૧૪] આ સર્વ હકીકતો ચંદ્રગુપ્તે દક્ષિણનો પ્રદેશ જીત્યો હોવાનું પૂરવાર કરે છે, પરંતુ **ડૉ. સ્મીથ** અને ડૉ. **ચક્રવર્તી**ના મતે આ પ્રદેશ ચંદ્રગુપ્તે નહિ પરંતુ તેના પુત્ર બિંદુસારે જીતેલો; જ્યારે **ડૉ. રાયચૌધરી** *આ બંને વિરોધી મંતવ્યોથી ભિન્ન અભિપ્રાય આપતાં જણાવે છે કે* દક્ષિણનો પ્રદેશ સૌ પ્રથમ નંદ રાજાએ જીતેલો અને ચંદ્રગુપ્તે તેને હરાવીને તે પ્રદેશ કબજે કરેલો.

આમ પૂર્વે બંગાળથી પશ્ચિમે સૌરાષ્ટ્ર સુધી અને ઉત્તરે કાશ્મીરથી દક્ષિણે મૈસુર સુધી તેનું આધિપત્ય હતું. આ રીતે તેણે **સામ્રાજ્ય-નિર્માતા** તરીકેની નામના મેળવી. ટૂંકમાં He earned for the Maurya dynasty an empire.

૨. **શાસનવ્યવસ્થા**; વ્યવસ્થાપક તરીકે-ડૉ. પી. સરનના મતે ચંદ્રગુપ્ત મૌર્ય માત્ર વિજેતા જ ન હતો પરંતુ કુશળ શાસક પણ હતો. તેણે કૌટિલ્યની મદદથી ઉત્તમ શાસનવ્યવસ્થા સ્થાપી હતી.

(૧) કેન્દ્રીય વહીવટ (કેન્દ્રીય સરકાર):

ક. રાજા – રાજા શાસનતંત્રનો સર્વોપરી વડો હતો, જે કારોબારી, લશ્કરી, ન્યાયકીય અને ધારાકીય ક્ષેત્રે સર્વોચ્ચ અને આખરી સત્તા ધરાવતો હતો. પરંતુ તે આપખુદ ન હતો. તે મંત્રીમંડળ અને અધિકારીઓની મદદથી વહીવટ ચલાવતો. રાજાની ગેરહાજરીમાં મુખ્યમંત્રીની મદદથી યુવરાજ વહીવટ ચલાવતો.

ખ. મંત્રીમંડળ – ચંદ્રગુપ્તને રાજકાજમાં મદદ કરવા ૧૨ થી ૨૦ સભ્યોનું બનેલું મંત્રીમંડળ હતું, જે વહીવટીતંત્રનું મોટાભાગનું કામકાજ સંભાળતું. કૌટિલ્ય ચંદ્રગુપ્તમૌર્યનો મુખ્યમંત્રી હતો.

ગ. ખાતાંઓ (વિભાગો) – કૌટિલ્ય ચંદ્રગુપ્તના સમયનાં અઢાર ખાતાંઓ (તિર્થો)નો ઉલ્લેખ કરે છે, જેમાંનાં મુખ્ય આ પ્રમાણે હતાં: નાણાં

---

૧૩. Nilkanta Sastri : Age of N & M, p. 165.

૧૪. Nilkanta Sastri : C. H. A., p. 10.

અને મહેસુલ ખાતું (ઉપરી સમાહર્તા), ખેતીવાડી ખાતું (ઉપરી સીતાધ્યક્ષ), ખાણ, કારખાનું, જેલ અને સ્ટોર ખાતું (ઉપરી સંનિધાત), પરરાજ્ય ખાતું (ઉપરી પ્રસશત્રી), ન્યાયખાતું (ઉપરી પ્રદેશત્રી), ધર્મ-દાન ખાતું (ઉપરી પુરોહિત), વ્યાપારખાતું (ઉપરી પણ્યાધ્યક્ષ), મહેલખાતું (ઉપરી દ્વારિક). તેના લશ્કરી ખાતાનો ઉપરી સેનાની હતો. તેના લશ્કરીતંત્રનો વહીવટ ૩૦ સભ્યોની બનેલી 'લશ્કરી સમિતિ'ને હસ્તક હતો, જેમાં પાંચપાંચ સભ્યોનાં બનેલાં ૬ બોર્ડ હતાં : (૧) રથદળ, (૨) હસ્તીદળ, (૩) અશ્વદળ, (૪) પાયદળ, (૫) નૌકાદળ અને (૬) સામાન્ય લશ્કરી વહીવટ. મેગેસ્થનિસના વિવરણ મુજબ, ચંદ્રગુપ્તનું લશ્કર આઠ હજાર રથ, નવ હજાર હાથીઓ, ત્રીસ હજાર અશ્વદળ અને છ લાખ પાયદળનું બનેલું હતું.

(૨) પ્રાંતિય વહીવટ (પ્રાંતિક સરકાર) :

ક. સામ્રાજ્યના વિભાગો – ચંદ્રગુપ્તના સમયમાં વહીવટી સુગમતા ખાતર સમગ્ર સામ્રાજ્યને ચાર પ્રાંતો – (૧) ઉત્તરાપથ (રાજધાની તક્ષશિલા), (૨) અવંતિ (રાજધાની ઉજ્જૈન), (૩) સૌરાષ્ટ્ર (રાજધાની ગિરિનગર), અને (૪) દક્ષિણાપથ (રાજધાની સુવર્ણગિરિ)– માં વહેંચી નાખવામાં આવ્યું હતું. મધ્યપ્રદેશ (રાજધાની પાટલીપુત્ર)નો વહીવટ રાજા પોતે સંભાળતો. દરેક પ્રાંતના ઉપરી તરીકે સુબો હતો, જે પદે મોટે ભાગે રાજકુમારની કે રાજ્યકુટુંબના સભ્યની નિમણૂક થતી. તેની મદદમાં અન્ય સહાયક અધિકારીઓ હતા.

ખ. પતિવેદક : દૂર આવેલા સામ્રાજ્યના પ્રદેશોનું સંચાલન રાજ્યના અધિકારીઓ યોગ્ય રીતે કરે છે કે નહિ તે જોવા માટે રાજ્યમાં પતિવેદક (જાસુસ ખાતાનો વડો) નામના અધિકારીની નિમણૂક થતી, જે આ બધા અધિકારીઓની કામગીરી અંગે રાજાને અવારનવાર માહિતી પૂરી પાડતો.[૧૪]

(૩) પ્રાદેશિક વહીવટ : પ્રાદેશિક વહીવટી વ્યવસ્થા આ પ્રમાણે હતી : સ્થાનિય (જિલ્લો)નો ઉપરી અમલદાર 'સ્થાનિક', સંગ્રહ (તાલુકો)નો 'ગોપ' અને ગ્રામનો મુખ્ય અધિકારી 'ગ્રામણી' હતો. આ બધા અધિકારીઓ પોતપોતાના વિસ્તાર પૂરતી વહીવટી, મહેસૂલી, ન્યાયવિષયક અને મર્યાદિત

---

૧૪. આ વ્યવસ્થાની પ્રસંશા કરતાં ડૉ. સ્મીથ નોંધે છે કે,
The control of Maurya Cental Government over distant province & subordinate official appear to have been more stringent than that exercised by Akbar.

સ્વરૂપમાં લશ્કરી સત્તાઓ ધરાવતા હતા. ગ્રામણી ગ્રામસમિતિ ગ્રામપંચાયત)ની મદદથી ગ્રામનો વહીવટ ચલાવતો અને ગામડાના પ્રશ્નોનો નિકાલ પણ કરતો. આ દરેક વહીવટી એકમ સારા પ્રમાણમાં સ્વાયત્તતા ભોગવતું હતું.

(૪) **નગરનો વહીવટ** (પાટલીપુત્રનો વહીવટ) : ચંદ્રગુપ્તના સમયમાં રાજધાની પાટલીપુત્ર માટે અલગ નમૂનેદાર વહીવટીતંત્ર હતું. મેગસ્થનિસના વિવરણ મુજબ ૩૦ સભ્યોનાં બનેલ છ બોર્ડ (દરેકમાં પાંચ સભ્યો) પાટલીપુત્રનો વહીવટ સંભાળતાં: પહેલું બોર્ડ ઉદ્યોગ અને શિલ્પ સંબંધી કાર્યોનું નિરીક્ષણ કરતું, બીજું બોર્ડ પરદેશીઓની નોંધ રાખતું, ત્રીજું બોર્ડ જન્મ-મરણની નોંધ રાખતું, ચોથું બોર્ડ વેપારવાણિજ્યનું નિયમન કરતું, પાંચમું બોર્ડ નવો અને જૂનો માલ જુદી જુદી કિંમતે અલગ અલગ વેચાય તેની દેખરેખ રાખતું અને છઠ્ઠું બોર્ડ વેચાણવેરો ઉઘરાવતું. આ બધાં બોર્ડ પોતપોતાનાં કાર્યો કરવા ઉપરાંત સામૂહિક રીતે સાર્વજનિક હિતનાં કાર્યો પણ કરતાં. આ સમગ્ર વ્યવસ્થા જાળવનાર અધિકારી **"પૌર-વ્યાવહારિક"** (નાગરક) કહેવાતો. પાટલીપુત્ર સિવાય રાજ્યના અન્ય નગરોમાં પણ આવી વ્યવસ્થા હોવાનો સંભવ છે. ટૂંકમાં ચંદ્રગુપ્તની નગરના વહીવટ અંગેની યોજના તેની મૌલિકતા માટે ભારતીય ઇતિહાસમાં અદ્વિતીય સ્થાન ધરાવે છે.

ઉપરોક્ત વિવરણ પરથી સ્પષ્ટ થાય છે કે ચંદ્રગુપ્ત મૌર્યની શાસન વ્યવથા આધુનિક યુગના રાજ્યોની શાસન વ્યવસ્થાથી કોઈપણ રીતે ઉતરતી કક્ષાની નહોતી. **(ડૉ. પી. સરન)**

क. અવસાન : ચંદ્રગુપ્તના અંતિમ જીવન વિષે ચોક્કસ માહિતી મળતી નથી. જૈન પરંપરા મુજબ તેણે અંતિમ વર્ષોમાં ભદ્રબાહુ નામના જૈનાચાર્યના હસ્તે જૈનધર્મનો અંગીકાર કર્યો અને પોતાના પુત્ર બિંદુસારને રાજ્યગાદી સોંપીને પાછલી જીંદગી મૈસુરમાં આવેલ 'શ્રવણ-બેલગોલા'માં સાથે વિતાવી હતી. ભદ્રબાહુના અવસાન બાદ તેણે અનશનવ્રત કરીને દેહત્યાગ કર્યો હતો. (ઈ. સ. પૂર્વે ૨૯૮) આ અંગે મૈસુર પાસેના ઈ. સ. ૯૦૦ના લેખના વિવરણના આધારે કહી શકાય કે દક્ષિણ પ્રદેશની ચંદ્રગિરિ ટેકરી ઉપરથી ચંદ્રગુપ્ત મૌર્ય અને ભદ્રબાહુ બંનેના પગલાનાં ચિહ્નો અંકિત થયેલાં હતાં. વળી જ્યાં ચંદ્રગુપ્ત રહ્યો તે ટેકરી આજે 'ચંદ્રગિરિ' તરીકે ઓળખાય છે. આ ટેકરી પર 'ભદ્રબાહુ' નામની ટેકરી અને 'ચંદ્રગુપ્ત બસ્તી' નામનું મંદિર છે, જે ચંદ્રગુપ્તે બંધાવ્યુ હતું.[૧૫]

ड. ઇતિહાસમાં સ્થાન (સિદ્ધિઓનું મૂલ્યાંકન) : ચંદ્રગુપ્ત મૌર્ય

---

१५. डॉ. राधाकुमुद मुकर्जी; चांद्रगुप्त मौर्य और उसका काल.

પ્રાચીન ભારતના ઇતિહાસમાં અદ્વિતીય સ્થાન ધરાવે છે. તે ઉચ્ચકક્ષાનો સૈનિક, રાજનીતિજ્ઞ અને વહીવટકર્તા હતો[૧૬]

તે ભારતનો **પ્રથમ ઐતિહાસિક સમ્રાટ** હતો, કારણકે તેના આગમન સાથે જ ઐતિહાસિક કાલક્રમ સ્પષ્ટ બન્યો અને ઐતિહાસિક યુગના શ્રીગણેશ મંડાયા. ભારતના ઇતિહાસમાં તે પ્રથમ સમ્રાટ હતો, જેની ઐતિહાસિકતા કાળક્રમના સંગીન પાયા પર સ્થાપિત કરી શકાય તેમ હતી. ડૉ. સ્મીથે યોગ્ય જ કહ્યું છે કે તે ચુસ્તપણે પ્રથમ ઐતિહાસિક સમ્રાટ હતો, જેને યોગ્ય રીતે જ હિંદના સમ્રાટ તરીકે વર્ણવી શકાય[૧૭]

તે **અદ્વિતીય સામ્રાજ્ય-નિર્માતા** હતો. તેણે ઉત્તર ભારતનાં નાનાં નાનાં રાજ્યોને વિદેશી આધિપત્યમાંથી મુકત કર્યાં અને તેમના પર પોતાનું પ્રભુત્વ સ્થાપીને એક વિશાળ સામ્રાજ્યનો પાયો નાખ્યો. વિશ્વના મહાન સામ્રાજ્ય-નિર્માતાઓમાં પણ તેની ગણના થાય છે.

તે ભારતનો **પ્રથમ રાષ્ટ્ર-નિર્માતા** હતો. એક રાષ્ટ્ર-નિર્માતા તરીકે તેણે તેના સમયના અનેક નાનાં નાનાં રાજ્યોને એકત્ર કરીને પોતાની છત્રછાયા હેઠળ મૂકયાં, અને એ રીતે દેશમાં એકતા સ્થાપી. આમ 'તે ભારતનો પ્રથમ રાષ્ટ્રીય-સમ્રાટ હતો, કારણ કે તેણે સમગ્ર ભારતને એકચક્રીય શાસન નીચે આણ્યું અને સમગ્ર દેશમાં સુંદર શાસન-વ્યવસ્થા સ્થાપી.'

તે **કુશળ વહીવટકર્તા અને વ્યવસ્થાપક** હતો. તેણે જેટલા કડક સાથે સામ્રાજ્યનું સર્જન કર્યું તેટલા સખત હાથે તેણે રાજ્યનું સંચાલન પણ કર્યું. ચાણકયની બુદ્ધિથી તેણે કાર્યક્ષમ વહીવટીતંત્ર ઊભું કર્યું હતું. તેણે ઘણી જ કુશળતાપૂર્વક સમગ્ર સામ્રાજ્યનો વહીવટ ચલાવ્યો. તેની વ્યવસ્થા શકિતનો અનુભવ તેણે કરેલી મધ્યસ્થ વ્યવસ્થા, લશ્કરી વ્યવસ્થા અને નગર વ્યવસ્થામાં થાય છે. તેની શાસન વ્યવસ્થા એટલી તો સુવ્યવસ્થિત હતી કે તેનાં ઘણાં તત્ત્વો આધુનિક યુગના સભ્યરાજ્યોની શાસનવ્યવસ્થામાં એક યા બીજા પ્રકારે દષ્ટિગોચર થાય છે, અને એ તેની ખૂબી છે. તેણે લશ્કરમાં નૌકાદળ અને પૂરવઠા વિભાગની રચના કરીને પોતાની પ્રતિભાનાં દર્શન કરાવ્યાં છે. વહીવટકર્તા તરીકે તે બાબર કરતાં ચઢિયાતો હતો, કારણ કે વિજેતા બાબરે મોગલ સામ્રાજ્યની સ્થાપના કરી પરંતુ જીતેલા મુલકોની વ્યવસ્થા કરવામાં તે નિષ્ફળ નિવડયો, જ્યારે ચંદ્રગુપ્ત ઉપર દર્શાવ્યું તેમ રચનાત્મક પ્રતિભા પણ ધરાવતો હતો, જેનો

૧૬. Prof. N. N. Ghosh : E. H. I., p. 136.
૧૭. Dr. Smith : Oxford History of India, p. 47.

બાબરમાં અભાવ હતો. આમ તે વિજેતા તરીકે જેટલો મહાન હતો તેટલો જ તે વ્યવસ્થાપક તરીકે પણ મહાન હતો.[૧૮]

તે પ્રજાપાલક અને પ્રજાપ્રેમી રાજવી હતો. તેના હૈયે પ્રજાનું હિત વસ્યું હતું. તેણે ખેતીને માટે જૂનાગઢ નજીક સુદર્શન તળાવ બંધાવ્યું, જે હકીકત પૂરવાર કરે છે કે તેને સાર્વજનિક કાર્યોમાં રસ હતો.[૧૯] તેણે દુષ્કાળ પીડિતો તેમજ ગરીબોને સહાય કરવા અને પ્રજાનું સ્વાસ્થ્ય સુધારવા યોગ્ય પગલાં લીધાં હતાં. આથી તે એક સ્વેચ્છાચારી અને પ્રજાપીડક સમ્રાટ હતો એવું ડૉ. સ્મીથનું મંતવ્ય ભ્રામક છે.

તે ન્યાયી રાજવી હતો. ન્યાય આપવામાં તે તટસ્થ હતો. તે પોતે રાજદરબારમાં બેસીને પ્રજાની ફરિયાદો સાંભળીને તેનો નિકાલ લાવતો. તેનું વિદેશીકન્યા સાથેનું લગ્ન એ તેના દિલની મહાનતા અને ઉદારતાનું એક જ્વલંત ઉદાહરણ છે.

ટૂંકમાં મૌર્યસામ્રાજ્યના સ્થાપક એવા ચંદ્રગુપ્ત સિવાય અન્ય કોઈ ભારતીય રાજવી આટલી ભવ્ય રાજકીય સિદ્ધિઓ માટે દાવો કરી શકે તેમ નથી.[૨૦] ઐતિહાસિક સમ્રાટ, સામ્રાજ્ય-નિર્માતા, રાષ્ટ્રીય રાજવી, અદ્વિતીય સેનાપતિ, કુશળ વહીવટકર્તા, પ્રજાપાલક અને તટસ્થ રાજવી તરીકે ચંદ્રગુપ્તમૌર્ય પ્રાચીન ભારતના ઇતિહાસમાં અદ્વિતીય સ્થાન ધરાવે છે.

૪. અશોક : કારકિર્દી અને સિદ્ધિઓ

અ. પૂર્વજીવન – ભારતમાં જ નહિ પરંતુ આખા વિશ્વના ઇતિહાસમાં સમ્રાટ અશોકનું નામ અમર છે; છતાં ય તેના પૂર્વજીવન વિષે ઘણી ઓછી માહિતી મળે છે. બૌદ્ધગ્રંથો અને શિલાલેખોમાં જણાવ્યા પ્રમાણે રાજ્યગાદીએ આવતાં પહેલાં તે તેના પિતા બિંદુસારના સમયમાં પ્રથમ ઉજ્જૈન અને પછી તક્ષશિલાનો સૂબો હતો. આમ પહેલેથી જ તેને રાજ્યવહીવટનો સારો અનુભવ હતો.

બ. રાજગાદીની પ્રાપ્તિ અને રાજ્યાભિષેક – અશોકના પિતા બિંદુસારનું ઈ. સ. પૂર્વે ૨૭૩માં અવસાન થયું અને ચાર વર્ષ બાદ ઈ. સ. પૂર્વે ૨૬૯માં અશોકનો રાજ્યાભિષેક થયો. આમ ચાર વર્ષ મોડા થયેલા તેના રાજ્યાભિષેકના પ્રશ્ને ઇતિહાસકારોમાં ભારે વાદવિવાદ ઉપસ્થિત કર્યો છે.

---

૧૮. Dr. B. G. Gokhale : Ancient India, p. 39.

૧૯. H. H. Dodwell (Edited) : C. S. H. I., p. 27.

૨૦. Dr. B. G. Gokhale : A. I., p. 39.

સિલોનની દંતકથાઓના જણાવ્યા પ્રમાણે અશોક બિંદુસારનો મોટો પુત્ર ન હતો; એટલે તેને પોતાના ઓરમાન મોટાભાઇ સુશીમ તેમજ અન્ય ભાઇઓ સાથે ગાદી મેળવવા માટે વારસા યુદ્ધ કરવું પડયું, જેમાં તેણે પોતાના મંત્રી રાધાગુપ્તની મદદથી સૌથી નાના ભાઈ તિષ્ય સિવાયના બાકીના ૯૯ ભાઈઓનો ઘાત કરીને ગાદી મેળવી હતી, એટલે સ્વાભાવિક છે બિંદુસારના અવસાન બાદ ગાદી વારસના યુદ્ધમાં ચાર વર્ષ પસાર થઈ ગયાં, પરિણામે ગાદીએ આવ્યા બાદ ચાર વર્ષ મોડો તેનો રાજ્યાભિષેક થયો. ડૉ. સ્મીથ પણ એટલું તો સ્વીકારે છે ગાદી માટે અશોકને મોટાભાઇ સાથે સંઘર્ષ થયો હતો પરંતુ ૯૯ ભાઈઓની હત્યાની વાત સ્વીકારતા નથી. ડૉ. ભાંડારકાર પણ સિલોની દંતકથાઓનું ખંડન કરીને સ્મીથના મંતવ્યને અનુમોદન આપે છે. અશોકના અભિલેખો પરથી પણ જણાય છે કે તેણે પોતાના ભાઈઓ અને અન્ય કુટુંબીજનો સાથે સ્નેહાળ વર્તાવ રાખ્યો હતો, એટલે સિલોની દંતકથાઓનાં વિધાન અભિલેખોના વિવરણથી અસત્ય ઠરે છે.

ડૉ. **જયસ્વાલ** એવું મંતવ્ય ધરાવે છે કે પ્રાચીન પરંપરા મુજબ રાજ્યાભિષેકની ક્રિયા ૨૫ વર્ષની ઉંમર પહેલાં થઈ શકે નહીં. સંભવિત છે કે બિંદુસારના અવસાન સમયે અશોકની ઉંમર ૨૫ વર્ષથી ઓછી હોય એટલે તેના રાજ્યાભિષેકની ક્રિયા ગાદીપ્રાપ્તિ પછી ત્રણ–ચાર વર્ષ બાદ થઈ હશે. જયસ્વાલના આ મંતવ્યનો વિરોધ કરતાં ડૉ. **રાયચૌધરી** લખે છે કે મહાભારતમાં 'વિચિત્રવીર્ય'નો રાજ્યાભિષેક બાલ્યાકાળમાં થયો હતો. એટલે જયસ્વાલનો અભિપ્રાય પ્રમાણિત કરતો નથી. ટૂંકમાં ડો. **સ્મીથનું** કથન સત્ય માલૂમ પડે છે કે અશોકના શાસનકાળનાં પ્રથમ ચાર વર્ષ અંધકારમય અને વિવાદસ્પદ હતાં અને એ સમયના ઇતિહાસનું અન્વેષણ કરવું નિરર્થક છે.

क. રાજકીય કારકિર્દી અને સિદ્ધિઓ : અશોકના રાજ્યાભિષેક થયા પછીનાં આઠ વર્ષો વિષે ખાસ માહિતી મળતી નથી. આ સમય દરમિયાન તેણે પોતાના પુરોગામીઓની વિસ્તારવાદની નીતિ ચાલું રાખી હતી;૨૧ પરદેશી સત્તાઓ સાથે મૈત્રીભર્યા સંબંધો જાળવી રાખ્યા હતા અને ત્યાં દૂતો (શુભેચ્છકો) મોકલ્યા હતા. ટૂંકમાં આ વર્ષો દરમિયાન He was aggressive at home but pacifist abroad.

*** પરદેશનીતિ :**

(૧) કલિંગનું યુદ્ધ : કલિંગ યુદ્ધ એ અશોકના શાસનકાળનો સૌથી

૨૧. Dr. Majumdar & others : Advanced History of India, P. 104.

[illegible] ગણાય છે. નંદરાજાઓના સમયમાં કલિંગ મગધના સામ્રાજ્યનો એક ભાગ હતો, ત્યારબાદ તે મગધથી સ્વતંત્ર બન્યું. તેની મજબૂત ભૌગોલિક પરિસ્થિતિને લીધે કલિંગ પોતાની સ્વાધીનતા ટકાવી શક્યું હતું. અશોકને કલિંગની આ સ્વાધીનતા ખટકતી હતી. તેને ફરીથી મગધની સત્તા હેઠળ લાવવા અશોકે તેના ઉપર આક્રમણ કર્યું. યુદ્ધમાં અશોકની જીત થઈ પણ ખૂનખાર લડાઈ પછી. આ યુદ્ધમાં આશરે એક લાખ માણસો મરાયા, અને લગભગ દોઢલાખ માણસો ઘાયલ થયા. ડૉ. આર. કે. મુકર્જી લખે છે કે 'યુદ્ધના આ ભયંકર નરસંહારથી તેને અસીમ વેદના ગઈ. અશોકનું મન પશ્ચાત્તાપથી એટલું ભરાઈ આવ્યુ કે તેણે હમેશ માટે યુદ્ધને તિલાંજલિ આપી દઈને અહિંસાનો ધર્મ ગ્રહણ કર્યો'[૨૨] આમ તેણે શસ્ત્ર–સંન્યાસ લીધો અને શસ્ત્રો છોડી શાસ્ત્રો ધારણ કર્યા તથા બૌદ્ધ સાધુ ઉપગુપ્તના ઉપદેશથી તેણે બૌદ્ધધર્મ અંગીકાર કર્યો.

પરિણામની દૃષ્ટિએ કલિંગનું યુદ્ધ પરિવર્તનકારી હતું. કલિંગના યુધ્ધે અશોકના જીવનમાં નવો વળાંક આણ્યો. કલિંગનું યુદ્ધ એ અશોકના જીવનનું પહેલું અને છેલ્લું યુદ્ધ હતું.[૨૩] તેણે સૈનિક વિજયનો પરિત્યાગ; પરાજય બાદ નહીં પરંતુ વિજય બાદ કર્યો, એ ઇતિહાસને એક અપૂર્વ બનાવે છે. આ યુદ્ધ બાદ અશોકની ધર્મનીતિ, આંતરિકનીતિ અને પરદેશનીતિમાં પણ મહાન પરિવર્તન થયું. તેણે જાહેર કર્યું કે સાચો વિજય તો ધર્મદ્વારા થયેલો હોવો જોઈએ, નહિ કે યુદ્ધો દ્વારા. આ યુદ્ધ બાદ તે 'સમ્રાટ અશોક'માંથી 'સંત અશોક' બન્યો અને આખા સામ્રાજ્યમાં ભેરીઘોષને બદલે ધર્મઘોષનો ધ્વનિ સંભળાતો શરૂ થયો. ટૂંકમાં આ યુદ્ધને પરિણામે The promising warrior had turned into a practising moralist.[૨૪]

(૨) પરરાજ્યો સાથેના સંબંધો : કલિંગના યુદ્ધ પછી તેની પરરાજ્યનીતિમાં પણ ભારે પરિવર્તન આવ્યું. તેણે હવે યુદ્ધો બંધ કર્યા અને પરરાજ્યો સાથે મિત્રાચારી સંબંધો વિકસાવ્યા. તેણે ભારતની વાયવ્યસરહદ પર આવેલાં ગ્રીક રાજ્યો સાથે મૈત્રીભર્યા સંબંધો વિકસાવ્યા. તેણે દક્ષિણનાં ચોલ, પાંડ્ય, કેરલ સત્યપુત્ર વગેરે રાજ્યો સાથે પણ મૈત્રીભર્યા સંબંધો બાંધ્યા.

---

૨૨. डॉ. राधाकुमुद मुकर्जी : प्राचीनभारत, पृ. ६५.

૨૩. કવિ કલ્હણના 'રાજતરંગિણી'ના વિવરણ મુજબ અશોકે કાશ્મીર પર પણ વિજય મેળવ્યો હતો.

૨૪. B. G. Gokhle : op. cit., P. 41

એટલું જ નહિ પરંતુ ત્યાંની પ્રજાની, ભૌતિક, આધ્યાત્મિક અને નૈતિક, પ્રગતિ માટે પણ એટલા જ પ્રયાસો કર્યા.

આમ અશોકે પોતાના પુરોગામીઓની સામ્રાજ્ય વિસ્તારવાદની નીતિનો ત્યાગ કરીને જીવનમાં અહિંસક નીતિ (શાંતિમયનીતિ)ને પ્રાધ્યાન્ય આપ્યું હતું. છતાં પણ રાજ્ય ચલાવવામાં અમુક હિંસા અનિવાર્ય છે એ હકીકત તેની નજર બહાર ન હતી. તેથી તો તેણે જંગલી જાતિઓના સરદારોને ચેતવણી આપી હતી કે તે પોતે ક્ષમા આપવા હંમેશાં તૈયાર હતો. પરંતુ જો તેઓ હિંસાનો આશરો લેશે તો તે ચલાવી લેશે નહીં અને તેમને કડક શિક્ષા કરવામાં–તેમનો પ્રાણ લેવામાં–પણ આવશે.[૨૫]

તેનું સામ્રાજ્ય ઉત્તરે હિંદુકુશથી દક્ષિણે મૈસુર સુધી અને પશ્ચિમે સૌરાષ્ટ્રથી પૂર્વે બંગાળ સુધી ફેલાયલું હતું.

*** આંતરિક નીતિ :**

(૧) શાસનનીતિ (વહીવટીતંત્ર) **: અશોકની શાસન વ્યવસ્થા મૂળભૂત રીતે તો તેના પિતામહ ચંદ્રગુપ્ત મૌર્યની શાસન વ્યવસ્થા પર આધારિત હતી, પરંતુ અશોકે પોતાના નૈતિક અને મંગલકારી આદર્શોને અમલમાં મૂકવા માટે તેમાં આવશ્યક સુધારાવધારા કર્યા. તેની શાસનવ્યવસ્થા નીચે પ્રમાણે હતી.**

(ક) રાજાશાહીનો સિદ્ધાંત : અશોક આપખુદ રાજાશાહીમાં માનતો હોવા છતાં તેણે ઉપકારક, અને લોકહિતકારક રાજાશાહીનો આદર્શ પૂરો પાડયો. તે સમ્રાટમાંથી સંત બન્યો છતાંય એક રાજા તરીકેની પોતાની ફરજોનો તે સતત ખ્યાલ રાખતો. તે પોતે કહેતો કે, "બધા માણસો મારાં બાળકો છે, અને જે રીતે હું મારા બાળકોની બાબતમાં ઝંખના કરૂં કરું કે તેઓ આ દુનિયામાં અને આવતી દુનિયામાં સમૃદ્ધિ અને સુખ મેળવે, તે જ રીતે હું બધા માણસો માટે આ પ્રકારની ઝંખના કરું." તે પોતાના શિલાલેખમાં લખે છે કે પ્રજાકલ્યાણથી અધિક અન્ય કોઈ કર્તવ્ય નથી. તે પ્રજાનો સેવક હતો. પ્રજાના હિત અને સુખ સગવડ માટે તેને રાજૂક (રજ્જૂક) નામનો અધિકારી નીમ્યો હતો. પ્રજાના હિતમાં કાર્યો કરવાની તેની સજાગતા અને આતુરતા તેના ચોથા શિલાલેખમાં આ રીતે છતી થાય છે "રાજા પ્રિયદર્શીનું આ કહેવું છે : ભૂતકાળમાં ફરિયાદો સાંભળવાનું

૨૫. Was Ashok an unqualified pacific ? See A. L. Basham. The wonder that was India, PP. 54–55.

અને તેનો નિકાલ કરવાનું કાંઈ બધો વખત ચાલતું ન હતું. હવે નીચે મુજબ કર્યું છે : ગમે તે ક્ષણે–હું ભોજન લેતો હોઉં, આરામમાં હોઉં, અંતઃપુરમાં હોઉં, શયનગૃહમાં કે ઉદ્યાનમાં હોઉં, બધે જ સ્થળે પ્રજાનાં સુખદુઃખ જાણવા માટે નિયુક્ત અધિકારીઓ આવી શકે છે અને હું દરેક જગ્યાએ પ્રજાનું કાર્ય કરવા તૈયાર હોઉં છું. ભલું કરવું તે મારો ધર્મ છે અને યોગ્ય ને તત્કાલ ન્યાયદાન તે પ્રજાસેવાના મૂળમાં છે. મારા પ્રયત્નો મૂળ પ્રજાના ઋણમાંથી મુક્ત થવામાં છે" આમ તે પ્રજા માટે જે કંઈ કરે છે તે પ્રજા પર ઉપકાર ચડાવવા માટે નથી કરતો, પરંતુ પ્રજાનું ભલું કરવું એ રાજાની પવિત્ર ફરજ છે અને એ પવિત્ર ફરજમાંથી ઋણમુક્ત થવા માટે રાજા પ્રજા કલ્યાણનાં કાર્યો કરી રહ્યો છે. જેથી પ્રજાને આ દુનિયામાં અને પરલોકમાં પણ સુખ શાંતિ અને સમૃદ્ધિ મળે. આ પ્રમાણે તેની 'પ્રજા પ્રત્યેની' ફરજો અને જવાબદારીનો તેનો આદર્શ તથા એ આદર્શને આચારણમાં મૂકવા માટેની તેની તમન્ના તથા તેમાં તેને મળેલી સફળતા એ બધું તેને પ્રાચીન કે અર્વાચીન દુનિયામાં સૌથી મહાન રાજવી કહેવા પ્રેરે તેમ છે. આ હતો અશોકની સરકારનો કલ્યાણકારી સિદ્ધાંત, જેણે સ્વેચ્છાચારી અને નિરંકુશ શાસન પ્રણાલીને ઉદાર અને કલ્યાણકારી શાસનવ્યવસ્થામાં પરિવર્તિત કરી દીધી.

[ખ] કેન્દ્રીય શાસનવ્યવસ્થા–કેન્દ્રમાં રાજા સર્વોપરી હતો. તે મંત્રીમંડળની સલાહ મુજબ વહીવટ ચલાવતો અને પતિવેદકો (રાજાના ખાનગી મંત્રીઓ) નામના ખાસ અધિકારીઓની સહાયથી તે વહીવટ કાર્ય પર સામાન્ય દેખરેખ રાખતો.[૨૬] તેના સમયમાં 'રાધાગુપ્ત' મંત્રીમંડળનો મુખ્યમંત્રી હતો.[૨૭]

(ગ) પ્રાંતિય શાસનવ્યવસ્થા–તેણે વહીવટી સરળતા ખાતર પોતાના સામ્રાજ્યને ચાર મુખ્ય પ્રાંતો–(૧) ઉત્તરાપથ (રાજધાની તક્ષશિલા), (૨) કલિંગ (રાજધાની તોસલી), (૩) અવન્તી (રાજધાની ઉજ્જૈન) અને દક્ષિણાપથ (રાજધાની સુવર્ણગિરિ)–માં વહેંચી નાખ્યું હતું. પ્રાંતના સુબા તરીકે રાજકુમારો નીમવામાં આવતા. સૌરાષ્ટ્ર (રાજધાની ગિરિનગર) પણ તેના સામ્રાજ્યનો અગત્યનો પ્રાંત હતો, જેનો સુબો 'તુશાષ્ય' નામે પરદેશી યવન હતો.[૨૮]

---

૨૬. Dr. R. K. Mookerji : Asoka, p. 55.
૨૭. The Age of Imperial Unity, p. 79.
૨૮. Ibid, p. 79.

(ઘ) મુખ્ય અધિકારીઓ – અશોકના સમયના મુખ્ય અધિકારીઓ નીચે પ્રમાણે હતા :

૧. ધર્મમહામાત્રો – તેઓ પ્રજામાં ધર્મ, સદાચાર વગેરેનો પ્રચાર કરી પ્રજાનું નીતિમત્તાનું ધોરણ ઊંચું લાવવાનું કાર્ય કરતા. તેમના મદદનીશો તરીકે ધર્મયુકતો હતા. શાહીજનાનાની સ્ત્રીઓના સદાચાર પર દેખરેખ રાખવા 'સ્ત્રીધ્યક્ષ મહામાત્ર'ની નિમણૂક કરવામાં આવતી.

૨. રાજૂક – પ્રાંતના સુબાથી નીચા દરજ્જાના એવા રાજૂક નામના અધિકારીઓ પ્રજાનાં સુખદુઃખ જાણીને જરૂરી પગલાં લેતા, કેદીઓ પ્રત્યે માયાળુ વર્તાવ દાખવતા. રાજૂકો સન્માન અને દંડ અંગે પૂર્ણ સત્તા ભોગવતા; તેમને રથિક અને યુકત સહાય કરતા.

૩. પ્રાદેશિક (જિલ્લા અધિકારી) – તે પોતાના વિસ્તારમાંથી મહેસુલ ઉઘરાવતો, શાંતવ્યવસ્થા જાળવતો અને ન્યાયવિષયક કાર્ય પણ કરતો.[૨૯]

૪. પતિવેદક – તે જાસૂસ ખાતાનો વડો હતો, જેની મદદથી અશોક વહીવટી કાર્યો પર સામાન્ય દેખરેખ રાખતો.

૫. ગનન – તે હિસાબખાતાનો અધિકારી હતો.

૬. પાલિકલેશમ – તે અયોગ્ય સતામણી સામે અંકુશ રાખતો.

૭. અંતમહામાત્ર – તે સામ્રાજ્યની સરહદોની દેખરેખ રાખતો.[૩૦]

૮. વ્રજભૂમિકા (વ્રચ ભૂમિકા) – તે જાહેર બાગબગીચા, વૃક્ષો, કૂવા, મુસાફરખાનાં, રસ્તાઓ, પ્રાણીઓ વગેરે પર દેખરેખ રાખતો.

(ચ) વહીવટી સુધારા : પોતે અપનાવેલ મંગલકારી રાજત્વના સિદ્ધાંત મુજબ અશોક માનતો કે પ્રજાનું ભલુ કરવું એ રાજાની પવિત્ર ફરજ છે, એટલે તેણે પોતાના પુરોગામીઓની શાસન વ્યવસ્થામાં નીચે મુજબના આવશ્યક સુધારા કર્યા.

(૧) ધર્મમહામાત્રોની નિમણૂક : તેઓ સમગ્ર સામ્રાજ્યની પ્રજાની ભૌતિક અને આધ્યાત્મિક પ્રગતિ માટે પ્રયાસ કરતા.

(૨) અધિકારીઓને આપેલ આદેશ : દર પાંચ કે ત્રણ વર્ષને અંતે અશોક રાજ્યના અધિકારીઓ (રાજૂક, પ્રાદેશિક, યુકત)ને રાજ્યનું

---

૨૯. डा. डी. आर. भंडारकर : अशोक, पृ. ४८–४९.

૩૦. ડૉ. ભાંડારકર જણાવે છે કે અંતમહામાત્ર એ સીમાન્ત પ્રદેશોનો અધ્યક્ષ ન હતો. પરંતુ અશોકે પડોશી રાજ્યોમાં ધર્મપ્રચાર માટે મોકલેલો અધિકારી હતો. એજ. પૃ. ૫૨.

નિરીક્ષણ કરવા માટે આદેશ આપતો હતો, જેથી તેઓ ગામડાની પ્રજાના સંપર્કમાં આવીને તેમની આર્થિક, સામાજિક, અને ધાર્મિક સમસ્યાઓનું અધ્યયન દ્વારા નિવારણ કરી શકે.

(૩) **'વ્યુષ્ટ' નામના અધિકારીની નિમણૂક** : રાજ્યના રોજ-બરોજના નિરીક્ષણ માટે અશોકે વ્યુષ્ટ (વિવુથ) નામના અધિકારીની નિમણૂક કરી હતી.

(૪) **પતિવેદકની નિયુક્તિ** : તે રાજ્યના જાસુસ ખાતાનો ઉપરી હતો. જે રાજ્યના વહીવટી કાર્યો પર સામાન્ય દેખરેખ રાખતો તેમજ પ્રજા-હિતને લગતાં મહત્ત્વનાં કાર્યોથી અશોકને વાકેફ રાખતો.

(૫) **રાજૂકને સોંપેલ સન્માન અને દંડની સત્તા** : અશોકે 'રાજૂક' નામના અધિકારીને સન્માન અને દંડને લગતી સત્તાઓ સોંપી, જેથી તે વિશ્વાસપૂર્વક અને ડર્યા વિના પોતાની ફરજો બજાવી શકે. આ રીતે તેણે ન્યાયતંત્રમાં રહેલી ત્રુટિઓ દૂર કરી.

(૬) **કેદીઓની મુક્તિ** : અશોકે દર વર્ષે પોતાના રાજ્યાભિષેકના દિવસે કેદીઓને મુક્ત કરવાની નીતિ અખત્યાર કરી તેમજ દેહાંતદંડની સજા પામેલ કેદીઓને મૃત્યુદંડ આપતાં પહેલાં ત્રણ દિનની છૂટ આપવામાં આવતી, જેથી તેઓ પ્રાયશ્ચિત કરી શકે તેમજ સગાંસંબંધીને મળી શકે કે દાન-ધર્મ કરી શકે. આમ તેણે દેહાંતદંડની સજામાં થોડા સુધારા કર્યા પરંતુ તેને નાબૂદ તો નહોતી કરી.[૩૧]

૭. **નૈતિક અને આધ્યાત્મિક ઉત્થાન માટે પ્રયાસો** : અશોક પોતાની પ્રજાની માત્ર ભૌતિક ઉન્નતિ ઇચ્છતો હતો એટલું જ નહિ પરંતુ તેમની નૈતિક અને આધ્યાત્મિક ઉન્નતિનો પણ હિમાયતી હતો. તેણે રાજ્યના કર્મચારીઓને આદેશ આપ્યો કે તેઓ શાસનકાર્યની સાથે સાથે પ્રજાની નૈતિક અને આધ્યાત્મિક ઉન્નતિના કાર્યક્રમમાં પણ સાથ આપે. આ ઉદ્દેશથી તેણે રાજ્યભરમાંથી મૃગયાવિહાર બંધ કરાવ્યો, ચોક્કસ પશુઓનું માંસ ખાવાનું બંધ કર્યું, માંસ-માદરાનો ત્યાગ કર્યો, તથા પ્રજાને તહેવારોને દિવસોએ માંસ-મદિરા તથા માછલી નહિ લેવાનો અનુરોધ કર્યો, જુગારી-મેળાઓ અને નાચ-ગાનના ઉત્સવો બંધ કરાવ્યા અને તેને બદલે ધર્મપ્રચાર અર્થે ધર્મપ્રવાસો યોજ્યા અને યજ્ઞ માટે થતી હિંસા બંધ કરાવી, તેના રાજદરબારના

૩૧. The Age of Imperial unity; PP. 85-86 તથા Dr. A. L. Basham : op. cit., P. 55.

રસોડામાં પહેલાં હજારો પશુ-પંખીઓની હિંસા થતી, હવેથી અશોકે રસોડામાં બે મોર અને એક હરણનો જ ભોજન માટે વધ કરવાનું ફરમાવ્યું અને તે પણ ભવિષ્યમાં બંધ કરવાનું નક્કી કરવામાં આવ્યું. ખરેખર ભારતના જ નહિ પરંતુ વિશ્વઇતિહાસમાં પણ એવો કોઈ સમ્રાટ થયો નથી જેણે પશુનિષેધ માટે પ્રયાસો કર્યા હોય.

૮. લોકકલ્યાણનાં કાર્યો – અશોકે પોતાના અભિલેખોમાં લોકકલ્યાણ અને માનવસુખ માટે કરેલા કાર્યોની વિગતો આપી છે. શિલાલેખ નં. ૨ માં જણાવ્યા મુજબ તેણે મનુષ્યો અને પ્રાણીઓના દર્દોના નિવારણ માટે ઠેર ઠેર દવાખાનાંઓ બંધાવ્યાં. તેણે પોતાના સામ્રાજ્યના વિવિધ ભાગોમાં જ નહિ પરંતુ ચોલ, પાંડય, કેરલ, સિલોન, ગ્રીસ વગેરે રાજ્યોમાં પણ પશુઓ તેમજ માનવો માટે દવાખાનાં બંધાવ્યાં.[૩૨] આ દવાખાનાં માટે તેણે દેશપરદેશથી અમૂલ્ય ઔષધો અને વનસ્પતિ મંગાવ્યાં, તેમજ દવાખાનામાં દવાઓ અને સારવાર માટે યોગ્ય વ્યવસ્થા કરી હતી. આ રીતે આજથી બાવીસો વર્ષ પહેલાં માનવ અને પશુઓ માટે પોતાના અને પડોશી રાજ્યમાં પણ દવાખાનાં બંધાવનાર અશોક કદાચ વિશ્વનો પ્રથમ રાજવી હતો.

તેણે મુસાફરો માટે ઠેર ઠેર આરામગૃહો બંધાવ્યાં. આ આરામગૃહોમાં તેણે ખોરાક, પાણી અને વૈદકીય સારવાર માટેની જોગવાઈ કરી હતી. સ્તંભલેખ નં. ૮ ના વિવરણ મુજબ તેણે રસ્તાઓ બંધાવી તેના ઉપર અમુક અંતરે વડ અને આંબાનાં ઝાડો રોપાવ્યાં, દરેક અડધા કોસને અંતરે કૂવાઓ ખોદાવ્યા તેમજ લોકો અને પશુઓ માટે ઠેર ઠેર પાણીની વ્યવસ્થા કરી. એટલે તો **પ્રો. નીલકંઠ શાસ્ત્રી** અશોકને **'સર્વોત્તમ અને ક્રિયાશીલ માનવતાવાદી'** (Supreme & active humanist) કહે છે.[૩૩] તેનાં આ માનવતાવાદી કાર્યોએ તેને ભારતના ઇતિહાસમાં અમર સ્થાન અપાવ્યું છે. ટૂંકમાં અશોકના રાજ્યને એક કલ્યાણકારી રાજ્ય (Welfare State) તરીકે ઓળખાવી શકાય.

(૨) ધર્મનીતિ–(ધર્મભાવના) : કલિંગના યુદ્ધમાં થયેલ ખૂનરેજીથી અશોકનું મન પશ્ચાત્તાપથી એટલું ભરાઈ આવ્યું કે તેણે હંમેશને માટે શસ્ત્ર–

---

૩૨. આજે પણ અમદાવાદ અને સુરત ખાતે હયાતી ધરાવતાં પશુ-ચિકિત્સાલયો એ અશોકે બંધાવેલ સંસ્થાઓના અવશેષો કે નમૂના છે. Dr. Smith : E. H. I., p. 192.

૩૩. K. A. Nilkanta Sastri : History of India, P. 67.

સંન્યાસ લીધો અને શસ્ત્રો છોડી શાસ્ત્રો ધારણ કર્યાં, તેમજ બૌદ્ધ સાધુ ઉપગુપ્તના ઉપદેશથી તેણે બૌદ્ધધર્મનો અંગીકાર કર્યો. તેણે કુરુક્ષેત્રને ધર્મ-ક્ષેત્રમાં પલટાવી નાખ્યું. બૌદ્ધધર્મના પ્રચાર અર્થે તેણે (i) ધર્મમહાયાત્રો નીમ્યા, (ii) ધર્મયાત્રાની વ્યવસ્થા કરી, (iii) રાજ્યના અમલદારોને બુદ્ધના નામ સાથે જોડાયેલ પવિત્રધામોની યાત્રા કરવાની સૂચના આપી, (iv) ધાર્મિક પ્રદર્શનો ગોઠવ્યાં, (v) પાટલીપુત્રમાં બૌદ્ધાચાર્ય **'મોગલીપુત્ર તિસ્સા'**ના પ્રમુખપદે ત્રીજી ધર્મપરિષદ (સંગીતિ) બોલાવી, (v.) અભિલેખોમાં ધર્મના સિદ્ધાંતો કોતરાવ્યા, (vii) અનેક લોકહિતનાં કાર્યો કર્યાં અને (viii) ચીન, જાપાન, કોરિયા, સિલોન અને અગ્નિ-એશિયાના દેશોમાં ધર્મપ્રચારકો મોકલ્યા. ડૉ. **સ્મીથ**ના મતે આ રીતે ધર્મપ્રચારના વ્યાપક અને સુયોજિત પ્રયાસો દ્વારા અશોક ભારતના સ્થાનિક સંપ્રદાયને વિશ્વધર્મમાં પરિવર્તન કરવામાં સફળ થયો.[૩૪]

આમ છતાંય તેની ધાર્મિક દૃષ્ટિ એક ધર્મપૂરતી સંકુચિત ન હતી. પરંતુ વિશ્વવ્યાપી વિશાળ હતી. તે બધા ધર્મો પ્રત્યે સમભાવ રાખતો. પોતે બૌધ્ધધર્મી હોવા છતાં તે બ્રાહ્મણો અને અન્ય શ્રમણોને દાન આપતો, તેણે બૌધ્ધ વિહાર અને મઠોની સાથે જૈન ઉપાશ્રયો અને મંદિરોને પણ મદદ કરી હતી. ટૂંકમાં **'અશોકનો ધર્મ એ સર્વધર્મોનો સાર** છે.' સાચે જ તેને 'મહર્ષિ અશોક' કહેવામાં આવે છે તે યોગ્ય જ છે.

(૩) સ્થાપત્ય-કલાવિષયક નીતિ : તે બાંધકામનો પણ શોખીન હતો. ભવન-નિર્માતા તરીકે તેણે કાશ્મીરમાં 'શ્રીનગર' નામનું નગર તેમજ 'અશોકેશ્વર' નામના બે મંદિરો બંધાવ્યાં. તેણે નેપાળમાં 'લલિતાપટન' નામનું નગર પણ બંધાવ્યું.

પરંતુ સ્થાપત્યક્ષેત્રે તો તે સ્તૂપો, વિહારો અને સ્મારકોના નિર્માતા તરીકે વધુ જાણીતો છે. મહાવંશમાં જણાવ્યા મુજબ તેણે ભારતભરમાં ૮૪ હજાર સ્તૂપો બંધાવ્યા. રાજધાની પાટલીપુત્રની અગ્નિદિશામાં તેણે 'કુકકુટારામ' નામનો મહેલ બંધાવ્યો. તેણે ૪૦થી ૫૦ ફૂટ ઊંચા અને ૪૦-૫૦ ટનના વજનવાળા અનેક સ્તંભો ઊભા કરાવ્યા. આ ઉપરાંત તેણે કુવાઓ, રસ્તાઓ, મુસાફરખાનાં, દવાખાનાં વગેરે બંધાવ્યાં. આ છે અશોકની સ્થાપત્ય ક્ષેત્રે નિર્માતા તરીકેની મહાનતા.

---

૩૪. Dr. Smith E. H. I., P. 197.

ક. રાજકીય કારકિર્દી અને સિદ્ધિઓનું મૂલ્યાંકન (ઇતિહાસમાં સ્થાન મહત્ત્વ) – આ રીતે અશોક ઇતિહાસમાં અદ્વિતીય સ્થાન ધરાવે છે. તે **બાહોશ સેનાપતિ હતો,** જેણે કલિંગ જેવા શક્તિશાળી રાજ્યને જોતજોતામાં ભસ્મીભૂત કરી નાખ્યું. તે **કુશળ વહીવટકર્તા** હતો. તેણે આદરેલા ધર્મપ્રચારના કાર્યમાં જ તેની વ્યવસ્થા શક્તિનાં દર્શન થાય છે. તે મહાન **ધર્મપ્રચારક** અને **સહિષ્ણુતાનો અગ્રદૂત** હતો. તેણે આદરેલ ધર્મપ્રચારના કાર્યને લીધે ગંગા નદીની ખીણમાં જ જેને મહત્ત્વ અપાતું એવા બૌદ્ધધર્મે વિશ્વધર્મનું સ્વરૂપ ધારણ કર્યું અને એ રીતે તે તેના સમયનો જ **'જગદ્‌ગુરુ'** કહેવાયો. આમ વિશ્વધર્મનો પાયો નાખનાર તે કદાચ્ચે ઇતિહાસમાં પહેલો રાજવી હતો. વળી તેણે વિદેશમાં મોકલેલા ધર્મપ્રચારકોએ ત્યાં બૌદ્ધધર્મનો (બૌદ્ધ સંસ્કૃતિનો) ફેલાવો કર્યો અને એ રીતે 'બૃહદ ભારત' નો પાદુર્ભાવ તેના સમયમાં દૃષ્ટિગોચર થાય છે.[૩૫] તે **મહાન રાષ્ટ્ર–નિર્માતા** હતો. તેણે સામ્રાજ્યભરમાં લગભગ એક જ ન્યાય વ્યવસ્થા અને એક રાષ્ટ્રીય ભાષાને પ્રોત્સાહન આપ્યું. સામ્રાજ્યના ચારે છેડેથી મળતા તેના અભિલેખોની ભાષા પરથી પૂરવાર થાય છે કે તે વખતે સારા ભારતમાં એક જ પ્રકારની ભાષાનો ઉપયોગ થતો. તે **પ્રજાપાલક** અને **આદર્શ રાજવી** હતો, જેના હૈયે પ્રજાનુ હિત વસ્યુ હતું. **ભવન–નિર્માતા** તરીકે તે મહાનતા ધરાવતો હતો. તેની સિદ્ધિઓનું સરવૈયું કાઢતાં અને વિશ્વઇતિહાસમાં તેનું સ્થાન આંકતાં ઇતિહાસકાર **એચ. જી.** વેલ્સ કહે છે કે " ઇતિહાસના પાંને જે હજારો ઉદાર, ભવ્ય અને શાંતિપ્રિય રાજાઓની ઠઠ જામે છે, તે બધામાં અશોકનું નામ આખા વ્યોમમાં એક તારાની જેમ ચમકે છે."[૩૬]

૫. અશોકનો ધર્મ
અથવા
અશોકની ધર્મનીતિ

अ. પ્રાસ્તાવિક – ડૉ. **રાયચૌધરી**ના મત મુજબ કલિંગના યુધ્ધે અશોકના જીવનને નવો વળાંક આપ્યો. આ યુદ્ધમાં થયેલ નરસંહારથી તેનું દિલ એટલું ભરાઈ આવ્યું કે તેણે હંમેશ માટે શસ્ત્ર–સંન્યાસ લીધો અને શસ્ત્રો છોડી શાસ્ત્રો ધારણ કર્યાં. તેણે હવે જાહેર કર્યું કે સાચો વિજય તો

---

૩૫. ડૉ, राधाकुमुद मुकर्जी : प्राचीन भारतीय विचार और विभूतियाँ, पृ. १२९.
૩૬. H. G. wells : The outline of world History. p. 400.

ધર્મદ્વારા થયેલો હોવો જોઈએ, નહિ કે યુદ્ધો દ્વારા. આથી તેણે કુરુક્ષેત્રને ધર્મક્ષેત્રમાં પલટાવી નાખવાનું બીડું ઝડપ્યું. આમ The promising warrior had turned into a practising moralist.

જ. અશોકનો ધર્મ (અશોકની ધર્મનીતિ) – અશોકના ધર્મ અંગે વિદ્વાનોમાં ખૂબ મતભેદો પ્રવર્તે છે. તેથી તેના ધર્મને અધ્યયનની સરળતા ખાતર આ પ્રમાણે વહેંચી શકાય: (૧) અશોક અને બૌદ્ધધર્મ અને (૨) અશોક અને માનવધર્મ (વિશ્વધર્મ).

૧. અશોક અને બૌદ્ધધર્મ :

(ક) બૌદ્ધધર્મનો અંગીકાર – કલિંગના યુદ્ધ પહેલાં અશોક બ્રાહ્મણધર્મને અનુસરતો. તે શિવની ઉપાસના કરતો અને તેના રાજ્યમાં થતા યજ્ઞોમાં હજારો પશુપંખીઓનાં બલિદાન થતાં, પરંતુ કલિંગના યુદ્ધના પરિણામે તેણે હંમેશને માટે યુદ્ધને તિલાંજલિ આપી દીધી, તેણે હંમેશને માટે શસ્ત્ર–સંન્યાસ લીધો, તેણે શસ્ત્રો ને બદલે શાસ્ત્રો ધારણ કર્યાં અને બૌદ્ધસાધુ ઉપગુપ્તના ઉપદેશથી તેણે બૌદ્ધધર્મ સ્વીકાર્યો.

(ખ) વ્યક્તિગતરૂપમાં બૌદ્ધધર્મી – વ્યક્તિગત રીતે તે ચુસ્ત બૌદ્ધધર્મી હતો, જે નીચેનાં પ્રમાણો દ્વારા સાબિત થાય છે.

(૧) ભાબ્રુના અભિલેખ (Bhabru Edict)ના વિવરણ મુજબ તે બૌદ્ધધર્મી હતો. આ અભિલેખમાં અશોકની બૌદ્ધધર્મના ત્રિરત્નો (બુદ્ધ, સંઘ અને ધર્મ) પ્રત્યેની શ્રદ્ધાનો ઉલ્લેખ છે. (૨) સારનાથ, પ્રયાગ અને કૌશામ્બીના સ્તંભલેખમાં તેણે બૌદ્ધધર્મના સંરક્ષક (Defender of Faith) તરીકે સંઘના વિરોધીઓ માટે દંડની ઘોષણા પણ કરી છે. (૩) તેણે બૌદ્ધસાધુ મોગ્ગલીપુત્ત તિસ્સાના પ્રમુખપદે પાટલીપુત્રમાં આવેલ 'અશોકારામ' વિહારમાં ત્રીજી બૌદ્ધ પરિષદ બોલાવી. (૪) તેણે ધાર્મિક હેતુથી બુદ્ધના જીવન સાથે સંકળાયેલા પવિત્ર સ્થળો (બોધીગયા, લુમ્બિનીવન વગેરે)ની ધર્મયાત્રા કરી હતી. (૫) તેણે સામ્રાજ્યભરમાં ૮૪ હજાર બૌદ્ધ સ્તૂપો કોતરાવ્યા. (૬) તેણે બૌદ્ધધર્મના પ્રચાર અર્થે દેશવિદેશમાં બૌદ્ધધર્મના પ્રચારકો મોકલ્યા. (૭) તેણે પશુવધની મનાઈ ફરમાવી. (૮) અશોકની બૌદ્ધભિક્ષુકના રૂપમાં બનાવેલ એક મૂર્તિ ચીનીમુસાફર ઇત્સિંગને મળી હતી, અને (૯) ડૉ. **રાયચૌધરી** પણ અશોકને બૌદ્ધધર્મી હોવાનું સ્વીકારે છે. આ બધાં પ્રમાણો પરથી સ્પષ્ટ થાય છે કે અશોક વ્યક્તિગત રીતે બૌદ્ધધર્મી હતો, પરંતુ તેણે પોતાની પ્રજાને બૌદ્ધધર્મ પાળવા માટે કદી પણ બાધ્ય કરી ન હતી. 'તેણે સર્વને ગાય એવા

ધર્મનો અભિલેખોમાં પ્રચાર કર્યો હતો, કોઈ સાંપ્રદાયિક ધર્મનો નહિ.'

(ગ) **બૌદ્ધધર્મના પ્રચાર માટેના પ્રયાસો** (બૌદ્ધધર્મ પ્રત્યેની અશોકની સેવાઓ) – તેણે ધર્મપ્રચાર માટે નીચે મુજબના પ્રયાસો કર્યા.

(૧) સમ્રાટનો વ્યકિતગત પ્રભાવ – બૌદ્ધધર્મ અંગીકાર કર્યા બાદ અશોક પોતે બૌદ્ધધર્મના ઉપાસકની જેમ જીવન જીવતો અને પોતાની પ્રજાને બૌદ્ધધર્મ અંગીકાર કરવા માટે પ્રોત્સાહન આપો. તેના આ ઉદાત્ત ઉદાહરણની પ્રજા પર ગાઢ અસર થઈ અને પ્રજા પણ બૌદ્ધધર્મ સ્વીકારવા ઉત્સુક બની.

(૨) રાજ્યધર્મ તરીકે બૌદ્ધધર્મની જાહેરાત – અશોકે બૌદ્ધધર્મને રાજ્યધર્મ તરીકે જાહેર કર્યો. આમ બૌદ્ધધર્મને રાજ્યાશ્રય મળતાં તેનો સારા પ્રમાણમાં પ્રચાર થયો.

(૩) અહિંસક નીતિનો સ્વીકાર – બૌદ્ધધર્મના પ્રચાર માટે અશોકે બુદ્ધના અહિંસાના સિદ્ધાંત પર ભાર દીધો, અને આ સિદ્ધાંતને અમલમાં મૂકવા તેણે રાજ્યભરમાં શિકાર બંધ કરાવ્યો. રાજ્યના રસોડામાં થતી પશુહિંસા બંધ કરાવી. આ રીતે અહિંસાનો સિદ્ધાંત અપનાવીને અશોકે બૌદ્ધધર્મના પ્રચારમાં ખૂબ ફાળો આપ્યો.

(૪) ધર્મયાત્રા – તેણે ધર્મપ્રચાર અર્થે વિહારયાત્રાને બદલે ધર્મયાત્રા આરંભી. તેણે બૌદ્ધસાધુ ઉપગુપ્તની સલાહથી ભગવાન બુદ્ધના જીવન સાથે સંકળાયેલ પવિત્ર સ્થળો—લુમ્બિનીવન, કપિલવસ્તુ, બોધિગયા, કુશીનગર—વગેરેની યાત્રા કરી, તેમજ રાજ્યના અધિકારીઓને પણ આ ધાર્મિક યાત્રા કરવા માટે મોકલતો.

(૫) ધર્મખાતાની સ્થાપના[૧] – તેણે ધર્મના પ્રચાર અર્થે રાજ્યમાં ધર્મખાતાની સ્થાપના કરી. તેના ઉપરી તરીકે ધર્મમહામાત્રોની નિમણૂક કરી, જેઓ પ્રજામાં ધર્મનો પ્રચાર કરી તેમનું નૈતિક ધોરણ ઊંચું લાવવાનું કાર્ય કરતા.[૨]

(૬) ધાર્મિક પ્રદર્શનો – લોકોના હૃદયમાં સ્વર્ગપ્રાપ્તિની ભાવના વધે અને એ માટે તેઓ સત્કર્મો કરે એ હેતુથી અશોક ધર્મખાતાની

---

૧. આ ખાતું એ અશોકનું મૌલિક સર્જન હતું. Dr. Mookerji : Asoka, p. 29.

૨. ધર્મમહામાત્રોની ફરજો અંગેની વિગતવાર માહિતી માટે જુઓ, Ibid, p. 31.

દેખરેખ હેઠળ ધાર્મિક પ્રદર્શનો ગોઠવતો, જેમાં બુદ્ધના જીવન સંબંધી દિવ્યસ્વરૂપોનાં દશ્યો ગોઠવવામાં આવતાં.

(૭) ધર્મ–શ્રવણ : તે ધર્મના પ્રચાર માટે ધાર્મિક વિષયો પર વાદવિવાદો અને પ્રવચનો ગોઠવતો. આ કાર્યમાં તેને રાજૂક, પ્રાદેશિક, યુકત, વગેરે અધિકારીઓ સહાય કરતા.

(૮) દાન–વ્યવસ્થા : તેણે ભેદભાવ વિના રાજ્યભરના દીન, ભૂખ્યા, સાધુસંતો વગેરેને સહાયતા આપીને બૌદ્ધધર્મના પ્રચારમાં પ્રશંસનીય ફાળો આપ્યો. વળી ધર્મપ્રચારના કાર્ય સાથે સંલગ્ન એવી વિવિધ ધાર્મિક–સંસ્થાઓને પણ આ રીતે દાન અપાતાં.

(૯) બોલાવેલી ત્રીજી બૌદ્ધધર્મ પરિષદ : તેણે બૌદ્ધઆચાર્ય મોગ્ગલીપુત્ત તિસ્સાના પ્રમુખપદે પાટલીપુત્રમાં ત્રીજી બૌદ્ધધર્મ પરિષદ (સંગતિ) બોલાવી, જે નવ મહિના સુધી ચાલી હતી. આ પરિષદમાં અધ્યક્ષની સહાયથી તેણે બૌદ્ધધર્મમાં પ્રવેશેલા દોષો દૂર કરીને બૌદ્ધધર્મને પુનઃજીવન પ્રદાન કર્યું તથા પરિષદમાં બૌદ્ધધર્મગ્રંથોનું સંશોધન કરાવ્યું, પરિણામે 'કથાવત્થુ' નામના ગ્રંથની રચના થઈ.

(૧૦) અધિકારીઓને આપેલ આદેશ : તેણે પોતાના અધિકા–રીઓને (રાજૂક, પ્રાદેશિક, યુકત વગેરેને) પણ આદેશ આપ્યો કે રાજ્યમાં વહીવટી કાર્યોની સાથે તેમણે દર પાંચ વર્ષે પ્રવાસ ગોઠવી ધર્મપ્રચારનું કાર્ય કરવું અને એ રીતે તેમણે પ્રજાનું નૈતિક ધોરણ ઊંચુ લાવવા પ્રયાસ કરવો.

(૧૧) સ્તૂપો, વિહાર ને અભિલેખોનું નિર્માણ : તેણે બૌદ્ધ–ધર્મના પ્રચાર અર્થે દેશવિદેશમાં સ્તૂપો અને વિહાર બંધાવ્યા. તેણે દેશભરમાં ઠેરઠેર અભિલેખો (એટલે કે શિલાલેખો, સ્તંભલેખો અને ગુફાલેખો) કોતરાવ્યા. 'મહાવંશ'ના વિવરણ મુજબ તેણે સમગ્ર સામ્રાજ્યના વિવિધ ભાગોમાં ૮૪ હજાર બૌદ્ધસ્તુપો (બૌદ્ધમઠો) બંધાવ્યા.

(૧૨) ધર્મલિપિ : તેણે શિલાલેખો, સ્તંભલેખો અને ગુફાલેખો પર બૌદ્ધધર્મના સિદ્ધાંતો કોતરાવ્યા. ડૉ. મુકર્જીના મતે 'આ અભિલેખો એક રીતે તો સમ્રાટ અશોકની આત્મકથા કહી જાય છે.[૩]

(૧૩) બૌદ્ધધર્મગ્રંથોનો પાલીભાષામાં અનુવાદ : બૌદ્ધગ્રંથોનો જનતાની ભાષા એવી પાલીભાષામાં અનુવાદ કરાવીને તેણે ધર્મના પ્રચારમાં સારો ફાળો આપ્યો.

---

૩. डॉ. मुकर्जी : प्राचीन भारतीय विचार और विभूतियाँ, पृ. ९८.

(૧૪) ધર્મપ્રચારકોની નિમણૂક – તેણે બૌદ્ધધર્મના પ્રચારાર્થે દેશવિદેશમાં ધર્મ–પ્રચારકો મોકલ્યા. તેણે ચોલ, પાંડ્ય, કેરલ વગેરે રાજ્યોમાં ધર્મપ્રચારકો મોકલ્યા હતા. વિદેશમાં ધર્મપ્રચાર કરવાની તેની નીતિ શાંતિમય અને શુભેચ્છક સ્વરૂપની હતી. ચીન, જાપાન, કોરિયા, સિયામ, સિલોન, તિબેટ અને અગ્નિ–એશિયાના દેશોમાં ધર્મપ્રચાર કરવા તેણે નવ પ્રતિનિધિ મંડળો મોકલ્યાં હતાં. તેણે સિલોનમાં ધર્મપ્રચારાર્થે પોતાના પુત્ર મહેન્દ્ર અને પુત્રી સંઘમિત્રાની આગેવાની હેઠળ એક પ્રતિનિધિમંડળ મોકલ્યું હતું અને ત્યાંના રાજા તેમજ પ્રજાએ બૌદ્ધધર્મનો સ્વીકાર્ય કર્યો. તેણે સિરિયા, મેસેડોનીઆ, ઇજિપ્ત, ઇપીરસ, સાયરન વગેરેમાં ધર્મપ્રચારકો મોકલી ત્યાં બૌદ્ધધર્મનો પ્રચાર કર્યો હતો. વિદેશોમાં આ પ્રકારના ધર્મપ્રચારના કાર્યની સાથે તેણે આ દેશોમાં લોકહિતનાં કાર્યો પણ શરૂ કર્યાં હતાં. આ બધા પ્રયાસોને લીધે પરદેશમાં બૌદ્ધધર્મનો–ભારતીય સંસ્કૃતિનો–પણ સારો એવો પ્રચાર અને પ્રસાર થયો અને એ રીતે તેણે 'વિશાળ ભારત' ના સર્જનમાં યોગ્ય ફાળો નોંધાવ્યો.[૪] આ રીતે ધર્મના પ્રચાર અર્થે આદરેલા વ્યાપક પ્રયાસોને લીધે અશોકે બૌદ્ધધર્મને પ્રાંતીય ધર્મમાંથી વિશ્વધર્મ બનાવ્યો, એટલે તો તેને તેના સમયના 'જગદ્‌ગુરુ' તરીકે ઓળખવામાં આવે છે.

૨. અશોક અને માનવધર્મ

(૬) ચુસ્ત બૌદ્ધધર્મી ન હતો – અશોકની બૌદ્ધધર્મ પ્રત્યેની સેવાઓ જોતાં કેટલાક તેને ચુસ્ત બૌદ્ધધર્મી કહેવા પ્રેરાય છે, પરંતુ તેની ધર્મભાવના જોતાં તેને ચુસ્ત બૌદ્ધધર્મી કહેવો યોગ્ય નથી. 'બુદ્ધકાલીન ભારત' નામના પુસ્તકના લેખક ડૉ. ડેવિડ્ઝ (Dr. Davids) જણાવે છે તેમ અશોકે જે ધર્મનો પ્રચાર કર્યો, તેમાં બુદ્ધ, બૌદ્ધધર્મ, પરમાત્મા કે આત્મા વિષે એક શબ્દનો પણ ઉલ્લેખ ન હતો.[૫] ડૉ. ભાંડારકર પણ જણાવે છે કે તે બૌદ્ધ-ધર્મનો ચુસ્ત અનુયાયી હોવા છતાં પણ તે જૈનધર્મ જેવા અન્ય ધર્મોના સિદ્ધાંતોનું અધ્યયન કરતો અને તેમાં સારાં જણાતાં તત્ત્વોને પોતાના ધર્મમાં સમાવી લેતો.[૬]

સેનાર્ટના મતે અશોકને બૌદ્ધધર્મી કહી શકાય એવી કોઈ બાબત તેના ધર્મમાંથી મળી આવતી નથી. ડૉ. સ્મીથ અને ડૉ. મુકરજી જણાવે છે કે

---

૪. એજ. પૃ. ૧૨૯.

૫. Dr. Rhys Davids : Buddhist India, p. 194.

૬. Dr. Bhandarkar : Asoka, pp. 118–119.

અશોકનો ધર્મ વિશ્વધર્મ હતો, જેમાં સાંપ્રદાયિકતા નજરે નહોતી પડતી. ડૉ. સ્મીથના મતે અશોકે જે ધર્મનો પ્રચાર કર્યો તેમાં બૌદ્ધધર્મને લગતી બાબતો ઓછી હતી અને હિંદના બધા જ ધર્મોને સમાનરૂપે સ્પર્શતી બાબતો વિશેષ પ્રમાણમાં હતી. **શ્રી મેકફેલ** પણ લખે છે કે અશોકે અભિલેખોમાં જે ધર્મનો પ્રચાર કર્યો તે બૌદ્ધધર્મ ન હતો પરંતુ એક એવો સાદો ધર્મ હતો, જેને સર્વધર્મના અનુયાયીઓ અનુસારે એવું અશોક ઇચ્છતો હતો.[૭] આ વિચારો સાથે સહમત થતાં **થોમસ** પણ જણાવે છે કે અશોકના ધર્મમાં બૌદ્ધધર્મના ચાર સત્યો, અષ્ટાંગ માર્ગ, કર્મનો સિદ્ધાંત, નિર્વાણ વગેરેનો કોઈ ઉલ્લેખ નથી.

ટૂંકમાં 'અશોકનો ધર્મ એ સર્વધર્મોનો સાર છે' શિલાલેખ નં. ૧૨) આ પ્રમાણે તેની ધાર્મિકદષ્ટિ એક ધર્મ પૂરતી સંકુચિત ન હતી પરંતુ વિશ્વ–વ્યાપી વિશાળ હતી. તે બધા ધર્મો પ્રત્યે સમભાવ દાખવતો. તે પોતાના અભિલેખમાં લખે છે કે, 'બધા સંપ્રદાયો એક યા બીજા કારણે આદરણીય છે. આવું આચરણ રાખવાથી માણસ પોતાના સંપ્રદાયને ઉન્નત કરે છે અને સાથે સાથે બીજા લોકોના સંપ્રદાયની પણ તે સેવા કરે છે' (શિલાલેખ નં. ૧૨.)

(ખ) ધર્મનાં લક્ષણો (વિશિષ્ટતાઓ): અશોકના ધર્મનાં લક્ષણો નીચે મુજબ છે.[૮]

(૧) બિનસાંપ્રદાયિકતા : અશોકના બધા જ અભિલેખોમાં સંકુચિત ધાર્મિકતાને બદલે વ્યાપક ધર્મભાવનાના નૈતિકતાનો–ધ્વનિ ગુંજતો જણાય છે, એટલે કે તેને કોઈપણ રીતે સાંપ્રદાયિકધર્મ તો ન જ કહી શકાય.[૯] બલ્કે સાંપ્રદાયિકતાથી પર એવા તેના ધર્મમાં બધા ધર્મોનાં મૂળતત્ત્વો સમાયેલાં હતાં, જેને દરેક જણ કોઈપણ જાતના ભેદભાવ વિના અનુસરી શકતો, તેના ધર્મમાં સર્વમાન્ય સિદ્ધાંતોનો સમન્વય થયો હતો. ટૂંકમાં **'તેનો ધર્મ વાસ્તવમાં સર્વધર્મોનો સાર હતો, જેને આપણે વિશ્વધર્મ કહી શકીએ.'**

(૨) ધાર્મિક સહિષ્ણુતા : ધર્મસહિષ્ણુતા એ અશોકના ધર્મનું એક અગત્યનું લક્ષણ હતું. અલબત્ત, તેણે બૌદ્ધધર્મ અપનાવ્યો, ત્યારબાદ બુદ્ધના જીવન સાથે સંકળાયેલાં બધાં પવિત્ર ધામોની યાત્રા કરી, ત્યાં સ્તૂપો અને વિહારો પણ ઊભા કરાવ્યા, પાટલીપુત્રમાં ત્રીજી બૌદ્ધધર્મ પરિષદ બોલાવી,

---

૭. Mr. I. M. Macphail : Ashoka. P. 48.

૮. વિગતવાર અધ્યયન માટે જુઓ Dr. Mookerji : Asoka, PP. 69-78.

૯. Ibid, P. 76.

છતાંય તેણે પોતાની સઘળી પ્રજાને હંમેશાં પિતાની દષ્ટિએ જોઈ હતી. તેણે પોતાની પ્રજાને બૌદ્ધધર્મ અંગીકાર કરવા માટે કદી બાધ્ય કરી ન હતી. તેના ધર્મની એક લાક્ષણિકતા એ હતી કે તે બધા ધર્મો પ્રત્યે સમભાવ દાખવતો તેને બધા ધર્મો પ્રત્યે આદર હતો, તેથી તેણે બૌદ્ધમઠો અને વિહારોની સાથે જૈનમંદિરો અને ઉપાશ્રયોને પણ મદદ કરી હતી. તેની માતાને આજીવિક સંપ્રદાય પ્રત્યે આદર હતો, તેથી અશોકે આ સંપ્રદાયના સાધુઓ માટે ગયા જિલ્લામાં આવેલ બર્બરા ટેકરી પર સુંદર ગુફાઓ બંધાવી હતી. તેનું પોતાનું ઉપનામ 'દેવાનામ્ પ્રિય' એટલે જે દેવોને વહાલો છે, એ શું સૂચવે છે? એ સમયે બૌદ્ધધર્મમાં દેવો હતા જ નહિ, માટે એ દેવો તે હિંદુ ધર્મના દેવો હોવા જોઈએ, એટલે અશોક હિંદુધર્મમાં માનતો હોવો જોઈએ. રાજ્યના કર્મચારીઓની નિમણૂકમાં પણ તેની ધાર્મિક સહિષ્ણુતા છતી થાય છે. દા. ત., સામાન્ય રીતે પ્રાંતના સુબા તરીકે રાજકુટુંબના સભ્યોને નિમવામાં આવતા પરંતુ અશોક સૌરાષ્ટ્ર પ્રાંતના સુબા તરીકે તુશાષ્પ નામના પરદેશી–યવનને નીમ્યો હતો, જે હકીકત પૂરવાર કરે છે કે અશોક જાતિના કે દેશ વિદેશના ભેદભાવ વિના રાજ્યના કર્મચારીઓની નિમણૂક કરતો. આમ બધાં પ્રત્યે સમભાવથી જોનાર અશોકના ધર્મમાં સહિષ્ણુતાનો ગુણ મહત્ત્વનો ગણાયો હતો.

(૩) અહિંસા : કલિંગના યુદ્ધના પરિણામે અશોક બૌદ્ધધર્મનો ઉપાસક બન્યો અને એ દ્વારા અહિંસાનો પૂજારી બન્યો. આ અહિંસાના સિદ્ધાંતને વ્યવહારમાં મૂકવા તેણે શિકાર તેમજ યજ્ઞો માટે થતી હિંસા બંધ કરાવ્યાં. રાજમહેલના રસોડામાં થતો પશુવધ બંધ કરી દેવાયો. આમ તેણે પોતે અહિંસાનું પાલન કરીને પોતાની પ્રજાને અહિંસાનો બોધપાઠ ભણાવ્યો. આ રીતે તેણે ભારતમાં અમુક અંશે શાકાહારી–અહિંસક–વાતાવરણના વિકાસ માટે ભૂમિકા ઊભી કરી.[૧૦]

(૪) આચાર વિષયક સિધ્ધાંતોનું પ્રાધાન્ય – પોતાના બધા જ અભિલેખોમાં તેણે જીવનને અધિક પવિત્ર અને નીતિમય બનાવી શકાય એવા આચારવિષયક સિદ્ધાંતો વર્ણવ્યા છે; એમાં ધર્મવિષેના ગૂઢ તત્ત્વજ્ઞાનની ચર્ચા કે આધ્યાત્મિક વિચારોની વાતો નથી. અશોકના મંતવ્ય પ્રમાણે 'પવિત્ર ધર્મમયજીવન એટલે વધારેમાં વધારે પુણ્યકાર્યો અને ઓછામાં ઓછાં પાપ કરવાં તે.' તેણે ત્યાગ, પ્રેમ, સહકાર, સત્ય, અહિંસા, દાન, પરોપકાર, આદર-

૧૦. Dr. A. L. Basham : op. cit., P. 54-

ભાવ, સહિષ્ણુતા વગેરે ગુણો પર ખાસ ભાર મૂકયો હતો, જે તેના સમયના વિશાળ જનસમુદાયમાં નીતિમય જીવન તરીકે અપનાવાયા હતા.

(૫) સ્વર્ગ-પરલોક અંગે માન્યતા – તે સ્વર્ગ અને પરલોકમાં દઢપણે માનતો.

(૬) વડીલોની સેવા–તેણે પ્રજાને ગુરુજનોની સેવા કરવાનો બોધપાઠ આપ્યો હતો. તેણે પિતાની સેવા કરવી, તેમજ મિત્ર, સંબંધી, સાધુ શ્રમણો અને વડીલોને માન આપવું એ મુજબનાં કર્તવ્યોનો બોધપાઠ પ્રજાને આપ્યો. તે તો સેવકો, નીચલીકક્ષાના મનુષ્યો અને પ્રાણીઓ પ્રત્યે દયાભાવ રાખવાનું સૂચવે છે.

क. સમાપન – આ છે અશોકનો વિશિષ્ટ ધર્મ, જેનો પ્રચાર તેણે ધર્મઝનૂનથી નહિ પરંતુ પ્રજાનો પ્રેમ સંપાદન કરીને ઉપદેશ દ્વારા કરવાની કોશિશ કરી હતી. જેને માત્ર ગંગા નદીની ખીણમાં જ મહત્ત્વ અપાતું તેવા બૌદ્ધધર્મને તેણે વિશ્વધર્મનું સ્વરૂપ આપ્યું. પરંતુ કેટલાક વિદ્વાનો (જેવા કે, ડૉ. ભાંડારકર, પંડિત હરપ્રસાદ શાસ્ત્રી) માને છે કે મૌર્ય સામ્રાજ્યના પતન માટે અશોકની ધર્મનીતિ જવાબદારી હતી. તેમનું માનવું છે અશોક બૌદ્ધધર્મ સ્વીકારીને ભારતમાં અહિંસક વાતાવરણ જમાવ્યું, પરિણામે સૈનિકમાં શિથિલતા પ્રવેશી. ટૂંકમાં તેની ધર્મનીતિ મૌર્ય સામ્રાજ્યના પતન માટે થોડે અંશે જવાબદાર હતી, એવું મોટાભાગના વિદ્વાનો સ્વીકારે છે.

(૬) વિશ્વના મહાન રાજવીઓમાંના એક તરીકે અશોકનું મૂલ્યાંકન

અથવા

અશોકનું ઇતિહાસમાં સ્થાન-મહત્ત્વ.

अ. પ્રાસ્તાવિક : ડૉ. **મજુમદાર**ના મતમુજબ, 'વિશ્વના સૌથી મહાન રાજવીઓમાંના એક તરીકે અશોકની ગણના થઈ શકે.' ભારતના જ નહિ પરંતુ વિશ્વના ઇતિહાસમાં થઈ ગયેલા હજારો સમ્રાટોમાં તેનું નામ એક તારાની જેમ ઝળહળે છે પરંતુ તેની મહાનતા અને પ્રતિષ્ઠા તેના લશ્કરી વિજયો પર આધારિત નથી, પરંતુ એવા વિજયો પર અવલંબ છે, જે તેણે નૈતિક, ધાર્મિક અને વિશ્વશાંતિના ક્ષેત્રે હાંસલ કર્યો. ડૉ. **સ્મિથે** તેને 'મહર્ષિ અશોક' કહ્યો છે. ડૉ. **રાયચૌધરી** જણાવે છે કે અશોક ભારતના ઇતિહાસમાં સૌથી નોંધપાત્ર વિભૂતિઓમાંની એક હતી, તે ચંદ્રગુપ્તની શકિત, સમુદ્રગુપ્તની વિદ્વતા અને અકબરની ઉદારતા ધરાવતો હતો.[૧૧] પરંતુ હકીકતમાં તો અશોક આ ત્રણેય કરતાં મહાન્ સમ્રાટ હતો.

---

૧૧. P. H. I. P. 286.

બ. અશોકનું ઇતિહાસમાં સ્થાન (સિદ્ધિઓનું મૂલ્યાંકન) – અશોક ઇતિહાસમાં અદ્વિતીય સ્થાન ધરાવે છે. વિશ્વના મહાન રાજવીઓમાંના એક તરીકે તેની ગણના થાય છે.

(૧) સફળ સેનાનાયક – ડૉ. **પી. સરન**ના મતે અશોક એક સફળ સેનાનાયક (વિજેતા) હતો, જેણે કલિંગ જેવા બળવાન રાજ્યને જોતજોતામાં ખેદાનમેદાન કરી નાખ્યું. પરંતુ કલિંગનું યુદ્ધ તેના જીવનનો એક શકવર્તી બનાવ ગણાય છે, કારણ કે આ વિજય પછી તે ધર્માભિમુખ બન્યો. કલિંગના વિજય પછી તેણે મેળવેલા ધર્મવિજય વિશ્વના ઇતિહાસમાં અનન્ય છે.

(૨) કુશળ વ્યવસ્થાપક (વહીવટી એકતા) – **ડૉ. મજમુદાર** અને **ડૉ. પી. સરન** બંને અશોકને એક કુશળ વ્યવસ્થાપક તરીકે બિરદાવે છે. તે કાબેલ અને વહીવટીદક્ષ પ્રયોજક હતો. ડૉ. **સ્મીથ** જણાવે છે કે જો અશોક યોગ્ય શાસક ન હોત તો તે પોતાના વિશાળ સામ્રાજ્ય પર આટલાં વર્ષો સફળતાપૂર્વક શાસન કરી શકયો ન હોત. તેણે આવડા મોટા વિશાળ સામ્રાજ્યનું સફળતાપૂર્વક સંચાલન કર્યું. તેણે આદરેલ ધર્મપ્રચારના મહાકાર્યમાં તેની કાર્યદક્ષ પ્રયોજક શક્તિની ઝાંખી થાય છે. ગંગા નદીની ખીણમાં જ જેને મહત્ત્વ અપાતું એવા ભારતના સ્થાનિક સંપ્રદાયને તેણે વિશ્વધર્મમાં પરિવર્તિત કર્યો એ શું બતાવે છે ? તેની આ પ્રકારની વ્યવસ્થાને લીધે તેના સમયમાં ભારતે રાજકીય અને વહીવટી ક્ષેત્રે એકતા અનુભવી. આ સમયે 'પેશાવરથી બંગાળ સુધી અને કાશ્મીરથી મૈસુર સુધી એક જ રાજાજ્ઞા ફરી વળતી."[૧૨] આ પ્રકારની સમસ્ત ભારતવ્યાપી વહીવટી એકતા તેના પછી છેક ઈસુની ૧૯મી સદીના ઉત્તરાર્ધ સુધી કોઈપણ દિવસ જોવા મળી નહીં.

(૩) અદ્વિતીય સમ્રાટ – અશોક વિશ્વના ઇતિહાસમાં અદ્વિતીય સ્થાન ધરાવે છે. વિશ્વના ઇતિહાસમાં એવા સમ્રાટનો દાખલો જોવા નથી મળતો, કે જેણે વિજયો કર્યા બાદ પોતાની વિજયાકાંક્ષાને તિલાંજલિ આપી હોય. તેણે યુદ્ધનો ત્યાગ પરાજય પામવાથી નહિ, પરંતુ વિજેતા બનીને કર્યો હતો, એ ઇતિહાસની એક અપૂર્વ ઘટના હતી. ઇતિહાસકાર **એચ. જી. વેલ્સ** જણાવે છે કે તે એક જ એવો સૈનિકસમ્રાટ હતો, જેણે વિજયો બાદ યુદ્ધોનો ત્યાગ કર્યો. સામાન્યતઃ વિજયો બાદ કોઈ પણ સમ્રાટ પશ્ચાતાપ નથી કરતો, બલ્કે વિજયનો આનંદ માણે છે, પરંતુ અશોક જ વિશ્વના ઇતિહાસમાં એક એવો સમ્રાટ હતો, જેને કલિંગના મહાન વિજય બાદ પશ્ચાતાપ થયો અને

૧૨. Dr. R. C. Majumdar : Ancient India, p. 114.

તેણે શસ્ત્ર-સંન્યાસ લીધો. આ મતને અનુમોદન આપતાં ડૉ. રાયચૌધરી લખે છે કે, 'તેણે સૈનિક વિજયનો પરિત્યાગ પરાજય બાદ નહીં, પરંતુ વિજય બાદ કર્યો...... અને તે પણ જ્યારે તેના હાથમાં શક્તિશાળી સામ્રાજ્યનાં બધાં સાધનો હતાં ત્યારે.[૧૩]

(૪) મહાન રાષ્ટ્ર-નિર્માતા : તે મહાન રાષ્ટ્ર-નિર્માતા હતો. તેણે સામ્રાજ્યભરમાં લગભગ એક જ ન્યાયવ્યવસ્થા અને એક રાષ્ટ્રીય ભાષાને પ્રોત્સાહન આપ્યું. સામ્રાજ્યના ચારે છેડેથી મળતા તેના અભિલેખોની ભાષા પરથી પૂરવાર થાય છે કે તે વખતે સારાય ભારતમાં એક જ પ્રકારની ભાષા અને વાયવ્ય સરહદના દૂરના પ્રદેશોનો અપવાદ બાદ કરતાં એક જ લિપિનો ઉપયોગ થતો. આમ અશોકના સમયમાં રાજકીય એકતાની સાથે સાંસ્કૃતિક એકતા પણ સધાઈ હતી. જે આધુનિક ભારતનું એક સ્વપ્ન છે અને આ સ્વપ્ન સાકાર કરવા માટે ભારતે અશોકસ્તંભ (અશોકના ધર્મચક્ર)ને રાજ્યચિહ્ન તરીકે પોતાના રાષ્ટ્રધ્વજમાં સ્થાન આપ્યું છે,[૧૪] આમ તેના રાજ્યકાળ દરમિયાન ભારતીય સાંસ્કૃતિક એકતા સ્પષ્ટ રીતે જોઈ શકાતી હતી.

(૫) ધર્મ રાજ્યનો સ્થાપક : અશોકનું સામ્રાજ્ય પૂર્વે બંગાળથી પશ્ચિમે સૌરાષ્ટ્ર સુધી અને ઉત્તરે હિંદુકુશથી માંડીને દક્ષિણે છેક મૈસુર સુધી ફેલાયું હતું. પરંતુ આ હતો અશોકના ભૌતિક સામ્રાજ્યનો વિસ્તાર, જેના પર તેની રાજ્યસત્તા (ભૌતિક સત્તા) ફેલાયેલી હતી, જ્યારે તેના ધર્મરાજ્યનો વિચાર કરીએ તો છેક ઈપીરસ અને ઈજીપ્તથી માંડીને હિંદીચીન સુધી અને હિમાલયથી છેક સિલોન સુધી ફેલાયલું હતું, જેના પર તેણે શાસન કર્યું; જોહુકમી દ્વારા નહિ પરંતુ વિશ્વબંધુત્વની ભાવના દ્વારા.

(૬) તેના સમયનો જગદ્‌ગુરુ : બૌદ્ધધર્મ પ્રત્યે અશોકની સેવાઓ અદ્વિતીય હતી, બુદ્ધભગવાન જ્યારે નિર્વાણ પામ્યા ત્યારે બૌદ્ધધર્મ ગયા, કાશી અને હિમાલયની વચ્ચે આવેલા પ્રદેશોમાં ફેલાયેલો હતો, પરંતુ અશોકે પોતાના ધર્મ-પ્રચારક મહાકાર્ય દ્વારા બૌદ્ધધર્મને માત્ર ભારતમાં જ નહિ પરંતુ વિદેશોમાં પણ ગાજતો કરી દીધો. આમ 'તેણે સ્થાનિક ધર્મને વિશ્વધર્મનું સ્વરૂપ આપ્યું.' એટલા માટે તો જો અશોકને તેના સમયનો 'જગદ્‌ગુરુ' કહેવામાં આવે તો તેમાં કોઈ અતિશયોકિત નથી. (ડૉ. પી સરન.)

(૭) બૌદ્ધધર્મનો પ્રચારક છતાંય ધર્મ સહિષ્ણુતાનો અગ્રદૂત-

૧૩. Dr. Majumdar, and others: Ad. Hist. of India, p. 109.
૧૪. Dr. R. C. Majumdar : op. cit., PP. 114-115.

બૌદ્ધધર્મના પ્રચારાર્થે એક ધર્મપ્રચારકની જેમ શક્ય એટલા બધા જ સાત્ત્વિક પ્રયાસો કર્યા. સમસ્ત સામ્રાજ્યમાં તેણે અભિલેખો કોતરાવી તેના પર ધર્મના સિદ્ધાંતો કોતરાવ્યા. ધર્મના પ્રચારાર્થે તેણે પરદેશમાં ધર્મવાહકો મોકલ્યા અને ત્યાં વિહારો અને સ્તૂપો બંધાવ્યા. આમ વિશ્વના ધર્મપ્રચારકોમાં અશોકનું સ્થાન ગૌરવભર્યું છે. વિશ્વના ઇતિહાસમાં અનેક ધર્મપ્રચારકો થઈ ગયા, જેમાંના ઘણાયે તો પોતાની ધર્મરૂપી મહેલાતો પ્રજાના હાડરૂપી ઈંટો અને રક્તરૂપી ચૂના પર ઊભી કરી હતી, પરંતુ અશોક જ એક એવો ધર્મ-પ્રચારક રાજવી હતો, જેણે પોતાની ધર્મરૂપી મહેલાતને પ્રેમ–કરુણારૂપી ઈંટો અને પશ્ચાતાપરૂપી ચૂનાથી ચણી હતી.

તે બૌદ્ધધર્મનો પ્રચારક હોવા છતાંય અન્ય ધર્મો પ્રત્યે સમભાવ દાખવતો. તેણે જગત સમક્ષ ધર્મસહિષ્ણુતાનો ખ્યાલ રજૂ કર્યો, જે અનુપમ અને આજે પણ અનુકરણીય છે. સ્વ. નહેરુ પણ તેની ધર્મસહિષ્ણુતાની પ્રશંસા કરે છે. અશોકે સર્વધર્મ પ્રત્યે સમભાવની દૃષ્ટિ રાખીને ધર્મસુધારણા કરી હતી, જ્યારે ઇજિપ્તના રાજવી ઇખ્નાટને ધર્મસુધારણાનો અર્ધદગ્ધ પ્રયાસ કર્યો હતો, પરંતુ તેમાં સહિષ્ણુતાનો અભાવ હોવાથી તે નિષ્ફળ નીવડ્યો. અશોકની જેમ અકબરમાં પણ ધાર્મિક સહિષ્ણુતા હતી, પરંતુ અકબર પહેલો રાજનીતિજ્ઞ અને દુનિયાદારી પુરુષ હતો, અને પછી જ ધર્મસહિષ્ણુ હતો. તેને 'દિને-ઇલાહી' નામે નવો ધર્મ શરૂ કર્યો, પરંતુ તેના પ્રચાર માટે કાંઈ ન કર્યું. બીજું ધાર્મિક સત્ય (સહિષ્ણુતા) ને ભોગે તે રાજ્યસત્તાને હોડમાં મૂકવા તૈયાર ન હતો દા. ત., બંગાળમાં વિદ્રોહનાં બીજ રોપતાં જોયાં કે તરત જ તેણે ખ્રિસ્તીધર્મના પ્રચારને અટકાવ્યો. આમ અકબરમાં અશોકના જેવી વ્યાપક ધર્મભાવના ક્યાં હતી ? અશોકની રોમન સમ્રાટ કોન્સ્ટેન્ટાઇન સાથે તુલના કરવામાં આવી છે. બંને પોતપોતાના ધર્મના શાહી પ્રચારકો હતા અને બંનેએ ધર્મપ્રચારમાં ખૂબ ફાળો આપ્યો. પરંતુ કોન્સ્ટેન્ટાઇને ધર્મના બહાના હેઠળ વિજયની મહત્ત્વાકાંક્ષા સેવેલી, જ્યારે અશોકે માત્ર ધર્મપ્રચારને પોતાના જીવનનું એકમાત્ર ધ્યેય બનાવ્યું હતું; કોન્સ્ટેન્ટાઇન અવિશ્વાસુ અને અત્યાચારી હતો, જે અવગુણોથી અશોક મુક્ત હતો. કોન્સ્ટેન્ટાઇન રાજકીય કારણોને લીધે પોતાના સિદ્ધાંતમાંથી ચલિત પણ થતો, તેના અંતિમ વર્ષોમાં તેના ધર્મપ્રત્યેના વિચારોમાં પરિવર્તન આવ્યું હતું અને તેનો ધર્મ 'अजीब खीचड़ी' (A Strangejumble) બની ગયો હતો, પરંતુ અશોકમાં આવું નૈતિક અધઃપતન નહોતું આવ્યું, તે તો શરૂઆતથી જીવનના અંતિમ દિવસો સુધી એક જ ધર્મને વળગી રહ્યો હતો. શ્રી મેકફેલ

તેના પુસ્તક 'Asoka'માં અશોકની તુલના રોમન સમ્રાટ **માર્કસ એન્ટોનિયસ** સાથે કરી છે. તે વ્યક્તિગત સદાચારની દષ્ટિએ અશોકના જેવો અને બૌદ્ધિક દષ્ટિએ અશોક કરતાં ચઢિયાતો હતો, પરંતુ આદર્શની શ્રેષ્ઠતાની દષ્ટિએ તે અશોકથી કેટલોય પાછળ હતો. તેણે પોતાના રાજ્યના ઈસાઈધર્મ (ખ્રિસ્તી ધર્મ) પ્રત્યે સહનશીલતા દાખવી ન હતી. ઈસાઈ ધર્મના પ્રચારકોને મૃત્યુદંડની શિક્ષા કરાવી હતી, આવા પ્રકારની ભ્રષ્ટ ભાવનાએ અશોકને દુષ્ટ નહોતો કર્યો. અશોકની તુલના મહાન **સિકંદર, જુલિયસ સીઝર** અને **નેપોલિયન** જેવા મહાન સમ્રાટો સાથે કરવામાં આવી છે. આ ત્રણે શાસકો વિજેતા અને શાસક તરીકે અશોક કરતાં ચઢિયાતા હતા, આ ત્રણે સમ્રાટોએ પોતપોતાના દેશ માટે ઘણું કર્યું, પરંતુ લોકકલ્યાણ અને માનવસુખ માટે તેમણે શું કર્યું? જ્યારે અશોકે જનતાજનાર્દનના કલ્યાણ માટે અથાગ પ્રયાસો કર્યાં, એટલે તો તેની વિશ્વના સૌથી મહાન રાજવીઓમાંના એક રાજવી તરીકે ગણના થાય છે. આ અંગે **એચ. જી. વેલ્સે** યોગ્ય જ કહ્યું છે કે, 'ઇતિહાસના પાને નોંધાયેલા હજારો રાજાઓ અને મહારાજાઓમાં અશોકનું જ નામ એક તારાની જેમ ચમકે છે.' ટૂંકમાં બૌદ્ધધર્મના ઇતિહાસમાં બુદ્ધભગવાન પછી અશોકનું સ્થાન સર્વોપરી છે એટલે તો ડૉ. મેકફેલે યોગ્ય જ કહ્યું છે કે અશોકની સરખામણી એક માત્ર સેન્ટપોલ સાથે થઈ શકે.

આમ અશોક બૌદ્ધધર્મનો પ્રચારક અને ધર્મસહિષ્ણુતાનો અગ્રદૂત હતો, છતાંય તેણે જે ઉપદેશ આપ્યો તેનું તેણે જીવનમાં આચરણ પણ કરી બતાવ્યું (He practised, what he preached). તેણે શિકાર તથા યજ્ઞ માટે થતી પશુહિંસા બંધ કરાવી, મદિરાનો ત્યાગ કર્યો, લોકોને તહેવારોના દિવસોએ માંસમદિરા નહિ લેવાનો અનુરોધ કર્યો, વિહારયાત્રાને બદલે ધર્મપ્રચાર અર્થે ધર્મયાત્રાઓ યોજી, મનુષ્યો તેમજ પશુઓ માટે ચિકિત્સાલયો બંધાવ્યા, બધા ધર્મના લોકો માટે વિશ્રામગૃહો બંધાવ્યાં, રાજમાર્ગો પર વૃક્ષો રોપાવ્યાં અને અડધા કોસને અંતરે કુવા ખોદાવ્યા. આ રીતે તેણે સર્વ ધર્મસહિષ્ણુતાનો સર્વકાળ માટે જરૂરી ચીલો પાડ્યો.

(૮) વસુધૈવ કુટુમ્બકમ્‌ની ભાવના દ્વારા શાંતિ અને મૈત્રીનો આહલેક જગાવનાર (વિશ્વબંધુત્વની મૂર્તિમંત પ્રતિમા) : અશોકનો ધર્મ-પ્રચાર એ માત્ર બૌદ્ધધર્મનો પ્રચાર ન હતો, પરંતુ માનવધર્મનો પ્રચાર હતો. તેણે મનુષ્યો અને પ્રાણીઓ પ્રત્યે દયા રાખવાનું તેમજ વડીલોને માન આપવાનું જણાવ્યું હતું. ટૂંકમાં તેણે અહિંસા, સત્ય, પ્રેમ, કરુણા, દયા, વગેરે સદાચારના સિદ્ધાંતો આચરવાનો આગ્રહ રાખ્યો હતો. આ સિદ્ધાંતો

પર તેનું સામ્રાજ્ય આધારિત હતું, તેથી તો તેનું સામ્રાજ્ય 'સદાચારનું સામ્રાજ્ય' પણ કહેવાતું, પરંતુ તેણે આ સદાચારનો પાઠ પોતાના સામ્રાજ્ય પૂરતો મર્યાદિત ન રાખતાં એ પદાર્થપાઠ વિદેશોની પ્રજાઓને પણ આપ્યો. આ રીતે તેણે વિશ્વના અનેક દેશોમાં **वसुधैव कुटुम्बकम्**નો આદર્શ રજૂ કરીને જગતને શાંતિ અને મૈત્રી–કરુણાનો બોધપાઠ આપ્યો, જે આજે વીસમીસદીમાં 'યુનો' જેવી વિશ્વ–સંસ્થા પણ કરી શકી નથી. આમ તેણે મૈત્રી, શાંતિ, કરુણા અને સદ્‌ભાવનાના પાયા પર વિશ્વકુટુંબ રચવાનો પ્રયાસ કર્યો.[૧૫] સાચે જ વિશ્વશાંતિના ફિરસ્તાઓમાં અશોકનું સ્થાન પહેલું આવે છે. ડૉ. રાધાકુમુદ મુકર્જીએ યોગ્ય જ કહ્યું છે કે "આ રીતે અશોકે 'યુદ્ધનો પરિત્યાગ કરીને' વિશ્વશાંતિના પ્રથમ પ્રવર્તકનું બિરુદ પ્રાપ્ત કર્યું."[૧૬]

(૯) આદર્શ રાજવી : અશોક આપખુદશાહીમાં માનતો હોવા છતાં તેણે ઉપકારક અને લોકહિતકારક રાજાશાહીનો આદર્શ પૂરો પાડયો. તે પોતે કહેતો કે "બધા માણસો મારાં બાળકો છે અને જેમ હું મારા બાળકોની બાબતમાં ઝંખના કરું છું કે તેઓ આ દુનિયામાં અને આવતી દુનિયામાં સમૃદ્ધિ અને સુખ મેળવે તેમ હું બધા માણસો માટે આ પ્રકારની ઝંખના કરું છું." તે પોતાના એક શિલાલેખમાં લખે છે કે, પ્રજાકલ્યાણથી અધિક અન્ય કોઈ કર્તવ્ય નથી. તે પ્રજાનો સેવક હતો. તે પ્રજાના હિતનાં કાર્યો માટે હંમેશાં સજાગ રહેતો. તેના અભિલેખમાં ઉલ્લેખ કર્યા મુજબ તે ભોજન લેતો હોય, આરામગૃહમાં હોય, અંતઃપુરમાં હોય, શયનગૃહમાં હોય કે ઉદ્યાનમાં હોય પરંતુ પ્રત્યેક જગાએ તે લોકોનું કાર્ય કરવા તૈયાર છે અને પ્રત્યેક પ્રજાજનને પોતાની ફરિયાદ તેની પાસે રજૂ કરવાની છૂટ છે. પરંતુ તે પ્રજા માટે જે કંઈ કરે છે તે પ્રજા પર ઉપકાર ચડાવવા માટે નહિ પરંતુ પ્રજાનું ભલુ કરવું એ રાજાની પવિત્ર ફરજ છે, અને એ ફરજમાંથી ઋણમુક્ત થવા તે લોકકલ્યાણનાં કાર્યો કરી રહ્યો છે. આમ તેની પ્રજા પ્રત્યેની ફરજો અને જવાબદારીનો તેનો આદર્શ તથા એ આદર્શને વ્યવહારમાં મૂકવા માટેની તેની તમન્ના અને તેમાં તેને મળેલી સફળતા એ સર્વ તેને પ્રાચીન કે અર્વાચીન દુનિયામાં સૌથી મહાન રાજવી કહેવા પ્રેરે તેમ છે.

(૧૦) સ્થાપત્યકલાના ઇતિહાસમાં એક તેજસ્વી પ્રકરણનો ઉમેરો – અશોકના રાજ્યઅમલ દરમિયાન બંધાયેલા સ્તૂપો, સ્તંભો, વિહારો, મઠો વગેરે ભારતીય સ્થાપત્યકલાના ઇતિહાસનું એક તેજસ્વી પ્રકરણ બની રહે છે.

---

૧૫. K. M. Panikar : A survey of Indian History, P. 39.

૧૬. प्राचीनभारत. पृ. ६४.

ડૉ. મજુમદારના શબ્દોમાં મૂકીએ તો 'ભારતીય કલાનો ઇતિહાસ વાસ્તવિક રીતે અશોકના સમયથી શરૂ થાય છે,[17] કારણ કે સિંધુખીણની સંસ્કૃતિમાંથી મળી આવેલા સ્થાપત્યકલાના અવશેષોને બાદ કરતાં આવા કલાના નમૂનાઓ અશોકના શાસનકાળ પહેલાં મળ્યા નથી.

(૧૧) ભારતીય ઇતિહાસની લેખિત શરૂઆત – પ્રાચીન ભારતના ઇતિહાસને લાગેવળગે છે ત્યાં સુધી તો અશોકના અભિલેખોને ભારતીય ઇતિહાસના સૌ પ્રથમ લેખિત દસ્તાવેજો ગણવામાં આવે છે, કારણ કે તેના રાજ્યકાળથી જ સૌ પ્રથમ આવી લેખિત નોંધોની શરૂઆત થાય છે.[18] બે અપવાદો[19] બાદ કરતાં આ બધા અભિલેખો બ્રાહ્મીલિપિમાં લખાયા છે, અને આ બ્રાહ્મીલિપિમાંથી જ આધુનિક ભારતીય લિપિના મૂળાક્ષરો ઊતરી આવ્યા છે.

ક. સમાપન – આ છે અશોકનું ઇતિહાસમાં સ્થાન. તેની સિદ્ધિઓનું સરવૈયું કાઢતાં અને વિશ્વ-ઇતિહાસમાં તેનું સ્થાન આંકતાં ઇતિહાસકાર **એચ. જી. વેલ્સ** લખે છે કે, 'ઇતિહાસના પાને જે હજારો જાજવલ્યમાન, ઉદાર, ભવ્ય અને શાંતિપ્રિય રાજાઓની ઠઠ જામે છે, તે બધામાં અશોકનું સ્થાન આખા 'સામ્રાજ્યરૂપી' વ્યોમમાં એક તારાની જેમ ચમકે છે. ઠેઠ વોલ્ગાથી તે જાપાન સુધી એનું નામ આદરણીય ગણાય છે." ટૂંકમાં **"અશોકે પ્લેટોના એ આદર્શનું પાલન કરેલું કે રાજા દાર્શનિક હોવો જોઇએ અને દાર્શનિક રાજા."**[20]

[૭] અશોકના અભિલેખો[21]

અ. **પ્રાસ્તાવિક** – ભારતના ઇતિહાસમાં અશોકના અભિલેખો મહત્ત્વનું

---

૧૭. Ancient India, p. 114.

૧૮. "The earliest written record dates from his reign."

૧૯. આ માટે જુઓ 'અશોકના અભિલેખો' હેઠળનું લખાણ.

૨૦. See Rawlinson : India-A short cultural History, P. 80.

૨૧. અભિલેખો (Edicts) અંગે એક સ્પષ્ટીકરણની જરૂર છે. અભિલેખો એ અશોકની ધર્મઘોષણાઓ (Religious proclamations) કે ધર્માદેશ છે. આવા અભિલેખો ત્રણ પ્રકારના છે. (૧) શિલાલેખો એટલે કે શિલા કે ખડક પર કોતરાવેલ લેખો (ધર્મ આદેશો), (૨) સ્તંભલેખો એટલે સ્તંભ પર કોતરાવેલ લેખો અને (૩) ગુફાલેખો એટલે ગુફાની દિવાલ પર કોતરાવેલ લેખો–ધર્માદેશો. આ પરથી સ્પષ્ટ થાય છે કે 'અશોકના શિલાલેખો' એ શબ્દપ્રયોગ કરતાં અશોકના અભિલેખો એ શબ્દપ્રયોગ વધુ યોગ્ય છે.

સ્થાન ધરાવે છે. આ અભિલેખો જાણે કે અશોકની આત્મકથા કહી જાય છે. જો કે તેમનો ઉદ્દેશ્ય મુખ્યત્વે નૈતિક અને ધાર્મિક છે, છતાં રાજકીય દૃષ્ટિએ તેમનું મહત્વ એ છે કે તેઓ અશોકના શાસનકાળનો ઇતિહાસ જાણવાનું વિશ્વસનીય સ્ત્રોત છે આ અભિલેખો હિમાલયથી મૈસુર સુધી અને ઓરિસ્સાથી સૌરાષ્ટ્ર સુધી ફેલાયેલા છે.

બ. અશોકના અભિલેખોનું વર્ગીકરણ – અશોકના અભિલેખોનું આ પ્રમાણે ત્રણ વિભાગમાં વર્ગીકરણ કરવામાં આવેલ છે: (૧) શિલાલેખો (૨) સ્તંભલેખો અને ગુફાલેખો.

(૧) શિલાલેખો – (Rock Edicts) શિલાલેખો નીચે પ્રમાણે છે.

(ક) ચતુર્દશ શિલાલેખો[૨૨]: આ સૌથી અગત્યના શિલાલેખો (શિલા પર કોતરેલ ધર્માદેશો) છે, જેમના પર ૧૪ ધર્માદેશો કોતરેલા છે, તેથી તેમને 'ચતુર્દશ શિલાલેખો, એવું નામ અપાયેલ છે. સમગ્ર સામ્રાજ્યમાં જુદી જુદી આઠ જગાએ શિલાઓ (ખડકો) પર આ ધર્મના આજ્ઞાસમૂહો કોતરાયેલા છે. આ લેખો (ધર્માદેશો) સામ્રાજયના (૧) શાહબાજ ગઢી (પેશાવર જિલ્લો), (૨) માનસેહરા (હઝારા જિલ્લો), (૩) કાલ્સી (દહેરાદૂન જિલ્લો), (૪) ગિરનાર (સૌરાષ્ટ્ર), (૫) સોપારા (થાણા જિલ્લો, મુંબઈ), (૬) ધૌલી અને (૭) જોગડા (ઓરિસ્સા) (૮) ઈરાગુડી (કર્નુલ જિલ્લો, મદ્રાસ), વગેરે ભાગોમાંથી મળી આવ્યા છે. આ સર્વ શિલાલેખોમાં ધર્મની ૧૪ આજ્ઞાઓ આપવામાં આવી છે. શાહબાજગઢી અને માનસેહરાના શિલાલેખોની લિપિ ખરોષ્ઠી (Kharoshthi) છે, બાકીના અન્ય અભિલેખોની લિપિ બ્રાહ્મી (Brahmi) છે. આ બધા શિલાલેખોમાં અશોકના ધર્મનો મુખ્ય ઉપદેશ કોતરાયેલ છે.

(ખ) બે કલિંગના શિલાલેખો – આ શિલાલેખો ધૌલી અને જૌગડા નામના સ્થળોથી મળી આવ્યા છે. આ બે લેખો ઉપરના ૧૪ શિલાલેખોના પૂરક છે અને તેમના પર કલિંગના વહીવટ અંગેના નિયમો કોતરાયેલા છે.

(ગ) બે લઘુ શિલાલેખો – આ લઘુલેખોમાંથી 'પ્રથમ લઘુલેખો' (૧) રૂપનાથ (જબલપુર જિલ્લો), (૨) બૈરાત (જયપુર), (૩) સહસરામ

૨૨. ચતુર્દશ શિલાલેખો એટલે ચૌદ શિલાલેખો નહિ પરંતુ શિલાઓ પર કોતરેલી ધર્મની ૧૪ આજ્ઞાઓ. તેવી સીતે સપ્તસ્તંભ લેખો એટલે સાત સ્તંભલેખો નહિ પરંતુ સ્તંભો પર કોતરેલી ધર્મની સાત આજ્ઞાઓ.

(બિહાર), (૪) મસકી (રાયપુર જિલ્લો), (૫) સિદ્ધપુર, (૬) જંતિગ–રામેશ્વર અને (૭) બ્રહ્મગિરિ (ત્રણેય મૈસુર રાજ્યમાં) તેમજ ગાવિમઠ અને પાલકીગુંડ (હૈદરાબાદ) વગેરેમાંથી મળી આવ્યા છે, જે અશોકનાં વ્યકિતગત જીવન અને ઇતિહાસ રજૂ કરે છે. જ્યારે 'દ્વિતીય લઘુલેખો' મૈસુર રાજ્યના સિદ્ધપુર, જંતિગ–રામેશ્વર અને બ્રહ્મગિરિમાંથી મળી આવ્યા છે, જે અશોકના ધર્મના લક્ષણોની ઝાંખી કરાવે છે.

(ઘ) ભાબ્રુ શિલાલેખ – આ શિલાલેખ જયપુર જિલ્લાના બૈરાત પર્વતની ટોચ પર એક શિલા પર અંકિત થયેલ છે, જેને ત્યાંથી હઠાવીને હાલ કલકત્તા લાવવામાં આવેલ છે. આ શિલાલેખ પરથી અશોક બૌદ્ધધર્મી હોવાનાં પ્રમાણો મળે છે.

(૨) સ્તંભલેખો (Pillar Edicts) – સ્તંભલેખોમાં સપ્ત સ્તંભ-લેખો અને લઘુ સ્તંભલેખોનો સમાવેશ થાય છે.

(ક) સપ્ત સ્તંભલેખો – આ અગત્યના સ્તંભલેખો નામ પ્રમાણે સાત નથી પરંતુ સ્તંભો પર ધર્મની સાત આજ્ઞાઓ કોતરાયેલ છે તેથી તેમને 'સપ્તસ્તંભલેખો' એવું નામ અપાયેલ છે. આ સ્તંભલેખો સામ્રાજ્યના (૧) ટોપરા (જે પહેલા અંબાલા પાસે હતો, હાલમાં દિલ્હીમાં છે) (૨) મિરત (દિલ્હી) (૨) કૌશામ્બી (અલ્હાબાદ) (૪) લૌરિયા અરરાજ, (૫) લૌરિયા નંદગઢ, (૬) રામપુર (ત્રણે બિહારમાં આવેલ ચંપારણ જિલ્લામાં) વગેરે ભાગોમાંથી મળી આવ્યા છે. આ સ્તંભલેખોમાં અશોકે ધર્મપ્રચાર માટે કરેલા પ્રયાસોનો ઉલ્લેખ છે.

(ખ) લઘુસ્તંભ લેખો : આ સ્તંભલેખો સાંચી (ભોપાલ), કૌશામ્બી (અલ્હાબાદ) અને સારનાથમાંથી મળી આવ્યા છે.

(ગ) બે તરાઈ સ્તંભલેખો : આ સ્તંભલેખો નેપાળ જિલ્લાના તરાઈમાં આવેલ લુમ્બિનીવન અને નિગાલીવમાંથી મળી આવ્યા છે, જેમાં અશોકે કરેલ ધાર્મિકયાત્રાનો ઉલ્લેખ છે.

(૩) ગુફાલખો (Caves Edicts) : આ અભિલેખો ગયાથી ૧૬ માઈલ આવેલ બર્બર (Barabar)ની પહાડીઓમાં આવેલ ત્રણ ગુફાઓની દિવાલો પર કોતરાયેલ છે. આ અભિલેખો પર અશોકે આજીવિકા સંપ્રદાયને કરેલ દાન કાર્યોની નોંધ કરેલ છે, જે પરથી અશોકની ધર્મસહિષ્ણુતાની નીતિનો ખ્યાલ આવે છે.

क. અભિલેખોનો રચનાકાળ : અશોકના અભિલેખોનો રચનાકાળ નીચે પ્રમાણે નિર્ધારિત કરવામાં આવેલો છે.

(ક) શિલાલેખો :

૧, ચતુર્દશ શિલાલેખોનો સમય : ઈ. સ. પુ, ૨૫૭–૨૫૬,

૨. બે કલિંગના શિલાલેખોનો સમય : ઈ, સ. પૂ. ૨૫૬.

૩. બે લઘુલેખોનો સમય : ઈ. સ. પૂ. ૨૫૮ કે ૨૫૭.

૪. ભાબ્રુલેખનો સમય : ઈ. સ. પૂ ૨૫૮ કે ૨૫૭.

(ખ) સ્તંભલેખો :

૧. સપ્તસ્તંભલેખોનો સમય : ઈ. સ. પૂ. ૨૪૨.

૨. લઘુસ્તંભલેખોનો સમય : ઈ. સ. પૂ. ૨૪૯.

૩. તરાઈસ્તંભલેખોનો સમય : ઈ. સ. પૂ. ૨૪૯,

(ગ) ગુફાલેખોનો સમય : ઈ. સ. પૂ. ૨૫૭.

ख. અભિલેખોની લિપિ અને ભાષા : શાહબાજગઢી અને માન–સેહરાના શિલાલેખાની લિપિ ખરોષ્ઠી છે, બાકીના બધા જ અભિલેખોની લિપિ બ્રાહ્મી છે. આ પરથી સ્પષ્ટ થાય છે કે અશોકના તમામ અભિલેખો જનતાના બોલચાલની ભાષા એવી પાલિ ભાષામાં કોતરાયેલા છે.

ग. અભિલેખોનો હેતુ : શિલા, સ્તંભ અને ગુફા પર કોતરાયેલા અશોકના અભિલેખોનો હેતુ ધાર્મિક અને નૈતિક હતો. **પ્રા. રેપ્સનના** મતે અશોકના અભિલેખોનો હેતુ ઐતિહાસિક કે રાજકીય, હોવાને બદલે નૈતિક અને ધાર્મિક હતો,[13] અને એ રીતે તે વિશ્વના ઇતિહાસમાં અનન્ય છે. અશોકે અભિલેખો કોતરાવ્યા પોતાની મહત્તા ગાવા માટે નહીં, પરંતુ પ્રજા ધર્મને સાચા અર્થમાં સમજી શકે અને જીવનમાં આચરી શકે એ માટે. લોકોનું ભલું કરવું, સર્વ જીવોને અભયદાન, જીવ માત્ર માટે આદર અને શાંતિ ને પ્રેમભર્યું સદાચરણ વગેરેને અશોક ધર્મવિજય ગણતો. અશોકને આવા ધર્મવિજયમાં જ રસ હતો. આ જ હેતુથી તેણે અભિલેખો કોતરાવ્યા છે, જેથી તેના પુત્ર અને પૌત્રો પણ નવા વિજયો ન ઇચ્છે, પરંતુ ધર્મદ્વારા મળતા વિજયને જ તેઓ સાચો વિજય સમજે તેમજ લોકકલ્યાણ માટે તેના દાખલાને અનુસરે.

घ. અભિલેખોનું ઐતિહાસિક મહત્ત્વ : પ્રા. રેપ્સનના મતે અશોકના અભિલેખો ઐતિહાસિક સ્વરૂપના ન હતા છતાં તેઓ અશોકકાલીન ઇતિહાસ અંગે કિંમતી હકીકત પૂરી પાડે છે, તેથી આ લેખો ઐતિહાસિક

13. Ancient India, P. 56.

દૃષ્ટિએ પ્રાચીનભારતમાં નીચે મુજબનું મહત્ત્વ ધરાવે છે.

(૧) સામ્રાજ્ય વિસ્તારની માહિતી : સામ્રાજ્યના ચારે છેડેથી મળતા તેના અભિલેખો પરથી અશોકના સામ્રાજ્યના વિસ્તાર અંગેની માહિતી સાંપડી છે. અભિલેખો પરથી જણાય છે દૂર દક્ષિણમાં પાંડ્ય, ચોલ, કેરલ, સત્યપુત્ર વગેરે રાજ્યો અશોકના આધિપત્ય નીચે હતાં.

(૨) ધર્મનું જ્ઞાન : અશોકના અભિલેખો પરથી તેના ધર્મ વિષેનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. ભાબ્રુ જેવા શિલાલેખો અશોકના વ્યકિતગત બૌદ્ધધર્મનો પરિચય કરાવે છે અને એ અંગે જરૂરી પુરાવા પૂરા પાડે છે. તેમજ અન્ય અભિલેખો બતાવે છે કે તેણે જે ધર્મનો પ્રચાર કર્યો તે બૌદ્ધધર્મનો નહિ પરંતુ માનવધર્મ હતો, જેને આપણે વિશ્વધર્મ કહી શકીએ. બર્બરની ગુફાઓ તેની ધાર્મિક સહિષ્ણુતાનો પરિચય કરાવે છે. 'અશોકનો ધર્મ એ સર્વ ધર્મોનો સાર છે' એ હકીકત તેના શિલાલેખ નં. ૧૨ પરથી સ્પષ્ટ થાય છે.

(૩) અશોકના ચારિત્ર્યનું નિરૂપણ : અભિલેખો તેના ચારિત્ર્ય પર પ્રકાશ પાડે છે. આ અભિલેખો વાસ્તવમાં જાણે કે અશોકની આત્મકથા કહી જાય છે. દાન, દયા, પ્રેમ-કરુણા, સેવા વગેરે નૈતિક આદર્શોની મૂર્તિમંત પ્રતિમા તરીકે અશોક અભિલેખોમાં વ્યકત થાય છે. અભિલેખો પરથી અશોકે આદરેલ કલિંગનું યુદ્ધ, એ યુદ્ધના પરિણામે તેના જીવનમાં આવેલું પરિવર્તન, ભાવિમાં યુદ્ધ નહિ કરવાનો તેનો નિશ્ચય, તેણે અંગીકાર કરેલ બૌદ્ધધર્મ, અને તેના પ્રચાર માટે કરેલા પ્રયાસો, તેના આચારવિચાર, રહેણીકરણી વગેરેમાં આવેલું પરિવર્તન વગેરેનો પરિચય થાય છે. આમ 'અશોકનો જીવન ઇતિહાસ તેના અભિલેખો પરથી પ્રાપ્ત થઈ શકે છે, જે તેની આત્મકથા જેવા ભાસે છે.' (ડૉ. મુકરજી) They give us insight into his inner feeling & ideas.

(૪) શાસન વ્યવસ્થાને લગતી માહિતી : અશોકે કોતરાવેલા અભિલેખોનો હેતુ મુખ્યયત્વે તો ધાર્મિક અને નૈતિક હતો. પરંતુ તેમાંથી અશોકની શાસનવ્યવસ્થા, વહીવટી આજ્ઞાઓ, વગેરે વિષે સારા પ્રમાણમાં માહિતી મળે છે. તેના ઘણા અભિલેખોમાં રાજ્યના અધિકારીઓનાં નામો અને તેમની ફરજોનો સ્પષ્ટ ઉલ્લેખ છે.

(૫) વિદેશનીતિનો પરિચય : અભિલેખો તેની પરિવર્તિત વિદેશ નીતિનો ખ્યાલ આપે છે. કલિંગના યુદ્ધના પરિણામે તેની વિદેશનીતિમાં થયેલ પરિવર્તન અંગે અભિલેખો પરથી જાણી શકાય છે. આ યુદ્ધ બાદ તેણે હંમેશ માટે યુધ્ધની નીતિનો પરિત્યાગ કર્યો અને ધર્મવિજયની નીતિ અપનાવી. આ

નવી નીતિના અમલ માટે તેણે સીરિયા, ઈપીરસ, ઇજિપ્ત વગેરે દેશોમાં પોતાના રાજદૂતો (શાંતિના ફિરસ્તાઓ) મોકલ્યા અને તેમની સાથે મૈત્રી સંબંધો બાંધ્યા.

(૬) **કાલક્રમનું જ્ઞાન :** અશોકના અભિલેખો પરથી ઇતિહાસના કાલક્રમને લગતી સૌથી મહત્ત્વની માહિતી સાંપડે છે. દા. ત., શિલાલેખ નં. ૧૩માં તેના સમકાલીન રાજાઓનો ઉલ્લેખ છે, જે પરથી અશોકના રાજ્યાભિષેકની તિથિ અને એ રીતે તેના શાસનકાળનો સમય નિર્ધારિત થઈ શકે છે. આ રીતે આ અભિલેખોને ભારતીય ઇતિહાસના સૌ પ્રથમ લેખિત દસ્તાવેજો ગણવા જોઇએ. ટૂંકમાં આ અભિલેખો એ અશોકકાલીન ઇતિહાસ જાણવા માટેની સાધનસામગ્રીનો અદ્વિતીય સંગ્રહ છે.

(૭) **કલાપ્રિયતાનું દર્શન :** અશોકના અભિલેખો એ સ્થાપત્ય કલાના ઉત્તમ નમૂના છે, જે અશોકની કલાપ્રિયતાની ઝાંખી કરાવે છે અને એ રીતે મૌર્યકાલીન કલાનો પણ પરિચય કરાવે છે.

ङ. સમાપન : આ પ્રમાણે અશોકના અભિલેખો પ્રાચીન ભારતના ઇતિહાસમાં અદ્વિતીય સ્થાન ધરાવે છે. તે અશોકના શાસનકાળનો ઇતિહાસ જાણવાનાં પ્રમાણભૂત સ્રોતો છે. અલબત્ત, તેમનો હેતુ મુખ્યત્વે નૈતિક અને ધાર્મિક હોવા છતાં તેમાંથી અશોકના રાજ્યઅમલ દરમિયાન ઐતિહાસિક બનાવોની હકીકતો અંગે સંતોષકારક માહિતી સાંપડે છે, અને તેના પરથી અશોકની કારકિર્દીનો ઇતિહાસ રચી શકાય છે. આ અભિલેખો ઇતિહાસકારો માટે ખૂબ મહત્ત્વ ધરાવે છે, કારણકે તેની સહાયથી અશોકકાલીન ગૃહનીતિ, પરદેશનીતિ, ધર્મ, સ્થાપત્યકલા વગેરેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે.

(૮) મૌર્ય સામ્રાજ્યના પતનનાં કારણો : આ પતન માટે અશોકની ધર્મ કેટલે અંશે જવાબદાર ?

अ. પ્રાસ્તાવિક : મૌર્ય સામ્રાજ્યનું પતન અન્ય સામ્રાજ્યોની અપેક્ષા ઝડપી બન્યું. જે સામ્રાજ્યનો પાયો પ્રથમ ઐતિહાસિક સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્યે નાખ્યો અને જેના ગૌરવની અભિવૃદ્ધિ અશોકે કરી એવા આ સામ્રાજ્યનું પતન આટલું ઝડપથી થયું એ એક ઐતિહાસિક અજાયબી લેખાય છે.

ब. મૌર્ય સામ્રાજ્યના પતનનાં કારણો : મૌર્ય સામ્રાજ્યના પતનનાં કારણોને અભ્યાસની સરળતા ખાતર નીચે પ્રમાણે બે વિભાગમાં વહેંચી શકાય:

* **સામાન્ય કારણો :**

(૧) બલવત્તર બનેલી વિઘટનની પ્રવૃત્તિઓ : મૌર્ય સામ્રાજ્યના પતન માટે સૌથી મહત્ત્વના કારણ તરીકે સામ્રાજ્યમાં બલવત્તર બનેલી વિઘટનની પ્રત્તિઓને ગણવામાં આવે છે. અશોક શાસનકાળ સુધી તો મૌર્ય સામ્રાજ્ય પર સુદૃઢ શાસનતંત્રનો દોર હતો. પરંતુ તેના મૃત્યુ પછી કેન્દ્રીય સરકાર નિર્બળ પડી ગઈ, આનો લાભ લઈ સામ્રાજ્યથી દૂર આવેલા અધિકારીઓએ પોતાની સત્તાનો ઉપયોગ કરી મૌર્ય– સામ્રાજ્યને છિન્નભિન્ન કરવા પ્રયાસો કર્યા. કલ્હણના વિવરણ મુજબ અશોકના બીજા પુત્ર જલૌકે કાશ્મીરમાં સ્વતંત્ર શાસન જમાવ્યું, તથા તેણે કનોજ સુધીના પ્રદેશો પર પોતાનું આધિપત્ય સ્થાપ્યું. તિબેટી ઇતિહાસકાર તારાનાથના મતે અશોકના વીરસેન નામના પ્રાંતીય શાસકે ગાંધારમાં પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. કાલિદાસ કૃત 'માલવિકાગ્નિમિત્ર' પરથી જણાય છે વિદર્ભ પણ મૌર્ય સામ્રાજ્યથી સ્વતંત્ર બન્યું હતું. આમ મૌર્ય સામ્રાજ્યની વિકેન્દ્રીકરણની (વિઘટનની) પ્રવૃત્તિ એટલી બધી બલવત્તર બની ગઈ હતી કે તેને રોકવી મુશ્કેલ હતી.

(૨) પ્રાંતીય સુબાઓ અને અધિકારીઓનો પ્રજા સાથેનો અત્યાચારી વર્તાવ : પ્રા. બી. જી. ગોખલેના મત મુજબ સામ્રાજ્યથી દૂર આવેલા પ્રાંતીય સુબાઓ અને અધિકારીઓનો પ્રજા સાથેનો વ્યવહાર ખૂબ જ અત્યાચારી હતો.[૨૪] આ અધિકારીઓ પ્રજાને હેરાનપરેશાન કરતા. તેઓ કર્તવ્ય વિમુખ બન્યા હતા. પરિણામે ધીરે ધીરે પ્રજાની કેન્દ્રસત્તા પ્રત્યેની વફાદારી ઓસરી ગઈ. 'દિવ્યાવદન'માં આવા બે પ્રજાકીય વિદ્રોહોનો ઉલ્લેખ છે. બિંદુસારના સમયમાં તક્ષશિલાની પ્રજાએ મંત્રીઓના અત્યાચાર સામે બળવો પોકાર્યો, જેથી બિંદુસારે અશોકને ત્યાં મોકલી એ બળવો સમાવ્યો, અશોકના શાસનકાળમાં તક્ષશિલામાં પ્રજાએ કરેલો બળવો એ ત્યાંના મંત્રીઓના અત્યાચારી વર્તાવનું પરિણામ હતું, જે સમાવવા અશોકે પોતાના પુત્ર કુલાણને મોકલ્યો હતો. આ પ્રકારના વિદ્રોહોએ સામ્રાજ્યનો પાયો હચમચાવી મૂકયો.

(૩) સામ્રાજ્યની વિશાળતા : મૌર્ય સામ્રાજ્યની સીમાઓ–સરહદો એટલે બધે સુધી ફેલાયેલી હતી કે એક જ જગાએથી (કેન્દ્રસ્થાનેથી) સમગ્ર સામ્રાજ્ય પર નિયંત્રણ અને દેખરેખ રાખવાનું મુશ્કેલ હતું. એ જમાનામાં ઝડપી વાહનવ્યવહારનાં કે સંદેશા વ્યવહારનાં સાધનો પૂરતા પ્રમાણમાં વિકસેલાં ન હતાં, તેથી અયોગ્ય રાજવીના સમયમાં આવડા મોટા સામ્રાજ્ય પર શાસન

૨૪. Dr. B. G. Gokhale : Ancient India, P. 46.

ચલાવવું મુશ્કેલ હતું. પરિણામે અશોકના અવસાન બાદ તેના અયોગ્ય ઉત્તરાધિકારીઓના સમયમાં સામ્રાજ્યના ટુકડે ટુકડા થઈ ગયા.

(૪) રાજ્ય દરબારના કાવાદાવા (ષડ્યંત્રો) : મૌર્ય સામ્રાજ્યના રાજદરબારમાં અને અંતઃપુરમાં ચાલતા કાવાદાવાએ પણ સામ્રાજ્યની પડતી નોતરી. અશોકની રાણીઓ અને તેના પુત્રો એકબીજાની વિરૂદ્ધ કાવત્રાં કરતા. માલવિકાગ્નિમિત્રના વિવરણ મુજબ છેલ્લા મૌર્યરાજા બૃહદ્રથના સમયમાં બે પરસ્પર વિરોધી સત્તાજૂથો ઊભાં થયાં હતાં. એક જૂથ સેનાપતિનું અને બીજું મુખ્યમંત્રીનું. આ બંને જૂથો વચ્ચે સત્તા માટે હરીફાઈ ચાલતી, પરિણામે મૌર્ય સામ્રાજ્યની શક્તિ દિનપ્રતિદિન ક્ષીણ થતી ગઈ. છેવટે બૃહદ્રથના સમયમાં તેના સેનાપતિ પુષ્યમિત્રશુંગે મૌર્ય સમ્રાટનું ખૂન કરી રાજગાદી કબજે કરી.

(૫) અશોક પછીના નિર્બળ વારસદારો – અશોક પછીના મૌર્ય રાજાઓ એટલા બધા વામણા (shadowy personages) હતા કે તેમના ખભા ભવ્ય રાજાશાહીનો ભાર ઝીલી શકે તેમ ન હતા. એટલે આ સામ્રાજ્ય થોડાં વર્ષો સુધી તો વ્યવસ્થિત ચાલ્યું, પણ અશોક પછીના રાજ્યકર્તાઓની નિર્બળતા ખુલ્લી પડતાં તે વેરવિખેર થઈ ગયું. આમ અશોકના નિર્બળ વારસદારોને પણ મૌર્ય સામ્રાજ્યના પતન માટે જવાબદાર ગણી શકાય.

(૬) રાજાશાહી તંત્રનો દોષ – ડૅા. આર કે. મુકરજી મૌર્યસામ્રાજ્યના પતનમાં તો આખી રાજકીય સંસ્થાના પાયામાં રહેલી આંતરિક નિર્બળતાને કારણ ભૂત માને છે, કારણ કે મૌર્યસામ્રાજ્યના પાયામાં આખરે તો રાજાશાહી હતી અને રાજાશાહી માટે તો સનાતન શાપ છે કે એક રાજા પોતાના વ્યક્તિગત સદ્‌ગુણો તેના વારસોને આપી શકતો નથી.[૨૫] પરિણામે સામ્રાજ્યના કેન્દ્રરૂપ રાજા જ્યાં સુધી સુદૃઢ અને શક્તિશાળી હોય છે ત્યાં સુધી શાસનતંત્ર સરળતાથી ચાલે છે પરંતુ તેથી ઊલટું, જો રાજા નિર્બળ હોય તો શાસનતંત્ર અનિયમિત અને કમજોર પૂરવાર થાય છે. આમ રાજાશાહી શાસનતંત્રની સ્થિરતા કે અસ્થિરતાનો આધાર રાજાની વ્યક્તિગત યોગ્યાયોગ્યતા પર અવલંબે છે. આ હકીકત મૌર્યસામ્રાજ્યના સંદર્ભમાં તપાસતાં સત્ય માલૂમ પડે છે. અશોકના સમય સુધી શાસનતંત્ર સરળતાથી ચાલ્યું, પરંતુ તેના પછીના મૌર્ય શાસકો તેના જેટલા શક્તિશાળી અને યોગ્ય ન નીવડયા, તેથી કેન્દ્રીયશાસન નિર્બળ અને અયોગ્ય સાબિત થયું. આનું પરિણામ એ

---

२५. डॉ. मुकुर्जी : प्राचीन भारत, पृ. ६९.

આવ્યું કે સંપૂર્ણ સામ્રાજ્ય નિર્બળ પડી ગયું અને ધીરે ધીરે તે ખંડિત થઈ ગયું.

(૭) વિદેશી આક્રમણો – ડૉ. રાયચૌધરીના મતે અશોકે તેના દાદા ચંદ્રગુપ્તમૌર્યની દિગ્વિજય (સૈનિક વિજય)ની નીતિને સ્થાને ધર્મ-વિજયની નીતિ અપનાવી તથા પોતાના પુત્ર અને પૌત્રોને યુદ્ધ નહિ કરવાનો આદેશ આપ્યો. આનું પરિણામ એ આવ્યું કે તેના ઉત્તરાધિકારીઓને યુદ્ધકલામાં કોઈ રસ ન રહ્યો. આથી અશોકના અવસાન બાદ ભારત પર થયેલાં પરદેશી આક્રમણો સામે તેઓ રણ–કૌશલ્ય દાખવી શકયા નહિ. ભારતની ઉત્તર–સરહદ પરના બૅકટ્રીયા અને પાર્થિયાના બળવાન રાજ્યોએ અશોકના મૃત્યુ બાદ મૌર્ય સામ્રાજ્ય પર આક્રમણો કરીને તેને નિર્બળ બનાવવામાં અને એ રીતે તેનું પતન નોતરવામાં ફાળો આપ્યો.

* **અશોકની ધર્મનીતિની પતન માટે જવાબદારી** : મૌર્ય સામ્રાજ્યના પતન માટે અશોકની ધર્મનીતિ જવાબદાર હતી, તે માટે નીચેનાં કારણો રજૂ કરવામાં આવ્યાં છે.

(૧) અશોકની શાંતિમય (અહિંસક) ધર્મનીતિ : કેટલાક ઇતિહાસકારો મૌર્ય સામ્રાજ્યના પતન માટે અશોકની શાંતિમય–અહિંસકવાદી–નીતિને જવાબદાર માને છે. તેણે બૌદ્ધ સ્વીકારીને હિંદમાં અહિંસાનું વાતાવરણ પેદા કર્યું, પરિણામે ભારતીય પ્રજાનો અને સૈનિકોનો જોમ–જુસ્સો ઓસરી ગયો અને તેના સૈનિકોમાં શિથિલતા આવી. તેણે યજ્ઞોમાં થતી પશુહિંસા બંધ કરાવી. લઘુશિલાલેખ નં. ૧ ના વિવરણ મુજબ અશોક જણાવે છે કે જે વ્યકિતઓ (બ્રાહ્મણો) પહેલાં યજ્ઞમાં થતી પશુહિંસાને લીધે ઈશ્વરથી દૂર હતી, તેઓ પશુહિંસા બંધ થવાથી ઈશ્વરની વધુ નજીક આવી છે.અશોકનાં આવાં વિધાનોએ બ્રાહ્મણોમાં ભારે અસંતોષનો વાવંટોળ જગાવ્યો અને તેઓએ બળવો પોકાર્યો.

(૨) દાન આપવાની પ્રવૃત્તિ : અશોકે ધર્મપ્રચાર અર્થે સ્તૂપો, વિહારો, અભિલેખો કોતરાવ્યા તેમજ દેશવિદેશોમાં ધર્મપ્રચારકો મોકલ્યા. આ અર્થે તેણે અનેક લોકોપયોગી કાર્યો કર્યાં. આ ઉપરાંત તે બૌદ્ધસંઘને છૂટે હાથે દાન આપતો. આ બધાથી તેનો શાહીખજાનો ખાલી થઈ ગયો. પરિણામે 'રાજાની શકિત–(સત્તા) ખજાના પર અવલંબે છે.' એ હકીકતને સમજનાર અમાત્યોને ચિંતા થઈ. 'દિવ્યાવદાન'ના વિવરણ મુજબ એક વખત અશોક કુકકુટારામ વિહારને દાન આપવા ઇચ્છતો હતો, પરંતુ તેના અમાત્યોએ યુવરાજ સંપ્રતિને સમજાવીને આ દાનને રોકયું હતું. આમ તેની ધર્મ–

નીતિએ સૈનિકોની શકિતનો હ્રાસ કર્યો તો તેની દાન-ધર્મની પ્રવૃત્તિએ સામ્રાજ્યની આર્થિકનીતિનું આખુ માળખું જ હચમચાવી મૂકયું. આમ ધાર્મિક દૃષ્ટિએ યોગ્ય જણાતી તેની દાનધર્મ પ્રવૃત્તિ રાજકીય દૃષ્ટિએ દૂરંદર્શીતા-પૂર્ણ ન હતી.

(૩) ધર્મ મહામાત્રોની નિમણુક – પ્રજામાં ધર્મનો પ્રચાર કરવા અને એ રીતે તેમની નૈતિક ઉન્નતિ સાધવા માટે અશોકે ધર્મમહામાત્રોની નિમણૂંક કરી, પરંતુ તેમની નિમણુકથી બ્રાહ્મણ આચાર્યોના હક્ક પર તરાપ પડી. તેથી બ્રાહ્મણો મૌર્યસામ્રાજ્ય પ્રત્યે ઉશ્કેરાયા અને તેમણે પંડિત હરપ્રસાદ શાસ્ત્રના મંતવ્ય મુજબ બ્રાહ્મણ સેનાપતિ પુણ્યમિત્રના નેતૃત્વ નીચે બળવો કર્યો. પરંતુ અશોક ધર્મસહિષ્ણુ હતો, અને તેણે ધર્મમહામાત્રોને બ્રાહ્મણ પ્રત્યે યોગ્ય સન્માન દાખવવા આદેશ પણ આપેલો, એટલે હરપ્રસાદનું ઉપરોકત વિધાન ન્યાયી ઠરતું નથી.

ક. સમીક્ષા – આ હતાં મૌર્યસામ્રાજ્યના પતન માટેનાં કારણો, જેને માટે અશોકની ધર્મનીતિ કેટલે અંશે જવાબદારી હતી એ એક વિવાદસ્પદ પ્રશ્ન છે. તેની ધર્મનીતિ મૌર્ય સામ્રાજ્યના પતન માટેનાં અનેક કારણોમાંનું એક કારણ લેખી શકાય. હરપ્રસાદ શાસ્ત્રી જણાવે છે કે તેની ધર્મનીતિને લીધે –બ્રાહ્મણોએ પુષ્પમિત્રના નેતૃત્વ હેઠળ પોકાર્યો તથા ધર્મમહામાત્રોની નિમણુકને લીધે બ્રાહ્મણોના ચાલ્યા આવતા હક્કો ઝૂટવાઈ ગયા–તેથી બ્રાહ્મણવર્ગ મૌર્ય સામ્રાજ્ય પ્રત્યે ઉશ્કેરાઈ ગયો. જ્યારે ડૉ. રાયચૌધરી માને છે કે તેની ધર્મનીતિને લીધે બ્રાહ્મણોએ બળવો પોકર્યો ન હતો તેમજ મૌર્ય સામ્રાજ્યના પતનમાં તેમનો કોઈ હિસ્સો ન હતો. આ બંને મંતવ્યો અંતિમવાદી છે. વાસ્તવિકતા આ બંને મંતવ્યોની વચમાં છે, અને કદાચ અશોકની નીતિએ મૌર્યસામ્રાજ્યનું પતન નોતર્યું હોય તો પણ હિંદને તેને માટે અફસોસ કરવા-પણું નથી, કારણ કે એ સામ્રાજ્ય તો વહેલું કે મોડું છિન્ન ભિન્ન તો થવાનું જ હતું, અશોકે તેના દાદાની ખૂના મરકી અને તલવારની નીતિ અપનાવી હોત તો પણ.

*

આટલું યાદ રાખીએ તો.........

૧. ચંદ્રગુપ્ત મૌર્યની કારકિર્દી.. ...નીચે મુજબ છે.

અ. પૂર્વજીવન ને કુળ :

૧. તેનો જન્મ પિપ્ફલીવનમાં રહેતી મોરિય નામની ક્ષત્રિય જાતિના સરદારને ત્યાં ઈ. સ. પૂર્વે ૩૪૫માં થયો હતો. તેના પિતાનું નામ મૌર્ય હતું,

તેણે તક્ષશિલામાં કેળવણી લીધી હતી. ચાણક્યની મદદથી તેણે મગધની ગાદી મેળવી.

૨. તે પારસી હોવાનું સ્પૂનર જણાવે છે. મુદ્રારાક્ષસ તેને શૂદ્ર કે કુલહીન તરીકે ઓળખાવે છે. મહાવંશ, કલ્પસૂત્ર, અર્થશાસ્ત્ર વગેરે તેને ક્ષત્રિય ગણે છે. ટૂંકમાં તે ક્ષત્રિય કુળનો હતો.

બ. રાજકીય કારકિર્દી :

૧. વિજયો–જીતો : સામ્રાજ્ય નિર્માતા તરીકે......તેણે

૧. સિંધુ પ્રદેશમાંથી ગ્રીક સૈન્યને હાંકી કાઢ્યું. ૨. મગધમાંથી નંદવંશનો નાશ કરી ત્યાં મૌર્ય વંશની સ્થાપના કરી.	ગાદીએ આવ્યા પહેલાંની જીતો.
૩. સેલ્યુકસને હરાવી કાબુલ, કંદહાર હેરાત વગેરે પ્રદેશો મેળવ્યા. ૪. ગુજરાત-સૌરાષ્ટ્ર જીત્યું હતું. ૫. દક્ષિણ પ્રદેશની જીત કરી હતી.	ગાદીએ આવ્યા પછીની જીતો.

૨. શાસનવ્યવસ્થા : વ્યવસ્થાપક તરીકે...તે બાબરથી ચડિયાતો હતો.

ક. કેન્દ્રીય વહીવટ......આ પ્રમાણે હતો.

૧. રાજા શાસનતંત્રનો સર્વોપરી વડો હતો.

૨. તેને રાજકાજમાં સહાય માટે ૧૨ થી ૨૦ સભ્યોનું મંત્રીમંડળ હતું.

૩. તેના સમયમાં ૧૮ વહીવટ ખાતાંઓ હતાં.

૪. તેના લશ્કરીતંત્રનો વહીવટ ૩૦ સભ્યોની બનેલી લશ્કરી સમિતિને હસ્તક હતો,

ખ. પ્રાંતીય વહીવટ......નીચે મુજબ હતો.

૧. તેનું સામ્રાજ્ય ઉત્તરાપથ, અવન્તી, સૌરાષ્ટ્ર, અને દક્ષિણાપથ એમ ચાર ભાગમાં વહેંચાયેલું હતું.

૨. પ્રતિવેદક રાજ્યના અધિકારીઓની કામગીરી પર ધ્યાન રાખતો.

ગ. પ્રાદેશિક વહીવટ......આ પ્રમાણે હતો.

૧. સ્થાનિય (જિલ્લા) નો ઉપરી 'સ્થાનિક' હતો.

૨. સંગ્રહ (તાલુકા) નો ઉપરી 'ગોપ' હતો.

૩. ગ્રામનો મુખ્ય અધિકારી 'ગ્રામણી' હતો.

ઘ. નગરનો વહીવટ......નમૂનેદાર વ્યવસ્થા હતી.

૧. ૩૦ સભ્યોનાં બનેલાં ૭ બોર્ડ પાટલીપુત્રનો વહીવટ સંભાળતાં.

૨. આ ૭ બોર્ડ પોતપોતાનાં કાર્યો ઉપરાંત સામૂહિક રીતે સાર્વજનિક હિતનાં કાર્યો કરતાં.

क. અવસાન...........તેનું અવસાન મૈસુરમાં આવેલ શ્રવણ બેલગોલામાં થયું. (ઈ. સ. પૂર્વે ૨૯૮).

ड. ઇતિહાસમાં સ્થાન.........અદ્વિતીય સ્થાન ધરાવે છે.

૧. તે પ્રથમ ઐતિહાસિક સમ્રાટ હતો. ૨. તે અદ્વિતીય સામ્રાજ્ય–નિર્માતા હતો. ૩. તે ભારતનો પ્રથમ રાષ્ટ્ર–નિર્માતા હતો. ૪. તે કુશળ વહીવટકર્તા હતો. ૫. તે પ્રજાપાલક રાજવી હતો. ૬. તે ન્યાયી તટસ્થ રાજવી હતો.

૨. અશોકની કારકિર્દી અને સિદ્ધિઓ......નીચે પ્રમાણે હતી.

अ. પૂર્વજીવન અને રાજ્યગાદીની પ્રાપ્તિ.........

૧. ગાદીએ આવતાં પહેલાં તેણે ઉજ્જૈન ને તક્ષશિલામાં સુબાગીરી કરી હતી.

૨. તેના પિતા બિંદુસારના અવસાન બાદ (ઈ. સ. પૂ. ૨૭૩ પછી) ચાર વર્ષે તેનો રાજ્યાભિષેક થયો. (ઈ. સ. પૂ ૨૬૯).

૩. તેના રાજ્યાભિષેકના પ્રશ્ને ઇતિહાસમાં ભારે વિવાદ ઉપસ્થિત કર્યો છે.

ब. રાજકીય કારકિર્દી.........

ક. પરદેશ નીતિ :

તેણે કલિંગ જીત્યું તેમજ પરરાજ્યો સાથે મૈત્રીભર્યા સબંધો વિકસાવ્યા.

ખ. આંતરિક નીતિ :

૧. શાસનનીતિ.........નીચે પ્રમાણે હતી.

(i) કેન્દ્રીય શાસનતંત્રમાં તે સર્વોપરી હતો.

(ii) તેનું સામ્રાજ્ય ચાર પ્રાંતો (ઉત્તરાપથ, કલિંગ, અવન્તી, દક્ષિણાપથ)માં વહેંચાયેલું હતું.

(iii) અશોકના સમયમાં ધર્મમહામાત્ર, રાજૂક, પ્રાદેશિક, પતિવેદક, ગનન, અંતમહામાત્ર વગેરે અધિકારીઓ હતા.

(iv) તેણે વહીવટક્ષેત્રે આ પ્રમાણે સુધારા કર્યા: ધર્મમહામાત્રોની નિમણૂક કરી, રાજ્યના અધિકારીઓને દર પાંચ વર્ષે રાજ્યનું નિરીક્ષણ કરવા આદેશ આપ્યો, 'વ્યુષ્ટ' ની નિમણૂક કરી, રાજૂકોને સન્માન ને દંડવિષયક સત્તાઓ આપી, દર વર્ષે રાજ્યાભિષેકના દિને કેદીઓને મુક્ત કરતો, તથા પ્રજાની નૈતિક ને આધ્યાત્મિક પ્રગતિ માટે પ્રયાસો કર્યા.

૨. ધર્મનીતિ.........બૌદ્ધધર્મી છતાં ધર્મસહિષ્ણુ હતો.

(i) કલિંગના યુદ્ધ પછી તેણે યુદ્ધને તિલાંજલિ આપીને બૌદ્ધધર્મ અંગીકાર કર્યો.

(ii) બૌદ્ધધર્મના પ્રચાર અર્થે તેણે બૌદ્ધધર્મને રાજ્યધર્મ તરીકે જાહેર કર્યો, અહિંસકનીતિ સ્વીકારી, ધર્મમહામાત્રો નીમ્યા, ધર્મયાત્રા આરંભી, બુદ્ધના નામ સાથે જોડાયેલા પવિત્ર સ્થળોની યાત્રા કરી અને તેમ કરવા અધિકારીઓને અનુરોધ કર્યો, પાટલીપુત્રમાં ત્રીજી બૌદ્ધપરિષદ બોલાવી, અભિલેખોમાં બૌદ્ધધર્મના સિદ્ધાંતો કોતરાવ્યા, પાલીભાષામાં બૌદ્ધગ્રંથોનો અનુવાદ કરાવ્યો, અને દેશવિદેશોમાં ધર્મપ્રચારકો મોકલ્યા.

(iii) છતાં તે ધર્મસહિષ્ણુ હતો, તે સર્વધર્મો પ્રત્યે સમભાવ રાખતો. તેનો ધર્મ એ સર્વધર્મોનો સાર હતો.

૩. સ્થાપત્ય-કલાવિષયક નીતિ.........તેણે

(i) કાશ્મીરમાં 'શ્રીનગર' ને નેપાળમાં 'લલિતાપટન' બંધાવ્યાં.

(ii) સામ્રાજ્યભરમાં ૮૪ હજાર સ્તૂપો બંધાવ્યા ને પાટલીપુત્રમાં 'કુક્કુટારામ' નામે મહેલ બંધાવ્યો.

(iii) માર્ગો, આરામગૃહો, ચિકિત્સાલયો ઇત્યાદિ બંધાવ્યાં.

ક. સિદ્ધિઓનું મૂલ્યાંકન (ઇતિહાસમાં સ્થાન).........તે

૧. 'સફળ સેનાનાયક' હતો, જેણે કલિંગને જીત્યું હતું.

૨. 'કુશળ વહીવટકર્તા' હતો, જેની પ્રતીતિ તેણે આદરેલ ધર્મપ્રચારના કાર્યોમાં થાય છે.

૩. 'મહાન ધર્મપ્રચારક ને સહિષ્ણુતાનો અગ્રદૂત' હતો, જેણે આદરેલ ધર્મપ્રચારના કાર્યને લીધે બૌદ્ધધર્મે વિશ્વધર્મનું સ્વરૂપ ધારણ કર્યું, અને જેણે સર્વકાળ માટે ધર્મસહિષ્ણુતાનો માર્ગ ખુલ્લો કર્યો.

૪. 'મહાન રાષ્ટ્ર-નિર્માતા' અને 'પ્રજાપાલક રાજવી' હતો.

૩. અશોકનો ધર્મ.........આ અંગે વિદ્વાનોમાં મતભેદો છે.

*** અશોક અને બૌદ્ધધર્મ.........**

૧. કલિંગના વિજય પછી તેણે બૌદ્ધધર્મ અંગીકાર કર્યો.

૨. તે વ્યક્તિગત રીતે ચુસ્ત બૌદ્ધધર્મી હતો : (i) ભાબ્રુલેખમાં તેની ત્રિરત્નો પ્રત્યેની શ્રદ્ધાનો ઉલ્લેખ છે, (ii) તેણે સ્તંભલેખમાં બૌદ્ધધર્મના

સંરક્ષક તરીકે સંઘના પ્રતિસ્પર્ધીઓ માટે દંડની ઘોષણા કરી. (iii) પાટલીપુત્રમાં ત્રીજી બૌદ્ધ પરિષદ બોલાવી, (Iv.) બુદ્ધના જીવન સાથે સંકળાયેલ સ્થળોની યાત્રા કરી, (v) ૮૪ હજાર સ્તૂપો કોતરાવ્યા, (vi) ધર્મપ્રચારાર્થે દેશવિદેશમાં ધર્મપ્રચારકો મોકલ્યા, (vii) પશુવધની મનાઈ ફરમાવી.

૪. બૌદ્ધધર્મના પ્રચાર અર્થે.........તેણે

(i) બૌદ્ધધર્મની રાજ્યધર્મ તરીકે ઘોષણા કરી, (ii) અહિંસક નીતિનો સ્વીકાર કર્યો, (iii) ધર્મમહામાત્રો નીમ્યા, (iv) વિહારયાત્રાને બદલે ધર્મયાત્રા આરંભી, (v) અમલદારોને પવિત્રધામોની યાત્રા કરવાનો અનુરોધ કર્યો, (vi) ધાર્મિક પ્રદર્શનો ગોઠવ્યાં, (vii) દીન–ભૂખ્યા ને સંતોને મદદ કરી, (viii) પાટલીપુત્રમાં ત્રીજી બૌદ્ધધર્મ પરિષદ બોલાવી, (ix) અભિલેખોમાં બૌદ્ધધર્મના સિદ્ધાંતો કોતરાવ્યા, (x) બૌદ્ધગ્રંથોનો પાલીભાષામાં અનુવાદ કરાવ્યો. (xi) દેશવિદેશમાં ધર્મપ્રચારકો મોકલ્યા.

અશોક અને માનવધર્મ.........

૧. તે ચુસ્ત બૌદ્ધધર્મી ન હતો......કેમકે તેણે જે ધર્મનો પ્રચાર કર્યો

(i) તેમાં બુદ્ધ, બૌદ્ધધર્મ, આત્મા વિષે કોઈ ઉલ્લેખ ન હતો. (ડૉ. ડેવિડ્ઝ)

(ii) તેમાં અન્યધર્મનાં સારાં તત્ત્વોને સમાવી લીધાં હતાં. (ડૉ. ભાંડારકર)

(iii) તે બૌદ્ધધર્મ ન હતો પણ સર્વધર્મના લોકો અનુસરે એવો ધર્મ હતો. (શ્રી મેકફેલ.)

(iv.) તેમાં હિન્દના અન્યધર્મોને સ્પર્શતી બાબતો વિશેષ હતી. (ડૉ. સ્મીથ)

(v) તેમાં બૌદ્ધધર્મનાં ચાર સત્યો, અષ્ટાંગમાર્ગ, નિર્વાણ ઇ.નો ઉલ્લેખ નથી. (થોમસ)

(iv) તેમાં સાંપ્રદાયિકતા નજરે પડતી નથી. (ડૉ. મુકર્જી)

(vii) તેમાં એવી કોઈ બાબત મળી આવી નથી, જેને લીધે તેને બૌદ્ધધર્મી કહી શકાય. (સેનાર્ટ.)

ટૂંકમાં 'અશોકનો ધર્મ એ સર્વધર્મોનો સાર છે.' (શિલાલેખ નં. ૧૨)

અશોકના ધર્મનાં લક્ષણો.........તરીકે.

(i) બિનસાંપ્રદાયિકતા, (ii) અહિંસા, (iii) ધાર્મિક સહિષ્ણુતા, (iv) આચાર વિષયક સિદ્ધાંતો, (v) સ્વર્ગ–પરલોકની માન્યતા અને (vi) વડીલોની સેવા વગેરેને ગણાવી શકાય.

૪. અશોકનું ઇતિહાસમાં સ્થાન........અદ્વિતીય છે.

૧. તે સફળ સેનાનાયક હતો, જેણે શક્તિશાળી કલિંગને જીત્યું હતું.

૨. તે કુશળ વ્યવસ્થાપક હતો, જેણે વિશાળ સામ્રાજ્યનું સફળતાપૂર્વક સંચાલન કર્યું.

૩. તે અદ્વિતીય સમ્રાટ હતો, જેણે યુદ્ધનો ત્યાગ પરાજય બાદ નહીં પરંતુ વિજય બાદ કર્યો હતો. (ડૉ. રાયચૌધરી.)

૪. તે મહાન રાષ્ટ્રનિર્માતા હતો, જેણે એક જ રાષ્ટ્રીય ભાષાને પ્રોત્સાહન આપ્યું.

૫. તે ધર્મરાજ્યનો સ્થાપક હતો, જેનું રાજ્ય ઇજિપ્તથી હિંદીચીન સુધી ને હિમાલયથી છેક સિલોન સુધી ફેલાયલું હતું.

૬. તે તેના સમયનો જગદ્ગુરુ હતો, જેણે સ્થાનિક ધર્મને વિશ્વધર્મનું સ્વરૂપ આપ્યું.

૭. તે બૌદ્ધધર્મનો પ્રચારક હતો, છતાંય ધર્મસહિષ્ણુતાનો અગ્રદૂત હતો.

૮. તે વિશ્વબંધુત્વની મૂર્તિમંત પ્રતિમા હતી, જેણે 'વસુધૈવ કુટુંબકમ્' ની ભાવના દ્વારા શાંતિ અને મૈત્રીનો અહલેક જગાવ્યો.

૯. તે આપખુદીમાં માનતો છતાં તેણે લોકહિતકારક રાજાશાહીનો આદર્શ પૂરો પાડયો.

૧૦. તેના સમયથી ભારતીય કલાનો ઇતિહાસ શરૂ થાય છે.

૧૧. તેના સમયથી ભારતીય ઇતિહાસની લેખિત શરૂઆત અભિલેખોના રૂપમાં થાય છે.

૫. મૌર્ય સામ્રાજ્યના પતનનાં કારણો......નીચે પ્રમાણે છે.

*** સામાન્ય કારણો :**

૧. અશોકના અવસાન બાદ મૌર્ય સામ્રાજ્યમાં વિકેન્દ્રીકરણની પ્રવૃત્તિ બલવત્તર બની હતી.

૨. પ્રાંતીય સુબાઓ ને અધિકારીઓ પ્રજા સાથે અત્યાચારી વર્તાવ રાખતા.

૩ અયોગ્ય રાજવીના સમયમાં વિશાળ સામ્રાજ્ય પર શાસન કરવું મુશ્કેલ હતું.

૪. મૌર્ય સામ્રાજ્યના રાજદરબારમાં કાવાદાવાઓ ચાલતા

૫. અશોકના અનુગામીઓ ભવ્ય રાજાશાહીનો ભાર ઝીલી શકે તેવા શક્તિશાળી ન હતા.

મૌર્ય યુગ : સિદ્ધિઓ

'પ્રાચીન ઇતિહાસમાં મૌર્યકાલીન શાસનપદ્ધતિ બીજી શાસનપદ્ધતિઓથી વધુ કાર્યક્ષમ હતી.
—ડૉ. આલ્તેકર.

* પ્રકરણની રૂપરેખા *

૧. મૌર્ય શાસન વ્યવસ્થા :
- ક. કેન્દ્રીય સરકાર.
- ખ. પ્રાંતિય સરકાર.
- ગ. પ્રાદેશિક વહીવટ.
- ઘ. નગર વહીવટ.

૨. મૌર્યકાલીન ભારત :
- ક. સમાજજીવન.
- ખ. આર્થિકજીવન.
- ગ. સાંસ્કૃતિકજીવન.
- ઘ. ધાર્મિકજીવન.

૧. મૌર્ય શાસનવ્યવસ્થા[1]

અ. પ્રાસ્તાવિક : મૌર્યકાલીન શાસનવ્યવસ્થાનો પાયો નાખનાર ચંદ્રગુપ્ત મૌર્ય અને તેનો મુખ્યમંત્રી કૌટિલ્ય હતો. કેન્દ્રસ્થ વહીવટ શરૂ કરનાર ચાણક્ય હતો. બિંદુસારના સમયમાં આ શાસનવ્યવસ્થા અકબંધ રહી હતી. અશોકની શાસનવ્યવસ્થા પણ મૂળભૂત રીતે ચંદ્રગુપ્તની શાસનવ્યવસ્થાથી ખાસ ભિન્ન ન હતી, પરંતુ પોતાના નૈતિક અને મંગલકારી આદર્શોને અમલમાં મૂકવા માટે અશોકે તેમાં સંજોગો અનુસાર આવશ્યક ફેરફારો કર્યા હતા. **આમ મૌર્યકાલીન શાસનવ્યવસ્થા એટલે ચંદ્રગુપ્ત મૌર્ય અને અશોકે અપનાવેલી શાસનવ્યવસ્થા.**

---

૧. આ મુદ્દો ટી. વાય. બી. એ.ના ઇતિહાસના અભ્યાસક્રમમાં નિબંધપેપર ૧૧માં નિબંધના એક ટોપિક તરીકે યુનિ. એ નક્કી કરેલ છે. આ મુદ્દો ડૉ. ર. ક. ધારૈયા કૃત પ્રાચીન ભારતીય રાજ્યશાસ્ત્ર (બીજી આવૃત્તિ)ને આધારે તૈયાર કર્યો છે, તેથી લેખકો તેમના આભારી છે. તેમનું પુસ્તક એમ. એ. ભાગ ૧ ના અભ્યાસક્રમમાં સંદર્ભગ્રંથ તરીકે ગુ. યુનિ. એ નક્કી કરેલ છે.

બ. મૌર્યકાલીન શાસનવ્યવસ્થા જાણવા માટેનાં સાધનો[2] – મૌર્યકાલીન શાસનવ્યવસ્થા જાણવા માટેનાં સાધનો પ્રમાણમાં વિપુલ અને વિશ્વસનીય છે, જેમને નીચે પ્રમાણે બે ભાગમાં વહેંચી નાખવામાં આવેલ છે.

પરદેશી સાધનો : મૌર્ય શાસનવ્યવસ્થા અંગે પરદેશી સાધનો મહત્ત્વની માહિતી પૂરી પાડે છે.

(૧) સિકંદરના સાથીદારો : સિકંદરના સાથીદારો–નીકર્સ, ઓને-સીક્રિટસ, એરિસ્ટોબુલસ–એ મૌર્યરાજ્યવહીવટનો ઉલ્લેખ કરેલો છે.

(૨) મેગેસ્થનીસ : ઈ. સ. પૂર્વે ત્રીજા સૈકામાં સેલ્યુકસના પ્રતિનિધિ-તરીકે ચંદ્રગુપ્ત દરબારમાં આવેલ મેગેસ્થનીસે મૌર્યરાજ્યવહીવટ, પાટલીપુત્રની નગરવ્યવસ્થા વગેરેને લગતી માહિતી પોતાના પુસ્તક "ઇન્ડિકા" નામના ગ્રંથમાં આપી છે.

(૩) ગ્રીક-રોમન લેખકો : ઇન્ડિકાને આધારે સ્ટ્રેબો, ડિયોડોરસ, એરિયન, પ્લુટાર્ક, જસ્ટિન વગેરે ગ્રીક–રોમન લેખકોએ લખેલાં પુસ્તકોમાં મૌર્યશાસન પ્રથાનો નિર્દેશ કરેલો છે. અશોકના રાજદરબારમાં રહેતા ઇજિપ્તના રાજા એન્ટિઓકસના પ્રતિનિધિ ડિયોમેચસે પણ મૌર્યશાસન-વ્યવસ્થાનો અવારનવાર ઉલ્લેખ કરેલો છે.

ભારતીય સાધનો : મૌર્યશાસનતંત્ર વિષે ભારતીય સાધનો પણ મહત્ત્વની માહિતી પૂરી પાડે છે.

(૧) બ્રાહ્મણસાહિત્ય : બ્રાહ્મણસાહિત્યમાં કૌટિલ્યનું **'અર્થશાસ્ત્ર'** મૌર્ય રાજ્યવહીવટ વિષે સૌથી ઉપયોગી માહિતી પૂરી પાડે છે. તેને મૌર્ય સમયની માહિતી માટેનો ભંડાર ગણવામાં આવે છે. વિશાખદત્ત રચિત 'મુદ્રારાક્ષસ' ચંદ્રગુપ્તે મેળવેલ રાજ્ય અને તેના વહીવટનું વિવરણ કરે છે.

(૨) બૌદ્ધસાહિત્ય : બૌદ્ધસાહિત્યમાં ખાસ કરીને મહાવંશ અને દીપવંશ મૌર્યશાસનતંત્રનો અવારનવાર ઉલ્લેખ કરે છે.

(૩) જૈનસાહિત્ય : જૈનસાહિત્યમાં 'કલ્પસૂત્ર' અને 'પરિશિષ્ટપર્વન પણ મૌર્યશાસન પ્રથાનો ઉલ્લેખ કરે છે.

(૪) પુરાણો, મંજરી, ઇત્યાદિ : પુરાણો, કથાસરિતસાગર, બૃહત કથામંજરી વગેરે મૌર્યશાસનતંત્રની છૂટી છવાઈ માહિતી આપે છે.

---

૨. આ મથાળા હેઠળનું લખાણ "મૌર્ય યુગનો ઇતિહાસ જાણવાની સાધન સામગ્રી" એ મુદ્દા હેઠળ સમાવી શકાય.

(૫) અભિલેખો અને સિક્કાઓ – અશોકના અભિલેખો (Edicts) તેના ઉદાર શાસનવહીવટની સાક્ષી પૂરે છે અને તેના અનુગામી રાજાઓની મુદ્રાઓ, ધર્મચિહ્નો અને સિક્કાઓ મૌર્યશાસનવ્યવસ્થા પર પ્રકાશ ફેંકે છે.

(૬) અવશેષો – મૌર્ય શાસનકાળ દરમિયાન બંધાયેલ પિપરવા (નેપાળની સરહદ પર) નો સ્તૂપ, સાંચીનો સ્તૂપ, વિહારો, ચૈત્યો, સ્મારકો વગેરે અવશેષોમાંથી મૌર્ય શાસનને લગતી માહિતી મળી રહે છે.

ક. મૌર્ય શાસનવ્યવસ્થા (મૌર્ય વહીવટીતંત્ર) – મૌર્ય શાસન–વ્યવસ્થાનાં મુખ્ય અંગો નીચે પ્રમાણે હતાં.

૧. કેન્દ્રીય સરકાર (કેન્દ્રીય વહીવટીતંત્ર) :

(ક) રાજા : કેન્દ્રમાં રાજાનું સ્થાન સર્વોપરી હતું. તે રાજ્યનો વહીવટી, લશ્કરી અને ન્યાયવિષયક વડો હતો. તેનું પદ વંશપરંપરાગત હતું. સામાન્ય રીતે રાજાનો મોટો પુત્ર ગાદીનો વારસદાર મનાતો, એટલે તેને રાજાને લાયક તમામ પ્રકારની તાલીમ આપવામાં આવતી. તે મંત્રીમંડળની સલાહથી વહીવટ ચલાવતો.

(ખ) મંત્રીમંડળ : મૌર્ય શાસનતંત્રમાં મંત્રી મંડળ મહત્ત્વનું સ્થાન ધરાવતું. રાજા મંત્રીમંડળની સલાહથી વહીવટ ચલાવતો અને ભાગ્યે જ તેની સલાહની અવગણના કરતો. મંત્રીઓની સંખ્યા ૧૫ થી ૨૦ની હતી, તેમાં મુખ્યમંત્રી રાજાને વહીવટીક્ષેત્રે યોગ્ય માર્ગદર્શન આપતો. તેને વાર્ષિક ૪૮,૦૦૦ પણ (તે સમયનો સિક્કો) પગાર મળતો. ચંદ્રગુપ્તમૌર્ય, બિંદુસાર અને અશોકના મુખ્ય મંત્રીઓ અનુક્રમે ચાણક્ય, ખલ્લાટક અને રાધાગુપ્ત હતા.

(ગ) ખાતાંઓ : કૌટિલ્યે રાજ્યનાં અઢાર ખાતાંઓ (તિર્થો) નો ઉલ્લેખ કરેલ છે, જેમાંનાં મુખ્ય નીચે પ્રમાણે છે.

(૧) નાણાં અને મહેસુલ ખાતું : આ ખાતાના વડા તરીકે સમાહર્તા હતો, તે રાજ્યની આવકજાવકની નોંધ રાખતો, કરવેરા ઉઘરાવતો અને ખેતીના વિકાસ માટે સિંચાઈની વ્યવસ્થા કરતો.

(૨) લશ્કરી ખાતું : આ ખાતાના અધ્યક્ષ તરીકે **સેનાની** હતો. તેને વાર્ષિક ૪૮,૦૦૦ પણ પગાર મળતો. મેગસ્થનીસના વિવરણ મુજબ મૌર્ય લશ્કરી તંત્રનો વહીવટ ૩૦ સભ્યોની બનેલી 'લશ્કરી સમિતિ' (War office) ને હસ્તક હતો. તેમાં પાંચ પાંચ સભ્યોનાં બનેલાં છ બોર્ડ હતાં : ૧. રથદળ, ૨. હસ્તીદળ, ૩. અશ્વદળ, ૪. પાયદળ, ૫. નૌકાદળ અને ૬. લશ્કરી પૂરવઠો પૂરો પાડનાર વિભાગ, ઈજનેરી વિભાગ વગેરેનું બોર્ડ. ચંદ્રગુપ્ત મૌર્યના લશ્કરમાં આઠહજાર રથ, નવહજાર હાથી, ૩૦ હજારનું અશ્વદળ, અને

૯ લાખનું પાયદળ હતું. કિલ્લા, વૈદકિય સારવાર અને જાસુસો એ મૌર્ય લશ્કરી તંત્રનાં આવશ્યક લક્ષણો હતાં.

(૩) વ્યાપારખાતું : આ ખાતાના વડા તરીકે **પણ્યાધ્યક્ષ હતો.** તે વસ્તુની ખરીદ–વેચાણ કરવાનું, ભાવ નક્કી કરવાનું, વેપારી ઈજારા આપવાનું, નિકાસને ઉત્તેજન આપવાનું વગેરે કાર્યો કરતો. તેના સહાયકોમાં શુલ્કાધ્યક્ષ (જકાતખાતાનો અધિકારી), સંસ્થાધ્યક્ષ (વેપારી માર્ગોનો નિરીક્ષક) સીમાપાલ (અંતપાલ) સૂત્રાધ્યક્ષ (વણાટ અધિકારી) વગેરે હતા.

(૪) પરરાજ્ય ખાતું : આ ખાતાના વડા તરીકે **પ્રશસત્રી** (પરરાજ્ય-મંત્રી) હતો. તે દૂતો અને જાસૂસો દ્વારા પરરાજ્યો અંગે માહિતી મેળવતો. કૌટિલ્ય દૂતના ત્રણ પ્રકાર જણાવે છે : (૧) નિશ્રિષ્ટાર્થ દૂત, જે સંપૂર્ણ અધિકાર ધરાવતા, (૨) પરિમિતાર્થ દૂત, જે મર્યાદિત અધિકાર ધરાવતા અને (૩) શાસનહાર, જે માત્ર સંદેશાની આપ લે કરતા.

(૫) ન્યાય ખાતું : આ ખાતાના ઉપરી તરીકે **પ્રદેશાત્રી** (મુખ્ય ન્યાયાધીશ) હતો. રાજ્યમાં ધર્મસ્થીય (દીવાની) અને કંટકશોધન (ફોજદારી) એમ બે પ્રકારની અદાલતો હતી. કારાગૃહ અને પોલિસતંત્ર પણ ન્યાયતંત્રના વિભાગો હતા. અપરાધ કબૂલ કરાવવા અઢાર પ્રકારની યાતનાઓ અપાતી.

(૬) દાનધર્મ ખાતું : આ ખાતાના અધ્યક્ષ તરીકે **પુરોહિત** હતો. રાજ્યના હિત માટે યજ્ઞો કરાવવા, દાન આપવાં વગેરે તેનાં કાર્યો હતાં. તેના સહાયક તરીકે **ધર્મમહામાત્રો** હતા. મહેલખાતાના ઉપરી તરીકે **દ્વારિક** હતો.

૨. પ્રાંતીય સરકાર (પ્રાંતીય વહીવટીતંત્ર).

૧. સામ્રાજ્યના વિભાગો – સમગ્ર મૌર્ય સામ્રાજ્યને વહીવટી સરળતા ખાતાર પાંચ વિભાગોમાં વહેંચી નાખવામાં આવ્યુ હતુંઃ (૧) ઉત્તરાપથ (રાજધાની તક્ષશિલા), (૨) કલિંગ (રાજધાની તોસલી), (૩) અવન્તી(રાજધાની ઉજ્જૈન), (૪) દક્ષિણાપથ (રાજધાની સુવર્ણગિરિ) (૫) મધ્યપ્રદેશ (રાજધાની પાટલીપુત્ર). પ્રાંતના વડા તરીકે સૂબો હતો. આ પદે મોટે ભાગે રાજકુમારો નીમાતા. અશોક તેના પિતાના સમયમાં ઉજ્જૈન અને ત્યારબાદ તક્ષશિલાનો સુબો હતો. પ્રાંતમાં શાંતિ અને વ્યવસ્થા જાળવવી, કરવેરા ઉઘરાવવા, કેન્દ્રના હુકમોનું પાલન કરવું, પ્રાંતમાં બનતા બનાવોથી કેન્દ્રને વાકેફ રાખવી વગેરે પ્રાંતિક સુબાનાં કાર્યો હતાં.

૨. પ્રતિવેદક : આ અધિકારી દૂર આવેલા સામ્રાજ્યના પ્રદેશોનું સંચાલન કરતા રાજ્યના અધિકારીઓની કામગીરી અંગે રાજાને અવારનવાર માહિતી પૂરી પાડતો.

૩. પ્રાદેશિક વહીવટ –

પ્રાંતોને જિલ્લામાં (આહાર) અને જિલ્લાને પ્રદેશમાં વહેંચી નાખવામાં આવેલા. જિલ્લાનો મુખ્ય અધિકારી **રાજૂક** (આહારપતિ) કહેવાતો. તેને યુત કે યુક્ત જેવા અધિકારીઓ મદદ કરતા. પ્રદેશનો મુખ્ય વહીવટકર્તા **પ્રાદેશિક** કહેવાતો. પ્રદેશની નીચે અનુક્રમે સ્થાનિય, ખાર્વાટિક, દ્રોણમુખ, સંગ્રહણ અને ગ્રામ હતાં સ્થાનિયનો મુખ્ય અધિકારી **'સ્થાનિક'** (હાલના કલેક્ટરના જેવો) કહેવાતો, સંગ્રહણનો **'ગોપ'** (હાલના મામલતદાર જેવો) કહેવાતો. ગ્રામનો મુખ્ય અધિકારી **'ગ્રામણી'** હતો, જે ગ્રામ્ય સમિતિની સહાયથી ગ્રામનો વહીવટ ચલાવતો. આ બધા અધિકારીઓ પોતપોતાના પ્રદેશ પૂરતી વહીવટી, મહેસુલી, ન્યાયવિષયક અને મર્યાદિત સ્વરૂપની લશ્કરીસત્તા ધરાવતા હતા.

૪. નગરવહીવટ (પાટલીપુત્રનું વહીવટતંત્ર) –

મેગેસ્થનીસના વિવરણ મુજબ રાજધાની પાટલીપુત્રનો વહીવટ કરવા ૩૦ સભ્યોની એક સમિતિ હતી, જેમાંથી પાંચ પાંચ સભ્યોની બનાવેલી છ પેટા-સમિતિઓ નીચે મુજબ હતી.

૧. વેપાર-ઉદ્યોગ સમિતિ – આ સમિતિ ઉદ્યોગધંધાનું નિયમન કરતી, માલિકો સામે કારીગરોનાં હિત જાળવતી, કારીગરોના કામના કલાક અને પગારધોરણ નક્કી કરતી, વસ્તુઓના ઉત્પાદનમાં યોગ્ય ધોરણ જળવાઈ રહે તેની સાચવેતી રાખતી, કારીગરોના જાનમાલની જવાબદારી સંભાળતી, ઉત્પાદન-વસ્તુઓના ભાવનિયમન કરતી. આ સમિતિનો મુખ્ય નિયામક **સૂત્રાધ્યક્ષ** કહેવાતો.

૨. પરદેશીઓની દેખરેખ રાખનાર સમિતિ – આ સમિતિ પરદેશીઓની નોંધ રાખતી, તેમની અવરજવર પર દેખરેખ રાખતી, તેમના વસવાટ માટે જોગવાઈ કરતી, તેમની જરૂરિયાતો પૂરી પાડતી, માંદગી વખતે તેમને જોઈતી વૈદકીય સારવારની વ્યવસ્થા કરતી, કોઈ પરદેશીનું અવસાન થતાં તેની દહનક્રિયાની વ્યવસ્થા કરતી અને તેની મિલકત તેનાં સગાંને પાછી સોંપતી. આમ પરદેશીઓ માટેની ખાસ અલગ સમિતિની વ્યવસ્થા સૂચવે છે કે પાટલીપુત્રમાં પરદેશોની અવરજવર સારા પ્રમાણમાં રહેતી હશે, અને મૌર્યસામ્રાજ્ય પરદેશી રાજ્યો સાથે સતત સંપર્કમાં રહેતું હશે.[૩]

(૪) જન્મમરણની નોંધ રાખનાર સમિતિ : આ સમિતિ પાટલી-

---

૩. Dr. Smith : E. H. I. P. 134.

પુત્રમાં થતા જન્મમરણની નોંધ રાખતી. આ કાર્યમાં તેને સ્થાનિક અને ગોપ જેવા અધિકારીઓ મદદરૂપ થતા. આ નોંધ પરથી કરવેરાની ગણતરી સરળ બનતી.

(૪) વેપાર–વ્યવસાય સમિતિ : આ સમિતિ વેપાર–રોજગારનું નિયમન કરતી, રાજ્યમાન્ય તોલમાપનાં સાધનો વેપારીઓ વાપરે તેની તકેદારી રાખતી, નક્કી કરેલા ભાવે દરેક વસ્તુ વેપારીઓ વેચે તેની સંભાળ રાખતી. આ સમિતિનો મુખ્ય નિયામક **પણ્યાધ્યક્ષ** કહેવાતો.

(૫) ઉત્પાદન—નિયંત્રણ સમિતિ : આ સમિતિ કારખાનામાં તૈયાર થતી વસ્તુઓ ઉપર નજર રાખતી, જૂના અને નવા માલ બંને અલગ અલગ કિંમતે વેચાય તે જોતી, બંનેનું મિશ્રણ કરીને વેચાણ કરનારને દંડ કરતી, નોંધાવ્યા વગરના માલનો જથ્થો જપ્ત કરતી.

(૬) વેચાણવેરા સમિતિ : આ સમિતિ વસ્તુની વેચાણ કિંમત પર દસમો ભાગ કર તરીકે લેતી અને આ વેચાણવેરો ભરવામાં છેતરપિંડી કરનારને શિક્ષા કરતી.

આ પ્રમાણે પાટલીપુત્રમાં વ્યવસ્થિત નગરતંત્ર હતું. આ વ્યવસ્થા જાળવનાર અધિકારી 'પૌર વ્યાહારિક' (નાગરક કે પુરમુખિયા) કહેવાતો. આ સમિતિઓ પોતાને સોંપવામાં આવેલાં ખાસ કાર્યો ઉપરાંત સામૂહિક રીતે સાર્વજનિક ઈમારતોની સુરક્ષા, જાહેર માર્ગોનું બાંધકામ અને સમારકામ, શહેરમાં પાણીનો પૂરવઠો પૂરો પાડવો, બજારો, બંદરો, મંદિરો અને આરોગ્ય-સ્થાનો પર ધ્યાન, અગ્નિ અને રોગચાળા સામે સાવચેતી, આનંદપ્રમોદનાં સાધનોની અને વૈદકિય સારવારની વ્યવસ્થા વગેરે કાર્યો કરતી.

ડ. સમીક્ષા : મૌર્ય શાસનવ્યવસ્થાના ઉપરોક્ત વિવરણ પરથી એ વસ્તુ ફલિત થાય છે કે તે આધુનિક વહીવટી પ્રથાનાં તત્ત્વો ધરાવતી હતી. તે આધુનિક ઢબની શાસન વ્યવસ્થા ધરાવતું વ્યવસ્થિતંત્ર હતું. આધુનિક પદ્ધતિ મુજબ મૌર્ય કેન્દ્રસરકારના પ્રાદેશિક શાસન વિભાગો અને ભિન્ન ભિન્ન ખાતાંઓ હતાં. નગરમાં અને ગામડામાં સ્થાનિક વહીવટી વ્યવસ્થા હતી. વળી મૌર્ય શાસનતંત્ર રાજાશાહી ઢબનું રાજતંત્ર હોવા છતાંયે ઉપયોગી અને લોકહિતનાં કાર્યો કરતું ઉપકારક અને લોકહિતકારીતંત્ર હતું ટૂંકમાં The Mauryan administration 'anticipated in many respects the institution of modern times.' (ડૉ. સ્મીથ.)

૨. મૌર્યકાલીન ભારતીય સંસ્કૃતિ

અ. પ્રાસ્તાવિક – પ્રાચીન ભારતના ઇતિહાસમાં મૌર્યયુગ મહત્ત્વનું

સ્થાન ધરાવે છે. આ યુગની સંસ્કૃતિનો પરિચય આપણને મુખ્યત્વે કૌટિલ્યના અર્થશાસ્ત્ર, મેગસ્થનીસના ઇન્ડિકા અને અશોકના અભિલેખોમાંથી મળી રહે છે. મેગસ્થનીસે તેના 'ઇન્ડિકા'માં આપેલું ચિત્ર મૌર્ય સમયનું લોકજીવન જાણવામાં સહાયભૂત બની રહે છે અને કૌટિલ્યના અર્થશાસ્ત્રને તો મૌર્યકાલીન ભારત અંગે માહિતી આપતો અમૂલ્ય ભંડાર ગણવામાં આવે છે.

બ. મૌર્યકાલીન ભારતીય સંસ્કૃતિ : મૌર્ય રાજાઓએ હિંદભરમાં સાંસ્કૃતિક પુનરુત્થાનના કાર્યમાં પોતાનો અમૂલ્ય ફાળો નોંધાવ્યો છે, જે નીચે પરથી સ્પષ્ટ થાય છે.

(ક) સામાજિક જીવન :

(૧) સાતવર્ગો : મેગેસ્થનીસના વર્ણન અનુસાર મૌર્યકાલીન સમાજમાં સાત વર્ગો હતા : (૧) બ્રાહ્મણો–તત્ત્વજ્ઞાનીઓ, (૨) ખેડૂતો, (૩) પશુપાલકો, (૪) કારીગરો, (૫) સૈનિકો, (૬) જાસૂસો (નિરીક્ષકો) અને (૭) અમાત્યો તેમજ રાજ્યના ઉચ્ચ અધિકારીઓ.

મેગેસ્થનીસના આ વર્ગીકરણ પરથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે તેને ધર્મશાસ્ત્ર પ્રમાણેના ભારતીય સમાજનું જરૂરી જ્ઞાન નહિ હોવાથી સમાજમાં પ્રચલિત વિવિધ ધંધાઓના ધોરણે આ વર્ગીકરણ કર્યું હતું, આ અંગે ડૉ. જોષી લખે છે કે ઇજિપ્તના સમાજમાં પ્રચલિત સાત વર્ગોને મેગેસ્થનીસે ભૂલથી ભારતીય સમાજ સાથે બંધબેસતા કરી દીધા !

(૨) ખાનપાન : આ લોકો ભોજનમાં ચોખા, દૂધ, જવનો શરાબ લેતા. મોટાભાગના લોકો માંસ ખાતા. બ્રાહ્મણ સિવાયની અન્ય જાતિઓ શરાબ લેતી, પરંતુ શરાબના વેચાણ પર રાજ્ય કડક નિયંત્રણ રાખતું.

(૩) વસ્ત્રાભૂષણો : સમાજના મોટાભાગના લોકો સુતરાઉ વસ્ત્રો પહેરતા. ઉચ્ચ વર્ગમાં રંગબેરંગી મૂલ્યવાન વસ્ત્રો, હીરા, માણેક અને આભૂષણો ખૂબ પ્રચલિત હતાં.

(૪) આનંદપ્રમોદના સાધનો : આ યુગના લોકો એશઆરામી અને સુખચેનભર્યું જીવન ગાળતા. મલ્લયુદ્ધ, રથહરીફાઈ, પશુયુદ્ધ, ઘોડદોડ, નાટક, મેળા, શિકાર, જુગાર, ગામડાની સાર્વજનિક શાળાઓમાં ઉજવાતા સામૂહિક ઉત્સવો, વગેરે આનંદપ્રમોદનાં સાધનો હતાં. ગ્રીકલેખક એરયન જણાવે છે કે રથહરીફાઈ પાટલીપુત્રમાં અવારનવાર થતી. તે વખતના અભિલેખોમાં 'ઉત્સવો' અને 'સમાજો' નો વારંવાર ઉલ્લેખ થયો છે. આ ઉત્સવોમાં

સંગીત, ગાયન, નૃત્ય વગેરે થતાં. આમ લોકો ઉત્સવપ્રિય હતા,

(૫) લગ્નપ્રથા : રાજકુટુંબો અને અમીરોમાં બહુપત્ની પ્રથા પ્રચલિત હતી. ઉચ્ચ કુટુંબમાં આંતરજ્ઞાતિય લગ્ન અંગેના નિયમો કડક ન હતા. ચંદ્રગુપ્તમૌર્યે યૂનાની સ્ત્રી સાથે લગ્ન કર્યું હતું. સામાન્યતઃ આંતરજ્ઞાતિય લગ્ન, દહેજપ્રથા, છૂટાછેડા, પુનર્વિવાહ વગેરે પ્રચલિત હતાં.

(૬) સ્ત્રીઓનું સ્થાન – મેગસ્થનીસ અને કૌટિલ્યના વર્ણન મુજબ મૌર્યકાલીન સમાજમાં સ્ત્રીઓનું સ્થાન સંતોષજનક ન હતું. મેગેસ્થનીસ સ્ત્રીઓને વેચવાની અને ખરીદવાની વાત કરે છે. બળદની એક જોડી આપીને પુરુષ સ્ત્રીને ખરીદી શકતો. સ્ત્રીને પતિની આજ્ઞાનું પાલન કરવું પડતું અને ઘરમાં રહેવું પડતું. કૌટિલ્ય જણાવે છે કે ભયના કારણ સિવાય સ્ત્રી પોતાના પતિનું ઘર છોડીને બહાર જાય તો ૬ પણનો દંડ થતો, પતિની આજ્ઞા વિરુદ્ધ જઈને ઘરની બહાર જાય તો ૧૨ પણનો અને પડોશીના ઘેરથી બીજે જતી રહે તો ૬ પણનો દંડ થતો. સ્ત્રીઓને લગ્ન કર્યા પછી ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કરવાનો અધિકાર ન હતો. ડૉ. **ભાંડારકર**ના મતે મૌર્યકાલીન સમાજમાં પડદાપ્રથા પ્રચલિત હતી, કારણ કે આ હકીકત અભિલેખોમાં 'ઓલોધન' જેવા શબ્દના ઉલ્લેખ પરથી જણાય છે. સ્ત્રીઓ પર દેખરેખ રાખવા સ્ત્રીઅધ્યક્ષ મહામાત્રો નીમવામાં આવતા. અમીરો અને રાજકુટુંબમાં બહુપત્ની પ્રથા પ્રચલિત હતી. સમાજમાં વેશ્યાવૃત્તિ પ્રચલિત હતી.

આમ કૌટુંબિક જીવનમાં સ્ત્રીઓનું સ્થાન નીચું જઈ રહ્યું હતું, છતાંય અમુક બાબતોમાં તેમનું સ્થાન સંતોષજનક હતું. પુરુષની જેમ સ્ત્રી પણ છૂટાછેડા લઈ શકતા, અને પુનર્વિવાહ કરી શકતી. સ્ત્રી સાથે અપરાધ કરનારને ભારે શિક્ષા થતી. પતિ તરફથી થતા દુર્વ્યવહાર અંગે તે અદાલતમાં દાદ માંગી શકતી. તેના લગ્નપ્રસંગે દહેજ અને ભેટના રૂપમાં મળતી સંપત્તિ પર તેનો અધિકાર રહેતો. સતીની પ્રથા પ્રચલિત હતી, પરંતુ સતી થવા માટે સ્ત્રીને બાધ્ય કરવામાં આવતી નહિ.

નિયોગપ્રથા દ્વારા સ્ત્રી બાળકોને જન્મ આપી શકતી. સ્ત્રીઓ કલાનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે માટે સમાજમાં યોગ્ય સુવિધાઓ હતી. કેટલીક સ્ત્રીઓ સંગીત, નૃત્ય, ચિત્રકલા ઇત્યાદિ લલિતકળાઓમાં નિપુણ હતી, કેટલીક સૈનિક તરીકે કામગીરી પણ બજાવતી. મેગસ્થનીસે ચંદ્રગુપ્ત મૌર્યની 'સ્ત્રી અંગરક્ષિકાઓ'નો ઉલ્લેખ કર્યો છે. ધર્મકાર્યોમાંથી તેમને તદ્દન વંચિત નહોતી રખાતી. આ હકીકતને અશોકની બીજી રાણી કારુવાકી (Karuvaki) એ કરેલ દાનોનો

ઉલ્લેખ અનુમોદન આપે છે.

(૭) ગુલામી પ્રથા : મેગેસ્થનીસ લખે છે કે આ સમયે ભારતમાં ગુલામી પ્રથાનું નામોનિશાન ન હતું. મેગેસ્થનીસના વિવરણને આધારે ગ્રીક-લેખક એરિયન લખે છે કે, બધા હિંદીઓ મુક્ત છે, અને ત્યાં એક પણ ગુલામ નથી. સ્ટ્રેબો પણ આ વિધાનને ટાંકતાં જણાવે છે કે આ સમયે કોઈપણ હિંદી ગુલામ રાખતો નહીં પરંતુ ગ્રીક લેખકોના આ વિધાનો ભ્રામક છે. તે વખતે પણ ગુલામી પ્રથા હતી. અશોકે તેના અભિલેખોમાં ગુલામી અને મજૂરો વચ્ચે ભેદરેખા દોરી છે અર્થશાસ્ત્રમાં પણ ગુલામ પ્રથાનો ઉલ્લેખ છે. ડૉ. **રૅવીડ્ઝ** પણ આ મંતવ્યને અનુમોદન આપે છે અને જણાવે છે કે તેમની સાથે સારો વર્તાવ રાખવામાં આવતો. ડૉ. **રાયચૌધરી** લખે છે કે આ સમયે 'ગુલામીની પ્રથા એક સ્થાપિત સંસ્થા હતી, જેની અભિલેખો અને સાહિત્ય સાબિતી પૂરી પાડે છે.'[૪]

(૮) નૈતિક ધોરણ : ભારતવાસીઓમાં ઉચ્ચ નૈતિક ધોરણ એ તે સમયના સમાજજીવનનું સૌથી પ્રશંસનીય અંગ ગણાતું, જેની મેગેસ્થનીસે પણ પ્રશંસા કરી છે. લોકો આચરણમાં સાદા હતા અને કરકસરથી રહેતા, યજ્ઞો સિવાય તેઓ કદી શરાબ પીતા નહીં, તેઓ મિથ્યા ભાષણ કરતા નહિ, અને સત્યને આવકારતા. જૂઠું બોલવાનો આક્ષેપ કોઈપણ હિંદી પર મૂકાતો નહીં ચોરી ભાગ્યે જ થતી. લોકો એકબીજામાં વિશ્વાસ રાખતા અને સાક્ષી રાખ્યા વિના જ થાપણો મૂકતા. લોકોને પોતાના મકાન કે મિલકતના રક્ષણ માટે ચોકીની જરૂર પડતી ન હતી.

(ખ) આર્થિક જીવન – મેગેસ્થનીસ અને કૌટિલ્યના વિવરણો પરથી જણાય છે કે મૌર્યયુગમાં ભારતની આર્થિક સ્થિતિ સદ્ધર હતી. લોકો સુખી અને સમૃદ્ધ હતા.

(૧) ખેતી અને પશુપાલન – મૌર્યકાલીન ભારત એક ખેતીપ્રધાન દેશ હતો. સમાજમાં ખેડૂતોનો મોટો વર્ગ હતો. ખેતી અને પશુપાલન લોકોનો મુખ્ય ધંધો હતો. સિંચાઈદ્વારા ખેતી કરવામાં આવતી. ચંદ્રગુપ્તમૌર્યના સમયમાં ગિરનાર પાસેના સુદર્શન તળાવની યોજના પરથી સ્પષ્ટ થાય છે કે રાજ્ય ખેતીની આબાદી અને સમૃદ્ધિ માટે જરૂરી પગલાં લેતું. અર્થશાસ્ત્રના કથન મુજબ ખેડૂતો પાસેથી ઉપજનો ૧/૬ ભાગ મહેસુલ તરીકે લેવામાં

૪. Advanced History of India; P. 133.

આવતો. દુષ્કાળ સમયે ખેડૂતોને રાહત અપાતી. યુદ્ધના સમયે ખેડૂતોના પાકને નુકશાન ન થાય તેની કાળજી રાખવામાં આવતી.

(૨] વ્યાપાર – આ સમયે આંતરિક અને વિદેશી વ્યાપાર ધમધોકાર ચાલતો. આંતરિક વેપાર માટે સુરક્ષિત અને સુવ્યવસ્થિત સ્થળ અને જળમાર્ગો હતા. પાટલીપુત્રમાં વેપારઉદ્યોગનું નિયમન રાખવા 'વેપાર ઉદ્યોગ સમિતિ' રચવામાં આવી હતી. ઉજ્જૈન અને પાટલીપુત્ર વેપારનાં મુખ્ય કેન્દ્ર હતાં.

ભારત અને પાશ્ચાત્યદેશો વચ્ચે વ્યાપારના અનેક માર્ગો ખુલી ગયા હતા. ખાસ કરીને ચીન, મેસોપોટેમિયા અને એશિયા માઇનોર સાથે ભારતનો વિદેશ વેપાર ચાલતો. હિંદમાંથી રેશમી વસ્ત્ર, મલમલ, ગરમ કામળા, છરા, ચાકુ, હાથીદાંતની બનાવટો, સોના, હીરા, જવાહર, અત્તર, ઔષધો વગેરેની પરદેશમાં નિકાસ થતી અને પરદેશમાંથી ઘોડા, રૂપુ, અંજીર, આસવ અને બીજી મોજ–શોખની વસ્તુઓ હિંદમાં આયાત થતી.

(૩) હુન્નર ઉદ્યોગો : મૌર્યયુગમાં હુન્નર–ધંધાઓની વિશેષ પ્રગતિ થઈ હતી. વણાટકામ, કાંતણકામ, હથિયારો બનાવવાનો ઉદ્યોગ, સોનાચાંદી તેમજ હાથીદાંત પર કારીગરી કરવાના ઉદ્યોગો, મીઠાનો ઉદ્યોગ, ચામડાં પકવવાનો ઉદ્યોગ તેમજ, વૈદ્ય, સોની, લુહારના ઉદ્યોગો ખૂબ ખીલ્યાં હતા. પાટલીપુત્રની નગર સુધરાઈએ 'ઉત્પાદન સમિતિ' નીમી હતી, જે કારખાનામાં તૈયાર થતી વસ્તુઓ પર ચાંપતી નજર રાખતી. મોટા શહેરોમાં વાણિજ્યસંઘો અસ્તિત્વ ધરાવતા હતા. આવા સંઘો પાટલીપુત્ર જેવા મોટા શહેરોમાં હશે એવું ડૉ. બ્લોકનું મંતવ્ય છે.

(ગ) સાંસ્કૃતિક જીવન : ભાષા, સાહિત્ય અને સ્થાપત્યકલાના ક્ષેત્રે આ યુગમાં જે પ્રગતિ થઈ, તેથી પણ પ્રાચીનભારતના સાંસ્કૃતિક ઇતિહાસમાં મૌર્યકાલીન ભારત વિશેષ મહત્ત્વ ધરાવે છે.

(૧) ભાષા અને લિપિ – આ સમયમાં બે ભાષાઓ પ્રચલિત હતી; સંસ્કૃત અને પાલિ (પ્રાકૃત). સંસ્કૃત એ સાહિત્યિક ભાષા અને પાલિ એ લોકભાષા હતી. અશોકના અભિલેખો પાલિ ભાષામાં કોતરાયેલા હતા.

અશોકના અભિલેખો પરથી સ્પષ્ટ થાય છે કે આ સમયમાં બે લિપિઓ પ્રચલિત હતી, (૧) બ્રાહ્મી અને (૨) ખરોષ્ઠી. આધુનિક દેવનાગરી લિપિની જનની એવી બ્રાહ્મી લિપિ વાયવ્ય સરહદના દૂરના પ્રદેશોનો અપવાદ બાદ કરતાં સારાયે ભારતમાં પ્રચલિત હતી અને ખરોષ્ઠી વાયવ્ય સરહદના પ્રદેશોમાં પ્રચલિત હતી.

(૨) **સાહિત્ય** : મૌર્યકાલીન સાહિત્ય પુષ્કળ પ્રમાણમાં પ્રગતિ પામેલ ન હોવાથી આ ક્ષેત્રે અનુમાન શક્ય છે.[૫] આ યુગમાં પંતજલિનું 'મહાભાષ્ય,' ચાણક્યનું 'અર્થશાસ્ત્ર,' મોગ્ગલીપુત્ત તિસ્સાનું પાલિમાં લખાયેલું 'કથાવત્થુ,' (Kathavatthu), મેગસ્થનીસનું 'ઇન્ડિકા,' વગેરે રચાયાં. સૂત્રગ્રંથોનું સંપાદન આ સમય દરમિયાન થયું. વ્યાકરણાચાર્ય કાત્યાયનની રચનાઓ પણ આજ સમયની હશે એવું અનુમાન છે, ભદ્રબાહુ, જંબુસ્વામી, પ્રભવ, સ્વયંભવ વગેરે જૈનધર્મના વિદ્વાનોએ આ સમયમાં જૈનધર્મની રચનાઓ કરી હતી.

(૩) **શિક્ષણ** : મૌર્ય સમયમાં શિક્ષણનું કાર્ય આચાર્યો, પુરોહિતો, મુનિઓ વગેરે કરતા. રાજ્ય તરફથી તેમને સહાય મળતી. તક્ષશિલા, ઉજ્જૈન, બનારસ, પાટલીપુત્ર વગેરે વિદ્યાપીઠો મોટા પાયા પરનાં શિક્ષણ–કેન્દ્રો હતાં. તક્ષશિલામાં વિવિધ શાસ્ત્રો–શસ્ત્રવિદ્યા, ગણિતશાસ્ત્ર, ધર્મશાસ્ત્રો, વિજ્ઞાન, વૈદક– શીખવાતાં, જે સૂચવે છે કે આ સમયમાં શિક્ષણની ઉન્નતિ નોંધપાત્ર હતી. આ સમયમાં શિક્ષણનો બહોળા પ્રમાણમાં પ્રચાર થયો હતો એવું મેગસ્થનીસે પણ નોંધ્યું છે.

(૪) **વિજ્ઞાન** : આ સમયમાં આયુર્વેદશાસ્ત્ર ખૂબ વિકાસ પામ્યું હતું. અશોકના સમયમાં મનુષ્યો અને પશુઓ માટે ચિકિત્સાલયો બાંધવામાં આવ્યાં હતાં. 'જીવક' એ રાજા અજાતશત્રુનો વૈદ્ય હતો. દુશ્મન દળ આંધળું બને કે મરી જાય એ હેતુથી કૌટિલ્યે અર્થશાસ્ત્રમાં અમુક જાનવરોના હાડકામાંથી દવા (પાવડર) બનાવવાના વૈજ્ઞાનિક પ્રયોગનો ઉલ્લેખ કર્યો છે, જે દર્શાવે છે આ યુગમાં વિજ્ઞાને પણ પ્રગતિ સાધી હતી.

(૫) **સ્થાપત્યકલા**[૬] : મૌર્ય સમયમાં સ્થાપત્યકલાના ક્ષેત્રે ખૂબ ઉન્નતિ થઈ. હકીકતમાં ભારતીય કલાનો ઇતિહાસ અશોકના સમયથી જ શરૂ થાય છે, કારણકે સિંધુખીણની સંસ્કૃતિમાંથી મળી આવેલા સ્થાપત્યકલાના અવશેષોને બાદ કરતાં આવા કલાના નમૂનાઓ અશોકના શાસનકાળ પહેલાં મળી આવ્યા નથી.[૭] એટલે તો અશોકે બંધાવેલ સ્તૂપો, સ્તંભો, વિહારો, મહા-

---

૫. E. J. Rapson (Edited) : Cambridge History of India, Vol. I Ancient India, P. 482.

૬. આ મથાળા હેઠળ "અશોકની સ્થાપત્યકલા વિષયક સિદ્ધિઓ"નો મુદ્દો પણ આવી જાય છે.

૭. Dr. R. C. Majumdar : A. I., P. 119.

લયો નગરો વગેરે ભારતીય સ્થાપત્યકલાના ઇતિહાસમાં એક તેજસ્વી પ્રકરણનો ઉમેરો કરે છે.

ડૉ. આર. સી. મજુમદાર અશોકકાલીન (મૌર્યકાલીન) સ્થાપત્ય-કલાને નીચે પ્રમાણે વિભક્ત કરે છે.

(i) **નગર અને ભવનો:** : આ યુગના મકાનોના અવશેષો હાલમાં મળતા નથી. પરંતુ મેગેસ્થનીસ અને ફાહિયાનના વર્ણનો પરથી તે સમયનાં મકાનોનો ખ્યાલ આવે છે. ચંદ્રગુપ્ત મૌર્યે પાટલીપુત્રમાં અનેક રાજભવનો બંધાવ્યા હતા. અશોકે બંધાવેલ રાજભવન જોઈને ચીની મુસાફર ફાહિયાન મુગ્ધ થયેલો અને ઉદ્દગારો કાઢયા કે આવો અદ્દભુત રાજભવન અશોકે કામે લગાડેલાં ભૂતો (Spirit) એ બનાવ્યો હશે, કારણ કે આવું નિર્માણ તો આ દુનિયાનો કોઈપણ માનવી કદાપિ ન કરી શકે. અશોકે કાશ્મીરમાં 'શ્રીનગર' અને નેપાળમાં લલિતાપટન' નામનાં નગરો બંધાવ્યાં હતાં.

(ii) **સ્તૂપ** : અશોક ભવ્ય સ્તૂપોનો નિર્માતા હતો. પ્રચલિત અનુશ્રુતિ અનુસાર તેણે સામ્રાજ્યભરમાં ૮૪,૦૦૦ સ્તૂપો બુદ્ધ ભગવાનના અવશેષો પર બંધાવ્યા હોવાનું કહેવાય છે, અશોકે બંધાવેલ સાંચીનો સ્તૂપ એ હેવલ અને સ્મીથના કથન પ્રમાણે ભારતીય સ્તૂપ કલાનો ઉત્તમ નમૂનો છે. તેણે સારનાથમાં બંધાવેલ 'ધર્મરાજિકા સ્તૂપ'નો નીચેનો ભાગ આજે પણ હયાતી ધરાવે છે. ભારહૂતનો મૂળ સ્તૂપ પણ અશોકના સમયમાં બંધાયો હોવાનું અમુક ઇતિહાસવિદ્દો માને છે.

(iii) **સ્તંભો** . અશોકે બનાવેલા પત્થરના સ્તંભો એ ભારતીય સ્તંભકલાના વિકાસમાં ઊંચું સ્થાન ધરાવે છે. તેણે આશરે ૩૦ કરતાં વધારે સ્તંભો બંધાવ્યા હોવાનું મનાય છે. ટોપરા, મિરત, સાંચી, સારનાથ, લુમ્બિની, રામપુર, લૌરિયા અરરાજ, લૌરિયાનંદગઢ વગેરેના મુખ્ય સ્તંભો છે. તેમાં લૌરિયાનંદગઢનો સ્તંભ એ બધાય સ્તંભોમાં સ્તંભકલાનો ઉત્તમ નમૂનો છે. સારનાથનો સ્તંભ એ સપ્રમાણતા અને ગૌરવની દૃષ્ટિએ અજોડ છે.

(iv) **ગુફાઓ** : અશોકે અને તેના પૌત્ર દશરથે બૌદ્ધ સાધુઓ માટે ગુફાઓ (વિહારો), બંધાવી. અશોકે બંધાવેલ બર્બર (Barabar) ટેકરીઓમાંની ગુફાઓ, સુદામા ગુફા (Sudama cave), કાર્ના ચૌપાર ગુફા (Karna Chaupar Cave) વગે સ્થાપત્યના સુંદર નમૂના છે.

ફર્ગ્યુસનના મતે The History of Indian art is written in decay પરંતુ વાસ્તવમાં અશોકકાલીન યુગે કલાની પ્રગતિના ક્ષેત્રે ઉચ્ચત્તમ સોપાનો

સર કર્યાં હતાં.

(૬) ધાર્મિક જીવન – મેગેસ્થનીસની નોંધો, તથા અશોકના અભિલેખો મૌર્યકાલીન ધાર્મિક જીવન પર પ્રકાશ ફેંકે છે. આ સમયે મુખ્યત્વે બ્રાહ્મણ (વૈદિક), જૈન અને બૌદ્ધ એમ ત્રણ ધર્મો પ્રચલિત હતા.

બ્રાહ્મણ ધર્મનો શૈવ સંપ્રદાય દક્ષિણ તથા પૂર્વભારતમાં અને વૈષ્ણવ સંપ્રદાય મધ્ય તથા પશ્ચિમ ભારતમાં વિશેષ ફેલાયેલો હતો. મેગેસ્થનીસ લખે છે કે હિંદુઓ કૃષ્ણ, શિવ, સ્કંદ, ઇન્દ્ર, અને વિષ્ણુની પૂજા કરતા હતા. આ સાથે મગધમાં જૈન અને બૌદ્ધ ધર્મ પણ પ્રચાર પામ્યા હતા. જૈન અનુશ્રુતિ મુજબ ચંદ્રગુપ્તમૌર્યે જીવનના અંતિમ વર્ષોમાં જૈનધર્મ અંગીકાર કર્યો હતો અને જૈનાચાર્ય ભદ્રબાહુ સાથે દક્ષિણમાં આવીને રહ્યો હતો. આમ તેના સમયમાં જૈનધર્મનો દક્ષિણમાં પણ પ્રચાર થયો હતો. અશોકનો પૌત્ર અને ઉત્તરાધિકારી સંપ્રતિ જૈનધર્મનો અનુયાયી હતો.

આ સમયમાં બૌદ્ધધર્મ રાજ્યાશ્રય પામ્યો હતો; તેથી તેનો વિશેષ ફેલાવો થયો હતો. અશોકે બૌદ્ધધર્મ સ્વીકારીને તેને વિશ્વવ્યાપી બનાવ્યો. તેણે બૌદ્ધધર્મના પ્રચાર અર્થે સિલોન, દક્ષિણભારત, મધ્યએશિયા, અગ્નિએશિયા વગેરેમાં બૌદ્ધધર્મના પ્રચારકો મોકલ્યા હતા. તેણે ધર્મપ્રચાર અર્થે સ્તૂપો, સ્તંભો, વિહારો વગેરે બંધાવ્યાં. તેણે બૌદ્ધધર્મનો અંગીકાર કર્યો હતો, છતાંય તે અન્ય ધર્મો પ્રત્યે ધર્મસહિષ્ણુ હતો. તે બધા ધર્મો પ્રત્યે સમભાવ દાખવતો. તેનો ધર્મ એ સર્વધર્મોનો સાર હતો, જેને માનવધર્મ કહી શકાય.

क. સમાપન – આ પ્રમાણે મૌર્ય–કાલીન સંસ્કૃતિના વિહંગાવલોકન પરથી સ્પષ્ટ થાય છે કે તે સમયનું સમાજજીવન વધુ અટપટું, સંગઠિત અને વૈવિધ્યશાળી બન્યું હતું, પ્રજાનું આર્થિક જીવન સમૃદ્ધ હતું, સાંસ્કૃતિક જીવનના ક્ષેત્રે પ્રજાએ અનેકવિધ સિદ્ધિઓ હાંસલ કરી હતી, આ યુગથી ભારતીય કલાનો ઇતિહાસ શરૂ થાય છે, અને ધાર્મિક ક્ષેત્રે આ સમયમાં મહત્ત્વપૂર્ણ પરિવર્તનો થઈ રહ્યાં હતાં. આમ ઉપર મુજબ સાંસ્કૃતિક ક્ષેત્રે પ્રાપ્ત કરેલી અનેકવિધ સિદ્ધિઓને લીધે મૌર્યયુગ પ્રાચીન ભારતના ઇતિહાસમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

*

આટલું યાદ રાખીએ તો.........

૧. મૌર્ય શાસનવ્યવસ્થા.........

ક. સાધનો.........નીચે પ્રમાણે છે.

૧. મૌર્ય શાસનવ્યવસ્થા જાણવા માટેનાં **પરદેશી સાધનોમાં સિકંદરના**

સાથીદારો, મેગસ્થનીસ, ગ્રીક–રોમન લેખકો વગેરેના લખાણો સહાયભૂત બને છે.

૨. મૌર્ય શાસનવ્યવસ્થા જાણવા માટેના **ભારતીય સાધનોમાં** કૌટિલ્યનું અર્થશાસ્ત્ર, મુદ્રારાક્ષસ, કલ્પસૂત્ર, પુરાણો, અભિલેખો, અવશેષો વગેરે સહાયભૂત બને છે.

ખ. શાસનવ્યવસ્થા.........મુખ્ય અંગો નીચે મુજબ છે.

૧. કેન્દ્રમાં રાજા સર્વોપરી હતો.

૨. તે ૧૫ થી ૨૦ મંત્રીઓની સહાયથી વહીવટ ચલાવતો.

૩. મૌર્ય સમયમાં કુલ અઢાર ખાતાંઓ હતાં.

૪. વહીવટી સરળતા ખાતર સામ્રાજ્યને (i) ઉત્તરાપથ, (ii) અવન્તી, (iii) દક્ષિણાપથ, (iv) કલિંગ અને (v) મધ્યપ્રદેશ એમ પાંચ વિભાગમાં વહેંચી નાખવામાં આવેલ હતું. પ્રાંતનો ઉપરી સુબો હતો.

૫. પ્રાંતને જિલ્લા (આહર) માં અને જિલ્લાને પ્રદેશમાં વહેંચી નાખવામાં આવેલ હતા. પ્રદેશની નીચે સ્થાનિય, સંગ્રહણ ને ગ્રામ હતાં.

૬. રાજધાની પાટલીપુત્રનો વહીવટ કરવા ૩૦ સભ્યોની બનેલી એક સમિતિ હતી.

૨. મૌર્યકાલીન ભારતીય સંસ્કૃતિ :

(ક) સામાજિક જીવન.........વૈવિધ્યશાળી હતું.

૧. મૌર્યકાલીન સમાજમાં સાત વર્ગો હતા.

૨. ખાનપાનમાં લોકો ચોખા, દૂધ, માંસ વગેરે લેતા.

૩. સમાજમાં મોટા ભાગના લોકો સુતરાઉ વસ્ત્રો પહેરતા.

૪. લોકો એશઆરામી અને સુખચેનભર્યું જીવન ગાળતા.

૫. રાજકુટુંબો અને અમીરોમાં બહુપત્ની પ્રથા પ્રચલિત હતી.

૬. સમાજમાં સ્ત્રીઓનું સ્થાન એકંદરે સંતોષજનક ન હતું.

૭. સમાજમાં ગુલામીપ્રથાનું નામનિશાન ન હતું.

૮. ઉચ્ચનૈતિક ધોરણ એ સમાજજીવનનું પ્રસંશનીય અંગ હતું.

બ્રાહ્મણવંશ

શુંગ, કણ્વ અને સાતવાહન વંશ

'પુષ્યમિત્રના વંશજોનું રાજ્ય સામાન્યતઃ ભારતના ઇતિહાસમાં અને મુખ્યત્વે મધ્યભારતના ઇતિહાસમાં એક મહત્ત્વના યુગનું સૂચક છે.
—ડૉ. રાયચૌધરી.

'દક્ષિણ ભારતના ઇતિહાસમાં સાતવાહનોનું શાસન સાંસ્કૃતિક દૃષ્ટિએ ખૂબ મહત્ત્વનું છે.'
—ડૉ. બી. જી. ગોખલે.

* પ્રકરણની રૂપરેખા *

ક. શુંગવંશ :
1. શુંગવંશનો રાજકીય ઇતિહાસ.
2. શુંગકાલીન સંસ્કૃતિ.
3. પુષ્યમિત્રશુંગની કારકિર્દી–સિદ્ધિઓ.

ગ. સાતવાહનવંશ :
1. સાતવાહનવંશનો રાજકીય ઇતિહાસ.
2. સાતવાહનકાલીન સંસ્કૃતિ.
3. ગૌતમીપુત્ર શાતકર્ણી.

૧. શુંગવંશનો રાજકીય ઇતિહાસ :

અ. પ્રાસ્તાવિક : મૌર્ય સામ્રાજ્યના ઇતિહાસમાંથી ઐતિહાસિક બોધપાઠ એ મળે છે કે દેશમાં શાંતિની જાળવણી મુખ્યત્વે કરીને શક્તિશાળી શાહી સત્તા પર અવલંબે છે.[1] આ દૃષ્ટિએ વિચારતાં મૌર્યસમ્રાટ અશોકના અનુગામીઓ રાજ્યકર્તા તરીકે નિર્બળ હોવાથી તેમની નિર્બળતાનો લાભ લઈને મહત્ત્વાકાંક્ષી સુબાઓએ મૌર્ય સામ્રાજ્યથી સ્વતંત્ર રાજ્યો સ્થાપ્યાં. આવી ડામાડોળ રાજકીય પરિસ્થિતિનો લાભ મૌર્યવંશના છેલ્લા સમ્રાટ બૃહદ્રથના બ્રાહ્મણ સેનાપતિ પુષ્યમિત્રે ઉઠાવ્યો. તેણે પોતાનો હેતુ પાર પાડવા એક દિવસે સમ્રાટને લશ્કરનું નિરીક્ષણ કરવાના બહાને બોલાવ્યો અને લશ્કરની હાજરીમાં જ તેનો વધ કરીને તે પાટલીપુત્રની ગાદીએ આવ્યો. પુષ્યમિત્ર શુંગકુળનો હોવાથી તેણે સ્થાપેલો વંશ ઇતિહાસમાં '**શુંગવંશ**' તરીકે ઓળખાય છે.

૧. E. J. Rapson : Ancient India. P. 60.

ख. શુંગવંશના રાજાઓનું કુળ : શુંગવંશના રાજાઓના કુળ વિષે વિદ્વાનોમાં વિવિધ મંતવ્યો પ્રવર્તે છે. પાણિનિ પુષ્યમિત્ર (શુંગવંશી રાજાઓ) ને ભારદ્વાજ કુળનો બ્રાહ્મણ માને છે. કાલિદાસ તેને કશ્યપ ગોત્રના વંશ જ તરીકે ઓળખાવે છે. બૌદ્ધ સાધુ તારાનાથના મતે પુષ્યમિત્ર બ્રાહ્મણ હતો. આમ પુષ્યમિત્ર અને તેના વંશના રાજાઓ શુંગકુળના બ્રાહ્મણ હતા, એવું મંતવ્ય મોટાભાગના વિદ્વાનો સ્વીકારે છે.

क. શુંગવંશનો રાજકીય ઇતિહાસ : શુંગવંશના રાજાઓએ ઈ. સ. પૂ ૧૮૭થી ઈ. સ. પૂ. ૭૫ સુધી મગધના સામ્રાજ્ય પર શાસન કર્યું. આ વંશમાં કુલ ૧૦ રાજાઓ થઈ ગયા.

પુષ્યમિત્ર એ શુંગવંશનો સ્થાપક હતો. તેણે પોતાના પુત્ર અગ્નિમિત્રની મદદથી વિદર્ભ જીત્યું, બૅક્ટ્રિયાના ગ્રીકો સામે વિજય મેળવીને મગધના સામ્રાજ્યનું રક્ષણ કર્યું, પરંતુ કલિંગના ખારવેલ સામે તેનો પરાજય થયો. તેણે બ્રાહ્મણધર્મને રાજ્યાશ્રય આપ્યો, બે અશ્વમેધ યજ્ઞો કર્યા, છતાં તે ધર્મસહિષ્ણુ હતો, જેની પ્રતીતિ તેણે બંધાવેલ ભારહુતનો બૌદ્ધ સ્તૂપ છે. તેના સમયમાં બ્રાહ્મણ સાહિત્યને તેમજ સ્થાપત્યકલાને ઉત્તેજન મળ્યું. તેના સમયમાં પંતજલિએ **'મહાભાષ્ય'**ની રચના કરી તેમજ ભારહૂતનો બૌદ્ધ સ્તૂપ પણ બંધાયો હોવાનું મનાય છે. તે ૩૬ વર્ષ સુધી રાજ્ય કર્યા બાદ ઈ. સ. પૂ. ૧૫૧માં મૃત્યુ પામ્યો.

તેના પછી તેનો પુત્ર અગ્નિમિત્ર મગધ (રાજધાની પાટલીપુત્ર)ની ગાદીએ આવ્યો. તેણે કુલ આઠ વર્ષ શાસન કર્યું. તેના પિતાના સમયમાં તેણે વિદર્ભ જીતેલું. તેના સમયમાં શુંગની સત્તા ઓસરવા લાગી. અગ્નિમિત્ર પછી ગાદીએ આવનાર વસુજયેષ્ઠ અને વસુમિત્ર બંને તેના પુત્રો હતા. વસુમિત્રે પુષ્યમિત્રના શાસનકાળમાં ગ્રીકોના હુમલા હઠાવ્યા હતા, ત્યાર પછી અનુક્રમે આર્દ્રક, પુલિન્દિક, ઘોષ, વજ્રમિત્ર અને ભાગભદ્ર ગાદીએ આવ્યા. ભાગભદ્રના રાજદરબારમાં તક્ષશિલાના યવનરાજવી એન્ટીઅલસીડ્સે હેલિયોડારસને પોતાના રાજદૂત તરીકે મોકલ્યો હતો અને એ રીતે તેના સમયમાં યવનરાજ્યો સાથે રાજદ્વારી સંબંધો બાંધવાની દિશામાં પ્રયાસો થયા. ભાગભદ્ર પછી ગાદીએ આવેલો શુંગવંશનો છેલ્લો રાજા દેવભૂતિ ઘણો વ્યસની અને લંપટ હતો, એટલે તેના બ્રાહ્મણમંત્રી વાસુદેવ કણ્વે દેવભૂતિની દાસીના કન્યા દ્વારા તેનો ઘાત કરાવ્યો અને પોતે મગધની રાજગાદી પર બેઠો.

क. સમાપન : આ પ્રમાણે મૌર્યવંશના છેલ્લા વંશજને પુષ્યમિત્ર

શુંગે લશ્કરની સામે જ મારી નાખી શુંગવંશની સ્થાપના કરી, તો તેના છેલ્લા વંશજ દેવભૂતિને તેના મંત્રી વાસુદેવ કણ્વે મારી નાખી આદિ–અંતનો પ્રાસ મેળવી લીધો. ડૉ. મજુમદારે યોગ્ય જ કહ્યું છે કે શુંગવંશની સત્તા 'માલિક'ની હત્યામાંથી ઉદ્‌ભવી અને એ જ રીતે તેનો લોપ થયો.[૨]

૨. શુંગવંશની સિદ્ધિઓ (શુંગકાલીન સંસ્કૃતિ)
અથવા
શુંગવંશનું ઐતિહાસિક મહત્ત્વ (ઇતિહાસમાં સ્થાન)

અ. પ્રાસ્તાવિક – પ્રાચીન ભારતના ઇતિહાસમાં શુંગવંશનો શાસનકાળ ખૂબ મહત્ત્વનો ગણાય છે, કેમકે આ વંશે ગુપ્તોના સુવર્ણયુગના સર્જન માટે પૂર્વભૂમિકા પૂરી પાડી. એટલે તો ઇતિહાસકારો શુંગકાલીન સંસ્કૃતિને "ગુપ્તકાલીન સંસ્કૃતિની શૈશવાવસ્થા" તરીકે ઓળખાવે છે.

બ. શુંગવંશની સિદ્ધિઓ (શુંગકાલીન સંસ્કૃતિ) – શુંગવંશે વિવિધ ક્ષેત્રે સાધેલી સિદ્ધિઓ નીચે પ્રમાણે છે.

*** રાજકીય સિદ્ધિઓ :**

(૧) મગધના સામ્રાજ્યને છિન્નભિન્ન થતું અટકાવેલું – પુષ્યમિત્ર શુંગે પરદેશી આક્રમણકારો (યવનો) ને હાંકી કાઢીને આર્યાવર્તનું રક્ષણ કર્યું અને એ રીતે એક સદી સુધી તેણે અને તેના વંશજોએ મગધના સામ્રાજ્યને છિન્નભિન્ન થતું અટકાવ્યું તેમજ મગધની સત્તાને છેક વિદિશા (મધ્ય ભારત) સુધી ફેલાવી. આમ છેલ્લા મૌર્યસમ્રાટનો અંત આવ્યો, પણ મૌર્યસામ્રાજ્યનો નહિ. યવનો સામે પુષ્યમિત્રે આર્યાવર્તનું રક્ષણ કર્યું અને મધ્ય ભારતમાં તેમની સત્તા ફેલાતી અટકાવી. ટૂંકમાં 'પુષ્યમિત્ર અને તેના ઉત્તરાધિકારીઓએ અશોક પહેલાંની મૌર્યોની પરંપરા આગળ ધપાવી.'

*** સાંસ્કૃતિક સિદ્ધિઓ :**

(૨) સામાજિક વ્યવસ્થામાં આવેલું પરિવર્તન – મૌર્ય સમયમાં બૌદ્ધધર્મના પ્રચારને લીધે શિથિલ બનેલી વર્ણાશ્રમ વ્યવસ્થાને સુદૃઢ બનાવવા શુંગશાસને પ્રયાસો કર્યા હતા, જે હકીકત મનુસ્મૃતિમાંથી સ્પષ્ટ છે. આ સમયમાં મનુસ્મૃતિનું પુનઃસંકલન થયું હતું. વર્ણાશ્રમની ઉપયોગિતા તથા તેની ફરજોની મર્યાદાનું વિસ્તારપૂર્વક પુનર્દોહન થયું અને તેમના પાલન પર ખૂબ ભાર મૂકાયો. ડૉ. પી. સરનના મતે જે પરંપરાગત વર્ણવ્યવસ્થાનો સ્વીકાર કરતા નહિ

---

૨. Ancient India, p. 117.

તેમને સમાજમાં સન્માન મળતું નહિ. લગ્ન જેવી સામાજિક પ્રથાના નિયમો વધુ કડક કરવામાં આવ્યા. મૌર્ય સમાજની છૂટાછેડાની પ્રથાનું જોર શુંગકાળ દરમિયાન સામાન્યતઃ ઘટી ગયું હતું. સમાજમાં પ્રચલિત બનેલ 'નિયોગ'ની પ્રથા લોકોમાં અપ્રિય બની ચૂકી હતી. ખાસ સંજોગોમાં જ પુનર્વિવાહની છૂટ હતી. આ રીતે આ યુગમાં સામાજિક સ્વાતંત્ર્યની મર્યાદાઓ આંકવામાં આવી હતી.

(૩) **બ્રાહ્મણધર્મનું પુનરુત્થાન :** ડૉ. ચાવડાના મતે શુંગવંશના ઉદય સાથે બ્રાહ્મણધર્મનો પણ પુનરુત્થાન થયો. શુંગ રાજવીઓ બ્રાહ્મણ હોવાથી તેમના શાસનકાળમાં બ્રાહ્મણ ધર્મને રાજ્યાશ્રય મળ્યો. પરિણામે બ્રાહ્મણધર્મ સજીવન થયો અને તેની સાથે ભાગવન સંપ્રદાયનું મહત્ત્વ વધ્યું. પુષ્યમિત્ર પોતે બ્રાહ્મણ હોવાથી તેણે બ્રાહ્મણધર્મના ભાગવત્ સંપ્રદાયને ખૂબ પ્રોત્સાહન આપ્યું. શુંગ રાજવી ભાગભદ્રના રાજદરબારમાં આવેલ યવન રાજાના દૂત હેલિયોડોરસે પણ ભાગવત ધર્મનો અંગીકાર કર્યો અને તેની યાદમાં બેસ-નગર (ભીલસા નજીક)માં ગરૂડ ધ્વજ ઊભો કરાવ્યો હતો. આ હકીકત એ બાબતની પ્રતીતિ કરાવે છે કે હિંદુધર્મ–બ્રાહ્મણધર્મ–સંકુચિત મનોવૃતિથી પર હતો અને પરદેશીઓ તેના વિશાળ ફલકમાં સ્થાન મેળવી શકતા.[૩] ડૉ. મુકર્જી-ના મતે જેવી રીતે સાંચી એ અશોકના સમયથી બૌદ્ધધર્મનું કેન્દ્ર હતું. તેવી રીતે શુંગશાસન દરમિયાન વિદિશા ભાગવત સંપ્રદાયનું મુખ્ય કેન્દ્ર હતું.[૪] પુષ્યમિત્રે તેના શાસનકાળમાં બે અશ્વમેધ યજ્ઞો કર્યા હતા. આ યજ્ઞોએ બૌદ્ધ-ધર્મની સામે નવા બ્રાહ્મણ ધર્મની ચળવળનો શંખ ફૂંક્યો, જે ચળવળ ગુપ્ત સમયમાં તેની પરાકાષ્ઠાએ પહોંચવાની હતી. આથી તો શુંગવંશ **'અશ્વમેધ પુનરૂદ્ધાર યુગ'** તરીકે પણ ઓળખાય છે. આમ શુંગવંશના રાજાઓ બ્રાહ્મણ-ધર્મના આશ્રયદાતા હોવા છતાં તેમણે અન્ય ધર્મો પ્રત્યે સહિષ્ણુતા દાખવી હતી. તેમના સમયમાં ભારહૂતનો બૌદ્ધસ્તૂપ તથા સાંચીના બૌદ્ધસ્તૂપને ફરતે બંધાયેલ દિવાલ અને દરવાજા તેમની ધર્મસહિષ્ણુતાના જીવંત પૂરાવાઓ છે.

(૪) **બ્રાહ્મણ સાહિત્યને ઉત્તેજન :** શુંગોના શાસનકાળમાં બ્રાહ્મણ-ધર્મને રાજ્યશ્રય મળતાં આપોઆપ બ્રાહ્મણ સાહિત્ય (સંસ્કૃતિ)ને ઉત્તેજન મળ્યું. વિદિશાનો સાંસ્કૃતિક કેન્દ્ર તરીકેનો વિકાસ આ સમયમાં થયો. તે (વિદિશા) સાહિત્યિક અને કલાવિષયક પ્રવૃત્તિઓથી ધમધમતુ હતું. આ

---

૩. Dr. R. S. Tripathi : History of Ancient India P. 188.

४. डॉ, राधामुकुद मुकर्जी : प्राचीन भारत, पृ, ७२.

સમયમાં મનુસ્મૃતિનું સંકલન થયું, મહાભારત તેમજ રામાયણનો મોટો ભાગ લેખબદ્ધ થયો અને પંતજલિએ પાણિનિના અષ્ટાધ્યાયી પર '**મહાભાષ્ય**' રચ્યું. ટૂંકમાં ડૉ. **પી. સરન**ના મતે આ યુગમાં બ્રાહ્મણધર્મના ઉત્થાન સાથે સંસ્કૃત સાહિત્યને પણ ઉત્તેજન મળ્યું.

(૫) સ્થાપત્યકલાને ઉત્તેજન – શુંગ શાસન દરમિયાન સ્થાપત્ય-કલાને પણ ઉત્તેજન મળ્યું. આ સમયમાં વિદિશા પાસે ભારહૂતનો વિખ્યાત બૌદ્ધસ્તૂપ બંધાયો, જેણે શુંગશાસનને ઇતિહાસમાં અમર કર્યો. અશોકે બંધાવેલ સાંચીના સ્તૂપને ફરતી દિવાલ તેમજ તેના દરવાજા અને તોરણો આ સમયમાં બંધાયાં. ફાઉચર (Foucher) નોંધે છે કે સાંચીના સ્તૂપનો પ્રસિદ્ધ દરવાજો બનાવનાર વિદિશાના હાથીદાંતના કારીગરો હતા. આ સમયમાં ભારહુતનો બૌદ્ધસ્તૂપ, કાર્લાની ચૈત્યગુફાઓ, બેસનગરનો ગરુડસ્તંભ, અમરાવતીનો સ્તૂપ, ભારહૂતનો વૃક્ષદેવતા, વિહારોથી ઘેરાયેલું ગયાનું જંગલ વગેરે આ સમયના અમર સ્મારકો છે. આ યુગની કલાની વિશેષતા તો એ છે કે આ સમયમાં બંધાયેલ સ્તૂપો પર અંકિત થયેલાં ચિત્રોમાં પ્રજાના રોજબરોજના જીવનનું પ્રતિબિંબ અને તેમનો સાંસ્કૃતિક–આદર્શ (Cultural–ideology) જોવા મળે છે, એવું પ્રોફે. કુમારસ્વામી, ડૉ. મજુમદાર, ડૉ. નિહારરંજન વગેરે જણાવે છે. આમ પ્રાચીન ભારતના ઇતિહાસમાં શુંગવંશે સ્થાપત્યકલાના ક્ષેત્રે નવા યુગનો પ્રારંભ કર્યો.

ક. મૂલ્યાંકન – શુંગવંશની સિદ્ધિઓ (સંસ્કૃતિ) નું મૂલ્યાંકન કરતાં ડૉ. **રાયચૌધરી** જણાવે છે કે, "પુષ્યમિત્રના વંશજોનું શાસન સામાન્યતઃ ભારતના ઇતિહાસમાં અને ખાસ કરીને મધ્યભારતના ઇતિહાસમાં મહત્ત્વના યુગનું દ્યોતક છે, 'કારણ કે' શુંગશાસન દરમિયાન યવનોના નવા હુમલાઓ ઉપર અંકુશ મૂકાયો તેમજ ધર્મ, સાહિત્ય અને કલાના ક્ષેત્રે 'આ સમયે' પ્રવૃત્તિઓનો જૂવાળ ઉભરાયો, જેની તુલના ગૌરવસભર ગુપ્તયુગ સાથે કરી શકાય.[૫] આમ શુંગવંશે ગુપ્ત સમયના સુવર્ણયુગ માટે પશ્ચાદ્‌ભૂમિકાનું સર્જન કર્યું", અને એ રીતે ગુપ્તયુગને સુવર્ણયુગનું બિરુદ પ્રાપ્ત કરવામાં મૌર્યયુગની સાથે શુંગવંશનો પણ ફાળો છે. ટૂંકમાં શુંગવંશને 'ગુપ્તવંશના સુવર્ણયુગનો શાનદાર પુરોગામી' કહી શકાય.

૩. પુષ્યમિત્ર (ઈ. સ. પૂર્વે ૧૮૭–૧૫૧.)

અ. પ્રાસ્તાવિક : મૌર્ય રાજવી અશોકના અનુગામીઓ આવડતની

૫. P. H. A. I., p. 331.

દૃષ્ટિએ 'વામણા' હોવાથી મૌર્ય સામ્રાજ્યની એકતા ટકાવી શકે તેટલા શક્તિશાળી ન નીવડયા, પરિણામે નિર્બળ કેન્દ્રસત્તાનો લાભ લઈને મહત્ત્વાકાંક્ષી સુબાઓએ સ્વતંત્ર રાજ્યો સ્થાપ્યાં. આમ નિર્બળ બનેલી મૌર્યસત્તાનો લાભ લઈને છેલ્લા મૌર્યસમ્રાટ બૃહદ્રથના બ્રાહ્મણ સેનાપતિ પુષ્યમિત્રે ધીરે ધીરે પોતાની આગવી કુનેહથી મૌર્ય લશ્કરને પોતાના પક્ષમાં લીધું અને રાજ-દરબારમાં પોતાની લાગવગ વધારી. પરિણામે બૃહદ્રથની સત્તા નામની બનતી ગઈ. પોતાની મહત્ત્વાકાંક્ષા પાર પાડવા તેણે બૃહદ્રથને લશ્કરી કવાયતનું નિરીક્ષણ કરવાને બહાને બોલાવ્યો અને લશ્કરી હાજરીમાં જ તેનું ખૂન કરી ઇતિહાસમાં 'શુંગવંશ' તરીકે ઓળખાયો (શુંગવંશની સ્થાપના.)

બ. પુષ્યમિત્રનું કુળ : પુષ્યમિત્રના કુળ વિશે નીચે મુજબનાં વિવિધ મંતવ્યો પ્રવર્તે છે

(૧) પુષ્યમિત્ર ઈરાની–પારસી–હતો : પુષ્યમિત્ર અને એના વંશજો અગ્નિમિત્ર, વસુમિત્ર વગેરેના નામોની પાછળ 'મિત્ર' શબ્દ આપતો હોવાથી ડૉ. **હરપ્રસાદ શાસ્ત્રીએ** શરૂઆતમાં એવો અભિપ્રાય દર્શાવ્યો કે પુષ્યમિત્ર અને તેના વંશજો પારસી હતા અને તેઓ **મિથ્ર** (મિત્ર=સૂર્ય)ની પૂજા કરતા, પરંતુ પાછળથી શાસ્ત્રીએ પોતાના આ મતનો ત્યાગ કરીને પુષ્યમિત્રને 'બ્રાહ્મણ' તરીકે ઓળખાવ્યો છે.

(૨) પુષ્યમિત્ર મૌર્ય હતો : દિવ્યાવદન પુષ્યમિત્રને 'મૌર્ય' તરીકે ઓળખાવે છે, પરંતુ ભૂલથી લેખકે મૌર્ય રાજવીઓની યાદીમાં પુષ્યમિત્રની ગણના કરી છે.

(૩) પુષ્યમિત્ર કશ્યપ ગોત્રના બૈમ્બિક કુટુમ્બનો હતો : કાલિદાસના 'માલવિકાગ્નિમિત્ર'માં પુષ્યમિત્રના પુત્ર અગ્નિમિત્રને બૈમ્બિક કુટુંબનો દર્શાવ્યો છે અને 'બૌધાયન શ્રૌતસૂત્ર' આ કુટુંબને કશ્યપ ગોત્રનું જણાવે છે, તેથી શુંગરાજવીઓ કશ્યપગોત્રના બૈમ્બિક કુટુંબના હતા. આ મતને 'હરિવંશ' સમર્થન આપે છે. હરિવંશમાં 'ઔદ્ભિજ્જ કાશ્યપ બ્રાહ્મણ સેનાની'નો ઉલ્લેખ છે. ડૉ. જયસ્વાલ આ સેનાની એ જ પુષ્યમિત્ર શુંગ એવું સમીકરણ રજૂ કરે છે. પુષ્યમિત્ર ઔદ્ભિજ્જ (અચાનક ઉદય પામેલ) હતો, કારણકે તેણે પોતાના માલિકનો ઘાત કરીને ગાદી મેળવી હતી. આમ ડૉ. જયસ્વાલનું સમીકરણ ઉચિત જણાય છે.

(૪) પુષ્યમિત્ર ભારદ્વાજ ગોત્રનો શુંગ બ્રાહ્મણ હતો : પાણિનિના મતે પુષ્યમિત્ર ભારદ્વાજ ગોત્રનો બ્રાહ્મણ હતો. મહાભારતમાંના દ્રોણાચાર્ય, અશ્વત્થામા, પરશુરામ વગેરે બ્રાહ્મણ સેનાપતિઓની જેમ પુષ્યમિત્ર પણ મૌર્યસેનાનો બ્રાહ્મણ સેનાપતિ હતો. જયસ્વાલ આ મતને સમર્થન આપે છે. 'આશ્વલાયન શ્રૌતસૂત્ર'ના આધારે ડૉ. કીથ અને મેકડોનેલ શુંગોનો આચાર્ય (Teacher) માને છે. પ્રાચીન ભારતમાં સામાન્યતઃ બ્રાહ્મણ જ આચાર્ય થઈ શકતા, તેથી શુંગો બ્રાહ્મણો હતા, એમ સાબિત થાય છે. વળી પુષ્યમિત્રના રાજપુરોહિત અને સમકાલિન પંતજલિએ કહ્યું છે કે બ્રાહ્મણરાજ્ય સર્વોત્તમ હોય છે. જો પુષ્યમિત્ર બ્રાહ્મણ ન હોય તો તેનો પુરોહિત આ પ્રકારનું સ્પષ્ટ વિધાન ન કરી શકે. આ બધા પરથી સ્પષ્ટ થાય છે કે પુષ્યમિત્રશુંગ બ્રાહ્મણકુળનો હતો. તિબેટી ઇતિહાસકાર તારાનાથ પણ તેને બ્રાહ્મણ માને છે.

क. સિદ્ધિઓ :

અ. જીતો : પુષ્યમિત્ર શુંગના શાસનકાળમાં નીચે મુજબના મુખ્ય ત્રણ બનાવો બન્યા.

(૧) વિદર્ભ સાથે યુદ્ધ : કાલિદાસના માલવિકાગ્નિમિત્ર' ના વિવરણ મુજબ પુષ્યમિત્રની આજ્ઞાથી તેના પુત્ર અગ્નિમિત્રે વિદર્ભના રાજા યજ્ઞસેનને નમાવ્યો અને વિદર્ભનો કબજો લીધો. યજ્ઞસેને પુષ્યમિત્રનું સાર્વભૌમત્વ સ્વીકારતાં તેને ખંડિયા રાજા તરીકે તેનું અડધું રાજ્ય પાછું મળ્યું. આમ વિદર્ભ વિજયથી પુષ્યમિત્રે નર્મદાની દક્ષિણે થોડો વિસ્તાર મેળવ્યો.

(૨) યવનો–ગ્રીકો–સામે વિજય[૬] **:** પુષ્યમિત્રના શાસનકાળનો સૌથી મહત્ત્વનો ઐતિહાસિક બનાવ હતો યવનો સામે વિજય.

(ક) યવન રાજા ડિમેટ્રિયસનું આક્રમણ : બેકટ્રિયાના યવન રાજા ડિમેટ્રિયસે (ઈ. સ. પૂ. ૧૯૦–૧૬૯) પુષ્યમિત્રના સમયમાં ભારતની ઉત્તર સરહદ પર હલ્લા કર્યા અને તેનું સૈન્ય છેક પંજાબ સુધી આવી પહોંચ્યુ હતું. ત્યાં જ યુક્રેટાઇડિઝ નામના બળવાખોર નેતાએ બેકટ્રીયામાં બળવો પોકરતાં તેને પોતાના પ્રદેશ તરફ પાછા ફરવાની ફરજ પડી.

(ખ) યવન રાજા મિનેન્ડરનું આક્રમણ : પુષ્યમિત્રની જિંદગીના અંતિમ ભાગમાં યવનરાજા મિનેન્ડરે હિન્દ પર ચડાઈ કરી. (ઈ. સ. પૂ.

---

૬. આ વિજય અંગે વિવાદસ્પદ મંતવ્યો માટે જુઓ Dr. Buddha Prakash: op. cit , PP. 214-39.

૧૫૫–૫૩ ની આસપાસ)[૭] પરંતુ પુષ્યમિત્રના પૌત્ર વસુમિત્રે તેને હરાવીને હાંકી કાઢયો. આમ પુષ્યમિત્રે યવનોને હિંદની પેલે પાર હાંકી કાઢીને મગધના સામ્રાજ્યનું રક્ષણ કર્યું; આ યવન વિજય પછી તેણે અશ્વમેધ યજ્ઞ પણ કર્યો. ટૂંકમાં પ્રો. એન. એન. ઘોષના મતે પુષ્યમિત્રશુંગને બે યવન આક્રમણોનો સામનો કરવો પડયો.

(૩) કલિંગના રાજવી ખારવેલ સામે પરાજય : પુષ્યમિત્રના શાસનકાળમાં ખારવેલ મગધ પર બે વાર આક્રમણો કર્યાં.[૮] ઉદયગિરિની પર્વતમાળામાં કોતરાવેલ ખારવેલના હાથીગુફાના શિલાલેખમાં જણાવ્યા મુજબ કલિંગના ચેદી વંશના રાજવી ખારવેલે ઈ. સ. પૂર્વે ૧૬૫ની આસપાસ ઉત્તર હિંદ પર પહેલી ચઢાઈ કરી, જેમાં પુષ્યમિત્રને નમતું જોખવું પડયું હતું. ચારેક વર્ષ પછી (ઈ. સ. પૂર્વે ૧૬૧માં) ખારવેલની બીજી ચઢાઈમાં પુષ્યમિત્રનો પરાભવ થયો હતો, જેથી તેની રાજધાની પાટલીપુત્રનો શાહીખજાનો લૂંટી લેવામાં આવ્યો હતો. આ પરાજયને લીધે પુષ્યમિત્ર પૂર્વ બાજુ પોતાનો રાજ્યવિસ્તાર કરી શકયો નહિ.

ખ. શાસન વ્યવસ્થા : પતંજલિના મંતવ્ય અનુસાર પુષ્યમિત્રને તેના શાસનકાર્યમાં એક સભા મદદરૂપ થતી હતી. કાલિદાસના 'માલવિકાગ્નિમિત્ર'માં પણ મંત્રી પરિષદનો ઉલ્લેખ આવે છે. આ પરથી જણાય છે કે પુષ્યમિત્ર રાજ્યના આંતરિક કારભારમાં અને ખાસ કરીને પરદેશનીતિની મહત્ત્વની બાબતોમાં મંત્રી–પરિષદની સલાહ લેતો.

ક. ધર્મનીતિ : પુષ્યમિત્ર પોતે બ્રાહ્મણ હોવાથી તેના શાસનકાળમાં બ્રાહ્મણધર્મને રાજ્યાશ્રય મળ્યો. પરિણામે મૌર્ય સમયમાં પ્રચલિત થયેલ બૌદ્ધધર્મમાં ઓટ આવી અને બ્રાહ્મણોએ ફરી પાછું પોતાનું વર્ચસ્વ પ્રાપ્ત કર્યું., એટલે તો તેના સમયને '**પુરોહિત વર્ચસ્વનો યુગ**' પણ કહેવામાં આવે છે. ખાસ કરીને તો તેના શાસનકાળમાં બ્રાહ્મણધર્મના 'ભાગવત સંપ્રદાય'નું મહત્ત્વ વધ્યું. પુષ્યમિત્ર પોતે બ્રાહ્મણ હોવાથી તેણે આ સંપ્રદાયને વધુ પ્રોત્સાહન આપ્યું. ડૉ. રાધાકુમુદ મુકર્જીના મતે જેમ સાંચી એ અશોકના સમયથી બૌદ્ધધર્મનું જાણીતું કેન્દ્ર હતું તેમ પુષ્યમિત્રના સમયમાં વિદિશા ભાગવત સંપ્રદાયનું મુખ્ય કેન્દ્ર હતું.[૯] જે રાજધાનીમાં મૌર્યસમ્રાટ

---

૭. E. H. I., P. 210.

૮. Ibid, P. 209.

૯. प्राचीन भारत, पृ. ७२.

અશોકે જીવહિંસા બંધ કરાવી, તે જ રાજધાનીમાં પુષ્યમિત્રે બે અશ્વમેધ યજ્ઞો કર્યા. આ યજ્ઞોનું મહત્ત્વ સમજાવતાં સ્વ. ડૉ. રાયચૌધરી લખે છે કે આ યજ્ઞોએ બૌદ્ધધર્મની સામે નવા બ્રાહ્મણધર્મની ચળવળનો શંખ ફૂંક્યો, જે ચળવળ ગુપ્ત સમયમાં તેની પરાકાષ્ઠાએ પહોંચવાની હતી.[૧૦] આ પ્રમાણે પુષ્યમિત્રના સમયમાં બ્રાહ્મણધર્મ પુનર્જીવિત થયો, એટલે તો બ્રાહ્મણગ્રંથો તેને બ્રાહ્મણધર્મના ઉદ્ધારક તરીકે માને છે.

પરંતુ બૌદ્ધગ્રંથોમાં તેની નિંદા કરવામાં આવી છે અને તેને બૌદ્ધધર્મનું નિકંદન કાઢનાર તરીકે વર્ણવ્યો છે. 'દિવ્યાવદાન'ના વિવરણ મુજબ તેણે બૌદ્ધ મઠનો નાશ કરાવ્યો હતો. તેણે પાટલીપુત્રમાં અશોકે બંધાવેલ 'કુક્કુટારામ'નો નાશ કરવા ત્રણવાર નિષ્ફળ પ્રયાસો કર્યા. તેણે દરેક બૌદ્ધસાધુના મસ્તક દીઠ ૧૦૦ સોનામહોરનું ઈનામ પણ સિયાલકોટમાં જઈને જાહેર કર્યું હતું એવો 'દિવ્યાવદાન'માં ઉલ્લેખ છે. તારાનાથ પણ જણાવે છે કે તેણે અનેક બૌદ્ધ-સાધુઓનો ઘાત કરાવ્યો હતો તેમજ અનેક સ્તૂપો અને વિહારોનો નાશ કરાવ્યો. પ્રો. નગેન્દ્રનાથ ઘોષ પણ આ બૌદ્ધ-પ્રમાણોને યથાર્થ માને છે અને જે પ્રકારે તેણે મગધની ગાદી મેળવી એ પૂર્વભૂમિકાનું અધ્યયન કરીને નિષ્કર્ષ સ્વરૂપે તેઓ જણાવે છે કે તે બૌદ્ધધર્મીઓ પ્રત્યે અસહિષ્ણુ હતો.

અલબત્ત, પુષ્યમિત્રે બ્રાહ્મણધર્મને રાજ્યાશ્રય આપ્યો હતો, પરંતુ આટલી હદે બૌદ્ધધર્મીઓને ત્રાસ આપ્યો હોય તેવા કોઈ નક્કર પૂરાવા મળતા નથી. બૌદ્ધસાધુના ધડને માટે ૧૦૦ સોના મહોરના ઇનામની જાહેરાત તેણે પાટલીપુત્ર, વિદિશા કે અયોધ્યામાં નહીં કરતાં સિયાલકોટમાં જ કેમ કરી ? આના ઉત્તરમાં ટાર્ન જણાવે છે આ વિસ્તાર યવનોના વર્ચસ્વ હેઠળ હતો. ત્યાંના બૌદ્ધધર્મીઓ યવનોને સહાય કરતા હતા, એટલે તેમની આ રાષ્ટ્ર-વિરોધી પ્રવૃત્તિને ડામવા અને એ દ્વારા પોતાના સામ્રાજ્યનું રક્ષણ કરવાના રાજકીય ઉદ્દેશ્યથી પ્રેરાઈને જ તેણે આવી જાહેરાત કરી હતી. આથી ઉપરોક્ત સર્વ વાતો ધર્મદ્વેષથી લખાઈ હોય તેમ જણાય છે, એથી ઉલટું તેણે તો ભારહુતનો બૌદ્ધ સ્તૂપ બંધાવ્યો હોવાનું જણાય છે, તેમજ તેના શાસનકાળમાં સાંચીના દરવાજા અને તેની ફરતે દિવાલ તૈયાર થયાં હતાં. આ સર્વ હકીકત તેની ધાર્મિક સહિષ્ણુતાના પુરાવારૂપ છે.

એક બાજુ ડૉ. સ્મીથનું કહેવું છે કે તેણે બૌદ્ધધર્મીઓ ઉપર ગુજા-

૧૦. Advanced History of India, p. 114 અને P.H.A.I., p. 324.

કેલા અત્યાચારની કહાણી તદ્દન જૂઠી તો નથી, જો કે તેમાં અતિશયોક્તિનો અંશ જોવા મળે છે. બૌદ્ધગ્રંથોના આધારે પ્રોફે. નગેન્દ્રનાથ ઘોષ પણ પણ સ્મીથના વિચારોનો પડઘો પાડે છે. તો બીજી બાજુ ડૉ. રાયચૌધરી ડૉ. આર. એસ. ત્રિપાઠી, પ્રોફે. જગન્નાથ વગેરે જણાવે છે કે બૌદ્ધધર્મ પ્રત્યેના પુષ્યમિત્રના અત્યાચારની કહાણી ધર્મદ્વેષથી લખવામાં આવી હોવાનું વધુ સંભવિત છે, આ વિવાદસ્પદ પ્રશ્ન પર પોતાનો અભિપ્રાય આપતાં આંગ્લ લેખક શ્રી ઈ. બી. હેવલ જણાવે છે કે પુષ્યમિત્રશુંગે બૌદ્ધધર્મીઓનું દમન કર્યું, એટલા માટે નહીં કે તેઓ જે ધર્મમાં માનતા હતા તેમાં પુષ્યમિત્રને અવિશ્વાસ હતો પરંતુ એટલા માટે કે તેમનો બૌદ્ધસંઘ રાજકીય સત્તાનું કેન્દ્ર બની ગયો હતો.[૧૧]

ड. સાહિત્યકલા : તે બ્રાહ્મણ ધર્મી હોવાથી તેના સમયમાં બ્રાહ્મણ ધર્મનો પુનરૂત્થાન થયો, પરિણામે બ્રાહ્મણ સાહિત્યને પણ ઉત્તેજન મળ્યું. પુષ્યમિત્રના સમકાલીન એવા પતંજલિએ તેના સમયમાં 'મહાભાષ્ય' રચ્યું. તેના સમયમાં મનુસ્મૃતિનું પુનર્સંકલન થયું. તેના સમયમાં સ્થાપત્ય કલાને પણ ઉત્તેજન મળ્યું. ભારહુતનો બૌદ્ધ સ્તૂપ તેમજ સાંચીના બૌદ્ધ સ્તૂપને ફરતી પત્થરની દિવાલ અને દરવાજા તેના શાસનકાળ દરમિયાન બંધાયા હોવાનું મનાય છે. તેણે દાનધર્મ દ્વારા અનેક બૌદ્ધ સ્તૂપો બંધાવ્યા. વિદિશા તો કલા અને સાહિત્યિક પ્રવૃત્તિઓથી ધમધમતું હતું.

क. મૂલ્યાંકન (ઇતિહાસમાં સ્થાન) – આ પ્રમાણે શુંગવંશના સ્થાપક અને બ્રાહ્મણ ધર્મના ઉદ્ધારક એવા પુષ્યમિત્રે કુલ ૩૬ વર્ષ મગધની ગાદી પર શાસન કર્યું અને ઈ. સ. પૂ. ૧૫૧ માં તે અવસાન પામ્યો. તે પ્રાચીન ભારતના ઇતિહાસમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

તેણે પરદેશી આક્રમણો સામે મગધના સામ્રાજ્યનું રક્ષણ કર્યું અને એ રીતે એક સદી સુધી મગધના સામ્રાજ્યને છિન્નભિન્ન થતું અટકાવ્યું. વળી વિદર્ભ રાજ્ય સાથેના તેના વર્તાવમાં તેની કૂટનીતિ છતી થાય છે. તેણે વિદર્ભના યજ્ઞસેનને હરાવીને તેનું રાજ્ય પોતાના રાજ્યમાં ભેળવી ન દેતાં તેના બે વિભાગો પાડી યજ્ઞસેન અને માધવસેનને પાછું સોંપ્યું. આમ વિદર્ભના પ્રશ્નમાં તે 'ધર્મવિજય'ની નીતિને અનુસર્યો અને એ રીતે તેણે સમુદ્રગુપ્તને આ નીતિ અનુસરવા પ્રેર્યો. સ્વ. કે. પી. જયસ્વાલે તો પુષ્યમિત્રને ઑલિવર ક્રોમ–

૧૧. Aryan Rule in India, P. 123.

વેલ્સ[1] સાથે તુલના કરી છે. તેણે બ્રાહ્મણધર્મની પુનઃપ્રતિષ્ઠા કરી અને તેની સાથે ભાગવત સંપ્રદાયનું મહત્ત્વ વધ્યું. ગુપ્ત સમયમાં જે બ્રાહ્મણધર્મ ખૂબ ફેલાવાનો હતો તે માટેની પૂર્વભૂમિકા તેના સમયમાં તૈયાર થઈ. તે બ્રાહ્મણધર્મી હોવા છતાં ધર્મસહિષ્ણુ હતો. તે વિદ્યાકલાનો આશ્રયદાતા હતો. આમ તેની કારકિર્દી અનેકવિધ બનાવોથી ભરપૂર હતી.[12]

કણ્વવંશ (ઈ. સ. પૂ. ૭૫–૩૦)

રાજ્યપ્રાપ્તિ – વિષ્ણુ પુરાણના ઉલ્લેખ મુજબ શુંગવંશના છેલ્લા રાજવી દેવભૂતિનો ઘાત કરીને તેનો બ્રાહ્મણ પ્રધાન વાસુદેવ મગધની ગાદીએ આવ્યો. (ઈ. સ. પૂ. ૭૫) આ બાબતનું સમર્થન 'હર્ષચરિત' માં પણ આવે છે. 'હર્ષચરિત'ના વિવરણ મુજબ શુંગવંશના છેલ્લો રાજવી દેવભૂતિ ઘણો વ્યસની અને લંપટ હતો. એટલે તેના બ્રાહ્મણ મંત્રી વાસુદેવ કણ્વે દેવભૂતિની દાસીની કન્યા દ્વારા તેનો ઘાત કરાવી મગધની ગાદી મેળવી અને 'કણ્વવંશ' નામના નવા રાજ્યવંશની સ્થાપના કરી. આ રાજાઓ બ્રાહ્મણવંશી હતા.

શાસકો – રાજ્યગાદીની પ્રાપ્તિના બનાવ સિવાય આ વંશના રાજાઓ વિશે અન્ય કોઈ નોંધપાત્ર માહિતી મળતી નથી. આ રાજાઓએ વૈદિક ધર્મ અને સમાજની રક્ષા કરી હતી, પરંતુ રાજકીય ક્ષેત્રે તેમના સમયમાં કોઈ નોંધપાત્ર ઘટના બની ન હતી. આ વંશમાં અનુક્રમે વાસુદેવ (૯ વર્ષ રાજ્ય કર્યું) ભૂમિમિત્ર (૧૪ વર્ષ) નારાયણ (૧૨ વર્ષ) અને સુશર્મા (૧૦ વર્ષ) એમ ચાર રાજાઓ થઈ ગયા. આ રાજાઓનું રાજ્ય મગધની આસપાસના પ્રદેશો પૂરતું જ મર્યાદિત હતું, એટલે કે તેઓ મગધના સ્થાનિક શાસકો જ રહ્યા હતા. તેમની નિર્બળતાનો લાભ લઈને તેમના રાજ્યમાં નોકરી કરતા કોઈ આંધ્ર (સંભવ છે કે તે સેનાપતિ કે મંત્રી હોય) સ્વતંત્ર બનીને મગધ પર ચડાઈ કરીને છેલ્લા કણ્વવંશી રાજવી સુશર્માને પરાજય આપીને મગધના સામ્રાજ્યને આંધ્ર સામ્રાજ્ય સાથે ભેળવી દીધું. કણ્વવંશે ઈ. સ. પૂ ૭૫થી ઈ. સ. પૂ. ૩૦ સુધી રાજ્ય કર્યું.[13]

ગ. આંધ્રના સાતવાહનો :

૧. આંધ્રના સાતવાહનો : કોણ અને ક્યાંના વતની?

અ. પ્રાસ્તાવિક – આંધ્રો એ ગોદાવરી અને કૃષ્ણા નદી વચ્ચે આવેલ

---

૧૨. Dr. B. G. Gokhala : Ancient India, P. 47.

૧૩. વિવેચન માટે જુઓ Age of Imperial unity., PP. 99-100 અને રાયચૌધરી લિખિત P. H. A. I., PP. 332–33.

આંધ્રપ્રદેશમાં રહેતી એક જાતિ હતી. જ્યારે સાતવાહનો મહારાષ્ટ્રના પ્રદેશમાં નિવાસ કરતા હતા. સાતવાહનોએ સમય જતાં આંધ્રપ્રદેશમાં પણ પોતાની સત્તા જમાવી. પરંતુ શકજાતિના આક્રમણોના પરિણામે તેમની (સાતવાહનોની) સત્તા આંધ્રપ્રદેશ પૂરતી મર્યાદિત બની અને પોતાના મૂળ પ્રદેશો પરનું તેમણે પોતાનું આધિપત્ય ગુમાવ્યું. તેઓ આંધ્ર-પ્રદેશના રહેવાસીઓ સાથે એવા તો હળીમળી ગયા કે તેઓ પણ આંધ્ર કહેવાયા, અને એ મુજબ પ્રથમ સાતવાહન નરેશ સિમુક આંધ્રવંશનો સંસ્થાપક બન્યો.

ब. આંધ્રના સાતવાહનો : કોણ અને ક્યાંના વતની ?

*** સાતવાહનો કોણ ? –** સાતવાહનો કોણ (કઈ જાતિના) હતા એ અંગે વિદ્વાનોમાં નીચે પ્રમાણે મતભેદ પ્રવર્તે છે.

(૧) પુરાણો – પુરાણમાં સાતવાહનોને '**આંધ્યભૃત્ય**' કહ્યા છે. ભૃત્ય એટલે નોકર. આથી તેઓ મૌર્યના નોકરો (સામંત–શાસકો) હોવાનું સંભવિત છે.[૧૪] એટલે તો પુરાણો તેમને '**વૃષાલ**' (હલકી જાતિના) કહે છે.

(૨) મનુસ્મૃતિ-મહાભારત ઇત્યાદિ – મનુસ્મૃતિ, મહાભારત, અભિલેખો વગેરેમાં તેમને '**વર્ણસંકર**' જાતિના કહ્યા છે. ઐતરેય બ્રાહ્મણમાં તેમને '**અનાર્યજાતિ**' તરીકે ઓળખાવ્યા છે.

(૩) જોગલેકર – તે સાતવાહનો માટે સપ્તવાહન (જેના વાહનને સાત અશ્વ જોડવામાં આવેલ છે એવો સૂર્ય) શબ્દ પ્રયોજી તેમને 'સૂર્યવંશી' કહે છે.

(૪) ડૉ. જયસ્વાલ–તે સાતવાહનોને બ્રાહ્મણકુળના જણાવે છે.

(૫) ડૉ. રાયચૌધરી – તે પણ સાતવાહનોને બ્રાહ્મણ ગણે છે, પરંતુ તેમનામાં નાગજાતિનું લોહી ભર્યું હતું.[૧૫] આથી જ બ્રાહ્મણગ્રંથોએ તેમને 'વર્ણસંકર બ્રાહ્મણ' (વૃષાલ–હીન જાતિના કહ્યા છે.)

*** સાતવાહનો ક્યાંના વતની ?** (મૂળપ્રદેશ) – ડૉ. **રાયચૌધરી**ના મત મુજબ સાતવાહનોના મૂળવતન (Original home) અંગે વિદ્વાનોમાં ભારે વિરોધાભાસ પ્રવર્તે છે.

---

૧૪. આ અંગે ગોપાલાચારી અને સુકથાનકરના તુલનાત્મક વિચારોની ચર્ચા માટે જુઓ, ચંદ્રભાણ પાંડયે કૃત **आंध्र-सातवाहन साम्राज्यका इतिहास**, પૃ. ૪.

૧૫. p. H. A. I., P. 343 (Brahmans with a little admixture of Naga blood.)

(૧) **શ્રીમિરાશી** – સાતવાહનો વેનગંગા નદીના બંને કિનારાના પ્રદેશના રહીશો હતા. પરંતુ ડૉ. ડી. સી. સરકાર તેમના મતનું ખંડન કરે છે અને સાતવાહનોનું મૂળ વતન વરાડ નહીં પરંતુ પ્રતિષ્ઠાન (હાલનું પૈઠણ) હોવાનું જણાવે છે.

(૨) **શ્રીબાર્નેટ** – સાતવાહનો તેલંગણના નિવાસી હતા.

(૩) **શ્રી નિવાસ આયંગર** – સાતવાહનો વિંધ્યપર્વતમાળામાં વસતિ એક જાતિ હતી.

(૪) **ડૉ. સુકથાનકર** – મદ્રાસપ્રાંતના બેલારી જિલ્લાને સાતવાહનોનું મૂળવતન માનવામાં આવે છે.

(૫) **ડૉ. ગોપાલાચારી** – સાતવાહનો પ્રતિષ્ઠાન (હાલમાં ગોદાવરી કિનારે આવેલ પૈઠણ)ની આસપાસના પ્રદેશમાં રહેતા હતા.

(૬) **જોગલેકર** – સાતવાહનો પુના જિલ્લામાંથી વહેતી આંધ્ર નદીની ખીણમાં રહેતા, એટલે તેઓ આંધ્ર કહેવાયા, નહીં કે આધુનિક 'આંધ્ર પ્રદેશ'ના રહેવાસી હોવાથી.

क. નિષ્કર્ષ – આ પ્રમાણે સાતવાહનો કોણ અને ક્યાંના વતની હતા એ અંગે વિદ્વાનોમાં ભારે મતભેદ પ્રવર્તે છે પરંતુ મોટા ભાગના તેમને બ્રાહ્મણકુળના ગણે છે અને તેમના મૂળવતન અંગેના ઉપરોક્ત મંતવ્યોમાં જોગલેકરનું મંતવ્ય વધુ વજૂદવાળું માલમ પડે છે.

૨. આંધ્રના સાતવાહનોનો રાજકીય ઇતિહાસ :

अ. પ્રાસ્તાવિક – દક્ષિણમાં આવેલ આંધ્ર પ્રદેશનો સાતવાહન વંશ બ્રાહ્મણવંશી હતો. આંધ્રો એ ગોદાવરી અને કૃષ્ણાનદી વચ્ચે આવેલ આંધ્રપ્રદેશમાં રહેતી એક જાતિ હતી. ચંદ્રગુપ્તમૌર્યના સમયમાં તેમની રાજકીય સત્તા ખૂબ વધી ગઈ હતી. મેગેસ્થનીસે તેમની પ્રચંડ સૈન્યશક્તિનો ઉલ્લેખ કર્યો છે. બિંદુસારના સમયમાં આંધ્ર, મગધસામ્રાજ્યમાં સામેલ હતું. અશોકના અભિલેખોમાં તેમનો શરૂઆતમાં અર્ધ–સ્વતંત્ર પ્રજા તરીકે ઉલ્લેખ થયો છે, એટલે કદાચ તેમણે શરૂઆતમાં મૌર્યસમ્રાટોનું આધિપત્ય સ્વીકાર્યું હશે.[૧૬] પરંતુ અશોકના મૃત્યુ બાદ મૌર્યસામ્રાજ્ય શિથિલ બનતાં ઈ. સ. પૂ. ૨૩૦ ની

---

૧૬. The Andhras were at first tributary to Asoka. Nilkanta Sastri : History of India, Part I, p. 101.

આસપાસ આંધ્રવંશીય રાજા સિમુક સ્વતંત્ર બન્યો.[૧૭] ઇતિહાસકારો સિમુકને ભૃત્ય (નોકર) તરીકે ઓળખાવે છે. આ પરથી અનુમાન થઈ શકે કે સ્વતંત્ર બનતાં પહેલાં તે મૌર્યોના સામંતશાસક તરીકે રહ્યો હશે.[૧૮] ત્યારબાદ ઈ. સ. પૂર્વે ૨૮ કે ૩૦ માં કોઈ એક આંધ્ર રાજાએ મગધના કણ્વવંશના છેલ્લા નિર્બળ રાજવી સુશર્માને મારી નાખી મગધ પર આધિપત્ય જમાવ્યું અને મગધ આંધ્રરાજ્યનો એક પ્રાંત બની ગયો. આ રીતે આંધ્રના સ્વતંત્ર રાજ્યનો ઉદય થયો. આ છે આંધ્રના ઉદયનો ઇતિહાસ.

ब. સાતવાહન વંશનો રાજકીય ઇતિહાસ :

૧. પ્રારંભિક ઇતિહાસ – સિમુક (ઈ. સ. પૂ. ૨૩૦–૨૦૭) સાતવાહન વંશનો પ્રથમ સ્વતંત્ર રાજવી અને સ્થાપક હતો. તેનું રાજ્ય પૂર્વ–પશ્ચિમ સમુદ્રો સુધી ફેલાયેલું હતું. તેણે જૈન અને બૌદ્ધમંદિરો બંધાવેલાં, પરંતુ તેના શાસનકાળના અંતિમ ભાગમાં તે અત્યાચારી બન્યો હોવાથી તેને પદભ્રષ્ટ કરી તેનો વધ કરવામાં આવ્યો હતો. તેના પછી તેનો નાનો ભાઈ કૃષ્ણ ગાદીએ આવ્યો. તેનું રાજ્ય નાસિક અને તેની આસપાસના પ્રદેશોમાં વિસ્તરેલું હતું. કૃષ્ણ પછી સિમુકનો પુત્ર **શાતકર્ણી ૧ લો** શાસક બન્યો. તેણે દક્ષિણના કેટલાક પ્રદેશો જીત્યા હોવાથી તેને નાનાઘાટ શિલાલેખમાં "**દક્ષિણાપથનો સ્વામી**" કહેવામાં આવ્યો છે તેણે પૂર્વ માળવા પર આધિપત્ય જમાવ્યું હોવાનો ઉલ્લેખ છે. કલિંગના રાજા ખારવેલે પણ તેને પડકાર્યો હતો (ઈ. સ. પૂ. ૧૭૧). તેની રાજધાની પ્રતિષ્ઠાન (હાલનું પૈઠણ) હતી, જ્યાં તેણે અશ્વમેધ અને રાજસૂય યજ્ઞો કર્યા હતા. આમ તેણે શુંગોએ આરંભેલી રાજનીતિ તેમજ ધર્મનીતિની પરંપરાને ચાલુ રાખી. ટૂંકમાં તે સાતવાહન વંશનો પ્રતાપી અને પરાક્રમી રાજવી હતો. તેના અવસાન બાદ તેના બે પુત્રો વેદશ્રી અને શક્તિશ્રી સગીર વયના હોવાથી તેની રાણી નાગનિકા (નાયણિકા) એ થોડો સમય શાસન કર્યું.

૨. અંધકારમય ઇતિહાસ – શાતકર્ણી ૧ લાના અવસાન પછી આંધ્ર સામ્રાજ્યનાં વળતાં પાણી દેખાવા લાગ્યાં. આ સમયમાં થઈ ગયેલા

---

૧૭. બી. જી. ગોખલેના વિચારો માટે જુઓ, Ancient India, P. 57.

૧૮. ડૉ. ગોપાલાચારીના મતે Simuka was the immediate successor of Asoka & not of the kanvas, therefore the servant of the Mauryas. K. A. Nilkanta Sastri (Edited) : C H. I., p. 301.

રાજાઓમાં **શાતકર્ણી બીજો** અને **અપીલક** અનુક્રમે છઠ્ઠા અને આઠમા રાજવી હતા. નવથી સોળ સુધીના શાસકો વિષે ખાસ માહિતી મળતી નથી. ૧૭મો રાજા '**હાલ**' હતો, જેણે એક વર્ષ શાસન કર્યું. તે પોતે કવિ હતો. તેણે 'ગાથા સપ્તશતી' નામનું કાવ્ય રચ્યુ હતુ. 'લીલાવતી' નામના પ્રેમાખ્યાન મુજબ તેણે સેનાપતિ વિજયનંદની સહાયથી લંકાના રાજવી શીલમેઘ પર વિજય મેળવ્યો અને તેની પુત્રી 'લીલાવતી' સાથે લગ્ન કર્યું. સાતવાહનવંશના આ અંધકારમય ઇતિહાસ દરમિયાન પશ્ચિમ હિંદમાં શક–ક્ષત્રિઓએ અડ્ડો જમાવ્યો અને મહારાષ્ટ્ર (નાસિક)માં 'ક્ષહરાત' વંશની સ્થાપના કરી. ક્ષહરાતવંશના રાજવી નહપાને રાજપૂતના, સૌરાષ્ટ્ર, માળવા, કોંકણ, ઉત્તર મહારાષ્ટ્ર વગેરે પ્રદેશો પર શકોનું વર્ચસ્વ જમાવ્યું. આ પરથી સ્પષ્ટ થાય છે કે આ અંધકારમય સમયના સાતવાહન રાજવીઓ આ પરદેશી સત્તાના આધિપત્ય નીચે રહ્યા હોવાનું સંભવિત છે.

૩. **ઉત્થાનનો કાળ** : પુરાણોના વિવરણ મુજબ **ગૌતમી પુત્ર શાતકર્ણી** (ઈ. સ. ૧૦૬–૧૩૦) સાતવાહનવંશનો ૨૩મો રાજા હતો. તેણે શકક્ષત્રપ નહપાનને હરાવી તેની પાસેથી આંધ્ર રાજ્યના અગાઉના પ્રદેશો પુનઃ મેળવ્યા. તેણે વાયવ્ય દિશાના શકો, પલ્લવો અને યવનોને પણ હરાવ્યા. આ ઉપરાંત નાસિક, આકર, અવન્તી, સુરઠ (સૌરાષ્ટ્ર), વિદર્ભ, માળવા, પૈઠણ વગેરે પ્રદેશો પર, અને વિંધ્ય, સહ્ય, મલય, સેતગિરિ વગેરે પર્વતો પર પણ અધિકાર જમાવ્યો હતો. આમ અનેક વિજયો કરી તેણે સાતવાહનવંશની પ્રતિષ્ઠા પુનઃ સ્થાપિત કરી. તે ચુસ્ત બ્રાહ્મણ હોવા છતાં તેણે બૌદ્ધ સાધુઓને પણ દાન આપ્યાં હતાં. તે મહાન વિજેતા ઉપરાંત સારો શાસક પણ હતો. તેણે સમાજને સુધારવા આંતરજ્ઞાતિય લગ્નો પર પ્રતિબંધ મૂકયો. તેણે વર્ણાશ્રમ ધર્મને ટકાવવા પ્રયાસો કર્યા. ટૂંકમાં તે સાતવાહન વંશનો સૌથી પ્રતાપી અને પરાક્રમી રાજા હતો.

ગૌતમી પુત્ર શાતકર્ણી પછી તેનો પુત્ર વાસિષ્ઠી પુલુમાયી (ઈ. સ. ૧૩૦–૧૬૦) ગાદીએ આવ્યો. તેને મહાક્ષત્રપ રુદ્રદામન સાથે સંઘર્ષમાં ઉતરવું પડ્યું હતું, અને ગૌતમીપુત્રે જીતેલો પ્રદેશ રુદ્રદામને શકસામ્રાજ્યમાં મેળવી દીધો, છતાં ય રુદ્રદામને પોતાની પુત્રી તેના ભાઈ શ્રી શીવ શાતકર્ણી સાથે પરણાવી. તેના સમયથી સાતવાહનવંશની પડતી શરૂ થઈ.

૪. **પતનનો કાળ** : પુલુમાયી પછી તેનો ભાઈ શ્રી શીવ શાતકર્ણી ગાદીએ આવ્યો (ઈ. સ. ૧૬૦–૧૬૬). તે મહાક્ષત્રપ રુદ્રદામનનો જમાઈ

હતો. આ વંશનો છેલ્લો મહત્ત્વનો રાજા યજ્ઞશ્રી શાતકર્ણી હતો. (ઇ. સ. ૧૭૫–૨૦૨). તેના રાજ્યમાં ગુજરાત, સૌરાષ્ટ્ર વગેરે પ્રદેશોનો સમાવેશ થતો હશે એમ તેના આ પ્રદેશોમાંથી મળી આવેલા સિક્કાઓ પરથી જણાય છે. તેના અંતિમ વર્ષોમાં તેની નિર્બળતાનો લાભ લઈને નાસિક પ્રદેશ પાસે આભીરોએ પોતાની સત્તા સ્થાપી. તેના વારસદારો નિર્બળ હોવાથી સાતવાહન સામ્રાજ્ય પાંચ રાજવંશોમાં વહેંચાઈ ગયું: (૧) ચટુ વંશ, (૨) પલ્લવ વંશ, (૩) ઈક્ષ્વાકુ વંશ. (૪) આભીર વંશ અને (૫) વાકાટક વંશ. આ રીતે દક્ષિણના સાતવાહનવંશનો અંત આવ્યો (ઈ. સ. ૨૨૫).

क. સમાપન : આ છે દક્ષિણના સાતવાહનવંશના ઉદય, વિકાસ અને પતનનો ઇતિહાસ,–જેમાં થઈ ગયેલા ૩૦ રાજાઓમાં સિમુક, શાતકર્ણી ૧લો, ગૌતમીપુત્ર શાતકર્ણી અને વસિષ્ઠી પુલુમાયી મુખ્ય રાજાઓ મનાય છે.

૩. સાતવાહનકાલીન સંસ્કૃતિ (સાતવાહન યુગનું અવલોકન)

અથવા

સાતવાહન સામ્રાજ્યની સિદ્ધિઓ (ઇતિહાસમાં સ્થાન–મહત્ત્વ)

अ. પ્રાસ્તાવિક : સાતવાહનવંશમાં થઈ ગયેલા રાજાઓએ કોતરાવેલ શિલાલેખોમાંથી સાતવાહન સામ્રાજ્યના રાજકીય ઇતિહાસ વિષે જોઈતી માહિતી મળતી નથી, પરંતુ ડૉ. **ડી. આર. ભાંડારકર** જણાવે છે તેમ આ જ શિલાલેખો સાતવાહનકાલીન દક્ષિણ ભારતના સાંસ્કૃતિક જીવન વિષેની કિંમતી માહિતી પૂરી પાડે છે.

ब. સાતવાહનકાલીન સંસ્કૃતિ (સાતવાહનોની સિદ્ધિઓ : ઇતિહાસમાં સ્થાન)–

(ક) રાજકીય જીવન (રાજકીય સિદ્ધિઓ)–

(૧) રાજા : વહીવટમાં રાજા સર્વોચ્ચ ગણાતો છતાં તે આપખુદ અને મનસ્વી ન હતો. તે ધર્મશાસ્ત્રોમાં નિર્દેશિત નીતિનિયમો પ્રમાણે શાસનતંત્ર ચલાવતો. તે રાજાના દૈવી અધિકારોમાં પણ માનતો ન હતો. શાસનતંત્રમાં રાજમાતાઓ પણ હિસ્સો ધરાવતી. શાતકર્ણી ૧લો પોતાની પાછળ સગીર વયના પુત્રો મૂકીને અવસાન પામતાં તેની રાણી નાગનિકાએ થોડો સમય શાસન સંભાળ્યું હતું.

(૨) વહીવટી એકમો :

સમગ્ર સામ્રાજ્યને વહીવટી સરળતા ખાતર **આહાર** (પ્રાંત) અને **જનપદ** જેવા વહીવટી એકમોમાં વહેંચી નાંખવામાં આવ્યું હતું. આ એકમોના

વહીવટી અને લશ્કરી અધિકારો અનુક્રમે **અમાત્ય** અને **મહાસેનાપતિ** તરીકે ઓળખાતા. યજ્ઞશ્રી શાતકર્ણીના શાસનકાળ દરમિયાન અપરાન્તમાં 'અમાત્ય' અને નાસિકમાં 'મહા સેનાપતિ' વહીવટ કરતા. નાનાઘાટ, કાર્લે અને કન્હેરીમાં મહારથી કે મહાભોજ જેવા સ્થાનિક સરદારો વહીવટ ચલાવતા, **'ગ્રામિક'** નામના ગ્રામઅધિકારી હેઠળનું ગામડું વહીવટતંત્રનું સૌથી નાનું એકમ હતું.[૧૯] ગામડું તેના આંતરિક શાસનમાં સ્વતંત્રતા ભોગવતું. ડૉ. **રાધાકુમુદ મુકર્જી**એ યોગ્ય જ કહ્યું છે કે "આંધ્ર શાસનતંત્ર **'સરળ'** અને સુવ્યવસ્થિત હતું." ટૂંકમાં **'સરળ અને સુવ્યવસ્થિત'** શાસનતંત્ર સાતવાહન વંશની મહત્ત્વની સિદ્ધિ લેખાય છે, જેને આ યુગની એક વિશેષતા તરીકે ગણાવી શકાય.

(ખ) સાંસ્કૃતિક જીવન : (સાંસ્કૃતિક સિદ્ધિઓ) ડૉ. **બી. જી. ગોખલે**ના મત મુજબ "દક્ષિણ ભારતના ઇતિહાસમાં સાતવાહનોનું શાસન સાંસ્કૃતિક દૃષ્ટિએ ખૂબ મહત્ત્વનું છે,"[૨૦] જે નીચે પરથી સ્પષ્ટ થશે.

(૧) સામાજિક જીવન :

(અ) સામાજિક વર્ગો : સાતવાહનકાલીન દક્ષિણ ભારતનો સમાજ વ્યવસાયના ધોરણે ચાર વર્ગોમાં વહેંચાઈ ગયો હતો, (ક) ઉચ્ચ પદાધિકારીઓ અને સામન્ત વર્ગ (ખ) નિમ્નપદાધિકારીઓ અને બિનસરકારી ધનિક નાગરિકો (ગ) કલાકારો અને (ઘ) વ્યાપારીઓ.

(બ) સ્ત્રીઓનું સ્થાન : સાતવાહનકાલીન દક્ષિણ ભારતના સમાજમાં સ્ત્રીઓ આગળ પડતું સ્થાન ધરાવતી હતી. તેઓ મિલકત ધરાવતી અને જરૂર પડે શાસનતંત્ર પણ સંભાળતી. શાતકર્ણી ૧લાની રાણી નાગનિકાએ થોડો સમય વહીવટ ચલાવ્યો હતો. ગૌતમી પુત્ર, વસિષ્ઠપુત્ર વગેરે રાજવીઓની માતૃપરક ઉપાધિઓ (માતાના નામ પરથી ધારણ કરેલાં નામ) સૂચવે છે કે સમાજમાં સ્ત્રીઓને માનની દૃષ્ટિએ જોવામાં આવતી. તે પોતાના પતિની સાથે ધાર્મિક ક્રિયામાં પણ ભાગ લેતી. દા. ત. નાગનિકાએ કોતરાવેલ નાના ઘાટના લેખને આધારે જણાય છે કે તેણે પોતાના પતિ શાતકર્ણી સાથે અશ્વમેધ યજ્ઞમાં ભાગ લીધો હતો. આંતરજાતિય અને વર્ણાન્તર લગ્નો પણ પ્રચલિત હતાં. શાતકર્ણી ૧લાએ ક્ષત્રિય કન્યા નાગનિકા સાથે અને શિવશ્રી શાતકર્ણીએ મહાક્ષત્રપ

---

૧૯. Dr. Matraux & Crourt : Studies in the cultural History of India, (First edition, '65) P. 171.

૨૦ Ancient India-History & culture, P. 58.

રુદ્રદામનની પુત્રી સાથે લગ્ન કર્યાં હતાં.

(૨) આર્થિક જીવન (આર્થિક સમૃદ્ધિ)

(અ) વેપાર : સાતવાહન સામ્રાજ્ય વિશાળ પ્રદેશ પર વિસ્તરેલું હતું. પરિણામે ખેતી, જંગલો અને ખનીજોની સમૃદ્ધિને લીધે આ સમયમાં ધમધોકાર વેપાર–રોજગાર ચાલતો. હિંદમાંથી મલમલ, સુતરાઉ અને ઊનનું કાપડ, ચામડાં, ગરમ મસાલા, કિંમતી પત્થરો, હાથીદાંતની બનાવટો વગેરેની નિકાસ થતી, જ્યારે પરદેશમાંથી રેશમી કાપડ, દારુ, કિંમતી ચાંદીનાં વાસણો, કાચ વગેરેની આયાત થતી. અરબ, ઇજિપ્ત, ગ્રીસ, રોમ, બ્રહ્મદેશ, અગ્નિ એશિયાના ટાપુઓ, ચીન, વગેરે દેશો સાથે ભૃગુકચ્છ (ભરૂચ), કલ્યાણ વગેરે બંદરો દ્વારા માલની હેરફેર થતી. આંતરિક વેપાર પણ ધમધોકાર ચાલતો અને પૈઠણ, નાસિક, કલ્યાણ, વિદિશા, ભૃગુકચ્છ વગેરે વેપાર ઉદ્યોગનાં મુખ્ય કેન્દ્રો હતાં. કાર્લા અને કન્હેરી ગુફાઓ એક વેપારીએ કોતરાવ્યાનો ઉલ્લેખ સાતવાહનોના શિલાલેખોમાં છે, જે પરથી ત્યાંના વેપારીઓ પણ ધનવાન હતા એવું પૂરવાર થાય છે.

(બ) હુન્નર ધંધાઓ : માટીકામ, વણાટકામ, દવા, તેલનું ઉત્પાદન તેમજ સોનું, લોખંડ, તાંબુ, કાંસુ વગેરે ધાતુઓના ઉદ્યોગો વિકસ્યા હતા, અને આ હુન્નર ધંધાઓ ચલાવનારાઓના સંઘો (શ્રેણીઓ) હતા. આ સંઘો બેન્ક તરીકે પણ કામ કરતા. આવા સંઘોમાં લોકો પોતાની થાપણો મૂકતા અને વાર્ષિક ૯ થી ૧૨ ટકા વ્યાજ મેળવતા. ચલણમાં તાંબા અને ચાંદીના 'કર્ષાપણ' નામના સિક્કાઓ અને સોનાના સિકકાઓ પ્રચલિત હતા. એક સુવર્ણ (સોનાનો સિકકો) બરાબર ૩૫ ચાંદીના કર્ષાપણ થતા. આમ આર્થિક સમૃદ્ધિ એ આ યુગની સિદ્ધિ અને વિશેષતા હતી. It was an epoch of great industrial & commercial activity.

(૩) ધાર્મિક જીવન : સાતવાહન રાજાઓ ચુસ્ત બ્રાહ્મણધર્મી હતા. શાતકર્ણી ૧લાએ બે અશ્વમેધ યજ્ઞો અને એક રાજસૂય યજ્ઞ કર્યો હતો; આ યજ્ઞોમાં વૈદિક દેવતાઓની આરાધના કરવામાં આવી હતી તથા અનેક કર્ષ, (એ સમયનો સિકકો) હાથી, ઘોડા, ગાયો વગેરેનું દાન કરવામાં આવ્યું હતું. આ પરથી ફલિત થાય છે કે આ સમયમાં વૈદિક યજ્ઞો અને ક્રિયાકાંડો પ્રચલિત બન્યાં હતાં. તેઓ ચુસ્ત બ્રાહ્મણધર્મી હોવા છતાં બૌદ્ધ ધર્મને ઉત્તેજન આપતા. તેમણે બંધાવેલ અનેક શિલાલેખો બ્રાહ્મણ અને બૌદ્ધધર્મને તેમણે આપેલાં દાનની નોંધ કરે છે. દા. ત., ગૌતમીપુત્ર શાતકર્ણીએ કાર્લાના મહાસાંઘિકો અને નાસિકના ભાદાયનીકોને દાન આપ્યાં

હતા. સાતવાહન રાજા કૃષ્ણ તેમજ ગૌતમપુત્ર શાતકર્ણીએ બૌદ્ધસાધુઓ માટે માટે ગુફાઓ અને વિહારો કોતરાવ્યા હતા. ડૉ. રમાશંકર ત્રિપાઠી જણાવે છે તેમ સાતવાહન રાજાઓના સહિષ્ણુ શાસનતંત્ર હેઠળ બ્રાહ્મણ તેમજ બૌદ્ધ ધર્મ બંને વિકાસ પામ્યા. સાતવાહનકાલીન સંસ્કૃતિની એક નોંધપાત્ર હકીકત તો એ છે કે આ સમયમાં ઘણાય પરદેશીઓએ (ગ્રીક–શકો) બ્રાહ્મણ કે બૌદ્ધધર્મ અંગીકાર કર્યો, હિંદુનામો ધારણ કર્યા અને હિંદુ સમાજમાં પણ ભળી ગયા. દા. ત., કાર્લેની ગુફાલેખ પરથી જણાય છે કે બે યવનોએ (ગ્રીકોએ) અનુક્રમે 'સિંહધ્વજ' અને 'ધર્મ' નામના ભારતીય નામો ધારણ કર્યાં. આ છે હિંદુ ધર્મની ઉદારતા. ટૂંકમાં સાતવાહન રાજાઓની ધર્મસહિષ્ણુતા એ આ યુગની નોંધપાત્ર સિદ્ધિ અને વિશેષતા ગણાવી શકાય.

(૪) સાહિત્ય અને કલા : સાતવાહન રાજાઓ વિદ્યા–કલાના આશ્રયદાતા હતા. તેમાંના કેટલાક તો ખુદ વિદ્વાનો પણ હતા. સાતવાહન સમયમાં પ્રાકૃત સાહિત્યને ખૂબ ઉત્તેજન મળ્યું. રાજા **'હાલ'** પોતે જ પ્રાકૃત સાહિત્યનો પ્રસિદ્ધ કવિ તેમજ વિદ્વાનોનો આશ્રયદાતા હતો. તેણે પોતે ૭૦૦ કાવ્યોવાળા **'ગાથાસપ્તશતી'** નામના પ્રાકૃત કાવ્યની રચના કરી હતી.[૨૧] તેનો રાજદરબાર અનેક સાહિત્યકારો અને કવિઓથી શોભતો હતો. **'બૃહત્કથા'**નો કર્તા **ગુણાઢ્ય** **'હાલ'**નો સમકાલિન હતો.[૨૨] કથા તરંગવતીનો લેખક **પાલિત** પણ **'હાલ'**ના સમયમાં થઈ ગયો હતો.

ભરતમુનિએ નાટયશાસ્ત્રની રચના પણ સાતવાહન સમયમાં કરી. બૌદ્ધ દાર્શનિક **નાગાર્જુને** માધ્યમિક સારિકા, સુહૃદલેખ, ધર્મસંગ્રહ, યુક્તિ શતિકા, શૂન્યસપ્તાધિ, મૂલ્ય માધ્યમિકશાસ્ત્ર વગેરે ગ્રંથો લખ્યા હતા. તેમનો શિષ્યે **આર્યદેવ** પણ સાતવાહન રાજદરબારને શોભાવતો હોવાનું સંભવિત છે મૃચ્છકટિક નાટકનો કર્તા શૂદ્રક પણ આ સમયમાં થઈ ગયેલ હોવાનું સંભવિત છે, વાત્સાયનના કામસૂત્રમાં 'કુંતલ શાતકર્ણી'ના નામનો ઉલ્લેખ આવે છે, જેથી આ કૃતિ પણ આ સમયમાં રચાયેલી હશે એવું વિદ્વાનો માને છે, **સર્વવર્મને** એક સાતવાહન રાજવીના ઉપયોગ માટે 'કાતન્ત્ર' (Katantra)

---

૨૧. ડૉ. આર. ડી. ભાંડારકરના મતે કાં તો **'હાલ'** આ કાવ્યનો કર્તા હતો, અથવા તો તેને અર્પણ કરવામાં આવ્યું હતું.

૨૨. ૧૧મી સદીની પરંપરા મુજબ તે સાતવાહન રાજાનો મંત્રી (પ્રધાન) હતો. Nikanta : C H. I., P. 305.

નામના સંસ્કૃત વ્યાકરણની રચના કરી હતી.[૨૩] આમ સાતવાહન રાજાઓ બ્રાહ્મણ હોવા છતાં પ્રાકૃત સાહિત્યના પોષક હતા. આની નોંધ લેતા ડૉ. **રમાશંકર ત્રિપાઠી** જણાવે છે કે 'નવાઈ તો એ જાણીને થાય છે કે બ્રાહ્મણધર્મી સાતવાહનોએ સંસ્કૃત પ્રત્યે દુર્લક્ષ સેવીને પ્રાકૃત સાહિત્યને પ્રોત્સાહન આપ્યું હતું.'

સાતવાહન રાજાઓ બ્રાહ્મણધર્મી હોવા છતાં બૌદ્ધધર્મને પણ ઉત્તેજન આપ્યુ હતું. પરિણામે આ સમયમાં બૌદ્ધ સ્તૂપો, ગુફાઓ વિહારો વગેરે બંધાયાં. તેમણે બૌદ્ધધર્મને આપેલા ઉત્તેજનને લીધે દક્ષિણમાં ખોદકામ કરતાં મળી આવેલી ગુફાઓ બૌદ્ધધર્મી હતી, જેમનું બાંધકામ આ યુગમાં થયું હતું. નાસિક, નાનાઘાટ, કાર્લા, કન્હેરા વગેરેમાં આ સમયની અનેક બૌદ્ધગુફાઓ નજરે પડે છે. આ ગુફાઓ (૧) ચૈત્યગૃહ (મંદિરો) અને (૧) લયન (ભિક્ષુકોનાં રહેઠાણ) એમ બે પ્રકારની હતી.

क. સમાપન : આમ સરળ અને સુવ્યસ્થિત શાસનતંત્ર, સમાજનું ચાર વર્ગોમાં વિભાજન, સમાજમાં સ્ત્રીઓનું આગળ પડતું સ્થાન, આર્થિક સમૃદ્ધિ, રાજાઓની ધાર્મિક સહિષ્ણુતા, રાજ્ય તરફથી સાહિત્ય કલાને અપાયેલ પ્રોત્સાહન તથા રાજ્યાશ્રય વગેરે સાતવાહનકાલીન સંસ્કૃતિની મુખ્ય સિદ્ધિઓ અને વિશેષતાઓ હતી.

૪. ગૌતમીપુત્ર શાતકર્ણી (ઈ. સ. ૧૦૬–૧૩૦.)

अ. પ્રાસ્તાવિક : પુરાણોના વિવરણ મુજબ ગૌતમીપુત્ર શાતકર્ણી સાતવાહન વંશનો ૨૩મો રાજવી હતો. તેની માતાનું નામ ગૌતમી બલશ્રી હતું, જેના નામ પરથી તેણે પોતાનું નામ ધારણ કર્યું હતું. આમ માતૃપરક નામ ધારણ કરનાર તે પહેલો રાજવી હતો.

ब. કારકિર્દી અને સિદ્ધિઓ : ગૌતમીપુત્ર શાતકર્ણીની માતાએ નાસિક ખાતે કોતરાવેલ અભિલેખ તેના વિજયો, તેની યોગ્યતાઓ અને સિદ્ધિઓ, તેના ધર્મ, તેના વૈભવશાળી વ્યક્તિત્વના પ્રશંસનીય ગુણો, વગેરે પર વેધક પ્રકાશ પાડે છે.

૧. વિજેતા તરીકે : તે સાતવાહન વંશનો મહાન અને પ્રતાપી રાજવી

---

૨૨. H. H. Dodwell (edited) C. S. H. I. P. 48. ડૉ. રાજબલી પાંડેય સર્વવર્મનને રાજા 'હાલ' ના દરબારનો કવિ માને છે, જ્યારે ડૉ. પી. સરન તેને હાલનો મંત્રી માને છે.

હતો. તેણે શક-ક્ષત્રપ નહપાનને હરાવીને તેની પાસેથી રજપુતાના, સૌરાષ્ટ્ર, માળવા, કોંકણ, નાસિક વગેરે આંધ્રે ગુમાવેલા પ્રદેશો પાછા મેળવ્યા. ઈ. સ. ૧૯૦૬માં નાસિક જિલ્લાના જોગલથમ્ભીમાંથી મળી આવેલા ૧૩,૦૦૦ જેટલા ચાંદીના સિક્કામાંથી ૪,૦૦૦ સિક્કા નહપાનની છાપવાળા હતા અને બાકીના ૯,૦૦૦ શકક્ષત્રપોના સિક્કાઓને બદલાવીને ગૌતમીપુત્રે તેમના પર પોતાની છાપ કોતરાવી હતી. આ પરથી સ્પષ્ટ થાય છે કે તેણે નહપાનને હરાવીને ઉપરોક્ત પ્રદેશો જીતી લીધા હતા. નાસિક ખાતેના અભિલેખમાં તેના જીતેલા પ્રદેશોની આપેલી યાદી પ્રમાણે તેણે નાસિક, પુના, આકર, અવન્તી, કુકુર સુરઠ (સૌરાષ્ટ્ર), અપરાન્ત, અનુપ, વિદર્ભ (વરાડ), પૈઠણ વગેરે પ્રદેશો અને વિંધ્ય, સહ્ય, કણ્હગિરિ, મલય, મહેન્દ્રગિરિ, સેતગિરિ, ચકોર વગેરે પર્વતો પર અધિકાર જમાવ્યો હતો.[૨૩]

આ પ્રમાણે તેણે અનેક વિજયો કરીને સાતવાહન રાજ્યે ગુમાવેલી પ્રતિષ્ઠાની પુનઃ સ્થાપના કરી. નાસિકના અભિલેખમાં તેને વિંધ્યથી ત્રાવણકોર તથા પૂર્વઘાટથી પશ્ચિમઘાટ સુધીના પ્રદેશોનો સ્વામી કહેવામાં આવ્યો છે. આ હકીકત તેના સામ્રાજ્યની સીમા સૂચવે છે. 'તેના અશ્વોએ ત્રણ સમુદ્રોનાં પાણી પીધાં હતાં.'

૨. શાસનકર્તા તરીકે : તે માત્ર વિજેતા જ ન હતો, પરંતુ એક કુશળ શાસનકર્તા પણ હતો. તેણે વ્યવસ્થિત રીતે રાજ્યનું શાસન કર્યું. યાજ્ઞવલ્કય સ્મૃતિના વિવરણ મુજબ તેના રાજ્યની કેન્દ્રીય અને ન્યાય વ્યવસ્થા ઘણી સારી હતી. તેની રાજધાની પ્રતિષ્ઠાન (પૈઠણ) હતી.

૩. સમાજ સુધારક તરીકે : તે સમાજ સુધારક પણ હતો. તેણે શકો, પહલવો જેવા પરદેશીઓને હાંકી કાઢીને વર્ણાશ્રમધર્મનું રક્ષણ કર્યું અને એ રીતે વર્ણસંકર પ્રજાને ઉત્પન્ન થતી રોકી. આ પ્રમાણે તેણે સમાજ વ્યવસ્થાને સુધારવાના પ્રયાસો કર્યા ટૂંકમાં He prided himself on having re-established the practice of caste rules. આથી તો ડૉ. રાયચૌધરી તેને '**સમાજ સુધારક**' તરીકે બિરદાવે છે.

૪. આદર્શ શાસક તરીકે : તે આદર્શ શાસક હતો. તે પ્રજાના સુખદુઃખને પોતાનું સુખદુઃખ સમજતો. તે પોતાની પ્રજા પર વધુ પડતા કરવેરા નાખતો નહિ, અને અપરાધીઓ પ્રત્યે સહાનુભૂતિભર્યું વલણ દાખવતો. તે ઉદાર હતો. તેણે બ્રાહ્મણો અને બૌદ્ધ સાધુઓને સારા પ્રમાણમાં દાન આપ્યાં

૨૩. P. H. A. I., p. 411.

હતાં. ઉષવદત્તે દાનમાં આપેલ 'કરજક' ગામ તેણે ફરીથી દાનમાં આપ્યું.

૫. **ધર્મનિષ્ઠ રાજવી તરીકે :** તેણે શકો, પહ્લવો વગેરે પરદેશીઓને હાંકી કાઢીને હિંદુધર્મનું-બ્રાહ્મધર્મનું-ફરીથી પ્રતિષ્ઠાન કર્યું. આ ધર્મના માર્ગમાં આવતાં વિઘાતક તત્ત્વોને દૂર કરવા તેણે પ્રયાસ કર્યો. તે ચુસ્ત બ્રાહ્મણ ધર્મી હોવા છતાં તે અન્ય ધર્મો પ્રત્યે પણ સહિષ્ણુ હતો, અને બ્રાહ્મણો અને બૌદ્ધસાધુઓ બંનેને ઉદાર હાથે દાન આપ્યાં હતાં.[૨૪]

૬. **ગુણવાન વ્યક્તિ તરીકે :** વિજેતા અને ઉત્તમ વહીવટકર્તા હોવા ઉપરાંત તે ગુણવાન અને પ્રભાવશાળી વ્યક્તિ હતી, તેની ચાલ સુંદર હતી. તેની ભુજાઓ લાંબી અને બળવાન હતી. તે સ્વભાવે ઘણો જ કોમળ અને દયાળુ હતો. તે બધાનું રક્ષણ કરવા હંમેશાં તત્પર રહેતો. તે આજ્ઞાકારી પુત્ર હતો. તે ગુણવાન વ્યક્તિઓનો આશ્રયદાતા હતો. તે કારણ વિના દુશ્મનને પણ ઈજા કરતો નહીં.

ક. **ઇતિહાસમાં સ્થાન :** આ પ્રમાણે સાતવાહનકુળની યશ પ્રતિષ્ઠા વધારનાર ગૌતમીપુત્ર શાતકર્ણી સાતવાહન વંશનો ઘણો પ્રતાપી અને પરાક્રમી રાજવી હતો. તેણે અનેક જીતો કરીને સાતવાહન રાજ્યે ગુમાવેલી પ્રતિષ્ઠાની પુનઃસ્થાપના કરી. તે ઉચ્ચકક્ષાનો વહીવટકર્તા હતો. તે સમાજસુધારક અને આદર્શ રાજવી હતો. ટૂંકમાં તે વીર, સાહસી, પ્રતાપી, સહૃદયી, દાની અને ઉદાર હતો.

આટલું યાદ રાખીએ તો........

*** શુંગવંશ :**

ક. શુંગવંશનો રાજકીય ઈતિહાસ.........નીચે પ્રમાણે છે.

૧. મૌર્યવંશના છેલ્લા સમ્રાટ બૃહદ્રથનું ખૂન, તેનો બ્રાહ્મણ સેનાપતિ પુષ્યમિત્ર મગધની ગાદીએ આવ્યો. તે શુંગકુળનો હોવાથી તેને સ્થાપેલ વંશ 'શુંગવંશ' કહેવાયો.

૨. પાણિની, કાલિદાસ ને તારાનાથ શુંગવંશી રાજવીઓને (i. g. પુષ્યમિત્રને) અનુક્રમે ભારદ્વાજ કુળના, કશ્યપગોત્રના અને બ્રાહ્મણ તરીકે ઓળખાવે છે.

૨૪. Prof, N. N. Ghosh : E. H. I., p. 204.

૩. આ વંશનો સ્થાપક પુષ્યમિત્ર હતો; તેણે વિદર્ભ જીતેલું ને ગ્રીકોને હરાવેલા, પરંતુ ખારવેલ સામે તેની હાર થઈ હતી. બ્રાહ્મણ ધર્મી હોવા છતાં તે ધર્મસહિષ્ણુ હતો. તેણે સાહિત્ય અને સ્થાપત્યકલાને ઉત્તેજન આપેલું. તેના વંશનો છેલ્લો રાજવી દેવભૂતિ લંપટ હતો, એટલે તેના બ્રાહ્મણ મંત્રી વાસુદેવ કણ્વે તેનો ઘાત કરાવી મગધની રાજગાદી મેળવી,

ખ. શુંગવંશની સિદ્ધિઓ........બે વિભાગમાં વહેંચી શકાય.

* રાજકીય સિદ્ધિઓ –

૧. પુષ્યમિત્રે પરદેશી યવનઆક્રમણકારોને હાંકી કાઢીને મગધના સામ્રાજ્યને છિન્નભિન્ન થતું અટકાવ્યું.

* સાંસ્કૃતિક સિદ્ધિઓ –

૨. આ સમયમાં સામાજિક વ્યવસ્થામાં પરિવર્તન આવ્યું—શિથિલ વર્ણાશ્રમ વ્યવસ્થા સુદૃઢ બની, વર્ણવ્યવસ્થાનો ઉપયોગિતા સ્વીકારાઈ, સામાજિક પ્રથાના નિયમો વધુ કડક થયા.

૩. શુંગવંશના ઉદય સાથે બ્રાહ્મણ ધર્મનો પુનરુત્થાન થયો; રાજાઓ બ્રાહ્મણ હોવાથી તેમના સમયમાં બ્રાહ્મણધર્મને રાજ્યાશ્રય મળ્યો.

૪. આ સમયમાં બ્રાહ્મણધર્મને રાજ્યાશ્રય મળતાં બ્રાહ્મણ્ય સાહિત્યને ઉત્તેજન મળ્યું.

૫. આ શુંગવંશી શાસન દરમિયાન સ્થાપત્યકલાને પણ ઉત્તેજન મળ્યું. ભારહૂતનો બૌદ્ધ સ્તૂપ, કાર્લાની ગુફાઓ, બેસનગરનો ગરુડસ્તંભ વગેરે આ સમયનાં અમર સ્મારકો છે.

ક. પુષ્યમિત્ર શુંગ –

૧. ગાદીની પ્રાપ્તિ ને શુંગવંશની સ્થાપના – છેલ્લા મૌર્ય સમ્રાટ બૃહદ્રથનું ખૂન કરી તેણે મગધની ગાદી મેળવી. તે શુંગવંશનો હોવાથી તેનો વંશ શુંગવંશ કહેવાયો.

૨. પુષ્યમિત્રનું કુળ.........આ અંગે વિવિધ મંતવ્યો છે.

(i) તે 'પારસી' હતો એવું ડૉ. હરપ્રસાદ શાસ્ત્રી શરૂઆતમાં માનતા.

(ii) તે 'મૌર્ય' હતો એવો દિવ્યાવદાનમાં ઉલ્લેખ છે.

(iii) તે કશ્યપ ગોત્રના 'બૈમ્બિક કુટુંબ'નો હતો. (કાલિદાસ)

(iv) તે ભારદ્વાજ ગોત્રનો શુંગ બ્રાહ્મણ હતો. (પાણિનિ)

૩. **પુષ્યમિત્રની સિદ્ધિઓ.........વિજયો નીચે પ્રમાણે કર્યા.**

(i) તેણે પોતાના પુત્ર અગ્નિમિત્રની મદદથી વિદર્ભના રાજા યજ્ઞસેનને હરાવ્યો.

(ii) તેણે પરદેશી યવનો (ગ્રીકો) સામે–ડિમેટ્રિયસ ને મિનેન્ડર સામે–વિજય મેળવ્યો.

(iii) તે કલિંગના રાજા ખારવેલ સામે હારી ગયો.

..........શાસનવ્યવસ્થા નીચે મુજબ છે.

તેને શાસન કાર્યમાં એક સભા મદદ કરતી. રાજ્યના આંતરિક કારભારમાં અને ખાસ કરીને પરદેશનીતિની મહત્ત્વની બાબતોમાં મંત્રી પરિષદ કે અમાત્ય પરિષદની તે સલાહ લેતો.

.........ધર્મનીતિ નીચે પ્રમાણે છે.

તે બ્રાહ્મણધર્મી હતો એટલે તેના સમયમાં બ્રાહ્મણધર્મને તેમાં ય ભાગવત સંપ્રદાયનું મહત્ત્વ વધ્યું, પરંતુ બૌદ્ધગ્રંથોમાં તેને બૌદ્ધધર્મનું નિકંદન કાઢનાર તરીકે વર્ણવ્યો છે. તે બૌદ્ધો પ્રત્યે અસહિષ્ણુ હતું, પણ આ અંગે કોઈ નક્કર પૂરાવા મળતા નથી.

............સાહિત્યકલા.

તે બ્રાહ્મણધર્મી હોવાથી બ્રાહ્મણધર્મનો પુનરુત્થાન થયો, જેથી બ્રાહ્મણ સાહિત્યને ઉત્તેજન મળ્યું, પંતજલિએ 'મહાભાષ્ય' રચ્યું ને મનુસ્મૃતિનું પુનઃસંકલન થયું. તેના સમયમાં ભારતહૂતનો સ્તૂપ, અનેક બૌદ્ધસ્તૂપો વગેરે બંધાવ્યા. વિદિશા કલા–સાહિત્યિક પ્રવૃત્તિઓથી ધમધમતું હતું.

* **કણ્વવંશ** : આ વંશમાં અનુક્રમે વાસુદેવ, ભૂમિમિત્ર, નારાયણ ને સુશર્મા એમ ચાર રાજાઓ થઈ ગયા.

* **સાતવહાનવંશ :**

(ક) સાતવહાનો કોણ અને કયાંના......કોણ ? કયા કુળના ?

૧. સાહિત્યની દૃષ્ટિએ જોતાં પુરાણો, મનુસ્મૃતિ–મહાભારત અને ઐતરેય બ્રાહ્મણ સાતવહાનોને અનુક્રમે વૃષાલ, વર્ણસંકર ને અનાર્યજાતિના કહે છે.

૨. વિદ્વાનોની દૃષ્ટિએ જોતાં, જોગલેકર, જયસ્વાલ, ડૉ. રાયચૌધરી તેમને અનુક્રમે સૂર્યવંશી, બ્રાહ્મણકુળના, બ્રાહ્મણ પરંતુ નાગજાતિના કહે છે.

.........કયાંના વતની ?

શ્રી મિરાશીના મતે તેઓ વેનગંગા નદીના બંને કિનારાના પ્રદેશના રહીશો

હતા, બાર્નેટના મતે તેઓ તેલંગણુના નિવાસી હતા, આયંગરના મતે વિંધ્ય-પર્વતમાળામાં વસતી એક જાતિ હતી. અને ગોપાલાચારીના મતે પ્રતિષ્ઠાનની આસપાસ રહેતા.

(ખ) રાજકીય ઇતિહાસ..........ચાર વિભાગમાં વહેંચી શકાય.

૧. પ્રારંભિક ઇતિહાસ :

સાતવાહનવંશનો સ્થાપક **સિમુક** હતો. તેના પછી તેના ભાઈ કૃષ્ણ ને પછી તેનો પુત્ર શાતકર્ણી ૧લો શાસક બન્યો.

૨. અંધકારમય ઇતિહાસ : આ સમયમાં ૧૭ મો રાજા હાલ કવિ હતો. આ સમયમાં સાતવાહન રાજવીઓ ક્ષહરાતકુળના શક–ક્ષત્રપોના આધિપત્ય નીચે રહ્યા હતા.

૩. ઉત્થાનનો કાળ : આ સમયમાં ૨૩મો રાજા ગૌતમીપુત્ર શાતકર્ણી નામે પ્રતાપી રાજવી થઇ ગયો, જેણે આ વંશની પ્રતિષ્ઠા પુનઃસ્થાપિત કરી. તેના પછી ગાદીએ આવેલ તેનો પુત્ર વસિષ્ઠી પુલુમાયીને મહાક્ષત્રપ રુદ્રદામને હરાવ્યો હતો.

૪. પતનનો કાળ : આ વંશનો છેલ્લો મહત્ત્વનો રાજા યજ્ઞશ્રી શાતકર્ણી હતો. તેના વારસદારો નબળા હોવાથી સાતવાહન સામ્રાજ્ય પાંચ રાજ્યવંશોમાં વહેંચાઈ ગયું.

ગ. સાતવાહનવંશની સિદ્ધિઓ........રાજકીયક્ષેત્રે

૧. વહીવટમાં રાજા સર્વોચ્ચ ગણાતો. તે નીતિનિયમો પ્રમાણે શાસન કરતો.

૨. આહાર ને જનપ્રદ સામ્રાજ્યના વહીવટી એકમો ગણાતા, ગામડુ સૌથી નાનું વહીવટી એકમ હતું.

ટૂંકમાં 'સરળ ને સુવ્યવસ્થિત શાસનતંત્ર' એ આ વંશની મહત્ત્વની સિદ્ધિ લેખાય.

..........સાંસ્કૃતિકક્ષેત્રે

૧. સાતવાહન કાલીન દ. ભારતનો સમાજ, વ્યવસાયના ધોરણે ચાર વર્ગોમાં વહેંચાયેલો હતો.

૨. સમાજમાં સ્ત્રીઓ આગળ પડતું સ્થાન ધરાવતી હતી.

૩. ખેતી, જંગલો ને ખનિજોની સમૃદ્ધિને લીધે આ સમયમાં ધમધોકાર

પ્રકરણ ૬

ભારતની ભૂમિ પર પરદેશીઓનું શાસન

મૌર્ય સામ્રાજ્યના પતન સમયે ભારતની રાજકીય પરિસ્થિતિ એવી હતી, જેણે પરદેશી આક્રમણને નિમંત્ર્યું. —રેપ્સન

* પ્રકરણની રૂપરેખા *

૧. બેક્ટ્રીયાના ગ્રીકશાસકો.

બેક્ટ્રીયાના ગ્રીકશાસકોનો રાજકીય ઇતિહાસ :

अ. પ્રાસ્તાવિક : મૌર્ય સામ્રાજ્યનું પતન થતાં ભારતની છિન્નભિન્ન થયેલી રાજકીય પરિસ્થિતિનો લાભ લઈને ભારતની વાયવ્ય સરહદ પરથી પરદેશી પ્રજાના હુમલાઓ શરૂ થયા.[૧] આ હુમલાખોરોએ બલ્ખ (બેક્ટ્રીયા)થી હિંદુકુશને માર્ગે અથવા તો કંદહારથી સિંધના માર્ગે હિંદ પર આક્રમણો શરૂ કર્યાં. આ હુમલાખોરોમાં યવનો (ગ્રીક), શક, પહ્લવો અને કુશાણો વગેરે મુખ્ય હતા. સૌ પ્રથમ યવનોએ (ગ્રીકોએ) ભારતની વાયવ્ય સરહદ પર પોતાની સત્તા જમાવી હતી, એટલે તેમની રાજકીય વિગતો તપાસવી આવશ્યક બની રહે છે.

ब. બેક્ટ્રીયામાં સ્વતંત્ર રાજ્યની સ્થાપના : (ઈ. સ. પૂ. ૨૫૦) સિકંદરના અવસાન બાદ તેનો અધિકારી સેલ્યુકસ એશિયાના પ્રદેશોનો માલિક

૧. જુઓ Rapson : Ancient India, P. 65.

બન્યો. તેના સામ્રાજ્યમાં બેકટ્રીયા અને પાર્થિયાના પ્રાંતોનો સમાવેશ થતો[૨] તેના પછી ગાદીએ આવેલ તેનો પુત્ર એન્ટીઓકસ ૧લો (ઇ. સ. પૂ ૨૮૦–૬૧) પોતાના સામ્રાજ્યની સુરક્ષા કરી શકયો, પરંતુ તેના પછી ગાદીએ આવેલ સેલ્યુકસનો પૌત્ર એન્ટીઓકસ બીજો (ઇ. સ. પૂ. ૨૬૧–૪૬) નબળો હોવાથી તેના શાસનના અંતિમ દિવસોમાં બેકટ્રીયા પ્રાંતે ત્યાંના ગવર્નર **ડીયોડોટસ** ના નેતૃત્વ નીચે બળવો કર્યો અને ઈ. સ. પૂ. ૨૫૦માં તેણે બેકટ્રીયામાં સ્વતંત્ર્ય રાજવંશની સ્થાપના કરી.

क. રાજકીય ઇતિહાસ –

(અ) બેકટ્રીયાના ગ્રીક શાસકો –

(૧) ડીયોડોટસ ૧ લો અને બીજો – ડીયોડોટસ ૧લાએ સેલ્યુકસના નબળા વારસ એન્ટીઓકસ બીજાના સમયમાં ઈ. સ. પૂ. ૨૫૦ માં બળવો કરી બેકટ્રીયામાં સ્વતંત્ર ગ્રીક રાજ્યની સ્થાપના કરી. તેના પછી તેનો પુત્ર ડીયોડોટસ બીજો ગાદીએ આવ્યો. તેણે તેના પિતાની પાર્થિયાવિરોધી નીતિનો ત્યાગ કરીને પાર્થિયન રાજવી સાથે સંધિ કરી, પરિણામે જ્યારે સેલ્યુકસવંશના સમ્રાટ સેલ્યુકસ બીજાએ પાર્થિયા પર આક્રમણ કર્યું (ઈ. સ. પૂ. ૨૪૦–૩૫ની આસપાસ) ત્યારે પાર્થિયન રાજવી એર્સેકોસે ડીયોડોટસ બીજાની મદદથી સિરિયન સમ્રાટને હરાવ્યો. આ રીતે ડીયોડોટસે સિરિયન સામ્રાજ્ય સામે પોતાની સ્થિતિ સંગીન કરી.

(૨) યુથિડેમસ – ત્યાર બાદ યુથિડેમસ ડીયોડોટસ બીજાની હત્યા કરીને બેકટ્રીયાની ગાદીએ આવ્યો. (ઈ. સ. પૂ. ૨૩૦–૧૯૦) તેના સમયમાં સિરિયન સમ્રાટ એન્ટીઓકસ ત્રીજાએ (ઈ. સ. પૂ. ૨૩૩–૧૮૭) પોતાના પૂર્વજોએ ગુમાવેલ બેકટ્રીયા અને પાર્થિયાના પ્રાંતો પાછા મેળવવા નિષ્ફળ પ્રયાસ કર્યો અને તેને યુથિડેમસ સાથે સંધિ કરવી પડી (ઈ. સ. પૂ. ૨૦૮) જે મુજબ તેણે બેકટ્રીયા–પાર્થિયાની સ્વતંત્રતા સ્વીકારી અને પોતાની પુત્રી યુથિડેમસના પુત્ર ડિમેટ્રીયસ સાથે પરણાવી.

(બ) ભારતીય વાયવ્ય સરહદ પરના ઇન્ડો–ગ્રીક શાસકો – ભારતની વાયવ્ય સરહદ પર બેકટ્રીયાના ગ્રીકોની વિવિધ શાખાઓએ અલગ અલગ રાજ્ય કર્યું.

(૧) યુથિડેમસ વંશના ઇન્ડો–ગ્રીક શાસકો – આ વંશના ઈન્ડો–ગ્રીક શાસકો પૂર્વપંજાબ, સિંધ, અને તેની આસપાસના પ્રદેશોમાં શાસન કરતા.

---

૨. બેકટ્રીયા=ઓકસસ અને હિંદુકુશ વચ્ચે આવેલો પ્રદેશ.
પાર્થિયા=ખોરાસાન અને કાસ્પિયન સમુદ્રની અગ્નિકિનારે આવેલો પ્રદેશ.

તેમની રાજધાની શાકલ (સિયાલકોટ) હતી, તેથી આ વંશના શાસકો 'શાકલના ઈન્ડો–ગ્રીક શાસકો' પણ કહેવાતા. આ વંશમાં મુખ્ય રાજાઓ નીચે પ્રમાણે થઈ ગયા.

(i) **ડિમેટ્રીયસ** – બેકટ્રીયાના ગ્રીક શાસક યુથિડેમસના મૃત્યુ (ઇ. સ. પૂ. ૧૯૦) પછી તેનો પુત્ર ડિમેટ્રીયસ બેકટ્રીયાની ગાદીએ આવ્યો. તેણે હિંદ પર આક્રમણ-કરીને કાબુલ, પૂર્વપંજાબ અને સિંધ સર કર્યાં, અને ભારતની વાયવ્ય સરહદ પર ગ્રીકસત્તા સ્થાપી. ડિમેટ્રીયસના ભારત પરના આક્રમણ સમયે મગધમાં શુંગવંશનો રાજવી પુષ્યમિત્ર શાસન કરતો હતો. તેણે પોતાના પૌત્ર વસુમિત્રની સહાયથી યવનોને સિંધુ નદી પાસે હરાવીને પેલે પાર હાંકી કાઢયા.

જ્યારે તે ભારતીય પ્રદેશો જીતવામાં રોકાયો હતો તે દરમિયાન તેના રાજ્ય બેકટ્રીયામાં 'યુક્રેટાઈડઝ' નામના બળવાખોર નેતાએ બળવો કરીને બેકટ્રીયાની ગાદી પચાવી પાડી (ઈ. સ. પૂ. ૧૭૫). બેકટ્રીયાને પાછું મેળવવામાં નિષ્ફળતા મળતાં ડિમેટ્રીયસે ભારતની વાયવ્ય સરહદ પરના પ્રદેશોમાં વસવાટ કર્યો અને ત્યાં જ પોતાની સત્તા સ્થિર કરી, ત્યારથી તે અને તેના અનુગામી શાસકો હિન્દી–ગ્રીક શાસકો તરીકે ઓળખાવવા લાગ્યા. આમ એ પહેલો ઈન્ડો–ગ્રીક રાજવી હતો.

(ii) **મિનેન્ડર** – ડિમેટ્રીયસ પછી થઈ ગયેલા ઈન્ડોગ્રીક શાસકોમાં મિનેન્ડર સૌથી વધારે શકિતશાળી રાજવી હતો. તે મહાન વિજેતા હતો. તેનું રાજ્ય મધ્યઅફઘાનિસ્તાન, વાયવ્યસરહદોનો પ્રાંત, પંજાબ, સિંધ, રાજપૂતાના સૌરાષ્ટ્ર વગેરે પ્રદેશો આવરી લેતું હતું. તે સારો વહીવટકર્તા હતો. તેની રાજધાની પંજાબમાં આવેલ શાકલ (સિયાલકોટ)માં હતી. તે ન્યાયપ્રિય રાજવી હતો. બૌદ્ધસાધુ નાગસેનના પ્રભાવથી અંજાઈને તેણે બૌદ્ધધર્મ અંગીકાર કર્યો હતો. તેણે બૌદ્ધધર્મને પશ્ચિમ એશિયા અને ભારતની વાયવ્ય સરહદ પર ફેલાવ્યો હતો.

(iii) **મિનેન્ડરના વારસદારો** – મિનેન્ડરના મૃત્યુ પછી તેના વારસદારોએ અફઘાનિસ્તાન અને ગાંધારના પ્રદેશો પરનું પોતાનું વર્ચસ્વ ગુમાવ્યું. એટલે તેની વિધવા રાણી **એગેથોકલીયાએ** તેના સગીર વયના પુત્ર સ્ટ્રેટો ૧લા વતી પંજાબના પૂર્વભાગ પર શાસન કર્યું. ત્યાર પછીના વારસ-ધરોમાં સ્ટ્રેટો બીજો, ડીયોનિસિઅસ, જોઈલસ (Zoilus), એપોલોફેનીસ, હિપ્પો સ્ટ્રેટસ, એપોલોડોટસ (બીજો કે ત્રીજો) વગેરે નબળા હોવાથી યુથિડેમસ વંશના ઈન્ડો–ગ્રીક શાસકોના શાસનનો વાયવ્ય સરહદના પ્રદેશ પરથી શકોએ અંત આણ્યો.

(૨) યુક્રેટાઈડિઝવંશના ઇન્ડોગ્રીક શાસકો[3] **: યુથિડેમસવંશનો ડિમેટ્રીયસ** જ્યારે ભારતીના આક્રમણોમાં રોકાયો હતો ત્યારે યુક્રેટાઇડ્ઝ નામના બળવાખોર નેતાએ બેકટ્રીયામાં બળવો કરી ત્યાં સ્વતંત્ર્ય રાજ્ય સ્થાપ્યું. બેકટ્રીયાની ગાદી પર આવ્યા બાદ તેણે પણ ભારત પર આક્રમણો શરૂ કર્યાં અને વાયવ્ય સરહદ પર કાબુલની ખીણ, ગાંધાર, પશ્ચિમ પંજાબ વગેરે પ્રદેશો જીત્યા. તેની રાજધાની તક્ષશિલા હતી, તેથી તે અને તેના વંશજો 'તક્ષશિલાના ઈન્ડોગ્રીક શાસકો' કહેવાતા. જ્યારે તે ભારતીય પ્રદેશો જીત્યા બાદ પાછો ફરતો હતો ત્યારે તેના પુત્ર હેલિયોક્લીસે તેનું ખૂન કર્યું. (ઈ. સ. પૂ. ૧૫૫.)

હેલિયોકલીસ એ બેકટ્રીયાનો છેલ્લો ગ્રીક શાસક હતો, જેણે બેકટ્રીયા અને હિન્દ એમ બંને પર રાજ્ય કર્યું.[4] તેના પછી શકોએ મધ્યએશિયા પર આક્રમણ કરી બેકટ્રીયામાંથી યુક્રેટાઇડ્ઝ વંશનો અંત આણ્યો (ઈ. સ. પૂ. ૧૩૫), પરંતુ આ વંશના શાસકોએ માત્ર હિન્દુકુશના દક્ષિણના પ્રદેશોમાં જ ઈ. સ. ૨૫ સુધી રાજ્ય કર્યું. આ વંશમાં થઈ ગયેલા **એન્ટીઅલસીડસે** શુંગરાજવી ભાગભદ્રના રાજદરબારમાં હેલિયોડોરસને પોતાના પ્રતિનિધિ તરીકે મોકલ્યો હતો. આ વંશના છેલ્લા ઇન્ડો–ગ્રીક શાસક હર્મિયસને હરાવીને કુશાન રાજવી કુજુલ કડફિસીસે ઇન્ડો–ગ્રીક શાસનનો અંત આણ્યો (ઇ. સ. ૨૫)[5]

મિનેન્ડર (ઈ. સ. પૂ. ૧૬૦–૧૨૦)

અ. પૂર્વજીવન: મિનેન્ડર એ યુથિડેમસ વંશના ઇન્ડો–ગ્રીક શાસકોમાં (શાકલના ઇન્ડો–ગ્રીક શાસકોમાં) સૌથી મહાન શાસક હતો. તેનો જન્મ રાજધાની શાકલથી ૨૦૦ યોજન[6] દૂર આવેલ **અલસંદ** (Alsand) ટાપુમાં આવેલ કલસી (Kalasi) નામના ગામમાં થયો હતો.

ટાર્નના મતે તે યુથિડેમસ રાજવંશનો ન હતો, પરંતુ એ વંશમાં થઈ ગયેલા શાસક ડિમેટ્રીયસનો જમાઈ હતો. તે એક સામાન્ય કુટુંબમાં જન્મ્યો હતો, પરંતુ પોતાની યોગ્યતાને લીધે તે ડિમેટ્રીયસના સૈન્યના સેનાપતિપદે

૩. આ વંશના શાસકોએ ઈ. સ. પૂ. ૧૩૫ સુધી બેકટ્રીયા અને હિંદ પર એકી સાથે રાજ્ય કર્યું, અને ત્યારબાદ તેમણે માત્ર વાયવ્ય સરહદ પર ઈ. સ. ૨૫ સુધી રાજ્ય કર્યું.

૪. E. J. Rapson (Editcd) : Cambridge History of Ancient India, P. 554.

૫. E. J. Rapson A. I., P. 71

૬. એક યોજન બરાબર અઢી માઈલ.

નિમાયો હતો. ડિમેટ્રીયસના મૃત્યુ પછી આ વંશની કોઈપણ વ્યકિત ભારતીય સરહદ પરના ગ્રીકરાજ્યને જાળવી શકે તેવી શકિતશાળી નહોતી, એટલે આ જવાબદારી મિનેન્ડર પર આવી પડી. પરંતુ પોતે રાજવંશી કુટુંબનો નહીં હોવાથી કદાચ પ્રજા તેના પ્રત્યે રાજ્ય–ભકિત ન પણ દાખવે એવી તેને શંકા હતી. આથી તેણે ડિમેટ્રીયસની પુત્રી એગેથોકલીયા (Agathocleia) સાથે લગ્ન કર્યું અને એ રીતે તેણે રાજવંશ સાથે પોતાનો સંબંધ જોડી દીધો.

ब. વિજેતા તરીકે (જીતો) – તે મહાન વિજેતા હતો. તેણે ડિમેટ્રીયસના સમયમાં મગધ પર ચડાઈ કરી હતી, પરંતુ પુષ્યમિત્રના પૌત્ર વસુમિત્રે તેને હાંકી કાઢયો હતો (ઈ. સ. પૂ. ૧૫૩ની આજુબાજુ). તેના સિક્કાઓ કાબુલ, પંજાબ, સિંધપ્રદેશ, પશ્ચિમ રાજપૂતાના અને સૌરાષ્ટ્રમાંથી મળી આવ્યા છે, જે પરથી આ પ્રદેશો તેના આધિપત્ય નીચે હશે એવું અનુમાન થાય છે.[૭] સ્ટ્રેબોના મતે તેણે સિકંદરના કરતાં પણ વધારે દેશો જીત્યા હતા.

क. શાસક તરીકે (શાસનતંત્ર) – તે સારો વહીવટકર્તા હતો. તેણે પોતાના રાજ્ય વિસ્તારમાં વીર્યકમિત્ર, વિજયમિત્ર, વગેરેને ગવર્નરો (ઉપ-રાજાઓ) તરીકે નીમ્યા હતા. તેની રાજધાની શાકલ (સિયાલકોટ) માં હતી. તે ન્યાયપ્રિય શાસક હતો અને તટસ્થ ન્યાય માટે જાણીતો હતો. પુષ્યમિત્રના ત્રાસથી કંટાળીને નાસી આવેલ બૌદ્ધસાધુઓને તેણે રાજધાની શાકલમાં આશ્રય આપ્યો હતો.

ड. બૌદ્ધધર્મી તરીકે (ધર્મનીતિ) – બૌદ્ધકથાઓના વિવરણ મુજબ તે ૫૦૦ ગ્રીક દરબારીઓ સાથે બૌદ્ધસાધુ નાગસેન સાથે ચર્ચા કરવા શાકલ ગયો હતો. ત્યાં તેણે નાગસેનને પૂછેલા પ્રશ્નો અને નાગસેને તેના આપેલા સંતોષકારક જવાબોને "મિલિન્દ પ્રશ્નો" (મિનેન્ડરના પ્રશ્નો) નામે પાલિ ભાષામાં લખાયેલ ગ્રંથમાં આવરી લેવામાં આવેલ છે.[૮] તેણે નાગસેનના પ્રભાવથી અંજાઈને બૌદ્ધધર્મનો અંગીકાર કર્યો, તેના ગ્રીક દરબારીઓએ પણ આ ધર્મ સ્વીકાર્યો અને તેમણે ભારતીય નામો પણ ધારણ કર્યાં. દા. ત., એન્ટી-ઓકસ અને ડિમેટ્રીયસે અનુક્રમે 'અનંતકાય' અને 'દેવમંત્રીય' ભારતીય નામો

---

૭. વધુ માટે જુઓ, Age of Imperial unity, p. 115.

૮. He had been notorious for his skill in puzzing the sages with heretical questions. H. H. Dodwell (Edited): C. S. I., p. 51.

ધારણ કર્યાં.[૯] તેના સિક્કા પર બૌદ્ધ 'ધર્મચક્ર' અને ધ્રમિક ઉપાધિ અંકિત થયેલી નજરે પડે છે.

તેણે બૌદ્ધધર્મના પ્રચાર માટે પ્રયાસો કર્યા, પરિણામે તેના સમયમાં બૌદ્ધધર્મ પશ્ચિમ એશિયા અને ભારતની વાયવ્ય સરહદના પ્રદેશોમાં ફેલાયો. 'મિલિન્દ પ્રશ્નો'ના વિવરણ મુજબ તેની પાછલી જિંદગમાં તે પોતાના પુત્રને (સ્ટ્રેટો ૧ લા)ને રાજ્ય સોંપીને બૌદ્ધ સાધુ બન્યો હતો. તે પોતાની પ્રજામાં અને ખાસ કરીને બૌદ્ધધર્મીઓમાં એટલો બધો લોકપ્રિય હતો કે પ્રજા તેને ઈશ્વરની જેમ પૂજવા લાગી અને તેના મૃત્યુ બાદ, પ્લુટાર્ક જણાવે છે તેમ તેની ભસ્મ (અસ્થિ) ની જાળવણી માટે તેના સામ્રાજ્યના મુખ્ય શહેરો વચ્ચે સ્પર્ધા થઈ, છેવટે સ્પર્ધાના નિવારણ અર્થે એ ભસ્મને સામ્રાજ્યનાં મુખ્ય શહેરો વચ્ચે વહેંચી નાખવામાં આવી. આમ બૌદ્ધધર્મના ઇતિહાસમાં તે મહત્ત્વનું સ્થાન ધરાવે છે. "ઉપનિષદોમાં જેવું સ્થાન વિદેહી રાજવી જનક ધરાવે છે તેવું સ્થાન બૌદ્ધસાહિત્યમાં મિનેન્ડર ધરાવે છે."

ફ. ઇતિહાસમાં સ્થાન – આ પ્રમાણે તે ઇન્ડો–ગ્રીક ઇતિહાસમાં સૌથી નોંધપાત્ર વ્યક્તિ હતી. સ્ટ્રેબોના મતે તે ઇન્ડો–ગ્રીક શાસકોમાં સૌથી મહાન હતો. તે મહાન વિજેતા અને સારો વહીવટકર્તા હતો. તે ન્યાયપ્રિય શાસક અને દયાળુ રાજવી હતો. તે ચુસ્ત બૌદ્ધધર્મી અને તત્ત્વજ્ઞાની હતો. ટૂંકમાં વિજેતા તરીકે નહીં પરંતુ તત્ત્વજ્ઞાની–બૌદ્ધધર્મી–તરીકે તે ઇતિહાસમાં અમર નામના ભોગવે છે.[૧૦]

૨. ઇન્ડો–પાર્થિયન રાજાઓ.

અ. પ્રાસ્તાવિક – મૌર્ય સામ્રાજ્યનું પતન થતાં ભારતની છિન્નભિન્ન થયેલી રાજકીય એકતાનો લાભ લઈને ભારતની વાયવ્ય સરહદ પરથી પરદેશી પ્રજાના હુમલાઓ શરૂ થયા. આ હુમલાખોરોમાં યવનો, પાર્થિયાનો (પહ્‌લવો) શકો, કુશાણો વગેરે મુખ્ય હતા. ભારતની વાયવ્ય સરહદ પર સૌ પ્રથમ યવનોએ સત્તા જમાવી. આ પ્રદેશો પરથી યવન સત્તાનો અંત લાવનારાઓમાં પાર્થિયન પ્રજાએ પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. એટલે આ પ્રજાનો પૂર્વ ઇતિહાસ, ભારતમાં તેમની વસાહતો ઇત્યાદિ વિષે માહિતી મેળવવી આવશ્યક બની રહે છે.

બ. પાર્થિયામાં સ્વતંત્ર રાજ્યની સ્થાપના – (ઈ. સ. પૂ. ૨૪૮) સિકંદરના અવસાન બાદ તેનો અધિકારી સેલ્યુકસ એશિયાના પ્રદેશોનો માલિક

૯. डॉ. राधाकुमुद मुकर्जी : प्राचीन भारत, पृ. ८०.
૧૦. E. J. Rapson (Edited) : C. H. I., p. 549.

બન્યો. તેના સામ્રાજ્યમાં બેકટ્રીયા અને પાર્થિયા એ પ્રાંતોનો સમાવેશ થતો. **સેલ્યુકસનો** વારસદાર **એન્ટીઓકસ બીજો** (ઈ. સ. પૂ. ૨૬૧–૨૪૬) નબળો હોવાથી તેના શાસનના અંતિમ ભાગમાં પાર્થિયા પ્રાંતે **અર્સેકોસ** (Arsakos) ના નેતૃત્વ નીચે પ્રજાકીય બળવો કર્યો અને ઈ. સ. પૂ. ૨૪૮ માં પાર્થિયામાં તેણે સ્વતંત્ર રાજ્યવંશની સ્થાપના કરી.

क. શિસ્તાનના પાર્થિયન રાજાઓ :

પાર્થિયા એ સેલ્યુકસના એશિયાઈ સામ્રાજ્યનો એક પ્રાંત હતો. આ પ્રાંતમાં સેલ્યુકસના નબળા વારસદારનો લાભ લઈને ઈ. સ. પૂ. ૨૪૮ માં અર્સેકોસે "અર્સેકીડન" નામના સ્વતંત્ર રાજ્યવંશની સ્થાપના કરી, જે પાંચ સદી સુધી (ઈ. સ. પૂ. ૨૪૬ થી ઈ. સ. ૨૨૬ સુધી) ચાલુ રહ્યો. આ વંશમાં **મિથ્રિડેટસ ૧લો** (ઈ. સ. પૂ. ૧૭૭–૧૩૬) થઈ ગયો. તેણે હિંદી-ગ્રીક શાસકો પાસેથી સિંધુથી જેલમ સુધીનો પ્રદેશ પડાવી લીધો. પરંતુ આ નવો જીતેલો પ્રદેશ બહુ લાંબા સમય શિસ્તાનના પાર્થિયન રાજવી હેઠળ ન રહ્યો, કારણકે યુહે–ચી જાતિએ ધકેલી મૂકેલા શક લોકો મધ્ય એશિયામાંથીપાર્થિ-યાના પ્રદેશમાં આવ્યા. ત્યાં શકો અને પાર્થિયાના રાજાઓ વચ્ચે લાંબા સમય સુધી સંઘર્ષો ચાલ્યા, જેમાં પાર્થિયાના બે રાજવીઓ **ફ્રેટસ બીજો** (Phbraatas II, ઈ. સ પૂ. ૧૨૮) અને આર્તબેનસ ૧ લો (Artabanus I, ઈ સ. પૂ. ૧૨૩) એ જાન ગુમાવ્યા. ત્યારપછી ગાદીએ આવેલ મિથ્રિડેટસ બીજાએ (ઈ. સ. પૂ. ૧૨૩–૮૮) શકોને હરાવીને છેક પશ્ચિમ પંજાબ સુધીના પ્રદેશો પાછા મેળવ્યા આ રીતે તેણે પાર્થિયન સત્તાને પુનઃ સજીવન કરી. તેના મૃત્યુ પછી પાર્થિયન સત્તા નબળી પડી, પરિણામે દૂરના ભારતીય પ્રદેશો પર પશ્ચિમ પંજાબ પર–પાર્થિયન સરકારની પકડ ઢીલી ગઈ.

ड. ઈન્ડો-પાર્થિયન રાજાઓ :

પાર્થિયન સમ્રાટ મિથ્રિડેટસના અવસાન બાદ પાર્થિયન સામ્રાજ્યની સત્તા નબળી પડતાં **વોનોનિસ** નામના પાર્થિયને શકસ્તાન અને આર્કેશિયા (કંદહાર)માં સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી. આ રીતે ભારતની વાયવ્ય સર-હદના ખૂણામાં મૂળ પાર્થિયાના સામ્રાજ્યથી અલગ એવું ઈન્ડો પાર્થિયન રાજ્ય સ્થપાયું. તેણે કાબુલ, ગાંધાર, અને સિંધુનો પ્રદેશ જીતી લીધો અને "મહારાજાધિરાજ"ની ઉપાધિ ધારણ કરી. તેના સિક્કાઓ ઉપર તેના ભાઈઓ **સ્પલહોર** અને **સ્પલિરિષ**ના નામો અંકિત થયેલાં જણાય છે, જે પરથી અનુમાન થઈ શકે કે તેના ભાઈઓ કંદહાર અને તેની નજીકના ભારતીય

પ્રદેશો પર વહીવટ ચલાવવા માટે નિમાયેલા પ્રાંતિક ગવર્નરો હતા.

વોનોનિસ પછી તેનો ભાઈ **સ્પલહોર** તેના રાજ્યનો અધિકારી બન્યો. તેના પછી ભારતના પાર્થિયન રાજ્યનો માલિક તેનો પુત્ર સ્પલગદમ (Spalagadama) બન્યો. તેના પછી રાજ્યનો અધિકારી બનનાર **અય** હતો, જેણે ભારતમાં પાર્થિયન સત્તાને વિસ્તૃત કરી.

અય પછી **ગોન્ડોફર્નિસ** નામનો શક્તિશાળી પાર્થિયન રાજા થયો. (ઈ. સ. ૨૦ થી ૪૫.) તેણે કાબુલ અને કંદહારમાં સત્તા સ્થાપી તેમજ સિંધ અને પશ્ચિમ પંજાબના પ્રદેશોમાંથી શકસત્તાને (શકરાજા અઝીઝ બીજો) નાબૂદ કરી અને તક્ષશિલાને પોતાની રાજધાની બનાવી. તેના સિક્કાઓ અફઘાનિસ્તાન, પંજાબ, ગાંધાર અને સિંધ પ્રદેશમાંથી મળી આવ્યા છે, જે પૂરવાર કરે છે કે આ પ્રદેશોમાં તેનું રાજ્ય વિસ્તરેલું હતું. તેના શાસનકાળ દરમિયાન ઈ. સ. ૨૯ કે ૩૩માં ખ્રિસ્તી ધર્મના સંત થોમસ તેના દરબારમાં આવ્યા. તેના ઉપદેશથી આકર્ષાઈ ગોન્ડોફર્નિસે ખ્રિસ્તી ધર્મનો અંગીકાર કર્યો હતો, અને પોતાના રાજ્યમાં તેનો પ્રચાર પણ કર્યો હતો.[૧૧]

ક. ઈન્ડો પાર્થિયન રાજ્યનું પતન : ગોન્ડોફર્નિસના મૃત્યુ પછી તેનું સામ્રાજ્ય બે વિભાગમાં વહેંચાઈ ગયુ. (૧) પશ્ચિમ પંજાબનો પ્રદેશ, જે તેના ભત્રીજા એબ્ડેગેસીસ (Abdagases)ના હાથમાં આવ્યો અને (૨) સિંધ અને કંદહારનો પ્રદેશ, જે પર ઓર્થેગ્નીસ (Orthagnes) અને પછી પેકોરિસ (Pakores)નું આધિપત્ય હતું. ત્યારપછીના શાસકો વિષે ખાસ માહિતી મળતી નથી. પહેલી સદીના મધ્યભાગમાં (ઈ. સ. ૭૦ની આસપાસ) કુશાન રાજવી કુજુલ કડફિસીસે પાર્થિયાના કાબુલ, કંદહાર અને પંજાબના વાયવ્ય પ્રદેશો જીતી લઈને ત્યાં કુશાન સત્તાની સ્થાપના કરી.

ઈ. સારસંક્ષેપ : આ પ્રમાણે સેલ્યુકસના નબળા વારસદારોનો લાભ લઈને અર્સેકાસે (કે અર્સકસે) પાર્થિયામાં સ્થાપેલો નવો રાજવંશ પાંચ સદી સુધી (ઈ સ. પૂ. ૨૪૮ થી ઈ. સ. ૨૨૬) સુધી ચાલુ રહ્યો, પરંતુ ત્યાર પછી મૂળ પાર્થિયન સામ્રાજ્યથી અલગ પડીને ભારતના વાયવ્ય સરહદના પ્રદેશો પર સ્થપાયેલ ઈન્ડો પાર્થિયન સામ્રાજ્ય લગભગ ૧૭૫ વર્ષો બાદ કુશાન રાજવીના હાથે ઈ. સ. ૭૦ની આસપાસ નાશ પામ્યુ.

---

૧૧. 'Acts of St. Thomas' નામના સિરિયન ભાષાના ગ્રંથમાં સંત થોમસ અને ગોન્ડોફર્નિસ અંગેની દંતકથા આપેલ છે, તેના સાર માટે માટે જુઓ. Dr. Smith : E. H. I., P. 246.

૩. શક શાસકો

अ, પ્રાસ્તવિક : મૌર્ય સામ્રાજ્યની પ્રબળ સત્તાનો અંત આવતાં ભારતની રાજકીય એકતા નષ્ટ પામી. પરિણામે ગ્રીક (યવનો) શક, પહ્લવો, કુશાન વગેરે પરદેશી હુમલાખોરોએ અરક્ષિત હિન્દ પર હુમલા શરુ કર્યા. તેમાં સૌ પ્રથમ ગ્રીકોએ ભારતની વાયવ્ય સરહદ પરના પ્રદેશોમાં પોતાની સત્તા સ્થાપી. પરંતુ ત્યાંથી તેમના શાસનને નાબૂદ કરનારા શકો હતા એટલે શકોના મૂળવતન, તેમનો રાજકીય ઇતિહાસ વગેરે વિષે માહિતી મેળવવી જરૂરી બની રહે છે.

ब, ભારતમાં શકોનું આગમન : શકો મૂળ મધ્ય એશિયામાં સિર-દરિયા નદીના પ્રદેશમાં રહેતા હતા. ઈ. સ. પૂ. બીજી સદીમાં (ઈ. સ. પૂ. ૧૬૫-૧૬૦ ની આસપાસ) ચીન દેશ તરફથી જાકારો મળતાં હુણ પ્રજાએ ચીનની વાયવ્ય બાજુ વસતી યુહે-ચી જાતિને તેમનું મૂળ વતન છોડવાની ફરજ પાડી. પરિણામે આ યુહે-ચી જાતિ મધ્ય એશિયામાંના સિર-દરિયાના પ્રદેશમાં વસતી શક પ્રજા (સિથિયનો)ને ત્યાંથી હાંકી કાઢીને ત્યાં વસવાટ કર્યો. આથી પોતાના મૂળ-વતનનો ત્યાગ કરીને શકો પાર્થિયાના પ્રદેશમાં સ્થિર થયા. પરંતુ અહીં તેઓ લાંબો સમય ઠરીઠામ રહી શક્યા નહીં. પાર્થિયા સાથે તેમને લાંબા સમય સુધી સંઘર્ષ ચાલ્યો. છેવટે મિથ્રિડેટસ બીજાએ (ઈ. સ. પૂ ૧૨૩-૮૮) તેમને પાર્થિયામાંથી બહાર હાંકી કાઢયા એટલે તેઓ પાર્થિયાથી દૂર દક્ષિણ બલુચિ-સ્તાન (જેને સિસ્તાન કે શકસ્થાન કહે છે)માં સ્થિર ગયા. ત્યાંથી તેઓ કંદહાર થઈને બોલનઘાટને માર્ગે સિંધુના પ્રદેશમાં દાખલ થયા. આ પ્રદેશને ભારતીય સાહિત્યમાં "શકદ્વિપ" અને ગ્રીક ભૂગર્ભવેત્તાઓ " ઇન્ડોસિથિયા " તરીકે ઓળખાવે છે. તેઓ પ્રથમ પાર્થિયાના સમ્રાટના ખંડિયા હતા. પરંતુ ઈ. સ. પૂર્વે પહેલી સદીના અંતે સિંધુ અને પશ્ચિમ પંજાબના પ્રદેશોમાં તેમણે સ્વતંત્ર રાજ્યો સ્થાપ્યાં.

क, ભારતમાંના શક શાસકો : ભારતની સરહદ પર વસાહતો સ્થાપી રાજ્ય કરનાર શક શાસકોમાં મુખ્ય ચાર શાસકો થઈ ગયા.

મોઝ : યુહે-ચી જાતિએ નસાડી મૂકેલા શકોએ પાર્થિયાના પ્રદેશમાં વસવાટ કર્યો, જ્યાં તેમને પાર્થિયનો સાથે લાંબા સમય સુધી સંઘર્ષો ચાલ્યા. આ સંઘર્ષોમાં પાર્થિયન રાજવીઓ (ફ્રેટસ બીજો અને આર્તબેનુસ ૧લો) એ પોતાના જાન ગુમાવ્યા. લાંબા સમયથી ચાલતા આ સંઘર્ષોને લીધે છેક

દૂર આવેલ ભારતીય પ્રદેશો પરથી પાર્થિયન સરકારની પકડ ઢીલી પડી ગઈ. આ નબળી સ્થિતિનો લાભ લઈને મોઝ નામના શક ટોળીના આગેવાને[12] પાર્થિયન સામ્રાજ્યનું પશ્ચિમ પંજાબ પડાવી લીધું. અને તક્ષશિલાને રાજધાની બનાવીને સ્વતંત્ર શાસનની શરૂઆત કરી. ઈ. સ. પૂ. ૯૫ કે ૯૦) પરંતુ આ રીતે શકોએ નિર્બળ બનાવેલી પાર્થિયન સત્તાને **મિથ્રિડેટસ બીજા** એ (ઈ. સ. પૂ. ૧૨૩-૮૮) પુનઃસજીવન કરી અને તેણે છેક પશ્ચિમ પંજાબ સુધીનો પ્રદેશ પાછો મેળવી લીધો. શક શાસક મોઝે પણ તેનું આધિપત્ય સ્વીકાર્યું. મોઝ પછી **અઝીઝ ૧લો** ગાદી પર આવ્યો (ઈ. સ. પૂ. ૫૮) તેણે પણ પાર્થિયન રાજવીની રાહબરી નીચે શાસન કર્યું હતું. અઝીઝ ૧લા પછી એનો પુત્ર **અઝીલીસેસ** અને તેના પછી તેનો પૌત્ર **અઝીઝ બીજો** ગાદીએ આવ્યા. અઝીઝ બીજા પછી શક રાજવીના પ્રદેશો **ગોન્ડોફર્નિસ** નામના ઇન્ડો પાર્થિયન રાજવીના આધિપત્ય નીચે ચાલ્યા ગયા. (ઈ. સ. ૨૦ થી ૪૫.)

ક. નિષ્કર્ષ : આ છે ભારતમાંના શક શાસકોના ઉદય, વિકાસ અને પતનનો ઇતિહાસ, જેમની સત્તાને સિંધ અને પશ્ચિમ પંજાબમાંથી પાર્થિયન રાજા ગોન્ડોફર્નિસે નાબૂદ કરી; પરંતુ શકોએ દૂરના ભારતીય પ્રદેશો પર નીમેલા શક ક્ષત્રપોએ તો લાંબા સમય સુધી શાસન કર્યું.

૪. શક ક્ષત્રપો

(૧) શક ક્ષત્રપોના ઉદય, વિકાસ અને પતનનો ઇતિહાસ :

અ. પ્રાસ્તાવિક : મૌર્ય સામ્રાજ્યનું પતન થતાં ભારતની છિન્નભિન્ન થયેલી રાજકીય એકતાનો લાભ લઈને ભારતની વાયવ્ય સરહદ પરથી યવનો, શક, પહલવો, કુશાનો વગેરે પરદેશી પ્રજાના હુમલાઓ શરુ થયા. સૌ પ્રથમ યવનો (ગ્રીક) એ વાયવ્ય સરહદ પરના પ્રદેશોમાં પોતાની સત્તા સ્થાપી. તેમના શાસનને ભારતમાંથી નાબૂદ કરવામાં શકોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

બ. ભારતીય પ્રદેશો પર શક-ક્ષત્રપોનું શાસન :

શકોએ ભારતના વાયવ્ય સરહદના પ્રદેશો પર શાસનની શરૂઆત કરી

---

૧૨. ડૉ. **ત્રિપાઠી**, ડૉ. **સરકારે** મોઝનો શકશાસક તરીકે ઉલ્લેખ કર્યો છે. તક્ષશિલામાં ખોદકામ કરતાં મળેલા અવશેષોને આધારે **સર જહોન માર્શલ** પણ મોઝને શકશાસક જણાવે છે ડૉ. **સ્મીથે** તેમના પુસ્તક 'Early History of India' (૪થી આવૃત્તિ મ) આ અંગે વિરોધાભાસી વિચારસરણી રજૂ કરી છે. આ પુસ્તકના ૨૪૨મા પાને મોઝનો ઇન્ડોપાર્થિયન રાજવી તરીકે ઉલ્લેખ છે અને ૨૪૩મા પાને તેનો શક તરીકે ઉલ્લેખ છે.

અને ત્યાંથી આગળ વધીને તેમણે તક્ષશિલા, મથુરા, ગુજરાત, સૌરાષ્ટ્ર, કોંકણ, પશ્ચિમ મહારાષ્ટ્ર વગેરે પરદેશો તાબે કર્યા. આ દૂરના પ્રદેશોનો વહીવટ ચલાવવા તેઓ સુબાઓ નીમતા, જેઓ 'ક્ષત્રપો' કહેવાતા. 'ક્ષત્રપ' શબ્દ પ્રાંતીય સુબાના અર્થમાં વપરાતો, પરંતુ ભારતની વાયવ્ય સરહદ પર સ્થપાયેલ શક કુળની સત્તાનો કુશાનોએ નાબૂદ કરી એટલે તેમણે દૂરના પ્રદેશોમાં નીમેલા શક ક્ષત્રપો (સુબાઓ) આપોઆપ કુશાનોના આધિપત્ય નીચે આવ્યા.

ભારતના પ્રદેશો પર શાસન કરતા શક ક્ષત્રપોના ઉદય, વિકાસ અને પતનના ઇતિહાસને અભ્યાસની સરળતા માટે બે વિભાગમાં વહેંચી નાખવામાં આવે છે. (૧) ઉત્તરના શક ક્ષત્રપો અને (૨) પશ્ચિમના શક ક્ષત્રપો.

૧. ઉત્તરના શક-ક્ષત્રપો – ડૉ. રાયચૌધરી ઉત્તર ભારતના શક-ક્ષત્રપોને નીચે પ્રમાણે ત્રણ વિભાગમાં વહેંચી નાખે છે.

(ક) કાપિશિ, પુષ્પપુર અને અભિસારપ્રસ્થના શક-ક્ષત્રપો – માણિકિયાલા અભિલેખમાં કાપિશિ (ગાંધાર)ના ક્ષત્રપનો માત્ર ઉલ્લેખ છે. આ ક્ષત્રપ ગ્રણવ્યહક (Granavhryaka)નો પુત્ર હતો. કાબુલના સંગ્રહાલયના એક શિલાલેખના વિવરણ મુજબ પુષ્પપુરના એક ક્ષત્રપનું નામ નિર્વહણ હતું. અભિસારપ્રસ્થ નગરના ક્ષત્રપનું નામ શિવસેન (Sivasena) હતું. આવા નામવાળી એક તાંબાની સીલ પંજાબમાંથી મળી આવી છે.

(ખ) પશ્ચિમ પંજાબના શક-ક્ષત્રપો – આ શકક્ષત્રપોનાં ત્રણ કુટુંબો જુદા જુદા વિભાગો પર શાસન કરતાં.

(૧) કુસુલુકવંશના ક્ષત્રપો (તક્ષશિલાના શક-ક્ષત્રપો) – તક્ષશિલાના તામ્રપત્રોમાં **લિયાક કુસુલુક** નામના શક-ક્ષત્રપનો ઉલ્લેખ છે. તે શકરાજવી મોઝનો ક્ષત્રપ (સુબો) હતો. લિયાકનો પુત્ર પતિક હતો. મથુરાના સિંહધ્વજ અભિલેખ પરથી જણાય છે કે પતિકે સૌ પ્રથમ તેના પિતાના સમયમાં ક્ષત્રપ તરીકે કામગીરી બજાવીને મહાક્ષત્રપ તરીકે ગાદી મેળવી હતી. આ શક-ક્ષત્રપો બૌદ્ધધર્મી હતા અને તેમની રાજધાની તક્ષશિલા હતી.

(૨) મનિગલવંશના ક્ષત્રપો – આ શક-ક્ષત્રપોમાં મનિગલ (Manigul) અને તેના પુત્ર જિહોનિકનો સમાવેશ થતો. તેઓ શકરાજવી **અઝીસ બીજા**ના સમયમાં પુષ્કલાવતીના ક્ષત્રપો હતા, પરંતુ ૧૯૨૭માં માર્શલે શોધી કાઢેલ 'તક્ષશિલાના સિલવર વેજ ઇન્સ્ક્રીપ્શન' (Taxila Silver Vage

Inscription) ના વિવરણ મુજબ જિહોનિક પુષ્કલાવતીનો નહિ પરંતુ તક્ષશિલા પાસે આવેલ 'ચુક્ષા' નો ક્ષત્રપ હતો.

(૩) ઇન્દ્રવર્મનવંશના ક્ષત્રપો – આ શક-ક્ષત્રપોમાં ઇન્દ્રવર્મન, તેના પુત્ર ઇસ્પવર્મન, અને ઇસ્પના ભત્રીજા શાસ (Sasa) નો સમાવેશ થતો. ઇસ્પવર્મને શકશાસક અઝીઝ બીજા તેમજ પાર્થિયન શાસક ગોન્ડોફર્નિસના ગવર્નર તરીકે અને શાસે ગોન્ડોફર્નિસ તેમજ પકોરિસના ગવર્નર તરીકે કામગીરી બજાવી હતી.

(ગ) મથુરાના શક-ક્ષત્રપો – પંડિત ભગવાનલાલ ઇન્દ્રજીના પ્રયાસોથી મથુરામાંથી પ્રાપ્ત થયેલા શક-ક્ષત્રપોના સિક્કાઓ પરથી જણાય છે કે મથુરાના સૌ પ્રથમ શક-ક્ષત્રપો **હગાન અને હગામસ** હતા. તેમના પછી રાજૂલ (રાજવુલ) ગાદીએ આવ્યો. તેને મથુરા પાસેના મોરા (Mora) લેખમાં મહાક્ષત્રપ તથા કેટલાક સિક્કાઓમાં રાજાધિરાજ પણ કહ્યો છે. આ પરથી જણાય છે કે તેણે સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું હશે. વહીવટ કાર્યમાં તેને તેનો પુત્ર શોડાસ (Sobasa–સુદાસ) ક્ષત્રપ તરીકે સહાય કરતો, ત્યાર પછી શોડાસ મહાક્ષત્રપ તરીકે ગાદીશીન થયો. ત્યાર પછી કુશાનોએ આક્રમણ કરીને મથુરાના શક-ક્ષત્રપોનો નાશ કર્યો. મથુરાના શક ક્ષત્રપો બૌદ્ધધર્મી હતા અને તેમની રાજધાની મથુરા હતી.

૨. પશ્ચિમના શક-ક્ષત્રપો – પશ્ચિમી શકક્ષત્રપોએ હિન્દના નીચેના પ્રદેશો પર શાસન કર્યું.

(ક) મહારાષ્ટ્રના ક્ષહરાત કુળના શક ક્ષત્રપો :

ભૂમક–મહારાષ્ટ્ર (નાસિક) ના ક્ષહરાત કુળનો પ્રથમ ક્ષત્રપ ભૂમક હતો. શરૂઆતમાં તેણે કુશાન રાજવી કનિષ્કના તાબા નીચે રહીને શાસન કર્યું પરંતુ કનિષ્કના અવસાન બાદ તે સ્વતંત્ર બન્યો, અને પોતાના નામના સિકકા પડાવ્યા, તેમજ કુશાન સામ્રાજ્યના સૌરાષ્ટ્ર, ગુજરાત, માળવા, અજમેર વગેરે પ્રદેશો પડાવી લીધા.

નહપાન (ઈ. સ. ૧૧૯–૧૨૫) – ભૂમક પછી એ જ કુળનો નહપાન ગાદીએ આવ્યો. તે ક્ષહરાત કુળનો સૌથી શકિતશાળી શાસક હતો. તેણે ઉત્તરે અજમેરથી માંડીને દક્ષિણે છેક નાસિક (પુના જિલ્લા) સુધીના પ્રદેશો પર રાજ્ય કર્યું હતું એમ તેના સિકકાઓ પરથી જણાય છે. સામ્રાજ્યના દક્ષિણના પ્રદેશોમાં તેણે પોતાના જમાઈ ઉષવદત્ત (ઋષભદત્ત) ને નીમ્યો હતો. તેના રાજ્યમાં કોંકણ, ગુજરાત, માળવા, સૌરાષ્ટ્ર, વગેરે પ્રદેશો હોવાના પૂરાવા મળે

છે. તેના શાસનકાળના અંત ભાગમાં સાતવાહન રાજા ગૌતમી પુત્ર શાતકર્ણીએ ચડાઈ કરી હતી, જેમાં નહપાન માર્યો ગયો અને તેણે નહપાનના સૌરાષ્ટ્ર, ગુજરાત, માળવા, કોંકણ વગેરે પ્રદેશો પોતાના સામ્રાજ્યમાં જોડી દીધા.

નહપાનના સિક્કાઓ મુખ્યત્વે ચાંદીના અને તાંબા છે, જેમાં ગ્રીક સિક્કાઓનું સ્પષ્ટ અનુકરણ જણાય છે. તેના સિક્કાઓ પરથી જણાય છે કે કે તેના સમયમાં પશ્ચિમના દેશો સાથે, ખાસ કરીને રોમ સાથેનો વેપાર ખૂબ જ પ્રમાણમાં ચાલતો. નહપાન પછી ક્ષહરાત વંશનો અંત આવ્યો અને ઉજ્જૈનના કાર્દમક નામના શક-ક્ષત્રપોના હાથમાં સત્તા આવી.

(ખ) ઉજ્જૈનના કાર્દમક કુળના શક-ક્ષત્રપો :

મહારાષ્ટ્રના ક્ષહરાત કુળના અંત બાદ ઉજ્જૈનમાં કાર્દમક કુળના શક-ક્ષત્રપોનું શાસન સ્થપાયું. તેનો સ્થાપક ચષ્ટન હતો. તેથી ઉજ્જૈનના શક ક્ષત્રપો "ચષ્ટન કુળ"ના નામે પણ ઓળખાય છે.

ચષ્ટન : તે ચષ્ટન કુળનો સ્થાપક અને પ્રથમ રાજવી હતો. તેના પિતાનું નામ યસ્મોટિક (Yasmotika) હતું. તેણે ઉજ્જૈનને રાજધાની બનાવીને શાસનની શરૂઆત કરી. તેણે સાતવાહન રાજવી પાસેથી સૌરાષ્ટ્ર, અપરાંત વગેરે પ્રદેશો પડાવી લીધા. આ વિજયની યાદમાં તેણે મહાક્ષત્રપનું બિરૂદ ધારણ કર્યું. આમ તેણે પશ્ચિમ હિન્દમાં ક્ષત્રપ સત્તાને સર્વોપરી બનાવી. તેણે પોતાના પુત્ર જયદામનને ક્ષત્રપ તરીકે પોતાના હાથ નીચે તાલીમ આપી હતી.

રુદ્રદામન : ચષ્ટને પોતાના શાસનકાળ દરમ્યાન પોતાના પુત્ર જયદામનને ક્ષત્રપ તરીકે તાલીમ આપી હતી. પરંતુ ચષ્ટન પહેલાં જ જયદામનનું અવસાન થતાં જયદામનનો પુત્ર રુદ્રદામન (ચષ્ટનનો પૌત્ર) ચષ્ટન પછી મહાક્ષત્રપ તરીકે ગાદીએ આવ્યો.

તેણે યૌધેયોની સત્તાનો નાશ કર્યો તેમજ સાતવાહન રાજવી વાસિષ્ઠ પુલુમાયીને હરાવીને સૌરાષ્ટ્ર, ગુજરાત, માળવા, કોંકણ વગેરે પ્રદેશો જીતી લીધા. તેણે પુલીમાયીના ભાઈ શિવશ્રી શાતકર્ણી સાથે પોતાની પુત્રી પરણાવી હતી. તેણે સૌરાષ્ટ્ર અને આનર્તના પ્રદેશો માટે 'સુવિશાખ' નામે પહ્લવ સુબો નીમ્યો હતો. અતિવૃષ્ટિને લીધે ગિરનારમાં આવેલ સુદર્શન સરોવરનો બંધ તૂટી જવાથી તેને સમરાવવાનું કાર્ય રુદ્રદામને આ સુબા દ્વારા પાર પાડ્યું હતું. તે સારો વહીવટકર્તા હતો. સમગ્ર રાજ્યના વિભાગો પાડી (૧) મતિ-સચિવ અને (૨) કર્મ-સચિવ નામના અધિકારીઓ નીમ્યા હતા.

તે સાહિત્યકલાનો પોષક હતો. તે પોતે વિદ્વાન હતો અને સંસ્કૃતમાં રચના કરતો.

રુદ્રદામનના વંશજો (ચસ્ટનકુળનો અંત) –

રુદ્રદામન પછી થઈ ગયેલા ૧૭ ક્ષત્રપો નિર્બળ હતા, તેમના અંદરો-અંદરના ઝઘડાએ તેમની સત્તા ક્ષીણ કરી નાખી. પરિણામે સાતવાહન રાજવી યજ્ઞશ્રી શાતકર્ણીએ તેમના કેટલાક પ્રદેશો પડાવી લીધા. ઈ. સ. બીજી સદીના અંતે માલવાએ તેમનો ઉત્તરનો કેટલોક મુલક જીતી લીધો. દક્ષિણમાં આભીરોએ સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. ચષ્ટનકુળના છેલ્લા રાજવી રુદ્રસિંહ ત્રીજાનો ગુપ્તસમ્રાટ ચંદ્રગુપ્ત બીજાએ ઈ. સ. ૩૯૮ માં પરાભવ કરીને હંમેશને માટે પશ્ચિમી શકક્ષત્રપ સત્તાનો અંત આણ્યો અને તેના પ્રદેશોને પોતાના સામ્રાજ્યમાં ભેળવી દીધા.

ક. નિષ્કર્ષ – આ છે ઉત્તર અને પશ્ચિમ ભારતમાં શક–ક્ષત્રપ સત્તાના ઉદય, વિકાસ અને પતનનો ટૂંકો હેવાલ, જે પરથી નિષ્કર્ષ સ્વરૂપે કહી શકાય કે તેમની વચ્ચેના આંતરિક કલહના પરિણામે તેમની સત્તા નબળી પડી અને એ નબળી પડેલી સત્તા પર ગુપ્તસમ્રાટ ચંદ્રગુપ્ત–બીજાએ છેલ્લો ઘા કરીને પશ્ચિમ હિંદની ક્ષત્રપસત્તાનો હંમેશને માટે અંત આણ્યો.

(૨) રુદ્રદામનની કારકિર્દી અને સિદ્ધિઓ (ઈ. સ. ૧૩૦–૧૫૦) :

રુદ્રદામન એ ઉજ્જૈનના ચષ્ટનકુળના રાજવીઓમાં સૌથી મહાન રાજવી હતો. તે આ કુળનો 'સૌથી મોટો અને યશસ્વી રાજા' હતો. તેના પિતાનું નામ જયદામન હતું. ચસ્ટનકુળના સ્થાપક ચસ્ટનની હયાતીમાં જ તેનો પુત્ર જયદામન મૃત્યુ પામતાં તેનો પુત્ર રુદ્રદામન (ચસ્ટનનો પૌત્ર) મહાક્ષત્રપ તરીકે ગાદીએ આવ્યો. તેના ગિરનાર પાસેના અભિલેખ તથા તેના સિક્કાઓ પરથી તેના વિષે માહિતી મળે છે.

* **વિજેતા તરીકે** (વિજયો) : ગિરનારની પ્રશસ્તિ રુદ્રદામને કરેલી સૈનિક સફળતાઓ (વિજયો)નું વર્ણન કરે છે. તેણે ઉત્તરમાં યૌધેયોની સત્તાઓનો નાશ કર્યો. તેણે આંધ્રના રાજવી વાસિષ્ઠ પુલુમાયીને બે બાર હરાવીને સૌરાષ્ટ્ર, ગુજરાત, માળવા, કોંકણ, વગેરે પ્રદેશો જીતી લીધા. તેણે પુલુમાયીના ભાઈ વાસિષ્ઠીપુત્ર શિવશ્રી શાતકર્ણી (અથવા વાસિષ્ઠીપુત્ર શાતકર્ણી) સાથે પોતાની પુત્રી પરણાવી. તેના સામ્રાજ્યમાં આકર, અવન્તિ, અનૂપ, આનર્ત, સૌરાષ્ટ્ર, શ્વભ્ર. મરુ, કચ્છ, સિંધુ, સૌવીર, કુકુર, અપરાંત, ઇત્યાદિ પ્રદેશોનો સમાવેશ થતો હતો. એટલે કે ભીલસા, સિંધ, મારવાડથી

શરૂ કરી ગુજરાત, કાઠિયાવાડ અને કોંકણુ સુધીનો ભાગ પોતાની સત્તા નીચે હતો.[૧૩] આમ તે વિજેતા તરીકે ભારે પરાક્રમી હતો.

* **વહીવટકર્તા તરીકે** (વહીવટી વ્યવસ્થા) : તે સારો વહીવટકર્તા હતો. તેણે સામ્રાજ્યના ભાગલા પાડી (૧) મતિ-સચિવ અને (૨) કર્મ-સચિવ નામના અધિકારીઓ નીમ્યા હતા. તે હંમેશાં પોતાના અમાત્યોની સાચી સલાહને આવકારતો, અને તેમના નિર્ણય અનુસાર કાર્ય કરતો. તેણે આનર્ત અને સૌરાષ્ટ્રના પ્રદેશોના વહીવટ માટે સુવિશાખ નામે પહ્લવ અમાત્ય નીમ્યો હતો. તેની રાજધાની ઉજ્જૈન હતી. ગિરનારના અભિલેખના વિવરણ મુજબ તે નગરો, નિગમો અને જનપદોને ઉપદ્રવોથી રક્ષતો. તેના સૈન્યમાં રથ, હાથી અને ઘોડાનો સમાવેશ થતો. ઈ. સ. ૧૫૦માં અતિવૃષ્ટિને લીધે સુદર્શન તળાવનો બંધ તૂટી જવાથી અમાત્ય સુવિશાખના આગ્રહથી તેણે પ્રજા પાસેથી કરવેરા લીધા વગર શાહી ખજાનામાંથી ખર્ચ કરીને થોડા વખતમાં મજબૂત બંધ બંધાવી સુદર્શન તળાવને પહેલાંના કરતાંય સુદર્શનતર બનાવ્યું.

* **સાહિત્ય-કલાના પોષક તરીકે** (સાહિત્ય કલા) : મહાન વિજેતા અને સારો વહીવટકર્તા હોવા ઉપરાંત તે સાહિત્યકલાનો પણ ઉપાસક હતો. તે પોતે વિદ્વાન હતો અને સંસ્કૃતમાં ગદ્યપદ્યની રચનાઓ કરી જાણતો. તે શબ્દવિદ્યા (વ્યાકરણ) અર્થવિદ્યા (અર્થશાસ્ત્ર) ગાન્ધર્વવિદ્યા (સંગીત શાસ્ત્ર) અને ન્યાયવિદ્યા (તર્કશાસ્ત્ર) જેવી મહાવિદ્યાઓમાં નિષ્ણાત હતો.[૧૪] અશોકના ધર્મલેખની બીજી બાજુએ તેના સુદર્શન તળાવના સમારકામને લગતો લેખ કોતરેલો છે, જે ઉચ્ચ શૈલીના સંસ્કૃત ગદ્યનો સુંદર નમૂનો ગણાય છે. આમ તે સંસ્કૃત ભાષાનો પોષક હતો. આ ઉપરાંત મર્દાનગીની રમતો, શસ્ત્રવિદ્યા, ઘોડાની રમતો અને પરીક્ષા, હાથી અને રથ વગેરેની વ્યવસ્થા, કુસ્તી અને પટાબાજીનો નિષ્ણાત હતો.[૧૫] તેના સિક્કા ચાંદીના અને સોનાના છે. તેણે મહાક્ષત્રપ તરીકે સિક્કાઓ પડાવ્યા હતા. પરંતુ એના પરનું લખાણ પ્રાકૃત-સંસ્કૃત મિશ્ર ભાષામાં છે.

* **ધર્મનિષ્ઠ રાજવી તરીકે** (ધર્મનીતિ) – તે ધર્માનુરાગી હતો. તે યુદ્ધો સિવાય અન્યત્ર પુરુષવધ કરતો નહિ.

---

૧૩. સ્વ. શ્રી જોટે : ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ ખંડ ૧. પૃ. ૫૩.
૧૪. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી : ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ, પૃ. ૬૩.
૧૫. સ્વ. શ્રી જોટે : ગૂ. સા. ઈ. ખંડ ૧., પૃ. ૪૩.

ઇતિહાસમાં સ્થાન – આ પ્રમાણે રુદ્રદામન એ ઉજ્જૈનના ચષ્ટન વંશનો પ્રથમ મહાન રાજવી હતો.[૧૬] તે મહાન યોદ્ધો અને પરાક્રમી વિજેતા હતા. તે સફળ અને યોગ્ય વહીવટકર્તા હતો. તે સાહિત્યકલાનો પોષક પણ હતો. તે ધર્માનુરાગી હતો. તે સ્વેચ્છાચારી શાસક ન હતો પરંતુ એક પ્રજાવત્સલ રાજા હતો. તે હંમેશાં પોતાની પ્રજાનું હિત પ્રથમ જોતો, જે ગિરનારના સુદર્શન તળાવની યોજના પરથી સ્પષ્ટ થાય છે.[૧૭] તેનું શરીર સુંદર અને ઘાટીલું હોવાથી ઘણી રાજકુમારીઓએ તેને પતિ તરીકે પસંદ કર્યો હતો. ટૂંકમાં ગિરનારના લેખે તેને ઇતિહાસમાં અમર કર્યો.

૫. કુશાણ વંશ

(૧) કુશાણ વંશનો રાજકીય ઇતિહાસ :

અ. પ્રાસ્તાવિક – મૌર્ય સામ્રાજ્યના પતન બાદ ભારતની છિન્નભિન્ન રાજકીય પરિસ્થિતિનો લાભ લઈને વાયવ્ય સરહદના માર્ગોથી પરદેશી પ્રજાના હુમલાઓ શરૂ થયા. આ હુમલાખોરોમાં યવનો (ગ્રીક), શક, પહ્લવો, કુશાણો વગેરે મુખ્ય હતા. સમય જતાં તેઓ હિન્દુ સમાજના વિવિધ સ્તરોમાં દૂધમાં સાકર ભળી જાય તેમ ભળી ગયા.

બ. કુશાણો કોણ હતા? તેમનું સ્થળાંતર – કુશાણો મૂળ તો ચીનની વાયવ્ય સરહદની બાજુમાં આવેલ કાનસૂ–પ્રાંતમાં રહેતી **યુહે–ચી** (Yueh–Chi) જાતિના હતા. ચીની સમ્રાટ **શી–હુઆંગ–ટી** (ઈ. સ. પૂ. ૨૪૬–૨૧૦) એ સંરક્ષણાત્મક દિવાલ બાંધ્યા બાદ પશ્ચિમ તરફ આગળ વધી રહેલાં હુણોનાં ધાડાંએ ઈ. સ. પૂર્વે ૧૬૫ ની આસપાસ યુહે–ચી જાતિને તેમના મૂળપ્રદેશમાંથી સ્થળાંતર કરવાની ફરજ પાડી, એટલે તેઓ પશ્ચિમ તરફ આગળ વધ્યા. તેમના પશ્ચિમ તરફના પ્રયાણ–સ્થળાંતર–દરમિયાન તેઓ **ઈલી** (Ile) નદીની ખીણમાં રહેતી **વુ–સુન** (Wu–Sun) જાતિના સંઘર્ષમાં આવ્યા અને આ સંઘર્ષમાં વુ–સુન જાતિનો સરદાર **નાન–તાઉ–મી** (Nan–Teou–Mi) માર્યો ગયો. અહીં યુહે–ચી જાતિ બે શાખાઓમાં વહેંચાઈ ગઈ: **સિઆવો–યુહે–ચી** (Siao Yueh Chi) નામની નાની શાખાએ તિબેટમાં જઈને વસવાટ કર્યો, અને **તા–યુહે–ચી** (Ta Yueh Chi) નામની મોટી કે મુખ્ય શાખાઓ પશ્ચિમ તરફ આગળ વધી, અને સિર નદીના પ્રદેશમાં વસતા શકોને

૧૬. H. H. Dodwell : C. S. H. I., P. 66.
૧૭. How Solicitous he was indeed for the Welfare of his People !

હાંકી કાઢીને ત્યાં વસવાટ કર્યો, પરંતુ પચાવી પાડેલા આ પ્રદેશમાં તેઓ લાંબો સમય ઠરીઠામ રહી શકયા નહીં, કારણ કે વુ-સુન જાતિના માર્યા ગયેલા સરદારના પુત્ર **કવેન-મો** (Kwen Mo) એ હુણોની મદદથી તેમના પર ફરીથી આક્રમણ કરીને તેમને (તા-યુહે-ચી જાતિને) સિર દરિયામાંથી હાંકી કાઢયા (ઈ. સ. પૂ. ૧૪૦). ત્યાંથી તેઓ ઈરાન, અફઘાનિસ્તાન તરફ આગળ વધ્યા અને ઓકસસ નદીની દક્ષિણે બલ્ખ (બેકટ્રીયા) ના પ્રદેશમાં વસ્યા. અહીં તા-યુહે-ચી જાતિ પાંચ શાખાઓમાં વહેંચાઈ ગઈ[૧૭-૧] અને દરેક શાખાએ પોતાનું સ્વતંત્ર્ય રાજ્ય સ્થાપ્યું. આમાંની એક શાખા તે કુશાણ, જેને ભારતીય સાહિત્યમાં **'ઋષિકો'** તરીકે વર્ણવવામાં આવ્યા છે.

ક. કુશાણ વંશનો રાજકીય ઇતિહાસ :

૧. કુજુલ કડફિસીસ – ઈ. સ. ના પ્રારંભમાં કુશાણ જાતિમાં **વાંગ** નામે વીર પુરુષ થયો. આ જ વીરપુરુષ તે સરદાર કુષાણ અને વિજેતા કુજુલ કડફિસીસ હતો. તે કુશાણવંશનો પ્રથમ રાજવી હતો, જેણે યુહે-ચી જાતિની પાંચેય શાખાઓને એકત્રિત કરીને પોતાની શાખાના નામ પરથી ' કુશાણ રાજ્ય ' સ્થાપ્યું.

તેણે કાબુલની ખીણપ્રદેશમાં શાસન કરતા **હર્મિયસ** નામના છેલ્લા હિંદુ-ગ્રીક રાજવીને હરાવીને (ઈ. સ. ૨૫) કાબુલ, કંદહાર અને વાયવ્ય સરહદના પ્રદેશો મેળવ્યા. તેણે ગાંધાર (કી-પીન) જીત્યું અને શક-પહ્લવોને પણ પરાજય આપ્યો. આમ તેણે ભારતમાં કુશાણ સામ્રાજ્યનો પાયો નાખ્યો.

તે પોતે બૌદ્ધધર્મી હતો. તેણે મહારાજા, દેવપૂત્ર, સત્યધર્મસ્થિત એવાં બિરુદો ધારણ કર્યાં, જે સિદ્ધ કરે છે કે તેણે હિન્દુ સંસ્કૃતિ અને ધર્મને ઝડપથી અપનાવી લીધાં હતાં. તે ૮૦ વર્ષની ઉંમરે ઈ. સ. ૬૫માં મૃત્યુ પામ્યો.

(૨) વીમકડફિસીસ : કુજુલના અવસાન બાદ તેનો પુત્ર વીમકડફિસીસ (કડફિસસ બીજો : ઈ. સ. ૬૫-૭૫) ગાદીએ આવ્યો. તેણે પિતાના અધૂરા કાર્યને પૂરું કરવાની શરૂઆત કરી. તેણે પંજાબ જીતીને છેક બનારસ સુધી પોતાના રાજ્યની સરહદ વિસ્તારી. ડૉ. **સ્મીથ**ના મતે ચીન સાથેના યુદ્ધમાં તેની હાર થતાં તેણે ચીનના રાજવીને ખંડણી આપવાનું કબુલ્યું. તેના સિકકા પરની નંદી, શિવ, ત્રિશુળ વગેરેની આકૃતિ પરથી તે શૈવધર્મી હશે એમ કહી

૧૭-૧. પાંચેય શાખાઓના નામો માટે જુઓ ડૉ. रमाशंकर त्रिपाठी : प्राचीन भारतका इतिहास, पृ. १६९.

શકાય. તેના સમયમાં રોમ અને અન્ય દેશો સાથે વ્યાપારી સંબંધો વિકસ્યા હતા.

(૩) કનિષ્ક : (ઈ. સ. ૭૮–૧૦૨) વીમ કડફિસીસ પછી કનિષ્ક ગાદીએ આવ્યો.[૧૮] તે કુશાન વંશનો સૌથી પ્રતાપી સમ્રાટ હતો.

તેણે કાશ્મીર જીતી લઈને 'કનિષ્કપુર' નામે શહેર વસાવ્યું. તેણે મગધને પોતાના આધિપત્ય નીચે મૂકયું અને ત્યાંના વહીવટ માટે 'વનસ્પર' નામના ક્ષત્રપની નિમણૂક કરી. તેણે અયોધ્યા (સાકેત) જીત્યું તેમજ ચીનના સમ્રાટ પાસેથી કાશ્ગર, ખોતાન, યારકંદ વગેરે પ્રદેશો જીતી લીધા અને દેવપુત્રનો ઈલકાબ ધારણ કર્યો. તેણે વહીવટી વ્યવસ્થા માટે પ્રાંતોમાં ક્ષત્રપો (સુબા)ની નિમણૂક કરી અને પોતે રાજધાની પુરુષપુર (પેશાવર)માંથી વિશાળ સામ્રાજ્યની દેખરેખ રાખતો. બૌદ્ધસાધુ **અશ્વઘોષ**ના ઉપદેશથી કનિષ્ક એના જીવનના ઉત્તરાર્ધમાં બૌદ્ધસાધુ થઈ ગયો હતો. તેણે બૌદ્ધધર્મમાં પ્રવેશેલા મતમતાંતરોને દૂર કરવા **પાર્શ્વ**ની સલાહથી કાશ્મીરમાં આવેલ **'કુંલહિકા વિહાર'**માં **વસુમિત્ર**ના પ્રમુખપદે ચોથી બૌદ્ધ પરિષદ બોલાવી, જેમાં બૌદ્ધધર્મ અંગે ચર્ચા વિચારણા થઈ અને બૌદ્ધધર્મના હિનયાન અને મહાયાન એવા બે અલગ પંથો પડયા. કનિષ્ક મહાયાન સંપ્રદાયનો અનુયાયી બન્યો. તેણે અશોકની જેમ બૌદ્ધ ધર્મના પ્રચાર માટે ખૂબ પ્રયાસો કર્યા, છતાં તે અન્ય ધર્મો પ્રત્યે પણ સહિષ્ણુ હતો. તે સાહિત્ય અને કલાનો ઉપાસક હતો. અશ્વઘોષ, નાગાર્જુન, વસુમિત્ર, ચરક, માઠર વગેરે તેના રાજદરબારને શોભાવતા. તે મૂર્તિવિધાનની ગાંધાર-શૈલીનો આશ્રયદાતા હતો. તેણે પેશાવરમાં ૪૦૦ ફૂટ ઊંચો અને ૧૩ મજલાવાળો લાકડાનો સ્તૂપ ઊભો કરાવ્યો હતો. તે શકસંવતનો પ્રવર્તક હતો એવું વિદ્વાનો સ્વીકારે છે. તે આશરે ઈ. સ. ૧૦૨ માં મરણ પામ્યો.

૪. કનિષ્ક પછીના રાજાઓ – કનિષ્ક પછી તેનો પુત્ર વસિષ્ક (૧૦૨–૧૦૬), અને ત્યારબાદ તેનો ભાઈ હવિષ્ક (૧૦૬–૧૩૮) ગાદીએ આવ્યો. તેનો રાજ્યવિસ્તાર કાબુલ, કાશ્મીર અને મથુરા સુધી હતો. તે બૌદ્ધધર્મી હતો. તેણે કાશ્મીરમાં હવિષ્કપુર નામનું નગર વસાવ્યું. હવિષ્કની

---

૧૮. વીમકડફિસીસ પછી સોટર મેગાસ (Soter Megos) નામની કોઈ અજ્ઞાત વ્યકિતએ થોડા સમય શાસન કર્યું. આ મતના સમર્થનમાં સર જહોન માર્શલ જણાવે છે કે તક્ષશિલામાંથી ખોદકામ કરતાં આ નામનો સિક્કો મળ્યો છે.

સાથે વસિષ્કનો પુત્ર કનિષ્ક બીજો પણ રાજ્ય કરતો હતો.[૧૯] કુશાણવંશનો છેલ્લો પ્રતાપી રાજવી વાસુદેવ ૧ લો હતો (ઈ. સ. ૧૪૫–૧૭૬). તે પોતે શૈવધર્મી (કે વૈષ્ણવધર્મી) હતો.

૫. કુશાણવંશની પડતી – વાસુદેવ ૧ લા પછીનો કુશાણવંશનો રાજકીય ઇતિહાસ અસ્પષ્ટ છે. વાસુદેવ ૧લા પછી કુશાણસત્તાની પડતીની શરૂઆત થઈ, અને સામ્રાજ્યના ભાગલા પડી ગયા. ઈરાનના સેસેનિયન વંશના રાજવીઓએ તેમનો વાયવ્ય સરહદનો કેટલોક ભાગ જીતી લીધો, મથુરામાંથી કુશાનોને હાંકી કાઢીને નાગ–ભારશિવ લોકોએ ત્યાં સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું, તથા પશ્ચિમ અને મધ્યહિંદમાં શક–ક્ષત્રપો (કુશાણોના તાબા હેઠળના સુબાઓ) સ્વતંત્ર બન્યા.

૬. ઉપસંહાર – આ પ્રમાણે કુશાણવંશના ઉપરોક્ત રાજકીય ઇતિહાસ પરથી એ વસ્તુ ફલિત થાય છે કે આ વંશમાં 'કનિષ્ક' નામનો સૌથી પ્રતાપી રાજવી થઈ ગયો, જેણે કુશાણવંશને ઇતિહાસમાં અમર કરી દીધો, પરંતુ તેના પછી ગાદીએ આવેલા તેના વારસદારો નિર્બળ હોવાથી કુશાણવંશનું ઝડપથી પતન થયું. આ પતનમાં ગુપ્તવંશ, ઈરાનના સેસેનિયન-વંશ, નાગભારશિવવંશ, ચીન અને પાર્થિયા સાથે થયેલ યુદ્ધો, યૌધેય, આર્જુનાયન, અને માલવ જાતિઓ વગેરે પરિબળોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

(૨) કનિષ્ક : કારકિર્દી અને સિદ્ધિઓ

अ. પ્રાસ્તાવિક – કનિષ્ક તા–યુ૬–ચી જાતિની કુશાણ શાખાનો સૌથી પ્રતાપી રાજવી હતો. તે ચંદ્રગુપ્ત મૌર્યની જેમ મહાન વિજેતા તેમજ સામ્રાજ્ય નિર્માતા હતો અને અશોકની જેમ ઉત્સાહી ધર્મપ્રચારક હતો. ડૉ. આર. પી. ત્રિપાઠીએ યોગ્ય જ કહ્યું છે કે તેનામાં ચંદ્રગુપ્તનું રણ–કૌશલ્ય અને અશોકની ધર્મધગશ એ બેનો સમન્વય થયો હતો. તે ઈ. સ. ૭૮માં

---

૧૯. પરંતુ ડૉ. મુકર્જીના મતે કનિષ્ક બીજો તો હવિષ્કે જીતેલા પ્રાંતનો ગવર્નર (ઉપરાજા) હતો. જુઓ, H. H. Dodwell : C. S. H. I., p. 62.

ગાદીએ આવ્યો.[20]

જ. કનિષ્કની કારકિર્દી અને સિદ્ધિઓ –

(ક) જીતો (વિજેતા તરીકે) : તે મહાન વિજેતા હતો.

(૧) કાશ્મીર પર આક્રમણ – ડૉ. સ્મીથના મતે તેણે શાસનકાળના પ્રારંભમાં કાશ્મીર જીતીને કુશાણ સામ્રાજ્ય સાથે જોડી દીધું. તેના કાશ્મીરના વિજયનો પ્રમાણભૂત પૂરાવો એ છે કે આ પ્રદેશ જીત્યા બાદ તેણે ત્યાં 'કનિષ્ક પુર' નામનું શહેર વસાવ્યું હતું અને ચોથી બૌદ્ધ પરિષદ કાશ્મીરમાં બોલાવી હતી. કલ્હણની 'રાજતરંગિ'ની માં કનિષ્કના કાશ્મીર પરના શાસનનું વર્ણન આવે છે.

(૨) મગધની સાથે યુદ્ધ – તેણે મગધ સાથે યુદ્ધ કરીને તેને જીતી લીધું. બૌદ્ધકથાઓ પરથી જણાય છે કે તેણે પાટલીપુત્ર જીત્યુ હતું, કારણકે તે ત્યાંથી બૌદ્ધસાધુ અશ્વઘોષ અને બુદ્ધનું કમંડળ પોતાની સાથે લાવ્યો હતો. વળી તેના નામના સિકકાઓ મોટી સંખ્યામાં ગાઝીપુર અને ગોરખપુરમાંથી મળી આવ્યા છે. જો આ પ્રદેશો તેના આધિપત્ય હેઠળ ન હોત તો આટલી મોટી સંખ્યામાં ત્યાંથી આવા સિકકાઓ ન મળત.

(૩) સાકેતની જીત – તેણે સાકેત (અયોધ્યા) જીત્યું. આ જીતની માહિતી ચીન અને તિબેટની અનુશ્રુતિઓમાંથી મળે છે.[21]

(૪) પાર્થિયન રાજા સાથે યુદ્ધ – ડૉ. સ્મીથ લખે છે કે તેણે પાર્થિયાના 'ખુશરૂ' નામના મુર્ખ રાજાને હરાવ્યો હતો.

(૫) શક-ક્ષત્રપોની સાથે યુદ્ધ – તેણે ઉજ્જૈનના શક-ક્ષત્રપો સાથે યુદ્ધ કર્યું હતું અને 'ચષ્ટન' નામના ક્ષત્રપરાજવીને હરાવીને માળવાનો પ્રદેશ મેળવ્યો. ત્યાંથી તેણે મથુરાના શક-ક્ષત્રપોને પણ હરાવ્યા.

---

૨૦. કનિષ્કના રાજ્યારોહણની તિથિ અંગે વિદ્વાનોમાં નીચે પ્રમાણે મતભેદો પ્રવર્તે છે.

૧. ફ્લીટ–ઈ. સ પૂ. ૫૬ ૪. ડૉ. ભાંડારકર–ઈ. સ. ૨૭૮
૨. ડૉ સ્મીથ–ઈ. સ. ૧૨૦ ૫. જહોન માર્શલ–ઈ. સ. ૧૨૫
૩. ડૉ. મજુમદાર–ઈ. સ. ૨૪૮ ૬. પ્રા. રેપ્સન–ઈ. સ. ૭૮
૭. ડૉ. રાયચૌધરી–ઈ. સ. ૭૮

૨૧. મગધ અને સાકેતની જીત અંગે ડૉ. ડી. સી. સરકારનું મંતવ્ય જુઓ. Age of Imperial unity. P. 142.

(ઙ) ચીન સાથે યુદ્ધ – તેણે પોતાના સામ્રાજ્યની સરહદ પર આવેલ ચીનના યારકંદ, કાશ્ગર, ખોતાન વગેરે પ્રદેશો જીતી લીધા. તેણે દેવપુત્રનો ઇલ્કાબ (જે ચીની શહેનશાહો ધારણ કરતા) ધારણ કર્યો અને ચીની સમ્રાટ સાથે પોતાના સમાન દરજ્જાની પ્રતીતિ કરાવવા ચીની રાજકુમારીના હાથની માંગણી કરી, પરિણામે તેને ચીની શહેનશાહ હો–તી (ઇ. સ. ૮૫–૧૦૫) સાથે સંઘર્ષ થયો. મધ્ય એશિયાના આ પ્રદેશો પાછા મેળવવા હો–તીએ પોતાના સેનાપતિ **પાન–ચાઓ**ને મોકલ્યો. કનિષ્કે પણ પોતાના સેનાપતિ **સી**ને ૭૦ હજારના સૈન્ય સાથે પાન–ચાઓ સામે રવાના કર્યો. પાન–ચાઓએ કનિષ્કના સૈન્યને હરાવ્યું અને ચીને ગુમાવેલા પ્રદેશો પાછા મેળવ્યા. પરંતુ દંતકથા પ્રમાણે પાન–ચાઓના મૃત્યુ પછી તેણે પામીરનો મુલક ઓળંગીને ચીન પર આક્રમણ કર્યું અને ચીનના સેનાપતિ પાન–યાંગ (પાન–ચાઓનો પુત્ર)ને હાર આપી અને સંધિ મુજબ ચીને કનિષ્કને કાશ્ગર, ખોતાન, યારકદ વગર પ્રદશો પાછા સોપ્યા અને તેણે 'દેવપુત્ર'નો ઇલ્કાબ ધારણ કર્યો.

આમ તેની લશ્કરી કારકિર્દી જોતાં સ્પષ્ટ થાય છે કે તે મહાન વિજેતા અને વિશાળ સામ્રાજ્યનો સર્જક હતો. આવડા વિશાળ સામ્રાજ્ય પર શાસન કરનાર તે પહેલો પરદેશી શાસક હતો. તેના સમયમાં કુશાણસામ્રાજ્ય તેની ચરમ–સીમાએ પહોંચ્યું હતું.[૨૨] તેની આવી યશસ્વી લશ્કરી કારકિર્દીથી પ્રેરાઈને ડો. **આર. પી. ત્રિપાઠીએ** યોગ્ય જ કહ્યું છે કે કનિષ્કમાં ચંદ્રગુપ્ત મૌર્યની લશ્કરી કાર્યદક્ષતાનાં દર્શન થાય છે.

(ખ) વહીવટીતંત્ર (વહીવટકર્તા તરીકે) : કનિષ્કના શાસનતંત્ર વિષે સારનાથના શિલાલેખ પરથી માલુમ પડે છે કે તેણે ક્ષત્રપ–પ્રણાલિના આધારે પોતાના સામ્રાજ્યની શાસનવ્યવસ્થા રચી હતી. તેણે પોતાના વિશાળ સામ્રાજ્ય પર દેખરેખ રાખવા માટે વહીવટી સુબાઓ–ક્ષત્રપો–ની નિમણૂક કરી હતી. હિંદના વાયવ્ય ભાગ પર દંડનાયક તરીકે **લલ** અને મહાક્ષત્રપો તરીકે **વેશ્પાશી** અને **લિયાક** નીમ્યા હતા. પૂર્વ હિંદમાં મહાક્ષત્રપ તરીકે **ખરપલ્લાન** અને ક્ષત્રપ તરીકે **વનસ્પર** હતા. કનિષ્ક પોતે રાજધાની પુરુષપુર (પેશાવર)માંથી વિશાળ સામ્રાજ્ય પર ધ્યાન રાખતો. સામ્રાજ્યના અન્ય પ્રાંતોમાં પણ આવી જ ક્ષત્રપ–પ્રણાલિના આધારે શાસન ચાલતું હશે એવું અનુમાન થઈ શકે.

---

૨૨. E. J. Rapson: Ancient India., P. 77.

(ગ) **ધર્મ** (બૌદ્ધ ધર્મનો મહાન સેવક): કનિષ્ક માત્ર મહાન વિજેતા કે સફળ વહીવટકર્તા જ ન હતો, પરંતુ તે અશોકની જેમ બૌદ્ધધર્મનો ચુસ્ત અનુયાયી અને ઉત્સાહી પ્રચારક પણ હતો.

તેના શરૂઆતના સિક્કાઓ પરથી જણાય છે કે તે પહેલાં સૂર્ય, અગ્નિ, વગેરેનો પૂજારી હતો, તેથી તે પારસી હોવાનું મનાય છે. બૌદ્ધસાધુ અશ્વઘોષના ઉપદેશથી પ્રેરાઈને તે તેના જીવનના ઉત્તરાર્ધમાં બૌદ્ધ થઈ ગયો હતો.

બૌદ્ધધર્મ અંગીકાર પછી તેણે તેના પ્રચાર માટે સામ્રાજ્યભરમાં (૧) બૌદ્ધ મઠો અને વિહારો બંધાવ્યા. તેણે પોતાની રાજધાની પુરુષપુર (પેશાવર) માં બૌદ્ધધર્મની સ્મૃતિ ચિહ્નરૂપે ૪૦૦ ફૂટ ઊંચો અને ૧૩ મજલાવાળો લાકડાનો સ્તૂપ બંધાવ્યો. (૨) તેણે ચીન, તિબેટ, જાપાન વગેરે દેશોમાં બૌદ્ધધર્મના પ્રચાર અર્થે ધર્મપ્રચારકો મોકલ્યા. (૩) તેણે બૌદ્ધ આચાર્ય પાર્શ્વની સલાહથી વસુમિત્રના અધ્યક્ષપદે કાશ્મીરમાં આવેલ કુંડલિકા વિહારમાં ચોથી બૌદ્ધ-પરિષદ બોલાવી, જેમાં ૫૦૦ બૌદ્ધ સાધુઓ આવેલા. આ પરિષદમાં બૌદ્ધધર્મ અંગે ચર્ચા વિચારણા થઈ, અને બૌદ્ધધર્મના ગ્રંથોનું સંકલન કરવામાં આવ્યું, જેના પરિપાક રૂપે **'મહાવિભાષા'** નામનો ગ્રંથ સંસ્કૃતમાં તૈયાર કરવામાં આવ્યો. આ પરિષદના અંતે બૌદ્ધધર્મ હિનયાન અને મહાયાન એવી બે શાખાઓમાં વહેંચાઈ ગયો. કનિષ્ક મહાયાન શાખાનો પ્રણેતા હતો. આમ બૌદ્ધધર્મના પ્રચાર અર્થે તેણે જે કાંઈ કર્યું તેથી તેને **"બીજો અશોક"** (લગભગ બીજો અશોક) કહેવામાં આવે છે. તેની આ બૌદ્ધધર્મ પ્રત્યેની સેવાઓને લીધે ડૉ. ત્રિપાઠી જણાવે છે કે કનિષ્કમાં અશોકની ધર્મ-ધગશની ઝાંખી થાય છે. આમ તેનો શાસનકાળ ખાસ કરીને બૌદ્ધધર્મના ઇતિહાસમાં મહત્ત્વનું સ્થાન ભોગવે છે.

તે ચુસ્ત બૌદ્ધધર્મી હોવા છતાં તે અન્યધર્મો પ્રત્યે પણ સહિષ્ણુ હતો. તેના સિક્કાઓ ઉપર બુદ્ધ ઉપરાંત શિવ, સ્કંદ જેવા ભારતીય દેવો તેમજ ઈરાની અને ગ્રીક દેવોની પણ આકૃતિઓ નજરે પડે છે, જે હકીકત તેના ઉદાર અને સહિષ્ણુ ધર્મભાવનાની સૂચક છે.

(ઘ) **સાહિત્ય અને કલા** (સાહિત્યકલાનો પોષક): કનિષ્ક સાહિત્ય અને કલાનો પણ પોષક હતો. તેના દરબારમાં **વસુમિત્ર, અશ્વઘોષ,** જેવા બૌદ્ધ વિદ્વાનો હતા. મહાયાન સંપ્રદાયના પ્રણેતા **નાગાર્જુન** તથા આયુર્વેદાચાર્ય **ચરક** પણ તેના રાજદરબારને શોભાવતા હતા. **સંઘરક્ષ** તેનો ખાનગી મંત્રી હતો અને **માઠર** તેનો રાજમંત્રી હતો. **એજીસીલસ** તેનો ગ્રીક ઇજનેર

હતો. આ બધી વિભૂતિઓ રાજ્યની ધાર્મિક, સાહિત્યિક, વૈજ્ઞાનિક, દાર્શનિક અને કલાત્મક પ્રવૃત્તિઓના ઘડતરમાં આગળ પડતો ભાગ ભજવતી હતી.[૨૩]

તે સ્થાપત્યકલાનો પણ પુજારી હતો. ડૉ. સ્મીથ જણાવે છે તેમ તેણે અશોકની જેમ અનેક બૌદ્ધ સ્તૂપો બંધાવ્યા. તેણે પુરુષપુરમાં બૌદ્ધમઠો અને વિહારો બંધાવ્યા. તેણે પુરુષપુરમાં ૪૦૦ ફૂટ ઊંચો બૌદ્ધસ્તૂપ બંધાવ્યો. તેણે કાશ્મીરમાં કનિષ્કપુર શહેર વસાવ્યું. તે મૂર્તિ વિધાનની "ગાંધાર-શૈલી" નો આશ્રયદાતા હતો. તેના સમયમાં મથુરા એ કલાનું મહાન કેન્દ્ર હતું. તેણે તેણે મોટી સંખ્યામાં સ્તૂપો, વિહારો, મઠો અને મૂર્તિઓ બનાવીને મથુરા શહેરને ખૂબ શણગાર્યું. મથુરા જિલ્લાના 'માટ' નામના સ્થળેથી ધડ વિનાની કનિષ્કની પ્રતિમા મળી આવી છે, જે હાલમાં મથુરાના સંગ્રહસ્થાનમાં સુરક્ષિત છે. આ રીતે તેના રાજ્યઅમલમાં શિલ્પકલાને પણ પ્રોત્સાહન મળ્યું.

(થ) શક સંવત (શક સંવતનો પ્રવર્તક) : કનિષ્કનો શાસનકાળ ઈ. સ. ૭૮ થી શરૂ થાય છે. પરિણામે તેણે પોતાના રાજ્યારોહણના વર્ષની યાદમાં આ સંવતનો પ્રારંભ કર્યો હોવાનું સંભવિત છે. વળી તેના પછીના તેના અનુગામીઓએ પણ આ સંવત ચાલુ રાખ્યો હતો. આમ કનિષ્કને શક-સંવતનો પ્રવર્તક (Fouuder) માનવામાં આવે છે.

क. સિદ્ધિઓનું મૂલ્યાંકન (ઇતિહાસમાં કનિષ્કનું સ્થાન) : કનિષ્કની સમગ્ર કારકિર્દી જોતાં જણાય છે કે, તે પ્રાચીન ભારતના ઇતિહાસમાં ખૂબ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તેનો રાજ્ય અમલ માત્ર ભારતના જ નહીં, પરંતુ એશિયાના ઇતિહાસમાં પણ અગત્યનું સ્થાન ધરાવે છે. (ડૉ. શ્રી વાસ્તવ) તે કુશાણરાજવીઓમાં તો સૌથી નોંધપાત્ર અને પ્રતાપી રાજવી હતો.

તે વીર યોદ્ધો અને મહાન વિજેતા હતો. તેનું સામ્રાજ્ય પૂર્વમાં બનારસથી માંડીને પશ્ચિમમાં બેક્ટ્રીયા સુધી અને દક્ષિણમાં ઉજ્જૈનથી માંડીને છેક ઉત્તરમાં ચીનના કાસ્ગર પ્રાંત સુધી વિસ્તરેલું હતું. આમ તે મહાન સામ્રાજ્યનો સર્જક હતો. (મહાનવિજેતા.)

તે મહાન વિજેતા ઉપરાંત સફળ શાસક પણ હતો. તેના રાજ્યામલ દરમિયાન એક પણ બળવો ફાટી નીકળ્યો ન હતો. એ તેની કુશળ શાસનનીતિ (રાજનીતિ)નું જ પરિણામ હતું. આવા સુદૃઢ વહીવટીતંત્રને લીધે તેના મૃત્યુ પછી પણ કુશાણ સામ્રાજ્ય છિન્નભિન્ન થયું ન હતું. આથી જ તે 'કુશાણ વંશનો અકબર' કહેવાય છે. (સફળ શાસક).

---

૨૩. Dr. Raychaudhari : P. H. A. I., P. 398.

પરંતુ ઇતિહાસમાં તેને મળેલું મહત્ત્વનું સ્થાન તેના યશસ્વી વિજયો અને કુશળ શાસનવ્યવસ્થાને જેટલું આભારી છે તેનાથી વધુ તો તેણે બૌદ્ધધર્મ પ્રત્યે બજાવેલી સેવાઓને આભારી છે.[૨૪] એક પરદેશી હોવા છતાં પણ તે ભારતીય સંસ્કૃતિથી એટલો બધો પ્રભાવિત થઈ ગયો કે તે પોતે જ બૌધ્ધધર્મનો સંરક્ષક અને પ્રચારક બની ગયો. તેને બૌદ્ધધર્મના મહાયાન સંપ્રદાયનો આશ્રયદાતા કહેવામાં આવે છે. તેના પ્રયાસોથી બૌદ્ધધર્મ તિબેટ, જાપાન, ચીન વગેરે દેશોમાં ફેલાયો. આ પ્રમાણે તેની બૌદ્ધધર્મ પ્રત્યેની સેવાઓને લીધે તે બૌદ્ધ ધર્મના ઇતિહાસમાં **'બીજા અશોક'** તરીકે ઓળખાય છે. જો કે બૌદ્ધ ધર્મી હોવા છતાં તેણે બીજા ધર્મો પ્રત્યે પણ સહિષ્ણુતા દર્શાવી હતી. (ધર્મ સહિષ્ણુ રાજવી.)

તે વિદ્યા–કલાનો પણ પોષક હતો, તેથી તો તેની તુલના **મહંમદ ગઝની** સાથે કરવામાં આવે છે. ગઝનીની જેમ તે તેના શાસનકાળ દરમિયાન સતત યુદ્ધોમાં રોકાયેલ રહ્યો હોવા છતાં પણ તેણે સાથોસાથ સાહિત્ય અને કલાને પણ ઉત્તેજન આપવામાં પાછી પાની કરી નથી. **અશ્વઘોષ, વસુમિત્ર, નાગાર્જુન** જેવા બૌદ્ધ વિદ્વાનો તેના રાજદરબારને શોભાવતા.[૨૫] તે ગાંધાર• કલાનો આશ્રયદાતા હતો. આ કલા પર આધારિત બુદ્ધ ભગવાનની મૂર્તિઓ આ યુગની ઉત્તમ શિલ્પકલાનો પરિચય કરાવે છે, જેનાથી કનિષ્કની કલા–પ્રિયતાની પણ ઝાંખી થાય છે. તેને શક–સંવતનો પ્રવર્તક પણ માનવામાં આવે છે.

આમ કનિષ્ક એક મહાન વિજેતા, સફળ વહીવટકર્તા, બૌદ્ધધર્મનો સંરક્ષક, સાહિત્યકલાનો પોષક અને શકસંવતનો પ્રવર્તક હતો. ટૂંકમાં તેણે પોતાના રાજ્ય અમલ દરમ્યાન કુશાનવંશને ઇતિહાસમાં અમર કરી દીધો. એમ કહેવાય છે કે તેની યુદ્ધનીતિથી કંટાળી ગયેલ એક સૈનિકે કનિષ્કનું ખૂન કર્યું હતું.

(૩) કનિષ્કની ધર્મનીતિ (કનિષ્ક અને બૌદ્ધધર્મ)
અથવા
કનિષ્કની બૌદ્ધધર્મ પ્રત્યેની સેવાઓ.

अ. પ્રાસ્તાવિક : કુશાણ રાજવીઓમાં કનિષ્ક એ ચીનની તા–યુહે–ચી

---

૨૪. Ibid; P. 397.

૨૫ 'Kaniska's court was adorned by a brilliant galaxy of intellectual celebrities and Buddhist leaders.' ડો. આર. પી. ત્રિપાઠી.

જાતિની કુશાણ શાખાનો સૌથી પ્રતાપી રાજવી હતો. તે માત્ર મહાન વિજેતા તેમજ ઉત્તમ વહીવટકર્તા હતો એટલું નહીં, પરંતુ તે મૌર્યસમ્રાટ અશોકની જેમ બૌદ્ધધર્મનો ચુસ્ત અનુયાયી અને સંરક્ષક હતો. તેની બૌદ્ધધર્મ પ્રત્યેની સેવાઓને લીધે બૌદ્ધધર્મીઓ તેને **"બીજો-અશોક"** કહે છે. **ડૉ. રમાશંકર ત્રિપાઠી** જણાવે છે તેમ તેનામાં અશોકની ધર્મધગશની ઝાંખી થાય છે.

બ. કનિષ્કની ધર્મનીતિ :

*** કનિષ્ક અને બૌદ્ધધર્મ :**

૧. બૌદ્ધધર્મનો સ્વીકાર – અશોકની જેમ કનિષ્ક શરૂઆતમાં નિર્દયી અને રકતપિપાસુ રાજવી હતો. તેના શાસનકાળની શરૂઆતના સિક્કાઓ પરથી જણાય છે કે તે પહેલાં સૂર્ય, અગ્નિ, વગેરે દેવોની પૂજા કરતો તેથી તે પારસી (પાર્થિયન) હોવાનું માનવામાં આવતું. તે પણ અશોકની જેમ પાછળથી બૌદ્ધધર્મી બન્યો હતો, પરંતુ તેણે પોતાના પૂર્વજોનો ધર્મત્યજીને બૌદ્ધધર્મ શાથી અંગીકાર કર્યો તે જાણવા મળતું નથી. આ અંગે એટલું જાણવા મળે છે કે તેના મગધના વિજય વખતે તે પાટલીપુત્રમાંથી બૌદ્ધસાધુ અશ્વઘોષને પોતાની સાથે રાજધાની પુરુષપુરમાં લઈ આવ્યો હતો. સંભવ છે કે આ સાધુના પ્રભાવથી અંજાઈ જઈ ને તેણે બૌદ્ધધર્મ સ્વીકાર્યો હોય.

૨. બૌદ્ધધર્મ પ્રત્યેની સેવાઓ – બૌદ્ધધર્મ અંગીકાર પછી તેના પ્રચાર માટે તેણે નીચે મુજબના પ્રયાસો કર્યા.

(i) **બંધાવેલા બૌદ્ધ સ્તૂપો–મઠો** – અશોકની જેમ કનિષ્કે બૌદ્ધ-ધર્મના પ્રચારઅર્થે જૂના બૌદ્ધ મઠો, સ્તૂપો અને વિહારો સમરાવ્યા, નવા બંધાવ્યા, અને બૌદ્ધભિક્ષુકોની આજીવિકા માટે આ મઠો અને વિહારોમાં પૂરતા ધનની જોગવાઈ કરાવી. પોતાની રાજધાની પુરુષપુરમાં તેણે ૪૦૦ ફૂટ ઊંચો અને ૧૩ મજલાવાળો લાકડાનો સ્તૂપ બંધાવ્યો.

(ii) **પરદેશમાં મોકલેલા ધર્મપ્રચારકો** – પરદેશમાં બૌદ્ધધર્મના પ્રચાર અર્થે ધર્મપ્રચારકો મોકલ્યા, જેના પરિણામે ચીન, તિબેટ, બર્મા, જાપાન વગેરે દેશોમાં બૌદ્ધધર્મનો ફેલાવો થયો.

(iii) **ચોથી બૌદ્ધધર્મપરિષદ** – તેણે બૌદ્ધધર્મમાં પ્રવેશેલાં મત-મતાંતરો દૂર કરવાના હેતુથી **પાર્શ્વ**ની સલાહથી કાશ્મીરમાં આવેલ **'કુંડલિકાવિહાર'**માં ચોથી બૌદ્ધપરિષદ બોલાવી, જેમાં ૫૦૦ બૌદ્ધસાધુઓ હાજર રહેલા. આ પરિષદના પ્રમુખપદે વસુમિત્ર અને ઉપપ્રમુખપદે અશ્વઘોષ

હતા.[૨૬] આ પરિષદનું અધિવેશન છ મહિના સુધી ચાલ્યું હતું. તેમાં બૌદ્ધધર્મના વિવાદાસ્પદ સિદ્ધાંતોની ચર્ચા થઈ, અને બૌદ્ધધર્મના ગ્રંથોનું નવેસરથી સંકલન કરવામાં આવ્યું, જેના પરિપાકરૂપે '**મહાવિભાષા**' નામનો ગ્રંથ સંસ્કૃત ભાષામાં તૈયાર કરવામાં આવ્યો, જેને તાંબાના પતરા પર કોતરાવીને સ્તૂપ હેઠળ સીલ કરાવીને દાટી દેવામાં આવેલ છે.[૨૭] આ પરિષદના અંતે બૌદ્ધધર્મના હિનયાન અને મહાયાન એમ બે અલગ પંથો પડી ગયા. કનિષ્કના સિક્કાઓ પરથી જણાય છે કે તે મહાયાન સંપ્રદાયનો અનુયાયી હતો. આ રીતે મહાયાન સંપ્રદાયને રાજ્યાશ્રય મળવાથી તેનો વિશેષ ફેલાવો થયો. આમ આ ધર્મ પરિષદ ઇતિહાસમાં નવા યુગની–મહાયાન સંપ્રદાયના ઉદયના યુગની–શરૂઆત સૂચવે છે.[૨૮]

(iv) **બૌદ્ધધર્મમાં પરિવર્તન–મહાયાન સંપ્રદાયનો ઉદય** – પ્રાચીન બૌદ્ધધર્મ પ્રજામાં અપ્રિય બન્યો હતો, કારણ કે મોટાભાગની પ્રજાથી દેહદમન, તપશ્ચર્યા, ધ્યાન ઇત્યાદિનું પૂર્ણપણે પાલન થઈ શકતું નહીં. પ્રજા તો સાદો પણ રીતરિવાજોથી ભરપુર ધર્મ ઇચ્છતી હતી. પરિણામે પ્રજાએ અને ખાસ કરીને બૌદ્ધસાધુઓએ નાગાર્જુનના નેતૃત્વ નીચે 'ધર્મ સુધારણા આંદોલન' શરૂ કર્યું, અને પ્રજાએ પ્રાચીન હિનયાન સંપ્રદાયને ત્યજી દઈને ભક્તિપ્રધાન એવા મહાયાન સંપ્રદાયનો સ્વીકાર કર્યો. આ રીતે ભક્તિપ્રધાન એવા મહાયાન સંપ્રદાયનો ઉદય થયો. આથી તો અશ્વઘોષને "**બૌદ્ધધર્મના માર્ટિન લ્યૂથર**" કહેવામાં આવે છે. આ પ્રકારના પરિવર્તનથી બૌદ્ધધર્મનો ઝડપથી ફેલાવો થયો. ટૂંકમાં કનિષ્કના સમયમાં બુદ્ધ એક મૃત લોકોત્તર ધર્મોપદેશક મટી જઈને અમર ઉદ્ધારક ઈશ્વર બન્યા.

(v) **મૂર્તિકલા દ્વારા પ્રચાર** – સ્થાપત્યના ઇતિહાસમાં પ્રસિદ્ધ એવી "ગાંધાર શૈલી"નો તે આશ્રયદાતા હતો. તેના સમયથી બૌદ્ધધર્મની

---

૨૬. ડૉ. મુકર્જી અને ડૉ. એ. એલ. શ્રીવાસ્તવના મતે પરિષદના પ્રમુખ પાર્શ્વ હતા.

૨૭. 'બૌદ્ધજ્ઞાનકોષ' તરીકે ઓળખાતો આ ગ્રંથ વિદ્વાનો સુધી ન પહોંચે ત્યાં સુધી આ પરિષદ અને તેની કામગીરી વિષે ચર્ચા કરવી અર્થહીન છે. — Dr. Takakusa.

૨૮. H. G. Rawlinson : India–A Short cultural History p. 96. આ બૌદ્ધપરિષદને રાજકીય મહત્ત્વ આપવાની જરૂર નથી. ડૉ. સ્મીથ.

મહાયાન શાખા (મૂર્તિપૂજકોની શાખા)નો ઉદય થયો, અને તેની સાથે જ બુદ્ધભગવાન અને બોધિસત્ત્વોની મૂર્તિઓ બનાવવાની શરૂઆત થઈ તેમજ તેના સિક્કાઓ પર પણ બુદ્ધની આકૃતિઓ કોતરવામાં આવી. આમ હિંદુધર્મની જેમ બૌદ્ધધર્મના આ મહાયાન સંપ્રદાયમાં બુદ્ધ વગેરેની મૂર્તિઓ થવા લાગી અને આ રીતે મૂર્તિકલા દ્વારા મહાયાન સંપ્રદાય દેશ–વિદેશોમાં પ્રચાર પામ્યો અને તેના અનુયાયીઓની સંખ્યા પણ વધવા લાગી.

આ પ્રમાણે તેની બૌદ્ધધર્મ પ્રત્યેની સેવાઓને લીધે બૌદ્ધધર્મના ઇતિહાસમાં કનિષ્કનો રાજ્યઅમલ મહત્ત્વનું સ્થાન ભોગવે છે.

* **કનિષ્ક અને ધર્મસહિષ્ણુતા** – કનિષ્ક પોતે ચુસ્ત બૌદ્ધધર્મી હોવા છતાં તે બીજા ધર્મો પ્રત્યે પણ સહિષ્ણુ હતો. તેણે રાજધાની પુરુષપુર (પેશાવર)માં બુદ્ધના અવશેષો પર ગ્રીકઇજનેર એજીસીલસની રાહબરી હેઠળ બંધાવેલ એક સ્તૂપ નીચે થોડાં વર્ષો પહેલાં ખોદકામ કરતાં બુદ્ધના અવશેષોવાળી એક કાંસાની પેટી મળી આવી છે. આ પેટી પર બુદ્ધ, બ્રહ્મા, ઇન્દ્ર તથા સૂર્ય અને ચંદ્ર (વચ્ચે ઊભેલા કનિષ્ક)ની આકૃતિઓ અંકિત થયેલી છે. આ હકીકત જ તેની સહિષ્ણુ ધર્મભાવનાની ઝાંખી કરાવે છે. તેના વિશાળ સામ્રાજ્યમાં અનેક ધર્મ પાળતી પ્રજા વસતી હતી. વળી તેના સિક્કાઓ ઉપર બુદ્ધ ઉપરાંત અગ્નિ, સૂર્ય, ચંદ્ર જેવા ઈરાની દેવો, શિવ, સ્કંદ જેવા ભારતીય દેવો અને હેલિયોસ જેવા ગ્રીક દેવોની આકૃતિઓ પણ અંકિત થયેલી જોવા મળે છે. આ સર્વ હકીકત તેની ઉદાર ધર્મભાવનાવી પ્રતીતિ કરાવે છે. તેના સમયમાં બુદ્ધની મૂર્તિઓની સાથે હિન્દુ અને જૈન દેવોની પણ મૂર્તિઓ બનવા લાગી. મથુરામાંથી બૌદ્ધ તેમજ જૈન દેવોની મૂર્તિઓ પણ મળી આવી છે છતાં એ ન ભૂલાવું જોઇએ કે તે ચુસ્ત બૌદ્ધધર્મી હતો અને અશોકની જેમ બૌદ્ધધર્મના ઇતિહાસમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

क. નિષ્કર્ષ – આ છે કનિષ્કની ધર્મનીતિ, જે સહિષ્ણુતાના રંગે રંગાયેલી હતી. તેણે બૌદ્ધધર્મ પ્રત્યે જે સેવાઓ બજાવી તેનાથી તે બૌદ્ધધર્મના ઇતિહાસમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. અને બૌદ્ધધર્મીઓ તેને "બીજા અશોક" તરીકે ઓળખાવે છે. ટૂંકમાં ડૉ. આર. પી. ત્રિપાઠીના મતે તેનામાં અશોકની ધર્મધગશની ઝાંખી થાય છે.

(૪) કનિષ્કની અશોક સાથે તુલના

अ. પ્રાસ્તાવિક–પ્રાચીન ભારતના ઇતિહાસમાં અને ખાસ કરીને તો

બૌદ્ધધર્મના ઇતિહાસમાં અશોક અને કનિષ્ક બંને મહત્ત્વનું સ્થાન ભોગવે છે. અશોક અને કનિષ્કના જીવન અને કાર્યોમાં ઘણી જ સમાનતા નજરે પડે છે. એટલે ઇતિહાસકારો કનિષ્કને 'બીજો અશોક' ગણે છે.

બ. સમાનતાઓ :

(i) બંને જણા તેમના જીવનના પ્રારંભકાળમાં બૌદ્ધધર્મના વિરોધીઓ હતા તથા ઘાતકી અને નિર્દયી હતા. અશોક **શિવનો ભક્ત** હતો. અને કનિષ્ક સૂર્ય–અગ્નિનો પૂજારી હતો, એટલે **પારસી** હતો. પરંતુ બન્નેના જીવનમાં એવી ક્ષણ આવી ગઈ કે બન્નેના આચરણો એકદમ બદલાઈ ગયાં અને તેઓ અહિંસક અને સદાચારી બની ગયા.

(ii) અશોકના આત્માના અવાજે કહ્યું કે, યુદ્ધ કરવું એ પાપ છે, તો બીજી બાજુ કનિષ્કે જો કે યુદ્ધો સદંતર બંધ ન કર્યાં, તો પણ બૌદ્ધધર્મ અપનાવીને તે પવિત્ર બન્યો. અશોકને **કલિંગના** યુદ્ધ પછી બૌધ્ધભિક્ષુક ઉપગુપ્તની પ્રેરણા મળી અને તે કલિંગના વિજય બાદ ધર્માભિમુખ બન્યો, જ્યારે કનિષ્કને **મગધના** યુદ્ધ પછી ત્યાંથી પોતાની સાથે લાવેલ બૌધ્ધભિક્ષુક અશ્વઘોષની પ્રેરણા મળી અને તે બૌદ્ધધર્મનો પ્રચારક બન્યો. આમ આત્માના પુકારે બંનેને કસાઈમાંથી સંત બનાવ્યા.

(iii) બંનેએ બૌદ્ધધર્મના મતભેદો દૂર કરવા બૌદ્ધધર્મ પરિષદો બોલાવી. અશોકે આ માટે **પાટલીપુત્રમાં** આવેલ **'અશોકારામ'** વિહાર ખાતે બૌધ્ધ સાધુ **મોગ્ગલીપુત્ત તિસ્સાના** અધ્યક્ષપદે **ત્રીજી બૌધ્ધધર્મ પરિષદ** બોલાવી, જ્યારે કનિષ્કે આ માટે કાશ્મીરમાં આવેલ **'કુંડલિકાવિહાર'** ખાતે બૌધ્ધસાધુ **વસુમિત્રના** અધ્યક્ષપદે **ચોથી બૌધ્ધધર્મ પરિષદ** બોલાવી.

(iv) આ પરિષદોમાં બૌદ્ધધર્મ અંગે જે ચર્ચા વિચારણા થઈ તેનો સંગ્રહ અશોકના સમયમાં **'કથાવત્થુ'**માં અને કનિષ્કના સમયમાં **'મહાવિભાષા'** નામના ગ્રંથમાં સંગ્રહી રાખવામાં આવ્યો છે.

(v) સમ્રાટ અશોકે બૌધ્ધધર્મને રાજ્યાશ્રય આપ્યો, તેથી તેને બળ મળ્યું હતું તેમ કનિષ્કે બૌધ્ધધર્મના મહાયાન સંપ્રદાયનો અંગીકાર કર્યો. તેથી તેને ઘણું પ્રોત્સાહન મળ્યુ હોય એવો સંભવ છે. આમ બંનએ બૌધ્ધધર્મને "રાજ્યધર્મ" જાહેર કરીને તેના પ્રચાર અર્થે સમગ્ર સરકારી શકિતનો ઉપયોગ કર્યો.

(vi) બંનેએ બૌધ્ધધર્મના પ્રચાર માટે દેશવિદેશમાં ધર્મપ્રચ રકો મોકલ્યા, તેમજ ઠેર ઠેર સ્તૂપો, વિહારો અને શિલાલેખો કોતરાવ્યા. એમ કહેવાય છે કે

અશોકે હિન્દભરમાં ૮૪ હજાર સ્તૂપો બંધાવ્યા, તેણે ધર્મના પ્રચાર અર્થે '**ધર્મમહામાત્રો**' નામના અધિકારીઓની નિમણૂક કરી કનિષ્કે પણ ધર્મના પ્રચાર અર્થે અનેક સ્તૂપો, મઠો વગેરે બંધાવ્યા તેમજ ચીન, તિબેટ, જાપાન વગેરે દેશોમાં ધર્મ પ્રચારકો મોકલ્યા.

(vii) બંને ભવન-નિર્માતા હતા. જેવી રીતે અશોકે પાટલીપુત્રમાં બંધાવેલ રાજમહેલની પાંચમીસદીમાં આવેલ ફાહિયાને પ્રશંસા કરી હતી તેવી રીતે કનિષ્કે પુરુષપુરમાં બંધાવેલ બૌદ્ધ ચૈત્યની ૧૧મી સદીમાં આવેલ અલ-બરૂનીએ પ્રશંસા કરી હતી. અશોકે કાશ્મીરમાં શ્રીનગર અને નેપાળમાં લલિતાપાટન જેવાં નગરો બંધાવ્યાં, તેમ કનિષ્કે પણ કાશ્મીરમાં કનિષ્કપુર શહેર વસાવ્યું.

(viii) કનિષ્કની ધર્મભાવના પણ અશોકની ધર્મભાવના જેવી ઉદાર હતી. અશોક સર્વધર્મ પ્રત્યે સમભાવી હતો, પોતે બૌધ્ધધર્મ પાળતો હોવા છતાં તેની પ્રજા ગમે તે ધર્મ પાળી શકતી કનિષ્ક પણ ચૂસ્ત બૌધ્ધધર્મી હોવા છતાં બીજા ધર્મો પ્રત્યે ઉદાર હતો, તેના સિક્કાઓ ઉપર બુધ્ધ ઉપરાંત હિન્દુ દેવો તેમજ ઈરાની અને ગ્રીક દેવોની આકૃતિઓ પણ જોવા મળે છે, જે દર્શાવે છે કે તે ધર્મસહિષ્ણુ રાજવી હતો.

ક. તફાવત : બન્ને વચ્ચે ધર્મની બાબતમાં ઉપરોકત સમાનતા હોવા છતાં બંને વચ્ચે ધર્મ અને યુધ્ધની બાબતમાં થોડીક ભિન્નતા પણ રહેલી છે.

(i) અશોક બુધ્ધ ભગવાને પ્રબોધેલા સાચા ધર્મનો અનુયાયી હતો, જે ધર્મ પાછળથી 'હિનયાન' નામથી પ્રચલિત બન્યો. જ્યારે કનિષ્ક બૌધ્ધધર્મના 'મહાયાન' પંથનો અનુયાયી હતો. એટલે કે મૂર્તિપૂજાનો હિમાયતી હતો. એ સર્વવિદિત છે કે બુધ્ધ ભગવાન મૂર્તિપૂજાના વિરોધી હતા, પરન્તુ કનિષ્કના સમયમાં બૌધ્ધધર્મમાં વિકૃતી પ્રવેશી, પરિણામે બૌધ્ધધર્મમાં સુધારણા માટે આંદોલન થયું અને તેના હિનયાન અને મહાયાન એવા બે પંથો પડી ગયા તથા મહાયાન સંપ્રદાયનો અધિક પ્રચાર થયો.

(ii) બન્નેની શાંતિની નીતિમાં પણ ભેદ હતો. અશોકે કલિંગના વિજય પછી યુધ્ધ નહીં કરવાની પ્રતિજ્ઞા લીધી, જ્યારે કનિષ્ક તો જીવનનાં અંત સુધી યુધ્ધપિપાસુ રહ્યો હતો, અને તેનું મરણ પણ તેની યુધ્ધ નીતિનું જ પરિણામ હતું.

(iii) કનિષ્ક તો પોતાનું સામ્રાજ્ય અધિકમાત્રામાં વિસ્તૃત કરીને ત્યાં બધે બૌદ્ધધર્મનો પ્રચાર કરવા ઇચ્છતો હતો, જ્યારે અશોક રાજ્ય-ભય દ્વારા નહીં

પરંતુ શાંતિના ઉપાયો દ્વારા લોકોના હૃદય પર રાજ્ય કરવા ઇચ્છતો હતો.

(iv) બન્નેના વ્યક્તિત્વમાં પણ ઘણું અંતર હતું. બૌદ્ધધર્મના અંગીકાર પછી અશોકનું જીવન એકદમ સંતની જેમ સાદું અને પવિત્ર બની ગયું, જ્યારે કનિષ્ક બૌદ્ધધર્મી બન્યો તો ખરો, પરંતુ તે તો હંમેશાં રાજાશાહી ઠાઠમાઠથી જ રહેવાનું પસંદ કરતો. તેને એક સંતનું પદ ન આપી શકાય.

(v) કનિષ્કનો રાજદરબાર વસુમિત્ર, નાગાર્જુન, અશ્વઘોષ, ચરક, માઠર વગેરે વિદ્વાનોથી શોભતો, જે બાબત અશોકના રાજદરબાર વિષે ન કહી શકાય.

ड. નિષ્કર્ષ – નિષ્કર્ષ સ્વરૂપે કહી શકાય કે બન્ને વચ્ચે રહેલી સમાનતાને લીધે બૌદ્ધધર્મીઓ કનિષ્કને **'બીજા અશોક'** તરીકે બિરદાવે છે પરંતુ તે અનેક બાબતોમાં અશોકથી જુદો પડતો હતો. અલબત્ત, અશોકની જેમ કનિષ્કે બૌદ્ધધર્મના પ્રચાર અર્થે પોતાની સમગ્ર શક્તિ ખર્ચી નાખી હતી, તેમ છતાં તે અશોક જેવી મહાનતા તો પ્રાપ્ત ન જ કરી શક્યો. અશોક ભારતમાં જ નહીં પણ દુનિયાભરના સમ્રાટોમાં પણ મહાન છે. છતાંય કનિષ્કમાં અશોકની જે સમાનતાઓ નજરે પડે છે તેવી સમાનતાઓ અન્ય કોઈ રાજવીમાં જોવા મળતી નથી. તેથી તેને 'લગભગ બીજો અશોક' એવું ઉપનામ આપવામાં આવ્યું છે. એટલે જ તો ડૉ. ત્રિપાઠીએ યોગ્ય જ કહ્યું છે કે તેનામાં અશોકની ધર્મધગશ નજરે પડે છે. જો તે ઇતિહાસને પાને ચમક્યો ન હોત તો આજે ચીન, જાપાન, તિબેટ વગેરે દેશોમાં ભારતીય સંસ્કૃતિ (બૌદ્ધધર્મ)ની બોલબાલા ન હોત. આ દૃષ્ટિએ વિચારીએ તો તેની મહાનતા અશોકની મહાનતાથી કોઈ પણ રીતે ઊતરે તેવી નથી. સંક્ષેપમાં મૂકીએ તો Kaniska submitted to the great religion whereas Asoka made a small religion great.[30]

(૫) કુશાનકાલીન ભારતીય સંસ્કૃતિ

અથવા

કુશાણોની સિદ્ધિઓ (ઇતિહાસમાં કુશાણવંશનું સ્થાન–મહત્ત્વ)

अ. પ્રાસ્તાવિક – કુશાણયુગ એ ભારતીય ઇતિહાસમાં ખૂબ જ અગત્યનો યુગ ગણાય છે, કારણ કે આ સમયમાં રાજકીય અને સાંસ્કૃતિક ક્ષેત્રે અનેકવિધ પ્રવૃત્તિઓ (પ્રગતિ) શરૂ થઈ હતી અને તેથી ડૉ. **ડી. સી. સરકાર** કુશાણવંશને ભારતના ઇતિહાસમાં 'અગત્યના યુગ' તરીકે ઓળખાવે છે.[1]

---

૩૦. R. Sathianathaier ; op.   ., P. 135.

૧. The Age of Imperial unity : P. 153.

ખ. કુશાન કાલીન સંસ્કૃતિ (કુશાણોની સિધ્ધિઓ) – કુશાણવંશે ઉત્તર ભારતના રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસમાં જે સિધ્ધિઓ હાંસલ કરી–જે અસરો પહોંચાડી–તેને લીધે તે પ્રાચીન ભારતના ઇતિહાસમાં એક અગત્યના તબક્કા (યુગ) ઓળખાય છે.

ક. રાજકીય જીવન (રાજકીય સિધ્ધિઓ) – કુશાણ રાજવીઓએ રાજકીય ક્ષેત્રે નીચે મુજબની સિધ્ધિઓ હાંસલ કરી. બીજી રીતે મૂકીએ તો કુશાનશાસને ભારતના રાજકીય જીવન (વહીવટીતંત્ર) પર નીચે મુજબની અસર પહોંચાડી.

(૧) મધ્યએશિયા અને ઉત્તર હિંદમાં પ્રથમ વિશાળ સામ્રાજ્યનું સર્જન – મૌર્ય સામ્રાજ્યના પતન બાદ એક સામ્રાજ્ય કહી શકાય તેટલો રાજ્યવિસ્તાર કનિષ્ક કર્યો. મૌર્ય સામ્રાજ્યના પતન બાદ મધ્યએશિયા અને ઉત્તરભારતમાં આવડા મોટા વિશાળ સામ્રાજ્યનો પાયો નાખનાર કનિષ્ક પ્રથમ પરદેશી શાસક હતો. તે પહેલો અને છેલ્લો ભારતીય રાજવી હતો, જેણે પામીરની પેલે પાર આવેલ ચીન પર વિજય મેળવ્યો. આમ મૌર્ય સામ્રાજ્યના પતન બાદ આ યુગમાં પ્રથમવાર ઉત્તર હિંદ અને મધ્યએશિયાના ઘણા ખરા પ્રદેશોને આવરી લેતું વિશાળ સામ્રાજ્યનું સર્જન થયું.[૨]

(૨) રાજાશાહીના મૂળભૂત સિધ્ધાંતમાં આવેલું ભારે પરિવર્તન – આ યુગ દરમિયાન રાજાશાહીના મૂળભૂત સિદ્ધાંતમાં ભારે પરિવર્તન આવ્યું. હવેથી રાજાના દૈવી–અધિકારો અને દેવાંશીપણાના સિદ્ધાંતને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું. મૌર્ય સમ્રાટ અશોક પોતાને માત્ર ‘દેવનામ્ પ્રિય’ તરીકે ઓળખાવતો, ત્યારે કુશાણ રાજાઓ પોતાને ‘દેવપૂત્ર’ તરીકે ઓળખાવતા. આ સંદર્ભમાં કનિષ્કે ઇ. સ. ૮૭ માં દેવપૂત્રનો ઇલ્કાબ ધારણ કર્યો, જે અત્યાર સુધી માત્ર ચીની શહેનશાહો જ ધારણ કરતા હતા. મથુરા જિલ્લામાંથી મળી આવેલી વીમ કડફિસીસ ૧લાની પ્રતિમા પરના લેખ પરથી જણાય છે કે કુશાનસમયમાં મૃતરાજાઓનાં ‘દેવકુલ’ (મંદિરો) બાંધવામાં આવ્યા.[૩] આમ આ યુગમાં રાજાના દેવત્વનો સિધ્ધાંત સંપૂર્ણપણે સ્થપાઇ ચૂકયો હોય એમ લાગે છે, ત્યાર પછીના ગુપ્તયુગમાં આ દેવત્વનો સિધ્ધાંત સારા પ્રમાણમાં લોકપ્રિય બન્યો હતો.

---

૨. Ibid., P. 153.

૩. डॉ. राधाकुमुद मुकर्जी : प्राचीन भारत : पृ. ८५,

(૩) રાજાઓને મોટા ખિતાબો ધારણ કરવાનો શોખ : આ યુગમાં રાજાઓ મોટા ઈલ્કાબો ધારણ કરતા. દા. ત., વીમ કર્ડફિસીસે : મહારાજાધિરાજા, સત્યધર્મસ્થિત, કેસર, દેવપુત્ર, શાહીશાહનુશાહી, વગેરે ઈલકાબો ધારણ કરેલા. આ હકીકત દર્શાવે છે કે કુશાનસામ્રાજ્ય એ ભારતીય, ઈરાન, રોમન અને ચીન એમ ચાર સંસ્કૃતિનું મિલન-સ્થાન હતું.[૪]

(૪) શાસનતંત્રમાં-ખાસ કરીને પ્રાંતીય શાસનતંત્રમાં થયેલ ફેરફારો – પ્રાચીન ભારતના રાજકીય ઇતિહાસમાં કુશાણોની અસર તો શાસનતંત્રમાં, ખાસ કરીને પ્રાંતીય શાસનતંત્રમાં સ્પષ્ટપણે વર્તાઈ આવે છે. ઈરાની ઢબની ક્ષત્રપ-શાસન વ્યવસ્થા વાયવ્ય સરહદના પ્રદેશોમાં લાંબા સમય સુધી અસ્તિત્વમાં રહી હતી. દા. ત., તક્ષશિલા, મથુરા, ઉજ્જૈન, અને અન્ય પ્રાંતોમાં ઈરાની ઢબની વંશાનુગત ક્ષત્રપપ્રથા દાખલ કરવામાં આવી હતી. આ સાથે ખાસ કરીને વાયવ્ય સરહદ પરના પ્રદેશોના સુબાઓ 'સ્ટ્રેટેગોસ' (Strategos) અને જિલ્લા અધિકારીઓ 'મેરિડક' (Maridach) જેવાં ગ્રીક નામો ધરાવતા હતા, જેઓ અનુક્રમે લશ્કરી ગર્વનર અને જિલ્લા મેજીસ્ટ્રેટ તરીકેની કામગીરી બજાવતા. છતાં ય વહીવટી એકમો તરીકે આહાર, જનપદ, દેશ કે વિષય, રાષ્ટ્ર વગેરેમાં ફેરફારો થયા ન હતા. કેટલાક પ્રાંતોના ક્ષત્રપો (પ્રાંતીય શાસક)ને વહીવટીતંત્રમાં મદદ અને સલાહ આપવા 'મતિ સચીવ' (સલાહકાર-સમિતિ) આપવાની પ્રથા અસ્તિત્વમાં આવી હોય એમ લાગે છે તેમજ કેટલાક પ્રદેશોમાં લશ્કરીતંત્ર હોવા છતાંય સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓના કાર્યમાં તેમજ શાસનમાં બહુ મહત્ત્વના ફેરફારો થયા હોય તેમ લાગતું નથી.[૫]

આ રીતે કુશાણોએ ભારતીય રાજકારણમાં આગળ પડતો ભાગ ભજવ્યો.

ખ. સાંસ્કૃતિક જીવન (સાંસ્કૃતિક સિદ્ધિઓ) – **ડૉ. બી. જી. ગોખલે** જણાવે છે કે, 'ભારતના ઇતિહાસમાં કુશાણોનો શાસનકાળ ઘણું જ સાંસ્કૃતિક મહત્ત્વ ધરાવે છે.' આ યુગે ધર્મ, સાહિત્ય અને સ્થાપત્યના ક્ષેત્રે અગત્યની પ્રગતિ નિહાળી-ખાસ કરીને બૌદ્ધધર્મના મહાયાન સંપ્રદાયનો ઉદય, મૂર્તિવિધાનની ગાંધારશૈલીનો જન્મ અને બુદ્ધની મૂર્તિપૂજાનો પ્રાદુર્ભાવ એ

૪. B. G. Gokhale : Ancient India, P. 51.
૫. Advanced History of India, p. 133 ને આધારે.

ત્રણુ નોંધપાત્ર બાબતો હતી.

(૧) સમાજજીવન–સામાજિક માળખામાં થયેલા ફેરફારો–કુશાણોના સંપર્કને લીધે ભારતના સામાજિક માળખામાં પણુ અવનવા ફેરફારો થયા. હિંદુસમાજમાં પરદેશીઓને સમાવી લેવાની અજબ તાકાત છે, અને તેને લઈને હિંદુસમાજે આ લોકોને પોતાના વિશાળ ઉદરમાં સમાવી લીધી. ભારતીયો સાથે તેમના આંતરજાતિય લગ્નનું પ્રમાણુ વધ્યું, તેમણે ભારતીય ભાષા, ધર્મ અને સામાજિક રીતરિવાજો અપનાવ્યા, તેમજ હિંદુસમાજે તેમની સાથે લગ્ન–સંબંધો બાંધ્યા. આમ ધીરે ધીરે તેઓ હિંદુ સમાજના વિવિધ સ્તરોમાં દૂધમાં જેમ સાકર ભળી જાય તેમ ભળી ગયા. ભારતીય સંસ્કૃતિનો આ સમન્વયનો ગુણુ ખૂબ નોંધપાત્ર છે.

(૨) આર્થિક જીવન–પાશ્ચાત્ય દેશો સાથે વધેલો સંપર્ક – કુશાણુવંશે ભારતીય સંસ્કૃતિ માટે મધ્ય એશિયા અને પૂર્વ એશિયાનાં દ્વાર ખુલ્લાં કર્યાં.[૬] આ દેશોમાં બૌધ્ધધર્મના પ્રચારની સાથોસાથ ભારતીય સંસ્કૃતિનો પણુ પ્રચાર થવા લાગ્યો. કુશાણુ રાજવીઓને લીધે ભારતના પાશ્ચાત દેશો સાથેના વેપારી સંબંધો સુદૃઢ બન્યા. કડફિસીસ બીજાના સમયમાં રોમ અને અન્ય દેશો સાથે કુશાણુ–સામ્રાજ્યના વેપારી સંબંધો હતા, તેથી રોમમાંથી અઢળક સોનું ભારતના બજારમાં ઠલવાયું. આ અંગે રોમન ઇતિહાસકાર પ્લીની ખૂબ દુ:ખ વ્યકત કરે છે. રોમન સાથેના સંપર્કને કારણે કડફિસીસ ૧ લાના સમયના તાંબાના નાના સિક્કાઓ 'દિનાર' (Denarii) નામના રોમન સિકકાને મળતા આવે છે.[૭] આમ વિદેશો સાથેના સંપર્કથી ભારતને દ્વિમુખી લાભ થયો, એક તો તેની પોતાની સંસ્કૃતિ એ દેશોમાં ફેલાઈ, અને બીજું એ કે તેમની સાથેના વેપારી સંબંધોને લીધે ત્યાંથી અઢળક દ્રવ્ય હિંદમાં આવવા લાગ્યું. આમ કુશાણુયુગના વિદેશો સાથેના વ્યાપારી સંબંધોએ ભારતીય સંસ્કૃતિના પ્રચાર અને પ્રગતિ માટે એક પ્રબળ પ્રોત્સાહન પ્રદાન કર્યું અને એ રીતે વિશાળ ભારતના સર્જનમાં યોગ્ય ફાળો આપ્યો.

(૩) ધર્મ–ધર્મજીવન :

(1) ભક્તિપ્રધાન મહાયાન સંપ્રદાયનો પ્રાદુર્ભાવ : પ્રાચીન ભારતના ઇતિહાસમાં અને ખાસ કરીને બૌધ્ધધર્મના ઇતિહાસમાં કુશાણુ યુગ ખૂબ મહત્ત્વનું સ્થાન ભોગવે છે. આ યુગમાં કુશાણુ રાજાઓએ, ખાસ કરીને

૬. P. H. A. I., p. 340.
૭. C. S. H. I., P. 59.

કનિષ્કે બૌધ્ધધર્મના મહાયાન સંપ્રદાયનો ફેલાવો કરવા ખંતથી પ્રયાસો કર્યા. કનિષ્કના સમયમાં બૌધ્ધધર્મમાં ભારે પરિવર્તન થયું. પ્રાચીન બૌધ્ધધર્મમાં લોકોની અભિરુચિ ઓછી થવા લાગી, તેઓ તપસ્યા, દેહદમન વગેરે પાલન કરવા અસમર્થ હતા. તેઓ તો સાદો સીધો પરંતુ ભક્તિપ્રધાન ધર્મ ઇચ્છતા હતા. એટલે બૌદ્ધ ભિક્ષુકોએ નાગાર્જુનના નેતૃત્વ નીચે ધર્મસુધારણા માટેનું આંદોલન ઉપાડયું અને તેમની સલાહથી કનિષ્કે કાશ્મીરમાં આવેલ કુંડલિકા વિહાર ખાતે વસુમિત્રના પ્રમુખપદે ચોથી બૌદ્ધ પરિષદ બોલાવી. આ પરિષદમાં વસુમિત્ર, નાગાર્જુન, અશ્વઘોષ વગેરે બૌધ્ધધર્મવેત્તાઓએ ધર્મ અંગે વિશદ્ વિચારણા કરી અને દેશના પ્રવર્તમાન સંજોગોને અનુલક્ષીને ધર્મને નવું સ્વરૂપ આપ્યું, જે 'મહાયાન' સંપ્રદાય નામથી ઓળખાય છે. આથી તો નાગાર્જુનને '**બૌદ્ધધર્મના લ્યુથર**' કહેવામાં આવે છે. આમ પ્રાચીન બૌદ્ધ-ધર્મમાંથી ભક્તિપ્રધાન મહાયાન સંપ્રદાયના પાદુર્ભાવને કુશાણુ શાસનની સિધ્ધિ તરીકે ગણાવી શકાય. આમ બૌધ્ધધર્મના ઇતિહાસમાં કુશાણુ યુગ એક અતિ-મહત્ત્વનો યુગ હતો.[૮]

(ii) **ધર્મસહિષ્ણુતા :** કુશાણુરાજાઓને પોતપોતનો વ્યક્તિગત ધર્મ અલગ અલગ હતો. વિમ શૈવધર્મી હતો, કનિષ્ક બૌદ્ધધર્મી હતો અને વાસુદેવ ૧લો શૈવ કે વૈષ્ણુવધર્મી હતો, છતાંય તેઓ અન્ય ધર્મો પ્રત્યે સહિષ્ણુતા દાખવતા હતા, જે હકીકત તેમના સિક્કાઓ પર અંકિત થયેલ હિંદુ, ગ્રીક, અને ઇરાની દેવોની આકૃતિઓ પરથી સ્પષ્ટ થાય છે.

(૪) **સાહિત્ય- સંસ્કૃત સાહિત્યને મળેલું પ્રોત્સાહન** – પ્રાચીન ભારતના ઇતિહાસમાં કુશાણુયુગ એ '**સાહિત્ય વિષયક પ્રવૃત્તિઓના યુગ**" (A Period of literary activities) તરીકે જાણીતો છે. આ યુગમાં શુધ્ધ સાહિત્યગ્રંથો ઉપરાંત દર્શનશાસ્ત્ર, વૈદકશાસ્ત્ર, વગેરે વિષયો ઉપર ગ્રંથો રચાયા. બૌધ્ધ આચાર્ય **અશ્વઘોષ** એ કુશાણુયુગની સાહિત્યિક પ્રવૃત્તિઓનો નેતા અને અગ્રદૂત હતો. તે એક દાર્શનિક, નાટયકાર, સંગીતજ્ઞ, અને મહાકવિ હતો. તેણે 'બુદ્ધચરિત્ર' નામનું સંસ્કૃત કાવ્ય, 'સારિપુત્ર પ્રકરણ' નામનું નાટક તેમજ સૂત્રાલંકાર, સૌદરાનંદ જેવાં કાવ્યો લખ્યાં. **નાગાર્જુન** એ દાર્શનિક, વૈજ્ઞાનિક અને મહાયાન પંથનો પ્રણેતા હતો. તેણે 'માધ્યમિક સૂત્ર'ની રચના કરી, જેમાં સાપેક્ષવાદની ચર્ચા કરવામાં આવી છે, અને એ રીતે તે 'ભારતનો આઇન્સ્ટાઇન' હતો.

---

૮. A. L. Basham : The wonder that was India, P. 60.

વસુમિત્રે 'મહાવિભાષા' નામના શાસ્ત્રની રચના કરી, જેને 'બૌધ્ધ-ધર્મનો જ્ઞાનકોષ' કહે છે. ચરક કનિષ્કનો રાજવૈદ્ય હતો, જેણે ચિકિત્સાશાસ્ત્ર પર 'સુશ્રુત' નામનો ગ્રંથ લખ્યો હતો. આમ કુશાણ સમયમાં સાહિત્યના નવા પ્રકારો અસ્તિત્વમાં આવ્યા અને સંસ્કૃતસાહિત્યને સારા પ્રમાણમાં પ્રોત્સાહન મળ્યું.

(૫) **સ્થાપત્યકલા-મૂર્તિવિધાનની ગાંધારકલાનો ઉદ્દય** – આ યુગની ધાર્મિક પ્રવૃત્તિઓએ સ્થાપત્ય અને શિલ્પકલાને ઉત્તેજન આપ્યું. તેમાંય બૌધ્ધધર્મના ફેલાવાને લીધે આ સમયમાં સ્તૂપો, વિહારો, મઠો, ગુફાઓ વગેરે કોતરાયાં. વળી બૌધ્ધધર્મના મહાયાન પંથના ઉદયને લીધે તેના અનુયાયીઓએ બુધ્ધની મૂર્તિઓ ઘડવાનું શરૂ કર્યું. આમ ધર્મનો આશરો લઈને આ યુગમાં મૂર્તિવિધાને અનેરો વિકાસ સાધ્યો.[૮] શરૂઆતમાં આ મૂર્તિઓ ઘડનારા ગ્રીક-કલાકારો હોવાથી ભારતની મૂર્તિવિધાનની કલા પર ગ્રીકકલાની અસર પડી. આ પ્રકારની મૂર્તિવિધાનની શૈલીનો ગાંધારમાં ઉદ્દય થયો હોવાથી તેને ગાંધારશૈલી કહેવામાં આવે છે. 'ગાંધાર કલામાં બાહ્ય ઘડતર (ટૅકનિક) ગ્રીક પાસેથી ઉછીનું લેવામાં આવ્યું હતું, છતાં તેનો આત્મા તો ભારતીય હતો...ગાંધાર કલાકારના હાથ ગ્રીકના હતા, પરંતુ હૈયું તો હિંદીનું જ હતું.'[૯]

(૬) **વ્યવસ્થિત કાલ-ગણના** – ભારતમાં કાલ-ગણનાની વ્યવસ્થિત શરૂઆત કુશાણોના આગમનથી થઈ. કનિષ્કે ઈ. સ. ૭૮ થી શરૂ થતા શક-સંવતનો પ્રારંભ કર્યો. તેનો શાસનકાળ ઈ. સ. ૭૮થી શરૂ થયાનું મોટાભાગના વિદ્વાનોએ (રેપ્સન, રાયચૌધરી વગેરે) સ્વીકાર્યું છે. પરિણામે તેના રાજ્યા-રોહણનું વર્ષ ઇ. સ. ૭૮મું ગણીએ તો તેણે આ સંવતની શરૂઆત કરી કહેવાય. તેણે શરૂ કરેલો આ સંવત તેના પછી તેના અનુગામીઓએ પણ ચાલુ રાખ્યો હતો. આ દૃષ્ટિએ કનિષ્કને શક-સંવતનો સ્થાપક (Founder) માનવામાં આવે છે.[૧૦]

ક સમાપન – આ પ્રમાણે કુશણોનું શાસન પ્રાચીન ભારતના રાજકીય

---

૮. In India art has always been a handmaid of religion. (R. C. Mujumdar)

૯. The Khusan period 'is noteworthy for the Gandhar School of art.' —એ. એલ. બેશામ.

૧૦. Age of Imperial unity, P. 143. અને आर. सी. दत्त : प्राचीन भारतकी सभ्यताका इतिहास. पृ. ३७६.

અને સાંસ્કૃતિક ઇતિહાસમાં મહત્ત્વનું સ્થાન ભોગવે છે. આ અંગે ઇતિહાસકાર **રોલિન્સન** કહે છે કે "ભારતીય સંસ્કૃતિના ઇતિહાસમાં કુશાણયુગ ખૂબ જ અગત્યના યુગમાંનો એક છે......આ સમયમાં કલા તથા સાહિત્યના ક્ષેત્રે અનેકવિધ પ્રવૃત્તિઓ થઈ, ભારતીય કલા ગ્રીક કલાના સંપર્કમાં આવી, અને તેમાંથી તેણે નવી પ્રેરણા મેળવી. સાહિત્યના નવા પ્રકારો અસ્તિત્વમાં આવ્યા, નાટક અને દરબારીઓએ રચેલી પ્રશસ્તિઓ (Court epic) પ્રકાશમાં આવી... કુશાનયુગ યોગ્ય રીતે જ ગુપ્તયુગનો પુરોગામી છે."[૧૧]

મૌર્ય અને ગુપ્ત યુગ વચ્ચેનું ભારત : એક અવલોકન

અથવા

૭. પરદેશી આક્રમણોની ભારતીય સંસ્કૃતિ પર અસર.

अ. પ્રાસ્તાવિક : મૌર્ય સમ્રાટોની પ્રબળ સત્તાના અસ્ત સાથે જ વાયવ્ય સરહદ પરથી ગ્રીક (યવનો), પાર્થિયનો, શક, કુશાણો વગેરે પરદેશી આક્રમણકારોએ અરક્ષિત હિન્દ ઉપર હુમલા કરીને વાયવ્ય સરહદના પ્રદેશોમાં પોતાની વસાહતો સ્થાપી અને ત્યાં જ ઠરીઠામ થયા. તેઓ સમયના વહેણ સાથે હિંદુ સમાજમાં ભળી ગયા, તેમ છતાં ય તેમના લાંબા સમયના શાસને ભારતીય સંસ્કૃતિ પર ભારે અસર પહોંચાડી. આથી તેમના શાસને ભારતના રાજકીય અને સાંસ્કૃતિક ક્ષેત્રે સર્જેલા ફેરફારોનો અભ્યાસ કરવો અનિવાર્ય બની રહે છે.

ब. ભારતીય સંસ્કૃતિ પર પરદેશી આક્રમણોની અસર :

રાજકીય અસરો[૧૨] : પરદેશી આક્રમણોને લીધે ભારતના રાજકીય જીવનમાં–વહીવટીતંત્રમાં નીચે મુજબની નોંધપાત્ર અસરો થઈ.

૧. રાજાશાહીના પ્રચલિત સિધ્ધાંતમાં આવેલું પરિવર્તન : પરદેશી શાસનને પરિણામે ભારતમાં રાજાશાહીના પ્રચલિત સિધ્ધાંતમાં નોંધપાત્ર ફેરફાર થયો. મૌર્યસમ્રાટ અશોક પોતાને 'દેવાનામ્ પ્રિય' કહેતો જ્યારે પરદેશી શાસકો–ખાસ કરીને કુશાણરાજાઓ પોતાને દેવપુત્ર તરીકે ઓળખાવતા. વળી કુશાણ સમયમાં તો મૃતરાજાઓના દેવકુલ (મંદિરો) પણ બાંધવામાં આવતાં (વધુ માટે જુઓ કુશાનોની સિધ્ધિઓ.)

૨. પ્રાંતીય શાસનતંત્રમાં થયેલા ફેરફારો – પરદેશીઓની અસર

---

૧૧. India–A Short Cultural History, P. 104.

૧૨. વિગતવાર ચર્ચા માટે જુઓ 'કુશાનોની સિદ્ધિઓ'વાળો મુદ્દો.

તેમના વાયવ્ય સરહદના પ્રાંતીય શાસનતંત્રમાં જોવા મળે છે. તેમણે તક્ષશિલા, મથુરા, ઉજ્જૈન વગેરે પ્રાંતોમાં દાખલ કરેલી વંશાનુગત ક્ષત્રપો (સુબાઓ)વાળી ઈરાની ઢબની ક્ષત્રપ પ્રથા લાંબા સમય સુધી આ પ્રદેશોમાં પ્રચલિત રહી. ભાવિ રાજ્યકર્તા તરીકે તાલીમ આપવાના હેતુથી આ સમયના વહીવટીતંત્રમાં નજીકનાં સગાંઓને સાથે રાખવાની નવી પ્રથા વિકસેલી જોવા મળે છે. દા. ત. ચષ્ટાને પોતાના પુત્ર જયદામનને ક્ષત્રપ તરીકે પોતાના હાથ નીચે તાલીમ આપી હતી. તેવી જ રીતે આ સમયમાં સંયુક્ત શાસનના પણ ઉલ્લેખો જોવા મળે છે. દા. ત., ચષ્ટાન ને તેનો પૌત્ર રુદ્રદામન તેમજ હવિષ્ક અને કનિષ્ક બીજો સંયુક્ત શાસન કરતા. વળી પરદેશી શાસનોને પરિણામે વહીવટીતંત્રમાંના કેટલાક અધિકારીઓના નામોમાં પણ પરિવર્તન જોવા મળે છે. દા. ત. વાયવ્ય સરહદ પરના પ્રદેશોમાં અનુક્રમે લશ્કરી ગવર્નર અને જિલ્લા—ન્યાયાધીશ તરીકે ફરજો બજાવતા 'સ્ટ્રેટેગોસ' અને 'મેરિડક' જેવાં ગ્રીક નામો ધરાવતા સુબાઓ પરદેશી નામ જ ઓળખાતા. તેમ છતાં ય આહાર, જનપદ, દેશ, રાષ્ટ્ર વગેરે વહીવટી એકમો પર પરદેશી શાસનની ઝાઝી અસર થઈ ન હતી. તેવી જ રીતે ગ્રામપંચાયતો જેવી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના કાર્યમાં અને તેમના દરજ્જામાં પણ બહુ ફેરફારો થયા હોય એમ લાગતું નથી.

સાંસ્કૃતિક અસરો : પરદેશી શાસનને પરિણામે ભારતના સાંસ્કૃતિક જીવનમાં નીચે મુજબની નોંધપાત્ર અસરો પહોંચી.

૧. સાંસ્કૃતિક સમાજનું સર્જન : પરદેશી શાસનને લીધે ભારતીય, ઈરાની, રોમન અને ચીન એમ ચાર સંસ્કૃતિઓનું મિલન થયું, પરિણામે વાયવ્ય સરહદના પ્રદેશોમાં એક નવીન પ્રકારના 'સાંસ્કૃતિક સમાજ'નું સર્જન થયું અને તેથી સામાજિક ઘડતરમાં પણ નવા ફેરફારો થયા. પરદેશીઓ લાંબા સમય સુધી ભારતમાં રહીને સ્થિર થઈ ગયા. પરંતુ હિન્દુ સમાજમાં પરદેશીઓને પોતાનામાં સમાવી લેવાની અજબ તાકાત હોવાથી હિન્દુ સમાજે આ લોકોને પોતાના વિશાળ ઉદરમાં સમાવી લીધા. પરદેશીઓના આગમને ભારતની રૂઢિગત જ્ઞાતિપ્રથાને પણ કેટલેક અંશે અસર પહોંચાડી. તેનાથી જ્ઞાતિપ્રથાના બંધનોમાં શિથિલતા પ્રવેશી. હિન્દીઓ સાથે તેમના આંતરજાતીય લગ્નોનું પ્રમાણ વધ્યું. રુદ્રદામને પોતાની પુત્રી સાતવાહન રાજા સાથે પરણાવી હતી. પરદેશીઓએ ભારતીય ભાષા, ધર્મ, સામાજિક રીતરિવાજો વગેરે અપનાવ્યાં. પરદેશી સંપર્કને લીધે પહેલીજવાર સીવેલાં કપડાં (લેંઘા, ઓવરકોટ, બ્લાઉઝ) પહેરવાની નવી ફેશન દાખલ થઈ.[૧૩] ઉત્સવો, ગાયન, વાદન, નૃત્ય,

---

૧૩. B. G. Gokhala : A. I; P. 51.

નાટક વગેરેનું પ્રમાણ પણ વધ્યું. આમ પરદેશી શાસનને પરિણામે ભારતના સામાજિક ઘડતર (માળખા)માં અવનવા ફેરફારો થયા અને સામાજિક જીવન વૈભવી અને વિલાસી બન્યું.

૨. **પરદેશીઓએ સ્વીકારેલ ભારતીયધર્મ** : (ધર્મ–તેમના પર ભારતીય ધર્મની અસર) : ધર્મના ક્ષેત્રે ભારતીય સંસ્કૃતિ પર પરદેશીઓની અસર થવાને બદલે તેઓ ભારતીય ધર્મથી પ્રભાવિત થઈ ગયા. અનેક પરદેશીઓએ ભારતીય ધર્મનો અંગીકાર કરીને ભારતીય ધર્મના–સંસ્કૃતિના–પ્રચારક બની ગયા. બૌદ્ધસાધુ નાગસેનના પ્રભાવથી મિનેન્ડરે બૌદ્ધ-ધર્મ સ્વીકાર્યો. તક્ષશિલાના યવન રાજવીના દૂત **હેલિયોડોરસે ભાગવતધર્મ** સ્વીકાર્યો હતો. થિયોડોરસ નામના ગ્રીકે બૌદ્ધધર્મ અંગીકાર કર્યો હતો. પાર્થિયનો (પહ્લવો) વૈષ્ણવધર્મી હતા, પરંતુ પાર્થિયન રાજવી ગોન્ડોફર્નિસે ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યો હતો. કુશાણયુગ બૌદ્ધધર્મના ઇતિહાસમાં ખૂબ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. કુશાણ રાજવી કનિષ્કે માત્ર બૌદ્ધધર્મનો સ્વીકાર કર્યો હતો, એટલું જ નહીં પરંતુ તેના પ્રચાર માટે દેશવિદેશોમાં ધર્મપ્રચારકો મોકલ્યા હતા. તેની બૌદ્ધધર્મ પ્રત્યેની સેવાઓને લીધે બૌદ્ધધર્મીઓ તેને 'બીજો અશોક' કહે છે. તેના સમયમાં બૌદ્ધધર્મના ભકિતપ્રધાન મહાયાન સંપ્રદાયનો ઉદય થયો હતો.[૧૪] આમ પરદેશીઓનું ધર્મ–પરિવર્તન તેમજ ભારતીયકરણ અને બૌદ્ધધર્મમાં મૂર્તિપૂજાનો આરંભ એ બે બાબતો આ ક્ષેત્રે નોંધપાત્ર હતી.

૩. **પાશ્ચાત્ દેશો સાથે વધેલો સંપર્ક** (આર્થિક જીવન): પરદેશીઓના આગમન પછી પાશ્ચાત્ય દેશો સાથે ભારત સીધા સંપર્કમાં આવ્યું. પરિણામે એ દેશો સાથેના ભારતના વેપારી સબંધો સુદઢ બન્યા. કુશાન રાજવી કડફિસીસ બીજાના સમયમાં રોમ અને અન્ય દેશો સાથે કુશાન સામ્રાજ્યના વેપારી સંબંધો હતા, તેથી રોમમાંથી અઢળક સોનું ભારતના બજારમાં ઠલવાતું, જે અંગે રોમન ઇતિહાસકાર પ્લીની ખૂબ દુઃખ વ્યક્ત કરે છે. કહેવાય છે કે ઈ. સ પૂર્વે ૧૬૬ માં દાફ્ન (Daphane) નામના સ્થળે એન્ટીઓકસ ૪થાએ ભારતીય હાથી દાંતની બનાવટો અને ગરમ મસાલાઓનું પ્રદર્શન ભર્યું હતું. તેવી જ રીતે ટોલમી બીજાએ પોતાના વિજયના આનંદમાં ભારતીય કૂતરાં અને ઢોરાંનું પ્રદર્શન ભર્યું હતું. વળી કનિષ્ક જેવા પરદેશી રાજવીનું રાજ્ય છેક મધ્ય

---

૧૪. "uch instances of conversion show that the foreigns' were gradually succumbing to the subtle influence of Indian faiths" Dr. R. S. Tripathi.

એશિયા સુધી ફેલાયેલું હોવાથી ત્યાંના દેશોમાં બૌદ્ધધર્મના પ્રચારની સાથે ભારતીય સંસ્કૃતિનો પણ પ્રચાર થવા લાગ્યો. આમ વિદેશો સાથેના સંપર્કથી ભારતને દ્વિમુખી લાભ થયો: એક તો તેની પોતાની સંસ્કૃતિ એ દેશોમાં ફેલાઈ અને બીજુ એ કે તેમની સાથેના વ્યાપારી સંબંધોને લીધે ત્યાંથી અઢળક દ્રવ્ય હિન્દમાં આવવા લાગ્યું.

૪. મૂર્તિ-વિધાનની ગાંધારશૈલીનો ઉદય (સ્થાપત્ય અને શિલ્પકલા): ભારતમાં પરદેશીઓના શાસનકાળ દરમિયાન ધાર્મિક પ્રવૃત્તિઓએ સ્થાપત્ય અને શિલ્પકલાને ઉત્તેજન આપ્યું. તેમાંય બૌધ્ધધર્મના ફેલાવાને લીધે ઠેર ઠેર સ્તૂપો, વિહારો, મઠો, ગુફાઓ, વગેરે કોતરવામાં આવ્યાં, તથા બૌદ્ધધર્મના ભક્તિપ્રધાન મહાયાન સંપ્રદાયના ઉદયને લીધે તેના અનુયાયીઓએ બુધ્ધભગવાનની મૂર્તિઓ ઘડવાનું શરૂ કર્યું. આમ ધર્મનો આશરો લઈને પરદેશી શાસનકાળ દરમ્યાન મૂર્તિવિધાને અનેરો વિકાસ સાધ્યો. આ સંદર્ભમાં ડૉ. આર. સી. મજુમદારે યોગ્ય જ કહ્યું છે કે, ' In India art has always been a handmaid of religion. ' આ મૂર્તિવિધાનની શૈલીનો ગાંધરમાં ઉદય થયો હોવાથી તેને **"ગાંધાર શૈલી"** કહેવામાં આવે છે. આ શૈલીના આશ્રયદાતા એવા કુશાન રાજાઓએ પોતાના ધર્મ દર્શનને મૂર્ત સ્વરૂપ આપવા ગ્રીસના કારીગરોને હિંદમાં બોલાવ્યા, પરિણામે ગાંધાર શૈલીમાં બાહ્યઘડતર (ટેકનિક) ગ્રીક પાસેથી ઉછીનું લેવામાં આવ્યું હતું પરંતુ તેનો આત્મા તો ભારતીય હતો.

૫. કલાત્મક સ્વરૂપના સિક્કાની શરૂઆત (સિક્કાઓ): પરદેશીઓના સંપર્કનો-ખાસ કરીને ગ્રીકોના સંપર્કની-સૌથી સ્પષ્ટ છાપ ભારતીય સિક્કાઓ પર નજરે પડે છે ગ્રીકોના આક્રમણ અને સંપર્ક પહેલાં હિંદમાં અનિયમિત આકાર અને વજનવાળા ' Punch marked ' સિક્કાઓ પ્રચલિત હતા. પરંતુ ડિમેટ્રિયસ જેવા યવન રાજાઓએ હિંદમાં સુંદર અને કલાત્મક સિક્કાઓ શરૂ કર્યા, જેના પરિણામે હિન્દી સિક્કાઓએ કલાત્મક સ્વરૂપ ધારણ કર્યું. ગ્રીક સંપર્કને લીધે ગ્રીકના ' Drachma ' પ્રકારના સિક્કાઓ ઉપરથી હિંદીઓએ ચાંદીના દ્રામ (Dramma) અપનાવ્યા.[૬૫]

(૬) ભારતીય ભાષા પર અસર (ભાષા): પરદેશી શાસને ભારતીય ભાષા અને સાહિત્યને પણ ભારે પ્રભાવિત કર્યું. ગ્રીક રાજાઓના સિક્કાઓ પર ગ્રીક ભાષાનાં નામો અને ઉપાધિઓ અંકિત થયેલી જોઈને વિદ્વાનો અનુમાન કરે છે કે ભારતના વાયવ્ય સરહદના જે પ્રદેશો ઉપર તેમનું આધિપત્ય હતું ત્યાંના

૬૫. Dr. R. S. Tripathi, H. A. I, P. 209.

લોકો ગ્રીક ભાષા સમજી શકતા, પરંતુ તેમના સિક્કાની બીજી બાજુ પર પ્રાકૃત ભાષા તેમજ ખરોષ્ઠી લિપિનો થયેલો ઉપયોગ એ હકીકત સિદ્ધ કરે છે કે સરકારી કર્મચારીઓ અને વેપારીઓ સિવાય સામાન્ય જનસમૂહ ગ્રીકભાષા બિલકુલ જાણતો જ ન હતો. ગ્રીક ભાષામાં કોતરાયેલો એક પણ અભિલેખ હજી સુધી હિંદમાંથી મળી આવ્યો નથી.

ટાર્ન જણાવે છે કે હિંદીઓ અને ગ્રીકોએ એકબીજાની ભાષાના ઘણા શબ્દો પોતાના સાહિત્યમાં અપનાવ્યા છે. ગ્રીકો પાસેથી હિંદીઓએ, કલમ, પુસ્તક, સુરંગ, કેન્દ્ર, કોણ, હોરા વગેરે શબ્દો ગ્રહણ કર્યા અને હિન્દીઓ પાસેથી ગ્રીકો મર્કટ, શર્કરા, પિપ્પલિ કર્પાશ વગેરે શબ્દો શીખ્યા. આ વિદ્વાનના મત મુજબ સંભવ છે કે ભારતીઓ ગ્રીકભાષા પણ શીખ્યા હતા. અને મિલિન્દપ્રશ્નો અને યુગપુરાણના લેખકો ગ્રીકભાષા જાણતા હતા. **જેકોબી** જણાવે છે કે ગ્રીકોના 'Hexameter' ઉપરથી ભારતીયો ગ્રીક પાસેથી 'દુહા' રચવાનું શીખ્યા. પરંતુ આ મતનું ખંડન કરતાં ડૉ. **કીથ** જણાવે છે દુહા તો મિનેન્ડરના આગમન પહેલાં ભારતમાં પ્રચલિત હતા.

(૭) **ભારતીય સાહિત્ય પર અસર** (સાહિત્ય)– પરદેશી સંપર્કે ભારતીય સાહિત્ય પર પણ અસર પહોંચાડી. દા. ત., ભારતીય સાહિત્ય પર ગ્રીકોના પ્રભાવ અંગે **સેન્ટ ક્રિસોસ્ટમ** (St. Chrysostom) જણાવે છે કે ભારતવાસીઓ હોમરનાં કાવ્યોને લલકારતા હતા એટલું જ નહિ, પરંતુ તેમનો પોતાની વિવિધ ભાષામાં અનુવાદ પણ કર્યો છે. **પ્લુટાર્ક** અને **એરિયન** નામના ગ્રીકલેખકો આ મતને અનુમોદન આપે છે. ભારતનાં મહાકાવ્યો (રામાયણ અને મહાભારત) અને ગ્રીસનાં મહાકાવ્યો (ઇલિયડ અને ઓડિસી) ની કથા વચ્ચે રહેલી ઉપલક સામ્યતાઓને આધારે **વેબર** જેવા પાશ્ચાત્ય વિદ્વાનો પણ ઉપરના મતનું સમર્થન કરે છે પરંતુ આ પ્રકારની કથાની ઉપલક સામ્યતા પરથી એ તારણ ન નીકળી શકે કે ભારતીય મહાકાવ્યો એ હોમરનાં મહાકાવ્યોના અનુવાદો છે.

(૮) **નાટ્ય સાહિત્યમાં 'યવનિકા' શબ્દનો પ્રયોગ** (નાટક): ભારતીય નાટ્ય-સાહિત્ય પર ગ્રીક સંપર્કની અસર જોવા મળે છે. દા. ત., પ્રાચીન સમયમાં ભારતીય રંગમંચ પર પડદાનો ઉપયોગ થતો નહીં, પરંતુ પરદેશી ગ્રીકોના સંપર્કને લીધે ભારતીઓ તેમની પાસેથી સંસ્કૃત નાટકોમાં પડદા માટે વપરાતો 'યવનિકા' શબ્દનો પ્રયોગ શીખ્યા.

(૯) ખગોળ અને વૈદકશાસ્ત્ર પર અસર (વિજ્ઞાન) :

પરદેશીઓના, ખાસ કરીને ગ્રીકોના–સંપર્કે ભારતીય ખગોળશાસ્ત્ર અને વૈદકશાસ્ત્ર પર પણ અસર પહોંચાડી છે. આ ક્ષેત્રે હિંદીઓ ગ્રીકો પાસેથી ઘણું શીખ્યા છે. ગાર્ગીસંહિતા જણાવે છે કે યવનો અસભ્ય હોવા છતાં ખગોળ–શાસ્ત્રની શરૂઆત તેમનાથી થઈ તેથી તેમને ઋષિઓના જેવું માન આપવું જોઈએ. ભારતીય ખગોળશાસ્ત્રના પાંચ સિધ્ધાંતોમાંના 'રોમક સિદ્ધાંત' અને 'પૌલીષ સિદ્ધાંત' એ પરદેશીઓના સંપર્કની અસર છે. ગ્રીકના આધારે જન્મોત્રી બનાવવાનું આપણે ગ્રીક પાસેથી શીખ્યા. વોગલ જેવા વિદ્વાનો જણાવે છે કે વૈદકશાસ્ત્રના ક્ષેત્રે ભારત ગ્રીકોનું ઋણી છે. ભારતના આયુર્વેદાચાર્ય શ્રી ચરકે વૈદ્યો માટે ઘડેલી આચાર સંહિતાના નિયમો મોટે ભાગે ગ્રીકવૈદ્ય હિપોક્રેટીઝે ઘડેલા નિયમોને મળતા આવે છે. આવા પ્રકારનું નિષ્કર્ષ 'મહાકાવ્યોની જેમ' હાસ્યાસ્પદ ભાસે છે.

ક. સમાપન : આ પ્રમાણે ભારતની ભૂમિ પરના પરદેશી શાસને ભારતના રાજકીય જીવનમાં–વહીવટીતંત્રમાં–તેમજ સામાજિક, આર્થિક, ધાર્મિક, સાહિત્ય અને કલાના ક્ષેત્ર વિવિધ અસરો પહોંચાડી અને આ ક્ષેત્રે વિવિધ પરિવર્તનો આણ્યાં.[૧૬]

*

આટલું યાદ રાખીએ તો........

૧. બેકટ્રીયાના ગ્રીક શાસકો...રાજકીય ઇતિહાસ નીચે પ્રમાણે છે.

* બૅકટ્રીયાના ગ્રીક શાસકો :

(i) સેલ્યુકસના પૌત્રના શાસન દરમિયાન બૅકટ્રીયા પ્રાંતના ગવર્નર ડીયોડોટસે બળવો કરી ત્યાં સ્વતંત્ર રાજવંશની સ્થાપના કરી.

(ii) તેના પુત્ર ડીયોડોટસ બીજાએ પિતાની પાર્થિયા વિરોધી નીતિનો ત્યાગ કર્યો.

(iii) ત્યાર બાદ યુથિડેમસના સમયમાં સિરિયન સમ્રાટ ઍન્ટીઓકસ ત્રીજાએ બૅકટ્રીયાનો પ્રાંત પાછો મેળવવા નિષ્ફળ પ્રયાસ કર્યો.

---

૧૬. 'પરદેશી આક્રમણોની ભારતીય સંસ્કૃતિ પર અસર' એ મુદ્દામાંથી 'ભારતીય સંસ્કૃતિ પર ગ્રીકોની અસર' અંગે જરૂરી વિગતો મળી રહેશે એટલે આ મુદ્દાની અલગ ચર્ચા કરવામાં નથી આવી.

* ઈન્ડો–ગ્રીક શાસકો......યુથિડેમસ વંશના ઈન્ડો–ગ્રીક શાસકો.

(i) આ વંશના શાસકોની રાજધાની શાકલમાં હતી.

(ii) ડિમેટ્રીયસ એ પહેલો ઈન્ડો–ગ્રીક શાસક હતો.

(iii) મિનેન્ડર એ આ શાસકોમાં સૌથી શક્તિશાળી રાજવી હતો.

(iv) મિનેન્ડરના વારસદારો નબળા હોવાથી ઈન્ડો–ગ્રીક શાસનનો વાયવ્ય સરહદના પ્રદેશો પરથી શકોએ અંત આણ્યો.

........યુક્રેટાઈડ્ઝ વંશના ઈન્ડો–ગ્રીક શાસકો.

(i) ડિમેટ્રીયસના ભારતના રોકાણ દરમ્યાન યુક્રેટાઈડ્ઝ નામના બળવાખોરે બેકટ્રીયામાં બળવો કરી ત્યાં સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું.

(ii) તેના પછી ગાદીએ આવેલ તેનો પુત્ર હેલિયોકલીસ એ બેકટ્રીયાનો છેલ્લો ગ્રીક શાસક હતો.

(iii) આ વંશનો છેલ્લો ઈન્ડો–ગ્રીક હર્મિયસ હતો, જેને હરાવીને કુશાન રાજવી કુજુલ કડફિસીસે આ વંશનો અંત આણ્યો.

૨. મિનેન્ડર............રાજકીય કારકીર્દિ નીચે પ્રમાણે છે.

(i) તે યુથિડેમસ વંશના ઇન્ડો–ગ્રીક શાસકોમાં સૌથી મહાન શાસક હતો.

(il) તે મહાન વિજેતા હતો. તેના આધિપત્ય નીચે કાબુલ, પંજાબ, સિંધ, પ. રાજપુતાના ને સૌરાષ્ટ્ર હતાં.

(iii) તે સારો વહીવટકર્તા હતો. તેની રાજધાની શાકલમાં હતી.

(iii) તેણે નાગસેનના પ્રભાવથી બૌદ્ધધર્મનો અંગીકાર કર્યો. તેના પ્રયાસોથી બૌદ્ધધર્મ પ. એશિયા ને ભારતની વાયવ્ય સરહદના પ્રદેશોમાં ફેલાયો.

(iv) તે ન્યાયપ્રિય શાસક ને દયાળુ રાજવી હતો.

૩. ઈન્ડો પાર્થિયન રાજાઓ :

(i) સેલ્યુકસના પૌત્રના નબળા શાસનકાળમાં પાર્થિયા પ્રાંતે અર્સેકોસના નેતૃત્વ નીચે પ્રજાકીય બળવો કર્યો ને ત્યાં સ્વતંત્ર રાજ્યવંશની સ્થાપના કરી. આ વંશમાં મિથ્રિડેરસ ૧લો થઈ ગયો.

(ii) મિથ્રિડેટસ બીજાના અવસાન બાદ વોનોનિસ નામના પાર્થિયને ભારતની વાયવ્ય સરહદના ખુણામાં સ્વતંત્ર ઈન્ડો–પાર્થિયન રાજ્ય સ્થાપ્યું.

(iii) ઇન્ડો–પાર્થિયન શાસકોમાં ગોન્ડોફર્નિસ શક્તિશાળી રાજા હતો. તેના મૃત્યુ બાદ ઇન્ડો–પાર્થિયન સામ્રાજ્ય બે વિભાગમાં વહેંચાઈ ગયું.

૪. શક શાસકો :

ભારતની સરહદ પર વસાહતો સ્થાપી ત્યાં રાજ્ય કરનાર શક શાસકોમાં મોઝ, અઝીઝ ૧લો, અઝીલીસેસ અને અઝીઝ બીજો થઈ ગયા.

૫. શક–ક્ષત્રપો :

ભારતના પ્રદેશો પર શાસન કરતા શક–ક્ષત્રપો (શક–શાસકોના સુબાઓ) ને બે વિભાગમાં વહેંચી શકાય :

૧. ઉત્તરના શક–ક્ષત્રપો અને ૨. પશ્ચિમના શક–ક્ષત્રપો.

૬. રુદ્રદામન..........રાજકીય સિદ્ધિઓ નીચે પ્રમાણે છે.

(i) રૂદ્રદામન ઉજ્જૈનના ચષ્ટનકુળના રાજવીઓમાં સૌથી મહાન રાજવી હતો. તેના પિતાનું નામ જયદામન હતું.

(ii) તેણે યૌધેયોની સત્તાનો નાશ કર્યો, આંધ્રરાજવીને બે વાર હરાવ્યો.

(iii) તેણે સામ્રાજ્યના ભાગલા પાડી મતિ–સચિવ ને કર્મ–સચિવ નામના અધિકારીઓ નીમ્યા હતા.

(iv) તે સાહિત્યકલાનો ઉપાસક હતો. તે સંસ્કૃતમાં ગદ્યપદ્યની રચનાઓ કરી જાણતો. તે ધર્માનુરાગી હતો.

૭. કુશાણવંશ.........રાજકીય ઇતિહાસ નીચે પ્રમાણે છે.

(i) કુશાણો મૂળ ચીનની વાયવ્ય સરહદની બાજુમાં આવેલ કાનસૂ–પ્રાંતમાં રહેતી યુહે–ચી જાતિના હતા.

(ii) કુજુલ કડફિસીસ આ વંશનો પ્રથમ રાજવી હતો. તેણે ભારતમાં કુશાણ સામ્રાજ્યનો પાયો નાખ્યો.

(iii) ત્યારબાદ તેનો પુત્ર વીમકડફિસીસે તેના પિતાના અધૂરા કાર્યને પૂરું કરીને કુશાણસામ્રાજ્યની સરહદ વિસ્તારી.

(iv) કનિષ્ક કુશાણવંશનો પ્રતાપી સમ્રાટ હતો. તેના પછી તેનો પુત્ર વસિષ્ક, પછી તેનો ભાઈ હવિષ્ક ગાદીએ આવ્યા. વાસુદેવ ૧લા પછી કુશાણવંશની પડતી થઈ.

૮. કનિષ્ક.........રાજકીય કારકિર્દી નીચે મુજબ છે.

(i) તે તા–યુહે–ચી જાતિની કુશાણશાખનો સૌથી પ્રતાપી રાજવી હતો.

(ii) તેણે કાશ્મીર, મગધ અને સાકેત જીત્યાં હતાં. તેણે ઉજ્જૈન તેમજ મથુરાના શક-ક્ષત્રપોને હરાવેલા. ચીન સાથેના યુધ્ધમાં તેણે ત્યાંના રાજાને હરાવીને કાશ્ગર, ખોતાન વગેરે પ્રદેશો મેળવ્યા.

(iii) તેણે પોતાના સામ્રાજ્ય પર દેખરેખ રાખવા માટે વહીવટી સુબાઓ (ક્ષત્રપો) ની નિમણૂંક કરી હતી. તેના મહાક્ષત્રપો તરીકે લિયાક તેમજ ખરપલ્લાન હતા, અને ક્ષત્રપ તરીકે વનસ્પર (ખરપલ્લાનનો પુત્ર) હતો.

(iv) તે બૌદ્ધધર્મનો ચુસ્ત અનુયાયી અને ઉત્સાહી પ્રચારક હતો. તેના સમયમાં કાશ્મીરમાં આવેલ કુંડલકાવિહાર ખાતે ચોથી બૌદ્ધપરિષદ ભરાઈ હતી. બૌદ્ધધર્મ પ્રત્યેની તેની સેવાઓને તેને 'બીજો અશોક' કહેવામાં આવે છે. ટૂંકમાં તે બૌધ્ધધર્મના ઇતિહાસમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

(v) તેના દરબારને વસુમિત્ર, અશ્વઘોષ, નાગાર્જુન, ચરક, જેવા વિદ્વાનો શોભાવતા હતા. તેણે પુરુષપુરમાં ૪૦૦ ફૂટ ઊંચો બૌધ્ધસ્તૂપ બંધાવ્યો તેમજ કાશ્મીરમાં કનિષ્કપુર નામે શહેર વસાવ્યું. આમ તે સાહિત્યકલાનો પોષક હતો.

(vi) તેને શક-સંવતનો પ્રવર્તક માનવામાં આવે છે. (ફર્ગુસન, ઓલ્ડનબર્ગ, થોમસ, બેનરજી, રાયચૌધરી.)

૯. **કુશાણોની સિદ્ધિઓ**........રાજકીય સિદ્ધિઓ.

૧. મૌર્યસામ્રાજ્યના પતન બાદ આ યુગમાં પ્રથમવાર ઉત્તર હિંદ અને મધ્યએશિયાના ઘણા પ્રદેશોને આવરી લેતું પ્રથમ વિશાળ સામ્રાજ્યનું સર્જન થયું.

૨. આ યુગમાં રાજાના દૈવી-અધિકારોનો સિદ્ધાંત સ્થપાઈ ચૂક્યો હતો.

૩. આ સમયમાં રાજાઓ મોટા ઇલ્કાબો ધારણ કરતા.

૪. કુશાણશાસનને લીધે વાયવ્ય સરહદના પ્રદેશમાં ઈરાની ઢબની વંશાનુગત ક્ષત્રપપ્રથા લાંબા સમય સુધી અમલમાં રહી હતી.

.... સાંસ્કૃતિક સિદ્ધિઓ.

૧. હિંદુ સમાજે કુશાણોને પોતાનામાં સમાવી લીધા અને એ રીતે ભારતીય સામાજિક માળખામાં જરૂરી ફેરફારો થયા.

૨. આ વંશે ભારતીય સંસ્કૃતિ માટે મધ્યએશિયા ને પૂ. એશિયાના દ્વાર ખુલ્લાં કર્યાં.

૩. આ યુગમાં ભક્તિપ્રધાન મહાયાન સંપ્રદાયનો પાદુર્ભાવ થયો.

૪. કુશાણુ રાજાઓ ધર્મસહિષ્ણુ હતા.

૫. કુશાણુ યુગ 'સાહિત્યિક પ્રવૃત્તિઓનો' યુગ કહેવાતો.

૬. આ યુગમાં શિલ્પકલાના ક્ષેત્રે મૂર્તિવિધાનની ગાંધારકલાનો ઉદય થયો.

૭. ભારતમાં કાલ-ગણુનાની વ્યવસ્થિત શરૂઆત કુશાણોના આગમનથી થઈ.

ટૂંકમાં રોલિન્સન જણાવે છે કે, 'ભારતીય સંસ્કૃતિના ઇતિહાસમાં કુશાણુયુગ ખૂબ જ અગત્યના યુગમાંનો એક છે.'

૧૦. પરદેશી આક્રમણોની ભારતીય સંસ્કૃતિ પર અસરો :

*** રાજકીય અસરો.........**પરદેશી શાસનને પરિણામે

૧. ભારતમાં રાજાના દૈવી–અધિકારના સિદ્ધાંતને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું.

૨. વાયવ્ય સરહદના પ્રાંતીય શાસનતંત્રમાં વંશાનુગત ક્ષત્રપોવાળી ઈરાની ઢબની ક્ષત્રપપ્રથા લાંબા સમય સુધી પ્રચલિત બની રહી હતી.

૦ સાંસ્કૃતિક અસરો.........પરદેશી શાસનને પરિણામે

૧. ભારતીય, ઈરાની, રોમ ને ચીન એમ ચાર સંસ્કૃતિઓનું મિલન થતાં વાયવ્ય સરહદના પ્રદેશોમાં 'સાંસ્કૃતિક સમાજ'નું સર્જન થયું.

૨. પરદેશીઓએ ભારતીય ધર્મનો અંગીકાર કરીને ભારતીય ધર્મના પ્રચારક બન્યા.

૩. પાશ્ચાત્ય દેશો સાથેના ભારતના વેપારી સંબંધો ગાઢ બન્યા.

૪. શિલ્પકલાને પરોક્ષ રીતે ઉત્તેજન મળ્યું અને તેમાંથી મૂર્તિવિધાનની ગાંધારશૈલીનો ઉદય થયો.

૫. ભારતમાં બેડોળ સિક્કાઓને સ્થાને સુંદર ને કલાત્મક સિક્કાઓ પ્રચલિત બન્યા.

૬. ભારતીય સાહિત્ય ને ભાષા પર પણ અસર થઈ. હિંદીઓ અને ગ્રીકોએ એકબીજાની ભાષાના ઘણા શબ્દો પોતાના સાહિત્યમાં અપનાવ્યા.

૭. ભારતીયો તેમના પાસેથી (ગ્રીકો પાસેથી) પડદા માટે વપરાતો 'યવનિકા' શબ્દનો પ્રયોગ શીખ્યા.

૮. ભારતીય ખગોળશાસ્ત્ર ને વૈદકશાસ્ત્ર પર પણ ભારે અસર પહોંચી.

ગુપ્તયુગ : સમ્રાટો

"કૂટનીતિલક્ષગ્નો ગુપ્તોની પરદેશનીતિમાં આગળ પડતું સ્થાન ધરાવે છે." —ડૉ. રાય ચૌધરી.

"જો ચંદ્રગુપ્ત મૌર્યે દેશને ગ્રીક–ગુલામીની ધૂંસરીમાંથી મુક્ત કર્યો, ચંદ્રગુપ્ત બીજાએ (વિક્રમાદિત્યે) પરદેશી શકોની સત્તાને નાબૂદ કરી, તો સ્કંદગુપ્તે ગુપ્તસામ્રાજ્યને અને દેશને હુણોના કબજામાંથી (આધિપત્યમાંથી) બચાવ્યું." —ડૉ. બી. પી. સિંહા.

* પ્રકરણની રૂપરેખા *

૧. ગુપ્તોનું કુળ (જાતિ),
૨. ગુપ્તવંશનો રાજકીય ઇતિહાસ.
- શરૂઆતના ગુપ્તો : ૧. શ્રી ગુપ્ત, ૨. ઘટોત્કચ.
- મહાન ગુપ્તો : ૩. ચંદ્રગુપ્ત, ૪. સમુદ્રગુપ્ત, ૫. ચંદ્રગુપ્ત બીજો (વિક્રમાદિત્ય.) ૬. કુમારગુપ્ત, ૭. સ્કંદગુપ્ત.
- ગૌણગુપ્તો :

૩. ગુપ્ત સામ્રાજ્યનું પતન : તેનાં કારણો.
૪. પરિશિષ્ટ : રામગુપ્તની સમસ્યા.

૧. ગુપ્તોનું કુળ (જાતિ) : એક વિવાદાસ્પદ સમસ્યા :

अ. પ્રાસ્તાવિક – ગુપ્તયુગ એ પ્રાચીન ભારતના ઇતિહાસમાં અદ્વિતીય સ્થાન ધરાવે છે, કારણ કે આ સમયે ભારતીય પ્રજાજીવનના દરેક ક્ષેત્રમાં અભૂતપૂર્વ પ્રગતિ સધાઈ હતી, પરિણામે તે 'સુવર્ણ યુગ' તરીકે ઇતિહાસમાં જાણીતો બન્યો. ચંદ્રગુપ્ત પહેલો, સમુદ્રગુપ્ત, ચંદ્રગુપ્ત બીજો (વિક્રમાદિત્ય), વગેરે આ યુગમાં મહાન સમ્રાટો થઈ ગયા, જેમણે ગુપ્તવંશને ભારતીય ઇતિહાસમાં અમર બનાવ્યો, પરંતુ આ રાજાઓના કુળ વિષે ખૂબ મતભેદો પ્રવર્તે છે.

ब. ગુપ્તોનું કુળ (જાતિ) – ગુપ્ત સમ્રાટો કોણ હતા અને કયા કુળ કે જાતિના હતા એ અંગે વિદ્વાનોમાં નીચે પ્રમાણે અનેક મતભેદો પ્રવર્તે છે.

(૧) ગુપ્તો બ્રાહ્મણ જાતિના હતા : ડૉ. રાયચૌધરીનું મંતવ્ય – કેટલાક વિદ્વાનો ગુપ્તોને બ્રાહ્મણ જાતિના (બ્રાહ્મણ વંશીય) માને છે.

આ માન્યતાના મુખ્ય પ્રણેતા ડૉ. રાયચૌધરી છે. આ મતના સમર્થકો નીચે પ્રમાણેની દલીલો રજૂ કરે છે.

અ. દલીલો : (૧) ગુપ્ત સમ્રાટ ચંદ્રગુપ્ત બીજાએ (વિક્રમાદિત્યે) પોતાની પુત્રી પ્રભાવતી ગુપ્તાનું લગ્ન સમકાલીન વાકાટક-વંશના રાજવી રૂદ્રદામન બીજા સાથે કર્યું હતું, જે બ્રાહ્મણવંશનો હતો, તેથી ગુપ્તો પણ બ્રાહ્મણો હોવાનું પૂરવાર થાય છે. (૨) વાકાટકની રાણી પ્રભાવતીને 'ધારણ ગોત્ર'ની બતાવવામાં આવી છે. તેનો પતિ 'વિષ્ણુ-વૃદ્ધ ગોત્ર'નો હતો, તેથી તેના પિતા (ચંદ્રગુપ્ત બીજો) પણ ધારણ ગોત્રના હશે. આ ગોત્ર 'બ્રાહ્મણ ગોત્ર' છે. આથી ગુપ્તવંશ પણ બ્રાહ્મણવંશીય હોવાનું પૂરવાર થાય છે.

બ. દલીલોનું ખંડન : પરંતુ ઉપરોક્ત દલીલો પોકળ પૂરવાર થાય છે : (૧) લગ્ન તો આંતરજ્ઞાતિય પણ થઈ શકે, એટલે લગ્નના આધારે જાતિ કે કુળ-નિર્ધાર થઈ શકે નહીં. (૨) ધર્મશાસ્ત્રો અનુસાર ક્ષત્રિય અને વૈશ્યકુળની વ્યક્તિ પોતાના બ્રાહ્મણ પુરોહિતનું ગોત્ર પણ ધારણ કરી શકતી. એટલે ગુપ્તોએ પણ તેમના બ્રાહ્મણ પુરોહિતનું ગોત્ર ધારણ કર્યું હોય એવો સંભવ છે. આથી ગુપ્તો બ્રાહ્મણ હોવાનું સિદ્ધ થતું નથી. ટૂંકમાં ડૉ. આર. સી. મજુમદારના મતે ઉપરોક્ત રાયચૌધરીનું મંતવ્ય સમસ્યારૂપ છે.

(૨) ગુપ્તો ક્ષત્રિય જાતિના હતા : ગૌરીશંકર ઓઝા ને ડૉ. ઉપાધ્યાયનાં મંતવ્યો –

પંડિત ગૌરીશંકર હીરાચંદ ઓઝા, ડૉ. વાસુદેવ ઉપાધ્યાય અને પ્રોફે. આર. ડી. બેનરજી ગુપ્તોને ક્ષત્રિય જાતિના હોવાનું માને છે, જેના સમર્થનમાં તેઓ નીચે મુજબની દલીલો રજૂ કરે છે.

અ. દલીલો : (૧) 'કૌમુદી મહોત્સવ' નામના નાટકમાં[1] 'સુન્દર-વર્મન' નામના ક્ષત્રિય રાજાનો ઉલ્લેખ આવે છે. તે નિઃસંતાન હોવાથી તેણે 'ચંડસેન'ને દત્તક પુત્ર તરીકે સ્વીકાર્યો. ધર્મશાસ્ત્રો મુજબ દત્તક લેનાર વ્યક્તિએ પોતાની જાતિમાંથી જ કોઈ વ્યક્તિનો દત્તક લેવો જોઈએ. આ

---

૧. રામકૃષ્ણ કવિ, આ સંસ્કૃત નાટકને સૌ પ્રથમ પ્રકાશમાં લાવ્યા હતા. જેની રચના કોઈ વિદુષી મહિલાએ કરી હતી, અથવા તો 'વિજ્જિકા' નામની લેખિકાએ કરી હતી. ડૉ. દિક્ષિતારના મતે આ નાટક ગુપ્તવંશની ઉત્પત્તિ અને ઉન્નતિ પર પર્યાપ્ત પ્રકાશ ફેંકે છે.

દૃષ્ટિએ વિચારતાં ચંડસેનને પણ સુન્દરવર્મનની જેમ ક્ષત્રિય માનવો પડે. આ ચંડસેન એ જ ચંદ્રગુપ્ત ૧ લો. તેથી ગુપ્તવંશના સમ્રાટો ક્ષત્રિય વંશ કે ક્ષત્રિય જાતિના હોવાનું સાબિત થાય છે. (૨) ચંદ્રગુપ્ત ૧ લાએ લિચ્છવી વંશની ક્ષત્રિય જાતિની રાજકુમારી કુમારદેવી સાથે લગ્ન કર્યું હતું. તેથી ચંદ્રગુપ્ત ૧ લાને પણ ક્ષત્રિય માનવો જોઈએ. પ્રોફે. આર. ડી. બેનરજીના મતે ગુપ્તો લિચ્છવીવંશના ક્ષત્રિય હતા. (૩) ધારવાડ (મુંબઈ પ્રાંત)માં આવેલ 'ગુત્તલ રાજા' પોતાને ઉજ્જૈન રાજવી ચંદ્રગુપ્ત બીજા (વિક્રમાદિત્ય) નો પૂર્વજ માનતો અને વિક્રમાદિત્યને સોમવંશી ક્ષત્રિય બતાવે છે. તેથી ગુપ્તવંશ 'ક્ષત્રિય' સિદ્ધ થાય છે. (૪) કોસલનરેશ શિવગુપ્તની 'સિરપુર પ્રશસ્તિ'માં પાછળના ગુપ્તસમ્રાટ (Later Gupta King) મહાશિવગુપ્તને 'ચંદ્રવંશી ક્ષત્રિય' કહ્યો છે. આ પરથી અનુમાન કરવામાં આવેલ છે કે પૂર્વવર્તી શાહી ગુપ્તવંશ (Imperial Gupta Dynasty) પણ ક્ષત્રિયવંશનો હતો. (૫) 'આર્યમંજુશ્રીમૂલકલ્પ'માં ગુપ્તોને 'ક્ષત્રિયજાતિના' કહ્યા છે.

બ. દલીલોનું ખંડન – પરંતુ ઉપરોક્ત સબળ દલીલો નિર્બળ પૂરવાર થાય છે : (૧) મોટાભાગના વિદ્વાનો 'કૌમુદી મહોત્સવ' માં ઉલ્લેખિત ચંડસેન, ચંદ્રગુપ્ત ૧લો એવું સમીકરણ સ્વીકારતા નથી. (૨) લિચ્છવી રાજકુમારી સાથેનું ચંદ્રગુપ્ત ૧ લાનું લગ્ન આંતરજ્ઞાતિય પણ હોય શકે, તેથી લગ્નના આધારે વ્યક્તિની જાતિ (કે કુળ) નિર્ધારિત કરવી મુશ્કેલ છે. (૩) ગુપ્તો પછી ઘણા સમયે ગુત્તલરાજાઓનો લેખ કોતરાયેલ છે, એટલે તે વિશ્વાસનીય ન કહી શકાય. (૪) પાછળના (Later) અને પૂર્વવર્તી ગુપ્તવંશ વચ્ચે કોઈ સંબંધ હતો કે નહીં, એ ચોક્કસપણે કહેવું મુશ્કેલ છે. (૫) 'આર્યમંજુશ્રીમૂલકલ્પ' ગ્રંથમાં અનેક અવિશ્વસનીય બાબતો આવે છે.

(૩) ગુપ્તો વૈશ્યજાતિના હતા : એલન, આયંગર ને આલ્તેકરનાં મંતવ્યો –

એલન, આયંગર અને ડૉ. આલ્તેકર ગુપ્તોને વૈશ્ય જાતિના સ્વીકારે છે.

અ. દલીલો – વિષ્ણુપુરાણ મુજબ વૈશ્યોના નામની પાછળ 'ગુપ્ત' શબ્દ પ્રયોગ હોવો જોઈએ. ગુપ્તવંશના બધા જ રાજાઓના નામની પાછળ 'ગુપ્ત' શબ્દ આવે છે, તેથી તેઓ વૈશ્ય જાતિના હોવાની પ્રતીતિ થાય છે.

બ. દલીલોનું ખંડન – પરંતુ આ મંતવ્ય પણ દોષપૂર્ણ છે, કારણ કે નામને છેડે 'ગુપ્ત' શબ્દ વાળી અનેક વ્યક્તિઓ અન્ય જાતિઓમાં (કુળમાં) પણ જોવા મળે છે. દા. ત., જ્યોતિષી બ્રહ્મગુપ્ત, બૌદ્ધસાધુ ઉપગુપ્ત.

(૪) ગુપ્તો શુદ્ર જાતિના હતા : ડૉ. જયસ્વાલનું મંતવ્ય –

ડૉ. કે પી. જયસ્વાલ – ગુપ્તોને શુદ્ર જાતિના માને છે જેના સમર્થનમાં તેઓ નીચે મુજબની દલીલો કરે છે.

અ. દલીલો (૧) ગુપ્તોના કોઈપણ અભિલેખમાં તેમની જાતિ (કે કુળ) અંગે ઉલ્લેખ નથી, જે પરથી અનુમાન થઈ શકે તેઓ શુદ્રો હતો. (૨) 'કૌમુદી મહોત્સવ' માં ચંડસેનને 'કારસ્કર' કહેવામાં આવ્યો છે. બૌધાયન સૂત્ર મુજબ 'કારસ્કર' નિમ્ન જાતિનો (હલકા કુળનો) હતો. આ આધારે ડૉ. જયસ્વાલ ચંડસેનને (ચંદ્રગુપ્ત ૧લાને) શુદ્ર માને છે (૩) વાકાટકની રાણી પ્રભાવતી ગુપ્તા 'ધારણ ગોત્રીય' હતી, તેણે (પ્રભાવતીએ) કોતરાવેલ પુના તામ્રલેખમાં પોતાના પિતા ચંદ્રગુપ્ત ૧લાને ધારણ ગૌત્રનો કહ્યો છે. જયસ્વાલના કથન મુજબ અમૃતસરના જાટ પણ પોતાનું ગોત્ર 'ધરણી' બતાવે છે, તેથી ગુપ્તો નિમ્ન કુળના પૂરવાર થાય છે.[૨] (૪) 'ચાન્દ્ર વ્યાકરણ' માં લખ્યુ છે કે "જાટે હૂણોને જીત્યા." આ 'જાટ' એ સ્કંદગુપ્ત હતો એવું જયસ્વાલ માને છે.

બ. દલીલોનું ખંડન : પરંતુ ઉપરોક્ત દલીલો ભ્રામક માલુમ પડે છે. (૧) પ્રયાગ–પ્રશસ્તિમાં ગુપ્તોની જાતિ અંગે કોઈ ઉલ્લેખ થયો નથી. તેથી ત્યારબાદના લેખોમાં પણ તેમની જાતિ અંગે ઉલ્લેખ થઈ શક્યો નથી. વળી અભિલેખોમાં જાતિનો ઉલ્લેખ નથી, તેથી તેમને શુદ્રો જ કહેવા એ હાસ્યાપદ નથી લાગતું ! (૨) મોટાભાગના વિદ્વાનો 'કૌમુદી મહોત્સવ'ના ચંડસેનને ચંદ્રગુપ્ત ૧લા તરીકે માનવા તૈયાર નથી. 'કારસ્કર' શબ્દનો પ્રયોગ પાપી (ચંડાલ) વ્યક્તિ પ્રતિ તિરસ્કાર દર્શાવવા માટે કરવામાં આવ્યો છે. આવા સંજોગોમાં આ શબ્દ જાતિસૂચક બની શકે નહીં. (૩) પ્રભાવતી ગુપ્તાના 'ધારણ ગોત્ર' અને અમૃતસરના જાટોના 'ધરણી ગોત્ર' વચ્ચે કોઈ સંબંધ છે કે નથી, એ ચોક્કસપણે કહી શકાય તેમ નથી. બીજુ, દરેક વ્યકિતને પોતાના બ્રાહ્મણ પુરોહિતનું ગોત્ર ધારણ કરવાની છૂટ હતી, તો પછી ગોત્રના આધારે કોઈની જાતિ નકકી કરવાનું કાર્ય કેવી રીતે થઈ શકે ? (૪) 'ચાન્દ વ્યાકરણમાં 'જાટ' લખ્યું છે કે પછી 'જાર્ત' કે 'જપ્ત' લખ્યું છે, એ અંગે નિશ્ચિતરૂપે કંઈ કહી શકાય નહીં.

क. નિષ્કર્ષ : નિષ્કર્ષ સ્વરૂપે એટલું જ કહી શકાય કે ઉપરોકત પરસ્પર વિરોધી તર્ક–વિતર્કોની વચમાં ગુપ્તોની જાતિનો પ્રશ્ન આજે પણ એટલોજ

૨. K. P. Jayaswal : An Imperial History of India P. 53

અનિશ્ચિત છે, જેટલો પ્રારંભ હતો. તેમ છતાં મોટા ભાગનાં વિદ્વાનો ગુપ્તોને ક્ષત્રિય માનવાનું ઉચિત લેખે છે.[૩]

૨. ગુપ્તવંશનો રાજકીય ઇતિહાસ :

ગુપ્તવંશ એ પ્રાચીન ભારતના ઇતિહાસમાં અનુપમ સ્થાન ધરાવે છે. કારણકે આ વંશના ઉદય સાથે ફરીથી એકવાર શક્તિશાળી સામ્રાજ્યની સ્થાપના થઈ. જેમાં ચંદ્રગુપ્ત ૧લો, સમુદ્રગુપ્ત, ચંદ્રગુપ્ત બીજો, કુમારગુપ્ત, સ્કંદગુપ્ત જેવા મહાન રાજવીઓ થઈ ગયા. આ શક્તિશાળી રાજવીઓના ગુપ્તવંશના રાજકીય ઇતિહાસને અભ્યાસની સરળતા ખાતર ત્રણ વિભાગમાં વહેંચી શકાય.

ક. શરૂઆતના ગુપ્તો.

ખ. મહાન ગુપ્તો.

ગ. ગૌણ ગુપ્તો.

ક. શરૂઆતના ગુપ્તો :

૧. શ્રીગુપ્ત (ઇ. સ. ૨૪૦–૨૮૦) :

શ્રીગુપ્ત એ ગુપ્તવંશનો સ્થાપક હતો, ભારહૂતસ્તૂપમાં 'વિસદેવ' રાજાનો ઉલ્લેખ આવે છે, જે ગોપ્તિપુત્ર (ગુપ્તકુળની સ્ત્રીનો પુત્ર) હતો. આ ગુપ્તકુળના વીર-પુરુષ શ્રીગુપ્તે ગુપ્તવંશનો પ્રારંભ કર્યો.[૪] આમ શ્રીગુપ્ત એ મગધના ગુપ્તવંશનો સ્થાપક હતો.[૫] તેણે મહારાજાનો સાદો ઇલ્કાબ ધારણ કર્યો. ચીની મુસાફર

---

૩. The fact remains that the silence of the Guptas about their gotra is not only intriguing but also seems to be deliberate. B. G. Gokhale : Samudra Gupta : life & times, P. 26.

૪. सत्यकेतु विद्यालंकार : भारतका प्राचीन इतिहास, पृ. ५०६

૫. 'શ્રીગુપ્ત'માં 'શ્રી' શબ્દ એ આદરસૂચક શબ્દ છે. જો 'શ્રી' શબ્દ આખા નામનો એક ભાગ હોય તો ગુપ્તોના અભિલેખોમાં 'શ્રી શ્રીગુપ્ત' એમ ઉલ્લેખ હોત. (Dr. R. K. Mookerji : The Gupta Empire, P. 11) ઇત્સિંગે પણ અભિલેખોની જેમ આદર દર્શાવવા માટે ગુપ્ત નામની સાથે 'શ્રી'નો પ્રયોગ કર્યો છે. આમ હકીકતમાં તેનું નામ 'ગુપ્ત' હતું, 'શ્રીગુપ્ત' નહીં. આ મતને ડૉ. રાધાકુમુદ મુકર્જી,

ઇત્સિંગના મતે ચેલિકિતો (Chelikito) નામના રાજવીએ નાલંદાથી ૨૫૦ માઈલ દૂર પૂર્વમાં આવેલા મૃગશિખાવન પાસે ચીની બૌદ્ધયાત્રિકોના રહેઠાણ માટે એક વિહાર બંધાવ્યો અને તેના નિભાવ માટે ૨૪ ગામડાંઓ દાનમાં આપ્યાં. ચોલકિતોનું ભારતીય રૂપાંતર શ્રીગુપ્ત થાય છે. તેણે 'મહારાજા'નો ધારણ કરેલો સાદો ઇલકાબ બતાવે છે કે, તે મગધના નાના પ્રદેશનો સ્થાનિક રાજવી હતો.[૬]

૨. ઘટોત્કચ (ઈ. સ. ૨૮૦–૩૧૯)[૭]

શ્રીગુપ્ત પછી તેનો પુત્ર અને ઉત્તરાધિકારી ઘટોત્કચ મગધની ગાદીએ આવ્યો. તેણે પણ 'મહારાજા'નો ઇલકાબ ધારણ કર્યો હતો. વૈશાલીમાં પ્રાપ્ત થયેલ એક સિક્કા પર 'ઘટોત્કચ ગુપ્ત' નામ અંકિત થયેલું છે. ડૉ. બ્લોચ (Dr. Bloch)ના મતે શ્રી ઘટોત્કચગુપ્ત એ ગુપ્તવંશનો બીજો રાજા હતો.[૮]

ખ. મહાન ગુપ્તો (સામ્રાજ્યવાદી ગુપ્તો) :

૩. ચંદ્રગુપ્ત ૧ લો (ઈ. સ. ૩૨૦–૩૨૫)

ઘટોત્કચ પછી ચંદ્રગુપ્ત ૧ લો મગધની ગાદીએ આવ્યો. તેણે 'મહારાજાધિરાજ'નો ઇલ્કાબ ધારણ કર્યો હતો, જે દર્શાવે છે કે તે પોતાના પૂરોગામીઓ કરતાં અધિક શક્તિશાળી શાસક હતો. તેના શાસનકાળના મુખ્ય બનાવોની નોંધ આ પ્રમાણે કરી શકાય.

૧. વૈશાલીની લિચ્છવી કન્યા સાથે લગ્ન : તેણે વૈશાલીની લિચ્છવી રાજકુમારી કુમારદેવી સાથે લગ્ન કર્યું. આ લગ્નસંબંધે મગધના ઉત્કર્ષમાં મહાન ભાગ ભજવ્યો હતો; કેમકે લિચ્છવી કુટુંબની સહાયથી તેણે પોતાના રાજ્યનો વિસ્તાર કર્યો. ગુપ્તવંશ માટે ચંદ્રગુપ્ત ૧ લાનો આ લગ્નસંબંધ ખૂબ

ડૉ. મજુમદાર, ડૉ. સ્મીથ, ડૉ. જયસ્વાલ ઇત્યાદિ વિદ્વાનો સમર્થન આપે છે, પરંતુ ડૉ. રાયચૌધરી, ફ્લીટ, આયંગર વગેરે વિદ્વાનો આ મતનો વિરોધ કરે છે.

૬. R. Sathianathaier : History of India, Vol I., P. 216 અને Dr. R. S. Tripathi : H. A. I., P. 238.

૭. એલન તેના રાજ્યકાળનો સમય ઈ. સ. ૩૦૦ થી ૩૨૦ સુધીનો માને છે.

૮. આ મંતવ્યના વિરોધમાં ડૉ. આર. કે. મુકર્જી, ડૉ. વાસુદેવ ઉપાધ્યાય અને ડૉ. ડી. આર. ભાંડારકરના વિચારો માનનીય છે.

મહત્ત્વનો નીવડયો. ડૉ. રમાશંકર ત્રિપાઠીના મતે 'His alliance with the Licchavis...was evidently proved a turning-point in the fortunes of the Guptas.'[૯] ડૉ. એલનના મતે પ્રાચીન સમયમાં સામાજિક પ્રતિષ્ઠા ધરાવતી એવી લિચ્છવી જાતિ સાથેનો ગુપ્તોનો લગ્નસંબંધ અધિક મહત્ત્વનો પૂરવાર થયો, પરંતુ ડૉ. આર. સી. મજુમદાર આ લગ્નસંબંધને સામાજિક દૃષ્ટિએ નહીં પરંતુ રાજકીય દૃષ્ટિએ મહત્ત્વનું ગણે છે, કારણ કે તે સમયે વૈશાલીનું લિચ્છવી રાજ્ય શક્તિશાળી હતું. આથી આ લગ્નસંબંધને પરિણામે વૈશાલીનું રાજ્ય ચંદ્રગુપ્ત ૧ લાના શાસન હેઠળ આવ્યું, જેથી તેની સત્તા તેમજ પ્રતિષ્ઠામાં અધિક વધારો થયો, અને તેણે 'મહારાજા' ને બદલે 'મહારાજાધિરાજ' જેવી અધિક ગૌરવપૂર્ણ ઉપાધિ ધારણ કરી. તેણે પોતાની સત્તા અને પ્રતિષ્ઠાની પ્રતીતિ કરાવવા સોનાના સિક્કાઓ પડાવ્યા ને ગુપ્તસંવત શરૂ કર્યો. ડૉ. સ્મીથ તો આ લગ્નસંબંધને વધુ પડતું મહત્ત્વ પ્રદાન કરે છે.[૧૦]

૨. રાજ્યવિસ્તાર : લિચ્છવીઓની સહાયથી તેણે પોતાના રાજ્યનો વિસ્તાર કર્યો. પુરાણોના વિવરણ મુજબ તેનું રાજ્ય દક્ષિણબિહાર, પ્રયાગ, સાકેત અને આસપાસના પ્રદેશો સુધી ફેલાયેલું હતું, જે તેના 'મહારાજાધિરાજ'ના ઇલકાબને શોભાવે એટલું વિશાળ કહી શકાય.

૩. ગુપ્તસંવત : ચંદ્રગુપ્ત ૧ લાનો રાજ્યારોહણ ઈ. સ. ૩૨૦ માં ફેબ્રુઆરીની ૨૬ મી તારીખે થયો હતો; અને તે જ તારીખથી તેણે ગુપ્તસંવત શરૂ કરાવ્યો. તેના અનુગામી ગુપ્ત રાજવીઓએ આ સંવત ચાલુ રાખ્યો. આ સંવત લગભગ ૬૦૦ વર્ષ સુધી ચાલુ રહ્યો હતો. ડૉ. ફ્લીટના મતે ચંદ્રગુપ્ત ૧ લો ગુપ્તસંવતનો સંસ્થાપક હતો. આમ ગુપ્તસંવતે આ યુગના કાલાનુક્રમ માટે પાયો નાખ્યો.[૧૧]

૪ – ૧ : સમુદ્રગુપ્ત : કારકિર્દિ અને સિદ્ધિઓ
(ઈ. સ. ૩૩૫–૩૭૫)

અ. પૂર્વજીવન – સમુદ્રગુપ્ત એ ચંદ્રગુપ્ત પહેલાનો 'જયેષ્ઠ' નહીં પરંતુ શ્રેષ્ઠ' પુત્ર હતો. તેના પ્રારંભિક જીવન વિષે ખાસ માહિતી મળતી નથી.

---

૯. Dr. R. S. Tripathi : Op. Cit., P. 31.
૧૦. Dr. Smith : E. H. I., PP. 95–96.
૧૧. H. H. Dodwell (Ed) : C. S. H. I., P. 68.

અલાહાબાદ પાસેના સ્તંભલેખ પર રાજકવિ હરિષણે કોતરેલી સમુદ્રગુપ્તની પ્રશસ્તિ તેનો ઇતિહાસ જાણવાનું મુખ્ય અને મહત્ત્વનું સાધન છે. (મજુમદાર) નાનપણથી તે ચાલાક હતો. તેણે શસ્ત્રની યોગ્ય તાલીમ અપાઈ હતી. આ સાથે તે સાહિત્ય, સંગીત ને કલામાં પણ નિપુણ હતો. તે તેના અન્ય ભાઈઓમાં સૌથી યોગ્ય હતો. એટલે તો તેના પિતા ચંદ્રગુપ્તે પોતાના શાસનના અંતભાગમાં સમુદ્રગુપ્તને પોતાના ઉત્તરાધિકારી તરીકે પસંદ કર્યો, પરંતુ ચંદ્રગુપ્ત ૧લાના અવસાન પછી ' કાચ ' નામનો સમુદ્રગુપ્તનો મોટોભાઈ ગાદીએ આવ્યો. આથી તેને ગાદી માટે કાચ સાથે સંઘર્ષમાં ઉતરવું પડયું, જેમાં સમુદ્રગુપ્તને સફળતા મળી હતી.

ગ. કારકિર્દી અને સિદ્ધિઓ – સમુદ્રગુપ્તના દરબારી કવિ હરિષેણ રચિત ૩૩ લીટીની પ્રયાગ–પ્રશસ્તિમાં તેણે (સમુદ્રગુપ્તે) સિદ્ધ કરેલા દિગ્વિજયો અને તેની સાંસ્કૃતિક સિદ્ધિઓની સુંદર માહિતી આપવામાં આવી છે.

૧. સામ્રાજ્યવાદી નીતિ (ગુપ્ત સામ્રાજ્યના સર્જન માટેના પ્રયાસો)

(ક) રાજકીય આદર્શ – સમુદ્રગુપ્તનો રાજકીય આદર્શ "દિગ્વિજય અને ભારતના રાજકીય એકકરણીનો" હતો. તેની સામે ઉદાહરણરૂપે મહાપદ્મનંદ અને ચંદ્રગુપ્તમૌર્યનો આદર્શ હતો. પોતાના રાજકીય આદર્શમાં તે અશોકથી તદ્દન વિરુદ્ધ હતો. તેણે અશોકની શાંતિમય અને ધર્મવિજયની નીતિની અવહેલના કરીને તેના (અશોક) જ સ્તંભ પર નીચેની ખાલી જગ્યામાં સામ્રાજ્યવાદી આદર્શની અને દિગ્વિજયની પ્રશસ્તિ અંકિત કરાવી. તેના રાજકીય આદર્શની અશોકની સાથે તુલના કરતાં ડૉ. **રાધાકુમુદ મુકર્જી** લખે છે કે, 'અશોક શાંતિ તથા અહિંસાનો પૂજારી હતો, જ્યારે સમુદ્રગુપ્ત યુદ્ધ અને આક્રમણના સિદ્ધાંતનો પ્રતિનિધિ (પૂજારી) હતો. અશોકને યુદ્ધમાં મેળવેલા વિજયો સામે ઘૃણા હતી, જ્યારે સમુદ્રગુપ્તને વિજયની જ તૃષ્ણા હતી.'[૧૨] પોતાની વિસ્તારવાદી અને યુદ્ધનીતિની બાબતમાં સમુદ્રગુપ્ત મૌર્યરાજવી અશોકથી સંપૂર્ણ વિરોધાભાસી હતો, જેનો આદર્શ શાંતિ અને ધર્મ હતો.[૧૩] ટૂંકમાં તે પ્રારંભથી જ સમસ્ત દેશને પોતાના આધિપત્ય હેઠળ લાવીને '**ચક્રવર્તી રાજા બનવાના પ્રાચીન ક્ષત્રિય આદર્શથી**' પ્રેરાયેલો હતો.

ખ. દિગ્વિજયો : ગાદીએ આવ્યા પછી તેણે રાજ્ય વિસ્તાર માટે–

---

૧૨. डॉ. राधाकुमुद मुकर्जी : प्राचीन भारतीय विचार और विभूतियाँ, पृ. १३३

૧૩. डा. रमाशंकर त्रिपाठी : प्राचीन भारतका इतिहास, पृ. १८२.

આમ સામ્રાજ્યના સર્જન માટે—અભૂતપૂર્વ લશ્કરી કારકિર્દી આરંભી. પ્રયાગ-પ્રશસ્તિના આધારે તેણે સિદ્ધ કરેલા દિગ્વિજયોને નીચે પ્રમાણે વહેંચી નાખવામાં આવેલ છે.

(૧) આર્યાવર્તનું પ્રથમ યુદ્ધ : સૌ પ્રથમ તેણે ઉત્તરભારત (આર્યાવર્ત)ને પોતાના આધિપત્ય નીચે લાવવા માટે આર્યાવર્તનું પ્રથમ યુદ્ધ કર્યું, જેમાં તેણે (૧) અચ્યુત, (૨) નાગસેન, (૩) ગણપતિનાગ (પ્રશસ્તિમાં માત્ર 'ગ'...છે) અને (૪) કોટકુલજ એ ચાર રાજાઓને હરાવી તેમનાં રાજ્યો ઉખેડી નાખ્યાં અને કોટકુલજને કેદી કર્યો.

(૨) દક્ષિણાપથનું યુદ્ધ : આર્યાવર્તના પ્રથમ યુદ્ધ બાદ તેણે દક્ષિણ ભારતના કુલ ૧૨ રાજ્યોના રાજાઓને હરાવ્યા : (૧) કોશલનો મહેન્દ્ર, (૨) મહાકાંતારનો વ્યાઘ્રરાજ, (૩) કોરાલનો ગંતરાજ, (૪) પિષ્ટપુરનો મહેન્દ્રગિરિ, (૫) કોટ્ટુરનો સ્વામિદત્ત, (૬) એરન્ડપલનો દમન, (૭) કાંચીનો વિષ્ણુગોપ (૮) અવમુકતનો નીલરાજ, (૯) વેન્ગીનો હસ્તિવર્મન, (૧૦) પાલક્કનો ઉગ્રસેન, (૧૧) દેવરાષ્ટ્રનો કુબેર અને (૧૨) કુસ્થલપુરનો ધનંજય. કાંચીના પલ્લવગુપ્તે રાજવી વિષ્ણુગોપની નેતાગીરી હેઠળ એકઠા થયેલા ઉપરની યાદીમાંના નં. ૮ થી ૧૨ રાજવીઓના સંઘે સમુદ્રગુપ્તને હરાવ્યો હતો, એવું પ્રોફે. દુબ્રીયાનું મંતવ્ય અયોગ્ય છે.

સમુદ્રગુપ્તે દક્ષિણનાં આ બધા રાજ્યોના રાજાઓને હરાવીને તેમનાં રાજ્યો ખાલસા કરવાને બદલે તેમની પાસેથી પોતાનું ચક્રવર્તીપણું કબૂલ કરાવીને તેમનાં રાજ્યો તેમને પાછાં સોંપી દીધાં. આમ તે દક્ષિણ રાજ્યો સાથેના વર્તાવમાં "સર્વરાજગ્રહણમોક્ષાનુગ્રહ" નીતિને અનુસર્યો.[૧૪] બીજા શબ્દોમાં કહીએ તો દક્ષિણના રાજ્યોના સંબંધમાં તે '**ધર્મવિજયી**' તરીકે વર્ત્યો. ટૂંકમાં His south Indian campaign was in the nature of an Asvamedha campaign.

---

૧૪. (અ) ગ્રહણ (દુશ્મનને પકડવો—હરાવવો). (બ) મોક્ષ (ત્યારબાદ તેની પાસેથી શરણાગતિ સ્વીકારાવીને તેને મુક્ત કરવો અને (ક) અનુગ્રહ (તેનું રાજ્ય ખાલસા કરવાને બદલે તેને તેનું રાજ્ય પાછું સોંપવું. તેને ફરીથી તેના રાજ્યમાં પ્રસ્થાપિત કરવો. The twelve kings were captured, then freed and reinstated in their territories.

(૩) આર્યાવર્તનું બીજું યુદ્ધ – દક્ષિણાપથના વિજય બાદ તેણે આર્યાવર્તના નવ રાજાઓ–રૂદ્રદેવ, મતિલ, નાગદત્ત, ચંદ્રવર્મન, ગણપતિનાગ, નાગસેન, અચ્યુત, નંદિન અને બલવર્મન–ને હરાવીને તેમનાં રાજ્યો ખાલસા કરીને ગુપ્ત સામ્રાજ્યમાં ભેળવી દીધાં.[૧૫] આમ આ રાજ્યોના મામલામાં તેણે 'ruthless annexation' ની નીતિનું અનુકરણ કર્યું. ટૂંકમાં તેના આર્યાવર્તના (ઉત્તરના) વિજયને 'દિગ્વિજય' કે 'અસુરવિજય' કહી શકાય. આમ સમગ્ર આર્યાવર્તમાં નાનાં નાનાં રાજ્યોને બદલે એક છત્રછાયા નીચે વિશાળ સામ્રાજ્ય સ્થાપીને લશ્કરી દૃષ્ટિએ આર્યાવર્તને મજબૂત બનાવ્યુ અને ત્યાં તેણે પોતાનું એકચક્રી શાસન સ્થાપ્યું.

(૪) આટવિક રાજ્યનો પરાભવ – આર્યાવર્તના બીજા યુદ્ધ પછી તેણે દક્ષિણ તરફ કૂચ કરી અને વિજયકૂચના માર્ગમાં આવતાં ૧૮ આટવિક રાજ્યો–જંગલ પ્રદેશનાં રાજ્યો–(ફ્લીટના મતે મધ્યભારતના ગાઝીપુર ને જબલપુરમાં આવેલાં રાજ્યો)ને હરાવ્યાં. અને તેમને પોતાની સેવામાં નિયુક્ત કર્યા.[૧૬]

(૫) સરહદી રાજ્યોની જીત : પ્રા. બી. જી. ગોખલેના મત મુજબ ઉપરના વિજયોએ એક અજેય વિજેતા તરીકેની સમુદ્રગુપ્તની ખ્યાતિ દૂરના પ્રદેશો સુધી ફેલાઈ.[૧૭] પરિણામે સામ્રાજ્યની **પૂર્વ સરહદે** આવેલ સમતટ (ગંગા–બ્રહ્મપુત્રાની ખીણ) દાવક (ઢાકાની આસપાસનો પ્રદેસ), કામરૂપ (આસામ) અને **ઉત્તર સરહદે** આવેલ નેપાલ તેમજ કર્તૃપુર (જલંદર જિલ્લામાં) એ **પાંચ રાજાશાહી** રાજ્યોએ, તથા **પશ્ચિમ સરહદે** આવેલ, માલવ આર્જુનાયન, યૌધેય, મદ્રક, આભિર, પ્રાર્જુન, સનકાનીક, કાક અને ખરપરિક એ **નવ ગણરાજ્યોએ** સામે ચાલીને સમ્રાટનું આધિપત્ય સ્વીકાર્યું અને ખંડિયા રાજાઓ તરીકે તેમણે (i) અનેક પ્રકારના કર આપવાનું (સર્વકરદાન) (ii) સમ્રાટના આદેશાનું પાલન કરવાનું (આજ્ઞાકરણ) (iii) સમ્રાટ પ્રત્યે નમ્રભાવના

---

૧૫. પ્રા. રેપ્સનના મતે આર્યાવર્તનાં આ નવ રાજ્યોને પુરાણોમાં 'નવ નાગરાજાઓ' (Nine Naga Kings) તરીકે ઓળખવામાં આવે છે, એટલે ગુપ્તવંશ માટે 'ગરૂડ' એ યોગ્ય ચિન્હ છે, કારણ કે જેમ ગરૂડ પક્ષી નાગો (સાપઃ serpent)ને ખાય જાય છે તેમ આ વંશે નાગવંશનો અંત આણ્યો.

૧૬. પરિવ્રાજક વંશના રાજા બસ્તી (King Basti)નાં અભિલેખમાં ૧૮ આટવિક રાજ્યો (Forest Kingdoms)નો ઉલ્લેખ આવે છે.

૧૭. B. G. Gokhle : op. op. cit., P. 52.

રાખવાનું (પ્રણામ) અને (iv) અવારનવાર સમ્રાટના દરબારમાં હાજરી આપવાનું (આવાગમન) કબૂલ કર્યું.

ગ. પરરાજ્યો સાથે સંબંધ : સમુદ્રગુપ્તની કીર્તિથી આકર્ષાઈને સામ્રાજ્યની સરહદની પેલેપાર આવેલાં સ્વતંત્ર રાજ્યોના શાસકો–(i) દેવપુત્ર-શાહિ (પંજાબના કુષાણો) (ii) શાહાનુશાહિ (કાબુલ ખીણના કુષાણો), (iii) શકો (ઉત્તર ભારતના) અને (iv) મુરુન્દો–એ તેનું આધિપત્ય સ્વીકાર્યું તેમજ (૧) તેમણે સમ્રાટ પ્રતિ પોતાની શ્રદ્ધાની ઘોષણા (આત્મ–નિવેદન કરી), તેની તહેનાતમાં પોતાની કન્યાઓને મોકલતા (કન્યોપાયન) અને (૩) પોતાના રાજ્યમાં ગરુડની છાપવાળી ગુપ્તમુદ્રાઓ ચલાવવા માંગણી કરી. (ડાં. જયસ્વાલ) અથવા તો પોતાના રાજ્યમાં વહીવટ માટે ગરુડ ચિહ્નવાળા આજ્ઞા-પત્રની તેની પાસે માંગણી કરી (ડૉ. આલ્તેકરને ડૉ. મજુમદાર). લંકાના રાજવી મેઘવર્ણે (ઈ. સ. ૩૫૨–૩૭૯) પણ સમુદ્રગુપ્તની સાથે મૈત્રી–સંબંધ બાંધ્યો, અને તેણે લંકાના બૌદ્ધ યાત્રાળુઓ માટે બોધિ–ગયામાં વિહાર (મઠ) બાંધવાની પરવાનગી માટે એક દૂતમંડળને સમુદ્રગુપ્તના દરબારમાં મોકલ્યું. સમુદ્રગુપ્તે આ અંગે મેળવવા પરવાનગી આપી હતી, અને એ રીતે તેના સમયથી વિશાળ ભારતના શ્રીગણેશ મંડાયા.[૧૮]

આ રીતે સફળ લશ્કરી કાર્કિર્દીથી સમુદ્રગુપ્તે ઉત્તર ભારતનાં નવ રાજ્યો, દક્ષિણાપથનાં બાર રાજ્યો, અઢાર આટવિક રાજ્યો, પાંચ રાજાશાહી સરહદી રાજ્યો અને નવ ગણતંત્રી સરહદી રાજ્યો જીતીને ગુપ્ત સામ્રાજ્યનું સર્જન કર્યું. માટે જ ડૉ. **સ્મીથ** આ મહાન યુદ્ધ વિશારદ રાજવીને 'ભારતનો નેપોલિયન' તરીકે બિરદાવે છે.[૧૯] **બી. જી. ગોખલે** તો તેને 'અજેય મનાતા રાજાઓનો અજેય વિજેતા કહે છે.'[૨૦] પરંતુ ગુપ્ત સામ્રાજ્યનું સર્જન કરવા માટે તેણે અપનાવેલી સામ્રાજ્યવાદી નીતિ અદ્વિતીય હતી, કારણકે સંજોગો પ્રમાણે ભિન્ન ભિન્ન રાજ્યોના મામલામાં આ નીતિ અલગ અલગ સ્વરૂપ ધારણ કરતી, જેમકે તે ઉત્તરનાં રાજ્યોના મામલામાં **અસુરવિજયી** નીતિને અનુસર્યો, એટલે કે તેણે આ રાજ્યોને હરાવી ખાલસા કરીને

---

૧૮. डॉ. राधाकुमुद मुकर्जी : प्राचीनभारत, पृ. ९७,

૧૯. Dr. V. Smith : The Early History of India pr 306.

૨૦. B. G. Gokhale : op. cit. p. 68.

પોતાના સામ્રાજ્યમાં ભેળવી દીધાં, દક્ષિણનાં રાજ્યોના મામલામાં તે **ધર્મ-વિજયની** નીતિને અનુસર્યો, એટલે કે આ રાજ્યોને હરાવ્યાં; પરંતુ તેમને ખાલસા કરવાને બદલે તેમની પાસેથી શરણાગતિ સ્વીકારાવીને તેમનાં રાજ્યો પાછાં સોંપવામાં આવ્યાં અને સરહદી રાજાશાહી તેમજ ગણરાજ્યોએ તેના વિજયોથી પ્રભાવિત થઈને સામે ચાલીને સમુદ્રગુપ્તનું સાર્વભૌમત્વ સ્વીકાર્યું.[૨૧] ટૂંકમાં સમુદ્રગુપ્ત એક મહાન સામ્રાજ્ય-સર્જક હતો. તેના સામ્રાજ્યની સરહદ ઉત્તરે હિમાલયથી દક્ષિણે નર્મદા સુધી અને પૂર્વે બ્રહ્મપુત્રાથી પશ્ચિમે જમના અને ચંબલ નદી સુધી ફેલાયેલી હતી.

૨. આંતરિક નીતિ –

ક. શાસનનીતિ – પ્રોફેસર આર ડી. બેનરજીના મંતવ્ય મુજબ સમુદ્રગુપ્તે શાસનપ્રણાલિને પુનઃ સંગઠિત કરી, તેણે નોકરશાહી પ્રથા (official system) માં જરૂરી સુધારાવધારા કર્યો, તેનું શાસનતંત્ર અત્યંત કાર્યદક્ષ હતું.

૧. **સમ્રાટ** – કેન્દ્રકક્ષાએ સમુદ્રગુપ્ત સર્વોચ્ચ હતો. પ્રયાગ-પ્રશસ્તિના ઉલ્લેખ મુજબ રાજાને શાસનતંત્રમાં મદદ કરવા એક મંત્રીમંડળ હતું. મંત્રી-મંડળના નિરીક્ષણ હેઠળ જમીન-મહેસૂલ, વેપાર-ઉદ્યોગ, દાનધર્મ, ન્યાય અને પોલીસ, ઇત્યાદિ ખાતાં હતાં.

૨. **મંત્રીઓ** – પ્રયાગ-પ્રશસ્તિમાં સમુદ્રગુપ્તના શાસનકાળના મુખ્ય ચાર મંત્રીઓનો ઉલ્લેખ છે (૧) **સંધિવિગ્રહક**-જે પરાજયખાતાનો મંત્રી હતો. (૨) મહાદંડનાયક-જે ન્યાયખાતાનો મંત્રી હતો, (૩) કુમારામાત્ય-જે રાજ-કુમારોને માર્ગદર્શન આપતો મંત્રી હતો અને (૪) ખાધ્યતપાક-જે રસોડા ખાતાનો ઉપરી હતો. પ્રયાગ-પ્રશસ્તિનો લેખક અને સમુદ્રગુપ્તનો દરબારીકવિ હરિષેણ એકી સાથે આ ચારેય મંત્રીઓનાં પદ ભોગવતો.[૨૨] તેના પિતા ધ્રુવભૂતિ પણ મહાદંડનાયકને પદે હતા, જે સૂચવે છે કે, મોટાભાગના મંત્રીઓનું પદ વંશપરંપરાગત હતું. મહાદંડનાયક તરીકે 'તિલુભટ્ટ' નો પણ પ્રશસ્તિમાં

---

૨૧. B. G. Gokhale : Ibid; P. 52 અને Dr. R. S. Tripathi : op. cit. P. 245 ને આધારે.

૨૨. B. G. Gokhale : loc cit; P. 65 અને Dr. R. K. Mookerji : op. cit. P. 19.

ઉલ્લેખ છે. બૌદ્ધસાધુ વસુબંધુ પણ સમુદ્રગુપ્તનો એક મંત્રી હતો. પ્રયાગ-પ્રશસ્તિમાં સામ્રાજ્યની પ્રાંતીય શાસન વ્યવસ્થા વિષે કોઈ જ ઉલ્લેખ નથી.

ખ. ધર્મનીતિ (ધર્મભાવના) : સમુદ્રગુપ્તના સિક્કા પર ગરુડનું ચિત્ર અને ગરુડધ્વજ અંકિત થયેલાં છે, તેના આધારે કહી શકાય કે તે વિષ્ણુધર્મનો ઉપાસક હતો. દક્ષિણાપથના વિજય પછી તેણે આર્યપ્રણાલિકા અનુસાર અશ્વમેધ યજ્ઞ કરાવ્યો. યજ્ઞમાં અનેક ગાયોનાં અને સોનામહોરોનાં દાન કર્યા તેમજ તેણે પોતે **'અશ્વમેધ પરાક્રમ'**નું બિરુદ ધારણ કર્યું. આમ તેણે અશ્વમેધ-યજ્ઞની પરંપરા પુનઃ સજીવન કરીને બ્રાહ્મણધર્મની (હિંદુધર્મની) પહેલાંની કીર્તિ અને પ્રભાવ પ્રસ્થાપિત કર્યાં, છતાં તે અન્યધર્મો પ્રત્યે પણ સહિષ્ણુ હતો. લંકાના બૌદ્ધધર્મી રાજવી મેઘવર્ણની વિનંતિથી તેણે લંકાથી આવતા બૌદ્ધ યાત્રાળુઓની સુવિધા માટે બોધિગયામાં વિહાર (મઠ) બાંધવાની પરવાનગી ઉદારતાથી આપી હતી. ચીની યાત્રાળુ હ્યુએન-ત્સંગ આ વિહારને 'મહાબોધી સંઘારામ' તરીકે ઓળખાવે છે. તેણે બૌદ્ધ સાધુ વસુબંધુને મંત્રીપદે નિયુક્ત કર્યા હતા, જે હકીકત તેની ધર્મ સહિષ્ણુતાની પ્રતીતિ કરાવે છે. આમ તે ઉદાર ધાર્મિક દૃષ્ટિવાળો હતો.

(ગ) કલા અને સાહિત્યવિષયક નીતિ : સરદાર પાનીકરના મતે "સમુદ્રગુપ્ત ફક્ત વિજેતા જ ન હતો, તે કળા અને સાહિત્યનો આશ્રયદાતા હતો એટલું જ નહીં, પરંતુ તે પોતે પણ કવિરાજ હતો."[૨૩] તે મહાન સેનાનાયક અને અજેય યોદ્ધો હતો, તે સાથે તે સંસ્કારી અને કલા-રસિક સમ્રાટ હતો. પોતે સંસ્કારી હોવાથી તે વિદ્વાનોની મૈત્રીનો શોખીન હતો અને તેનો દરબાર કવિઓ અને વિદ્વાનોથી શોભતો હતો. તે વિદ્વાનોના સત્સંગ-સુખનો વ્યસની હતો. હરિષેણ તેના દરબારનો રાજકવિ હતો. આ ઉપરાંત વસુબંધુ અને અસંગ જેવા બૌદ્ધ વિદ્વાનો તેના દરબારને શોભાવતા. સમુદ્રગુપ્ત પોતે પણ ઉચ્ચકક્ષાનો કવિ હતો, તેની કવિતા એટલી બધી ઉચ્ચ કોટિની હતી કે તેના દરબારી કવિ હરિષેણે તેને 'કવિરાજ' તરીકે નવાજ્યો છે, પરંતુ દુર્ભાગ્ય એ છે કે તેણે રચેલ કોઈ કાવ્ય ઉપલબ્ધ નથી. (ડૉ. **પી. સરન**) તે સંગીતનો પણ શોખીન હતો. તે પોતે વીણા-વાદન કલામાં પ્રવીણ હતો. તેના એક સિક્કામાં તેને વીણા વાદન કરતો દર્શાવવામાં આવ્યો છે. રાજકવિ હરિષણ તો સમુદ્રગુપ્તને સંગીતકળામાં તુમ્બરું અને નારદથી પણ અધિક ગણે છે. તેના આઠ પ્રકારના સોનાના સિક્કાઓ

---

૨૩. K. M. Panikar : A Survey of Indian History, P. 48.

તેની કલાપ્રિયતાની પ્રતીતિ કરાવે છે. તેના એક સિક્કા પર અશ્વમેધ યજ્ઞનો ઘોડો છે, તો બીજા સિક્કા પર તેને તીર અને બાણુ સાથે ઊભેલો દેખાડવામાં આવેલ છે. તેના શરુઆતના સિક્કાઓમાં કુશાણુ સિક્કાઓનું અનુકરણુ જોવા મળે છે. પરંતુ ધીરે ધીરે તેના પાછળના સિક્કાઓમાંથી પરદેશી તત્ત્વોની અસર નાબૂદ થઈ હતી અને તેમના પર ભારતીય તત્ત્વો અને પ્રતિકો–જેવાં કે રાજાનીવેષભુષા અને દુર્ગા, લક્ષ્મી, કાર્તિકેય વગેરે ભારતીય દેવ–દેવતાઓનાં પ્રતિકો અને વાઘ, ગેંડા, હાથી ઇત્યાદિ ભારતીય પશુઓની આકૃતિઓ તથા ગરુડધ્વજનું ચિત્ર વગેરે–અંકિત થયેલાં નજરે પડે છે. એટલે ડૉ. **આર મુકર્જી** લખે છે કે, સમુદ્રગુપ્તે સિક્કાઓની શરૂઆત અને તેમનું હિંદીકરણુ એમ બંને કર્યું".[૨૪]

क. મૂલ્યાંકન : આમ સમુદ્રગુપ્ત એક મહાન સેનાનાયક, કુશળ રાજનીતિજ્ઞ, અજેય યોદ્ધો, સાહિત્ય–કલારસિક અને ધર્મસહિષ્ણુ રાજવી હતો. તે **મહાન વિજેતા** અને **અજેય યોદ્ધો** હતો. પોતાના સફળ લશ્કરી વિજયો વડે તેણે ઘણા ટૂંકા ગાળામાં એક નાનકડા રાજયમાંથી મહાન સામ્રાજયનું સર્જન કર્યું. તેને કારણે ડૉ. સ્મીથ તેને '**ભારતનો નેપોલિયન**' ગણુવા પ્રેરાયા છે. બી. જી. ગોખલે તો તેને 'અજેય મનાતા રાજાઓનો અજેય વિજેતા કહે છે.' પરંતુ ડૉ. આર સી. મજુમદાર લખે છે તેમ 'સમુદ્રગુપ્ત માત્ર પોતાના યુગનો જ પ્રથમ સૈનિક ન હતો પરંતુ તે **ઉચ્ચકોટિનો રાજનીતિજ્ઞ** (મુત્સદ્દી) પણુ હતો.' કારણુકે દક્ષિણુનાં રાજ્યોને આર્યાવર્તના રાજ્યોની જેમ પોતાના સામ્રાજયમાં ન ભેળવતાં તેમને ખંડિયાં રાજ્યો બનાવીને સંતોષ માન્યો. આ રાજ્યોના વર્તાવમાં તેની પ્રથમ કક્ષાની મુત્સદ્દીગીરીનાં દર્શન થાય છે. આમ ઉત્તરના રાજ્યો સાથેના મામલામાં તે 'અસુરવિજય'નો નીતિને અને દક્ષિણુના રાજ્યો સાથેના પ્રશ્નમાં તે 'ધર્મવિજય'ની નીતિને અનુસર્યો. પરંતુ હકીકતમાં ડૉ. બી. જી. ગોખલે જણાવે છે તેમ ઉત્તરનાં નાગવંશી રાજાઓએ સમુદ્રગુપ્તની સર્વોપરીતાને પડકારી, એટલે દ. ના રાજયોને તાત્કાલિક અંકુશમા મૂકી શકાય તેમ ન હોવાથી તેમને ખંડિયાં રાજયો તરીકે સ્વીકારીને સંતોષ માન્યો, અને તે ઉત્તરહિંદમાં આર્યાવર્તનું બીજું યુદ્ધ કરવા ઉપડયો. આમ દક્ષિણુનાં રાજયો પ્રત્યેની તેનીધર્મવિજયની નીતિ

---

૨૪. Dr. R. K. Mookrji : The Gupta Empire P. 31.

એ જરૂરિયાતમાંથી ઉદ્‌ભવેલ સદ્‌ગુણ હતો.[૨૫] પરંતુ સમુદ્રગુપ્ત મહાન વિજેતા કે મુત્સદ્દી જ ન હતો, તે સાથે તે **સંસ્કારિ અને કલા–રસિક સમ્રાટ** પણ હતો. તેનો દરબાર વિદ્વાનો અને કવિઓથી ઉભરાતો હતો. તે સંગીતનો શોખીન હતો. તે પોતે ઉચ્ચકક્ષાનો કવિ હતો. હરિષણ તેના દરબારનો રાજ-કવિ હતો. તે **ધર્મસહિષ્ણુ રાજવી** હતો. તે પોતે વિષ્ણુધર્મી હોવા છતાં તેના દરબારમાં વસુબંધુ અને અસંગ જેવા બૌદ્ધ વિદ્વાનોને આશ્રય આપતો હતો. આમ તેનામાં શસ્ત્ર અને શાસ્ત્ર એ બંનેનો સમન્વય થયો હતો. **પ્રા. આર. ડી. બેનર્જી**ના મતાનુસાર 'સમુદ્રગુપ્ત એક મહાન રાજા હતો અને કદાચ પોતાના ગુપ્તવંશમાં તો તે સૌથી મહાન હતો.[૨૬] ટૂંકમાં તેની સિદ્ધિઓનું મૂલ્યાંકન કરતાં કહી શકાય કે, "તે માત્ર તેના યુગનો જ પ્રથમ સૈનિક ન હતો, પરંતુ તે ઉચ્ચકક્ષાનો રાજનીતિજ્ઞ હતો. તે સાથે પોતે સુસંસ્કૃત પણ હતો." (મજુમદાર).[૨૭]

૪–૨ : સમુદ્રગુપ્તનું ઇતિહાસમાં સ્થાન–મહત્ત્વ

અથવા

સમુદ્રગુપ્તની સિદ્ધિઓનું મૂલ્યાંકન

अ. પ્રાસ્તાવિક : સથુદ્રગુપ્ત એ ચંદ્રગુપ્ત ૧લાનો 'જ્યેષ્ઠ નહીં પરંતુ શ્રેષ્ઠ પુત્ર હતો. **પ્રોફેસર આર, ડી. બેનરજી**ના મતે, 'સમુદ્રગુપ્ત એક મહાન રાજા હતો, કદાચ પોતાના વંશમાં તો તે સૌથી મહાન હતો.' તે પ્રભાવશાળી અને અદ્વિતીય વ્યક્તિત્વ ધરાવતો હતો. ભારતના ઇતિહાસમાં અપ્રતિમ વ્યક્તિત્વ ધરાવતી અને જ્વલંત સફળતા મેળવવામાં ભાગ્યશાળી બનનારી થોડી વ્યક્તિઓમાં સમુદ્રગુપ્તનું સ્થાન અગ્રગણ્ય છે. ઇતિહાસમાં તે 'ભારતીય નેપોલિયન' તરીકે ઓળખાય છે.

ब. ઇતિહાસમાં સ્થાન (સિદ્ધિઓનું મૂલ્યાંકન) : ભારતના ઇતિહાસમાં સમુદ્રગુપ્ત અદ્વિતીય સ્થાન ધરાવે છે. ગુપ્તસમ્રાટોમાં સૌથી મહાન સમ્રાટ તરીકે તેની ગણના થાય છે.

---

૨૫. B. G. Gokhle : op. 52. દુબિધામાં વિચારો માટે જુઓ Baneriee's Age of Imperial Guptas, p. 18.

૨૬. R. D. Banerjee : Ibid, p. 25.

૨૭. आर. सी. मजुमदार : प्राचीनभादत, पृ. २१६ (૨૧૬)

(૧) મહાન વિજેતા (મહાન સામ્રાજ્ય–સર્જક) : ડૉ. રાયચૌધરીના મતે સમુદ્રગુપ્ત એક યુદ્ધ–કુશળ સેનાની હતો. ઇતિહાસમાં તે મહાનવિજેતા, મહાન સેનાપતિ અને અજેય યોદ્ધા તરીકે જાણીતો છે. તેણે આર્યાવર્તનાં રાજ્યોને હરાવીને ગુપ્ત સામ્રાજ્ય સાથે જોડી દીધા. ત્યાર બાદ તેણે દક્ષિણની વિજયકુચ આરંભી, અને દક્ષિણના અજાણ્યા પ્રદેશમાં આવતાં ભયંકર જંગલો, નદીઓ અને પર્વતો વચ્ચે અનેક મુશ્કેલીઓ પાર પાડીને તેણે પોતાના આવડા મોટા પ્રદેશનું સફળતાપૂર્વક સંચાલન કર્યું; અને કૂચ દરમિયાન એક પછી એક વિજયો મેળવીને તેનું સૈન્ય આગળ વધ્યું. આ બધું તેની અપૂર્વ લશ્કરી તાકાત, અદ્ભુત વ્યવસ્થાશકિત અને અપ્રતિમ લશ્કરી કાબેલિયતનો પૂરાવો આપે છે, તેની આ દક્ષિણની વિજયકૂચને અમુક અંશે એલેકઝાન્ડરની વિજયકૂચ સાથે સરખાવી શકાય. આમ સફળ કારકિર્દીથી સમુદ્રગુપ્તે આર્યાવર્તના નવ રાજ્યો, દક્ષિણાપથનાં બાર રાજ્યો, અઢાર આટવિક રાજ્યો, પૂર્વ સરહદનાં પાંચ રાજાશાહી રાજ્યો, અને પશ્ચિમી સરહદનાં નવ ગણરાજ્યો જીતીને ગુપ્ત સામ્રાજ્યનું સર્જન કર્યું.

તેની આવી યશસ્વી લશ્કરી કારકિર્દીથી પ્રેરાઈને **પ્રા. બી. જી. ગોખલે** સમુદ્રગુપ્તને 'અજેય મનાતા રાજાઓનો અજેય વિજેતા કહે છે,' અને ડૉ. **સ્મીથ** આ મહાન યુદ્ધવિશારદ રાજવીને **'ભારતના નેપોલિયન'** તરીકે બિરદાવે છે.[૨૮] સમુદ્રગુપ્તના દિગ્વિજયોને ધ્યાનમાં રાખીને તેને આ પ્રકારનું બિરુદ આપવામાં આવ્યું છે.

અલબત્ત, નેપોલિયનની જેમ તે પણ મહાન યોદ્ધો ને વિજેતા હતો. જેમ નેપોલિયને પોતાની લશ્કરી તાકાત વડે સમગ્ર યુરોપને ભયભીત કર્યું તેમ સમુગુદ્રપ્તે પણ ટુંક સમયમાં અનેક વિજયો મેળવ્યા હતા. પરંતુ વાસ્તવમાં તો તે નેપોલિયન કરતાં પણ ચઢિયાતો હતો. (i) કયાં રાજા ભોજ અને કયાં ગાંગો તેલી' કયાં એક રાજકુમાર અને કયાં એક સામાન્ય સિપાઈ! (ii) નેપોલિયના વિજયો તેના જ સમયમાં નાશ પામ્યા–ટૂંકજીવી નીવડયા. જયારે સમુદ્રગુપ્તના વિજયો સ્થાયી નીવડયા. તેણે પોતાના વિજયો દ્વારા એક એવા શકિતશાળી સામ્રાજ્યનું સર્જન કર્યું, જે તેના મૃત્યુ બાદ પણ બે સદી સુધી અસ્તિત્વમાં રહ્યું. (iii) સમુદ્રગુપ્તને તેની વિજયકૂચમાં નેપોલિયન જેવો 'વોટરલૂ'નો પરાજય અનુભવવો નહોતો પડયો, તેણે તો પોતાની વિજયકૂચમાં

૨૮. Dr. V. A. Smith : The Early History of India, p. 306.

સતત વિજયો જ પ્રાપ્ત કર્યા છે. (iv) રાજ્ય પડાવી લેવું એ નેપોલિયનની લશ્કરી સત્તાનું ધ્યેય હતું, જ્યારે સમુદ્રગુપ્તની લશ્કરી સત્તાનું સર્વોચ્ચ ધ્યેય દેશને એક કરવાનું હતું. તેનું કાર્ય ધર્મવિજયના ભારતીય આદર્શ વડે ચુસ્તપણે અંકુશિત થયેલું હતું. પરંતુ નેપોલિયનની સાથે સમુદ્રગુપ્તની આ પ્રકારની તુલના કરતી વખતે તેમના યુગને ભૂલવો ન જોઈએ. સમુદ્રગુપ્ત ચોથી સદીનો સમ્રાટ હતો. તેણે માત્ર પોતાના જ દેશમાં સામ્રાજ્યનો વિસ્તાર કર્યો. તેના સમયમાં લડાઈનાં સાધનો સાદાં અને સરળ હતાં, જ્યારે નેપોલિયને ૧૮મી સદીમાં આખા યૂરોપ પર પોતાનો વિજયધ્વજ ફરકાવવાનું નક્કી કર્યું હતું. તેના સમયના વૈજ્ઞાનિકયુગમાં લડાઈનાં સાધનો પ્રાણઘાતક હતાં, આવા યુગમાં પણ એક વાર તો તેણે સમસ્ત યૂરોપને પોતાની વિજયકૂચથી ભયભીત કરી મુકયું. અલબત્ત, આખરે તો તેની સમસ્ત યોજનાઓ અને મહત્ત્વકાંક્ષા ધૂળમાં ભળી ગઈ અને જીવનનાં અંતિમ વર્ષોમાં પણ તેને ઘણી મુશ્કેલીઓ સહન કરવી પડી; તેમ છતાંય તેની લશ્કરી વીરતા, અને સૈનિક ચાતુર્ય પર જરા પણ સંદેહ આવતો નથી. જ્યારે સમુદ્રગુપ્ત તો માત્ર પોતાના યુગનો એક મહાન વિજેતા હતો, આથી તેના આ યશસ્વી લશ્કરી દિગ્વિજયોને લીધે તેને ભારતના નેપોલિયનના બિરૂદથી નવાજવામાં આવે છે.

સમુદ્રગુપ્તની વિજયનીતિની અશોક સાથે તુલના કરતાં ડૉ. રાધાકુમુદ મુકર્જી લખે છે કે, 'અશોક શાંતિ તથા અહિંસાનો પૂજારી હતો. જ્યારે સમુદ્રગુપ્ત યુદ્ધ અને આક્રમણનો અનુયાયી હતો. અશોકને વિજય પ્રત્યે તિરસ્કાર હતો, જ્યારે સમુદ્રગુપ્તને વિજયની તૃષ્ણા હતી.' તે અશોકના જેવો દયાળુ અને પરાક્રમી હતો. પરંતુ અશોકની અહિંસા અને ધર્મ–વિજયની નીતિને સ્થાને તે દિગ્વિજયમાં વિશ્વાસ રાખતો હતો. ટૂંકમાં તે પ્રથમકક્ષાનો સામ્રાજ્યવાદી હતો.

(૨) ઉચ્ચકોટિનો મુત્સદ્દી (મહાન રાજનીતિજ્ઞ) :–ડૉ. આર. સી. મજુમદાર લખે છે કે, સમુદ્રગુપ્ત માત્ર પોતાના યુગનો જ પ્રથમ સૈનિક ન હતો, પરંતુ તે ઉચ્ચકોટિનો રાજનીતિજ્ઞ હતો. એક દૂરંદેશી રાજનીતિજ્ઞની જેમ તે સારી પેઠે સમજતો હતો કે બધાં જ જીતેલા મુલકોને સામ્રાજ્યમાં ભેળવી દઈને તેમનું એક જ હકૂમત હેઠળ શાસન કરવાની નીતિ સામ્રાજ્યને માટે ખતરનાક બની રહેશે. એટલે તો સમગ્ર ભારત–વ્યાપી સામ્રાજ્યના ખ્યાલથી પ્રેરાયેલો હોવા છતાં આખા દેશ પર અથવા તો તેના સારા એવા

ભાગ પર પણ એકાએક પોતાનું સીધુ શાસન સ્થાપવાની અશકયતાને પણ તે સમજ્યો હતો. એટલે તો તેણે પોતાના સીધા શાસન હેઠળ સામ્રાજ્યનો મધ્યસ્થ પ્રદેશ રાખ્યો હતો. પરંતુ છેક ઉત્તરમાં રહીને કાયમ માટે દક્ષિણનાં રાજ્યો તેમજ સરહદી રાજ્યો પર શાસન ચલાવવાનું શકય ન હતું. આથી સમુદ્રગુપ્તે દક્ષિણનાં રાજ્યોને પોતાના સામ્રાજ્યમાં ન ભેળવતાં તેમને ખંડિયાં રાજ્યો તરીકે પુનઃ સ્થાપિત કરીને સંતોષ માન્યો; સરહદી રાજ્યોને પણ પોતાના સામ્રાજ્યમાં ન ભેળવ્યાં. પરંતુ એ પ્રદેશો પોતાનું સાર્વભૌમત્વ સ્વીકારે, તેના આદેશોનું પાલન કરે, તેણે ખંડણી ભરે, અને અવારનવાર સમ્રાટના દરબારમાં હાજર રહે, એટલાથી સંતોષ માન્યો. સરહદી રાજ્યોની પેલેપાર આવેલાં રાજ્યો સાથે મૈત્રીભર્યા સંબંધો જાળવી રાખીને ત્યાં પરદેશી દુશ્મન સામે 'બફર–રાજ્ય'ની ગરજ સારે એવાં રાજ્યોની હારમાળા સરહદ પર ઊભી કરી.

આમ પોતાની સત્તા અને શક્તિ એ બંનેની મર્યાદાઓ સમજનાર આ રાજવીએ ઉત્તર ભારતના પોતાના રાજ્ય ઉપર સીધો રાજ્ય અમલ ચલાવીને સંતોષ મેળવ્યો અને બાકીનાં રાજ્યો પાસેથી પોતાનું ચક્રવર્તીપણું કબૂલ કરાવવામાં જ તેને ડહાપણનો માર્ગ જણાયો. જો તેણે સમગ્ર ભારત પર સીધું શાસન કરવાનું અશકય કહી શકાય, એવું સાહસ કર્યું હોત તો અશોકની માફક જ તેના મૃત્યુ પછી ગુપ્ત સામ્રાજ્યનો વહેલો અંત આવ્યો હોત. તેને બદલે તેણે મધ્યસ્થ સરકારને સુદૃઢ બનાવી અને બાકીનાં રાજ્યો તેમના રાજાઓને પાછાં સોંપી તેમના પર આડકતરો અંકુશ રાખ્યો. આ રીતે આર્યાવર્તનું રાજકીય એકીકરણ એ સમુદ્રગુપ્તની મહાન સિદ્ધિ ગણાવી શકાય. ખરેખર, તેણે અપનાવેલ ઉદાર અને દૂરંદર્શીનીતિ તથા સદ્‌વ્યવહારના પાયા પર તેના વંશજો ગુપ્ત સામ્રાજ્યની ભવ્ય પ્રમારતનું ચણતર કરવાના હતા.[૨૯]

આ પ્રમાણે દક્ષિણનાં રાજ્યો સાથેના વર્તાવમાં સમુદ્રગુપ્તની મુત્સદ્દીગીરીનાં ઇતિહાસકારોએ ભારોભાર વખાણ કર્યાં છે. તે ઉત્તરનાં રાજ્યોના મામલામાં 'દિગ્વિજય'ની નીતિને અને દક્ષિણાપથના રાજ્યોના મામલામાં ધર્મવિજય'ની નીતિને અનુસર્યો. આ અંગે ડૉ. રાધાકુમુદ મુકર્જી કહે છે કે, "He was at once a Digvijayi and Dharmavijayi in

---

૨૯. R. C. Ma umdar (Ed) : The Classical Age, p. 13 અને प्राचीन भारत : पृ २१५ ને આધારે.

accordance with the circumstances."[૩૦] પરંતુ કદાચ તેની ધર્મવિજયની નીતિ એ હકીકતમાં તો જરૂરિયાતમાંથી ઉદ્ભવેલ સદ્ગુણ હતો! **(Dharmavijaya was a virture out of necessity !)**

(૩) કુશળ શાસક : તે કુશળ શાસક અને વહીવટીદક્ષ પ્રશાસક હતો. તેનું શાસનતંત્ર ખૂબ જ કાર્યદક્ષ અને સુદૃઢ હતું. કારણ કે તેણે સ્થાપેલ સામ્રાજ્ય તેના અવસાન બાદ ૨૦૦ વર્ષ સુધી ટકી રહ્યું હતું. તેણે શાસન પ્રથાને પુનઃસંગઠિત કરી. તેણે સ્થાપેલી શાસનપ્રથા થોડા જરૂરી ફેરફારો સહિત મુસલમાનોએ હિંદ જીત્યું ત્યાં સુધી ચાલુ રહી.[૧]

(૪) સંસ્કારી સમ્રાટ : કે. એમ. પાનીકરના શબ્દોમાં, "સમુદ્રગુપ્ત ફક્ત વિજેતા જ ન હતો, તે કળા અને સાહિત્યનો આશ્રયદાતા હતો; એટલું જ નહીં પરંતુ તે પોતે પણ કવિરાજ હતો." તે પોતાના સમયનો મહાન વિદ્વાન હતો. અનેક કવિતાઓ રચીને તેણે '**કવિરાજ**' તરીકે બિરુદ મેળવ્યું હતું. પરંતુ **ડૉ. પી. સરન** જણાવે છે તેમ, 'કમનસીબી એ છે કે તેણે રચેલ કોઈ કાવ્ય ઉપલબ્ધ નથી.' તેનો દરબાર કવિઓ અને વિદ્વાનોથી ઉભરાતો. હરિષેણ તેના દરબારનો રાજકવિ હતો. આ ઉપરાંત વસુબંધુ અને અસંગ જેવા બૌદ્ધ વિદ્વાનો અને ભાઈઓ તેના દરબારને શોભાવતા હતા.[૨] સમુદ્રગુપ્ત પોતે સંગીતનો પણ શોખીન હતો. તે પોતે વીણાવાદનમાં નિપુણ હતો. તેના સિક્કાઓ તેની કલાપ્રિયતાની ઝાંખી કરાવે છે. તેના પ્રારંભિક કાળના સિક્કાઓ કુશાણોના સિક્કાઓના નમૂના પર બનાવેલા હતા, પરંતુ ધીરે ધીરે તેના પાછળના સિક્કાઓમાંથી પરદેશી તત્ત્વોની અસર ભૂંસાઈ ગઈ હતી અને તેના પર ભારતીય તત્ત્વો ને પ્રતીકો અંકિત થયેલાં જોવા મળે છે. તેના સિક્કાઓના લક્ષણોનું અધ્યયન કરતાં તેમાં ઉત્તરોત્તર ભારતીયકરણની ઝાંખી થાય છે.[૩] આથી તો **ડૉ. રાધાકુમુદ મુકર્જી** લખે છે કે સમુદ્રગુપ્તે ગુપ્ત સિક્કાઓની શરૂઆત અને તેમનું ભારતીયકરણ એમબંને કર્યું. ટૂંકમાં

---

૩૦. R. K. Mookerji : op. cit., p. 38.

૧. R. D. Banerjee : The Age of the Imperial Guptaas : p. 25.

૨ N. N. Ghosh op. cit; P. 245.

૩ વિગત જાણવા માટે જુઓ. R. K. mookerji : The Gupta Empire pp. 36-37.

તેનામાં શસ્ત્ર અને શાસ્ત્રનો સુંદર સમન્વય થયો હતો, એટલે કે તે શસ્ત્રવિદ અને શાસ્ત્રવિદ બંને હતો.

(૫) ધર્મસહિષ્ણુ રાજવી – તે વિષ્ણુધર્મનો ઉપાસક હતો. તેણે ઘણાં વર્ષોથી નહીં થયેલ અશ્વમેધ યજ્ઞ કર્યો. આમ તેણે અશ્વમેધ યજ્ઞની પરંપરાને પુનઃ સજીવન કરીને બ્રાહ્મણધર્મની પહેલાંની કીર્તિ અને પ્રભાવ સ્થાપિત કર્યાં. તેની પહેલાં કે પછીના કોઈપણ ઐતિહાસિક ભારતીય રાજામાં અશ્વમેધ યજ્ઞ કરવાની તેના કરતાં વધુ યોગ્યતા નહોતી. છતાં તે ધર્મસહિષ્ણુ હતો અને અન્ય ધર્મોને પણ મદદ કરતો. લંકાના બૌદ્ધધર્મી રાજવી મેઘવર્ણની વિનંતિથી. લંકાથી હિંદ આવતા બૌદ્ધ યાત્રાળુઓ માટે બોધિગયામાં બોધિવૃક્ષ પાસે વિહાર બાંધવાની બ્રાહ્મણધર્મી સમુદ્રગુપ્તે ઉદારતાથી પરવાનગી આપી હતી. તેણે બૌદ્ધસાધુ વસુબંધુને રાજ્યમાં મંત્રી તરીકે નીમ્યો હતો, જે હકીકત તેની ધર્મસહિષ્ણુતાની ઝાંખી કરાવે છે. તે દાનેશ્વરી અને ઉદાર હતો. તેણે યજ્ઞમાં અનેક ગાયોનાં અને સોનામહોરનાં દાન કર્યાં હતાં. આમ ખરેખર સમુદ્રગુપ્ત પોતાની ધાર્મિક માન્યતાઓમાં ધર્મસહિષ્ણુ હતો.[૪]

क. સમાપન–આ પ્રમાણે સમુદ્રગુપ્ત બહુમુખી વ્યક્તિત્વ ધરાવતો હતો. તે મહાન વિજેતા, અજેય યોદ્ધો 'દૂરંદેશી' રાજપુરુષ, કુશળ પ્રશાસક, કલા અને સાહિત્યપ્રેમી, ધર્મસહિષ્ણુ અને દાની રાજવી હતો. તેની સિદ્ધિઓનું મૂલ્યાંકન કરતાં કહી શકાય કે **'તે માત્ર તેના યુગનો જ પ્રથમ સૈનિક ન હતો, પરંતુ તે ઉચ્ચકોટીનો રાજનીતિજ્ઞ હતો. તે સાથે તે પોતે સંસ્કારી અને ધર્મસહિષ્ણુ રાજવી હતો.'** (મજુમદાર) સાચે જ તે ગુપ્ત સામ્રાજ્યનો સાચો સ્થાપક હતો, 'જેણે કલા અને વિદ્યામાં અનુરાગ દાખવી, વિદ્વાનોને આશ્રય આપી, સંસ્કૃત ભાષાને પ્રોત્સાહન આપી, હિંદુ–ધર્મનો પુનઃ ઉદ્ધાર કરી અને અન્ય ધર્મોનો આદર કરીને ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાની એક એવી ઈમારત ખડી કરી, જેના પરિણામે ગુપ્તયુગ 'સુવર્ણયુગ'ના નામે પ્રસિદ્ધ છે.' આમ ગુપ્તયુગને સુવર્ણયુગ બનાવવામાં સમૃદ્રગુપ્તનો ફાળો મહત્ત્વપૂર્ણ છે. પ્રોફે. નીલકંઠ શાસ્ત્રીએ યોગ્ય જ કહ્યું છે કે He inaugurated the Golden age of the Indian history...'[૫]

---

૪ B. G. Gokhale: The story of Anicent India; p. 132.

૫. K. A. N. Sastri : History of India, part I., p. 130

૫. ચંદ્રગુપ્ત બીજો (વિક્રમાદિત્ય) : કારકિર્દી અને સિદ્ધિઓ

(ઈ. સ. ૩૮૦–૪૧૪)

અથવા

ચંદ્રગુપ્ત બીજાના શાસનનું મહત્ત્વ

अ. ગાદીએ આવવું : ચંદ્રગુપ્ત બીજો એ સમુદ્રગુપ્તનો 'જ્યેષ્ઠ નહીં પરંતુ શ્રેષ્ઠ' પુત્ર હતો.[૬] સંસ્કૃત સાહિત્યના પ્રસિદ્ધ નાટયકાર વિશાખદત્તના 'દેવીચંદ્રગુપ્તમ્' નામના ઐતિહાસિક નાટકના આધારે કેટલાક વિદ્વાનો માને છે કે ઈ. સ. ૩૭૫ માં સમુદ્રગુપ્તના અવસાન બાદ તેનો જ્યેષ્ઠ પુત્ર રામગુપ્ત ગાદીએ આવ્યો. તે નબળો શાસક હતો. ગાદીએ આવ્યા બાદ તરત જ શકરાજવીએ[૭] ગુપ્તસામ્રાજ્ય પર હલ્લો કર્યો અને રામગુપ્તને હિમાલય નજીક આવેલ કાર્તિકેય નગરમાં ઘેરી લીધો.[૮] આવી વિકટ પરિસ્થિતિમાંથી પોતાનો (અને જનતા–દેશનો !) બચાવ કરવા તેણે પોતાની રાણી ધ્રુવસ્વામિનીદેવીને શકરાજવીને સોંપી દેવાની કબૂલાત આપી,[૯] પરંતુ તેનો નાનો ભાઈ ચંદ્રગુપ્ત (તે વખતે તેનું નામ દેવગુપ્ત કે દેવરાજ હતું) આ પ્રમાણે ગુપ્તવંશની માનહાનિ સહન ન કરી શકયો. તે રાણીના વેશમાં શકરાજવીના આવાસમાં ગયો. જ્યાં કામાતુર શકરાજવી તેને (ધ્રુવસ્વામિની માનીને) આલિંગન કરવા માટે આગળ વધ્યો ત્યાં જ તેણે (ચંદ્રગુપ્તે) તેનું ખૂન કર્યું. આથી તે પ્રજામાં ખૂબ પ્રિય બન્યો. રામગુપ્તની કાયરતાથી ઘણી જ નાખુશ બનેલી

---

૬. અભિલેખો, દાનપત્રો, રાજમુદ્રા, વગેરેમાં ચંદ્રગુપ્તને 'तत्परिगृहित'– તેના વડે (સમુદ્રગુપ્ત વડે) સ્વીકૃતિ પામેલો કહેવામાં આવેલ છે.

૭. ડૉ. મિરાશી, ડૉ. બેનરજી, ડૉ. દાંડેકર, ડૉ. જયસ્વાલ ઇત્યાદિ વિદ્વાનોના મતે 'દેવીચંદ્રગુપ્તમ્'માં ઉલ્લેખિત વિદેશી જાતિ સૌરાષ્ટ્રના શક–ક્ષત્રપો (શકો) નહીં પરંતુ પંજાબના કિદાર–કુશાણો હતા અને યુદ્ધમાં માર્યો ગયેલ રાજવી, શકરાજવી ન હતો પરંતુ કિદાર–કુશાણવંશનો સંસ્થાપક કિદાર હતો.

૮. રાજશેખરની કાવ્ય–મીમાંસાના આધારે ડૉ. ભાંડારકરનું મંતવ્ય.

૯. There was a dialogue between Ramgupta & his queen Dhruvadevi in which Ramgupta states that he is sending Dhruvadevi for the sake of the people.

ધ્રુવસ્વામિની પણ ચંદ્રગુપ્તની વીરતાથી પ્રભાવિત થઈ ગઈ અને તેની નજરમાં ચંદ્રગુપ્ત વસી ગયો. પ્રજામાં ખૂબ પ્રિય બનેલ તેણે એક દિવસે પાગલ હોવાનો દેખાવ કરીને રામગુપ્તનો વધ કરી, ગાદી હાથ ધરી અને તેની વિધવા રાણી ધ્રુવસ્વામિનીદેવી સાથે લગ્ન કર્યાં.[૧૦] આમ સમુદ્રગુપ્તના અવસાન બાદ તે પાંચ વર્ષે (ઈ. સ. ૩૮૦ માં) ગાદીએ આવ્યો.

બ. કારકિર્દી અને સિદ્ધિઓ : (શાસનનું મહત્ત્વ) :—

* **સામ્રાજ્યવાદી નીતિ** (રાજકીય એકતા) : ગાદીએ આવતાં જ તેણે પિતાનું સામ્રાજ્ય વિસ્તારનું અધુરું કાર્ય પૂરું કરવાની તૈયારીઓ કરવા માંડી. પરંતુ ડૉ. **રાયચૌધરી** જણાવે છે તેમ આ હેતુ તેણે શાંતિમય ઉપાયો અને સૈનિક કાર્યો દ્વારા પાર પાડયો. મતલબ કે તેણે અંશતઃ લગ્નો અને અંશતઃ જીતો દ્વારા પોતાની સામ્રાજ્ય વિસ્તારની નીતિને પૂર્ણપણે વિકસાવી.

ક. અંશતઃ લગ્ન સંબંધો દ્વારા (ફૂટનીતિ કે મુત્સદ્દીગીરી દ્વારા) : તે તેના પિતા જેવો મુત્સદ્દી હતો. તેના સામ્રાજ્યની પશ્ચિમ સરહદે આવેલ માળવા, ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ત્રણસો વર્ષથી પગદંડો જમાવીને બેઠેલા શક–ક્ષત્રપોને ભારતભૂમિમાંથી હાંકી કાઢવા માટે ચંદ્રગુપ્ત બીજાએ સરહદ પરનાં અન્ય શક્તિશાળી રાજ્યો સાથે લગનસંબંધો બાંધ્યા. આમ તેણે ગુપ્ત–પ્રણાલિકા મુજબ પોતાના સામ્રાજ્યને સુદઢ કરવા માટે લગ્ન સંબંધોનો ફૂટનીતિના પગલાં તરીકે ઉપયોગ કર્યો.[૧૧]

(૧) નાગવંશ : તેણે પોતે નાગવંશની નાગકન્યા 'કુબેરનાગા' સાથે લગ્ન કર્યું અને નાગવંશના સરદારોને પોતાના મિત્ર બનાવ્યા.[૧૨]

---

૧૦. રામગુપ્તની ઐતિહાસિકતા અંગે રસપ્રદ અને વિવાદાસ્પદ ચર્ચા પરિશિષ્ટમાં આપેલી છે.

૧૧. Political marriages occupy a prominent place in the foreign policy of the Guptas : ડૉ. રાયચૌધરી.

૧૨. પરંતુ આ લગ્ન સંબંધ સ્થાપવાનું શ્રેય કોને મળે ? સમુદ્રગુપ્તને કે ચંદ્રગુપ્ત બીજાને ? ડૉ. રાયચૌધરી અને ડૉ. મજુમદારના મતે આ લગ્ન સંબંધ ખુદ ચંદ્રગુપ્ત બીજાએ બાંધ્યો હતો, પરંતુ હકીકતમાં સમુદ્રગુપ્તે નાગવંશ સાથે મૈત્રી બાંધવા પોતાના પુત્ર ચંગુપ્ત બીજાનું કુબેરનાગા સાથે લગ્ન કર્યું હતું.

(૨) **વાકાટકવંશ:** તેણે કુબેરનાગાથી થયેલી પોતાની પુત્રી પ્રભાવતીને દક્ષિણના વરાડ રાજ્યના રાજવી રૂદ્રસેન બીજા સાથે પરણાવીને તેની પણ મૈત્રી મેળવી. તેમની મૈત્રીથી શક–ક્ષત્રપોને ભારતમાંથી હાંકી કાઢવામાં ઘણી સરળતા પડી, કારણકે વાકાટક રાજ્યની સરહદો શક–ક્ષત્રપોના પ્રદેશોને સ્પર્શતી હતી. ખરેખર આ લગ્ન સંબંધ એ 'masterstroke of diplomacy' હતો, કારણ કે વાકાટક રાજવી પોતાના રાજ્યના ભૌગિલિક સ્થાનને કારણે ગુજરાત અને સૌરાષ્ટ્રના શક–ક્ષત્રપોના પ્રદેશો પર આક્રમણ કરનાર ઉત્તર ભારતના રાજાને લાભ કે હાનિ પહોંચાડી શકતો.

(૩) **કદંબવંશ** – તેણે કુન્તલ રાજ્યના કદંબવંશ સાથે લગ્ન; સંબંધો બાંધ્યા. તે સમયે ત્યાંનો રાજવી ભગીરથ હતો. ફાધર હેરાસ અને **પ્રો. નીલકંઠ શાસ્ત્રી** આ વંશ સાથે લગ્નસંબંધ સ્થાપિત કરવા માટે ત્યાંના રાજવીના દરબારમાં ચંદ્રગુપ્ત બીજાએ કવિ કાલિદાસને પોતાના રાજદૂત તરીકે મોકલ્યો હતો. પરિણામે કુંતલ રાજવી ભગીરથના પુત્ર કકુત્સ્થવર્મને પોતાની પુત્રીનું લગ્ન ચંદ્રગુપ્તના પુત્ર (કાંતો કુમારગુપ્ત કે અન્ય પુત્ર) સાથે કર્યું.

આમ તેણે પ્રતિપાદિત કરેલી લગ્નનીતિ (કૂટનીતિ) તેની રાજ્યનીતિમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે ઉપરોકત લગ્નસંબંધોથી તેને પોતાના સામ્રાજ્યના વિસ્તારમાં અને દુશ્મનોનું દમન કરવામાં ખૂબ સહાયતા મળી. સાચે જ સરહદ પરના શકિતશાળી રાજ્યોને મનાવી લેવા માટે તેણે તલવારને બદલે કૂટનીતિથી કામ લીધું.

ખ. અંશતઃ જીતો દ્વારા (સૈનિક કાર્યો દ્વારા) – તેણે પોતાની સામ્રાજ્યવિસ્તારની નીતિને અંશતઃ જીતો દ્વારા નીચે પ્રમાણે વિકસાવી.

(૧) **મધ્યભારતના ગણરાજ્યોનો નાશ** – તેણે પશ્ચિમ માળવા અને તેની આજુબાજુનાં ગણરાજ્યોને (મદ્રગણથી ખરપરિક ગણ સુધીનાં અનેક નાનાં નાનાં ગણરાજ્યોને) હરાવ્યાં અને તેમને પોતાના સામ્રાજ્યમાં જોડી દીધાં. તેથી તે 'ગણારિ' તરીકે ઓળખાય છે.

(૨) **શકોને આપેલો પરાજય** – તેણે ગુજરાત, માળવા અને સૌરાષ્ટ્રમાં ત્રણ સદીઓથી અડ્ડો જમાવીને બેઠલો પરદેશી શકક્ષત્રપો પર આક્રમણ કરીને તેમના છેલ્લા શક રાજવી રૂદ્રસેન ત્રીજાને પરાસ્ત કર્યો, અને તેના પ્રદેશોને ગુપ્તસામ્રાજ્યમાં ભેળવી દીધા. આ રીતે ભારતની ધરતી પરથી

પરદેશીઓને હાંકી કાઢવામાં તે સફળ થયો. આ વિજયની યાદગીરીમાં તેણે 'શકારિ', 'વિક્રમાદિત્ય', 'સાહસાંક' જેવાં બિરુદો ધારણ કર્યાં. તેના શકવિજયોના લીધે (i) ત્રણ સદીથી ભારતમાં શાસન જમાવીને બેઠેલા શકોના શાસનનો અંત આવ્યો, અને એ રીતે આ વિજયે ભારતમાંથી વિદેશી શાસનની રહી સહી સ્મૃતિને મિટાવી દીધી.[૧૩] પાનીકર ચંદ્રગુપ્તના આ કાર્યને મુખ્ય ગણે છે. આ રીતે દેશને પરદેશીઓની નાગચૂડમાંથી મુકત કરવાનો યશ ચંદ્રગુપ્ત બીજાને ફાળે જાય છે. (ii) તેના સામ્રાજ્યમાં કાઠિયાવાડ અને ગુજરાતના ફળદ્રુપ પ્રાંતોનો ઉમેરો થયો. પરિણામે તેના સામ્રાજ્યની સરહદ પશ્ચિમે છેક અરબી સમુદ્ર સુધી વિસ્તરી. આની સાથે જ ખંભાત અને ભૃગુકચ્છ જેવાં અરબી સમુદ્રનાં ધીકતાં બંદરો ગુપ્ત સામ્રાજ્યના સીધા શાસન હેઠળ આવ્યાં અને આ બંદરો દ્વારા ભારતનો પરદેશો સાથે ચાલતો ધીકતો દરિયાઈ વ્યાપાર ગુપ્ત સામ્રાજ્યના અંકુશ હેઠળ આવ્યો. પરિણામે પશ્ચિમે અરબી સમુદ્રનાં બંદરોએ ઠલવાતો માલ[૧૪] આંતરિક વ્યાપારી માર્ગો દ્વારા ગુપ્તસામ્રાજ્યના ખૂણે ખૂણે પહોંચવા લાગ્યો. આ રીતે વ્યાપારમાં વૃદ્ધિ થતાં સામ્રાજ્યની સમૃદ્ધિ વધી. (iii) પરદેશો સાથેનો વ્યાપાર વધવાથી ગુપ્ત સામ્રાજ્ય પાશ્ચાત્યના સુસંસ્કૃત દેશો સાથે સીધા સંપર્કમાં આવ્યું અને બંને દેશો વચ્ચે સંસ્કૃતિની આપલે થવા લાગી. There was a free flow of ideas to and from foreign lands. (iv) આ સમયે સામ્રાજ્યના આંતરિક વ્યાપારી માર્ગોની વચ્ચે આવેલું માળવાનું ઉજ્જૈન આર્થિક દૃષ્ટિએ સમૃદ્ધ બનવા લાગ્યું. વિક્રમાદિત્યની રાજકીય રાજધાની પાટલીપુત્ર તો હતી. પરંતુ આ વિજય પછી ઉજ્જૈન તેનું બીજું સાંસ્કૃતિક પાટનગર બન્યું, જ્યાં વિદ્વાનો, સાહિત્યકારો અને કલાકારોની ઠઠ જામતી. આમ ચંદ્રગુપ્ત બીજાના શકો સામેના વિજયે ઉત્તર ભારતમાં રાજકીય એકતા સર્જીને (શાંતિ અને સલામતી અર્પીને) પરોક્ષ રીતે સાંસ્કૃતિક એકતાના વિકાસ માટે પણ સગવડતા કરી આપી અને દેશને આર્થિક સદ્ધરતા પ્રદાન કરી તે તો જુદી. ટૂંકમાં ડૉ. **પી. સરન**ના શબ્દોમાં આ વિજયના પરિણામે દેશની શ્રી અને સંપત્તિની ખૂબ અભિવૃદ્ધિ થઈ.

(૩) **બંગાળના બળવાખોર રાજવીઓની હાર** : દિલ્હીમાં

---

૧૩. आर. सी. मजुमदार : प्राचीन भारत. पृ २१७

૧૪. પશ્ચિમનાં આ અરબી બંદરોએ ઠલવાતા માલની વિગતો માટે જુઓ. Prof. R. D. Banerji : op. cit. p. 32

કુતુબમિનાર પાસે આવેલ મહરૌલીના લોહસ્તંભ પર કોતરાયેલા લેખના આધારે માલુમ પડે છે કે બંગાળના નાના નાના રાજવીઓએ (જેવા કે સમતટ, દવાક અને કામરૂપના રાજવીઓએ) ગુપ્ત સામ્રાજ્યના આધિપત્યમાંથી મુક્ત થવા બળવો કર્યો. તેથી 'રાજા ચંદ્રે' (ચંદ્રગુપ્ત બીજાએ)[૧૫] બંગાળના બળવાખોર રાજવીઓના સંઘને હરાવ્યો અને તેમનો પ્રદેશ ખાલસા કરી ગુપ્તસામ્રાજ્યમાં ભેળવી દીધો. પરિણામે ગુપ્ત સામ્રાજ્યની સરહદ પૂર્વ બંગાળના ઉપસાગર સુધી વિસ્તરી.

(૪) **વાહલિકોનો પરાભવ :** મહરૌલી લોહસ્તંભના વિવરણ મુજબ તેણે સિંધુ નદીની સાત સહાયક નદીઓ ઓળંગીને વાહલિકોને હરાવીને તેમનો પ્રદેશ બલ્ખ (કે બેકટ્રીયા) કબજે કર્યો.[૧૬] આ જીતના પરિણામે ગુપ્ત સામ્રાજ્યની સરહદ વાયવ્યે છેક બેકટ્રીયા સુધી પહોંચી. ડૉ. **રમેશચંદ્ર મજુમદાર** નોંધે છે કે ચંદ્રગુપ્ત બીજાએ બંગાળની જેમ બેકટ્રીયાને ખાલસા કરીને ગુપ્ત સામ્રાજ્યમાં જોડી દીધું કે પછી તેને ખંડિયા રાજ્ય તરીકે

---

૧૫. મહરૌલીના લોહસ્તંભમાં ઉલ્લેખિત રાજા ચંદ્ર કોણ હતો ? એ પ્રશ્ને ઇતિહાસમાં ભારે ચર્ચા જગાડી છે. વિદ્વાનો ચંદ્રનું સમીકરણ નીચે મુજબ રજૂ કરે છે,

(a) હરિશ્ચંદ્ર શેઠ	ચંદ્ર=ચંદ્રગુપ્ત મૌર્ય.
(b) ડૉ. રાધાગોવિંદ બસાક	ચંદ્ર=ગુપ્તવંશી ચંદ્રગુપ્ત ૧લો
ડૉ. કૃષ્ણાસ્વામી આયંગર	,, ,,
પ્રા. ફ્લીટ	,, ,,
(c) ડૉ. આર. ડી. બેનરજી	ચંદ્ર=ચંદ્રવર્મન (જોધપુરનો)
ડૉ. હરપ્રસાદ શાસ્ત્રી	,, ,,
(d) ડૉ. રાયચૌધરી	ચંદ્ર=ચંદ્રાંશ કે સદાચંદ્ર.
(e) ડૉ. સ્મીથ	ચંદ્રગુપ્ત બીજો (વિક્રમાદિત્ય)
ડૉ. રાજબલી પાંડેય	,, ,,
ડૉ. હાર્નલે	,, ,,
ડૉ. રમાશંકર ત્રિપાઠી	,, ,,
ડૉ. રાધાકુમુદ મુકર્જી	,, ,,
શ્રી ઓઝા ને અરોડા	,, ,,

૧૬. Classical Age : p. 20.

રહેવા દીધું, એ જાણવા માટે આપણી પાસે કોઈ સાધન ઉપલબ્ધ નથી. આમ આ જીતનાં કાયમી પરિણામો અનિશ્ચિત હતાં. પરંતુ લશ્કરી દૃષ્ટિએ આ વિજય મહાન હતો, જેના માટે તે આપણા અભિનંદનનો અધિકારી બને છે.[૧૭]

(૫) દક્ષિણાપથ પર પુનઃ આધિપત્યની સ્થાપના : મહરૌલીના લોહસ્તંભના વિવરણ પરથી જણાય છે કે રામગુપ્તના શાસનકાળ દરમિયાન દક્ષિણ ભારતના રાજાઓએ ગુપ્તસામ્રાજ્યના આધિપત્યમાંથી મુકત થવા પ્રયાસ કર્યો, પરંતુ ગાદીએ આવ્યા પછી ચંદ્રગુપ્ત બીજાએ દક્ષિણાપથ પર પોતાનું આધિપત્ય જમાવ્યું.

આમ પોતાના પૂર્વજોએ આરંભેલી સામ્રાજ્યવિસ્તારની નીતિને તેણે **ડૉ. રાયચૌધરી**ના શબ્દોમાં 'શાંતિમય ઉપાયો અને સૈનિક કાર્યો દ્વારા પૂર્ણપણે વિકસાવી અને એ રીતે તેણે તેના પિતાના સમયના રાજ્યને સામ્રાજ્યની સર્વોચ્ચ કક્ષાએ લાવીને મૂકયું. તેના સામ્રાજ્યનો વિસ્તાર ઉત્તરે હિમાલયથી દક્ષિણે નર્મદા સુધી અને પૂર્વે બંગાળના ઉપસાગરથી પશ્ચિમે અરબી સમુદ્ર સુધી ફેલાયેલો હતો. આ રીતે પોતાની વિજયકૂચ વડે તેણે ફરી વખત ઉત્તર હિંદમાં રાજકીય એકતાનું સર્જન કર્યું. વળી વાકાટક, નાગ, કદંબ વગેરે રાજવંશના રાજવીઓએ તેની સાથે મૈત્રી સંબંધો બાંધ્યા હતા. આ રીતે જોઈએ તો ચંદ્રગુપ્ત બીજાના શાસનકાળમાં ગુપ્તસામ્રાજ્યનો પ્રભાવ ઘણું કરીને સંપૂર્ણ દેશ ઉપર ફેલાયો હતો. **ડૉ. આલ્તેકર**ના શબ્દોમાં **'The Guptas were thus practically an all–India power towards the end of the reigns of Chandra Gupta II.'**

*** શાસન નીતિ** (વહીવટી એકતા) **:** સફળ વિજેતા અને કુશળ મુત્સદ્દી હોવા ઉપરાંત ચંદ્રગુપ્ત બીજો એક કુશળ વહીવટકર્તા પણ હતો. તેના રાજ્યમાં આવેલ ચીની મુસાફર ફા–હિયાનના હેવાલ તથા તેના સમયમાં પ્રાપ્ત થયેલા અભિલેખો અને સિકકાઓ પરથી ૨૫૯૮ માલૂમ પડે છે કે ચંદ્રગુપ્ત બીજાની શાસનવ્યવસ્થા સુવ્યવસ્થિત અને સંગઠિત હતી.

ક. કેન્દ્રીય વ્યવસ્થા : કેન્દ્રીય શાસનવ્યવસ્થા સંપૂર્ણ રીતે રાજાશાહી સ્વરૂપની હતી

(૧) રાજા : રાજા પોતે જ કેન્દ્રીય વહીવટતંત્રનો સર્વોચ્ચ વડો હતો. તે કેન્દ્રના કર્મચારીઓ અને અધિકારીઓ ઉપર દેખરેખ રાખતો. તે રાજ્યના

૧૭. **Dr. R. C. Majumdar : Ancient India, p.**

દરેક ક્ષેત્રે વિશાળ સત્તા ભોગવતો. ફા–હિયાન લખે છે કે રાજા આપખુદ અને નિરંકુશ હતો પરંતુ અત્યાચારી ન હતો, બલ્કે પ્રજાકલ્યાણને પોતાનું મુખ્ય ધ્યેય સમજતો હતો.

(૨) **મંત્રીમંડળ :** ચંદ્રગુપ્ત મંત્રીઓની સલાહને અનુસરતો. તેના સમયમાં મુખ્ય મંત્રીઓ નીચે પ્રમાણે હતા :

(i) **મહાસંધિવિગ્રહક**–તે પરરાજ્ય મંત્રી હતો. આ પદે 'વીરસેન શાબા' હતો.

(ii) **મહાબલાધિકૃત** – તે સરસેનાપતિ. આ પદે 'આમ્રકારદેવ' હતો.

(iii) **કુમારામાત્ય** – તે રાજાનો મંત્રી હતો. આ પદે 'શિખરસ્વામી' હતો.

(iv) **અન્ય અધિકારીઓ** – આ ઉપરાંત મહાદંડનાયક (ન્યાયખાતાનો મંત્રી), મહાદંડપાશિક (પોલિસખાતાનો મંત્રી), વિનયસ્થિતિસ્થાપક (નીતિમત્તા ને આરોગ્ય મંત્રી), ભટ અશ્વપતિ (પાયદળ અને હવાઈદળનો ઉપરી), ઉપરિક (પ્રાંતીય ગવર્નર) વગેરે વહીવટી અધિકારીઓ હતા.

ખ. ભુક્તિની વ્યવસ્થા (પ્રાંતીય વ્યવસ્થા) : વહીવટી સરળતા ખાતર સમગ્ર સામ્રાજ્યને ભુક્તિમાં (પ્રાંતમાં) વહેંચી નાખવામાં આવ્યું હતું. ભુક્તિના ઉપરીને '**ઉપરિક–મહારાજ**' કહેતા. આ પદ માટે રાજકુમારો કે રાજકુટુંબના સભ્યોમાંથી પસંદગી થતી. ચંદ્રગુપ્તના સમયમાં તેમો પુત્ર **શ્રી ગોવિંદ ગુપ્ત** તિરા–ભુક્તિનો ગવર્નર હતો.

ગ. વિષયની વ્યવસ્થા (જિલ્લાની વ્યવસ્થા) : ભુક્તિનો પેટા વિભાગ વિષય (જિલ્લો) કહેવાતો, તેનો વડો '**વિષયપતિ**' કહેવાતો. તેની મદદમાં સહાયક કર્મચારીઓની એક સમિતિ હતી, જેમાં સ્થાનિક અધિકારીઓનો જ સમાવેશ થતો. આ હકીકત દર્શાવે છે કે વહીવટીક્ષેત્રે કેન્દ્રીકરણને બદલે વિકેન્દ્રીકરણ અધિક હતું.

ઘ. ગ્રામવ્યવસ્થા : ચંદ્રગુપ્ત બીજાના સમયમાં વહીવટી એકમનું સૌથી નાનું એકમ ગામડું હતું, તેનો ઉપરી '**ગ્રામાધ્યક્ષ**' કહેવાતો. તે ગામડાના વિવિધ વર્ગોના પ્રતિનિધિઓની બનેલી ગ્રામસમિતિની મદદથી ગામડાનો વહીવટ ચલાવતો.

ટૂંકમાં ચંદ્રગુપ્તની શાસનવ્યવસ્થા કેન્દ્રીય તેમજ પ્રાંતીય કક્ષાએ સુવ્યવસ્થિત હતી.

* **ધર્મનીતિ** (ધાર્મિક સહિષ્ણુતા) : ચંદ્રગુપ્તના તાંબાના સિક્કાઓ પર ગરુડનું ચિહ્ન નજરે પડે છે, તે પરથી સ્પષ્ટ થાય છે કે તે વિષ્ણુનો પરમ ભક્ત હતો. તેણે ભાગવત સંપ્રદાયનો પ્રચાર કર્યો તેથી તેને 'પરમ ભાગવત' કહે છે. તેણે પશ્ચિમ ભારતના વિજય બાદ અશ્વમેધ યજ્ઞ કર્યો હતો[૧૮] તેણે પૌરાણિક હિંદુધર્મમાં નવો પ્રાણ પૂર્યો. આને પરિણામે **કે. એમ. પાનીકર** કહે છે તેમ એક સૈકામાં હિંદુધર્મમાં એક એવી મોટી જાગૃતિ આવી કે જેના પુરમાં બૌદ્ધધર્મ પણ તણાઈ ગયો. પોતે ચુસ્ત વૈષ્ણવધર્મી હોવા છતાં બીજા ધર્મની પ્રજાને રંજાડવાને બદલે તે દરેક ધર્મ પ્રત્યે માનભરી નજરે જોતો. તેણે તો બધા ધર્મોને ઉત્તેજન આપવા દાનો કર્યાં હતાં. ચંદ્રગુપ્તના કેટલાક અધિકારીઓ શૈવધર્મ તથા બૌદ્ધધર્મ પાળતા હતા. તેનો સેનાપતિ આમ્રકાર્દવ બૌદ્ધધર્મી હતો, પરરાજ્ય મંત્રી વીરસેનશાબા શૈવધર્મી હતો, તેનો જમાઈ રૂદ્રસેન બીજો વૈષ્ણવધર્મી હતો (જે લગ્ન પહેલાં શૈવધર્મી હતો) તેના પાટનગર પાટલીપુત્રમાં બૌદ્ધધર્મના અનેક મઠો હતા. આમ તે વૈષ્ણવધર્મી હોવા છતાં અન્ય ધર્મો પ્રત્યે સહિષ્ણુ હતો.

* **સાહિત્ય-કલા વિષયક નીતિ** (સાંસ્કૃતિક એકતા) : ચંદ્રગુપ્ત બીજાના શાસનકાળ દરમિયાન સાંસ્કૃતિક ક્ષેત્રે પણ અદ્વિતીય પ્રગતિ સધાઈ હતી, તે પોતે વિદ્વાન હતો અને વિદ્વાનોનો આશ્રયદાતા હતો. કહેવાય છે તેનો દરબાર કાલીદાસ, ધન્વંતરી, ક્ષપણક, અમરસિંહ, વિદુપીશંકુ, વૈતાલભટ્ટ, ધટખર્પર વરાહમિહિર, વરરુચી જેવાં 'નવરત્નો'થી શોભતો હતો, તેના સમયમાં ફા-હિયાન નામનો ચીની મુસાફર ભારતમાં આવેલો. ચંદ્રગુપ્ત બીજો કલાનો પણ ઉપાસક હતો. સ્થાપત્ય, શિલ્પ ને ચિત્રકલાએ તેના સમયમાં અદ્વિતીય પ્રગતિ સાધી હતી. તેની રાજધાની પાટલીપુત્રમાં અનેક બૌદ્ધમઠો હતા. તેણે ચાંદી અને તાંબાના વિવિધ પ્રકારના સિક્કાઓ પ્રચલિત કરાવ્યા, અને તેમાંય સૌ પ્રથમ તાંબાના સિક્કાઓ પડાવનાર તે હતો.[૧૯] તેના સિક્કાઓની આ વિવિધતા તેની કલાપ્રિયતા અને સામ્રાજ્યની વધતી જતી સરહદોનો નિર્દેશ કરે છે.

ક. સિદ્ધિઓનું મૂલ્યાંકન (ઇતિહાસમાં સ્થાન) : આમ ચંદ્રગુપ્ત મૌર્ય ભારતનો સૌથી **મહાન સમ્રાટ** હતો. તેની આ મહાનતા સામ્રાજ્ય-

---

૧૮. See R. C. Majumdar & A. S. Altekar (Ed) : A New History of the Indian People, Vol. VI, p. 169.

૧૯. R. K. Mookerji : The Gupt Empira p, 57.

વિસ્તાર, શાસનવ્યવસ્થા, કલાસાહિત્ય, આર્થિક કે સામાજિક એમ કોઈપણ ક્ષેત્રે દૃષ્ટિગોચર થાય છે. તે પ્રત્યેક ક્ષેત્રે શિરોમણી હતો. તેના કારણે ગુપ્તવંશ ઇતિહાસમાં સુવર્ણયુગનું બિરુદ પામ્યો, તેના લીધે ભારતની ધરતીપરથી વિદેશોનો પગદંડો નાબૂદ થયો અને એ રીતે ભારતનું આ નરવીરે શ્રેય કર્યું. ભારતની પ્રજામાં ભારતીય સંસ્કૃતિનો મંત્ર ફૂંકીને તેમને ભારતીય બનાવનાર ચંદ્રગુપ્ત બીજો અમર સેનાની હતો. તેના લીધે ભારતે આ સમયમાં રાજકીય, વહીવટી અને સાંસ્કૃતિક એકતાનાં દર્શન કર્યાં.

પ્રોફે. આર. ડી. બેનરજીના મતે તે શ્રેષ્ઠ સેનાની હતો. તેણે વારસામાં વિશાળ સામ્રાજ્ય મેળવ્યું, જે તેણે નાગ તેમજ વાકાટકવંશ સાથે લગ્નસંબંધોદ્વારા સુદૃઢ કર્યું અને પશ્ચિમ ભારત 'અને અન્ય' જીતોદ્વારા વિસ્તૃત કર્યું.[20] બીજી રીતે મૂકીએ તો તેના પૂર્વજોએ આરંભેલી સામ્રાજ્યવિસ્તારની નીતિને શાંતિમય ઉપાયો અને સૈનિક કાર્યો દ્વારા પૂર્ણપણે વિકસાવી. આ રીતે પ્રોફે. બેનરજી જણાવે છે તેમ તેણે તેના પિતાના સમયના રાજ્યને 'સામ્રાજ્ય'ની કક્ષાએ લાવીને મૂક્યું.[21] તે તેના મૃત્યુ સમયે નિઃશંકપણે ભારતનો સર્વોચ્ચ શાસક (Paramount Soversign of India) હતો.

તે મહાન વિજેતા હોવા ઉપરાંત કુશળ કૂટનીતિજ્ઞ (મુત્સદ્દી) હતો. તેણે કૂટનીતિ દ્વારા શક રાજવીને હરાવીને પોતાના મોટાભાઈનું રાજ્ય પડાવી લીધું.[22] (અરે તેની રાણી પણ પડાવી લીધી!) તેણે સામ્રાજ્યનો વિસ્તાર કરવા માટે આસપાસનાં રાજ્યો સાથે બાંધેલા લગ્નસંબંધોમાં તો તેની ભારોભાર મુત્સદ્દીગીરીનાં જ દર્શન થાય છે[23] આમ પોતાના સમયનાં શક્તિશાળી રાજ્યોને પોતાની હકુમત હેઠળ લાવવા માટે તેણે માત્ર શસ્ત્રોનો જ

---

૨૦. N. K. Sinha & A. C. Banerjee : History of India, p. 124.

૨૧. R. D. Banerjee : op. cit., p. 36.

૨૨. આ કાર્ય માટે બેનરજી વિક્રમાદિત્યને 'unscrupulous' કહે છે (Ibid p. 36.)

૨૩. પ્રોફે. બેનરજીના મતે By the marriage alliance with the Vakatakas, he had neutralised the only rival power in India. (Loc. cit, p. 36.)

નહીં પણ કૂટનીતિનો (લગ્નનો) પણ આશરો લીધો હતો.

તે **કુશળ વહીવટકર્તા** પણ હતો. તેની આદર્શ શાસનવ્યવસ્થાના ચીની મુસાફરે ખૂબ વખાણ કર્યા છે. તે વિસ્તૃત સામ્રાજ્યના વહીવટ માટે સુયોગ્ય હતો. તેની સરકાર કાર્યદક્ષ અને સુવ્યવસ્થિત હતી. ડૉ. **સ્મીથ**ના શબ્દોમાં 'પૌર્વાત્ય ધોરણ પર આધારિત એવી ભારતની શાસનવ્યવસ્થા વિક્રમાદિત્યના શાસનકાળ સિવાય બીજા કોઈ શાસનકાળમાં શ્રેષ્ઠ ન હતી.'

તે **ધર્મસહિષ્ણુ** રાજવી હતો. પોતે ચુસ્ત વૈષ્ણવધર્મી હોવા છતાં બીજા ધર્મોની પ્રત્યે માનભરી નજરે જોતો. તેણે અન્ય સંપ્રદાયના અનુયાયીઓને પણ રાજ્યમાં ઉચ્ચપદે નીમ્યા હતા. તેની આવી ધર્મસહિષ્ણુનીતિને ડા. **રાયચૌધરી** ચંદ્રગુપ્ત બીજાને 'સારા રાજવી' (good monarch) તરીકે ઓળખાવે છે.

તે **સાહિત્યકલાનો પણ પોષક** હતો. તે પોતે વિદ્વાન હતો અને તેનો દરબાર 'નવરત્નો'થી શોભતો હતો, તેના સમયમાં સ્થાપત્ય, શિલ્પ અને ચિત્રકલાએ પણ અનુપમ પ્રગતિ સાધી હતી.

ટૂંકમાં ચંદ્રગુપ્ત બીજાના સમયમાં ભારતે રાજકીય, વહીવટી અને સાંસ્કૃતિક એકતાનાં દર્શન કર્યાં. પરિણામે ગુપ્તયુગને 'સુવર્ણયુગ' એવું નામ પ્રદાન કરાવવામાં સમુદ્રગુપ્તની સાથે વિક્રમાદિત્યનો ફાળો પણ કંઈ નાનોસુનો ન હતો. વાસ્તવમાં તો ગુપ્તયુગનો સુવર્ણયુગ તેના સમયમાં ચરમસીમાએ પહોંચ્યો હતો. ઇંગ્લૅન્ડ અને મોગલોના ઇતિહાસમાં જે સ્થાન અનુક્રમે ઈલીઝાબેથ અને શાહજહાંનું હતું તેવું જ સ્થાન ગુપ્તકાળમાં ચંદ્રગુપ્ત બીજાનું હતું. ડૉ. **આર. સી. મજુમદાર**ના મતે 'સો સો લડાઈઓનો વિજેતા સમુદ્રગુપ્ત એ ઇતિહાસનો નાયક હતો, જ્યારે લોકહૃદયનો નાયક તો વિક્રમાદિત્ય હતો, જેણે રાજકીય ભવ્યતા અને સાંસ્કૃતિક પુનરૂદ્ધારના નવા યુગને સંપૂર્ણ વિકસિત બનાવ્યો.[૨૪] તેની સિદ્ધિઓને અંજલિ આપતાં ડૉ **સ્મીથ** જણાવે કે ચંદ્રગુપ્ત બીજો (વિક્રમાદિત્ય) વહીવટ માટે સંપૂર્ણ લાયક હતો.[૨૫]

---

૨૪. Classical Agep. 23.

૨૫. Dr. V. A Smith : E. H. I. p. 309.

૬. કુમારગુપ્ત ૧ લો : મહેન્દ્રાદિત્ય
(ઈ. સ. ૪૧૫–૪૫૫)

અ. પ્રાસ્તાવિક : ચંદ્રગુપ્ત બીજાના અવસાન પછી તેનો પુત્ર કુમારગુપ્ત ૧ લો ગાદીએ આવ્યો. તેના અભિલેખ પર 'ઈ. સ. ૪૧૫' અને તેના ચાંદીના એક સિક્કા પર 'ઈ. સ. ૪૫૫' એમ અંકિત છે, જે પરથી જાણી શકાય છે કે તેણે ૪૦ વર્ષ સુધી રાજ્ય કર્યું હતું. તેની માતાનું નામ ધ્રુવસ્વામિનીદેવી હતું. તેનો શાસનકાળ સંપૂર્ણ શાંતિનો સમય હતો.

બ. કારકિર્દી અને સિદ્ધિઓ : કુમારગુપ્તના સિક્કાઓ અને અભિલેખોના આધારે તેની રાજકીય કારકિર્દીનો પરિચય નીચે પ્રમાણે આપવામાં આવેલ છે.

૧. જીતો : ડૉ. **આર. સી. મજુમદારના** જણાવે છે કે કુમારગુપ્તે પ્રદેશો જીતવા માટે કોઈ ખાસ લશ્કરી કૂચ (યુદ્ધ) કરી હોય એવું જાણવા મળતું નથી પરંતુ તેણે વારસામાં મળેલ વિશાળ સામ્રાજ્યને ટકાવી રાખ્યું હતું.[૨૬] તેના સમયના અભિલેખો અને તેના સિક્કાઓ પરથી સ્પષ્ટ થાય છે કે ગુપ્તસામ્રાજ્યના દૂરદૂરના પ્રાંતો (ભૂક્તિ) તેના આધિપત્ય નીચે હતા.

તેના અશ્વમેધ પ્રકારના સિક્કા પરથી જણાય છે કે તેણે અશ્વમેધ યજ્ઞ કરાવ્યો હતો અને 'અશ્વમેધમહેન્દ્ર'નું બિરુદ ધારણ કર્યું હતું, પરંતુ કયા મહાન વિજયની યાદમાં આ યજ્ઞ કરાવ્યો હશે તે કહેવું મુશ્કેલ છે. આ અંગે ડૉ. **રમાશંકર ત્રિપાઠી** જણાવે છે, " દુર્ભાગ્યવશાત્ તેના અભિલેખો, તેના વિજયોનો કોઈ પ્રકાશ પાડતા નથી, પરંતુ એ તો નિશ્ચયપૂર્વક કહી શકાય કે થોડા પ્રદેશો જીત્યા વિના તે આ પ્રકારના 'અશ્વમેધ યજ્ઞ જેવા' શાહી ઉત્સવનું આયોજન ન કરી શકે."[૨૭]

કુમારગુપ્ત ૧ લા શાસનકાળના અંતિમ વર્ષોમાં સામ્રાજ્યની શાંતિ અને સ્થિરતા જોખમમાં મૂકાઈ હતી. સ્કંદગુપ્તના ભીતરી–સ્તંભલેખ (ઉત્તર પ્રદેશના ગાઝીપુર જિલ્લાના ભીતરી નામના સ્થળેથી પ્રાપ્ત થયેલ અભિલેખ) પરથી સ્પષ્ટ થાય છે કે કુમારગુપ્ત ૧ લાની વૃદ્ધાવસ્થાનો અને બુઢાપામાં તેની

---

૨૬. Classical Age, p. 23.

૨૭. प्राचीन भारतका इतिहास, पृ. १९७.

વિલાસપ્રિયતાનો[૨૮] લાભ લઈને નર્મદા ખીણમાં મેકલા પ્રદેશમાં રહેતી 'પુષ્યમિત્ર' નામની જાતિના લોકોએ[૨૯] વિદ્રોહ કર્યો અને ગુપ્ત સામ્રાજ્ય પર હલ્લો કર્યો. કુમારગુપ્તના પુત્ર સ્કંદગુપ્તે તેમને હરાવ્યા. પરંતુ તેમને હરાવવા માટે સ્કંદગુપ્તને એક આખી રાત જમીન પર સૂઈને પસાર કરવી પડી હતી.

કુમારગુપ્તે 'વ્યાઘ્રબલ પરાક્રમ'ની ઉપાધિ ધારણ કરી હતી, જેનો અર્થ 'વાઘની તાકાત ને પરાક્રમવાળો' એમ થાય છે. આ પરથી **ડૉ. રાય-ચૌધરી** જણાવે છે, કુમારગુપ્ત પણ તેના દાદા સમુદ્રગુપ્તની જેમ મધ્ય ભારતના વાઘથી (હિંસક પ્રાણીઓથી) ભરેલા પ્રદેશો પર જ અધિકાર સ્થાપવા ઇચ્છતો હતો, તેમજ નર્મદા નદીની દક્ષિણે સતારા જિલ્લામાંથી મળી આવલા ૧૩૯૫ સિક્કાઓ પરથી અનુમાન થઈ શકે કે તેણે નર્મદા નદીની પેલે પાર દક્ષિણ તરફ ગુપ્ત સામ્રાજ્યની સરહદ વધારવા માટે પ્રયાસ કર્યો હશે. પરંતુ 'પુષ્યમિત્ર' જાતિના લોકોએ તેનો ભયંકર સામનો કર્યો હશે, છેવટે તેમની સામે કુમાગુપ્તના પુત્ર સ્કંદગુપ્તે યુદ્ધ કરી તેમના પર વિજય મેળવ્યો.[૩૦]

---

૨૮. કુમારગુપ્તની વિલાસપ્રિયતાની હકીકત તેના 'વૃદ્ધરાજા અને યુવાન રાણી' વાળા સિક્કા પરથી પ્રકટ થાય છે.

૨૯. 'પુષ્યમિત્ર' જાતિના લોકો કોણ હતા ? આ અંગેનાં વિવિધ મંતવ્યો નીચે પ્રમાણે છે :

(૧) **ફ્લીટ** – આ જાતિ નર્મદા નદીના કિનારે રહેતી હતી. (૨) **વિષ્ણુપુરાણ** – આ જાતિના લોકો નર્મદા નદીની ખીણમાં મેકલ પ્રદેશમાં રહેતી હતી. (૩) **સ્મીથ** – આ જાતિ ભારતના વાયવ્ય સરહદના પ્રદેશમાં રહેતી હતી. (૪) **શ્રી મિરાશી** – આ જાતિ મધ્યભારતમાં રહેતી હતી. (૫) **શ્રી એન. કે. ભટ્ટસાલી** – આ જાતિના લોકો કામરુપ (આસામ)ના રાજા પુષ્યવર્મનના વંશજ હતા. કુમારગુપ્તના સમયમાં આ વંશના રાજા મહેન્દ્રવર્મને આક્રમણ કર્યું હતું. (૬) ડૉ. **એચ. આર. દિવેકર** – ભીતરી લેખના 'पुष्यमित्रांश्च' ને બદલે 'युद्ध मित्राश्च' એમ વાંચે છે, જેનો અર્થ 'યુદ્ધમાં શત્રુ' (युधि + अमित्र) એમ થાય છે, એટલે સ્કંદગુપ્તને કોઈ જાતિને નહીં પરંતુ શત્રુઓને પરાજિત કર્યા હતા. આ બધા મતોમાં ડૉ. ફ્લીટનો મત સ્વીકારી શકાય.

૩૦. P. H. A. I., p. 480.

કુમારગુપ્તના શાસનકાળના અંતિમ વર્ષોમાં ગુપ્ત સામ્રાજ્યની શાંતિ અને સ્થિરતા ભયમાં મૂકાઈ હતી. તેની વૃદ્ધાવસ્થા અને ઘડપણમાં તેની વિલાસપ્રિયતા (આ બાબત 'વૃદ્ધ રાજા અને યુવાન રાણી 'વાળા તેના સિક્કા પરથી પ્રકટ થાય છે) ને લીધે પશ્ચિમ ભારતમાં ગુપ્ત-સામ્રાજ્યની હકૂમત ઓસરવા લાગી. આનો લાભ લઈને સૌ પ્રથમ નર્મદા ખીણમાં મેકલા પ્રદેશમાં રહેતી પુષ્યમિત્ર નામની જાતિએ ગુપ્ત સામ્રાજ્યની ધૂંસરી ફગાવી દઈને ગુપ્તસામ્રાજ્ય પર આક્રમણ કર્યું, પરંતુ તેના પુત્ર સ્કંદગુપ્તે તેમનો પરાભવ કર્યો, જો કે તેમને નમાવવા જતાં યુવરાજ સ્કંદગુપ્તને એક આખી રાત ખુલ્લી જમીન પર સૂઈ રહેવું પડ્યું હતું.

તેના સિક્કાઓ અને અભિલેખોના વિસ્તારપટ પરથી જણાવે છે કે તેનું સામ્રાજ્ય ઉત્તરે હિમાલયથી દક્ષિણે નર્મદા સુધી અને પૂર્વે બંગાળથી પશ્ચિમે ગુજરાત સુધી ફેલાયેલું હતું.

૨. શાસનનીતિ[૩૧] : કુમારગુપ્તના ૧૩ અભિલેખો તેની શાસન-વ્યવસ્થા પર પ્રકાશ ફેંકે છે.

(ક) કેન્દ્રીયવ્યવસ્થા : સામ્રાજ્યને 'પૃથિવી' તરીકે ઓળખવામાં આવતું. તેનો ઉપરી 'રાજા' હતો. તે કેન્દ્રમાં સર્વોપરી હતો. તે પરમ-દૈવત, પરમ-ભટ્ટારક, મહારાજાધિરાજ જેવાં બિરુદો ધારણ કરતો. તેના મંત્રી તરીકે પૃથ્વીષેણ હતો, પછી તે 'મહાબલાધિકૃત'ના પદે પહોંચ્યો હતો. નાત ને ધર્મના ભેદભાવ વગર તે માત્ર યોગ્યતાના આધારે રાજ્યમાં અધિકારીઓની નિમણૂક કરતો. તેણે પોતાના મંત્રી તરીકે બૌદ્ધધર્મી વસુબંધુની નિમણૂક કરી હતી.

(ખ) ભુક્તિનીવ્યવસ્થા : વહીવટી હેતુસર સામ્રાજ્યને પ્રાંતોમાં વહેંચી નાખવામાં આવ્યું હતું. પ્રાંતને 'ભુક્તિ' કહેતા, ભુક્તિનો ઉપરી ઉપરિક-મહારાજા (જિલ્લા ગવર્નર) કહેવાતો. કુમારગુપ્ત ૧લાના સમયમાં પુંડ્રવર્મન ભુક્તિ (ઉત્તર બંગાળ)ના ઉપરી તરીકે ચિરાતદત્ત, એરણભુક્તિ (પૂર્વ માળવામાં)ના ઉપરી તરીકે ઘટોત્કચગુપ્ત અને દશપુરા (પ. માળવામાં)ના ઉપરી તરીકે બંધુવર્મન હતા.

---

૩૧. Dr. R. K, Mookerjee : : The Gupta Empta pp. 81—86 ને આધારે.

૩૨ ફક્ત ભીતરીસ્તંભલેખમાં તેના 'પુષ્યમિત્ર' જાતિ સાથે was યુદ્ધની વિગતો આવે છે.

(ગ) વિષયની વ્યવસ્થા : ભુક્તિને **વિષય** (જિલ્લા)માં વહેંચી નાખવામાં આવ્યું હતું. વિષયનો ઉપરી **વિષયપતિ** (જિલ્લા મેજિસ્ટ્રેટ) કહેવાતો. દા. ત., 'કોટીવર્ષા' નામના વિષયના વિષયપતિ તરીકે વેત્રવર્મા (vetravarma) હતો. વિષયનું મુખ્ય મથક (Headquarter) અધિષ્ઠાન તરીકે ઓળખાતું અને તેની કચેરી (office) અધિકરણ કહેવાતી. કુમારગુપ્ત ૧લાના સમયમાં આવી એક કચેરી 'પંચનગરી' નામના નગરમાં આવી હતી, જેના ઉપરી તરીકે કુલવિદ્ધિ (Kulavriddhi) હતો.

વિષયપતિને તેના જિલ્લાના શાસનમાં સલાહ-સૂચન આપવા માટે (૧) નગરશ્રેષ્ઠી, (૨) સાર્થવાહ, (૩) પ્રથમકુલિક અને (૪) પ્રથમકાયસ્થ એમ ચાર બિન-સરકારી સભ્યોની બનેલી એક સલાહકાર સમિતિની જોગવાઈ કરવામાં આવી હતી. આ ચારેય સભ્યો અનુક્રમે ઉદ્યોગપતિઓ, વેપારીઓ, કારીગરો અને લહિયાઓનું પ્રતિનિધિત્વ રજૂ કરતા હતા.[૩]

(ઘ) વિથિની વ્યવસ્થા : કલૈકુરી અભિલેખ (Kalaikuri Inscription)[૪] ના વિવરણ મુજબ વિષયનો પેટાવિભાગ વિથિ (તાલુકો) કહેવાતો. તેનો ઉપરી **વિથિપતિ** કહેવાતો. તેની સહાયમાં બિનસરકારી સભ્યોની બનેલી એક વિથિસભા હતી, જેમાં મહત્તર (સ્થાનિક વડાઓ) અને કુટુંબિન (કુટુંબના પ્રતિનિધિ)નો સમાવેશ થતો. વિથિના કાર્યાલયમાં પુસ્તપાલ (દફતરની નોંધ રાખનાર), કાયસ્થ (કારકુન) અને કુલિક (કારીગર) કામ કરતા.

આ પ્રમાણે કુમારગુપ્ત ૧લાના સમયમાં વહીવટીતંત્રનો ઘણો વિકાસ થયો હતો. તેના રાજ્યવહીવટના વખાણ કરતાં ડૉ. **આર. સી. મજુમદાર** જણાવે છે કે, "સુદૃઢ અને ઉદાર રાજ્યવહીવટ જ આવડા વિશાળ સામ્રાજ્યને આટલી સુંદર રીતે અંકુશમાં રાખી શકે... સમગ્રપણે જોતાં આધુનિક ઇતિહાસકારો કુમારગુપ્તના રાજ્યવહીવટને... જેટલો યશ આપે છે તેના કરતાં કદાચ વધારે યશનો તે અધિકારી છે."[૫]

'યુદ્ધમાં R. K. Mookerji : op. cit., p. 82.

નહીં પ'ઉત્તર બંગાળના બોગરા જિલ્લામાં આવેલા કલૈકુરી (કે કલાઈકુરી સ્વીકારી ામમાંથી મળી આવેલ અભિલેખ.

૩૦. P. assical Age, p. 24.

૩. **ધર્મનીતિ :** સમ્રાટ કુમારગુપ્ત વિષ્ણુને બદલે કાર્તિકેયનો ભક્ત હતો, એમ તેના કેટલાક સોના તેમજ ચાંદીના સિક્કાઓ પરની કાર્તિકેય અને તેના વાહન મયુરની આકૃતિઓ પરથી માનવામાં આવે છે.[૬] છતાં તેના પૂર્વજોની જેમ તે ધર્મસહિષ્ણુ હતો અને ગુપ્ત સમ્રાટોની પ્રણાલિ મુજબ તે બધા જ ધર્મોને સરખું પ્રોત્સાહન આપતો. તેના રાજ્યમાં શૈવ, વૈષ્ણવ, બૌદ્ધ, જૈન વગેરે ધર્મના અનુયાયીઓને રાજ્ય તરફથી ભેદભાવ વિના એકસરખું દાન અને અન્ય સગવડો અપાતી.[૭] તેણે નાલંદા બૌદ્ધ વિહાર બંધાવ્યો, તેના મનકુવાર, મન્દસોર, કરમદંડા, ભિલસદ અને ઉદયગિરિ અભિલેખોમાં અનુક્રમે બુદ્ધ, સૂર્ય, શિવ, કાર્તિકેય અને પાર્શ્વનાથ પ્રત્યેની તેની સહિષ્ણુતા તેમજ શ્રદ્ધાની પ્રતીતિ થાય છે. તેનો સેનાપતિ પૃથ્વીષણ શૈવધર્મી હતો અને મંત્રી વસુબંધુ બૌદ્ધધર્મી હતો. તેણે અશ્વમેધયજ્ઞ પણ કરાવ્યો હતો. ટૂંકમાં ડૉ. **રમાશંકર ત્રિપાઠી**ના શબ્દોમાં 'કુમારગુપ્ત, તેના પૂર્વજોની જેમ ધર્મસહિષ્ણુશાસક ' હતો.[૮]

૪. **સ્થાપત્યકલા વિષયક નીતિ**–કુમારગુપ્તના શાંતિપૂર્ણ શાસનકાળમાં શિલ્પકલાના ક્ષેત્રે પણ અજબ પ્રગતિ થઈ હતી. વાસ્તવમાં ગુપ્ત સમયની મૂર્તિકલાના સર્વોત્તમ નમૂનાઓ–ઉદયગિરિની જૈન તિર્થંકર પાર્શ્વનાથની પ્રતિમા, નાલંદા અને સુલતાન ગંજની બુદ્ધની તામ્ર–મૂર્તિઓ કુમારગુપ્તના સમયમાં તૈયાર થયા હતા. અભિલેખો પરથી માલૂમ પડે છે કે સૂર્યમંદિર, કાર્તિકેયનું મંદિર, શિવલિંગની સ્થાપના વગેરે તેના સમયના શિલ્પકલાના નમૂના હતા. તેના સમયમાં નાલંદાની બૌદ્ધ વિદ્યાપીઠ સ્થપાઈ હતી. તેણે કોતરાવેલ ૧૩ અભિલેખોમાં ભિલસદ, મંદસોર, કરમદંડા, મનકુવાર, સાંચી, ઉદયગિરિ વગેરેના અભિલેખો વિશેષ મહત્ત્વ ધરાવે છે. તેણે, સોના, ચાંદી અને તાંબાના અનેકવિધ સિક્કાઓ પડાવ્યા હતા. **He was the originator Peacock coins.'**

---

૬. Dr. R. S. Tripathi : History of Ancient India, p. 260 અને PHAI; p. 478.

૭ વધુ વિગત માટે જુઓ : R. K. Mookerji : The Gupta Emipire pp. 78–80

૮ ડૉ. રાયચૌધરીનું મંતવ્ય : Like his father, Kumaragupta was a tolerant king.

क. મૂલ્યાંકન (ઇતિહાસમાં સ્થાન) : આ પ્રમાણે કુમારગુપ્ત ૧લાએ પોતાના શાસનની શરૂઆત શાંતિપૂર્વક કરી. તેના શાસન દરમિયાન ગુપ્ત સામ્રાજ્યની શક્તિ અને કીર્તિ તેની પરાકાષ્ટાએ પહોંચ્યાં, પરંતુ તેના ૪૦ વર્ષના લાંબા ગાળાના શાસને ગુપ્તયુગની સમૃદ્ધિનો અંત આણ્યો. ડો. આર. એન. દાંડેકરના કથન મુજબ કુમારગુપ્તે પોતાની તુલના 'દેવતા-ઓના સેનાનાયક' સાથે કરી છે, પરંતુ તે સમુદ્રગુપ્તની જેમ વીર યોદ્ધો ન હતો, તેમજ ચંદ્રગુપ્ત બીજાની જેમ લોકનાયક ન હતો. એટલે પ્રા. આર. ડી. ભાંડારકર જણાવે છે કે કુમારગુપ્તની તુલના તેના પિતા તેમજ પિતામહ સાથે કરી શકાય નહીં. He was probably week in character. આમ તે મહાન વિજેતા ન હતો પરંતુ તેનો સુદીર્ઘકાલીન શાસનકાળ સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે જાણીતો હતો. તેના ૧૩ અભિલેખો તેની હકુમત હેઠળના શાંતિપૂર્ણ અને સુદૃઢ શાસનતંત્રની પ્રતીતિ કરાવે છે, જે બંગાળના ઉપસાગરથી અરબીસમુદ્ર સુધી ફેલાયલું હતું. આવડા વિશાળ સામ્રાજ્યને આટલા વર્ષો સુધી આટલી સરસ રીતે તો માત્ર સુદૃઢ અને ઉદાર શાસનતંત્ર જ અંકુશમાં રાખી શકે. તેના મૃત્યુ પછી ટૂંક સમયમાં જ હુણો અને અન્ય શત્રુઓને હાંકી કાઢવામાં આવ્યા હતા, તે ગુપ્ત સામ્રાજ્યના શાહી સૈન્યની કાર્યદક્ષતા પૂરવાર કરે છે અને સૈન્યની આ કાર્યદક્ષતા તેના ૪૦ વર્ષના સુદીર્ઘકાલીન શાંતિપૂર્ણ શાસનકાળ દરમિયાન પણ જળવાઈ રહી હતી. તે માટે કુમારગુપ્ત નાનાસૂના યશનો અધિકારી નથી. સમગ્રપણે વિચારતાં કહી શકાય કે આધુનિક ઇતિહાસકારો કુમારગુપ્તના શાસનતંત્રને અને તેની પ્રતિભાને જેટલો યશ આપે છે તેના કરતાં પણ વધારે યશનો તે અધિકારી છે. આમ તે મહાન વિજેતા ન હતો, પરંતુ તેણે લાંબા સમય સુધી સુદૃઢ શાસન હેઠળ પોતાના પૂર્વજોનું સામ્રાજ્ય જાળવી રાખ્યું હતું, જે એ હકીકતની પ્રતીતિ કરાવે છે કે તે કુશળ શાસનકર્તા હતો. તે ધર્મસહિષ્ણુ રાજવી હતો, તે પોતે કાર્તિકેયનો ઉપાસક હોવા છતાં અન્ય ધર્મો પ્રત્યે પણ આદર રાખતો. ટૂંકમાં પોતાના પૂર્વજોની જેમ તે ધર્મસહિષ્ણુ રાજવી હતો. તેણે સ્થાપત્યકલાને પણ ઉત્તેજન આપ્યું હતું. પ્રોફે. આર. ડી. ભાંડારકર જણાવે છે કે તેના શાસનકાળમાં ગુપ્તસ્થાપત્ય અને શિલ્પકળાએ આખરી સ્વરૂપ ધારણ કર્યું. આમ તેનો શાસનકાળ સાંસ્કૃતિક ઇતિહાસમાં મહત્વનું સ્થાન ધરાવે છે. **His reign constitutes an epoch in cultural History.**

---

૬. Dr. R. N. Dandekar : A History of the Guptas, p. 101.

ટૂંકમાં લશ્કરી સિદ્ધિઓ બાદ કરતાં તેમો શાસનકાળ રાજકીય અને સાંસ્કૃતિક ક્ષેત્રે મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તેના સમયમાં ગુપ્ત સામ્રાજ્ય તેની ચરમ સીમાએ પહોંચ્યું હતું. પરંતુ દુર્ભાગ્યે તેના શાસનકાળને ઇતિહાસમાં યથોચિત સ્થાન અપાયું નથી. ૪૦ વર્ષના રાજ્યકાળમાં જો રાજ્ય વ્યવસ્થિત રીતે ચલાવાયું હોય, તેની આબાદી અને સુખશાંતિ જળવાયાં હોય અને એવા જ માપદંડથી જો રાજ્યઅમલની મહત્તા મપાતી હોય તો કુમારગુપ્તે સમર્થ રીતે રાજ્ય ચલાવ્યું એમાં શંકા નથી. અરબીસમુદ્રથી માંડીને તે બંગાળના અખાત સુધીનું તેનું વિશાળ રાજ્ય સબળ રાજ્યતંત્ર અને દક્ષ વહીવટ ઉપર જ નભ્યું હતું અને આ બધું કુમારગુપ્તની શક્તિને આભારી છે.[૧૦] એટલે 'કુમારગુપ્તના શાસનકાળને નીરસ અને બિનમહત્ત્વનો ગણવામાં આવે છે' એવા ડૉ. આર. સી. મજુમદારના વિધાન સાથે સહમત થઈ શકાય નહીં.

૭. સ્કંદગુપ્ત (ઈ. સ. ૪૫૫–૪૬૭) :–

अ. રાજ્યારોહણ : કુમારગુપ્ત ૧લાના અવસાન બાદ તેનો પુત્ર સ્કંદગુપ્ત ગાદીએ આવ્યો. ડૉ. આર. સી. મજુમદાર તથા શ્રી ગંગુલીના મત મુજબ કુમારગુપ્ત ૧ લાના અવસાન બાદ તેના પુત્ર સ્કંદગુપ્તને, ગાદીના સાચા હકકદાર એવા, પોતાના ઓરમાન મોટાભાઈ પુરુગુપ્ત સાથે ગાદી માટે યુદ્ધ થયું; જેમાં સ્કંદગુપ્ત વિજયી નીવડયો અને મગધની ગાદીએ આવ્યો.[૧]

ब. કારકિર્દી અને સિદ્ધિઓ :

૧. જીતો (વિજયો) :

(i) 'પુષ્યમિત્ર' જાતિનું આક્રમણ : સ્કંદગુપ્તના ભીતરી સ્તંભલેખના વિવરણ મુજબ કુમારગુપ્ત ૧ લા શાસનકાળના અંતિમ વર્ષોમાં નર્મદા

---

૧૦. ડૉ. વિજયસિંહ ચાવડા : ભારતનો સાંસ્કૃતિક ઇતિહાસ (બીજી આવૃત્તિ), પૃ. ૧૨૦ને આધારે.

૧. કુમારગુપ્ત પછી ઉત્તરાધિકારીની સમસ્યા (Succession Problem) અંગે વિદ્વાનોમાં વિવાદસ્પદ મંતવ્યો પ્રવર્તે છે. આ અંગે ડૉ. સ્મીથ, ડૉ. રાયચૌધરી, ડૉ. મુકર્જી, શ્રી પન્નાલાલ, પ્રોફે. આર. ડી. બેનરજી, ડૉ. ડાંડેકર, બી. સી. સેન, હર્નલે, ડૉ. ડી. આર. ભાંડારકર, શ્રી પી. એલ. ગુપ્તા, ડૉ. આર. જી. બસાક વગેરે વિદ્વાનોનાં ચર્ચાસ્પદ મંતવ્યોનો ખ્યાલ વિદ્યાર્થીઓએ પ્રાધ્યાપકો પાસેથી મેળવી લેવો.

ખીણમાં મેકલા પ્રદેશમાં રહેતા 'પુષ્યમિત્ર' જાતિના લોકોએ ગુપ્ત સામ્રાજ્યની ધૂંસરી ફગાવી દઈને ગુપ્તસામ્રાજ્ય પર આક્રમણ કર્યું, ત્યારે યુવરાજ સ્કંદગુપ્તે તેમના બળવાને દબાવી દીધો. અલબત્ત, તેમને નમાવવા જતાં યુવરાજને એક આખી રાત ખુલ્લી જમીન પર સુઈ રહેવું પડ્યું હતું.

(ii) હુણોનું આક્રમણ : ગિરનારના અભિલેખના વિવરણ મુજબ સ્કંદગુપ્તે શાસનકાળના પ્રારંભિક વર્ષમાં (ઈ. સ. ૪૫૬ માં)[૨] હુણોને હરાવ્યા હતા. હુણોની ચડાઈ એ તેના શાસનકાળનો સૌથી મહત્ત્વનો બનાવ હતો. તે સમયે મધ્યએશિયાના મેદાનમાં રહેતા ઝનુની હુણોની 'શ્વેત-શાખા' એ હિંદ પર આક્રમણ કર્યું અને છેક સ્કંદગુપ્તના સામ્રાજ્યની સરહદે આવી પહોંચી. પરંતુ સ્કંદગુપ્તે આ ભયંકર હુણોનો સૌરાષ્ટ્રમાં વીરતાપૂર્વક સામનો કરીને તેમને હાંકી કાઢયા.[૩] સ્કંદગુપ્ત ગાદીએ આવ્યો તે પહેલાં હુણસરદાર એટિલાએ રોમનસામ્રાજ્યના પાયા હચમચાવી મૂકયા હતા. સ્કંદગુપ્તને હાથે પરાજય પામ્યા પછી આ શ્વેત હુણોએ ઈરાન પર ચઢાઈ કરી તેને ભારે શિકસ્ત આપી, જ્યારે સ્કંદગુપ્તે તેમને હરાવી દેશનું રક્ષણ કર્યું, માટે તો ભારતીય પ્રજાજનો તેણે **'ભારતના તારણહાર'** તરીકે બિરદાવે છે.[૪]

(iii) વાકાટકોનું આક્રમણ – બાલાઘાટ તામ્રલેખના આધારે ડૉ. **આર. એન. દાંડેકર** જણાવે છે કે સ્કંદગુપ્તની મુશ્કેલીઓનો લાભ ઉઠાવીને વાકાટકોએ પણ ગુપ્ત-સામ્રાજ્ય પર આક્રમણ કર્યું, અને તેમણે ગુપ્ત સામ્રાજ્યના પશ્ચિમના પ્રદેશનો કેટલોક ભાગ (માળવાનો પ્રદેશ) પડાવી લીધો. પરંતુ ગુપ્તોના અભિલેખોમાં 'પુષ્યમિત્ર' જાતિના અને હુણોના આક્રમણનો ઉલ્લેખ છે, જ્યારે વાકાટકોના આક્રમણનો ઉલ્લેખ આવતો નથી. આથી સ્પષ્ટ થાય છે કે તેમણે સ્કંદગુપ્તના સામ્રાજ્ય પર આક્રમણ કર્યું ન હતું. વળી જૂનાગઢના અભિલેખ પરથી સ્પષ્ટ થાય છે કે સ્કંદગુપ્તના સામ્રાજ્યની સરહદ પશ્ચિમમાં સૌરાષ્ટ્ર સુધી ફેલાયેલી હતી, એટલે માળવા પણ સ્કંદગુપ્તના આધિપત્ય નીચે હતું એવું સ્પષ્ટ થાય છે તથા આ જ અભિલેખના વિવરણના આધારે એ

---

૨. હર્નલે (Hoernle) આ માટે ૪૬૫ની સાલ જણાવે છે.

૩. ડૉ. વાસુદેવ ઉપાધ્યાય જણાવે છે કે સ્કંદગુપ્તે હુણોનો ગંગાનદીની ખીણમાં સામનો કર્યો હતો, જે મત સ્વીકાર્ય નથી.

૪. डॉ. आर. सी. मजुमदार : प्राचीन भारत, पृ. २२१.

હકીકત પૂરવાર થાય છે કે તેણે શાસનકાળના પ્રારંભિક વર્ષ (ઈ. સ. ૪૪૫) માં પશ્ચિમ ભારત પર આધિપત્ય જમાવ્યું હતું. કહૌમ–અભિલેખ તથા ઈંદોર તામ્રપત્ર અભિલેખ પરથી અનુક્રમે ફલિત થાય છે ઈ. સ. ૪૬૦ માં અને ઈ. સ. ૪૬૫ માં તેના સામ્રાજ્યમાં સંપૂર્ણ શાંતિ પથરાયેલી હતી. આ હકીકત પરથી સ્પષ્ટ થાય છે કે સ્કંદગુપ્તના શાસનકાળ પહેલાં (એટલે કે ઇ સ. ૪૪૫ પહેલાં) અલ્પકાળ માટે માળવા ગુપ્ત સામ્રાજ્યથી સ્વતંત્ર થયું હોય, પરંતુ સ્કંદગુપ્તના સમયમાં તે પુનઃ ગુપ્ત સામ્રાજ્યના આધિપત્ય નીચે આવી ગયું હતું. આ બધા પરથી નિષ્કર્ષ સ્વરૂપે એટલું તો ચોક્કસ કહી શકાય કે સ્કંદગુપ્ત અને વાકાટકો વચ્ચે કદી યુદ્ધ જ થયું ન હતું.

(iv) **દિગ્વિજય** – સ્કંદગુપ્તના અભિલેખોમાં અમુક સૂચનોને આધારે ડૉ. રાધાકુમુદ મુકર્જી જેવા કેટલાક વિદ્વાનો તેના 'દિગ્વિજયો' વિષે ધારણાઓ બાંધે છે. દા. ત., ભીતરી અભિલેખમાં સ્કંદગુપ્તે પોતાના બાહુબળ વડે પૃથ્વીને જીતી લીધાનો ઉલ્લેખ આવે છે તથા જુનાગઢ અભિલેખમાં તેણે કેટલાક રાજાઓને હરાવીને તેમનાં અભિમાનનો નાશ કર્યાનો ઉલ્લેખ આવે છે, પરંતુ તેણે કયા પ્રદેશો જીત્યા તેમજ કયા રાજાઓને હરાવ્યા એ અંગે અન્ય માહિતી મળતી નથી. બનવા જોગ છે કે પ્રશસ્તિકારોએ પુષ્યમિત્ર–વિજય અને હુણ–વિજયને અતિશયોક્તિ રીતે રજૂ કરીને 'દિગ્વિજય'નું સ્વરૂપ આપ્યું હોય પરંતુ અત્રે નોંધવું જરૂરી છે કે ખુદ આ જાતિઓએ જ સ્કંદગુપ્ત પર આક્રમણ કર્યું હતું, તેથી તેમની સાથેનાં યુદ્ધોને દિગ્વિજયનું સ્વરૂપ કેવી રીતે આપી શકાય ? હકીકતમાં તો એ 'ધર્મવિજય' હતો, કારણ કે સ્કંદગુપ્તે હારેલા દુશ્મનોને પુનઃસ્થાપિત કરવાની ઉદારતા દાખવી હતી.

ટૂંકમાં ડૉ. **રાધાકુમુદ મુકર્જી**ના મતે તે એક વિશાળ સામ્રાજ્યનો શાસક હતો, જે સૌરાષ્ટ્રથી બંગાળ સુધી આખાય ઉત્તરભારતમાં ફેલાયલું હતું.

૨. શાસનવ્યવસ્થા[૫] : સ્કંદગુપ્તના અભિલેખો તેના શાસનતંત્ર અંગેની રસપ્રદ વિગતો આ પ્રમાણે આપે છે :

તેણે સામ્રાજ્યને પ્રાંતો (દેશ) માં અને પ્રાંતોને જિલ્લા (વિષય) માં વહેંચી નાખ્યું હતું. પ્રાંતના ઉપરી તરીકે 'ગોપ્તા' (સુબો) હતો. દા. ત., સૌરાષ્ટ્ર પ્રાંતના વહીવટીસુબા તરીકે **પર્ણદત્ત** અને લશ્કરીસુબા તરીકે **ભટાર્ક**

૫. Dr. R. K. Mookerji : The Gupta Empire, p. 96 ને આધારે.

હતા. પશ્ચિમ માળવાના સુબા તરીકે પ્રભાકર હતો, જ્યારે કૌશામ્બી-પ્રદેશના સુબા તરીકે ભીમવર્મન હતો.

વિષયના ઉપરી તરીકે વિષયપતિ હતો, દા. ત., અંતર્વેદી જિલ્લા (ગંગા-યમુનાનો દોઆબ પ્રદેશ) નો વિષયપતિ સર્વનાગ હતો. વિષયપતિના હાથ નીચે અગ્રહારિક (બ્રાહ્મણોને દાનમાં અપાયેલા ગામડાનો ઉપરી), ગૌલ્મિક (જંગલખાતાનો અમલદાર) જેવા અધિકારીઓ હતા.

નગરનો વહીવટ મહત્ત્વના વહીવટીઅધિકારોના હસ્તક હતો. દા. ત., સૌરાષ્ટ્ર પ્રાંતની રાજધાની ગિરિનગરના મેયર (નગરાધ્યક્ષ) તરીકે ચક્રપાલિત (પર્ણદત્તનો પુત્ર) હતો.

૩. ધર્મનીતિ – તેણે પોતે **'પરમભાગવત'** ની ઉપાધિ ધારણ કરી હતી, એવો ઉલ્લેખ તેના અભિલેખોમાં આવે છે. ભીતરી અભિલેખના વિવરણ મુજબ તેણે પોતાના પિતાની યાદમાં વિષ્ણુ ભગવાનની મૂર્તિની સ્થાપના કરાવી હતી તેના સિક્કાઓ પર લક્ષ્મી અને ગરુડની આકૃતિઓ અંકિત થયેલી નજરે પડે છે. સ્કંદગુપ્તના સૌરાષ્ટ્રના સુબા પર્ણદત્તના પુત્ર ચક્રપાલિતે સુદર્શન તળાવને કિનારે વિષ્ણુભગવાનનું મંદિર બંધાવ્યું હતું. આ સર્વ હકીકતો દર્શાવે છે કે તે તેના પૂર્વજોની જેમ વૈષ્ણવધર્મી હતો.

પરંતુ તે વૈષ્ણવધર્મી હોવા છતાં જૈન, બૌદ્ધ ઇત્યાદિ અન્ય ધર્મો પ્રત્યે સહિષ્ણુ હતો. તેના સામ્રાજ્યભરમાં વૈષ્ણવ ધર્મના અનુયાયીઓ ઉપરાંત અન્ય ધર્મના અનુયાયીઓ પણ સુખચેનથી રહેતા હતા અને રાજ્ય તરફથી તેમની પૂજા-ઉપાસનમાં કોઈ હસ્તક્ષેપ કરવામાં આવતો નહીં. વૈષ્ણવધર્મી સ્કંદગુપ્તે બૌદ્ધ વિદ્વાન વસુબંધુને પોતાના ગુરુ તરીકે સ્વીકાર્યા હતા. 'જેવો રાજા તેવી પ્રજા' એ પ્રસિદ્ધ ઉકિત મુજબ સ્કંદગુપ્તની ધાર્મિક ઉદારતાનો પ્રભાવ તેની પ્રજા પર પડયો હતો. તેની પ્રજા પણ ઉદાર ને ધર્મસહિષ્ણુ હતી. 'કહોમ સ્તંભલેખ'ના વિવરણ મુજબ બ્રાહ્મણો, ગુરુજનો અને પરિવ્રાજકો (સંન્યાસીઓ) પ્રત્યે અસીમ શ્રદ્ધા ધરાવનાર 'મદ્ર' નામની વ્યકિતએ પાંચ જૈન તિર્થંકરો (આદિનાથ, શાંતિનાથ, નેમિનાથ, પાર્શ્વ અને મહાવીર સ્વામી) પ્રતિમાઓની સ્થાપના કાકુભા (Kakubha : ગોરખપુર જિલ્લાનું ગામ) નામના ગામમાં પથ્થરના સ્તંભ પર કરાવી હતી. 'ઇંદોર તામ્રપત્રલેખ' માં ઉલ્લેખ છે કે ત્યાંના સૂર્યમંદિરમાં અખંડ દીપ જલતો રહે તે માટે 'દેવવિષ્ણુ' નામના ચતુર્વેદી બ્રાહ્મણે એટલું બધુ દાન કર્યું હતું કે તેના વ્યાજમાંથી મંદિરનું આ ખર્ચ

પૂરું પડતું હતું. સ્કંદગુપ્તના 'બિહાર સ્તંભઅભિલેખ' ના વિવરણ પરથી જણાય છે કે સ્કંદદેવ તથા બ્રહ્મી, મહેશ્વરી, કૌમારી, વૈષ્ણવી, મહેન્દ્રી, વારાહી, ચામુંડા, ચંડી, ચાર્ચિકા, વગેરે દેવીઓ માટે મંદિરોનો એક સમૂહ એક ગામમાં બાંધવામાં આવ્યો હતો, જે 'સ્કંદગુપ્ત-બાટ' (Skanda-Gupta-bata) નામના ગામથી ઓળખાય છે.

૪. **લોકોપયોગી કાર્યો** : સ્કંદગુપ્તની શાસનવ્યવસ્થા ઉદારતા અને લોકહિતના સિદ્ધાંત પર આધારિત હતી. તેણે સામ્રાજ્યથી દૂર આવેલા પ્રાંતોમાં પણ લોકોપયોગી (સાર્વજનિક) કાર્યો માટે ધ્યાન આપ્યું હતું. આનો જ્વલંત પુરાવો છે સૌરાષ્ટ્રમાં આવેલ ગિરનાર પાસેના સુદર્શન તળાવનો જીર્ણોદ્ધાર. સુદર્શન તળાવનું નિર્માણ ચંદ્રગુપ્તમૌર્યના સુબા પુષ્યગુપ્ત વૈશ્યે કર્યું હતું. અશોકના સમયમાં ત્યાંના સુબા તુષાષ્પે તેમાંથી નહેરો ખોદાવી હતી. રૂદ્રદામને આ તળાવનો બંધ તૂટી જતાં તેને સમરાવ્યો હતો. સ્કંદગુપ્તના શાસનકાળમાં ઈ. સ. ૪૫૬ માં સુદર્શન તળાવનો બંધ તૂટી જતાં તેના સૌરાષ્ટ્રના સુબા પર્ણદત્તે તથા રાજધાની ગિરિનગર (ગિરનાર) ના નગરાધ્યક્ષ (મેયર) ચક્રપાલિતે તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો તથા ચક્રપાલિતે તેના કિનારે એક વિષ્ણુનું મંદિર પણ બંધાવ્યું. દુર્ભાગ્યે આજે ત્યાં સુદર્શન તળાવ કે વિષ્ણુમંદિરના અવશેષો અસ્તિત્વ ધરાવતા નથી.[૬]

क. **ઇતિહાસમાં સ્થાન** (મૂલ્યાંકન) : પ્રા. રૅાલિન્સનના મતે સ્કંદગુપ્ત એ 'મહાનગુપ્તો' નો છેલ્લો સમ્રાટ હતો. ગુપ્તસમ્રાટોમાં જ નહીં પરંતુ પ્રાચીન ભારતના મહાન સમ્રાટોમાં તેની ગણના થાય છે.

તે **મહાન વિજેતા** હતો. તેણે યુવરાજત્વકાળમાં (એટલે કે પોતાના પિતાના સમયમાં યુવરાજ તરીકે) 'પુષ્યમિત્ર' જાતિના લોકોને હરાવીને પોતાની વીરતા અને સાહસિકતાનો આપણને પરિચય કરાવ્યો. તેણે 'પુષ્યમિત્ર' જાતિને હરાવીને પોતાના વંશની 'વિચલિત કુલલક્ષ્મી' ને સ્થિર કરી અને 'વિલુપ્ત વંશલક્ષ્મી' ને પુનઃપ્રસ્થાપિત કરી. 'ચંદગર્ભ-પરિપૃચ્છા' નામના બૌદ્ધગ્રંથના વિવરણને વિશ્વસનીય લેખીએ તો એ હકીકત સ્પષ્ટ થાય છે. તેની

---

૬. Prof. R. D. Banerji : The Age of The Imperial Guptas, p. 44.

૭ H. G. Rawlinson : A Concise History of The Indian People, p. 64.

સેના, સંખ્યાની દૃષ્ટિએ પોતાના શત્રુ પુષ્યમિત્ર જાતિની સેના કરતાં ઘણી જ ઓછી હતી. આવા કપરા સંજોગોમાં તેણે પ્રાપ્ત કરેલો વિજય એ તેના કુશળ રણ–કૌશલ્યની પ્રતીતિ કરાવે છે. ભીતરી અભિલેખમાં તેની વીરતા અંગે અનેક ઉલ્લેખો આવે છે. તે ગુપ્તવંશનો 'એક વીર' હતો. તેણે પોતાના બાહુબળ વડે પૃથ્વીને જીતી લીધી હતી. ડૉ. **બી. પી. સિંહા**ના મતે તેણે હુણો જેવી ઝનૂની જાતિના આધિપત્યમાંથી દેશને અને સામ્રાજ્યને બચાવ્યું. એટલે તો તે 'ભારતનો તારણહાર' કહેવાયો. તેણે હુણોની એટલી બધી તો ખાનાખરાબી કરી નાખી કે તેઓ ત્યાર પછી ૫૦ વર્ષ સુધી હિંદ પર આક્રમણ કરી શકયા નહીં અને એ રીતે તેણે હિંદની મહાન સેવા કરી.[૮] તેણે તેના પિતામહ (વિક્રમાદિત્ય)ની જેમ ધારણ કરેલ 'વિક્રમાદિત્ય' ઇલ્કાબ તેનું આ વીરતાભર્યું કાર્ય સાર્થક કરેછે.[૯] ડૉ. જયસ્વાલ અને પ્રોફે. દાંડેકર સ્કંદગુપ્તને 'મહાન ગુપ્ત સમ્રાટ' તરીકે ઓળખાવે છે. એશિયા અને યૂરોપમાં તે સૌ પ્રથમ વીર નાયક હતો, જેણે હુણોને પરાજિત કર્યા. 'આર્યમં–જૂશ્રીમૂલકલ્પ' ના આધારે ડૉ. જયસ્વાલ સ્કંદગુપ્તને 'શ્રેષ્ઠ, બુદ્ધિમાન અને ધર્મવત્સલ' રાજા તરીકે ઓળખાવે છે.

તે માત્ર એક વીર યોદ્ધો અને મહાન વિજેતા જ નહોતો, પરંતુ એક **સફળ શાસક** પણ હતો. તે ઉચ્ચકોટિનો વ્યવસ્થાપક હતો. તેણે પોતાના સામ્રાજ્યને અનેક પ્રાંતોમાં વિભાજિત કરીને તેના ઉપરી તરીકે યોગ્ય સૂબાઓ (ગોપ્તાઓ) નિયુકત કર્યા હતા. તે ઘણા દિવસોની વિચારણા અને ચિંતનને અંતે પ્રાંતીય સુબાઓની નિમણૂક કરતો, જે પરથી એ હકીકતની પ્રતીતિ થાય છે કે તે વહીવટી બાબતોમાં ખૂબ જ સાવચેતી રાખતો હતો. લાંબા સમયની વિચારણા બાદ સૌરાષ્ટ્રના સુબા તરીકે પર્ણદત્ત જેવી સુયોગ્ય વ્યક્તિની નિમણૂકમાં તેના માનવ–ગુણ પારખુ માનસની ઝાંખી થાય છે. સુદર્શન તળાવનો જીર્ણોદ્ધાર તેની ઉદાર–શાસન નીતિનો પરિચય કરાવે છે. તેના સોનાના સિક્કા જૂજ સંખ્યામાં અને એક જ પ્રકારના મળી આવ્યા છે. આ ઉપરાંત આ સિક્કાઓમાં સોનાનું પ્રમાણ પણ ઘટાડવામાં (૧૦૮ ગ્રેઇનમાંથી ૭૩ ગ્રેઇન) આવેલું જણાય છે. આ હકીકત એક વાત સ્પષ્ટ કરે છે કે તેના શાસનકાળ દરમિયાન દેશની સમૃદ્ધિ તેના પિતાના સમય જેટલી ન હતી. હૂણોના હુમલાઓ તેમજ અન્ય આક્રમણોનો સામનો કરવા પાછળ સ્કંદગુપ્તને ખૂબ ધનનો વ્યય કરવો પડયો.

---

૮ R. N. Dandekar : op. cit., p. 122.

૯ The classical Are, pp. 26–2 .

હતો. પરિણામે તેના સમયમાં દેશને આર્થિક કટોકટીનો સામનો કરવો પડયો હતો, તેમ છતાંય લોકહિતનાં કાર્યો કરવામાં તેનો જુસ્સો ઓસરી ગયો ન હતો. તેણે પ્રજાના હિત માટે સૌરાષ્ટ્ર જેવા દૂર આવેલા પ્રાંતમાં સુદર્શન તળાવના બંધની મરામત કરાવી હતી

પોતે વિષ્ણુનો ઉપાસક હોવા છતાં તે અન્ય ધર્મો પ્રત્યે ઉદાર હતો. તેણે તેના પૂર્વજોની ધર્મસહિષ્ણુ નીતિ ચાલુ રાખી હતી (ડૉ. રમાશંકર) આમ તે **ધર્મસહિષ્ણુ રાજવી** હતો. તે ઈ. સ. ૪૬૭માં મૃત્યુ પામ્યો ત્યારે તેને એ વાતનો પરમ સંતોષ હતો કે તેના મહાન પૂર્વજોએ જે સામ્રાજયનું નિર્માણ કર્યું તેને તે એવી જ સ્થિતિમાં (અક્ષય) મૂકીને વિદાય થતો હતો.[૧૦] ટૂંકમાં તે મહાન વિજેતા, કુશળ શાસક, ધર્મવત્સલ અને પ્રજાહિતચિંતક રાજવી હતો.

*સ્કંદગુપ્ત પછીના મહાન ગૌણ ગુપ્તો :
(ગુપ્તવંશનો અવનતિ–કાળ)

સ્કંદગુપ્ત પછીનો સમય મહાન ગુપ્તોની પડતીનો સમય કહેવાય છે. આ પતનના કાળમાં એક બે રાજાઓ બાદ કરતાં લગભગ બધા જ રાજાઓ નિર્બળ હતા. તેઓ ગુપ્ત સામ્રાજયનું દીર્ઘકાલીન સમય સુધી રક્ષણ ન કરી શકયા. પરંતુ આ પતન–યુગના રાજવીઓનો કાલ–ક્રમ નક્કી કરવો એ એક કઠિન સમસ્યા છે. હર્નલે, એલન, ડૉ. મજુમદાર, ડૉ. દાંડેકર, ડૉ. બી. પી. સિંહા, ડૉ. રાધાકુમુદ મુકર્જી ડૉ. બસાક. ડૉ. ભટ્ટશાલી, ડૉ. રાયચૌધરી વગેરે વિદ્વાનોએ પતન–યુગના સામ્રાજ્યવાદી ગુપ્તોનો પોતપોતાની રીતે કાલ–ક્રમ રજૂ કર્યો છે, પરંતુ આ વિવિધ અને વિરોધાભાસી મંતવ્યોના તલસ્પર્શી અભ્યાસને અંતે ડૉ. રાયચૌધરીએ આપેલ કાલાનુક્રમને સ્વીકારવામાં આવેલ છે.

(૧) **પુરુગુપ્ત** (ઈ. સ. ૪૬૭–૭૩) : સ્કંદગુપ્ત પછી તેનો ઓરમાન મોટાભાઈ (અને કુમારગુપ્તનો જયેષ્ઠ પુત્ર) પુરુગુપ્ત ગાદીએ આવ્યો. તેણે બૌદ્ધ આચાર્ય વસુબંધુની શિક્ષાને લીધે બૌદ્ધધર્મ સ્વીકાર્યો. આમ તે બૌદ્ધ ધર્મી હતો, કારણકે **ભીતરી રાજમુદ્રા અભિલેખ**માં પુરુગુપ્ત માટે ‘પરમ ભાગવત’ની વૈષ્ણવ ઉપાધિનો ઉપયોગ થયો નથી. તેણે ‘ધનુષ્ય પ્રકારના સિક્કાઓ’, **(Archer type)** પડાવ્યા હતા.

---

૧૦ **Ibid, 8.**

(૨) **નરસિંહગુપ્ત બાલાદિત્ય** (ઈ સ ૪૭૩) : પુરુગુપ્ત પછી તેનો પુત્ર નરસિંહગુપ્ત બાલાદિત્ય ગાદીએ આવ્યો. તે પણ બૌદ્ધધર્મી હતો. હુણ મિહિરકુલને હરાવનાર નરસિંહગુપ્ત બાલાદિત્ય નહીં પરંતુ 'બાલાદિત્ય' (બાલાદિત્ય બીજો) હતો.

(૩) **કુમારગુપ્ત બીજો** (ઈ. સ ૪૭૩–૪૭૬) : નરસિંહગુપ્ત પછી તેનો પુત્ર કુમારગુપ્ત બીજો ગાદીએ આવ્યો. તેણે ધનુષ્ય પ્રકારના સોનાના સિક્કાઓ પડાવ્યા હતા. તેના કેટલાક સિક્કાઓ પર 'મહારાજાધિરાજ શ્રી કુમારગુપ્તવિક્રમાદિત્ય' એમ અંકિત થયેલું છે, જે દર્શાવે છે તે તેના અગાઉના બે રાજવીઓ કરતાં વધારે શક્તિશાળી હતી.

૪. **બુદ્ધગુપ્ત** (ઈ. સ. ૪૭૬–૪૯૬) : તે મહાન ગૌણગુપ્તોનો છેલ્લો શક્તિશાળી રાજવી હતો. તેના અનેક અભિલેખો અને સિક્કાઓ પરથી જણાય છે કે તેણે લગભગ ૨૦ વર્ષ રાજ્ય કર્યું હતું. દામોદર તામ્રપત્રોમાં તેને 'પરમદૈત–પરમભટ્ટારક–મહારાજાધિરાજ શ્રી બુદ્ધગુપ્ત પૃથ્વીપતિ' કહ્યો છે. તેના સમયમાં ઉત્તર બંગાળ (પુંડ્રવર્ધન) માં તેના બ્રહ્મદત્ત અને જયદત્ત નામના બે સુબા શાસન કરતા (દામોદરનાં બે તામ્રપત્રો), પૂર્વ માળવામાં મહારાજા માતૃવિષ્ણુ સુબો હતો તેમજ કાલિન્દી (જમના) અને નર્મદા નદી વચ્ચેના પ્રદેશમાં સુરશ્મિચંદ્ર સામંત તરીકે રાજ્ય કરતો (એરણ અભિલેખ); કાશીનો પ્રદેશ પણ બુદ્ધગુપ્તના આધિપત્ય નીચે હતો, એમ સારનાથના અભિલેખ પરથી સ્પષ્ટ થાય છે. અને બુંદેલખંડ (મધ્યભારત) ના પરિવ્રાજક રાજા હસ્તિન (૪૭૫–૫૧૧) તેનો સામંત હતો. ડૉ. મજુમદારના મતે સૌરાષ્ટ્રના વલ્લભીમાં ભરાયેલી બૌદ્ધસભામાં મૈત્રકવંશના રાજા દ્રોણસિંહને મહારાજાની ઉપાધિથી વિભૂષિત કરવા બુદ્ધગુપ્ત જાતે તેના દરબારમાં ગયો હતો.[૧૧] આ બધા સામંતોના અભિલેખો પરથી સ્પષ્ટ થાય છે કે તેનું સામ્રાજ્ય માળવા (મધ્યભારત) થી બંગાળ સુધી ફેલાયેલું હતું અને આ અભિલેખોને આધારે ડૉ. આર. કે. મુકર્જીએ બુદ્ધગુપ્ત સમયની ગુપ્તસામ્રાજ્યની સુદૃઢ પરિસ્થિતિ

૧૧. આ મંતવ્યનો ડૉ. બી. પી. સિંહા વિરોધ કરે છે અને જણાવે છે, દ્રોહસિંહે હુણોનો સફળતાપૂર્વક સામનો કર્યો હતો તેથી બાલાદિત્યે મૈત્રકવંશના રાજવીને પ્રસન્ન કરવા આ પ્રકારનો પુરસ્કાર પ્રદાન કર્યો હતો; આ એક ફૂટનીતિક દાવપેચ હતો.

તરફ નિર્દેશ કર્યો છે.[૧૨] પરિણામે સ્કંદગુપ્તના મૃત્યુ પછી ગુપ્ત-સામ્રાજ્યની પડતી શરૂ થઈ એવું ડૉ. રાયચૌધરીનું મંતવ્ય સ્વીકારી શકાય તેમ નથી.[૧૩]

બુદ્ધગુપ્તના મૃત્યુ બાદ મહાનગુપ્તવંશ હકીકતમાં મહાન રહ્યો નહીં. તેના મૃત્યુની સાથે જ ગુપ્તસામ્રાજ્યનો રાજ્યવિસ્તાર ઘટી ગયો. આ અંગે **ડૉ. બી. પી. સિંહાએ** યોગ્ય જ કહ્યું છે કે બુદ્ધગુપ્તનું મૃત્યુ એ 'ગુપ્ત સામ્રાજ્યના ઇતિહાસમાં પરિવર્તનકારી બિંદુ બની રહે છે. (**The death of Budhagupta constitutes a turning-point in the history of Empire....**)

(૫) તથાગતગુપ્ત (વૈન્યગુપ્ત) : હ્યુ-એન-ત્સાંગના વિવરણ મુજબ બુદ્ધગુપ્ત પછી તથાગતગુપ્ત ગાદીએ આવ્યો. તે વૈષ્ણવધર્મી હતો, છતાં તેણે બૌદ્ધ-વિહારને ભૂમિ-દાન કર્યું હતું. તેણે "મહારાજાધિરાજ"ની ઉપાધિ ધારણ કરી હતી અને સોનાના સિક્કાઓ પણ મઢાવ્યા હતા.

(૬) બાલાદિત્ય (ભાનુગુપ્ત બાલાદિત્ય કે બાલાદિત્ય બીજો) : તથાગત-ગુપ્ત પછી બાલાદિત્ય ગાદીએ આવ્યો. તેના સમયમાં હૂણોના નેતા મિહિરગુલે ભારત પર આક્રમણ કર્યું, બંને વચ્ચે 'એરણ' પાસે (પૂર્વ માળવામાં) યુદ્ધ થયું, અને બાલાદિત્યે માળવા પાછું મેળવ્યું અને મિહિરગુલને કેદ કર્યો, પરંતુ રાજમાતાના કહેવાથી તેને છોડી મૂકયો. આ યુદ્ધમાં સેનાપતિ ગોપરાજ માર્યો ગયો; તેની યાદમાં બાલાદિત્યે એરણમાં એક વિજયસ્તંભ ઊભો કરાવ્યો.

(૭) કુમારગુપ્ત ત્રીજો : બાલાદિત્ય પછી તેનો પુત્ર કુમારગુપ્ત ત્રીજો (ઉર્ફે વજ્ર) ગાદીએ આવ્યો. પૂર્વભારત પર તેનું આધિપત્ય હતું. તે વૈષ્ણવધર્મી હતો. માળવાના નરેશ યશોધર્મને લૌહિત્ય-પ્રદેશ પર આક્રમણ કરીને ગુપ્ત રાજવી વજ્ર [કુમારગુપ્ત ત્રીજા)ની હત્યા કરી.

(૮) વિષ્ણુગુપ્ત અને મહાન ગૌણગુપ્તોનો અંત: ૧૭૭૪માં

---

૧૨. '... the empire under Buddh Gupta recovered its position & prestige after the dark days following the death of Skanda Gupta.' (The Gupta Empire, p. 121.)

૧૩. P. H. A. I., p. 491.

કલકત્તામાં કાલિઘાટ ખાતેથી મળી આવેલા કુમારગુપ્ત ત્રીજાના સિક્કાઓની સાથે વિષ્ણુગુપ્તના સિક્કાઓ પણ મળી આવ્યા છે, જે પરથી સ્પષ્ટ થાય છે કે કુમારગુપ્ત ત્રીજા પછી તેનો પુત્ર વિષ્ણુગુપ્ત મગધની ગાદીએ આવ્યો હતો. તેણે લગભગ ઈ. સ. ૫૫૦ સુધી રાજ્ય કર્યું હતું. તેના મૃત્યુ સાથે મહાન (સામ્રાજ્યવાદી) ગૌણગુપ્તોનો અંત આવ્યો.

૩. ગુપ્ત સામ્રાજ્યના પતનનાં કારણો

અ. પ્રાસ્તાવિક – પ્રાચીન ભારતના ઇતિહાસમાં દ્વિતીય ઐતિહાસિક સામ્રાજ્ય તરીકે ઓળખાતા ગુપ્ત સામ્રાજ્યની સ્થાપના વાસ્તવમાં ચંદ્રગુપ્ત ૧લાએ કરી, સમુદ્રગુપ્તે પોતાની યોગ્યતા, વીરતા અને સાહસથી તેને સામ્રાજ્યનું સ્વરૂપ પ્રદાન કર્યું, ચંદ્રગુપ્ત બીજાએ (વિક્રમાદિત્યે) તેને ઉન્નતિની ચરમસીમાએ પહોંચાડયું તથા સ્કંદગુપ્તે પોતાના અદ્વિતીય સાહસ અને શૌર્યથી તેને સુદૃઢ બનાવ્યું. આવું સામ્રાજ્ય સ્કંદગુપ્તના મૃત્યુ બાદ પતનના માર્ગે ઝડપથી દોરાયું.

વ. પતનનાં કારણો : ગુપ્ત સામ્રાજ્યના પતન માટે નીચેનાં કારણોને જવાબદાર ગણાવી શકાય

(૧) **અયોગ્ય ઉત્તરાધિકારીઓ :** ગુપ્ત સામ્રાજ્યના પાયામાં આખરે તો રાજાશાહી હતી. રાજાશાહીમાં રાજ્યગાદી વારસાગત હોવાથી સામ્રાજ્યની સ્થિરતાનો આધાર રાજાની પ્રતિભા પર રહેલો છે. પરંતુ રાજાશાહી માટે એ સનાતન શાપ છે કે એક રાજાના વ્યક્તિગત ગુણો અને શક્તિઓને તેના વારસોમાં પુનઃ સ્થાપિત કરી શકાતા નથી. ‘મહાન ગુપ્તો’ના છેલ્લા મહાન રાજવી સ્કંદગુપ્ત પછી ગુપ્ત સામ્રાજ્યની અવનતિ–કાલનો (પતનનો) આરંભ થયો. અવનતિ–કાલમાં બુદ્ધગુપ્ત અને બાલાદિત્ય સિવાયના લગભગ બધા જ ગુપ્ત રાજાઓ અયોગ્ય અને નિર્બળ હતા. આમાંનો કોઈપણ રાજા સામ્રાજ્યની સાચા અર્થમાં સેવા કરી શકે એવો શક્તિશાળી ન હતો. તેઓ પોતાનો ઘણો ખરો સમય ભોગવિલાસમાં વ્યતીત કરતા અને વહીવટ તેમજ પ્રજા પ્રત્યે ઉદાસીનતા દાખવતા હતા. આમ સામ્રાજ્યના કેન્દ્રબિંદુ સમાન રાજા નિર્બળ પૂરવાર થતાં ગુપ્ત સામ્રાજ્યમાં તેમજ ગુપ્ત શાસનતંત્રમાં બધે જ શિથિલતા પ્રવેશી, જેનો લાભ શત્રુઓએ પૂરેપૂરો ઉઠાવીને સામ્રાજ્યને છિન્નાભિન્ન કરી નાખ્યું. ટૂંકમાં ડૉ. **પી. સરન**ના મતે ગુપ્ત સામ્રાજ્યના પતન માટે ખાસ કરીને સ્કંદગુપ્ત પછીના નિર્બળ અને અસ્થિર સ્વભાવના ઉત્તરાધિકારીઓ જવાબદાર હતા.

(૨) **વારસા વિગ્રહ : ડૉ. આર. સી. મજુમદાર**ના મતે મુખ્યત્વે કરીને રાજકુટુંબમાં ચાલતાં આંતરિક વિખવાદોએ (વારસા વિગ્રહ) ગુપ્ત સામ્રાજ્યનું પતન આણ્યું. ગુપ્ત રાજકુમારોની સ્વાર્થી નીતિને લીધે બહુધા ગુપ્તસામ્રાજ્યના ઉત્તરાધિકારીનો પ્રશ્ન વિવાદગ્રસ્ત બની ગયો. ગુપ્તવંશમાં ઉત્તરાધિકાર માટે જ્યેષ્ઠ પુત્રાધિકારનો નિયમ (**Law of Primogeniture**) સર્વમાન્ય ન હતો. પરિણામે રાજ્યગાદી માટે રાજકુમારો વચ્ચે આપસ-આપસમાં વારસાયુદ્ધો ખેલાયાં. સમુદ્રગુપ્ત અને કાચ, રામગુપ્ત અને ચંદ્રગુપ્ત બીજો, સ્કંદગુપ્ત અને પુરુગુપ્ત વચ્ચે થયેલાં પારસ્પારિક યુદ્ધો ગાદીની પ્રાપ્તિ માટે થયાં હતાં. આ વારસા – વિગ્રહોએ સામ્રાજ્યની સ્થિરતાને ભારે હાનિ પહોંચાડી

૩. **પ્રાંતીય સુબાઓ અને સામંતોનો વિદ્રોહ : ડૉ. મજુમદાર** ગુપ્ત સામ્રાજ્યના પતના માટે શાહીકુટુંબના આંતરિક વિખવાદોની સાથોસાથ સામ્રાજ્યના પ્રાંતીય સુબાઓ અને સામંતોના વિદ્રોહને પણ મુખ્યત્વે જવાબદાર પરિબળ ગણાવે છે. સ્કંદગુપ્તના અવસાન બાદ કેન્દ્રીય સરકારની નિર્બળતાનો લાભ લઈને સામ્રાજ્યના પ્રાંતીય સુબાઓ અને સામંતોએ ધીરે ધીરે પોતાની સ્વતંત્રતા જાહેર કરવાનો આરંભ કરી દીધો. સ્કંદગુપ્તના મૃત્યુ પછી પશ્ચિમ ભારતમાંથી ગુપ્તોનો કોઈ અભિલેખ કે સિક્કો મળી આવ્યો નથી, જે પરથી સિદ્ધ થાય છે કે આ પ્રદેશ સ્કંદગુપ્ત પછી ગુપ્તસામ્રાજ્યની હકૂમતથી સ્વતંત્ર થઈ ગયો હતો. વલ્લભીના પ્રથમ બે મૈત્રક રાજાઓ (ભટ્ટારક અને તેનો પુત્ર ધરસેનની 'સેનાપતિ'ની ઉપાધિ પરથી સ્પષ્ટ થાય છે કે તેઓ ગુપ્તોના સામંતશાસકો હતા, પરંતુ ત્યાર પછીના મૈત્રક રાજવી દ્રોહસિંહ 'મહારાજ'નો ઈલ્કાબ ધારણ કર્યો હતો વળી તેનો ઈ. સ. ૫૦૨નો એક અભિલેખ મળી આવ્યો છે, જેમાં તેને 'પરમભટ્ટારપાદાનુધ્યાત' કહેવામાં આવ્યો છે. આ પરથી અનુમાન થઈ શકે કે તે ઈ. સ. ૫૦૨ સુધી ગુપ્તોને આધીન હતો. પરંતુ આ વર્ષ પછી જ વલ્લભીનું મૈત્રક રાજ્ય સ્વતંત્ર બન્યુ હશે. બંગાળના ગુપ્ત રાજવી વૈન્યગુપ્તના સમયમાં તેના વિષયપતિ (જિલ્લાનો ઉપરી) વિજયસેને 'મહારાજા મહાસામન્ત'ની ઉપાધિ ધારણ કરી હતી આ બધાં ઉદાહરણો પરથી સ્પષ્ટ થાય છે કે ગુપ્તોના અવનતિ–કાલમાં સામ્રાજ્યના પ્રાંતીય સુબાઓ અને સામંતો મોટી મોટી ઉપાધિઓ ધારણ કરવા લાગ્યા હતા, પરંતુ તેમની આ રીતે સ્વતંત્ર થવાની અદમ્ય ઝંખનાએ તો ગુપ્ત-સામ્રાજ્યના પતનને ઝડપી બનાવ્યું.

૪. બાહ્ય અને આંતરિક આક્રમણો : કુમારગુપ્ત ૧લા સમયથી જ ગુપ્ત સામ્રાજ્ય પર બાહ્ય આક્રમણો શરૂ થવા લાગ્યાં. તેના પુત્ર સ્કંદગુપ્તે પુષ્યમિત્ર જાતિના લોકો, હુણો અને વાકાટકોની સામે ગુપ્ત સામ્રાજયનું રક્ષણ કર્યું. પરંતુ આ આક્રમણોના પરિણામે સામ્રાજયની આર્થિક દૃષ્ટિએ ભારે ખુવારી થઈ. સ્કંદગુપ્ત પછીના ગુપ્તરાજાઓમાં કોઈપણ રાજવી સ્કંદગુપ્ત જેટલો પરાક્રમી ન હતો, જે હુણોના આક્રમણોથી સામ્રાજયનું રક્ષણ કરી શકે. પરિણામે સ્કંદગુપ્ત પછી હુણોએ ફરીથી હુમલા શરૂ કર્યા અને જોતજોતામાં તેમણે કાશ્મીર, પંજાબ, રજપૂતાના અને માળવા તથા ઉત્તરપ્રદેશના થોડાક વિસ્તાર પર અધિકાર જમાવી દીધો, એટલું નહીં પરંતુ હુણ સરદાર મિહિરગુલે તો ગુપ્ત સમ્રાટ બાલાદિત્યને થોડો સમય પોતાની શરણાગતિ સ્વીકારવા વિવશ પણ કર્યો હતો. વાકાટકોએ પણ ગુપ્તોના પશ્ચિમી પ્રદેશો પર અધિકાર જમાવ્યો હતો. માળવાના નરેશ યશોવર્મને પણ ગુપ્તસમ્રાટની ઉપેક્ષા કરીને હિમાલયથી પશ્ચિમ સમુદ્ર સુધી અને લોહિત નદીથી મહેન્દ્ર પર્વત સુધી પોતાની આણ ફેલાવી. મોટાભાગના ઈતિહાસકારોમાં સામાન્ય માન્યતા એવી પ્રવર્તે છે કે ગુપ્ત સામ્રાજ્યના પતનનું મુખ્ય જવાબદાર કારણ હુણોનું આક્રમણ હતું. હકીકતમાં તો સામ્રાજ્યના પતન માટે હુણોના આક્રમણને માત્ર એક મહત્ત્વનું પરોક્ષ અને સહાયક પરિબળ ગણાવી શકાય.[૧૪]

૫. વિદેશનીતિનો પરિત્યાગ : 'મહાનગુપ્ત' સમ્રાટોએ પોતાના સમકાલીન રાજવંશો સાથે મૈત્રીસંબંધો બાંધીને સંકટ સમયમાં તેમનો સહયોગ મેળવ્યો હતો. દા. ત., ચંદ્રગુપ્ત ૧લાએ લિચ્છવીઓ સાથે, સમુદ્રગુપ્તે સરહદી તેમજ વિદેશી રાજ્યો સાથે, અને ચંદ્રગુપ્ત બીજાએ (વિક્રમાદિત્યે) નાગ, વાકાટક અને કદંબ રાજવંશો સાથે આ પ્રકારના મૈત્રી સંબંધો બાંધ્યા હતા. પરંતુ અવનતિ-કાલના (પાછળના) ગુપ્ત રાજાઓએ આ પ્રકારની કૂટનીતિનો આશરો લીધો ન હતો. આનું પરિણામ એ આવ્યું કે તેઓ સંકટ સમયમાં કોઈપણ પ્રકારની વિદેશી સહાય મેળવી શકયા નહીં.

૬. અંતિમ સમ્રાટોએ અપનાવેલી બૌદ્ધધર્મ નીતિ : ગુપ્ત સામ્રાજ્યના ઉત્તરાર્ધમાં (અવનતિ-કાલમાં) બુદ્ધગુપ્ત, તથાગતગુપ્ત બાલાદિત્ય વગેરે સમ્રાટોએ વૈષ્ણવધર્મનો પરિત્યાગ કરીને બૌદ્ધધર્મનો કરેલો અંગીકાર પણ સામ્રાજ્યના પતન માટે કારણભૂત ગણવામાં આવે છે. તેમણે સ્વીકારેલ બૌદ્ધ-ધર્મને લીધે સૈનિકોમાં અહિંસાની ભાવના પેદા થઈ, જેથી ગુપ્તસેનાની શક્તિમાં

---

૧૪. आर. सी. मजुमदार : प्राचीन भारत, पृ. २२९.

હ્રાસ શરૂ થયો. તેઓ લડાયક અને સામ્રાજ્યવાદી કાર્યો પ્રત્યે ઉદાસીન બન્યા, જેના પરિણામે તેમનામાં રહેલું રણ–કૌશલ્ય અદૃશ્ય થયું.

૭. **સુદૃઢ સરહદનીતિનો અભાવ :** સમુદ્રગુપ્ત પ્રથમકક્ષાનો મુત્સદ્દી હતો, જેણે ભારતની વાયવ્ય સરહદના રાજ્યોને ગુપ્ત સામ્રાજ્યમાં ભેળવવાને બદલે તેમની સાથે મિત્રાચારીભર્યા સંબંધો જાળવી રાખ્યા અને પરદેશી હુમલાખોરો સામે તેમનો ઢાલ તરીકે (બફર રાજ્યો તરીકે) ઉપયોગ કર્યો હતો. ચંદ્રગુપ્ત બીજાએ પણ આ નીતિ ચાલુ રાખી હતી. પરંતુ સ્કંદગુપ્ત પછીના લગભગ બધા જ ગુપ્તસમ્રાટોએ સરહદ પ્રત્યે દુર્લક્ષ સેવ્યું હતું. તેમણે વાયવ્ય સરહદના માર્ગેથી થતા હૂણોના આક્રમણો તરફ બિલકુલ ધ્યાન ન આપ્યું. આથી પરદેશી જાતિઓને હિંદ પર આક્રમણ કરવાનું પ્રોત્સાહન મળ્યું. આમ સુદૃઢ સરહદનીતિના અભાવે પણ ગુપ્ત સામ્રાજ્યના પતનમાં પોતાનો ફાળો આપ્યો હતો.

क. સમીક્ષા[૧૫]—નિષ્કર્ષ સ્વરૂપે એટલું કહી શકાય કે ઉપરોક્ત કારણોએ વિશાળ સામ્રાજ્યને વેરવિખેર કરી નાખ્યું. આ બધાં કારણોના તલસ્પર્શી અધ્યયન પરથી સ્પષ્ટ થાય કે ગુપ્તસામ્રાજ્યનું પતન બહુધા મોગલ સામ્રાજ્યના પતનને આબેહૂબ મળતું આવે છે. જેમ હૂણોના અવારનવાર હુમલાઓને લીધે ગુપ્તસામ્રાજ્યની ઈમારત ખખડી ગઈ હતી, તેમ નાદિરશાહીની ચઢાઈને કારણે મોગલ સામ્રાજ્યના પાયા હચમચી ગયા હતા, છતાં ય આ બંને સામ્રાજ્યોના અંતિમ પતન માટે આ પરદેશી ચઢાઈઓને જ જવાબદાર ન ગણી શકાય. અલબત્ત, પરદેશી ચઢાઈઓએ તેમના પતનમાં અગત્યનો ફાળો આપ્યો હતો, છતાં બંનેના પતન અને આખરી વિનાશ મુખ્યત્વે તો રાજકુટુંબોમાં પેઠેલા આંતરિક વિખવાદોએ અને સામંતો તથા પ્રાંતીય સુબાઓના બળવાએ જ આણ્યો. હકીકતમાં ગુપ્તસામ્રાજ્યને મરણ–તોલ ફટકો હૂણોએ નહીં પરંતુ યશોધર્મન જેવા મહત્ત્વાકાંક્ષી સરદારોએ જ માર્યો હતો.

* પરિશિષ્ટ *

રામગુપ્ત

अ. પ્રાસ્તાવિક–સમુદ્રગુપ્તના એરણ અભિલેખના વિવરણ મુજબ સમુદ્રગુપ્તને અનેક પુત્રો અને પૌત્રો હતા. તેમાં તેનો સૌથી મોટો પુત્ર રામ (શર્મા ?)

---

૧૫. The classical age, pp. 44–45.

ગુપ્ત તેના પછી સીધો જ ગાદીએ આવ્યો હશે એવું માનવામાં આવે છે. ચંદ્રગુપ્ત બીજા (વિક્રમાદિત્ય) ના મથુરાના સ્તંભલેખના વિવરણ મુજબ સમુદ્રગુપ્તે પોતાના પછી ગાદી વારસ તરીકે પોતાના પ્રતાપી પુત્ર ચંદ્રગુપ્ત બીજાને પસંદ કર્યો હતો. આ લેખમાં ચંદ્રગુપ્તને 'तत्परिगृहीत' તેના વડે (સમુદ્રગુપ્ત વડે) સ્વીકૃતિ પામેલો કહેવામાં આવ્યો છે. સ્કંદગુપ્તના બિહાર અને ભીતરી અભિલેખમાં પણ આ હકીકતને દોહરવવામાં આવી છે. આમ બહુધા અભિલેખીય સાધનો સમુદ્રગુપ્તના સીધા વારસ તરીકે ચંદ્રગુપ્ત બીજાને જણાવે છે, પરંતુ તાજેતરનાં વર્ષોમાં પ્રાપ્ત થયેલ સાહિત્ય, અભિલેખો અને સિક્કાઓના આધારે કહી શકાય કે સમુદ્રગુપ્ત પછી તરત જ તેનો મોટો પુત્ર રામગુપ્ત ગાદીએ આવ્યો હતો. આમ સમુદ્રગુપ્તનો સીધો ઉત્તરાધિકારી ચંદ્રગુપ્ત બીજો નહીં પણ રામગુપ્ત હતો.

ब. રામગુપ્ત અંગેની કથા – સંસ્કૃત સાહિત્યના પ્રસિદ્ધ નાટ્યકાર વિશાખદત્તના 'દેવીચંદ્રગુપ્તમ્' નામના ઐતિહાસિક નાટકના આધારે કેટલાક વિદ્વાનો માને છે કે ઈ. સ. ૩૭૫ માં સમુદ્રગુપ્તના અવસાન બાદ તેનો જ્યેષ્ઠ પુત્ર રામગુપ્ત ગાદીએ આવ્યો. તે નબળો શાસક હતો. ગાદીએ આવ્યા બાદ તરત જ શકરાજવીએ[1] ગુપ્તસામ્રાજ્ય પર હલ્લો કર્યો અને રામગુપ્તને હિમાલય પ્રદેશમાં આવેલ કાર્તિકેય નગરમાં ઘેરી લીધો. આવી વિકટ પરિસ્થિતિમાંથી બચવા (અને જનતા–દેશ–નો બચાવ કરવા !) તેણે પોતાની રાણી ધ્રુવસ્વામિની-દેવીને શકરાજવીને સોંપી દેવાની કબૂલાત આપી, પરંતુ તેનો નાનો ભાઈ ચંદ્રગુપ્ત (તે વખતે તેનું નામ દેવગુપ્ત કે દેવરાજ હતું) આ પ્રમાણે ગુપ્તવંશની માનહાનિ સહન કરી શક્યો નહીં. તે રાણીના વેશમાં શકરાજવીના આવાસમાં ગયો, જ્યાં કામાતુર શકરાજવીએ તેને ધ્રુવસ્વામિની માનીને આલિંગન કરવા માટે આગળ વધ્યો ત્યાં જ તેણે (ચંદ્રગુપ્તે) તેનું ખૂન કર્યું. આથી તે પ્રજામાં ખૂબ પ્રિય બન્યો. રામગુપ્તની કાયરતાથી ઘણી જ નાખુશ થયેલી ધ્રુવસ્વામિની પણ ચંદ્રગુપ્તની વીરતાથી પ્રભાવિત થઈ ગઈ અને તેની નજરમાં ચંદ્રગુપ્ત

---

૧. ડૉ. મિરાશી, ડૉ. દાંડેકર, ડૉ. જયસ્વાલ ઇત્યાદિ વિદ્વાનોના મતે 'દેવીચંદ્રગુપ્તમ' માં ઉલ્લેખિત વિદેશી જાતિ સૌરાષ્ટ્રના શક ક્ષત્રપો (શકો) નહીં પરંતુ પંજાબના કિદાર–કુશાણો હતા અને યુદ્ધમાં માર્યો ગયેલ રાજવી, શકરાજવી ન હતો, પરંતુ કિદાર–કુશાણવંશનો સંસ્થાપક કિદાર હતો. આથી કિદારનો પુત્ર 'પીરો' હતો એવું પી. સરનનું મંતવ્ય અયોગ્ય ઠરે છે.

વસી ગયો. પ્રજામાં ખૂબ પ્રિય બનેલ તેણે પાગલ હોવાનો ઢોંગ કરીને એક દિવસે રામગુપ્તનો વધ કરી, ગાદી હાથ ધરી અને તેની વિધવા રાણી ધ્રુવસ્વામિનીદેવી સાથે લગ્ન કર્યાં[૨] આમ સમુદ્રગુપ્તના અવસાન બાદ તે પાંચ વર્ષે (ઈ. સ. ૩૮૦ માં) ગાદીએ આવ્યો.

क. રામગુપ્ત અંગેની કથાના આધારભૂત પુરાવાઓ : રામગુપ્તની ઉપરોકત કથા અંગે તાજેતરના વર્ષોમાં પ્રાપ્ત થયેલ સાહિત્ય, અભિલેખો અને સિક્કાઓમાંથી આધારભૂત ઐતિહાસિક પુરાવાઓ મળી આવ્યા છે, જેમને નીચે પ્રમાણે ત્રણ વિભાગમાં રજૂ કરવામાં આવેલ છે :

A. સાહિત્યિક પુરાવાઓ :

૧. દેવીચંદ્રગુપ્તમ્ : સંસ્કૃત્ય સાહિત્યના પ્રસિદ્ધ નાટ્યકાર વિશાખાદત્તે રચેલ 'દેવીચંદ ગુપ્તમ્' નામનું ઐતિહાસિક નાટક આજે ઉપલબ્ધ નથી પરંતુ હેમચંદ્રના 'રામચંદ્ર' અને 'ગુણચંદ્ર' નામના શિષ્યોએ આ નાટકનાં કેટલાંક મહત્ત્વપૂર્ણ અવતરણો 'નાટયદર્પણ'માં ઉતાર્યાં છે, જેમાં રામગુપ્ત થઈ ગયાની માહિતી મળે છે.

૨. હર્ષચરિત : બાણભટ્ટ રચિત 'હર્ષચરિત'માં પણ એવો ઉલ્લેખ આવે છે કે 'પરસ્રીની કામના રાખનાર (परकलत्रं कामुकं) શકરાજાને ચંદ્રગુપ્તે સ્રીના વેશમાં જઈને અરિપુરમાં મારી નાખ્યો.'

૩. શંકરાર્ય : બાણભટ્ટ રચિત હર્ષચરિતના ટીકાકાર શંકરાર્યે પણ બાણના ઉપરોકત કથનને અનુમોદન આપેલ છે.

૪. કાવ્યમીમાંસા : સંસ્કૃતના પ્રસિદ્ધ કવિ રાજશેખર પોતાના ગ્રંથ 'કાવ્યમીમાંસા'માં ચંદ્રગુપ્ત બીજા અંગે આ પ્રમાણે લખે છે : "The praises (of Chandragupta) are sung by women of 'કાર્તિકેયનગર', just on that Himalaya from where Sarma (Rama ?) Gupta was forced to retreat after giving over his queen to the king of Khasas (Shakas)."

૫. શ્રૃંગાર–પ્રકાશ : નાટયદર્પણની જેમ ભોજકૃત 'શ્રૃંગાર–પ્રકાશ'માં પણ સ્રી વેશધારી ચંદ્રગુપ્તે શકપતિનો અલિપુર (અરિપુરનું અશુદ્ધ રૂપ)માં વધ કર્યાનો ઉલ્લેખ આવે છે.

---

૨. The classical Age, p. 17 & R. C. Majumdar and A. S. Altekar : N. H. I. P; Vol IV, p. 162.

૬. **મુજમલુત તવારીખ :** અબ્દુલ હસનઅલી (૧૧૨૬–૧૧૯૩) નામના વિદ્વાને રામગુપ્તની કથા અંગેના અરબીભાષાના એક ગ્રંથને ફારસી ભાષામાં અનુવાદ કર્યો છે, જે 'મુજમલુત તવારીખ' નામે ઓળખાય છે.[૨] એની કથા દેવચંદ્રગુપ્ત નાટકની કથાને લગભગ મળતી આવે છે.[૩]

B. અભિલેખીય પુરાવાઓ :

૧. **સંજન તામ્રપત્ર** (Sanjan Plates) : દક્ષિણભારતના રાષ્ટ્રકુટવંશના રાજા અમોઘવર્ષના સંજન તામ્રપત્રમાં ઉલ્લેખ આવે છે કે, 'કોઈ દાનેશ્વરી ગુપ્તરાજાએ પોતાના ભાઈને મારી નાખ્યો અને તેની ગાદી અને તેની પત્ની છીનવી લીધી.' અહીં રાજાના નામનો ઉલ્લેખ નથી પરંતુ સમગ્ર ઘટના 'દેવીચંદ્રગુપ્તમ્' નાટકને મળતી આવે છે.

૨. **સંગલી અને કેમ્બેના તામ્રપત્રો** (Sangli & Cambay plates) : રાષ્ટ્રકુટ રાજા ગોવિંદ ચોથાના સંગલી અવ કેમ્બેના તામ્રપત્રમાં **સાહસાંક** નામના રાજાએ પોતાના મોટાભાઈનું ખૂન કરીને તેની વિધવા રાણી સાથે લગ્ન કર્યાં; એવો ઉલ્લેખ આવે છે. આ 'સાહસાંક'ને ચંદ્રગુપ્ત બીજા તરીકે માનવામાં આવે છે, જેણે 'વિક્રમાંક' ઉપાધિ ધારણ કરેલી એવો સ્પષ્ટ ઉલ્લેખ તેના સિક્કાઓ પર છે.

C. સિક્કાવિષયક પુરાવાઓ : તાજેતરનાં વર્ષોમાં રામગુપ્તના કેટલાક તાંબાના સિક્કાઓ મળી આવ્યા છે, જે પરથી રામગુપ્તની કથા ઐતિહાસિક પૂરવાર થાય છે.

૧. **શ્રી પી. એલ. ગુપ્ત** અને **શ્રી એચ. વી. ત્રિવેદીને** બેસનગર (ભીલશા)માંથી અનુક્રમે રામગુપ્તના ૬ અને ૯ તાંબાના સિક્કા મળી આવ્યા છે.

૨. **પ્રોફે. કે. ડી. બાજપાઈને** તાજેતરમાં એરણ (પૂર્વ માળવા)ના ખોદકામમાંથી ૧૨ તાંબાના સિક્કાઓ મળી આવ્યા છે, જેમાં કેટલાક પર 'ગરુડ–ધ્વજ' અંકિત થયેલ નજરે પડે છે.

આ બધા તાંબાના સિકકાઓ પર 'રામગુપ્ત' પૂર્ણરૂપે કે આંશિકરૂપે (જેમકે રામ, મગુપ્ત, મગુત) વાંચી શકાય છે, અને તેમની લિપિ ગુપ્તકાલીન છે. પ્રોફે. કે. ડી. બાજપાઈના મતે રામગુપ્તના મોટી સંખ્યામાં પ્રાપ્ત

---

૨. Elliot & Dowson : History of India, I; pp. 110–12.

૩. જુઓ The Gupta Empire : p. 67.

થયેલા સિક્કાઓ અને તેમાંય ખાસ કરીને 'ગરુડ–ધ્વજ' વાળા સિક્કાઓ તેને ગુપ્તસમ્રાટ સિદ્ધ કરવા માટે પૂરતા છે.[૪]

ઉપરોક્ત ભિન્ન ભિન્ન પુરાવાઓના આધારે ડૉ. **એ એસ. આલ્તેકર** નિષ્કર્ષ સ્વરૂપે જણાવે છે કે સમુદ્રગુપ્તનો ઉત્તરાધિકારી ચંદ્રગુપ્ત બીજો નહીં પરંતુ રામગુપ્ત હતો.

ક. રામગુપ્તની ઐતિહાસિકતાનો વિરોધ : ડૉ. રાયચૌધરી, ડૉ. જે. એન. બેનરજી, ડૉ. એ. કે. નારાયણ, ડૉ. ઉપેન્દ્ર ઠાકુર, વગેરે વિદ્વાનો રામગુપ્તની ઐતિહાસિકતાનો વિરોધ કરે છે, આ અંગે તેઓ નીચે મુજબની દલીલો રજૂ કરે છે :

અ. દલીલો :

૧. રામગુપ્તના કોઈ સોનાના સિક્કા મળી આવ્યા નથી.

૨. સિક્કાઓ પરથી મળી આવતાં ભિન્નભિન્ન નામો (જેવા કે રામ, મગ, મગુપ્ત, મગુત, મગુ) પરથી બે ભિન્નભિન્ન રાજાઓના સિક્કાઓ હોય એવી પ્રતીતિ થાય છે.

૩. આ સિક્કાઓ જુદા જુદા આકાર (type) ના છે.

૪. રામગુપ્તે જો સૌ પ્રથમ તાંબાના સિક્કાઓ પ્રચલિત કર્યાં તો પછી તેના ઉત્તરાધિકારી ચંદ્રગુપ્ત બીજાએ તેના સિક્કાઓનું અનુકરણ કેમ ન કર્યું ? વળી ચંદ્રગુપ્ત બીજાના નવ પ્રકારના તાંબાના સિક્કાઓમાંથી કોઈપણ સિક્કો રામગુપ્તના સિક્કાને મળતો આવતો નથી.

૫. ગુપ્ત–વંશાવળીમાં રામગુપ્તના નામનો ઉલ્લેખ જ નથી.

૬. સમુદ્રગુપ્તના દિગ્વિજયના પરિણામે શકોએ સામે ચાલીને તેની આધીનતા સ્વીકારી હતી, પરિણામે શક–વંશમાં એવો કોઈ પ્રતાપી રાજવી ન હતો, જે મહાપ્રતાપી સમુદ્રગુપ્તના ઉત્તરાધિકારી પર આક્રમણ કરીને તેને એવી કફોડી સ્થિતિમાં મૂકે કે, તે પોતાની સ્ત્રી દુશ્મનને સોંપવા વિવશ બને.

---

૪. '... now looking to a large number of coins of this ruller (and particularly of the Garuda type) from Vidisa & Eran, it appears that, this Ramgupta was none other than the elder brother of Chandra Gupt II." (K. D. Bajpai).

સુવર્ણ–યુગની આદર્શ પરંપરાઓ જોતાં આ નિંદનીય બનાવ પર વિશ્વાસ મૂકી શકાય નહીં.[૫]

૭. રામગુપ્તની કથા અંગેના પુરાવાઓ પણ પરસ્પર-વિરોધી છે. દા. ત., રાજશેખર હુમલાખોરને 'ખસાધિપતિ' તરીકે ઓળખાવે છે, તો બીજા પુરાવાઓ તેને 'શક' તરીકે ઓળખાવે છે. વળી રાજશેખર તો **'રામગુપ્ત'** ને બદલે **'શર્મગુપ્ત'** એવું નામ આપે છે. યુદ્ધ–સ્થળ તરીકે હર્ષચરિતમાં 'અરિપુર', શૃંગારપ્રકાશમાં 'અલિપુર' અને કાવ્ય-મીમાંસામાં હિમાલય પ્રદેશમાં આવેલ 'કાર્તિકેયનગર'નો ઉલ્લેખ છે. આમાંથી કોને યુદ્ધસ્થળ તરીકે માનવું ?

૮. ચંદ્રગુપ્તમૌર્યે પોતાના ભાઈની વિધવા સાથે લગ્ન કર્યું. ગુપ્તયુગમાં આવા *નિંદનીય કાર્યની* આશા રાખી ન શકાય. રાજઘાતકે *(ચંદ્રગુપ્ત બીજાએ)* પોતાના ભાઈની વિધવા સાથે કરેલું લગ્ન એ તે સમયના નીતિમત્તાના અને સામાજિક સદાચારના પોષિત ખ્યાલોથી તદ્દન વિરૂદ્ધ હતું.

૯. ચંદ્રગુપ્ત બીજાની સંસ્કારિતા જોતાં તે પોતાના ભાઈનું ખૂન કરી ગાદીએ આવે તે વિશ્વસનીય નથી.

૧૦. ગુપ્ત–અભિલેખોમાં ચંદ્રગુપ્ત બીજાને 'तत्परिगृहीत' તેના વડે (સમુદ્રગુપ્ત વડે) સ્વીકૃતિ પામેલો કહેવામાં આવ્યો છે. આ 'परिगृहीत' શબ્દમાંથી એવો સૂર નીકળે છે કે ચંદ્રગુપ્ત બીજો સમુદ્રગુપ્તનો સીધો ઉત્તરાધિકારી હતો.

બ. દલીલોનું ખંડન : રામગુપ્તની ઐતિહાસિકતાના વિરોધમાં ઉપરોકત જે દલીલો કરવામાં આવી, તેમનું ખંડન નીચે પ્રમાણે કરી શકાય.

૧. ડૉ. **આલ્તેકર** અને ડૉ. **રાજબલી પાંડેય** જણાવે છે કે રામગુપ્તનો શાસન–કાળ ખૂબ જ અલ્પકાલીન હતો (એક વર્ષનો) હતો. વળી અલ્પકાલીન શાસનકાળ અશાંતિ અને યુદ્ધમાં પસાર થયો હતો. તેના રાજ્યની આર્થિક સ્થિતિ પણ દયાજનક હતી, આવી સ્થિતિમાં તેણે સોનાના સિક્કાઓ ન પડાવ્યા હોય તો તેમાં નવાઈ પામવા જેવું નથી. સંભવ છે કે કદાચ તેણે કેટલાક સોનાના સિક્કાઓ પડાવ્યા હોય પરંતુ તે કાંતો નાશ પામ્યા હોય કે હજુ સુધી પ્રાપ્ત થયા નથી.

---

૫. Majumdar & Altekar : opp cit, p. 164.

૨. રામગુપ્તના કેટલાક તાંબાના સિક્કાઓ બેસનગરમાંથી ૧૯૫૧માં મળી આવ્યા છે, જેમના મુખ-ભાગ (obverse) પર રામગુપ્તનું નામ છે અને પૃષ્ઠ-ભાગ (reverse) પર સૂતેલા સિંહનું ચિહ્ન છે. આ સિક્કાઓ રામગુપ્તે તેના રાજ્યારોહણ સમયે ચલાવ્યા હશે, એવું ડૉ. આલ્તેકર માને છે.

૩. મોટાભાગના વિદ્વાનો રામગુપ્તના સિક્કાઓમાં કોઈ આધારભૂત અંતર હોવાનું માનતા નથી.

૪, ચંદ્રગુપ્ત બીજો રામગુપ્ત જેવા નામર્દ સમ્રાટના સિક્કાઓનું અનુકરણ ન કરે એ સ્વાભાવિક છે. વળી તેનો કોઈપણ તાંબાનો સિક્કો રામગુપ્તના સિક્કાને મળતો આવતો નથી, એમાં ચંદ્રગુપ્ત બીજાના સિક્કાઓની મૌલિકતા સિવાય બીજું કંઈ જ નથી.

૫. ગુપ્ત-અભિલેખોમાં ઉલ્લેખિત ગુપ્ત-વંશાવળીમાં રામગુપ્તના નામનો ઉલ્લેખ નથી, પરંતુ ડૉ. **રાજબલી પાંડેય** જણાવે છે કે ગુપ્ત-વંશાવાળી પિતા-પુત્રના નામ પ્રમાણે ચાલતી. જો રામગુપ્ત પછી તેના પુત્રે રાજ્ય કર્યું હોત તો ગુપ્ત અભિલેખમાં તેના પુત્ર દ્વારા તેના નામનો અવશ્ય ઉલ્લેખ હોત પરંતુ રામગુપ્ત અપુત્ર હતો તેથી ગુપ્ત-અભિલેખની વંશાવળીમાં તેનો ઉલ્લેખ નથી. ટૂંકમાં **'Epigraphical lists are usually genealogical & not dynastic and they often omit collateral rulers.**

૬. એ શંકારહિત છે કે સમુદ્રગુપ્તના પરાક્રમથી અંજાઈ જઈને શંક-વંશ તેની સાથે મૈત્રીભર્યો વ્યવહાર રાખવાનું હિતકર સમજ્યો હતો, પરંતુ સાથો સાથ સમુદ્રગુપ્તના મૃત્યુ બાદ આ વંશે ફરીથી પોતાનો સ્વતંત્ર દરજ્જો મેળવવા ગુપ્તવંશ સામે માથું ઊંચક્યું હોય એ હકીકતને પણ નકારી શકાય તેમ નથી. શક-વંશના નસીબજોગે સમુદ્રગુપ્તનો પુત્ર અને ઉત્તરાધિકારી રામગુપ્ત નામર્દ (કાપુરુષ) હતો. આવા સંજોગોનો લાભ ઉઠાવીને શક-નરેશે ગુપ્ત-સામ્રાજ્ય પર ફરીથી આક્રમણ કરીને વિજય મેળવ્યો હોય એ બનવા જોગ છે. વળી સુવર્ણયુગની આદર્શ-પરંપરાઓનું પાલન દરેક વ્યક્તિ કરે એમ કેમ માની શકાય? કોઈપણ વ્યક્તિ માટે પછી ભલેને તે રાજા હોય, તો પણ આવી ઉદાત્ત પરંપરાઓનું ઉલ્લંઘન પણ શક્ય છે. શક-નરેશે રામગુપ્તને પહાડી કિલ્લામાં ઘેરી લીધો હતો, અને તેની સેનાને પૂરેપૂરી પરાસ્ત કરવામાં આવી હતી. આમ તે શક-નરેશની દયા પર હતો. તેથી આવી કફોડી સ્થિતિમાં તેને શક-નરેશની અપમાનજનક શરત સ્વીકાર્યા સિવાય છુટકો ન હતો.

૭. રામગુપ્તની કથા અંગેના પુરાવાઓની ભિન્નતા સામાન્ય છે. ડૉ. ભાંડારકર ખસને શકનું રૂપાંતર માને છે. તેવી જ રીતે શર્મગુપ્તને રામગુપ્ત તરીકે માનવામાં આવે છે. વિશાખદત્ત બાદ ૩૦૦ વર્ષે રાજશેખર થઈ ગયો, એટલે જો તેના ગ્રંથમાં મૂળલેખકના ગ્રંથથી થોડી ભિન્નતા આવે તો તેમાં અસ્વાભાવિક જેવું કંઈ જ નથી. તે જ પ્રમાણે સમયના વહેણની સાથે ભિન્નભિન્ન ગ્રંથોમાં યુદ્ધ–સ્થળની બાબતમાં પણ મતભેદ થઈ ગયો છે. પરંતુ આ બધી ભિન્નતાઓ ગૌણ છે; મૂળ કથાવસ્તુ તો બધા જ ગ્રંથોમાં લગભગ એકસરખું માલૂમ પડે છે.

૮. ડૉ. આલ્તેકરના મત મુજબ ચંદ્રગુપ્ત બીજાનું તેના મોટાભાઈની વિધવા સાથેનું લગ્ન એ એક ઐતિહાસિક હકીકત છે. આપણને કદાચ આવું લગ્ન વિચિત્ર લાગે, પરંતુ આપણા પૂર્વજોને નહીં. પ્રાચીન ભારતમાં વિધવા-વિવાહ પ્રચલિત હતો. નારદ–સ્મૃતિમાં પણ ઉલ્લેખ છે કે પોતાનો પતિ જો (૧) નષ્ટ, (૨) મૃત, (૩) પ્રવજિત, (૪) બાયલો કે (૫) પતિત હોય તો સ્ત્રી પુનર્વિવાહ કરી શકતી. અથવવેદ, બૌધાયન–ધર્મસૂત્ર, નારદસ્મૃતિ, વગેરે ધર્મશાસ્ત્રોના લેખકોએ પણ મોટાભાઈની વિધવા સાથે લગ્ન કરવાની અનુમતિ આપી છે. ધ્રુવદેવી સાથે લગ્ન કરવાનું ચંદ્રગુપ્તનું આચરણ જરા વિચિત્ર ભાસે, પરંતુ ચર્ચાસ્પદ તો નહીં જ.

૯. સંભવ છે કે ચંદ્રગુપ્ત બીજાએ દેશ અને સંસ્કૃતિની રક્ષા કરવા માટે પોતાના ભાઈની હત્યાનું અપ્રિય કાર્ય કર્યું હોય. એ પણ સંભવ છે કે આ કુકર્મની પાછળ ધ્રુવદેવી પ્રત્યેનું તેનું આકર્ષણ પણ કામ કરી રહ્યું હોય. જો કે તેનું કાર્ય નિંદનીય હતું, પરંતુ અવિશ્વસનીય હતું એમ તો ન જ કહી શકાય.

૧૦. ગુપ્ત અભિલેખોમાં तत्परितगृहीत અથવા તો तत्यादानुध्यात એવા શબ્દપ્રયોગો ખૂબ જોવા મળે છે. પરંતુ ડૉ **રાજબલી પાંડેય** જણાવે છે તેમ આ શબ્દપ્રયોગ એક ઔપચારિક (Formal) છે, જેનાથી સીધો ઉત્તરાધિકારી સાબિત થતો નથી.

इ. નિષ્કર્ષ : નિષ્કર્ષ સ્વરૂપે ડૉ. **અનંત સદાશિવરાવ આલ્તેકર** સાથે સંમત થતાં એટલું તો અવશ્ય કહી શકાય કે દેવીચંદ્રગુપ્તમાં ઉલ્લેખિત રામગુપ્તની કથાને અક્ષરશઃ ન માની શકાય, પરંતુ સાથોસાથ તેને કપોલ-કલ્પિત પણ ન કહી શકાય. વાસ્તવમાં તો આ અંગે અધિક પ્રમાણો

પ્રકાશમાં આવશે ત્યારે જ રામગુપ્તની સમસ્યાનું સંતોષકારક સમાધાન થઈ શકશે.

*

આટલું યાદ રાખીએ તો......

૧. ગુપ્તોનું કુળ (જાતિ)...... નીચે પ્રમાણે મતભેદો પ્રવર્તે છે.

(૧) ગુપ્તો બ્રાહ્મણ કુળના હતા. (ડૉ. રાયચૌધરી)
(૨) ગુપ્તો ક્ષત્રિય કુળના હતા. (ઓઝા ને ડૉ. ઉપાધ્યાય)
(૩) ગુપ્તો વૈશ્ય કુળના હતા. (એલન ને આલ્તેકર)
(૪) ગુપ્તો શુદ્ર કુળના હતા. (ડૉ. સ્વ. જયસ્વાલ)

આમ ગુપ્તોના કુળ અંગે વિદ્વાનોમાં વિવાદ ચાલે છે.

૨. ગુપ્ત વંશનો રાજકીય ઇતિહાસ :

ક. શરૂઆતના ગુપ્તો......નીચે પ્રમાણે છે.

૧. **શ્રી ગુપ્ત** એ ગુપ્તવંશનો સ્થાપક હતો. તેણે બૌદ્ધ યાત્રિકો માટે મૃગશિખાવન પાસે એક વિહાર બંધાવ્યો હતો. તેણે ' મહારાજા ' નો સાદો ઇલ્કાબ ધારણ કરેલો.

૨. **ઘટોત્કચ ગુપ્ત** એ ગુપ્તવંશનો દ્વિતીય રાજા હતો. તે શ્રી ગુપ્તનો પુત્ર હતો. તેણે પણ 'મહારાજા' નો ઇલ્કાબ ધારણ કરેલો.

ખ. મહાન ગુપ્તો (સામ્રાજયવાદી ગુપ્તો : **Imperial Guptas**)

૧. **ચંદ્રગુપ્ત ૧લો** એ ઘટોત્કચ પછી ગાદીએ આવેલો.
(i) તેણે વૈશાલીની લિચ્છવીકન્યા કુમારદેવી સાથે લગ્ન કરી સામ્રાજ્યવિસ્તાર વધાર્યો.
(ii) તેનું રાજ્ય દ. બિહાર, પ્રયાગ, સાકેત ને આસપાસના પ્રદેશો સુધી ફેલાયેલું હતું.
(iii) તે 'ગુપ્તસંવત' નો સંસ્થાપક હતો.

૨. **સમુદ્રગુપ્ત** એ ચંદ્રગુપ્તનો 'જયેષ્ઠ નહીં પરંતુ શ્રેષ્ઠ' પુત્ર હતો. પ્રયાગ-પ્રશસ્તિના આધારે તેની કારકિર્દીને નીચે પ્રમાણે રજૂ કરેલ છે.

૧. **સામ્રાજયવાદી નીતિ** (જીતો : ગુપ્ત સામ્રાજ્યના સર્જન માટેના પ્રયાસો):

ક. રાજકીય આદર્શ-સમુદ્રગુપ્તનો રાજકીય આદર્શ ' દિગ્વિજય ને ભારતના રાજકીય એકીકરણ ' નો હતો. આ દષ્ટિએ તે અશોકથી જુદો પડતો.

'અશોક શાંતિ ને અહિંસાનો પૂજારી હતો, જ્યારે સમુદ્રગુપ્ત યુદ્ધ ને આક્રમણના સિદ્ધાંતનો હિમાયતી હતો.'

ખ. દિગ્વિજયો – તેણે ઉત્તરભારતનાં નવ રાજ્યો, દક્ષિણભારતનાં બાર રાજ્યો, અઢાર આટવિક રાજ્યો, પાંચ રાજાશાહી સરહદી રાજ્યો ને નવ ગણતંત્રી સરહદી રાજ્યો જીતીને ગુપ્ત સામ્રાજ્યનું સર્જન કર્યું.

૨. આંતરિક નીતિ :

ક. શાસન નીતિ – તેણે શાસનવ્યવસ્થાને પુનઃવ્યવસ્થિત કરી. કેન્દ્ર કક્ષાએ સમુદ્રગુપ્ત સર્વોચ્ચ હતો. તેના મુખ્ય ચાર મંત્રીઓમાં (૧) સંધિવિગ્રહક (૨) મહાદંડનાયક, (૩) કુમારાદિત્ય અને (૪) ખાધ્યતપાકનો સમાવેશ થતો. તેનો દરબારી કવિ હરિષેણ આ ચારેય પદ ભોગવતો.

ખ. ધર્મનીતિ : તે વિષ્ણુધર્મનો ઉપાસક હતો, છતાં અન્ય ધર્મો પ્રત્યે પણ સહિષ્ણુ હતો, જેની પ્રતીતિ વસુબંધુ જેવા બૌદ્ધસાધુની મંત્રીપદે કરવામાં આવેલી નિમણૂક કરાવે છે.

ગ. સાહિત્યકલાવિષયક નીતિ : તે કલા-રસિક સમ્રાટ હતો. તેનો દરબાર કવિઓ ને વિદ્વાનોથી શોભતો. કવિ હરિષેણ તેનો દરબારી કવિ હતો. તે પોતે ઉચ્ચકક્ષાનો કવિ હતો. તે સંગીતનો શોખીન હતો. તે વીણા-વાદનમાં પણ પારંગત હતો. તેણે આઠ પ્રકારના સિક્કાઓ પડાવ્યા.

ઘ. મૂલ્યાંકન : આમ તે મહાન સેનાનાયક, અજેય યોદ્ધો, કુશળ રાજનીતિજ્ઞ, સાહિત્ય અને કલારસિક સમ્રાટ અને ધર્મસહિષ્ણુ રાજવી હતો.

૩. ચંદ્રગુપ્ત બીજો (વિક્રમાદિત્ય) : તે સમુદ્રગુપ્તનો 'જ્યેષ્ઠ નહીં પરંતુ શ્રેષ્ઠ' પુત્ર હતો.

૧. સામ્રાજ્યવાદી નીતિ : પોતાના પૂર્વજોએ આરંભેલી સામ્રાજ્ય-વિસ્તારની નીતિને તેણે ડૉ. રાયચૌધરીના શબ્દોમાં 'અંશતઃ શાંતિમય ઉપાયો અને અંશતઃ સૈનિક કાર્યો' દ્વારા પૂર્ણપણે વિકસાવી.

ક. અંશતઃ લગ્ન સંબંધો દ્વારા : સામ્રાજ્યને સુદૃઢ કરવા તેણે લગ્નસંબંધોનો કૂટનીતિના પગલાં તરીકે ઉપયોગ કર્યો. (૧) તેણે પોતે નાગ-વંશની કન્યા 'કુબેરનાગા' સાથે લગ્ન કર્યું અને (૨) તેનાથી થયેલી પુત્રી પ્રભાવતીને વરાડ રાજ્યના રાજવી રૂદ્રસેન બીજા સાથે પરણાવીને તેની પણ

મૈત્રી મેળવી તેમજ (૩) તેણે કુન્તલ રાજયના કદંબવંશ સાથે લગ્ન સંબંધો બાંધ્યા.

અંશતઃ જીતો દ્વારા :...............તેણે

(૧) મધ્યભારતના ગણરાજ્યોનો નાશ કર્યો. (૨) ગુજરાત માળવા ને સૌરાષ્ટ્રમાં અડ્ડો જમાવીને બેઠેલા શકોને હરાવ્યા. (૩) બંગાળના બળવાખોર રાજવીઓના સંઘને હરાવ્યો. (૪) વાહલિકોનો પરાભવ કરીને તેમનો પ્રદેશ બદખ કબજે કર્યો, અને (૫) દક્ષિણાપથ પર પુનઃ આધિપત્ય જમાવ્યું.

૨. શાસનનીતિ :..........તે કુશળ વહીવટકર્તા હતો.

ક. કેન્દ્રીય વ્યવસ્થા : કેન્દ્રીય વ્યવસ્થા રાજાશાહી સ્વરૂપની હતી. રાજા પોતે કેન્દ્રમાં સર્વોચ્ચ વડો હતો. તેના સમયમાં મહાસંધિવિગ્રહક' તરીકે વીરસેન શાબા, 'મહાબલાધિકૃત' તરીકે આમ્રકારદેવ અને 'કુમારામાત્ય' તરીકે શિખરસ્વામી હતો.

ખ. ભુક્તિ (પ્રાંત)ની વ્યવસ્થા : સમગ્ર સામ્રાજ્ય ભુકિતમાં વહેંચાયેલું હતું, જેના ઉપરી તરીકે 'ઉપરિક મહારાજા' હતો. આ પદે મોટેભાગે રાજકુમારો નીમાતા.

ગ. વિષય (જિલ્લા)ની વ્યવસ્થા : ભુકિતનો પેટા વિભાગ વિષય કહેવાતો, જેનો ઉપરી 'વિષયપતિ' કહેવાતો. તેની મદદમાં સહાયક કર્મચારીઓની એક સમિતિ હતી.

ઘ. ગ્રામવ્યવસ્થા : ગ્રામ એ સૌથી નાનું વહીવટી એકમ હતું, તેનો ઉપરી 'ગ્રામાધ્યક્ષ' હતો, જેને ગ્રામસમિતિ ગામડાના વહીવટમાં મદદ કરતી.

૩. ધર્મનીતિ : તે વિષ્ણુનો પરમભકત હતો, તેને 'પરમ ભાગવત' કહેતા હતા. તે અન્ય ધર્મો પ્રત્યે સહિષ્ણુ હતો. તેનો સેનાપતિ આમ્રકારદેવ બૌદ્ધધર્મી હતો, અને પરરાજ્ય મંત્રી વીરસેનશાબા શૈવધર્મી હતો.

૪. સાહિત્યકલાવિષયક નીતિ : તે પોતે વિદ્વાન અને વિદ્વાનોનો આશ્રયદાતા હતા. તેનો દરબાર 'નવરત્નો'થી શોભતો. તે કલાનો પણ ઉપાસક હતો. તેની રાજધાની પાટલીપુત્રમાં અનેક બૌદ્ધમઠો હતો. તેણે ચાંદી–તાબાના સિક્કાઓ પ્રચલિત કરાવ્યા હતા.

૫. મૂલ્યાંકન : તે મહાન સમ્રાટ હતો. તેની આ મહાનતા

સામ્રાજ્યવિસ્તાર, શાસનવ્યવસ્થા, સાહિત્યકલા, આર્થિક કે સામાજિક એમ કોઈ પણ ક્ષેત્રે દૃષ્ટિગોચર થાય છે. તે **શ્રેષ્ઠ સેનાની** હતો. તેણે વારસામાં મેળવેલ વિશાળ સામ્રાજ્યને લગ્નસંબંધો દ્વારા સુદૃઢ કર્યું અને જીતો દ્વારા વિસ્તૃત કર્યું, અને આ રીતે તેણે પોતાના સમયના રાજ્યને 'સામ્રાજ્ય'ની કક્ષાએ લાવીને મૂકયું. તે **કુશળ કૂટનીતિજ્ઞ** હતો. તેણે કૂટનીતિ દ્વારા પોતાના ભાઈ પાસેથી રાજ્ય પડાવી લીધું અને સામ્રાજ્યવિસ્તાર કરવા માટે આસપાસનાં રાજ્યો સાથે બાંધેલા લગ્નસંબંધોમાં તેની ભારોભાર મુત્સદ્દીગીરીનાં દર્શન થાય છે. તે **કુશળ વહીવટકર્તા** હતો. ચીની મુસાફરે તેની આદર્શ શાસનવ્યવસ્થાનાં ખૂબ વખાણ કર્યા છે. તે **ધર્મસહિષ્ણુ રાજવી** હતો. પોતે ચુસ્ત વૈષ્ણવધર્મી હોવા છતાં બીજા ધર્મો પ્રત્યે તે માનભરી નજરે જોતો. તે **સાહિત્યકલાનો** પોષક હતો. તે પોતે વિદ્વાન હતો ને તેનો દરબાર 'નવરત્નો'થી શોભતો હતો.

૪. કુમારગુપ્ત ૧ લો :

તે ચંદ્રગુપ્ત બીજા પછી ગાદીએ આવ્યો. તેનો શાસનકાળ એટલે શાંતિનો સમય.

૧. જીતો : તેણે પ્રદેશો જીતવા માટે કોઈ લશ્કરી કૂચ કરી હોય એમ જણાતું નથી. તેણે અશ્વમેધ યજ્ઞ કરેલો, પરંતુ કયા વિજયની યાદ માટે કરાવ્યો હશે તે કહેવું મુશ્કેલ છે. તેની વૃદ્ધાવસ્થામાં 'પુષ્યમિત્ર' નામની જાતિના લોકોએ ગુપ્તસામ્રાજ્ય પર હલ્લો કરેલો પરંતુ તેના પુત્ર સ્કંદગુપ્તે તેમનો પરાભવ કર્યો હતો. 'વ્યાઘ્રબલ પરાક્રમ'ની ઉપાધિ તેણે મધ્યપ્રદેશ જીત્યો હોવાની સાબિતી આપે છે.

૨. શાસનનીતિ : કેન્દ્રમાં રાજા સર્વોપરી હતો. સામ્રાજ્યને ભુક્તિમાં, ભુક્તિને વિષયમાં, વિષયને વિથિમાં વહેંચી નાખવામાં આવ્યું હતું. ભુક્તિ, વિષય ને વિથિના ઉપરી તરીકે અનુક્રમે ઉપરિક–મહારાજા, વિષયપતિ અને વિથિપતિ હતા.

૩. ધર્મનીતિ : તે કાર્તિકેયનો ભક્ત હતો, છતાં તેના પૂર્વજોની જેમ ધર્મસહિષ્ણુ હતો. તેનો સેનાપતિ પૃથ્વીષેણ શૈવધર્મી હતો, ને મંત્રી વસુબંધુ બૌદ્ધધર્મી હતો.

૪. સ્થાપત્યકલાવિષયક નીતિ : તેના સમયમાં શિલ્પકલાના ક્ષેત્રે અદ્વિતીય પ્રગતિ સધાઈ હતી. ગુપ્ત સમયની મૂર્તિકલાના ઉત્તમ નમૂના તેના

સમયમાં તૈયાર થયા હતા. તેણે સોના, ચાંદી ને તાંબાના અનેકવિધ સિક્કાઓ પણ પડાવ્યા હતા.

૫. મૂલ્યાંકન : તે મહાનવિજેતા ન હતો, પરંતુ કુશળ વહીવટકર્તા હતો. તેણે સ્થાપત્યકલાને પણ ઉત્તેજન આપ્યું હતું. પ્રોફે. આર. ડી. બેનરજીના મતે "The age of Kumargupta is the golden age of Indian...art" તેના સમયમાં ગુપ્ત સામ્રાજ્ય તેની ચરમસીમાએ પહોંચ્યું હતું. આથી કુમારગુપ્તના શાસનકાળને નીરસ ને ભિનમહત્ત્વનો ગણવામાં આવે છે, એવું મજુમદારનું વિધાન ઉચિત માલુમ પડતું નથી.

૫. સ્કંદગુપ્ત................તે કુમારગુપ્ત ૧લાનો પુત્ર હતો.

૧. જીતો :.................નીચે પ્રમાણે કરી.

(i) તેણે પોતાના યુવરાજકાળમાં પુષ્યમિત્ર લોકોને હરાવ્યા.

(ii) તેણે હુણોની શ્વેતશાખાને પરાસ્ત કરી.

(iii) ડૉ દાંડેકરના મતે તેના સમયમાં વાકાટકોએ ગુપ્તસામ્રાજ્ય પર ચઢાઈ કરી તેનો પશ્ચિમનો પ્રદેશ પડાવી લીધો. પરંતુ આવું આક્રમણ તેના સમયમાં થયું જ ન હતું

(iv) ડૉ. મુકર્જી તેના 'દિગ્વિજય' વિષે ધારણાઓ બાંધે છે. પરંતુ હકીકતમાં તેના પ્રશસ્તિકારોએ પુષ્યમિત્ર–વિજય અને હુણ–વિજયને અતિશયોક્તિ રીતે રજૂ કરીને દિગ્વિજયનું સ્વરૂપ આપે છે.

૨. શાસન વ્યવસ્થા......આ અંગે તેના અભિલેખોમાંથી નીચે મુજબની માહિતી મળે છે.

તેણે સામ્રાજ્યને પ્રાંતોમાં ને પ્રાંતોને જિલ્લા (વિષય)માં વહેંચી નાખ્યું હતું. પ્રાંતના ઉપરી તરીકે ગોપ્તા (સુબો) અને વિષયના ઉપરી તરીકે વિષયપતિ હતો.

૩. ધર્મનીતિ : તે વૈષ્ણવધર્મી હતો, છતાં તે જૈન, બૌદ્ધ ઇત્યાદિ અન્ય ધર્મો પ્રત્યે સહિષ્ણુ હતો. તેની પ્રજા પણ ઉદાર ને ધર્મસહિષ્ણુ હતી.

૪. લોકોપયોગી કાર્યો : તેણે સૌરાષ્ટ્રમાં આવેલ ગિરનાર પાસેના સુદર્શન તળાવનો જીર્ણોદ્ધાર સૌરાષ્ટ્રના સુબા પર્ણદત્ત ને તેની રાજધાની ગિરનગરના મેયર ચક્રપાલિત દ્વારા કરાવ્યો હતો.

૫. ઇતિહાસમાં સ્થાન : તે મહાન વિજેતા હતો. તેણે પુષ્યમિત્ર લોકો ને હુણોનો પરાભવ કર્યો. તે સફળ શાસક હતો. તે ઉચ્ચકોટિનો વ્યવસ્થાપક હતો. સુદર્શન તળાવનો જીર્ણોદ્ધાર તેની ઉદાર શાસનનીતિનો પરિચય કરાવે છે. તે પોતે વિષ્ણુનો ઉપાસક હોવા છતાં તે અન્યધર્મો પ્રત્યે સહિષ્ણુ હતો.

૬. સ્કંદગુપ્ત પછીના મહાન ગૌણ ગુપ્તો : સ્કંદગુપ્ત પછીના રાજવીઓનો કાલ-ક્રમ નક્કી કરવો એ એક કઠિન સમસ્યા છે. ડૉ. રાયચૌધરીના મતે સ્કંદગુપ્ત પછી અનુક્રમે (૧) પુરુગુપ્ત (૨) નરસિંહગુપ્ત બાલાદિત્ય (૩) કુમારગુપ્ત બીજો, (૪) બુદ્ધગુપ્ત (૫) તથાગત (૬) બાલાદિત્ય (૭) કુમારગુપ્ત ત્રીજો (૮) વિષ્ણુગુપ્ત. ત્યાર પછી મહાન ગૌણગુપ્તોનો અંત આવ્યો.

૩. ગુપ્તસામ્રાજ્યના પતનનાં કારણો :.........નીચે મુજબ છે.

૧. સ્કંદગુપ્ત પછીના અયોગ્ય ઉત્તરાધિકારીઓની નિર્બળતાનો લાભ લઈ શત્રુઓએ સામ્રાજ્યને છિન્નભિન્ન કરી નાખ્યું.

૨. રાજકુટુંબમાં ચાલતા વિખવાદોએ ગુપ્ત-સામ્રાજ્યનું પતન આણ્યું.

૩. સામ્રાજ્યના પ્રાંતીય સુબાઓ ને સામંતોનાં વિદ્રોહને પણ સામ્રાજ્યના પતન માટે જવાબદાર ગણાવી શકાય.

૪. બાહ્ય ને આંતરિક આક્રમણોએ પણ ગુપ્તસામ્રાજ્યનું પતન આણ્યું.

૫. અવનતિ-કાળના ગુપ્ત-સમ્રાટોએ વિદેશનીતિનો ત્યાગ કર્યો.

૬. પાછળના ગુપ્ત-સમ્રાટોએ બૌદ્ધનીતિનો સ્વીકાર્ય કર્યો હતો.

૭. સુદૃઢ સરહદ નીતિનો અભાવ એ સામ્રાજ્યના પતન માટે જવાબદાર પરિબળ હતું. બીજા શબ્દોમાં અસંતોષજનક પરદેશનીતિ' સામ્રાજ્યના પતન માટે જવાબદાર હતી (બી. જી. ગોખલે).

*

અભ્યાસ પ્રશ્નો

(૧) ગુપ્તોના કુળ વિષે વિવેચન કરો.

(૨) સમુદ્રગુપ્તે ગુપ્ત સામ્રાજ્યનું સર્જન કઈ રીતે કર્યું, તે સમજાવો. (ગુ. યુ. માર્ચ, '૬૪.)

(૩) "સમુદ્રગુપ્તે મેળવેલી લશ્કરી કીર્તિ તો મહાન હતી જ; પરંતુ તેની વૈયક્તિક સિદ્ધિઓ પણ ઓછી નોંધપાત્ર ન હતી." સમર્થન કરો.

પ્રકરણ ૯

ગુપ્તશાસન અને તેની સિદ્ધિઓ

(પ્રાચીન ભારતનો સુવર્ણયુગ)

ગુપ્તશાસન વ્યવસ્થા ‘ કેન્દ્રીય અને પ્રાંતીય એમ બંને કક્ષાએ ઘણી જ સુવ્યવસ્થિત હતી ’. —ડૉ. આલ્તેકર.

‘ ગુપ્તયુગ એ પ્રાચીન ભારતીય સંસ્કૃતિનો સુવર્ણયુગ હતો ’. —ડૉ. મજુમદાર.

*** પ્રકરણની રૂપરેખા ***

૧. ગુપ્તશાસન વ્યવસ્થા.

૨. ગુપ્તયુગ–પ્રાચીન ભારતનો સુવર્ણયુગ.

૧. ગુપ્તશાસન વ્યવસ્થા

અ. પ્રાસ્તાવિક : ગુપ્તયુગ સમયની શાસનવ્યવસ્થા જાણવાનાં સાધનો વિવિધ અને વિપુલ છે. ગુપ્તોના અભિલેખો, સિક્કાઓ અને તામ્રપત્રોમાંથી શાસનવ્યવસ્થાને લગતી ઉપયોગી માહિતી મળી રહે છે. સમુદ્રગુપ્તનો અલ્હાબાદનો સ્તંભલેખ, ચંદ્રગુપ્ત બીજાના મથુરાનો સ્તંભલેખ, ઉદયગિરિનો લેખ, અને સાંચીનો શિલાલેખ, તેમજ સ્કંદગુપ્તનો ગિરનાર–શિલાલેખ વગેરેના આધારે ગુપ્તોના શાસનતંત્ર વિષે સારી માહિતી મળે છે. ફાહિયાન અને હ્યુ–એન–ત્સાંગ જેવા ચીની મુસાફરોનાં લખાણોમાં તેમજ શૂદ્રકરચિત મૃચ્છકટિક, વિશાખદત્તનું મુદ્રારાક્ષસ, બાણલિખિત હર્ષચરિત, પુરાણો તેમજ કાલિદાસ, ભારવિ, ભાસ, ભવભૂતિ વગેરેના ગ્રંથોમાં ગુપ્ત શાસનતંત્રને લગતા ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.

બ. ગુપ્ત શાસનવ્યવસ્થા : ગુપ્ત શાસનવ્યવસ્થાનાં મુખ્ય અંગો નીચે પ્રમાણે છે.

૧. કેન્દ્રીય શાસન :

(i) **સમ્રાટ :** ગુપ્તોનું શાસનતંત્ર રાજાશાહી સ્વરૂપનું હતું.[1] ગુપ્ત શાસનતંત્રમાં કેન્દ્રીય કક્ષાએ રાજાનું સ્થાન સર્વોપરી હતું. તે રાજ્યનો વહીવટી, લશ્કરી અને ન્યાયવિષયક વડો હતો. ફાહિયાનના કથન મુજબ ગુપ્ત રાજાઓ સારી રીતે વહીવટ ચલાવતા. ગુપ્તોનું રાજાપદ વંશપરંપરાગત હતું. સામાન્ય રીતે રાજાના જયેષ્ઠ પુત્રને ગાદી મળતી. પરંતુ ઘણીવાર યોગ્યતાના ધોરણે જયેષ્ઠને બદલે શ્રેષ્ઠ પુત્રની ગાદીવારસ તરીકે પસંદગી થતી, જે હકીકત સમુદ્રગુપ્ત અને ચંદ્રગુપ્ત બીજા (વિક્રમાદિત્ય)ના દૃષ્ટાંતો પરથી સ્પષ્ટ થાય છે.

(ii) **મંત્રીમંડળ અને ખાતાઓ :** મંત્રીમંડળ એ ગુપ્ત શાસન-વ્યવસ્થાનું મુખ્ય અંગ હતું, જેની નિમણૂક રોજ-બરોજનાં વહીવટી કાર્યો માટે થતી. ઘણીવાર સમય ને સંજોગો અનુસાર એક જ મંત્રી એક કરતાં વધારે ખાતાંઓનું સંચાલન કરતો. દા. ત., અલ્હાબાદ પ્રશસ્તિનો લેખક અને સમુદ્રગુપ્તનો દરબારી કવિ હરિષેણ એકીસાથે સંધિવિગ્રહક, કુમારામત્ય, મહાદંડ-નાયક અને ખાદ્યતપાક એમ ચારેય મંત્રીઓનાં પદ ભોગવતો.[2] મોટાભાગના મંત્રીઓનું પદ વંશપરાગત હતું. ચંદ્રગુપ્ત બીજાના મંત્રી વીરસેન શાબાનું કુટુંબ ત્રણ પેઢીથી મંત્રીપદ ભોગવતું હતું. ગુપ્ત મંત્રીમંડળમાં સંધિવિગ્રહક (વિદેશખાતાનો વડો) મહાદંડનાયક (ન્યાયખાતાનો મંત્રી) મહાદંડપાશિક (પોલિસખાતાનો મંત્રી) કુમારામાત્ય (રાજકુમારોને માર્ગદર્શન આપનાર) વિનયસ્થિતિસ્થાપક (દાનધર્મ ખાતાનો ઉપરી) ખાદ્યતપાક (રસોડા ખાતાનો અધ્યક્ષ) મહાપ્રતિહાર (મહેલખાતાનો વડો) વગેરે મંત્રીઓનો સમાવેશ થતો. સચિવાલયનો મુખ્ય વહીવટકર્તા 'સર્વાધ્યક્ષ' કહેવાતો.[3]

✓ **૨. ભુક્તિ-શાસન** (પ્રાંતીયશાસન) : વહીવટી સુવિધાની દૃષ્ટિએ સમગ્ર સામ્રાજ્યને પ્રાંતોમાં (ભુક્તિમાં) વહેંચી નાખવામાં આવ્યું હતું. ભુક્તિનો વડો 'ઉપરિક મહારાજા' (કે ગોપ્તા કે ભોગપતિ) કહેવાતો. તેની નિમણૂક રાજા દ્વારા ઓછામાં ઓછા પાંચ વર્ષ માટે થતી. મોટેભાગે આ પદે રાજ-

---

૧. પશ્ચિમ ભારતનાં ગણરાજ્યો અદૃશ્ય થતાં આ સમયે સરકારના સ્વરૂપ તરીકે રાજાશાહી અસ્તિત્વ ધરાવતી. ડૉ. કે. સી. ખન્ના: India through the ages, p. 110.

૨. Dr. R. K. Mookerji : The Gupta Empire p. 19.

૩. Dr. Majumdar & Altekar : N.H.I.P., p. 276.

કુમારો કે શાહીકુટુંબના સભ્યો નીમાતા. કુમારગુપ્ત ૧લા સમયમાં પુંડ્રવર્ધન-ભુક્તિ, અને એરણભુક્તિના ઉપરિક-મહારાજા તરીકે અનુક્રમે ચિરાતદત્ત અને ઘટોત્કચગુપ્ત હતા. ચંદ્રગુપ્ત બીજાના સમયમાં ગોવિંદગુપ્ત તારભુક્તિનો ઉપરિક મહારાજા હતો.

જૂનાગઢના સ્કંદગુપ્તના અભિલેખના વિવરણ મુજબ ઉપરિક મહારાજાનું મુખ્ય કાર્ય (૧) તેના આધિપત્ય હેઠળના પ્રાંતમાં શાંતિ અને સલામતી જાળવવાનું, (૨) બાહ્ય આક્રમણથી પ્રાંતનું રક્ષણ કરવાનું, (૩) રસ્તાઓ, તળાવો વગેરે લોકહિતનાં કાર્યો કરવાનું અને (૪) પોતાના તાબા હેઠળના સહાયક કર્મચારીઓની નિમણૂક કરવાનું અને તેમના પર દેખરેખ રાખવાનું હતું. ઉપરિક મહારાજા ઉપરાંત પ્રાંતના અન્ય અધિકારીઓમાં બલાધિકરણિક (લશ્કરીખાતાનો વડો), દંડપાશાધિકરણિક (પોલિસદળનો ઉપરી), રણભાંડારિક (લશ્કરી તિજોરીનો વડો), મહાદંડનાયક (મુખ્ય ન્યાયાધીશ), વિનયસ્થિતિસ્થાપક (કાયદા અને વ્યવસ્થાનો મંત્રી) ભટ-અશ્વપતિ (પાયદળ ને અશ્વદળનો ઉપરી), મહાપિલુપતિ (હસ્તીદળનો ઉપરી) અને સાધનિક (દેવું ને દંડવિષયક કાર્ય કરનાર)નો સમાવેશ થતો. આ ઉપરાંત વધારના અન્ય પ્રાંતીય અધિકારોમાં કર્તા-કૃતક (મુખ મંત્રી) ભોગપતિક (મહેસુલ-અધિકારી), તાદાયુકતક (કોશાધ્યક્ષ), હિરણ્ય સામુદાયિક (ચલણ- અધિકારી) અગ્રહારિક (અગ્રહાર ગામડાંનો અધિકારી), ચૌરોધરણિક (ચોરને પકડનાર અધિકારી) વગેરેનો સમાવેશ થતો.[૪]

૩. વિષયનું શાસન (જિલ્લાનું શાસન) : ભુક્તિથી નાનો વિભાગ વિષય (જિલ્લો) કહેવાતો. તેનો મુખ્ય અધિકારી ' વિષયપતિ ' કહેવાતો. સામાન્ય રીતે તેની નિમણૂક ઉપરિક-મહારાજા (પ્રાંતનો સુબો) કરતો, પરંતુ કોઈકવાર સમ્રાટ પણ કરતો. તેનું વડું મથક (headquarter) 'અધિષ્ઠાન' તરીકે ઓળખાતું અને તેની કચેરી (office) 'અધિકરણ' કહેવાતી. વિષયપતિને વિષય (જિલ્લા)ના વહીવટમાં સહાય માટે ૧. પુષ્ટપાલ (આવક-જાવક ને બનાવોની નોંધ રાખનાર), ૨. ઉત્ખેટપતિ (મહેસૂલ અધિકારી), ૩. ભાંડાગારિધિકૃત (કોશાધ્યક્ષ) ૪. ધ્રુવાધિકરણિક (જમીનખાતાનો અધિકારી), ૫. અગ્રહારિક (બ્રાહ્મણો કે દેવસ્થાનોને દાનમાં અપાયેલ ગામડાંનો અધિકારી), ૬. ગૌલ્મિક (જંગલ ને કિલ્લાનો અધિકારી), ૭. શૌલ્કિક (કર વસૂલ કરનાર), ૮. ગ્રામિક (ગામનો ઉપરી) ૯. અષ્ટકુલાધિકરણિક (આઠ કુળ કે કુટુંબોના

૪. Dr. R. K. Mookerji : opp. cit, pp. 157-58.

વડાઓ) ૧૦. મહત્તરો (ગ્રામ વિસ્તારના વડીલો) વગેરે અધિકારીનો સમાવેશ થતો. આ ઉપરાંત તેને સલાહ આપવા ૧. નગરશ્રેષ્ઠી, ૨. સાર્થવાહ, ૩. પ્રથમકુલિક અને ૪. પ્રથમકાયસ્થની બનેલી બિનસરકારી સલાહકારોની એક સમિતિ હતી.

✓૪. **વિથિનું શાસન :** ઉત્તર બંગાળના બોગરા જિલ્લામાં આવેલા કલૈકુરી ગામમાંથી મળી આવેલ અભિલેખના વિવરણ મુજબ વિષયનો પેટા–વિભાગ વિથિ (તાલુકો) કહેવાતો. તેનો ઉપરી 'વિથિપતિ' કહેવાતો. તેની સહાયમાં બિનસરકારી સભ્યોની બનેલી એક વિથિસભા હતી, જેમાં મહત્તર (સ્થાનિક વડાઓ) અને કુટુંબિન (કુટુંબના પ્રતિનિધિઓ)નો સમાવેશ થતો. વિથિના કાર્યાલયમાં પુષ્ટપાલ, કાયસ્થ (કારકુન) અને કુલિક (કારીગર) કામ કરતા.

✓૫. **નગરનું શાસન :** દરેક વિષયમાં અનેક નગરો આવેલાં હતાં નગરનો વડો 'પુરપાલ' કે 'નગર–રક્ષક' કહેવાતો. જુદા જુદા નગરોના પુરપાલો (મેયરો)ના ઉપરી તરીકે 'પુરપાલ–ઉપરિક' નામે અધિકારી હતો. પુરપાલની સહાયમાં 'પરિષદ' (નગરપાલિકા) હતી. સ્કંદગુપ્તના સમયમાં ગિરનગરના પુરપાલપદે (મેયરપદે) ચક્રપાલિત હતો. પુરપાલે (i) નગરને સ્વચ્છ પાણી પુરું પાડવું, (ii) સારા બાગબગીચા ને રસ્તાઓ બંધાવવા, (iii) મંદિરો બંધાવવાં (iv) ચર્ચાઓ ને જાહેરસભાઓ માટે વિશાળ સભાખંડની વ્યવસ્થા કરાવવી, (v) નગરનું સંરક્ષણ કરવું વગેરે કાર્યો કરવાનાં હતાં.[૫]

✓ ૬. **ગ્રામ શાસન :** ગુપ્ત સમયમાં વહીવટનો સૌથી નાનો એકમ ગ્રામ હતું, તેનો ઉપરી 'ગ્રામાધ્યક્ષ' અથવા 'ગ્રામેયક' કહેવાતો. તેના મદદનીશો તરીકે કારકૂનો ને લેખકો હતા. તેની સહાયમાં બિનસરકારી અધિકારીઓની બનેલી ગ્રામસમિતિ હતી, જેમાં મહત્તર, અષ્ટકુલાધિકરણ, ગ્રામિક અને કુટુંબિન એમ ચાર પ્રકારના પ્રતિનિધિઓ હતા. આ સમિતિ મધ્યહિંદમાં 'પંચમંડલી' અને બિહારમાં 'ગ્રામજનપદ' નામે ઓળખાતી. ગ્રામ–શાસનની સુવિધા ખાતર ગ્રામસમિતિ પોતે પેટાસમિતિઓ (જેવી કે ખેતી, સિંચાઈ, બાગબગીચા અને મંદિર સમિતિ)નું નિર્માણ કરતી. ગ્રામસમિતિ (i) ગામડાની સુરક્ષા, (ii) ગ્રામ ઝઘડાઓનો નિકાલ, (iii) જાહેરહિતનાં કાર્યો, (iv) સગીરના ટ્રસ્ટી તરીકેની કામગીરી, (v) સરકારી મહેસૂલની ઉઘરાણી વગેરે કાર્યો કરતી.

---

૫. ડૉ. મજુમદાર અને ડૉ. આલ્તેકર દ્વારા ઉલ્લેખિત : N. H. I. P., p. 290.

✓ क. **સમીક્ષા** : ગુપ્ત સમયના શાસનતંત્રના ઉપરોક્ત વિવરણ પરથી સ્પષ્ટ થાય છે કે (i) ગુપ્ત શાસનવ્યવસ્થા રાજાશાહી સ્વરૂપની હતી. (ii) તે ઉદાર અને લોકહિતકારક વ્યવસ્થા હતી. (iii) તે સુવ્યવસ્થિત હતી. (iv) ડૉ. આલ્તેકરના મતે ગુપ્તોના કેન્દ્રીય શાસનતંત્ર અંગે બહુધા સીધી માહિતી મળતી નથી, પરંતુ તેમના પ્રાંતિક શાસનતંત્રને લગતી માહિતી તામ્રપત્રો અને અભિલેખો સારા પ્રમાણમાં આપે છે, જેના આધારે કેન્દ્રીય શાસનતંત્રનું ચિત્ર ઊભું કરી શકાયું છે.[૬] (v) પ્રાંતિક, જિલ્લા અને સ્થાનિક કક્ષાએ વહીવટીતંત્રમાં બિનસરકારી અમલદારોની સલાહ લેવામાં આવતી, જેના પરિણામે ગુપ્ત શાસનતંત્રે બહુધા લોકશાહી ઢબના પ્રજાકીય વહીવટીતંત્રનું સ્વરૂપ ધારણ કર્યું હતું. ટૂંકમાં ગુપ્ત શાસનવ્યવસ્થા વિકેન્દ્રિત શાસનવ્યવસ્થા હતી. (vi) ડૉ. આર. એન. સાલેટોરના મતાનુસાર ગુપ્ત શાસનપ્રણાલીને સંપૂર્ણતઃ 'મૌલિક' ન કહી શકાય પરંતુ તેને 'પ્રભાવશાળી' અને 'લોકહિતકારક' તો અવશ્ય માની શકાય.[૭] ટૂંકમાં ડૉ. આલ્તેકર નિષ્કર્ષ સ્વરૂપે જણાવે છે કે, **ગુપ્ત શાસનવ્યવસ્થા 'કેન્દ્રીય અને પ્રાંતીય એમ બંને કક્ષાએ ઘણી જ સુવ્યવસ્થિત હતી,** જે સમકાલીન તેમજ પછીનાં રાજ્યો માટે આદર્શરૂપ હતી.[૮]

૨. ગુપ્તયુગ : પ્રાચીન ભારતનો સુવર્ણયુગ

અથવા

ગુપ્તયુગની મુખ્ય સિદ્ધિઓ (ગુપ્તકાલીન ભારત)

अ. **પ્રાસ્તાવિક** – સુવર્ણયુગ એટલે દેશની સમસ્ત પ્રજાની સર્વોત્કૃષ્ટ પ્રગતિ. આવી પ્રગતિ માટે ત્રણ બાબતો જરૂર છે : (૧) દેશમાં રાજકીય શાંતિ, સલામતી અને સુવ્યવસ્થા (૨) ખેતી, વેપાર અને હુન્નરધંધાનો વિકાસ એટલે કે આર્થિક સમૃદ્ધિ અને (૩) બૌદ્ધિક, આધ્યાત્મિક અને માનસિક માપદંડ સમાન ગણાતાં સાહિત્ય, સ્થાપત્યકલા, ધર્મ અને વિજ્ઞાનનો વિકાસ. આ ત્રિવિધ તત્ત્વોનો સુભગ સમન્વય એટલે સુવર્ણયુગ. પ્રાચીન ભારતમાં ગુપ્તોનો શાસનકાળ આવો જ સુવર્ણયુગ હતો, એટલે 'ગુપ્તયુગ એ પ્રાચીન ભારતીય સંસ્કૃતિનો સુવર્ણયુગ હતો,' એવું ડૉ. મજુમદારનું મંતવ્ય ઉચિત ઠરે છે.

---

૬. N. H. I, P., p. 276.
૭. R. N. Saletore : Life in Gupta Age, p. 318.
૮. N. H. I. P., p. 292 અને 294.

બ. ગુપ્તયુગ : પ્રાચીન ભારતનો સુવર્ણયુગ શા માટે ? : નીચે દર્શાવેલ વિશેષતાઓને લીધે ગુપ્તયુગને પ્રાચીન ભારતનો સુવર્ણયુગ કહેવામાં આવે છે.

૧. પ્રતાપી રાજાઓનો શાસનકાળ – ગુપ્તયુગ એ મહાન પ્રતાપી અને શક્તિશાળી રાજવીઓનો શાસનકાળ હતો. સમ્રાટ સમુદ્રગુપ્તે દિગ્વિજયની પરંપરાનું ઉદ્‌ઘાટન કર્યું. તેણે ઉત્તરાપથનાં રાજ્યો જીતી લઈને ગુપ્તસામ્રાજ્યમાં ભેળવી દીધાં, પરંતુ દક્ષિણાપથનાં રાજ્યોને પરાભવ કરીને સામ્રાજ્યમાં ન ભેળવતાં તેણે તેમના પ્રત્યે 'ગ્રહણમોક્ષાનુગ્રહ' ની નીતિ અપનાવી, જેમાં તેની દીર્ઘદૃષ્ટિનાં દર્શન થાય છે. તેણે અશ્વમેધની પરંપરા સજીવી કરીને બ્રાહ્મણધર્મનાં (હિંદુધર્મના) પહેલાંનાં કીર્તિ અને પ્રભાવ પ્રસ્થાપિત કર્યાં[૯] પ્રતાપી સમ્રાટ ચંદ્રગુપ્ત બીજાએ (વિક્રમાદિત્યે)[૧૦] ગુજરાત, સૌરાષ્ટ્ર અને માળવામાંથી શક–ક્ષત્રપોને હાંકી કાઢી 'શકારિ'નું બિરુદ મેળવ્યું. સ્કંદગુપ્ત પરદેશી હૂણોને હાંકી કાઢીને 'ભારતીય સંસ્કૃતિનો તારણહાર' બન્યો અને ત્યાર પછી ૫૦ વર્ષ સુધી તો પરદેશી હૂણો ભારત પર આક્રમણ કરવાની હિંમત જ ન કરી શક્યા. આમ પ્રતાપી સમ્રાટોની પરંપરાને લીધે ગુપ્તયુગ દરમિયાન દેશ બાહ્ય આક્રમણથી સુરક્ષિત બન્યો. ગુપ્તસમ્રાટોએ લોકોને શાંતિ અને સમૃદ્ધિ અર્પી અને તેમના સમયમાં ભારતે અદ્‌ભૂત બૌદ્ધિક પ્રવૃતિ અને વિકાસને નિહાળ્યાં. ટૂંકમાં ડૉ. **રમાશંકર ત્રિપાઠી**ના મતે ગુપ્તયુગ એ શક્તિશાળી, મેધાવી અને પ્રતાપી રાજવીઓનો શાસનકાળ હતો, જેમણે ઉત્તરભારતને એક રાજકીયછત્ર હેઠળ સંગઠિત કર્યું, શાસનતંત્રને સુવ્યવસ્થિત કર્યું તેમજ દેશને સમૃદ્ધિ અને શાંતિ અર્પી.[૧૧]

૨. રાજકીય એકતા, સ્થિરતા અને સુવ્યવસ્થા : ગુપ્ત સમ્રાટોએ ઉત્તરે હિમાલયથી દક્ષિણે નર્મદા સુધી અને પૂર્વે બંગાળથી પશ્ચિમે અરબી સમુદ્ર સુધીના ભારતને એકચક્રી શાસન હેઠળ આણી રાજકીય એકતા સ્થાપી. તેમણે ભારતમાંથી પરદેશીઓને (શકો તેમજ હૂણોને) હાંકી કાઢીને દેશમાં રાજકીય સ્થિરતા અને સલામતીનું વાતાવરણ સર્જ્યું. તેમની

---

૯. The Classical Age, p. 15.

૧૦. India reached the pinnacle of glory under him (Nilakanta Sastri a Srinivasachari : India–A Historical Survey)

૧૧. प्राचीन भारतका इतिहास, पृ. २०३.

શાસનવ્યવસ્થા પણ સુદૃઢ અને કાર્યક્ષમ હતી. ડૉ. આલ્તેકરના મતે ગુપ્તોની શાસનવ્યવસ્થા કેન્દ્રીય અને પ્રાંતીય કક્ષાએ સુવ્યવસ્થિત હતી, જે સમકાલીન રાજ્યો તેમજ આગામી રાજ્યો માટે આદર્શરૂપ હતી. આ યુગમાં બાહ્ય સલામતી અને આંતરિક શાંતિ સ્થપાતાં પ્રજાની આર્થિક સ્થિતિ સુધરી, અને વેપાર તેમજ ઉદ્યોગોનો વિકાસ થયો, જેનો પડઘો સાહિત્ય અને સ્થાપત્યકલા પર પડયો અને ગુપ્તયુગ સુવર્ણયુગ બની રહ્યો. ડૉ. રમેશચંદ્ર મજુમદારના મતે "ગુપ્ત સમ્રાટોએ સ્થાપેલ રાજ્યતંત્ર અને તેમનામાંના કેટલાક રાજવીઓની ભવ્ય પ્રતિભાએ 'ઉપરોક્ત' પરિવર્તન લાવવામાં ઘણો મોટો ભાગ ભજવ્યો હતો."[૧૨]

૩. **આર્થિક સમૃદ્ધિ :** ગુપ્ત સમ્રાટોએ સ્થાપેલ સુદૃઢ, કાર્યક્ષમ અને પ્રજાકલ્યાણવાદી શાસનવ્યવસ્થાને લીધે આ યુગમાં ખેતી, વ્યાપાર અને ઉદ્યોગધંધાઓની સારી એવી પ્રગતિ થઈ હતી. ચીની મુસાફર ફાહિયાનના મંતવ્ય મુજબ 'સામાન્ય જનતા પણ સુખી અને સમૃદ્ધ હતી.' ગુપ્તયુગ હકીકતમાં તો જનતાની આર્થિક સમૃદ્ધિનો (સુખાકારીનો) યુગ હતો.

ખેતી પર કરતું ભારણ ઘણું ઓછું હતું. ખેતીને ઉત્તેજન મળે અને તેનો વિકાસ થાય એ માટે રાજ્ય તરફથી સિંચાઈ યોજનાઓ હાથ ધરવામાં આવતી હતી. દા. ત., સ્કંદગુપ્તના સમયમાં સૌરાષ્ટ્રની રાજધાની ગિરનારના મેયર ચક્રપાલિતે સુદર્શન તળાવનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

વેપારધંધાની દૃષ્ટિએ ગુપ્તયુગ સમૃદ્ધ હતો. આ સમયે દેશનો **આંતરિક વેપાર** સારા પ્રમાણમાં વિકસ્યો હતો, અને તેના માટે સુરક્ષિત તેમજ સુવ્યવસ્થિત જમીન અને જળમાર્ગો હતા. જમીન માર્ગે માલના આવાગમન માટે ગાડાં, બળદોની પોઠો તેમજ ઊંટોની વણઝારોનો અને કોઈ કોઈ જગાએ હાથીઓનો પણ ઉપયોગ થતો. આ સમયે ભૃગુકચ્છ (ભરૂચ), ઉજ્જૈન, વિદિશા, પ્રયાગ, બનારસ, ગયા, પાટલીપુત્ર, વૈશાલી, તામ્રલિપ્ત, કૌશામ્બી, મથુરા, પેશાવર વગેરે સ્થળમાર્ગો પર આવેલાં વ્યાપારનાં ધીકતાં મુખ્ય કેન્દ્રો હતાં. આ સમયે વ્યાપારની દૃષ્ટિએ જળમાર્ગો પણ સુવિધાજનક અને ઓછા ખર્ચાળ હતા. ગંગા, બ્રહ્મપુત્રા, નર્મદા, ગોદાવરી, કૃષ્ણા, કાવેરી વગેરે નદીઓ મારફત દેશનો આંતરિક વેપાર ચાલતો. કાપડ, અનાજ, મસાલા, મીઠું, કિંમતી પથ્થરો વગેરે આંતરિક વેપારની મુખ્ય ચીજો

૧૨. The classical Age, Preface, p. 13.

હતી. પૂર્વ અને પશ્ચિમના દેશો સાથેનો **વિદેશ વેપાર** પણ ધમધોકાર ચાલતો. કલ્યાણ, ચૌલ, ભરૂચ, ખંભાત અને તામ્રલિપ્ત વગેરે બંદરો દ્વારા પૂર્વે ચીન, લંકા, જાવા અને સુમાત્રા તથા પશ્ચિમે રોમન સામ્રાજ્ય અને પૂર્વઆફ્રિકાના દેશો સાથે ધમધોકાર વેપાર ચાલતો. મોતી, મૂલ્યવાન પત્થરો, કાપડ, સુગંધિ દ્રવ્યો, તેજાના, ગળી, ઔષધો, કોપરાં, હાથીદાંતની બનાવટો વગેરેની ભારતમાંથી ઉપરોક્ત દેશોમાં નિકાસ થતી, જ્યારે સોનું, રૂપું, તાંબુ, સીસુ, ટીન, રેશમ, કપુર, ખારેક, ઘોડા વગેરેની આયાત થતી.[૧૩] આ રીતે વેપારનું પાસું ભારતની તરફેણમાં હતું, અને વધારાની રકમ સોનાના રૂપમાં લેવામાં આવતી. આ રીતે ભારતમાંથી ઘસડાઈ જતા સોના અંગે ઇતિહાસકાર પ્લિનીએ પોતાનું દુઃખ વ્યક્ત કર્યું હતું. ગુપ્તકાલીન ભારતની એક નોંધનીય બાબત એ હતી કે આ સમયે વેપારી, ધંધાધારીઓ, બેન્કરો અને કારીગરોનાં મંડળો (નિગમો કે શ્રેણીઓ) આર્થિકક્ષેત્રે મહત્ત્વનો ભાગ ભજવતાં હતાં, જેમને ડૉ. બ્લૉક આધુનિક સમયના ચેમ્બર ઑફ કોમર્સ (A Modern Chamber of Commerce) સાથે સરખાવે છે.[૧૪]

૪. **ધાર્મિક સહિષ્ણુતા** – ડૉ. રાધાકુમુદ મુકર્જીના મતે 'વૈષ્ણવધર્મ એ ગુપ્તસમ્રાટોનો રાજધર્મ હતો', એટલે કે ગુપ્ત સમ્રાટો વૈષ્ણવધર્મી હતા. તેઓ પોતાની જાતને 'પરમ ભાગવત' કહેવરાવતા[૧૫] તેઓ અશ્વમેધયજ્ઞો કરાવતા અને વિષ્ણુનાં મંદિરો પણ બંધાવતા પરંતુ આ સમયનો બ્રાહ્મણધર્મ બહુધા યજ્ઞયાગો અને ક્રિયાકાંડો કરતાં ભક્તિને (અવતારવાદને) પ્રાધ્યાન્ય આપતો હતો. હિંદુલોકોએ આ ધર્મને લોકપ્રિય બનાવવા બૌદ્ધધર્મનાં સારાં તત્ત્વો તેમાં અપનાવી લીધાં અને તેઓ તો બુદ્ધને વિષ્ણુના અવતાર માનવા લાગ્યા. આ બધી નવી માન્યતાઓને લીધે બ્રાહ્મણ ધર્મે એક નૂતન સ્વરૂપ ધારણ કર્યું, જે આજે હિંદુધર્મ તરીકે ઓળખાય છે. તેમાં વિષ્ણુ, શિવ, કાર્તિકેય, સૂર્ય જેવા દેવો અને લક્ષ્મી, દુર્ગા, પાર્વતી જેવી દેવીઓની પૂજા થતી. પરિણામે આ

---

૧૩. N. H. I. P., p 359.

૧૪. આ અંગે ડૉ.. યુ. એન. ઘોષ અને ડૉ. આલ્તેકરના વિચારો માટે અનુક્રમે The Classical Age, pp. 603-05 અને N. H. I. P., pp. 335-56 જુઓ.

૧૫. ડૉ. દિક્ષિતાર તેમના 'The Gupta Polity'માં આ વિચારનો ઇન્કાર કરે છે.

સમયે બ્રાહ્મણધર્મ તેના વિકાસની પરાકાષ્ટાએ પહોંચ્યો હતો. એટલે 'ગુપ્તયુગ બ્રાહ્મણધર્મના પુનરૂત્થાનનો યુગ હતો,' એવા ડૉ. કીથ ને ડૉ. રાયચૌધરીનાં મંતવ્યો સાથે સંમત ન થઈ શકાય. હકીકતમાં ગુપ્તયુગ બ્રાહ્મણધર્મના 'પુનરૂત્થાનનો નહિ પરંતુ વિકાસનો' યુગ હતો. (પી. સરન.)

પોતે બ્રાહ્મણધર્મી હોવા છતાં ગુપ્ત સમ્રાટો ધર્મસહિષ્ણુ અને ઉદાર હતા. તેઓ બૌદ્ધ અને જૈનધર્મ પ્રત્યે પણ સમભાવ દાખવતા હતા. તેમણે વિષ્ણુ, શિવકે કાર્તિકેયનાં મંદિરો બંધાવ્યાં એટલું જ નહિ પરંતુ બૌદ્ધ મઠો–વિહારો અને જૈન ઉપાશ્રયોને પણ આર્થિક સહાય કરી હતી તે સમયે બૌદ્ધધર્મનો સારો એવો પ્રચાર થયો હતો. શ્રી ગુપ્તે મૃગશિખાવન પાસે ચીની બૌદ્ધયાત્રિકો માટે એક વિહાર બંધાવ્યો હતો. સમુદ્રગુપ્તે લંકાના રાજવી મેઘવર્ણને લંકાથી આવતા બૌદ્ધ યાત્રાળુઓ માટે બોધિગયામાં વિહાર (મઠ) બાંધવાની પરવાનગી આપી હતી. તેમજ પોતાના પુત્રની કેળવણી માટે બૌદ્ધ વિદ્વાન વસુબંધુને નીમ્યા હતા ચંદ્રગુપ્ત બીજા (વિક્રમાદિત્ય) ના આમ્રકારદેવ નામના બૌદ્ધધર્મીમંત્રીએ સાંચીના 'કાકનાદબોટ વિહાર' ને એક ગામ અને ૨૫ દિનરાનું દાન કર્યું હતું. કુમારગુપ્ત ૧લાએ નાલંદાની બૌદ્ધવિદ્યાપીઠ બંધાવી હતી. વૈણ્યગુપ્ત પોતે શૈવધર્મી હોવા છતાં મહાયાન બૌદ્ધસંઘને દાન આપ્યું હતું. આ સમયે ભારતના વિવિધ પ્રાંતોમાંથી ખાસ કરીને સારનાથ, મથુરા, નાલંદા વગેરે પ્રદેશોમાંથી ગુપ્તકાલીન બુદ્ધ અને બોધિસત્ત્વની મૂર્તિઓ મળી આવી છે, જે હકીકત પરથી પૂરવાર થાય છે કે ગુપ્તસમયમાં બૌદ્ધધર્મ સારા પ્રમાણમાં ધાર્મિક સ્વતંત્રતા ભોગવતો હતો.

ગુપ્તકાલીન અભિલેખો જૈનધર્મના પ્રચાર અને પ્રસાર પર પણ પ્રકાશ ફેંકે છે. કુમારગુપ્તના સમયમાં ઉદયગિરિની એક ગુફામાં પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિની આરાધના કરવામાં આવી હતી. સ્કંદગુપ્તના સમયમાં 'મદ્ર' નામની વ્યક્તિએ પાંચ જૈન તિર્થંકરોની પ્રતિમાઓની સ્થાપના કરાવી હતી. (જુઓ પૃષ્ઠ ૨૧૬). ઇ. સ. ૩૧૩ ને ૪૫૩માં સૌરાષ્ટ્રમાં વલભીપુર મુકામે અનુક્રમે નાગાર્જુન અને દેવર્ધિગણના પ્રમુખપદે જૈનધર્મના શ્વેતાંબર સંપ્રદાયની બે પરિષદો મળી હતી. મથુરા અને વલભીપુરમાં જૈનધર્મના શ્વેતાંબર સંપ્રદાયનું અને બંગાળ, મ્હૈસુર તેમજ કર્ણાટકમાં દિગંબર સંપ્રદાયનું જોર હતું ઉમાસ્વાતિ અને સિદ્ધસેન દિવાકર (Father of Jain Logic) જેવા જૈન પંડિતોએ આ સમયમાં સંસ્કૃત ગ્રંથો રચ્યા હતા.[૧૬] ટૂંકમાં Toteration was the

---

૧૬. બૌદ્ધ ને જૈનધર્મને લગતી વિગતો N. H. I. P. ના પ્રકરણ ૧૪ ને આધારે તૈયાર કરી છે તેથી સંપાદકો તેમના આભારી છે.

keynote of the religious life of the Gupta Period.

(સિંહા ને બેનરજી)

૫. સાહિત્યનો સુવર્ણ યુગ : ગુપ્ત યુગને સંસ્કૃત સાહિત્યનો સુવર્ણ-યુગ ગણવામાં આવે છે ગુપ્તયુગમાં સંસ્કૃતભાષાની ઉન્નતિ 'ન ભૂતો ન ભવિષ્યતિ'ના રૂપમાં થઈ. આ યુગમાં સંસ્કૃત ભાષાએ રાષ્ટ્રભાષા તરીકેનું સ્થાન મેળવ્યું હતું. ગુપ્તસમ્રાટોના અભિલેખો, તામ્રપત્રો, રાજ્યાજ્ઞા વગેરે સંસ્કૃતમાં લખાતાં હતાં. સમુદ્રગુપ્ત અને ચંદ્રગુપ્ત વિક્રમાદિત્ય જેવા સમ્રાટો સ્વયં વિદ્વાનો અને કવિઓ હતા, અને વિદ્વાનો અને કવિઓના આશ્રયદાતા પણ હતા. સમુદ્રગુપ્તની પ્રયાગ–પ્રશસ્તિની રચના કરનાર હરિષેણ સમુદ્રગુપ્તનો દરબારી કવિ હતો. ચંદ્રગુપ્ત બીજા (વિક્રમાદિત્ય)ના દરબારમાં પ્રાચીન ભારતનાં 'નવરત્નો' જ્ઞાનનો પ્રકાશ રેલાવતાં હતાં.

ગુપ્તયુગમાં સંસ્કૃત સાહિત્ય સોળેકળાએ ખીલ્યું હતું. કવિ કાલિદાસ આ સમયનો સંસ્કૃતનો અદ્વિતીય કવિ ગણાય છે. તેણે 'અભિજ્ઞાન શાકુંતલમ્', 'વિક્રમોવર્શીયમ્' અને 'માલવિકાગ્નિમિત્રમ્' જેવાં નાટકો, રઘુવંશ અને 'કુમાર સંભવ' જેવાં મહાકાવ્યો અને 'મેઘદૂત' તેમજ 'ઋતુસંહાર' જેવાં ખંડકાવ્યો રચ્યાં. ભાસ રચિત ૧૩ નાટકોમાં 'સ્વપ્નવાસવદત્ત' સૌથી વધુ પ્રખ્યાત છે.[૧૭] શુદ્રકે 'મૃચ્છકટિક', વિશાખદત્તે 'મુદ્રારાક્ષક' અને 'દેવી-ચંદ્રગુપ્તમ્', ભારવિએ 'કિરાતાર્જુનીયમ્', ભટ્ટીએ 'રાવણવધ' (ભટ્ટી કાવ્ય), ચંદ્રગોમિને 'ચાંદ્રવ્યાકરણ' અને અમરસિંહે 'અમરકોષ'ની રચના કરી.

આ સમયમાં કામંદકે 'નીતિસાર' અને વિષ્ણુશર્માએ 'પંચતંત્ર'ની રચના કરી. 'હિતોપદેશ'ની વાર્તાઓ પણ આ સમયમાં રચાઈ. આ સમયે દેશની અને સમાજની પલટાયેલી પરિસ્થિતિ અનુસાર સ્કંદ, શિવ, વાયુ, મત્સ્ય, બ્રહ્માંડ ઇત્યાદિ પુરાણોમાં જરૂરી ફેરફારો કરીને તેમને નવું સ્વરૂપ આપવામાં આવ્યું, મનુસ્મૃતિનું નવું સંસ્કરણ કરવામાં આવ્યું, રામાયણ

૧૭. ૧૯૩૦ માં ગણપતિ શાસ્ત્રીને ત્રિવેન્દ્રમમાંથી ૧૩ નાટકો પ્રાપ્ત થયાં હતાં, જે સામાન્ય રીતે ભાસરચિત માનવામાં આવે છે : (૧) મધ્યમ-વ્યાયોગ, (૨) દૂતવાકય, (૩) બાલચરિત, (૪) પ્રતિમા, (૫) અભિષેક, (૬) અવિમાર્ક, (૭) પ્રતિજ્ઞા-યૌગન્ધરાયણ, (૮) સ્વપ્નવાસવદત્ત, (૯) ચારુદત્ત, (૧૦) દૂત–ઘટોત્કચ, (૧૧) કર્ણભાર, (૧૨) ઉરુભંગ, અને (૧૩) પંચરાત્ર.

તેમજ મહાભારત જેવા મહાકાવ્યોનું આખરી સંસ્કરણ કરવામાં આવ્યું. યાજ્ઞવલ્કય, કાત્યાયન, બૃહસ્પતિ, નારદ જેવી સ્મૃતિઓ આ યુગમાં રચાઈ.

બૌદ્ધવિદ્વાનોમાં અસંગે 'યોગચરભૂમિ–શાસ્ત્ર', દિઙ્‌નાગે 'પ્રમાણ–સમુચ્ચય' અને વસુબંધુએ મહાયાન તેમજ હિનયાન બૌદ્ધતત્ત્વજ્ઞાન પર અનેક ગ્રંથો રચ્યા. આ સમયે વૈજ્ઞાનિક સાહિત્યમાં પણ ઉન્નતિ થઈ હતી (જુઓ મુદ્દો ૬.)

આમ ગુપ્તયુગની સાહિત્યિક પ્રવૃત્તિઓને લીધે ડૉ. સ્મિથ આ સમયને ઇંગ્લૅન્ડના રાણી ઇલિઝાબેથના સમય સાથે સરખાવે છે. આંગ્લ વિદ્વાન બાર્નેટ તો ત્યાં સુધી કહ્યું છે કે "જે સ્થાન ગ્રીસના ઇતિહાસમાં પેરિક્લીસના યુગનું છે તે જ સ્થાન ભારતીય શિષ્ટ સાહિત્યના ઇતિહાસમાં ગુપ્ત યુગનું છે."[૧૮]

૬. વિજ્ઞાનની પ્રગતિનો કાળ – આ સમયમાં વૈજ્ઞાનિક ક્ષેત્રે અદ્વિતીય પ્રગતિ સધાઈ હતી.

* **ખગોળશાસ્ત્રના ક્ષેત્રે** આ સમયે ઘણી પ્રગતિ થયેલી જોવા મળે છે. **આર્યભટ્ટ** આ યુગનો મહાન ખગોળશાસ્ત્રી હતો. તે પહેલો ભારતીય નક્ષત્ર–વૈજ્ઞાનિક હતો, જેણે પ્રતિપાદન કર્યું કે, પૃથ્વી ગોળ છે અને તે પોતાની ધરી ઉપર ઘૂમે છે તેમજ તેના પડછાયાને લીધે ચંદ્રગ્રહણ થાય છે. **વરાહમિહિર** આ યુગનો બીજો ખગોળશાસ્ત્રી હતો.[૧૯] તેણે મુખ્યત્વે ખગોળશાસ્ત્ર ઉપર (૧) લઘુજાતક, (૨) બૃહત્જાતક, (૩) વિવાહપટલ, (૪) યોગમાયા, (૫) બૃહત્સંહિતા અને (૬) પંચસિદ્ધાંતિકા એમ છ પુસ્તકો લખ્યાં. **બ્રહ્મગુપ્ત** નામના ખગોળશાસ્ત્રીએ 'બ્રહ્મ સિદ્ધાંત' ની રચના કરી 'સૂર્યસિદ્ધાંત' નામે એક ખગોળવિદ્યાનો ગ્રંથ પણ આ સમયમાં રચાયો હતો.[૨૦]

* **ગણિતશાસ્ત્રના ક્ષેત્રે** પણ ગુપ્તકાલીન ભારતમાં ખૂબ પ્રગતિ થઈ હતી. આર્યભટ્ટ એ પહેલો વિદ્વાન હતો, જેણે ગણિતનો વિજ્ઞાનની એક અલગ શાખા તરીકે વિકાસ કર્યો. તેણે દશાંશપદ્ધતિ, વર્ગ, વર્ગમૂળ ને સાદાં સમીકરણનો

---

૧૮. પરંતુ ગુપ્ત યુગ તો પેરિક્લીસના યુગ કરતાં દરેક ક્ષેત્રમાં ચઢિયાતો હતો, તેથી બાર્નેટની ઉપરોક્ત તુલના યથોચિત માલુમ પડતી નથી.

૧૯ અને ૨૧. The classical age p. 322.

૨૦. 'સૂર્ય સિદ્ધાંત'ના કર્તા અંગે વિવાદ છે. ડૉ. આલ્તેકરના મતે તેનો લેખક હજુ જાણી શકાયો નથી, જ્યારે ડૉ. પી. સરન અને ડૉ વી. ડી. મહાજન, તેના લેખક તરીકે આર્યભટ્ટનો ઉલ્લેખ કરે છે.

ઉપયોગ શરૂ કર્યો. તેણે 'આર્યભટ્ટીયમ' નામનો ગણિતગ્રંથ લખ્યો, જેમાં અંકગણિત બીજગણિત અને ભૂમિતિને લગતા સિદ્ધાંતો અને સૂત્રોનું પ્રતિપાદન કરવામાંઆવેલ છે.

* **આયુર્વેદશાસ્ત્રના ક્ષેત્રે** પણ ગુપ્ત યુગમાં પ્રગતિ અને સંશોધનો થયાં હતાં. આ ક્ષેત્રે નાગાર્જુને રસ-ચિકિત્સાની નવીન ચિકિત્સા પદ્ધતિનો આવિષ્કાર કર્યો હતો. તેણે પારાને મારીને ઔષધ તરીકે વાપરવાની પ્રથા શરૂ કરી હતી. વાગ્ભટ્ટ નામના આયુર્વેદ નિષ્ણાતે ચરક અને સુશ્રુતની રચનાઓનું અધ્યયન કરીને તેમના સારરૂપે 'અષ્ટાંગસંગ્રહ' અને 'અષ્ટાંગહૃદયસંહિતા' જેવાં ઔષધશાસ્ત્રો લખ્યાં. ચંદ્રગુપ્ત બીજાના રાજદરબારનાં નવરત્નોમાં 'ધનવંતરી' આયુર્વેદશાસ્ત્રનો મુખ્ય આચાર્ય ગણાતો. આ ઉપરાંત **પશુ-ચિકિત્સાના** ક્ષેત્રે પણ ગ્રંથો લખાયા હતા. દા. ત., હાથી અને ઘોડાના રોગોની ચિકિત્સા માટે પાલકાપ્યે 'હસ્તાયુર્વેદ' અને શાલિહોત્રે 'અશ્વશાસ્ત્ર' નામે ગ્રંથો લખ્યા.

***રસાયણશાસ્ત્ર** અને **ધાતુવિદ્યાનાક્ષેત્ર** આ યુગમાં ખૂબ પ્રગતિ થઈ હતી. નાગાર્જુન રસાયણશાસ્ત્ર અને ધાતુવિદ્યામાં પારંગત હતો. નાલંદાની વિદ્યા-પીઠે પોતાની અલગ રસાયણશાળા અને ભઠ્ઠીઓ રાખી હતી. ચંદ્રગુપ્ત બીજાનો દિલ્હી પાસેનો મહરૌલીનો લોહસ્તંભ (૨૪ ફૂટ ઊંચો અને ૬½ ટન વજન-વાળો) આટલાં વર્ષો સુધી ટાઢ, તડકો અને વરસાદમાં રહ્યો, છતાં તેના પર કાટ લાગ્યો નથી, જે દર્શાવે છે કે આ સમયે ધાતુવિદ્યા ને રસાયણસાસ્ત્રમાં કેટલી આશ્ચર્યજનક પ્રગતિ થઈ હતી.

ટૂંકમાં 'ગુપ્તયુગમાં ભારતીય વિજ્ઞાને ખૂબ પ્રગતિ સાધી હતી.'

૭. **કલાની અદ્વિતીય સિદ્ધિઓનો યુગ :** ગુપ્તયુગમાં કલાના ક્ષેત્રે અદ્વિતીય પ્રગતિ સધાઈ હતી, જેણે ગુપ્તયુગને ભારતના ઇતિહાસમાં અમર બનાવ્યો.[૨૨] ભદ્રતા, સ્વાભાવિકતા, સરળતા, આધ્યાત્મિકતા, સૌંદર્યોપાસના, અને ભારતીયકરણ એ આ યુગની કળાની મુખ્ય વિશેષતાઓ હતી.

***સ્થાપત્યકલામાં** આ યુગે અદ્વિતીય પ્રગતિ સાધી હતી. તિગવાનું વિષ્ણુમંદિર (જબલપુર), ભૂમરાનું શિવમંદિર (નાગોડ), નચનાનું પાર્વતીમંદિર (અજયગઢ) દેવગઢનું દશાવતાર (ઝાંસી) ભિટરગાંવનું મંદિર (કાનપુર), બોધિ-ગયાનું મહાબોધિમંદિર, એહોલનું લરખાનમંદિર (બીજાપુર), વગેરે મંદિર

૨૨. 'The glories of the Gupta age proper have been made permanent, through the visible creations of its arts'. —Dr. V. S. Agrawal.

બાંધણીકલાના પ્રખ્યાત નમૂના છે. ગુફા સ્થાપત્યમાં અજંતા, ઇલોરા અને ઉદયગિરિની ગુફાઓ જાણીતી છે. સારનાથનો ધમેખસ્તૂપ ગુપ્તકાલીન છે.

***શિલ્પકળામાં** આ યુગે અપ્રતિમ પ્રગતિ સાધી હતી. સારનાથની આસનસ્થ બુદ્ધની મૂર્તિ, મથુરાની ઊભેલા બુદ્ધની મૂર્તિ, સુલતાન ગંજની અને નાલંદાની બુદ્ધની તામ્રમૂર્તિઓ, મથુરાની વિષ્ણુ–મૂર્તિ, ઉદયગિરિની વિષ્ણુની વરાહ–મૂર્તિ, મથુરાની મહાવીરની મૂર્તિ વગેરે આ યુગની મૂર્તિકલાના ઉત્તમ નમૂનાઓ છે. આ સમયની મૂર્તિકલા તેના વિકાસની ચરમશિખરે પહોંચી હતી.[23]

***ચિત્રકલાના** વિકાસના દૃષ્ટિએ ગુપ્તયુગ સર્વશ્રેષ્ઠ છે. અજંતા અને બાઘ (ગ્વાલિયર)ની ગુફાઓનું ચિત્રકામ જોઈને આપણું ચિત્ત આશ્ચર્યમાં ગરકાવ થઈ જાય છે. અજંતાની કુલ ૨૯ ગુફાઓમાંનાં ચિત્રોમાંથી નં. ૧૬ અને ૧૭ ગુફાઓમાંનાં ચિત્રો ગુપ્તકાલીન છે. આ ચિત્રો કલાની દૃષ્ટિએ સર્વોત્કૃષ્ટ છે. આ અંગે પોતાનો અભિપ્રાય આપતાં ડૉ. **વાસુદેવશરણ અગ્રવાલ** લખે છે કે 'ગુપ્તયુગમાં ચિત્રકલા તેની પૂર્ણતાએ (પરાકાષ્ટાએ) પહોંચી હતી.

***સંગીત અને નૃત્યકલામાં** પણ આ યુગમાં પ્રગતિ થઈ હતી. ગુપ્ત રાજાઓ સંગીતના શોખીન હતા. સમ્રાટ સમુદ્રગુપ્તને વીણાવાદનમાં અભિરુચિ હતી. સમાજમાં નૃત્ય બહોળો પ્રચાર પામ્યું હતું. અજંતા અને બાઘની ગુફાઓમાં સંગીત અને નૃત્યનાં દશ્યો રજૂ થયાં છે. આ યુગની ગણિકાઓ પણ નૃત્ય જેવી લલિતકલાઓમાં નિપુણ હતી,

ટૂંકમાં ડૉ. **સ્મીથ**ના મતે ગુપ્તયુગમાં શિલ્પકલા, મૂર્તિકલા અને ચિત્રકલાએ સિદ્ધિઓનાં ઉચ્ચતર સોપાનો સર કર્યાં હતાં.

૮. ભારતીય સંસ્કૃતિનો પ્રસાર–યુગ : ગુપ્તયુગમાં ભારતનો વેપાર પશ્ચિમ–એશિયાના દેશો સાથે ધમધોકાર ચાલતો હતો, પરિણામે આ પ્રદેશોમાં ભારતીય વ્યાપારીઓએ વસાહતો સ્થાપીને રહેવાનું શરૂ કર્યું, અને તેમના દ્વારા ભારતીય સંસ્કૃતિએ આ દેશોમાં સારો પગપેસારો કર્યો. આમ આ દેશોમાં ભારતીય સંસ્કૃતિનો અધિક ફેલાવો તો ગુપ્તયુગ દરમિયાન જ થયો, અને એ રીતે ગુપ્તકાલીન ભારતીય સંસ્કૃતિના ફેલાવાને લીધે પણ આ યુગ પ્રાચીન ભારતીય સંસ્કૃતિનો સુવર્ણયુગ કહેવાયો.

ક. સમાપન : આમ ગુપ્તયુગ દરમિયાન માનવપ્રવૃત્તિના પ્રત્યેક ક્ષેત્રમાં ભારતે અજોડ સિદ્ધિઓ હાંસલ કરી. પ્રો. **એસ. આર. શર્મા**ના મતે ગુપ્ત

---

२३. आर. सी. मजुमदार : प्राचीनभारत, पृ. ४५१.

કાળમાં ભારત ઉન્નતિ અને વૈભવના ચરમશિખરે પહોંચી ગયું હતું, આવી સર્વાંગી સિદ્ધિઓને લીધે ગુપ્તયુગને પ્રાચીન ભારતનો 'સુવર્ણયુગ' કહેવામાં આવે છે.

*

આટલું યાદ રાખીએ તો........

૧. ગુપ્ત શાસનવ્યવસ્થા......... સુવ્યવસ્થિત હતી.

(૧) **કેન્દ્રીય શાસન :** કેન્દ્રમાં સમ્રાટ સર્વોપરી હતો. તે મંત્રીમંડળની સલાહ મુજબ શાસન કરતો. મંત્રીમંડળમાં સંધિવિગ્રહક, મહાદંડનાયક, મહાદંડપાશિક, વિનયસ્થિતિસ્થાપક વગેરે મંત્રીઓનો સમાવેશ થતો.

(૨) **ભુક્તિ શાસન :** સામ્રાજ્યને ભુક્તિમાં વહેંચી નાખેલું. તેનો વડો 'ઉપરિક મહારાજા' કહેવાતો. મોટે ભાગે આ પદે રાજકુમારો નીમાતા. જૂનાગઢના સ્કંદગુપ્તના અભિલેખમાં તેનાં કાર્યોનો ઉલ્લેખ આવે છે. તેની સહાયમાં અન્ય પ્રાંતીય અધિકારીઓ રહેતા.

(૩) **વિષય શાસન :** ભુક્તિથી નાના વહીવટ વિભાગ વિષયનો મુખ્ય વડો 'વિષયપતિ' કહેવાતો. તેની સહાયમાં સરકારી અને બિનસરકારી એમ બે વર્ગના અધિકારીઓ હતા.

(૪) **વિથિ શાસન :** વિષયના પેટાવિભાગ વિથિનો ઉપરી 'વિથિપતિ' કહેવાતો. તેની સહાયમાં બિનસરકારી સભ્યોની બનેલી એક વિથિસભા હતી.

(૫) **નગર શાસન :** દરેક વિષયમાં અનેક નગરો આવેલાં. નગરનો વડો 'પુરપાલ' કહેવાતો. તેની સહાયમાં 'પરિષદ' હતી.

(૬) **ગ્રામ શાસન :** ગ્રામ એ વહીવટી એકમનો સૌથી નાનો એકમ હતો, જેનો ઉપરી ગ્રામાધ્યક્ષ કહેવાતો. તેની સહાયમાં બિનસરકારી અધિકારીઓની બનેલી ગ્રામસમિતિ હતી. તે ગ્રામજનતાના હિતનાં કાર્યો બજાવતી.

ટૂંકમાં ગુપ્ત શાસનવ્યવસ્થા કેન્દ્રીય અને પ્રાંતીયકક્ષાએ ઘણી જ સુવ્યવસ્થા હતી.

૨. ગુપ્તયુગ : પ્રાચીનભારતનો સુવર્ણયુગ......... કારણ કે

(૧) તે મહાન અને પ્રતાપી સમ્રાટનો શાસનકાળ હતો.

(૨) તે રાજકીય એકતા, સ્થિરતા, શ્રેષ્ઠ શાસનનો યુગ હતો.

प्रकरण ૯

ગુપ્ત-સામ્રાજ્યના પતન પછીનું ઉત્તરહિંદ-૧

હુણો, ઉત્તરકાલીન ગુપ્તો ને મૌખરીઓ

'ઉત્તર અને પશ્ચિમ હિંદના રાજકીય અને સામાજિક ઇતિહાસમાં હૂણોનાં આક્રમણો પરિવર્તનકારી બિંદુ (A turning point) બની રહે છે.'
—ડૉ. સ્મીથ.

'ઉત્તરહિંદના રાજકારણમાં દીર્ઘકાળ સુધી મૌખરીઓએ મહત્ત્વનું સ્થાન ભોગવ્યું.'
—ડૉ રમાશંકર ત્રિપાઠી.

*** પ્રકરણની રૂપરેખા ***

૧. હૂણોનું ઉત્થાન અને પતન.	૨. માળવાનો યશોધર્મન.
૩. મગધના ઉત્તરકાલીન ગુપ્તો.	૪. મૌખરી-વંશ.

હૂણોનું ઉત્થાન અને પતન

અ. પ્રાસ્તાવિક – હૂણો મધ્ય એશિયાના સાઇબિરયાના બીડના પ્રદેશના રહેવાસીઓ હતા. તેઓ પ્રારંભમાં ચીનના પશ્ચિમ ભાગમાં રહેતા હતા. પરંતુ વસ્તીમાં વધારો, પ્રતિકૂળ વાતાવરણ, વેરાન પ્રદેશ ઇત્યાદિ કારણોને લીધે તેમને પોતાનું મૂળનિવાસ સ્થાન છોડવું પડ્યું. તેમની એક શાખા વોલ્ગા ઓળંગી યૂરોપમાં ગઇ, તેનો નેતા અટ્ટિલા હતો અને બીજી શાખા-શ્વેત-હૂણો-એ ઓકસસ નદીની ખીણને પોતાનું નિવાસસ્થાન બનાવ્યું અને ત્યાંથી ભારત આવી.

બ. ભારત પર હૂણોનાં આક્રમણ – ભારત પર હૂણોના આક્રમણ વખતે ઉત્તર હિંદમાં ગુપ્તોનું શાસન હતું. તેમના આક્રમણોનો ઇતિહાસ તબક્કાવાર નીચે પ્રમાણે રજૂ કરવામાં આવેલ છે.

(૧) ખિનખિલ – હૂણોએ સૌ પ્રથમ ઇ. સ. ૪૫૬ માં સ્કંદગુપ્તના શાસનકાળ દરમિયાન ભારત પર આક્રમણ કર્યું, પરંતુ સ્કંદગુપ્તે તેમનો

સૌરાષ્ટ્રમાં વીરતાપૂર્વક સામનો કરીને તેમને હિંદમાંથી હાંકી કાઢ્યા. ત્યારપછી લગભગ ૧૦ વર્ષે હૂણોએ 'ખિનખિલ' (Khinkhila)* ની નેતાગીરી નીચે ફરીથી હિંદ પર વિશાળ સૈન્ય સાથે આક્રમણ કર્યું પરંતુ સ્કંદગુપ્તે તેમનો બહાદૂરીપૂર્વક સામનો કરીને તેમને પાછા હાંકી કાઢ્યા.

ત્યાંથી તેઓ ઈરાન તરફ ગયા. ઈરાનના શાહ ફિરોઝે તેમનો સામનો કર્યો પરંતુ તે યુદ્ધમાં હાર્યા અને મરાયો. (૪૮૪) તેમણે ઈરાનની આજુબાજુનો વિસ્તાર કબજે કર્યો, તેમણે બલ્ખને પોતાની રાજધાની બનાવી અને ત્યાંથી ધીરે ધીરે ગાંધાર અને પંજાબના કેટલાક મુલકો જીતી લીધી. ગાંધારને કેન્દ્ર બનાવીને તેમણે ત્યાંથી તોરમાણની નેતાગીરી હેઠળ હિંદ પર આક્રમણ કર્યું.

(૨) તોરમાણ ઈ. સ. ૭૭૮ માં રચાયેલ 'કુવલયમાલા' નામના જૈનગ્રંથના કથન મુજબ તોરમાણ સમસ્ત વિશ્વનો (સંભવતઃઉત્તરાપથનો) સ્વામી હતો. તે ચંદ્રભાગા (ચિનાબ) નદીના કિનારે આવેલા 'પવૈયા' ગામમાં રહેતો હતો. તેના ગુરુનું નામ હરિ-ગુપ્ત હતું.[૧] પંજાબના સોલ્ટરેન્જના 'કુર-અભિલેખ' માં તેનો 'રાજાધિરાજ મહારાજ તોરમાણ' તરીકેનો ઉલ્લેખ આવે છે.

હૂણોએ તોરમાણની નેતાગીરી નીચે હિંદ પર આક્રમણ કર્યું. જૈનગ્રંથ 'કુવલયમાલા' અને 'કુર-અભિલેખ'ના વિવરણ મુજબ તેણે પંજાબ પર આધિપત્ય જમાવ્યું હતું તથા પૂર્વમાળવા પર આક્રમણ કર્યું અને ત્યાંના ગુપ્તસમ્રાટ બુધગુપ્તના સામંત શાસક ધન્યવિષ્ણુએ તેની તાબેદારી સ્વીકારી[૨] તેના રાજ્યનો વિસ્તાર ભારતમાં કાશ્મીર, પંજાબ, રાજપૂતાના, માળવા અને ઉત્તરપ્રદેશના થોડાક વિભાગને સમાવી લેતો.

તે શૈવધર્મી હતો એવું ગ્વાલિયરના અભિલેખ પરથી પ્રમાણ મળે છે. તેણે તાંબાના સિક્કાઓ પડાવ્યા હતા, જેમાંના મોટાભાગના પશ્ચિમ પંજાબ

---

* હૂણોનો નેતા ખિનખિલ એ ગુપ્તસમ્રાટ સ્કંદગુપ્તનો સમકાલીન હતો. (પ્રોફે. આર. ડી. બેનરજી.)

૧. Dr. Majumdar £ Dr. Altekar : N. H. I. p., p. 196.

૨. પાના નં. ૨૨૦ અને ૨૨૧ પર ગુપ્તસમ્રાટ 'બુદ્ધગુપ્ત' ને બદલે 'બુધગુપ્ત' વાંચવું.

અને કાશ્મીરમાંથી મળી આવ્યા છે.[૩]

(૩) મિહિરગુલ – તોરમાણ પછી તેનો પુત્ર મિહિરગુલ (કે મિહિરકુલ) ભારતમાંના હૂણ રાજ્યનો માલિક બન્યો. (આશરે ઇ. સ. ૫૧૫માં) તે શક્તિશાળી રાજવી હતો. તે ખૂબ ક્રૂર અને ઘાતકી રાજવી હતો. તેણે પોતાની ઇચ્છાઓ અને યોજનાઓને અમલમાં મૂકવા માટે પ્રયાસો કર્યાં જેમાં તેને અંશતઃ સફળતા પણ મળી હતી એવું ગ્વાલિયર અભિલેખ તેમજ હ્યુ–એન–ત્સાંગ અને ગ્રીક લેખક કોસ્મસ (Cosmos) ના વિવરણો પરથી પૂરવાર થાય છે.

હ્યુ–એન–ત્સાંગના જણાવ્યા મુજબ મિહિરગુલની રાજધાની પંજાબના શાકલ (શિયાલકોટ) માં હતી. તેણે સૌ પ્રથમ માળવાના પ્રદેશ પર આક્રમણ કર્યું, પરંતુ ત્યાંના રાજા યશોધર્મને તેને સખત હાર આપી અને તેણે યશોધર્મનને ખંડણી આપવાનું પણ કબૂલ્યું. યશોધર્મનના મૃત્યુબાદ મિહિરગુલે પોતાની શક્તિ સંગઠિત કરીને ફરીથી તેણે મગધ પર આક્રમણ કર્યું. આ વખતે ગુપ્ત સમ્રાટ બાલાદિત્યે તેને હરાવ્યો અને કેદ કર્યો પરંતુ પોતાની ધર્મપરાયણ રાજમાતાના કહેવાથી તેને છોડી મૂક્યો. બાલાદિત્યને હાથે હાર પામેલો મિહિરગુલ પોતાની રાજધાની શાકલ તરફ ભાગ્યો, પરંતુ ત્યાં તેના ભાઈએ તેની ગાદી પચાવી પાડી હતી, એટલે તે કાશ્મીરના રાજાને શરણે ગયો. થોડા જ સમયમાં તેણે કાશ્મીરના રાજાને દગાથી મારી નાખીને કાશ્મીરની ગાદી પચાવી પાડી. ત્યારબાદ તે એક જ વર્ષમાં મૃત્યુ પામ્યો. (ઈ. સ. ૫૪૦ કે ૫૪૭).

તે શૈવધર્મી હતો. ગ્વાલિયરના અભિલેખ પરથી સ્પષ્ટ થાય છે કે તેણે એક સૂર્યમંદિર બંધાવ્યું હતું, એટલે સંભવ છે કે તે સૂર્યનો પણ ઉપાસક હતો. તે બૌદ્ધદ્રોહી હતો. તેણે બૌદ્ધધર્મના અનુયાયીઓની હત્યા કરાવી હતી તથા તેમના મઠો અને સ્તૂપો તોડી પડાવ્યા હતા. તક્ષશિલાની વિદ્યાપીઠનો પણ તેણે નાશ કર્યો હોવાનું મનાય છે. તે એટલો બધો ક્રૂર અને અત્યાચારી હતો કે 'તેના મૃત્યુ સમયે આકાશમાં ગર્જના થઈ અને ઘનઘોર અંધકાર છવાઈ ગયો તેમજ પૃથ્વી પણ ધ્રુજી ઊઠી અને એક ભયંકર તોફાન આવ્યું.' (હ્યુ–એન–ત્સાંગ)

તેના અવસાન પછી શક્તિશાળી નેતાના અભાવે ભારતમાંથી હૂણોની

---

૩. Prof R. D. Banerji : Prehistoric Ancient and Hindu India, p. 189.

સત્તા છિન્નભિન્ન થઈ ગઈ, અને બાકી રહેલા હૂણો એક યા બીજો ધર્મ સ્વીકારી હિંદુ સમાજમાં ભળી ગયા.

क. હૂણોના આક્રમણનો ભારત પર પ્રભાવ : (A turning-point in History) જો કે હૂણોએ થોડો સમય ઉત્તર અને પશ્ચિમ ભારતના અમુક પ્રદેશો પર રાજ્ય કર્યું, તોપણ તેમણે દેશને રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક અને નૈતિક દષ્ટિએ ભારે અસર પહોંચાડી. ડૉ. સ્મીથના મતે **ઉત્તર અને પશ્ચિમ ભારતના રાજકીય અને સામાજિક ઇતિહાસમાં હૂણોનાં આક્રમણો પરિવર્તનકારી બિંદુ બની રહે છે.**[૪]

રાજકીય દષ્ટિએ હૂણોના આક્રમણે ગુપ્તસામ્રાજ્યના પાયા હચમચાવી મૂકયા. તેમનાં આક્રમણોએ ગુપ્તસામ્રાજ્યના હ્રાસ અને પતનમાં પરોક્ષ રીતે ભાગ ભજવ્યો. તેમનાં આક્રમણને લીધે દેશની રાજકીય એકતા છિન્નભિન્ન થઈ ગઈ અને દેશ અનેક નાના રાજ્યોમાં વહેંચાઈ ગયો. શાંતિ અને સલામતીને સ્થાને દેશમાં સર્વત્ર ભય, અશાંતિ અને અરાજકતા વ્યાપી ગઈ. તેમના આક્રમણને લીધે દેશમાં નિષ્ઠુરતા વ્યાપી ગઈ અને ઉત્તર ભારતના રાજાઓ નિષ્ઠુર અને આપખુદ બન્યા. હેવેલના શબ્દોમાં હૂણોના આક્રમણે 'પૌર્વાત્ય આપખુદી' (Oriental Despotism) માટેનાં દ્વારા ખોલી નાખ્યાં. આમ તેમના અત્યાચારે દેશના રાજવીઓની નજર સમક્ષ નિરંકુશતા અને રાજાશાહીનો ખ્યાલ ઉપસ્થિત કર્યો, અને એ રીતે આ આક્રમણોએ દેશની લોકશાહીની ભાવનાને ભારે ઠેસ પહોંચાડી.

સાંસ્કૃતિક દષ્ટિએ હૂણોનાં આક્રમણોએ ઉત્તર ભારતમાં બૌદ્ધધર્મને ભારે હાનિ પહોંચાડી. હ્યુ-એન-ત્સાંગના કથન મુજબ હૂણોએ બૌદ્ધ વિહારો, મઠો, સ્તૂપો ઇત્યાદિનો નાશ કર્યો. જંગલી અને ઝનૂની હૂણોએ અનેક પ્રાચીન રાજવંશોના અભિલેખો, ઐતિહાસિક ઈમારતો, સાહિત્ય, ધાર્મિક ગ્રંથો વગેરેનો નાશ કર્યો અને એ રીતે મહત્ત્વની ઐતિહાસિક સામગ્રીનો નાશ થયો, જેના અભાવમાં ભારતીય ઇતિહાસની કેટલીક સમસ્યાઓ આજે પણ વણઉકલી રહેલી છે.

સામાજિક દષ્ટિએ પણ હૂણોનું આક્રમણ ભારતના ઇતિહાસમાં ખૂબ

૪. Dr. V. A. Smith : The Oxford History of India, p. 178.

મહત્ત્વ ધરાવે છે. રાજસત્તા ગુમાવતાં જે હૂણો ભારતમાં રહ્યા તેઓ ધીરે ધીરે એક યા બીજો ધર્મ અપનાવીને હિંદુસમાજમાં ભળી ગયા અને ભારતીય સ્ત્રીઓ સાથે લગ્ન સંબંધો પણ બાંધ્યા. દા. ત., ૧૧મી સદીમાં ડાહલના કલચુરી (કે હૈહય) વંશના ગંગેય રાજવીના પુત્ર કર્ણે હૂણ રાજકુંવરી આવલ્લદેવી સાથે લગ્ન કર્યાં હતાં.[૫] આમ હૂણોએ ભારતવાસીઓની જાતીય રચના (Racial composition) ને પણ અસર પહોંચાડી. ડૉ. સ્મીથ, ડૉ. ભાંડારકર, ટોડ, વિલિયમ ક્રુક જેવા અનેક વિદ્વાનો માને છે કે આ હૂણોમાંથી રાજપૂત જાતિનો ઉદ્ભવ થયો. પરંતુ રાજપૂતોના વિદેશી ઉત્પત્તિના સિદ્ધાંતનું ગૌરીશંકર ઓઝા અને પ્રોફે. વૈદ્ય જેવા વિદ્વાનોએ ખંડન કર્યું છે.

નૈતિક દૃષ્ટિએ હૂણોના આક્રમણનો પ્રભાવ દર્શાવતાં **પ્રોફે. હેવેલ** જણાવે છે કે હૂણોના સંપર્કના પરિણામે ઇન્ડો-આર્ય પરંપરાનો નૈતિક સ્તર નીચે ગયો, એટલે કે ભારતવાસીઓનું ચારિત્ર્ય ભ્રષ્ટ થયું અને તેમનામાં અંધવિશ્વાસ પ્રવેશ્યો, જેની આર્યાવર્તના મહાન દાર્શનિકો અને ધર્માચાર્યોએ કલ્પના સુદ્ધાં પણ નહોતી કરી.

આ પ્રમાણે હૂણોનાં આક્રમણો ભારતના ઇતિહાસમાં રાજકીય, સાંસ્કૃતિક, સામાજિક અને નૈતિક દૃષ્ટિએ ' turning-point ' તરીકે ઓળખાય છે.

૨. માળવાનો યશોધર્મન

अ. પ્રાસ્તાવિક : જનેન્દ્ર યશોધર્મન એ 'મધ્યભારતનો મહાન પ્રતાપી રાજવી' હતો. માળવામાં મંદસોરથી ૩½ માઈલ દૂર આવેલ 'સોન્ધની' નામના સ્થળેથી જમીનમાં દટાયેલા બે સ્તંભલેખો મળી આવ્યા છે, જે કાવ્યાત્મક સંસ્કૃતમાં લખાયેલ પ્રશસ્તિરૂપે છે. મંદસોરના આ બે સ્તંભલેખોમાં યશોધર્મનની સિદ્ધિઓની નોંધ કરવામાં આવેલ છે, જેના આધારે તેની કારકિર્દીનો આછો ખ્યાલ આવે છે.

ब. કુળ : યશોધર્મના કુળ વિષે ખાસ માહિતી મળતી નથી, પરંતુ ચોથી સદીમાં માળવામાં શાસન કરતા ' ઔલિકર ' વંશનો તે હશે અને ગુપ્ત સામ્રાજ્યના ખંડિયા તરીકે આ વંશના રાજાઓ માળવામાં રાજ્ય કરતા હશે.[૬] ગુપ્ત સમ્રાટ કુમારગુપ્ત ૧લાના સમયમાં માળવાની રાજધાની દશપુર (મંદસોર)

---

૫. Prof. R D. Banerji : opp. cit.. p. 190.

६. आर सी. मजुमदार : प्राचीनभारत, पृ. २२६.

હતી, અને ત્યાં તેનો સામંત શાસક બંધુવર્મન શાસન કરતો હતો. સંભવ છે કે યશોધર્મન એ બંધુવર્મનના વંશનો (ઔલિકર વંશનો) હશે. આમ તેના પૂર્વજો માળવાના સૂબા (ખંડિયા) તરીકે કામ કરતા હશે અને વંશપરંપરાના નિયમ અનુસાર માળવાની સૂબાગીરી તેના હાથમાં આવી હોય એ બનવાજોગ છે. તેની રાજધાની દશપુર (મંદસોર) હતી.

क. ઉદય અને અસ્તનો સમય[૭] : છઠ્ઠી સદીના પ્રારંભમાં હૂણો અને વાકાટકોના (વાકાટક રાજવી હરીષેણના) હુમલાઓને લીધે ચારે તરફ ફેલાયેલી અરાજકતાનો લાભ લઈ માળવાના સામંત યશોધર્મને ગુપ્ત સામ્રાજ્યને સામે વિદ્રોહ પોકાર્યો અને માળવામાં પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. મધ્યભારતમાં ઈ. સ. ૫૨૮ સુધી પરિવ્રાજકવંશના રાજાઓ ગુપ્તોના આધિપત્ય હેઠળ રાજ્ય કરતા હતા, એટલે આ સમય પછી યશોધર્મનો ઉદય થયો હશે. ઉત્તર બંગાળના 'દામોદરપુર' નામના સ્થળેથી ઈ. સ. ૫૪૩ (ગુ. સં. ૨૨૪)ની તિથિનું કુમારગુપ્ત ત્રીજાનું એક તામ્રપત્ર મળી આવ્યું છે, જે પરથી સ્પષ્ટ થાય છે કે ઉત્તર ભારતમાં ઈ. સ. ૫૪૩ સુધી કુમારગુપ્ત ત્રીજાની સત્તા હતી, યશોધર્મનની નહીં. આ રીતે યશોધર્મનના ઉદય અને અસ્તનો સમય ઈ. સ. ૫૨૮ થી ૫૪૩ વચ્ચેનો હોઈ શકે, અને તેના એક સ્તંભલેખની તિથિ ઈ. સ. ૫૩૨ની છે, જે સમય તેની ઉન્નતિની પરાકાષ્ટા સૂચવે છે.

ड. વિજયો (જીતો) : માલવનરેશ યશોધર્મનના લશ્કરી વિજયોનું વર્ણન મંદસોરના પ્રશસ્ત સ્તંભલેખ (ઈ. સ. ૫૩૨)માં આ પ્રમાણે કરવામાં આવ્યું છે :

> **"મહાન ગુપ્ત સમ્રાટોનું પણ જે પ્રદેશો પર આધિપત્ય ન હતું અને હૂણ લોકો જ્યાં પ્રવેશ કરવાને પણ શક્તિમાન થયા ન હતા, તે બધા પ્રદેશો તેણે જીત્યા હતા. × લૌહિત્ય (બ્રહ્મપુત્રા) નદીથી મહેન્દ્રપર્વત (ઓરિસ્સામાં) સુધીના અને હિમાલયથી પશ્ચિમ સમુદ્ર સુધીના પ્રદેશોના સામંતો તેના ચરણોમાં શિર ઝૂકાવતા હતા. મિહિરગુલ, જેણે ભગવાન શિવ સિવાય કોઇની પાસે શિર નમાવ્યું ન હતું તે પણ તેના ચરણો પાસે ઝૂકી પડયો."**

ઉપરોક્ત વર્ણન પરથી યશોધર્મના લશ્કરી વિજયોનો નીચે પ્રમાણે પરિચય કરાવી શકાય.

---

૭. N. H. I. P. 204 & 215 ને આધારે.

(૧) **હૂણોનો પરાજય** : મંદસોરના પ્રશસ્તિ સ્તંભલેખ મુજબ શિવ સિવાય કોઈની પાસે માથું નહીં નમાવનાર મિહિરગુલ તેના ચરણો પાસે ઝૂકી પડયો. એટલે કે તેણે મિહિરગુલને હરાવ્યો ને તે યશોધર્મનને ખંડણી ભરતો.

(૨) **ગુપ્તનરેશનો પરાભવ** : લોહિત–પ્રદેશના વિજય પરથી ઇતિહાસકારો અનુમાન કરે છે કે તેણે ગુપ્તનરેશ (સંભવતઃ નરસિંહગુપ્ત બાલાદિત્ય) ને પરાજિત કર્યો હતો. કહેવાનું તાત્પર્ય એ છે કે ગુપ્તનરેશ થોડો સમય તેની સત્તાને અંકુશમાં મૂકી શકયો નહીં.

(૩) **વાકાટકોની હાર** : મંદસોરના સ્તંભલેખ મુજબ 'મહાન ગુપ્તસમ્રાટોનું પણ જે પ્રદેશો પર આધિપત્ય ન હતું અને હૂણો જયાં પ્રવેશ કરવાને પણ શક્તિમાન ન થયા હતા તે બધા પ્રદેશો તેણે જીત્યા હતા.' સંભવતઃ આ બધા પ્રદેશો એ વાકાટક પ્રદેશો હતા. એટલે કે તેણે વાકાટકોને હરાવીને તેમનો પ્રદેશ પડાવી લીધો હતો. ઈ. સ. ૫૪૦ સુધીમાં તો વાકાટક–સત્તા નાશ પામી ચૂકી હતી.

ɛ. સમાપન : આમ યશોધર્મનનો મંદસોર પ્રશસ્તિ સ્તંભલેખ એ સમુદ્રગુપ્તના પ્રયાગપ્રશસ્તિ સ્તંભલેખનો પ્રકાર (Type) છે, પરંતુ પ્રયાગપ્રશસ્તિમાં સમુદ્રગુપ્તે જીતેલા પ્રદેશોનો જેવો ઉલ્લેખ આવે છે તેવો ઉલ્લેખ મંદસોરપ્રશસ્તિમાં યશોધર્મને જીતેલા પ્રદેશો અંગે આવતો નથી. આમ તેણે મુખ્ય બે સત્તાઓ–ગુપ્તો અને હૂણો–ને પરાજિત કરી ઉત્તર ભારતના વિશાળ પ્રદેશ પર પોતાની સત્તા સ્થાપિત કરી હતી. તે શૈવધર્મી હતો, તેમ તેના પ્રશસ્તિ–સ્તંભલેખ પરથી સ્પષ્ટ થાય છે. તેણે 'સમ્રાટ' અને 'રાજાધિરાજ પરમેશ્વર'નાં બિરુદો ધારણ કર્યાં હતાં, પરંતુ તેણે સ્થાપેલું રાજ્ય લાંબા સમય સુધી ટકયું નહીં, તેના મૃત્યુ સાથે જ તેનો અંત આવ્યો. આ પ્રમાણે "He rose and vanished like a meteor without leaving any trace behind it."

૩. મગધના પાછલા ગુપ્તો–(ઉત્તરકાલીન ગુપ્તો)
(Later Guptas of Magadha)

अ. પ્રાસ્તાવિક : ગુપ્ત સામ્રાજ્યના પતન બાદ ઉત્તરભારતમાં ઉદય પામેલા નવા રાજવંશોમાં 'મગધના ગુપ્તવંશ'નો પણ સમાવેશ થતો હતો. મૂળ મગધના શાસકો હોવાથી આ વંશના રાજાઓ 'મગધના પાછલા ગુપ્તો'

તરીકે ઓળખાય છે. ડૉ. હોનલે (Hornle)ના મતે મગધનો ઉત્તરકાલીન ગુપ્તવંશ એ સામ્રાજ્યવાદી ગુપ્તવંશ (Imperial Gupta Dynssty)ની એક શાખા હતી. આ રાજાઓને સામ્રાજ્યવાદી ગુપ્ત સમ્રાટોથી અલગ પાડવા માટે સૌ પ્રથમ ડૉ. ફ્લીટે તેમને 'ઉત્તરકાલીન ગુપ્તસમ્રાટો' તરીકે ઓળખાવ્યા. તેમણે લગભગ ૨૦૦ વર્ષ રાજ્ય કર્યું. (૬ઠ્ઠી થી ૮મી સદી સુધી.)

ख. ઉદયસ્થાન : મગધ કે માળવા ? ઉત્તરકાલીન ગુપ્તોનો ઉદય મગધમાં કે માળવામાં થયો એ અંગે વિદ્વાનોમાં મતભેદો પ્રવર્તે છે. ડૉ. રાયચૌધરી, ડૉ. રાધાકુમુદ મુકર્જી, ડૉ. હોર્નલે, શ્રી પિયર્સ વગેરે વિદ્વાનો તેમના ઉદય-સ્થાન તરીકે 'માળવા'નો ઉલ્લેખ કરે છે, જ્યારે ડૉ. આર. ડી. બેનરજીના મતે તેઓ મૂળ મગધના શાસકો હતો એટલે તો તેમને 'મગધના ઉત્તરકાલીન ગુપ્તો' કહેવામાં આવે છે. તેમના મંતવ્યને, ડૉ. રાજબલી પાંડેય, ડૉ. વિમલચંદ્ર પાંડેય, ડૉ. બી. પી. સિંહા વગેરે વિદ્વાનો પુષ્ટિ આપે છે. આ વિવાદ-સ્પદ પ્રશ્ન પર પોતાનો અભિપ્રાય આપતાં ડૉ. **રમેશચંદ્ર મજુમદાર** જણાવે છે કે જો કે ઉત્તરકાલીન ગુપ્તોના ઉદય-સ્થાન અંગે કોઈ ચોક્કસ નિર્ણય પર આવવું અસંભવિત છે, છતાં પણ તેમને માળવા પરના આધિપત્ય સહિતના 'મગધ અને ગૌડના શાસકો તરીકે' ગણવા એ વધુ વ્યાજબી લાગે છે.[૮]

क. રાજકીય ઇતિહાસ : ' અપસદ અભિલેખ ' (ગયા જિલ્લાના) અને 'દેવબરનાર્ક ' અભિલેખ' (બિહાર)માં મગધના પાછલા ગુપ્તવંશના અનુક્રમે પ્રથમ ૮ અને લોકોના ૩ રાજાઓના નામોનો ઉલ્લેખ આવે છે, જે નીચે પ્રમાણે છે:

(૧) **કૃષ્ણગુપ્ત** :તે મગધના પાછલા ગુપ્તવંશનો સ્થાપક અને પ્રથમ રાજવી હતો. તે વિદ્વાન ને ઊંચા કુળનો હતો. તેણે અનેક દુશ્મનોનો (જેવા કે યશોધર્મન ને હૂણોનો) વિજેતા હતો, પરંતુ અપસદ અભિલેખ (કે અફસદ અભિલેખ : Aphsad Inscription)માં તેને માટે 'નૃપ'ની (એટલે કે મહારાજાની) ઉપાધિનો ઉલ્લેખ છે, જે પરથી સ્પષ્ટ થાય છે કે તે નાનો રાજા (સામંત નરેશ !) હોવાની અધિક સંભાવના છે.

(૨) **હર્ષ ગુપ્ત** – કૃષ્ણ ગુપ્ત પછી તેનો પુત્ર હર્ષગુપ્ત ગાદીએ આવ્યો તે અનેક યુદ્ધો લડયો હતાં, એમ તેની છાતી પરના શસ્ત્રોના અનેક ઘા પરથી પૂરવાર થાય છે. તેણે પોતાની બહેન હર્ષગુપ્તાનું લગ્ન મૌખરી-નરેશ

---

૮. The classical age; p. 76.

આદિત્યવર્મના સાથે કર્યું હતું, આથી આ બંને રાજવંશો વચ્ચે મૈત્રી સંબંધો થપાયા ડૉ. દાંડેકરનું અનુમાન છે કે હર્ષગુપ્ત અને ઇશ્વરવર્મન (કનોજનો મૌખરી નરેશ) ના સંયુક્ત લશ્કરે હૂણોને હરાવ્યા હતા.

(૩) **જિવિતગુપ્ત ૧લો** – હર્ષગુપ્ત પછી તેનો પુત્ર જિવિતગુપ્ત ૧લો રાજ્યધિકારી બન્યો. તેણે હિમાલયના પ્રદેશોમાં શત્રુઓને અને દ.પશ્ચિમ બંગાલના ગૌડોને હરાવ્યા. તેના સમયમાં ગુપ્તવંશ શક્તિશાળી બન્યો હતો, કેમકે તે પોતાને 'ક્ષિતિશ ચૂડામણિ' તરીકે ઓળખાવતો.

(૪) **કુમારગુપ્ત** – તે જિવિતગુપ્તનો પુત્ર ને ઉત્તરાધિકારી હતો. તેણે બંગાળના ગૌડ લોકોને હરાવ્યા હતા. આ સમયે કનોજમાં મૌખરીવંશનો નરેશ ઇશાનવર્મન રાજ્ય કરતો હતો. શરૂઆતમાં મૌખરીવંશ ઉત્તરકાલીન ગુપ્તવંશના આધિપત્ય નીચે હતો, પરંતુ જ્યારે ઇશાનવર્મને 'મહારાજાધિરાજ' નું બિરદ ધારણ કરી પોતાના વંશને સ્વતંત્ર કર્યો, ત્યારે કુમારગુપ્તે તેનો વિરોધ કર્યો. પરિણામે બંને વચ્ચે યુદ્ધ થયુ, તેમાં ઇશાનવર્મનની હાર થઇ અને તેની વધતી જતી સત્તા પર કાપ મૂકાયો. કુમારગુપ્તના રાજ્યનો વિસ્તાર મગધથી પ્રયાગ સુધી હતો. તે પ્રયાગમાં અવસાન પામ્યો હતો.

(૫) **દામોદરગુપ્ત** – કુમારગુપ્તના મૃત્યુ પછી તેનો પુત્ર દામોદરગુપ્ત ગાદીએ આવ્યો. તેના સમયમાં ગુપ્તો અને મૌખરીઓ વચ્ચેના સંઘર્ષે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું. તે મૌખરી–નરેશ સર્વવર્મનના હાથ યુદ્ધમાં માર્યો ગયો અને મગધના કેટલાક ભાગ પર મૌખરી નરેશે આધિપત્ય જમાવ્યું. દામોદરગુપ્ત ઉદાર અને દાની રાજવી હતો. તેણે બ્રાહ્મણોને અગ્રહાર દાન આપ્યાં હતાં અને તેમની કન્યાઓને આભૂષણો આપીને લગ્ન કરાવી આપ્યાં હતાં.

(૬) **મહાસેન ગુપ્ત** – દામોદરગુપ્ત પછી તેનો પુત્ર મહાસેનગુપ્ત રાજ્યનો ઉત્તરાધિકારી બન્યો. મૌખરી–નરેશના આધિપત્ય હેઠળ મગધ ચાલ્યુ જવાથી આ પ્રદેશમાં ગુપ્તોની સ્થિતિ અસ્થિર બની, તેથી મહાસેનગુપ્ત મગધ છોડીને માળવામાં આવીને રહ્યો 'હર્ષચરિત' માં પણ મહાસેનગુપ્તને માલવ–નરેશ કહ્યો છે. તેણે પોતાની બહેન મહાસેનગુપ્તાનું લગ્ન થાણેશ્વરના રાજવી આદિત્યવર્ધન (પ્રભાકર વર્ધનના પિતા અને હર્ષના પિતામહ) સાથે કર્યું – પરિણામે આ રાજવંશો વચ્ચે મૈત્રી સંબંધો બંધાયા. અને એટલે તો મહાસેનગુપ્તના બે પુત્રો કુમારગુપ્ત અને માધવગુપ્ત થાણેશ્વરના દરબારમાં ફઈબા પાસે રહેતા. પોતાની સ્થિતિ સુદૃઢ બનતાં મહાસેનગુપ્ત માળવાથી પાછો

મગધ ગયો અને ત્યાં પુનઃ આધિપત્ય જમાવ્યું. ત્યારબાદ તેણે કામરૂપ (આસામ) ના નરેશ સુસ્થિતવર્મા (ભાસ્કરવર્માના પિતા) ને હરાવ્યો.[૯]

(૭) **માધવગુપ્ત :** અપસદ અભિલેખ અનુસાર મહાસેનગુપ્ત પછી તેનો પુત્ર અને ઉત્તરાધિકારી માધવગુપ્ત ગાદીએ આવ્યો. પરંતુ હર્ષચરિત અને મધુવન અભિલેખ અનુસાર આ બન્નેની વચ્ચે દેવગુપ્ત નામનો રાજા થઈ ગયો. (ગાદીએ આવ્યો). ઇતિહાસકારો માને છે કે દેવગુપ્ત એ મહાસેનગુપ્તનો પુત્ર અને માધવગુપ્ત અને કુમારગુપ્તનો ઓરમાન મોટોભાઈ હતો. તેણે પોતાના પિતા અને ભાઈઓ વિરુદ્ધ વિદ્રોહ કરીને બળપૂર્વક માળવામાં પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. એટલે માધવગુપ્તને મગધનો રાજા માનવામાં આવે છે. અપસદ અભિલેખમાં માધવગુપ્ત સાથે તેના નામનો ઉલ્લેખ નથી આવતો, જેવી રીતે ભિટારી અભિલેખમાં સ્કંદગુપ્ત સાથે તેના ઓરમાન મોટાભાઈ પુરુગુપ્તના નામનો ઉલ્લેખ આવે છે તેમ. આમ દેવગુપ્ત એ મગધનો નહીં પરંતુ માળવાનો નરેશ હતો, એવું ડૉ. રાયચૌધરી જણાવે છે. ડૉ. દાંડેકરનું પણ કથન છે કે માળવાનો નરેશ દેવગુપ્ત એ મહાસેનગુપ્તનો જયેષ્ઠ પુત્ર હતો. અપસદ અભિલેખમાં માધવગુપ્તની વીરતાનું વર્ણન આવે છે તેણે શત્રુઓનો (સંભવતઃ પૂર્વ ભારતનાં નાનાં રાજ્યોનો) નાશ કરીને પોતાના રાજ્યનું રક્ષણ કર્યું હતું. હ્યુ-એન-ત્સાંગના વિવરણ મુજબ મગધનો શાસક માધવગુપ્ત નહીં પરંતુ હર્ષવર્ધન હતો. તો પછી ત્યાં માધવગુપ્તનું સ્વતંત્ર રાજ્ય કેવી રીતે હોઈ શકે ? એમ માનવામાં આવે છે કે શરૂઆતમાં માધવગુપ્ત હર્ષના મિત્ર તરીકે મગધમાં રાજ્ય કરતો, પરંતુ હર્ષના મૃત્યુ પછી તે સ્વતંત્ર બન્યો.

(૮) **આદિત્યસેન** – માધવસેન પછી તેનો પુત્ર આદિત્યસેન ગાદી પર બેઠો. તે ઉત્તરકાલીન ગુપ્તોમાં સૌથી પ્રતાપી રાજવી હતો. હર્ષવર્ધનના મૃત્યુ (૬૪૭) બાદ તેણે ઉત્તરભારતના વિશાળ પ્રદેશ પર શકિતશાળી રાજ્યની સ્થાપના કરી. તેના રાજ્યમાં મગધ, અંગ ને બંગાળનો સમાવેશ થતો. તેણે કરેલો અશ્વમેધયજ્ઞ એ તેના મહાન વિજયો સૂચવે છે ભટ્ટસાલીના અનુમાન મુજબ આદિત્યસેનની 'ઘોડાનું ધડ' અંકિત થયેલ કેટલીક સોનાની મુદ્રાઓ પૂર્વબંગાળમાંથી પ્રાપ્ત થઈ છે, જે તેણે કરેલા અશ્વમેધયજ્ઞને પુષ્ટિ આપે છે.

---

૯. ડૉ. ફલીટ, ડૉ. આર. ડી. બેનરજી, ડૉ. આર કે. મુકર્જી, ડૉ. રાયચૌધરી સુસ્થિતવર્માને મૌખરી નરેશ માને છે, જે સર્વવર્મનનો પુત્ર અને ઉત્તરાધિકારી હતો. પરંતુ આ મંતવ્ય વ્યાજબી નથી.

તે વૈષ્ણવધર્મી હતો. દેવબરનાર્ક અભિલેખમાં તેને 'પરમ ભાગવત' કહ્યો છે. તેણે વિષ્ણુ ભગવાનનું મંદિર પણ બંધાવ્યું હતું, તેમ છતાં ય તે અન્યધર્મો પ્રત્યે સહિષ્ણુ હતો. તેની માતા શ્રીમતિદેવીએ ધાર્મિક શિક્ષણ માટે એક મઠ બંધાવ્યો હતો. તેની પત્ની શ્રીકોણદેવીએ એક તળાવ બંધાવ્યું હતું, જેનું પાણી લોકો પીવાના ઉપયોગમાં લેતા. આમ આદિત્યસેન એક પ્રતાપી રાજવી અને વીર વિજેતા હતો એટલું જ નહીં પરંતુ પ્રજાવત્સલ રાજવી પણ હતો. ડૉ. દાંડેકરના મતે "**He was the last great Sovereign belonging to that glorious dynasty whose name will be written in letters of gold in the annals of Ancient India.**"

(૯) **આદિત્યસેન પછીના ઉત્તરકાલીન ગુપ્તનરેશો** – દેવબરનાર્ક અભિલેખના વિવરણ મુજબ આદિત્યસેન પછી **દેવગુપ્ત** રાજ્યનો માલિક બન્યો ચાલુક્ય નરેશ વિનયાદિત્યે (૬૮૧–૯૬) 'સકલોત્તરાયચનાથ' તરીકે ઓળખાતા દેવગુપ્તને હરાવ્યો હતો. તે શૈવધર્મી હતો, તેના પછી તેનો પુત્ર **વિષ્ણુગુપ્ત** ગાદીએ આવ્યો. તેણે 'પરમ ભટ્ટારક મહારાજાધિરાજ પરમેશ્વર'નું બિરુદ ધારણ કર્યું હતું. તે પણ શૈવધર્મી હતો. તેના પછી ઉત્તરાકાલીન ગુપ્તવંશનો છેલ્લો સમ્રાટ **જિવિતગુપ્ત બીજો** મગધનો માલિક બન્યો. કનોજના રાજા યશોવર્મને તેના પર આક્રમણ કરી તેનો વધ કર્યો અને તેના મૃત્યુ સાથે જ ઉત્તરાકાલીન ગુપ્તવંશનો અંત આવ્યો. (આઠમી સદીમાં).

૪. મૌખરી – વંશ (મૌખરીઓ)

अ. પ્રાસ્તાવિક : ગુપ્ત–સામ્રાજ્યના પતન બાદ જે રાજવંશોએ ઉત્તરભારતના વિભિન્ન પ્રદેશોમાં પોતાની સત્તા સ્થાપવા માટે પ્રયાસો કર્યા, તેમાં મૌખરી–વંશનો પણ સમાવેશ થતો હતો. આ વંશ ગુપ્ત–સામ્રાજ્યના પતન બાદ ૬ ઠ્ઠી સદીમાં ઉત્તર ભારતમાં એક રાજકીય સત્તા તરીકે અસ્તિત્વમાં આવ્યો, પરંતુ તે ઘણો પ્રાચીન હતો એવી પ્રતિતી થાય છે.

ब. મૌખરી–વંશની પ્રાચીનતા : મૌખરી–વંશની પ્રાચીનતા અંગેનાં પ્રમાણો પાણિનિ, પંતજલિ, સિક્કાઓ, અભિલેખો વગેરે દ્વારા પ્રાપ્ત થયાં છે.

(૧) પાણિનિના અષ્ટાધ્યાયીમાં '**મૌખર્યા**' અને પંતજલિના 'મહાભાષ્ય'માં '**મુખર**' શબ્દનો ઉલ્લેખ આવે છે, જે પરથી વિદ્વાનો

માને છે કે પાણિનિ (ઈ. પૂ. ૬ ઠ્ઠી સદી) અને પંતજલિ (ઈ. પૂ. ૧ લી સદી) ‘મૌખરી’ શબ્દથી પરિચિત હતા.

(૨) કનિંગહામને ગયામાંથી પ્રાપ્ત થયેલી માટીની એક મુદ્રા પર મૌર્યકાલીન બ્રાહ્મીલિપિમાં **‘મોખલિનમ્’** (મૌખરીઓનું) લખેલું છે, જે પરથી અવશ્ય કહી શકાય કે મૌખરી લોકો ઇ. સ. પૂર્વે ચોથી કે ત્રીજી સદીમાં પણ હયાતિ ધરાવતા હોવા જોઈએ.

(૩) ડૉ. **આલ્તેકરને** રાજપૂતાનાના ભૂતપૂર્વ કોટા રાજ્યમાંથી ઇ. સ. ૨૩૯ની તિથિના મૌખરી-વંશના ૩ અભિલેખો મળી આવ્યા છે, જેના પર ‘મહાસેનાપતિ’ (મૌખરી સેનાની) નો ઉલ્લેખ આવે છે.

(૪) શિલાઓ (વેદી સ્તંભો : Sacrificial pillars) પર કોતરાયેલા ચાર અભિલેખો પણ દર્શાવે છે કે રાજપૂતાનામાં અનેક મૌખરી કુટુંબો અસ્તિત્વ ધરાવતાં હતાં.

(૫) ભગવાનલાલ ઇંદ્રજી મૌખરીઓનો ઉદયકાળ પાંચમી સદી બતાવે છે, અને (૬) ફ્લીટ તેમનો ઉત્કર્ષકાળ છઠ્ઠી સદીનો પૂર્વાધ માને છે. આ છે મૌખરી-વંશની પ્રાચીનતા અંગેનાં પ્રમાણો.

ક. મૌખરીવંશનો આદ્યસ્થાપક : મહાભાષ્યના ટીકાકાર કૈયટ અને **વામને** રજૂ કરેલાં પ્રમાણો મુજબ મૌખરીઓ ‘મુખર’નાં સંતાનો હતાં. બાણ રચિત ‘હર્ષચરિત’માં એવો ઉલ્લેખ આવે છે કે હર્ષવર્ધનની બહેન રાજ્યશ્રીના લગ્ને પુષ્યભૂતિ અને મુખરના રાજવંશોને એક બીજા સાથે જોડી દીધા.[૧૧] પુષ્યભૂતિ તો વર્ધન-વંશનો આદ્યસ્થાપક હતો. તેથી મુખરને[૧૨] મૌખરી-વંશનો આદ્યસ્થાપક માનવો જોઈએ. હરાહા-અભિલેખ (Haraha Inscription) પરથી સ્પષ્ટ થાય છે કે મૌખરીઓ ‘અશ્વપતિ’ના સંતાનો હતાં. મનુ ભગવાન પાસેથી અશ્વપતિએ સો પુત્રો મેળવ્યા હતા, જેના વંશજો તે મૌખરીઓ.

---

૧૧. Her marriage was rightly regarded as ‘uniting the two brilliant lines of Pushpabhuti & Mukhara.’

૧૨. ડૉ. હીરાનંદ શાસ્ત્રીના મતે ‘મુખર’ શબ્દનો અર્થ ‘અગ્રણી’ (નેતા) થાય છે, તેથી તે આદ્યસ્થાપકનું ઉપનામ હશે, નામ નહીં હોય.

ક. મૌખરી–વંશનું કુળ : સૂર્યવંશી કે ચંદ્રવંશી ?

મૌખરી–વંશના રાજાઓના નામને છેડે આવતા 'વર્ધન' પરથી કહી શકાય કે તેઓ ક્ષત્રિય–વંશના હતા.

હરાહા–અભિલેખમાં મૌખરીઓના આદ્યસ્થાપક (આદિપુરુષ) 'અશ્વપતિ'નો વૈવસ્તવ (મનુ : સૂર્યવંશી)ના પુત્ર તરીકેનો ઉલ્લેખ છે. તેથી મૌખરીઓ 'સૂર્યવંશી ક્ષત્રિય' માલૂમ પડે છે.

બાણના હર્ષચરિતમાં એક કથન આવે છે કે પુષ્યભૂતિ અને મુખરના વંશોની કીર્તિ સમસ્ત સંસારમાં સૂર્ય અને ચંદ્રવંશોની જેમ ગાવામાં આવી છે. આ કથનને આધારે **શ્રી એન. રે.** અને **શ્રી સી. વી. વૈદ્ય** જણાવે છે કે પોતાની સૂર્યોપાસના અને પોતાનાં નામો (આદિત્યવર્ધન, પ્રભાકરવર્ધન, હર્ષવર્ધન)ના આધારે પુષ્યભૂતિ–વંશના રાજાઓ 'સૂર્યવંશી ક્ષત્રિય' માલૂમ પડે છે. તેથી હર્ષચરિતમાં ઉલ્લેખિત મુખર–વંશ 'ચંદ્રવંશી' હોય એવું સ્પષ્ટ થાય છે. પરંતુ બાણની ઉપરોક્ત ઉપમામાં બંને વંશોના કુળ કે જાતિનો બોધ થતો નથી. તેના કહેવાનો આશય માત્ર એ હતો કે બંને વંશો સૂર્ય અને ચંદ્રની જેમ પ્રસિદ્ધ છે.

ઉપરોક્ત ચર્ચા પરથી સ્પષ્ટ થાય છે કે મૌખરીઓ સૂર્યવંશી ક્ષત્રિય હોવા જોઈએ.

ડ. રાજકીય ઇતિહાસ : બે શાખાઓ —

*** ગયાનો મૌખરી–વંશ :** ' બરાબર ' અને ' નાગાર્જુની ' અભિલેખોના આધારે મગધમાં આવેલ ગયા પાસેની મૌખરી–વંશની શાખાના ત્રણ રાજાઓના નામ મળી આવ્યાં છે, જે નીચે પ્રમાણે છે.

(૧) **યજ્ઞવર્મન :** તે ગયાની મૌખરી–વંશનો સંસ્થાપક અને પ્રથમ રાજા હતો, જેણે કેટલાક યજ્ઞો કર્યા હતા. તેને અન્ય ક્ષત્રિય રાજાઓનો ' ઉપદેશક ' પણ કહેવામાં આવતો.

(૨) **શાર્દુલવર્મન :** તે યજ્ઞવર્મનનો પુત્ર હતો. તે અધિક શક્તિશાળી હતો. તેણે આસપાસના કેટલાક રાજાઓ સાથે યુદ્ધો કર્યાં હતાં. તેણે '**સામંતચૂડામણિ**'નું ધારણ કરેલું બિરુદ તેના પરાક્રમનો અને તેના '**સામંત–શાસક**' તરીકેના દરજ્જાનો ખ્યાલ આપે છે.

(૩) અનંતવર્મન : તે શાર્દુલવર્મનનો પુત્ર હતો. તેણે ધારણ કરેલી 'નૃપ' (રાજા)ની ઉપાધિ સૂચવે છે કે તેને મગધના ઉત્તરકાલીન ગુપ્ત-વંશની સત્તા સમક્ષ નમવું પડયું હશે.

ડૉ. **રમાશંકર ત્રિપાઠી** માને છે કે ગયાના મૌખરી-વંશના આ ત્રણ રાજાઓ મગધના ઉત્તરકાલીન-ગુપ્તસમ્રાટો સાથે લગ્નસંબંધથી જોડાયેલા (Matrimonially allied with) હતા અને તેમના આધિપત્ય હેઠળ સામંતશાસક તરીકે શાસન કરતા હતા.[૧૩] આની વિરુદ્ધ **શ્રી એન. રે.**નું મંતવ્ય છે કે ગયાના મૌખરી-વંશના રાજાઓ કનોજના મૌખરી-વંશના સામંતો હતા. બનવા જોગ છે કે ગયાના મૌખરી વંશનો ચોથો રાજા હરિવર્મન આ પ્રદેશમાં ઉત્તરકાલીન ગુપ્તો (Later Guptas)ની વધતી જતી સત્તાથી ડરી જઇ ગયા છોડીને કનોજમાં ચાલ્યો ગયો હોય અને ત્યાં જઇને તેણે નવા રાજવંશની (કનોજના મૌખરી-વંશની) સ્થાપના કરી હોય. ગમે તે હોય, એટલું તો નિશ્ચિત છે કે મૌખરી-વંશનો સ્વતંત્ર વિકાસ કનોજમાં થયો હતો.

*** કનોજનો મૌખરી-વંશ** (કનોજના મૌખરીઓ): મૌખરીવંશની આ શાખાનો ઉત્કર્ષ કનોજમાં થયો. આ વંશમાં કુલ સાત રાજાઓ થઇ ગયા. ૧. હરિવર્મન, ૨. આદિત્યવર્મન, ૩. ઇશ્વરવર્મન, ૪. ઇશાનવર્મન, ૫. સર્વવર્મન ૬. અવંતિવર્મન અને ૭. ગૃહવર્મન. પ્રથમ પાંચ રાજાઓનો 'અસીરગઢ તામ્રમુદ્રા' માં, છઠ્ઠાનો 'દેવબરનાર્ક અભિલેખ'માં અને છેલ્લાનો બાણન 'હર્ષચરિત'માં ઉલ્લેખ આવે છે.

(૧) હરિવર્મન : તે કનોજના મૌખરી-વંશનો સંસ્થાપક અને પ્રથમ રાજવી હતો. તેણે ધારેલ કરેલ 'મહારાજા'નું બિરુદ સૂચવે છે કે તે કોઈનો સામંતશાસક (સંભવતઃ ઉત્તરકાલીન ગુપ્તસમ્રાટોનો) હતો.

(૨) આદિત્યવર્મન : તે હરિવર્મનનો પુત્ર અને ઉત્તરાધિકારી હતો. તેની માતાનું નામ 'દેવીજયસ્વામિની' હતું અને રાણીનું નામ હર્ષગુપ્તા (ઉત્તરકાલીન ગુપ્તનરેશ હર્ષગુપ્તની બહેન) હતું. તે પણ 'સામંત શાસક' હતો એમ તેના 'મહારાજા'ના બિરુદ પરથી સ્પષ્ટ થાય છે. 'હરાહા અભિલેખ'માં તેણે કરેલા યજ્ઞોનો ઉલ્લેખ આવે છે.

---

૧૩. Dr. R. S. Tripathi : opp. cit., p. 289.

(૩) **ઈશ્વરવર્મન** : 'જૌનપુર–અભિલેખ'ના અધ્યયનને આધારે ડા. **મુકર્જી** નિષ્કર્ષસ્વરૂપે જણાવે છે કે ઈશ્વરવર્મને ધારાનગરી, વિંધ્યાચળ અને રૈવતક (ગિરનાર) સુધીના પ્રદેશો પર વિજય મેળવ્યો હતો. પરંતુ અસીરગઢ તામ્રમુદ્રામાં ઈશ્વરવર્મને માત્ર 'મહારાજા'નું બિરુદ ધારણ કરેલું એવો ઉલ્લેખ છે, જે પરથી સ્પષ્ટ થાય છે તે એકમાત્ર સામંત શાસક હતો, વળી ડા. ડી. સી. **સરકાર**ના મતે જૌનપુર–અભિલેખ ઈશ્વરવર્મનના વિજયોનું નહીં પરંતુ તેના ઉત્તરાધિકારી ઈશાનવર્મના વિજયોનું વર્ણન કરે છે, એટલે ડા. મુકર્જીનું ઉપરોક્ત મંતવ્ય સ્વીકારી શકાય તેમ નથી. ઈશ્વરવર્મન બ્રાહ્મણ ધર્મી હતો. અને તેણે અનેક યજ્ઞો કર્યા હતા. હરાહા અભિલેખ પરથી સ્પષ્ટ થાય છે કે તે દયાળુ, કરુણામય, સદાચારી, મહત્ત્વાકાંક્ષી, સ્વાવલંબી, સાચાબોલો અને દાનવીર હતો.

(૪) **ઈશાનવર્મન** : (૫૫૦–૭૬) ઈશ્વરવર્મન પછી તેનો પ્રતાપી પુત્ર ઈશાનવર્મન કનોજની ગાદીએ આવ્યો. તેની માતાનું નામ ઉપગુપ્તા હતું. 'હરાહા–અભિલેખ'ના વિવરણ મુજબ તેણે આંધ્રોને, શૂલિકોને અને ગૌડોને હરાવ્યા.[૧૪] પ્રારંભમાં મૌખરી–વંશ મગધના ઉત્તરકાલીન–ગુપ્તવંશના આધિપત્ય હેઠળ શાસન કરતો હતો પરંતુ ઈશાનવર્મને સૌ પ્રથમ મહારાજાધિરાજ'નું બિરુદ ધારણને પોતાના રાજવંશને સ્વતંત્ર જાહેર કર્યો, જેનો ગુપ્તનરેશ કુમારગુપ્તે વિરોધ કર્યો. પરિણામે બંને વચ્ચે યુદ્ધ થયુ, જેમાં ઈશાનવર્મનની હાર થઈ. તે બ્રાહ્મણધર્મી હતો.

(૫) **સર્વવર્મન** : (૫૭૬–૮૦) તે ઈશાનવર્મનો પુત્ર અને ઉત્તરાધિકારી હતો.[૧૫] તેની માતાનું નામ મહાદેવી લક્ષ્મીદેવી હતું. તે પ્રતાપી રાજવી હતો.

---

૧૪. તેણે અનુક્રમે વિષ્ણુકુંડિન વંશના **આંધ્રનરેશને** (કાંતો ઇન્દ્રવર્મનને, કે વિક્રમેન્દ્રવર્મનને કે માધવવર્મન બીજાવ) **ઓરિસ્સાના શૂલિકોને** (ડા. રાયચૌધરી અને ડા. મુકર્જીના મતે ચાલુક્યના શૂલિકોને) અને બંગાળના શશાંકના પૂરોગામી ગૌડનરેશ **જયનાગને** હરાવ્યા હતા.

૧૫. હરાહા અભિલેખના વિવરણ મુજબ ઇશાનવર્મનને સૂર્યવર્મન નામે એક બીજો પુત્ર પણ હતો. પરંતુ તે ગાદી પર આવ્યો હતો એવું કોઇ પ્રમાણ મળ્યું નથી. તેથી માનવામાં આવે છે કે કાંતો તે પોતાના પિતાની હયાતિ દરમિયાન જ મૃત્યુ પામેલો અથવા તો ગાદી માટે ઇશાનવર્મનના બંને પુત્રો સૂર્યવર્મન અને સર્વવર્મન વચ્ચે યુદ્ધ થયેલું, જેમાં સૂર્યવર્મન માર્યો ગયેલો.

તેણે 'મહારાજાધિરાજ'નું બિરુદ ધારણ કર્યું હતું. તેના સમયમાં મૌખરી-ગુપ્ત સંઘર્ષે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું બંને રાજવંશો વચ્ચે યુદ્ધ થયું, જેમાં ગુપ્ત-નરેશ દામોદરગુપ્ત (ઇશાનવર્મનના વિજેતા કુમારગુપ્તનો પુત્ર) યુદ્ધમાં માર્યો ગયો, અને મગધના કેટલાક ભાગ પર સર્વવર્મને આધિપત્ય સ્થાપ્યું.

(૬) **અવંતિવર્મન** : દેવબરનાર્ક અભિલેખના વિવરણ મુજબ અવંતિ-વર્મનને સર્વવર્મનનો ઉત્તરાધિકારી માનવામાં આવે છે. તેણે લગભગ ઇ. સ. ૫૮૦ થી ઇ. સ. ૬૦૦ સુધી રાજ્ય કર્યું. તે વિદ્વાનોનો આશ્રયદાતા હતો.

(૭) **ગૃહવર્મન** બાણ રચિત હર્ષચરિતના કથન મુજબ અવંતિવર્મન પછી તેનો જ્યેષ્ઠ પુત્ર ગૃહવર્મન કનોજની ગાદીએ આવ્યો. ઉત્તરકાલીન ગુપ્તવંશ અને થાણેશ્વરના વર્ધન-વંશ વચ્ચે મૈત્રીસંબંધો હતા, પરંતુ ગુપ્તવંશને મૌખરીવંશ સાથે જૂની દુશ્મનાવટ હતી. આથી જ્યારે વર્ધનવંશના સમ્રાટ પ્રભાકરવર્ધને પોતાની પુત્રી (અને હર્ષવર્ધનની બહેન)નું લગ્ન મૌખરી-નરેશ ગૃહવર્મન સાથે કર્યું, ત્યારે વર્ધન-વંશથી વિમુખ બનેલ ગુપ્તવંશે પોતાની રક્ષા કાજે ગૌડ-નરેશ શશાંક સાથે મૈત્રી બાંધી અને તક મળતાં શશાંકની મદદથી ગુપ્ત-નરેશ (હકીકતમાં તો માલવનરેશ)[૧૬] દેવગુપ્તે પોતાના દુશ્મન મૌખરી-નરેશ ગૃહવર્મન પર આક્રમણ કરીને તેને મારી નાખ્યો અને તેની રાણી રાજ્યશ્રીને કેદ કરી. ગૃહવર્મન નિઃસંતાન હોવાથી તેના મૃત્યુ પછી કનોજના મૌખરી-વંશનો અંત આવ્યો અને સમય જતાં હર્ષે કનોજને પોતાના સામ્રાજ્યમાં ભેળવી દીધું.

૬. સમાપન : આ પ્રમાણે મૌખરીવંશની ગયા શાખામાં કુલ ત્રણ રાજાઓ થઈ ગયા, જેઓ ઉત્તરકાલીન ગુપ્ત સમ્રાટોના આધિપત્ય હેઠળ સામંત શાસકો તરીકે રાજ્ય કરતા હતા, અને કનોજ શાખાના પ્રથમ ત્રણ રાજાઓ પણ ઉત્તરકાલીન ગુપ્તસમ્રાટોના સામંતો હતા. જ્યારે ચોથા રાજવી ઇશાનવર્મને ગુપ્તસમ્રાટોથી પોતાના વંશને સ્વતંત્ર જાહેર કર્યો. આના પરિણામે ઇતિહાસ પ્રસિદ્ધ 'મૌખરી-ગુપ્ત સંઘર્ષ' શરૂ થયો. આ વંશના છેલ્લા રાજા ગૃહવર્મનને ઉત્તરકાલીન ગુપ્તનરેશ દેવગુપ્તે યુદ્ધમાં મારી નાખ્યો અને એ રીતે કનોજના મૌખરી-વંશનો અંત આવ્યો. (૬૦૬) ડૉ. આર. એસ. ત્રિપાઠીએ યોગ્ય જ કહ્યું છે કે મૌખરીઓએ ઉત્તર ભારતના રાજકારણમાં લાંબા સમય સુધી મહત્ત્વનું સ્થાન ભોગવ્યું.

---

૧૬. જુઓ મગધના પાછલા ગુપ્તોમાં માધવગુપ્ત વિષેની હકીકત.

આટલું યાદ રાખીએ તો.........

૧. હુણો :

ક. હુણોનું ઉત્થાન ને પતન.........ઇતિહાસ નીચે મુજબ છે.

હૂણો મધ્યએશિયાના વતની હતા. તેમની એક શાખા ઈ. સ. ૪૨૫ માં હિંદમાં આવી.

ખિનખિબની નેતાગીરી નીચે તેમણે સ્કંદગુપ્તના સમય દરમિયાન ઉત્તર-ભારત ઉપર ચઢાઇ કરી, જેમાં તેમની હાર થઈ. તોરમાણની નેતાગીરી હેઠળ તેમણે પૂર્વમાળવા પર આક્રમણ કરી ત્યાંના ગુપ્તસમ્રાટના સામંત શાસક ધન વિષ્ણુને નમાવ્યો. મિહિરગુલની સરદારી હેઠળ તેમણે સૌ પ્રથમ માળવા પર આક્રમણ કર્યુ, પરંતુ ત્યાંના નરેશ યશોધર્મનના મૃત્યુબાદ તેણે ફરીથી મગધ પર ચઢાઈ કરી. પણ ગુપ્ત સમ્રાટ બાલાદિત્યે તેને હરાવ્યો. ત્યાંથી તેણે કાશ્મીરમાં શરણ લીધું અને કાશ્મીરના રાજાને મારી નાખી તેની ગાદી પચાવી પાડી. ત્યારબાદ તે એક વર્ષમાં મૃત્યુ પામ્યો.

ખ. હુણોના આક્રમણોની અસરો...વિવિધ ક્ષેત્રે નીચે મુજબ છે.

* **રાજકીય દૃષ્ટિએ** તેમના આક્રમણો ગુપ્તસામ્રાજ્યના પાયા હચમચાવી મૂકયા, અને દેશમાં અંધાધુંધી વ્યાપી.

* **સાંસ્કૃતિક દૃષ્ટિએ** આક્રમણે બૌદ્ધધર્મને ભારે હાનિ પહોંચી અને અનેક ઐતિહાસિક સામગ્રીનો નાશ થયો.

* **સામાજિક દૃષ્ટિએ** હૂણો ભારતીય સમાજમાં ભળી ગયા ને હિંદુ સ્ત્રીઓ સાથે લગ્નસંબંધો બાંધ્યા.

* **નૈતિક દૃષ્ટિએ** તેમના આક્રમણને લીધે ભારતવાસીઓનો નૈતિક સ્તર નીચો ગયો, તેઓ ચારિત્ર્ય ભ્રષ્ટ બન્યા ને તેમનામાં અંધશ્રદ્ધા પ્રવેશી.

૨ માલવરાજ યશોધર્મન...મંદશોર અભિલેખના વિવરણ મુજબ તે ઔલિકાર વંશનો હતો. તેના પૂર્વજો માળવાના સુબા (સામંતો) હતા. તેની રાજધાની દશપુર હતી. ગુપ્તસામ્રાજ્યના પતનનો લાભ લઈ તેણે માળવામાં સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. તે મહાન વિજેતા હતો તેણે હુણ નેતા મિહિરગુલને, ગુપ્તનરેશ બાલાદિત્યને અને વાકાટકોને હરાવ્યા હતા, તે શૈવધર્મી હતો.

---

૧૬. **Dr. R. S. Tripathi : *opp cit*, p. 288.**

૩ મગધના પાછલા ગુપ્તો – સામ્રાજ્યવાદી ગુપ્તવંશની ઉપશાખા :

ક. **ઉદયસ્થાન** – તેમનો ઉદય માળવામાં થયો એવું ડૉ. રાયચૌધરી, ડૉ. મુકર્જી વગેરે માને છે જ્યારે ઍનરજીના મતે તેઓ મૂળ મગધના શાસકો હતા.

ખ. **રાજકીય ઇતિહાસ**........ અપસદ અભિલેખમાં મગધના પાછલા ગુપ્તવંશના આઠ રાજાઓનાં નામો આ પ્રમાણે છે : (૧) કૃષ્ણગુપ્ત, (૨) હર્ષગુપ્ત, (૩) જિવિતગુપ્ત ૧ લો, (૪) કુમારગુપ્ત, (૫) દામોદરગુપ્ત, (૬) મહાસેનગુપ્ત, (૭) માધવગુપ્ત અને (૮) આદિત્યસેન.

.... દેવબરનાર્ક અભિલેખમાં

મગધના પાછલા ગુપ્તવંશના ત્રણ સમ્રાટોમાં આદિત્યસેન પછી (૧) દેવગુપ્ત બીજો, (૨) વિષ્ણુગુપ્ત અને (૩) જિવિતગુપ્ત બીજાનો સમાવેશ થતો.

૪ મૌખરીવંશ –

ક. **પ્રાચીનતા** – મૌખરીવંશની પ્રાચીનતા અંગેનાં પ્રમાણો પાણિનિ, પંતજલિ, સિક્કાઓ, અભિલેખો વગેરે દ્વારા પ્રાપ્ત થયાં છે.

ખ. **આદ્યસ્થાપક** – મુખર એ મૌખરી-વંશનો આદ્યસ્થાપક હતો.

ગ. **કુલ–કે જાતિ** – તેઓ ક્ષત્રિયવંશના અને તેમાં સૂર્યવંશી ક્ષત્રિય-કુળના હતા.

ઘ. **રાજકીય ઇતિહાસ** – મૌખરીવંશની બે શાખાઓ હતી.

* **ગયાની મૌખરી શાખા** – આ શાખામાં યજ્ઞવર્મન, શાર્દુલ-વર્મન અને અનંતવર્મન એમ ત્રણ રાજાઓ થઈ ગયા એવો ઉલ્લેખ બરાબર ને નાગાર્જુની અભિલેખમાં આવે છે. આ શાખાનો ઉત્કર્ષ મગધમાં ગયા પાસેના પ્રદેશમાં થયો હતો.

* **કનોજની મૌખરી શાખા** – આ શાખામાં (૧) હરિવર્મન, (૨) આદિત્યવર્મન, (૩) ઇશ્વરવર્મન, (૪) ઈશાનવર્મન, (૫) સર્વવર્મન, (૬) અવંતિવર્મન અને (૭) ગૃહવર્મન એમ સાત રાજાઓ થઈ ગયા. અસિરગઢ તામ્રમુદ્રામાં પ્રથમ પાંચ રાજાઓનો, દેવબરનાર્ક અભિલેખમાં ૬ ઠ્ઠાનો અને હર્ષચરિતમાં છેલ્લા રાજવી ગૃહવર્મનનો ઉલ્લેખ આવે છે.

ગુપ્ત-સામ્રાજ્યના પતન પછીનું ઉત્તરહિંદ-૨

* પ્રકરણની રૂપરેખા *

अ હર્ષ : ૧. પ્રાસ્તાવિક. ૨. હર્ષધર્મનનું પૂર્વજીવન. ૩. હર્ષના વિજયો.
૪. હર્ષના સામ્રાજ્યનો વિસ્તાર. ૫. હર્ષનું વહીવટીતંત્ર.
૬. હર્ષની ધર્મનીતિ. ૭. હર્ષ વિદ્વાનોનો આશ્રયદાતા. ૮. હર્ષનું ઇતિહાસમાં સ્થાન.

ब હર્ષકાલિન ભારત : હ્યુએનત્સાંગ અને તેને કરેલા ભારતનું વર્ણન.

क અન્ય ચીની યાત્રાળુઓ : ફાહિયાન અને ઈત્સિંગ

अ હર્ષ

૧. પ્રાસ્તાવિક – ગુપ્ત સામ્રાજ્યના પતન પછી ભારતમાં પુનઃ અંધાધૂંધી અને અવ્યવસ્થા વ્યાપી હતી. આ સમય દરમિયાન ઉત્તર ભારતમાં અનેક નાનાં મોટાં રાજ્યો વચ્ચે સ્પર્ધા અને વિગ્રહો થયાં કરતાં હતાં. આવાં રાજ્યોમાં માળવા, ગૌડ (બંગાળ) અને કનોજના રાજ્યો વધુ બળવાન હતાં. તેઓની વચ્ચે સર્વોપરિતા માટે ગજગ્રાહ ચાલતો હતો. આ સમય દરમ્યાન સતલજ અને યમુના વચ્ચેના પ્રદેશમાં આવેલા 'થાણેશ્વર' નામના નગરનો ઉદય થઈ રહ્યો હતો. આ નગરમાં હર્ષવર્ધન નામે પ્રતાપી રાજા થઈ ગયો, જેણે પોતાના બાહુબળ વડે મહાન સામ્રાજ્યની સ્થાપના કરી તેના અવસાન પછી ભારતની રાજકીય એકતા છિન્નભિન્ન થઇ ગઇ. પ્રાચીન ભારતના ઇતિહાસમાં હર્ષને "પ્રાચીન ભારતનો છેલ્લો મહાન સમ્રાટ" કહેવામાં આવે છે. ડૉ. રાધાકુમુદ મુકર્જી ઉત્તમ રાજાઓની નામાવલિમાં હર્ષનું સ્થાન પણ મૂકે છે; "જે પોતે પોતાના વિજયોની પરંપરાથી રાજાઓનો રાજા બનીને ભારતના વિશાળ ભાગમાં રાજકીય એકતા પ્રાપ્ત કરીને તેનો સર્વોપરી સમ્રાટ બન્યો."[1] વી. એ. સ્મીથ હર્ષની પ્રશંસા કરતાં જણાવે છે કે "સાતમી સદીની શરૂઆતમાં થાણેશ્વરમાં એક શક્તિશાળી રાજવી આવ્યો કે જે છ વર્ષના

૧. Dr. Radha kumud Mookerji : 'Harsha' p. 9.

ઈ.સ. ૬૦૬-૬૧૨) ટૂંકા ગાળામાં ઉત્તર ભારત તેમજ સતલજનો સ્વામી બન્યો. તેણે કનોજમાં રાજધાની સ્થિર કરી. અને પશ્ચિમમાં સૌરાષ્ટ્ર અને ગુજરાત તથા પૂર્વમાં આસામ અને બંગાળમાં પણ સર્વોપરી સત્તા સ્થાપી."[૨]

૨. હર્ષવર્ધનનું પૂર્વજીવન :

અ. પ્રાસ્તાવિક : પ્રાચીન ભારતના છેલ્લા મહાન સમ્રાટ હર્ષવર્ધનના સમયની માહિતી જાણવા માટે સારા પ્રમાણમાં સાધનસામગ્રી મળે છે, કારણ કે ૭મી સદીમાં ઇતિહાસવિષયક સામગ્રીની તાણ ન હતી. હર્ષના સમયની ઇતિહાસની માહિતીને બે વિભાગમાં વહેંચી શકાય : (૧) હર્ષના દરબારી કવિ બાણભટ્ટનું 'હર્ષચરિત' અને (૨) ચીની મુસાફર હ્યુએનત્સાંગે લખેલ વર્ણનો. આ ઉપરાંત 'રત્નાવલી', 'નાગાનન્દ', 'પ્રિયદર્શિકા' અને કાદંબરી જેવા ગ્રંથો તેમજ હર્ષના સમયના સિક્કાઓ અને શિલાલેખોમાંથી તેના સમયની માહિતી મળે છે.

બ. પૂર્વજીવન : હર્ષ થાણેશ્વરના પ્રથમ ઐતિહાસિક રાજવી પ્રભાકરવર્ધનનો નાનો પુત્ર હતો. પ્રભાકરવર્ધનને બે પુત્રો, રાજ્યવર્ધન અને હર્ષવર્ધન તથા એક પુત્રી રાજ્યશ્રી હતાં હર્ષ બાળપણથી જ પરાક્રમી અને તેજસ્વી જણાતો હતો તેના પિતાના અમલ દરમ્યાન હર્ષ પોતાના મોટાભાઈ રાજ્યવર્ધન સાથે હૂણોને પરાસ્ત કરવા માટે ગયો હતો. તે સમયે તેમના પિતાની બિમારીના સમાચાર તેઓને મળ્યા. આથી તેઓ બંને પાછા આવ્યા. પરંતુ સખત માંદગીના કારણે પ્રભાકરવર્ધનનું ઈ. સ ૬૦૫માં મૃત્યુ થયું. તેના પછી તેનો મોટો પુત્ર રાજ્યવર્ધન ગાદી પર આવ્યો. પરંતુ આ રાજવી લાંબો સમય સુધી રાજ્ય કરી શકયો નહિ. માળવાના રાજા દેવગુપ્તે કનોજ ઉપર આક્રમણ કરી ત્યાંના ગૃહવર્મનનું ખૂન કરી તેની રાણી રાજ્યશ્રીને કેદ કરી છે; એવા સમાચાર રાજ્યવર્ધનને મળ્યા કે તુરત જ બહેન રાજ્યશ્રી ઉપર થયેલા જુલમનો બદલો લેવા તેણે માળવા પર ચડાઈ કરી. માળવાના રાજાને સહેલાઈથી તેણે પરાજય આપ્યો પરંતુ ત્યાંથી પાછા ફરતાં માળવાના રાજાના સાથીદાર ગૌડ (બંગાળ)ના રાજા શશાંકે રાજ્યવર્ધનનું દગાથી ખૂન કર્યું.

મોટાભાઈ રાજ્યવર્ધનના મૃત્યુ પછી મંત્રીઓએ હર્ષને થાણેશ્વરનો રાજા બનાવ્યો. ૧૬ વર્ષની કુમળી વયે ઈ. સ. ૬૦૬માં તેનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. તેણે ૪૧ વર્ષ સુધી રાજ્ય કર્યું.

---

૨. V. A. Smith : Oxford Students History of India. p. 81.

૩. હર્ષના વિજયો : રાજ્યાભિષેક થયા પછી તુરત જ હર્ષે ભારતની રાજનૈતિક એકતા લાવવા માટે અને અરાજકતા દૂર કરવા માટે પ્રયત્નો કર્યા. સૌ પહેલાં તેણે પોતાના પર આવી પડેલી પહેલી બે જવાબદારીઓ—ગૌડના રાજવી શશાંક પાસેથી ભાઈના ખૂનનો જવાબ માગવાની અને માળવાના રાજવી દેવગુપ્ત પાસેથી બહેન રાજ્યશ્રીને મુક્ત કરવાની અને બનેવી ગૃહવર્મનના ખૂનનો જવાબ માગવાની—પૂરી કરવાનો નિર્ધાર કર્યો. ગૌડના શશાંકની સામેના યુદ્ધમાં મદદ મેળવવા હર્ષે ગૌડની સરહદે આવેલા આવેલ કામરૂપના રાજવી ભાસ્કરવર્મા સાથે મિત્રતાની સંધિ કરી. બરાબર આ સમય દરમ્યાન તેના સેનાપતિ ભંડિએ સમાચાર આપ્યા કે તેની બહેન, રાજ્યશ્રી માળવાના રાજવી દેવગુપ્તની જેલમાંથી નાસી જઈને વિંધ્યના જંગલોમાં ગઈ છે, આથી તે જંગલમાં ગયો અને તે સતી થવાની તૈયારીમાં હતી તે જ સમયે બચાવી લીધી. આ વખતે કનોજની ગાદી ખાલી હતી. કનોજના મંત્રીઓએ હર્ષને કનોજની ગાદી સ્વીકારવાની વિનંતી કરી. બાણભટ્ટ અને હ્યુએનત્સાંગ નોંધે છે કે શરૂઆતમાં તો હર્ષે કનોજની ગાદી સ્વીકારવાની અનિચ્છા દર્શાવી હતી, પરંતુ પાછળથી તેનો સ્વીકાર કર્યો હતો એક બીજા મંતવ્ય મુજબ હર્ષે પોતાની બહેન રાજ્યશ્રી સાથે સંયુક્ત રીતે કનોજનો રાજ્યવહીવટ સંભાળવાનું પોતાના શિરે લીધું હતું. પ્રારંભમાં તો તેણે 'રાજપુત્ર'નું બિરુદ ધારણ કરી પોતાની બહેન વતી અથવા કદાચ બાળપુત્રવતી શાસન કર્યું હશે. (ઈ સ. ૬૦૬) છ વર્ષની પોતાની વિજયી કારકિર્દી પછી હર્ષે ઇ. સ. ૬૧૨માં કનોજના સાર્વભૌમ રાજવી તરીકે પોતાને જાહેર કર્યો હશે, અને ત્યારથી પોતાની ગાદી થાણેશ્વરથી કનોજમાં બદલી હશે. આમ કનોજ અને થાણેશ્વરમાં તેની સત્તા સ્થપાઈ. ત્યારપછી હર્ષે ગૌડના શશાંકને હરાવવા માટે ગયો હતો. તેનું પરિણામ શું આવ્યું તે વિષેની અધિકતમ માહિતી બાણભટ્ટ કે હ્યુએનત્સાંગનાં લખાણોમાંથી મળતી નથી. હ્યુએનત્સાંગ જણાવે છે કે "હર્ષે છ વર્ષોના સતત યુદ્ધો પછી ભારતના પાંચ રાજવીઓ ઉપર જીત મેળવી પોતાના પ્રદેશનો વિસ્તાર કર્યો હતો. ત્યારપછી તેણે લશ્કરમાં ૬,૦૦૦૦નું ગજદળ અને ૧,૦૦૦૦૦નું અશ્વદળ વિસ્તારીને ત્રીસ વર્ષ સુધી શાંતિપૂર્વક રાજ્ય કર્યું હતું." પરંતુ હર્ષે શશાંકને હરાવ્યો કે નહિ તે વિષેની માહિતી મળતી નથી. તે સમયના ગંજમ જિલ્લાના એક સામંતના લેખ ઉપરથી કહી શકાય એમ છે કે ઈ. સ. ૬૧૯ સુધી શશાંક અણનમ રહ્યો હશે જ. કારણકે તે સામંત તેને પોતાના સર્વોપરી તરીકે સ્વીકારે છે. પરંતુ હર્ષે ઉત્તર હિંદમાં કેટલાક રાજવીઓ સાથે યુદ્ધો કરીને એક મજબૂત સામ્રાજ્યની સ્થાપના કરી હશે તેમાં કોઈ શંકા નથી. તેણે નીચેની

સત્તાઓ સાથે સંઘર્ષ થયો હશે.

(૧) વલ્લભી અને ગુર્જર રાજવીઓ (૨) ચાલુક્ય રાજવી પુલકેશી બીજો (૩) સિંધુના રાજવીઓ અને (૪) પૂર્વના દેશો ગૌડ, મગધ અને ગંજમના રાજવીઓ.

(૧) હર્ષે ગુજરાતમાં આવેલા વલભીના રાજવી ધ્રુવસેન બીજા સાથે લડાઈ કરી હતી તેમાં તેને જીત મળી હતી કે કેમ તે શંકાસ્પદ છે. આ યુદ્ધ પછી હર્ષે પોતાની પુત્રી ધ્રુવસેન ૨ જા સાથે પરણાવી. આ ઉપરથી એમ લાગે છે કે પશ્ચિમ પ્રદેશના આ બળવાન રાજવી સાથે મિત્રતા બાંધી આજુબાજુના પ્રદેશો પર પોતાની સત્તા મજબૂત બનાવવાની હર્ષની યોજના હશે.

(૨) કેટલાક વિદ્વાનોના મંતવ્ય મુજબ વલ્લભી પરની ચઢાઈ દરમિયાન હર્ષને લાટ, ભરૂચ અને માળવાના સામંતો સાથે યુદ્ધમાં ઉતરવું પડયું હશે. કેટલાકનું માનવું એવું છે કે આ સામંતો દક્ષિણના રાજા પુલકેશી બીજાના સામંતો હતા. આ રાજવીઓ સાથે પુલકેશી બીજાને સારા સંબંધો હતા. પરિણામે હર્ષે આ સામંતો સાથે ચડાઈ કરી પુલકેશી બીજાનો રોષ વહોરી લીધો હતો. કેટલાકના મંતવ્ય મુજબ હર્ષ અને પુલકેશીની સીમા પર લાટ, માળવા અને ભરૂચનાં રાજ્યો આવેલાં હતાં, એટલે હર્ષની આ ચડાઈ પુલકેશી સહી જ ન લે, તે સ્પષ્ટ હતું. આથી હર્ષ અને પુલકેશી વચ્ચે યુદ્ધ અનિવાર્ય બન્યું હતું. આ બંને ઉત્તર અને દક્ષિણની મહાન સત્તાઓ વચ્ચે ક્યાં યુદ્ધ થયું હશે અને ચડાઈ કરવાની પહેલ કોણે કરી હશે, તે વિષે ઇતિહાસકારોમાં મતમતાંતરો છે. હ્યુએનત્સાંગ જણાવે છે કે, "હર્ષ અન્ય બધા પ્રદેશો જીતવામાં સફળ થયો, પરંતુ પુલકેશી બીજાને હરાવી શક્યો નહિ." આ ઉપરથી એમ માની શકાય કે હર્ષે યુદ્ધની શરૂઆત કરી હશે અને તેમાં તેને હાર મળી હશે. હર્ષનો આ પરાજય નિર્ણયાત્મક હશે કે કેમ તે સ્પષ્ટ નથી તેમ છતાં પુલકેશીના વારસદારો તેની આ સફળતાને મહાન સિદ્ધિ લેખે છે અને સગર્વ નોંધે છે કે, "ઉત્તરપ્રદેશના યુદ્ધખોર સ્વામી હર્ષવર્ધનને મહાત કરીને પુલકેશી બીજાએ 'પરમેશ્વર'નો ઇલ્કાબ ધારણ કર્યો હતો," તે પરથી એમ મનાય છે કે પુલકેશીએ હર્ષને પરાજય આપ્યો હતો.

(૩) બાણ જણાવે છે કે હર્ષે સિંધના પ્રદેશના રાજવીને હરાવીને તેનું ધન પચાવી પાડયું હતું. હ્યુએનત્સાંગ નોંધે છે કે જ્યારે તેણે સિંધની મુલાકાત લીધી ત્યારે સિંધ પ્રદેશ સ્વતંત્ર અને બળવાન રાજ્ય હતું. આ સાબિત કરે છે કે હર્ષને સિંધમાં સફળતા નહીં મળી હોય.

(૪) હર્ષે તેના રાજ્ય અમલનાં પાછલાં વર્ષોમાં પુનઃ પૂર્વ ભારત પર આક્રમણ કર્યું હતું. માધવગુપ્તના શિલાલેખ પરથી જાણવા મળે છે કે મગધ ઉપર હર્ષનું આધિપત્ય હતું. તે મગધ જીતીને પશ્ચિમ બંગાળના ગંજમ સુધી પોતાના લશ્કરને લઈ ગયો હતો.

(૫) કાશ્મીર કે નેપાળ પર હર્ષે વિજય મેળવ્યો હશે એમ માનવામાં આવે છે.

૪. હર્ષના સામ્રાજ્યનો વિસ્તાર : હર્ષ તેના આ બધા વિજયોને પરિણામે થાણેશ્વરના એક નાનકડા રાજ્યમાંથી સમગ્ર ઉત્તરભારતના સામ્રાજ્યનો સમ્રાટ બન્યો. હર્ષના સામ્રાજ્યનો વિસ્તાર કેટલો હશે તે વિષે ઇતિહાસકારોમાં મતમતાંતરો છે. ડૉ. મજુમદારનું માનવું એવું છે કે ઇતિહાસકારોએ હ્યુએનત્સાંગ અને બાણભટ્ટની નોંધોના આધારે હર્ષને "પ્રાચીન ભારતનો છેલ્લો મહાન સમ્રાટ" કહીને અતિશયોક્તિ કરી છે. વાસ્તવિક રીતે તે સમગ્ર ઉત્તર હિંદનો સમ્રાટ હતો જ નહિ. હાલના પૂર્વ પંજાબ, ઉત્તરપ્રદેશ, બિહાર, ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળના પ્રાંતોનો હર્ષના સામ્રાજ્યમાં સમાવેશ થતો હતો. બાકીના કાશ્મીર, પશ્ચિમ પંજાબ, સિંધ, રાજપુતાના, ગુજરાત, નેપાળ અને કામરૂપ રાજ્યો હર્ષના સામ્રાજ્યની બહાર હતા, તે રાજ્યો સ્વતંત્ર હતા. તેમ છતાં એ પણ એટલું જ સત્ય છે કે આ બધાં રાજ્યનાં રાજવીઓએ હર્ષનું આધિપત્ય એક યા બીજા કારણે સ્વીકાર્યું હતું. કાશ્મીરના રાજવીને બુદ્ધના દાંતના અવશેષો સુપ્રત કરી દેવાની હર્ષે ફરજ પાડી હતી. એક હકીકત એવી છે કે હર્ષના પ્રભાવથી કાશ્મીર, સિંધ, વલભી અને કામરૂપના રાજાઓ બીતા હતા. કામરૂપનો રાજવી ભાસ્કરવર્મા હર્ષનો મિત્ર હતો છતાં તે હર્ષથી ડરતો હતો અને તેની ઇચ્છા વિરુદ્ધ તે ચીની મુસાફર હ્યુએનત્સાંગને સહિ-સલામત રીતે હિંદની સરહદ સુધી પહોંચાડવાની સુવિધા કરવાનું કાર્ય સોંપ્યું હતું, અને તે ભાર તેણે ઉપાડી લીધો હતો. આ બધા રાજ્યો હર્ષનું એક યા બીજી રીતે આધિપત્ય સ્વીકારતાં હતાં. એટલું તો સ્પષ્ટ થાય છે કે હર્ષના લશ્કરો ઉત્તરે હિમાલયની પર્વતમાળાથી દક્ષિણે છેક નર્મદા નદી સુધી અને પૂર્વમાં ગંજમથી પશ્ચિમે વલ્લભી સુધી. લગભગ સમસ્ત ઉત્તર ભારત ઉપર ફરી વળ્યાં હતાં. દક્ષિણના ચાલુકયોના લેખપત્રો પરથી જાણવા મળે છે કે તેઓ હર્ષને "ઉત્તરાપદનો સ્વામી" ગણતા હતા. ડૉ. રાધાકુમુદ મુકરજીએ જણાવ્યું છે કે હર્ષની આણ તથા કીર્તિ સારાયે ઉત્તર હિંદુસ્તાનમાં છેક

ચીનની સરહદ સુધી પ્રસરી હતી." હર્ષે તેના શાસનકાળના અંતિમ વર્ષો ધર્મપાલન તથા સાહિત્ય અને કલાનું સેવન કરવામાં પસાર કર્યા. આમ ૪૧ વર્ષ સુધી શાસન કરી ઈ. સ. ૬૪૭માં હર્ષ અવસાન પામ્યો. તેના મૃત્યુ બાદ તેનું વિશાળ સામ્રાજ્ય છિન્નભિન્ન થઈ ગયું.

૫. હર્ષનું વહીવટીતંત્ર (શાસનતંત્ર) : હર્ષ વિજેતા હોવા ઉપરાંત તે એક કુશળ વહીવટકાર પણ હતો. હર્ષની શાસનપ્રણાલી કંઈક અંશે ગુપ્ત સમ્રાટોની રાજ્યવ્યવસ્થાને મળતી આવે છે. ચીની મુસાફર હયુએનત્સાંગના લખાણો ઉપરથી અને બાણની નોંધો ઉપરથી હર્ષના સમયની શાસનવ્યવસ્થાની માહિતી મળે છે.

૧. **કેન્દ્રીય સરકાર** (કેન્દ્રીય વહીવટીતંત્ર) :

(ક) કેંદ્રમાં રાજા સર્વોપરી હતો. પરંતુ તે આપખુદ ન હતો. તે પોતાના મંત્રીમંડળની સલાહ લઈને કાર્ય કરતો. હર્ષની એકહથ્થુ સત્તા હતી, છતાં તે એક ઉદાર રાજા હતો. તેનું શાસન પણ ઉદાર હતું. પ્રજાકલ્યાણ એ તેનું મુખ્ય ધ્યેય હતું. ચીની મુસાફર હયુએનત્સાંગે હર્ષના વહીવટીતંત્રના ખૂબ જ વખાણ કર્યાં છે. તે જણાવે છે કે "હર્ષ વહીવટમાં ન્યાયી અને ફરજ પાલનના કાર્યમાં નિયમિત હતો સારાં કાર્યો કરવામાં તો તે નિંદ્રા કે ભોજનને પણ ભૂલી જતો......તેણે દિવસના ત્રણ વિભાગો પાડયા હતા; એક વિભાગ શાસનવ્યવસ્થા માટે અને બે વિભાગો ધર્મકાર્યો માટે. કામ કરવાથી તે કદી થાકતો ન હતો. અને પ્રવૃત્તિઓ માટે દિવસ તેને ઘણો ટૂંકો લાગતો હતો," ચોમાસાના ત્રણ મહિનાઓ સિવાય આખા રાજ્યમાં પ્રવાસ કરતો અને રાજ્યનો વહીવટ વ્યવસ્થિત ચાલે છે કે નહિ તેની જાતે તપાસ કરતો. હયુએનત્સાંગ પોતે જ ગંગા નદી ઉતરતાં લુંટાયો હતો, તેવી ફરિયાદ કરે છે. તો આ ઉપરથી એમ પણ લાગે છે કે ગુપ્તોની માફક તેના રાજ્યમાં તે સંપૂર્ણ સલામતી ને શાંતિ લાવી શકયો નહિ હોય. છતાં તે હર્ષના વહીવટીતંત્રની પ્રશંસા કરે જ છે. તેના જણાવ્યા મુજબ "હર્ષના રાજ્યમાં ગુનેગારો અને લુંટારાઓ ઘણા ઓછા પ્રમાણમાં હતા, જ્યારે તેઓ કાયદાનો ભંગ કરતા ત્યારે તેમને યોગ્ય સજા કરવામાં આવતી. પરંતુ દેહાંતદંડની શિક્ષા કરવામાં આવતી નહિ."

(ખ) **મંત્રી પરિષદ** – હર્ષને મહત્ત્વના કાર્યોમાં મદદ કરવા માટે મંત્રીપરિષદ હતી, જે વહીવટીતંત્રનું મોટાભાગનું કામકાજ સંભાળતી. કેન્દ્રીય

શાસનમાં ઘણા વિભાગો હતા. દરેક વિભાગ માટે મંત્રીઓની નિમણૂંક કરવામાં આવતી હતી, પોતે પોતાના વિભાગની દેખરેખ રાખતા અને રાજાને તે સંબંધી સલાહ આપતા. દરેક મંત્રીના હાથ નીચે ઘણા મદદનીશો રહેતા કે જેથી તે પોતાના વિભાગનો સારો વહીવટ કરી શકતો. હ્યુએનત્સાંગે લખ્યું છે કે "હર્ષનું શાસન આધિકારીઓ દ્વારા ચાલતું હતું. તે વખતે પુરોહિત, સેનાપતિ, સંધિવિગ્રહક, દૂતક પ્રતિહાર વગેરે અધિકારીઓ શાસનવ્યવસ્થાનાં કાર્યોનું સંચાલન કરતા હતા."

(૨) પ્રાંતીય વહીવટ – (પ્રાંતિય સરકાર) હર્ષનું સામ્રાજ્ય ઘણું જ વિશાળ હતું. આથી વહીવટી સુગમતા ખાતર સમગ્ર સામ્રાજ્યને અનેક પ્રાંતોમાં વહેંચી નાખવામાં આવ્યું હતું. આ પ્રાંતોને 'ભુક્તિ' અથવા 'પ્રદેશ' કહેતા હતા. કૌશામ્બી. શ્રાવસ્તી (ઔંધ) હિરછત્ર (રોહિલખંડ) વગેરે અનેક પ્રાંતો હતા. દરેક પ્રાંતોમાં રાજા તરફથી અધિકારી નિમાતો. તે પ્રાંતનો વહીવટ કરતો હતો તે 'ગોપ્તા' અથવા 'ભોગપતિ' કહેવાતો પ્રાંતિય શાસનવ્યવસ્થા અવ્યવસ્થિત હતી.

(૩) પ્રાદેશિક વહીવટ – પ્રાંતોને ' વિષયો ' માં વહેંચી નાખવામાં આવ્યા હતા. વિષયોનો અધિકારી 'વિષયપતિ' કહેવાતો. વિષયોનું વિભાજન 'પથકો' માં કરવામાં આવ્યું હતું. દરેક 'પથકો' માં કેટલાંય ગામડાં હતાં. ગામડાંનો વહીવટ ગામડાના વડા મારફતે ચાલતો, તે ' ગ્રામઅક્ષપટલિક ' નામે ઓળખાતો. એવું માલુમ પડે છે કે ગામડામાં ગ્રામપંચાયત પણ હશે. પ્રાદેશિક વહીવટ કંઈક અંશે ગુપ્તકાલના પ્રાદેશિક વહીવટને મળતો આવે છે. પ્રાદેશિક વહીવટ કેવી રીતે ચાલતો હતો, તેની વિશેષ માહિતી ઉપલબ્ધ નથી. ગામડાં અને નગરોનો વહીવટ 'શૌલ્કિક' 'ગૌલ્મિક' 'લેખક' 'કારણિન' 'અક્ષપટલિક' વગેરે અધિકારીઓ મારફતે ચાલતો હશે એવો ઉલ્લેખ છે.

(૪) લશ્કરી વ્યવસ્થા – હર્ષે અરાજકતા દૂર કરવા માટે અને તેના વિશાળ સામ્રાજ્યના સંરક્ષણ માટે એક શક્તિશાળી સૈન્ય રાખ્યું હતું. આ સૈન્યમાં ગજદળ, અશ્વદળ અને પાયદળ એવા ત્રણ વિભાગો હતા. ચીની મુસાફર હ્યુએનત્સાંગની નોંધ પરથી જાણવા મળે છે કે હર્ષના સૈન્યમાં શરૂઆતમાં ૫૦૦૦ પાયદળ, ૨૦૦૦ હયદળ અને ૫૦૦૦ યુદ્ધના હાથીઓ હતા. હર્ષે સામ્રાજ્યનો વિસ્તાર કર્યા પછી તેના સૈન્યમાં ૬૦,૦૦૦ હાથીઓ અને ૧,૦૦૦૦૦ ઘોડેસવારોનું દળ વધાર્યું હતું. આખી સેનાનો સર્વોચ્ચ ઉપરી

અધિકારી 'મહાસેનાપતિ' કહેવાતો હતો. સેનાના દરેક વિભાગના અધિકારીઓ જુદા જુદા હતા. આમ હર્ષની સેના શક્તિશાળી અને સુવ્યસ્થિત હતી.

(૫) ન્યાયવ્યવસ્થા – હર્ષના સમયની ન્યાયવ્યવસ્થા ઉત્તમ કોટિની હતી. આ ન્યાયવ્યવસ્થાના વિભાગના અધિકારીઓ 'મીમાંસક' કહેવાતા હતા. શિક્ષાના નિયમો ઘણા જ કડક હતા. રાજદ્રોહ કરનાર અધિકારીઓને આજીવન કારાવાસ ભોગવવો પડતો હતો. સમાજ વિરૂદ્ધ આચરણ કરનારા અને વ્યભિ-ચારી વ્યક્તિઓના અંગો કાપી નાખવામાં આવતા હતા.

(૬) મહેસૂલી વ્યવસ્થા (કરવેરા) – હ્યુએનત્સાંગ કહે છે કે હર્ષના સમયમાં કરવેરા ઘણા હળવા હતા. ખેડૂતોને ઉપજનો ૧/૬ ભાગ મહેસૂલ તરીકે સરકારને આપવો પડતો હતો. વેપારીઓને માલ પર જકાત અને વેચાણવેરો આપવો પડતો હતો. હ્યુએનત્સાંગના કથન મુજબ મહેસૂલી આવકમાંથી ખર્ચની વ્યવસ્થા કરવામાં આવી હતી. એક ભાગ સરકારી ખર્ચ પેટે બીજો ભાગ મંત્રીઓ અને અધિકારીઓના ખર્ચ માટે; ત્રીજો ભાગ વિદ્વાન વ્યક્તિઓને ઉત્તેજન આપવા માટે; અને ચોથો ભાગ વિવિધ ધર્મો અને પંથોના દાન માટે. આ પ્રમાણેની મહેસૂલી આવકનો ઉપયોગ સરકાર પ્રજાકલ્યાણકારી કાર્યોમાં કરતી હતી.

(૭) પ્રજાકલ્યાણનાં કાર્યો : હર્ષ અશોકની માફક પ્રજાકલ્યાણકારી ભાવનાવાળો હતો. પ્રજાના કલ્યાણ માટે તે હંમેશાં તત્પર રહેતો. પ્રજાહિત તેના હૈયે વસ્યું હતું. ગરીબ અને માંદાઓને મદદ કરવા માટે તેણે ઘણી જાહેર હિતકારી સંસ્થાઓ સ્થાપી હતી. તેણે દેશમાં સ્થળે સ્થળે વિશ્રામગૃહો, ઔષધાલયો, શાળાઓ અને રસ્તાઓ બંધાવ્યા હતા.

ઉપર્યુક્ત ચર્ચા ઉપરથી એ ફલિત થાય છે કે હર્ષની શાસનવ્યવસ્થા આધુનિક વહીવટી પ્રથાનાં તત્ત્વો ધરાવતી હતી.

૬. હર્ષની ધર્મનીતિ : હર્ષ એક ધર્મપ્રિય સમ્રાટ હતો. હ્યુએન-ત્સાંગની નોંધો ઉપરથી જાણવા મળે છે કે હર્ષ બૌદ્ધ ધર્મનો ઉપાસક હતો. જ્યારે તેના શિલાલેખો અને સિક્કાઓ ઉપરથી માલુમ પડે છે કે તેના પૂર્વજોની માફક તે પણ શૈવધર્મી હતો. "હર્ષના રાજ્ય અમલના ૨૫મા વર્ષે એટલે કે ઈ. સ. ૬૩૧માં લખાયેલા અભિલેખમાં તે પોતાની જાતને શિવના

ઉપાસક તરીકે વર્ણવે છે."[3] કે. એમ. પાણિકર જણાવે છે કે, "હર્ષ દરરોજ પાંચસો બ્રાહ્મણો અને એક હજાર બૌદ્ધભિક્ષુકોને એક સાથે ભોજન કરાવતો હતો. અને રાજા જે ઉત્સવો ઉજવતો તે પ્રસંગે બુદ્ધની સાથે શિવ અને વિષ્ણુની પૂજા પણ શ્રદ્ધાપૂર્વક કરવામાં આવતી હતી."[4] આ ઉપરથી એમ લાગે છે કે હર્ષ બૌદ્ધધર્મના મહાયાન સંપ્રદાયનો અનુયાયી હોવા છતાં તે હિંદુધર્મમાં પણ અખૂટ શ્રદ્ધા ધરાવતો હતો. તેનો ભાઈ રાજ્યવર્ધન અને તેની બહેન રાજ્યશ્રી બુદ્ધના પૂજકો હતા. આ અસરને લઈને હર્ષને તેની પાછલી જિંદગીમાં બૌદ્ધધર્મ પ્રત્યે આકર્ષણ પેદા થયું હોય અથવા તો ચીની યાત્રી હ્યુએનત્સાંગનો પ્રભાવ તેના પર પડયો હોય એમ લાગે છે. તેણે સર્વજન હિતાર્થે તેના સામ્રાજ્યમાં ઠેરઠેર ધર્મશાળાઓ અને ઔષધાલયો બંધાવ્યાં હતાં. તેણે પ્રાણીઓની હિંસા કરવાની મનાઈ ફરમાવી હતી. ગંગા નદીને કિનારે હજારો બૌદ્ધધર્મના સ્તૂપો બંધાવ્યા હતા. બૌદ્ધ મઠો પણ બંધાવ્યા હતા. ધર્મને લગતી ચર્ચાવિચારણા કરવા માટે તે દર વર્ષે બૌદ્ધ-ધર્મના વિદ્વાન પંડિતોની પરિષદ બોલાવતો. ચર્ચામાં સફળતા પ્રાપ્ત કરનારને પુરસ્કાર મળતો હતો. હર્ષ બૌદ્ધધર્મ પાળતો હતો તેમ છતાં દરેક ધર્મ પ્રત્યે તે સમભાવ રાખતો હતો. મૌર્ય સમ્રાટ અશોકની માફક તેની ધર્મનીતિ ભેદભાવ વગરની હતી. સર્વ ધર્મપંથોના લોકોને દાન આપવા માટે તેણે રાજ્યની આવકનો અમુક ભાગ અલગ રાખ્યો હતો. તે પોતે માનતો હતો કે મનુષ્યે નીતિમય જીવન જીવવું જોઈએ. તેની પ્રજા નીતિમય જીવન જીવે, એ જાતનો તે ખાસ આગ્રહ રાખતો હતો.

હ્યુએનત્સાંગે, હર્ષ દર પાંચ વર્ષે પ્રયાગમાં દાનોત્સવનો મોટો ઉત્સવ યોજતો હતો, તેનું અતિશયોક્તિભર્યું વર્ણન કર્યું છે. આ સમયે હર્ષ ગરીબો અને અન્ય ધર્મના પંડિતોને દાન આપતો હતો.

હ્યુએનસાંગના લખાણ ઉપરથી એમ લાગે છે કે તે પોતે બૌદ્ધધર્મનો અનુયાયી હતો એટલે તેના વર્ણનમાં બૌદ્ધધર્મી તરફી વલણ દેખાઈ આવે તે સ્વાભાવિક છે. હર્ષે હ્યુએનત્સાંગના માનમાં કનોજમાં બોલાવેલી ધર્મસભાના વર્ણનમાં તથા બુદ્ધની સુવર્ણમુર્તિના પૂજનવિધિમાં તેણે ચુસ્ત બૌદ્ધધર્મી

---

૩ Dr. B. G. Gokhle. Ancient India : History and culture p. 47.

૪. के. एम. पाणिवर : भारतीय इतिहासका सर्वेक्षण । पा. ८०

આલેખ્યો છે, તેમાં અતિશયોકિત દેખા દે છે. આ ઉપરાંત પ્રયાગના પંચવર્ષીય મહોત્સવના આલેખનમાં પણ અતિશયોકિત જણાય છે. હર્ષ બૌદ્ધધર્મના મહાયાનપંથી બૌદ્ધ સાધુઓને દાન આપતો હતો એટલું જ નહિ પણ અન્ય ધર્મના લોકો તથા ગરીબોને પણ દાન આપતો હતો—આ વસ્તુ સાબિત કરે કરે છે કે હર્ષ સર્વધર્મસમભાવી હતો.

૭. હર્ષ—વિદ્વાનોનો આશ્રયદાતા : હર્ષ પોતે જ વિદ્વાન હતો અને તે વિદ્વાનોની કદર કરતો હતો. હ્યુએનત્સાંગના મંતવ્ય મુજબ હર્ષ પોતાની મહેસૂલી આવકનો ચોથો ભાગ વિદ્વાનોને ઉત્તેજન આપવા અર્થે ખર્ચતો. 'રત્નાવલિ'. 'પ્રિયદર્શિકા' અને 'નાગાનંદ' નામનાં સુંદર નાટકો તેણે રચ્યાં હતાં. તેણે એક સંસ્કૃત વ્યાકરણ લખ્યું હતું. કવિ 'બાણભટ્ટ અને કવિ, 'મયૂર' તેના સમયના મહાન વિદ્વાનો હતા. કવિ બાણભટ્ટે 'હર્ષચરિત' ને 'કાદંબરી' જેવા મહત્ત્વના ગ્રંથો રચ્યા હતા. મયૂરે 'મયૂરશતક' નામનો કાવ્યગ્રંથ રચ્યો હતો. આ ઉપરાંત સૌરાષ્ટ્રનો વતની 'જયસેન' અને 'હરિદત્ત' તેના દરબારમાં વિદ્વાનો હતા. જયસેન શબ્દવિદ્યા, 'યોગશાસ્ત્ર', 'ચારવેદો', 'જ્યોતિષ, 'વૈદક', 'ભૂગોળ', 'જાદુ', 'ગણિત' વગેરે વિષયોનું સારું જ્ઞાન ધરાવતો હતો. આથી તેની વિદ્વતાથી આકર્ષાઈને હર્ષે તેને ઓરિસ્સાના વિસ્તારમાં આવેલાં ૮૦ ગામડાંઓની આવક બક્ષિસ તરીકે આપવાની દરખાસ્ત કરેલી, પરંતુ તેણે તે સ્વીકારવાની નમ્રતાપૂર્વક ના પાડી હતી. હર્ષના દરબારમાં રહેલા કવિઓએ બુદ્ધના પૂર્વાવતાર વિષે (જાતકો) લગભગ ૫૦૦ જેટલા કાવ્યો રચ્યાં હતાં. આ કાવ્યોનો સંગ્રહ 'જાતકમાલા' નામે ગ્રંથમાં હર્ષે પ્રસિદ્ધ કરાવ્યો. હર્ષના સમયમાં નાલંદા વિદ્યાપીઠ વધુ ને વધુ આગળ આવતી જતી હતી. દેશવિદેશના ખ્યાતનામ વિદ્યાર્થીઓ અહીં અભ્યાસાર્થે આવતા હતા. હર્ષને શિક્ષણના પ્રચારનો ઘણો શોખ હતો તે ઉચ્ચકક્ષાના વિદ્વાનો અને કલાકારોને પુરસ્કાર પણ આપતો હતો.

૮ હર્ષનું ઇતિહાસમાં સ્થાન—મહત્ત્વ (સિદ્ધિઓનું મૂલ્યાંકન) — હર્ષ પ્રાચીન ભારતના ઇતિહાસમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તેને ઇતિહાસકારોએ "પ્રાચીન હિંદુસ્તાનનો છેલ્લો મહાન રાજવી કહીને બિરદાવ્યો છે, હર્ષની સિદ્ધિઓ, વ્યકિતત્ત્વ અને ચારિત્ર્યની ઇતિહાસકારોએ ખૂબ જ પ્રશંસા કરી છે.

તે **અદ્વિતીય સામ્રાજ્ય—નિર્માતા** હતો. તેણે તેના થાણેશ્વર જેવા નાના એવા રાજ્યને વિજયો દ્વારા વિશાળ સામ્રાજ્યમાં ફેરવી નાખ્યું અને સમસ્ત ઉત્તર ભારતનો સમ્રાટ બની ગયો. હર્ષ છેલ્લો હિંદુ સમ્રાટ હતો, જેણે સંપૂર્ણ

ઉત્તર ભારત પર રાજ્ય કર્યું. તેના પછી કોઈ ભારતીય રાજા આવા મોટા સામ્રાજ્યનો સ્વામી બની શક્યો નથી. આવડા મોટા સામ્રાજ્યનું નિર્માણ કરીને તેણે દેશમાં સુંદર શાસન સ્થાપિત કર્યું.

તે અશોક જેવો પવિત્ર અને સમુદ્રગુપ્તના જેવા મહાન સેનાપતિ હતો.

તે કુશળ વ્યવસ્થાપક અને વહીવટકર્તા હતો. તેના શાસનમાં રાજવીઓના મહાન આદર્શ, ઉચ્ચકોટિની સૈન્યવ્યવસ્થા, પ્રશંસાપાત્ર ન્યાયવ્યવસ્થા અદ્ભુત પ્રજાપ્રેમ તથા ઉત્તમ પ્રકારની કર્તવ્યપરાયણતાના દર્શન થાય છે. તે તેના યુગનો એક મહાન શાસક અને પ્રતિભાસંપન્ન સમ્રાટ હતો.

તે પ્રજાપાલક અને પ્રજાપ્રેમી રાજવી હતો. મૌર્ય સમ્રાટ અશોકની માફક હર્ષ પ્રજાનો શુભચિંતક અને ઉદાર પ્રકૃતિનો સમ્રાટ હતો. તે સ્વયં સતત પરિભ્રમણ કરીને પોતાની પ્રજાનું નિરીક્ષણ કરતો અને તેમની મુશ્કેલીઓ દૂર કરવા પ્રયત્નશીલ રહેતો. તે ગરીબોને દાન આપતો હતો.

તે શાંતિચાહક રાજવી હતો, તે નીતિમય અને સદાચારભર્યું જીવન જીવવામાં માનતો હતો અને તેની પ્રજા પણ તે પ્રકારનું જીવન જીવે એ જોવા તે હંમેશાં આતુર રહેતો હતો.

તે વિદ્યાપ્રેમી રાજવી હતો. વિદ્વાનોનો આદર કરતો હતો, તેમને ઉત્તેજન આપતો હતો. તેણે રચેલાં ત્રણ નાટકો તેના સાહિત્યશોખનો પુરાવો છે. તેનો દરબાર વિદ્વાનોથી ભરપૂર રહેતો હતો. બાણ અને 'મયૂર' તેના દરબારના મુખ્ય કવિઓ હતાં. બાણે 'હર્ષચરિત' અને 'કાદમ્બરી' નામના ગ્રંથો લખ્યા હતાં. તેના સમયમાં નાલંદા વિદ્યાપીઠ કીર્તિની ટોચે પહોંચી હતી.

તે ધર્મસહિષ્ણુ સમ્રાટ હતો. તેના રાજ્યમાં દરેક ધર્મને સરખું માન મળતું હતું. અશોકની જેમ હર્ષે પણ સર્વધર્મ પ્રત્યે સમભાવની દૃષ્ટિ રાખીને ધર્મસુધારણા કરી હતી. તેણે બધા ધર્મના લોકો માટે વિશ્રામગૃહો અને દવાખાનાં બંધાવ્યાં હતાં.

તે એક આદર્શ રાજવી હતો. તે સર્વોપરિતામાં માનતો હોવા છતાં તેણે ઉપકારક અને લોકહિતકારક રાજાશાહીનો આદર્શ પૂરો પાડયો

હતો. તે માનતો હતો કે પ્રજાકલ્યાણથી અધિક કોઈ કર્તવ્ય નથી. તે પ્રજાના હિતના કાર્યો માટે હંમેશાં સજાગ રહેતો.

તે ચિત્રકળા, સ્થાપત્ય અને સંગીતનો શોખીન હતો. તેણે ઘણા સ્તૂપો, બૌદ્ધ મઠો અને વિશ્રામસ્થાનો બંધાવ્યા હતા. તેણે કેટલીય મૂર્તિઓ પણ તૈયાર કરાવી હતી.

ડૉ. રાધાકુમુદ મુકર્જી હર્ષની પ્રશંસા કરતાં વર્ણવે છે કે, "હર્ષના ચરિત્રમાં એકી સાથે સમુદ્રગુપ્ત અને અશોક બંનેના ગુણોનો સમન્વય સધાયો હતો." પરંતુ ડૉ. કનૈયાલાલ મુનશી અને ડૉ. આર. સી. મજુમદાર જેવા વિદ્વાનો હર્ષને "પ્રાચીન હિન્દુસ્તાનનો છેલ્લો મહાન રાજવી" તરીકે માનવા સંમત થતા નથી. તેઓ જણાવે છે કે, "હર્ષનું સામ્રાજ્ય તેની અગાઉના ગુપ્તોના સામ્રાજ્ય જેટલું વિસ્તૃત ન હતું, કે તેના અનુગામી પ્રતિહારોના સામ્રાજ્ય જેવડું વિશાળ પણ ન હતું; એ જ પ્રમાણે તે પોતાની પાછળ વિશાળ સામ્રાજ્ય પણ મૂકી ગયો નથી." ડૉ. કનૈયાલાલ મુનશી બીજો એક મુદ્દો ટાંકે છે કે, "હર્ષે વિજયો મેળવ્યા, ભવ્ય ઉત્સવો યોજ્યા, પુષ્કળ પ્રમાણમાં દાનો આપ્યા; વળી તેનું ચારિત્ર્ય ઉચ્ચ કોટિનું હતું તેમ છતાં તે એવો કોઈ વારસ મૂકતો ન ગયો, કે જે તેણે રચેલી પરંપરાને સાચવી શકે. અને તેથી જ તેણે રચેલી મહેલાત તેના મૃત્યુ પછી ભાંગીને ભુક્કો થઈ ગઈ......... જ્યાં ગુપ્ત સામ્રાજ્યનો સર્જક ચંદ્રગુપ્ત પહેલો સફળતાને વર્યો, ત્યાં હર્ષ નિષ્ફળ નીવડયો; તેના કાર્યને આગળ ધપાવે એવી પરંપરાનું સર્જન કરવા તે અશક્તિમાન નીવડયો." ડૉ. મજુમદાર અને ડૉ. મુનશીની આ ટીકા કંઈક અંશે વ્યાજબી હશે, તેમ છતાં તેણે જે વિકટ પરિસ્થિતિમાં સામ્રાજ્યની સ્થાપના કરી તેનો વિચાર કરી હર્ષનું મૂલ્યાંકન કરીએ તો તેની હિંદના એક મહાન રાજવી તરીકે ગણના થઈ શકે. હર્ષના મૃત્યુ સાથે તેણે સ્થાપેલ વિશાળ સામ્રાજ્ય છિન્નભિન્ન થઈ ગયું, તે માટે તે સમયની વિકટ પરિસ્થિતિ વધુ પડતી જવાબદાર ગણાય. શ્રી રાયચૌધરી "હર્ષને પ્રાચીન ભારતના સૌથી મહાન સમ્રાટોમાંનો એક" લેખે છે. સોળ વર્ષની કુમળી વયે થાણેશ્વર અને કનોજનાં છિન્નભિન્ન થયેલા રાજ્યોની ધૂરાવહન કરવાનું કાર્ય તેના શિરે આવ્યું હતું, આ મુશ્કેલ કાર્ય તેણે પાર પાડયું, અને સમગ્ર ઉત્તર ભારતમાં કેન્દ્રીય સત્તાની ધાક બેસાડી અને સાથે સાથે તેના તરફ માનની ભાવના ઊભી કરી, તે જ તેની સફળતાનો ઉત્તમ પુરાવો છે. વિદ્વાનોએ હર્ષને તેની ઉદાર અને સહિષ્ણુ ધાર્મિકનીતિ માટે અને લોકકલ્યાણની

ભાવના માટે 'મહાન અશોક' સાથે સરખાવવાનો પ્રયાસ કર્યો છે. એક ઇતિહાસકાર તો હર્ષને "હિંદુ યુગનો અકબર" તરીકે લેખે છે, તે યોગ્ય જ છે. હર્ષમાં પવિત્ર અશોક અને બહાદુર સમ્રાટ સમુદ્રગુપ્તના બધા ગુણોનો સમન્વય સધાયેલો હતો, જેથી તેને 'મહાન હર્ષ' એવું બિરુદ મળ્યું. પ્રાચીન ભારતના આ મહાન છેલ્લા સમ્રાટનું ઈ. સ. ૬૪૭માં મૃત્યુ થયું.

બ હર્ષકાલીન ભારત :

પ્રાસ્તાવિક : હર્ષના સમયમાં ચીની યાત્રાળુ હ્યુએનત્સાંગ ભગવાન બુદ્ધના પવિત્ર સ્થળોની યાત્રા કરવા આવ્યો હતો. તેને પગે ચાલીને ભારતના સમાજનું દર્શન કર્યું હતું. પરિણામે તેણે હર્ષના સમયના હિંદનું સુંદર વર્ણન કર્યું છે. જે ઉપરથી આપણને હર્ષકાલિન ભારતનો ખ્યાલ આવે છે. આ માટે આ યાત્રાળુ અને તેને કરેલાં વર્ણનો આપણે વિગતવાર જોઈશું.

હ્યુએનત્સાંગ અને તેણે કરેલા ભારતનું વર્ણન :

(૧) જીવન અને પ્રવાસ : હ્યુએનત્સાંગ એક ચીની યાત્રાળુ હતો. તેણે ઈ. સ. ૬૩૦ થી ૬૪૪ની વચ્ચે ભારતમાં યાત્રા કરી. તેણે 'યાત્રિઓમાં રાજકુમાર' અને 'નીતિનો પંડિત' તેમજ 'વર્તમાન શાકયમુની' કહેવામાં આવ્યો છે.[૧] વીસ વર્ષની ઉંમરે તે ભિક્ષુક બની ગયો હતો. અને ઓગણત્રીસ વર્ષની ઉંમરે તે ભારતની યાત્રા કરવા નીકળ્યો હતો. તારકંદ, સમરકંદ, અને બલ્ખ થઈને તે ઈ. સ. ૬૩૦માં ગાંધાર પહોંચ્યો. ત્યાંથી તે કાશ્મિર ગયો. અહીં તે બે વર્ષ રહ્યો. તે પંજાબમાં પણ આવ્યો અને બુદ્ધના જીવનના સંબંધિત સ્થળો—જેમાં કપિલવસ્તુ, બનારસ, ગયા અને કુશીનગરની યાત્રા કરી. નાલંદા વિદ્યાપીઠમાં તે ઘણો સમય રહ્યો. કામરૂપના રાજા કુમાર અને કનોજના હર્ષે તેને આમંત્રણ આપ્યું. આથી તેણે દક્ષિણ અને પશ્ચિમ ભારતની યાત્રા કરી. અને લગભગ સારાયે ભારતમાં પ્રવાસ કર્યો. ઈ. સ. ૬૪૪માં તે સ્વદેશ પાછો ફર્યો. સાથે તે બુદ્ધના અનેક અવશેષો, મૂર્તિઓ અને ૬૫૭ પુસ્તકો[૨] પોતાની સાથે લઈ ગયો. પોતાના અંતિમ જીવનમાં તેને ભારતની યાત્રાના પુસ્તકો લખ્યા અને અનુવાદ કર્યા. તેણે તત્કાલિન ભારતની રાજકીય, સામાજીક, ધાર્મિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિ વિષે કરેલી નોંધ ઉપર હર્ષકાલિન ભારતની સ્થિતિ જાણી શકાય છે. જો કે તે બૌદ્ધધર્મી હોવાથી તેનું લક્ષ્ય

---

૧. Ancient India : V. Mahajan page 495.

૨. " " page "

બૌદ્ધધર્મની પરિસ્થિતિ ઉપર વધુ કેન્દ્રીત થયેલું છે. છતાં તેનું અવલોકન મહદ્ અંશે તટસ્થભાવે લખાયેલું છે. આથી ભારતનું કરેલું વર્ણન યથાર્થ અને વાસ્તવિક માલુમ પડે છે. તેણે આ બધી વિગત પોતાના પુસ્તક 'સી–યુ–કી'માં લખી છે.

(૨) હ્યુએનત્સાંગે કરેલું હર્ષના સમયના ભારતનું વર્ણન :

રાજ્યવ્યવસ્થા : તે લખે છે કે 'સરકારીતંત્ર ઉદાર સિધ્ધાંતો ઉપર રચાયું હોવાથી કાર્યવાહી ઘણી સરળ હતી. રાજ્યતંત્રની યોજના લોકકલ્યાણના પાયા ઉપર કરેલી હોવાથી કારોબારીતંત્ર સાદું હતું. પત્રકોમાં કુટુંબોનાં નામો ચઢાવાતાં નથી. લોકો પાસે વેઠ કરાવાતી નથી. રાજાની જમીનને ચાર હિસ્સામાં વહેંચી નાખવામાં આવી છે. પહેલામાંથી રાજ્યનો કારભાર ચલાવાય છે. બીજામાંથી પ્રધાનો અને બીજા અમલદારોને પગાર અપાય છે. ત્રીજામાંથી વિદ્વાનો તેમજ પંડિતોને ઈનામો અપાય છે. જ્યારે ચોથામાંથી સંતસાધુ અને ધર્માચાર્યોને દાન અપાય છે. આમ હોવાથી લોકો ઉપર કરવેરાનો બોજો બહુ નથી અને તેમની પાસેથી સેવાની આશા પણ મામૂલી રખાય છે. દરેક તેની દુનિયાદારીની વસ્તુઓનો શાંતિથી ઉપભોગ કરે છે. અને પોતાના નિર્વાહ માટે જમીન ખેડે છે. તેઓની પેદાશમાંથી છઠ્ઠો ભાગ રાજાનો હિસ્સો ગણોત પેટે આપે છે. જે વેપારીઓ વેપારધંધામાં રોકાયેલા છે, તેઓ વખતોવખત કામ માટે એક જગાએથી બીજી જગાએ મુસાફરી કર્યા કરે છે. નદીઓ કે જકાતનાકાં જે મુસાફરો નજીવો વેરો ભરે તેને માટે ખુલ્લાં છે. જ્યારે કોઈ જાહેર બાંધકામ માટે મજૂરી કે વેઠ કરાવાય છે ત્યારે તેની કિંમત પણ ચૂકવાય છે. અને રોજી, કરેલા કામના પ્રમાણમાં અપાય છે.

વળી તે આગળ નોંધે છે કે "અપરાધ અને વિદ્રોહ પ્રમાણમાં ઘણા ઓછા છે જો કાયદાનો ભંગ કરવામાં આવે છે તો અપરાધીને શોધી કાઢવામાં આવે છે. અને તેને ગુન્હા પ્રમાણે સજા કરવામાં આવે છે. શારીરિક સજા કરવામાં નથી આવતી. તેને મનુષ્યમાં ગણવામાં નથી આવતો. જો નૈતિક નિયમોનું વ્યક્તિ પાલન નથી કરતી તેમજ પિતૃભક્તિમાં બેદરકારી દાખવે છે તો તેના કાન અને નાક કાપી નાખવામાં આવે છે. અને તેને મૃત્યુ સુધી જંગલમાં ભટકવા શહેરમાંથી કાઢી મૂકવામાં આવે છે. આ સિવાય નાના અપરાધો માટે દંડ કરવામાં આવે છે. જો વ્યક્તિ સત્ય બોલીને ગુન્હો કબૂલે છે, તો તેની સજા ઘટાડવામાં આવે છે. પરંતુ તે જુઠ્ઠુ બોલે છે તો કડક સજા કરવામાં આવે છે."

આમ રાજ્યવ્યવસ્થા મજબૂત અને વ્યવસ્થિત હતી. સમ્રાટ પોતે રાજ્યનો પ્રાણ હતો. તે સતત કાર્યશીલ રહેતો. અને રાજ્યમાં સંપૂર્ણ શાંતિ જળવાય, તેમજ લોકો સુખી થાય તે માટે હંમેશાં જાગૃત રહેતો. હર્ષ વિશે આ બાબતમાં હ્યુએનત્સાંગ લખે છે કે "વહીવટની બાબતમાં હર્ષ સંપૂર્ણ કાર્યક્ષમ હતો. તે ન્યાયી હતો અને ફરજપાલનમાં નિયમિત હતો. સદ્‌કાર્યો કરવામાં તે નિદ્રા કે ભોજનને પણ ભૂલી જતો. વર્ષનો ઘણો સમય યાત્રામાં વ્યતિત કરતો હતો. દિવસના તેણે ત્રણ ભાગ પાડયા હતા. તેમાંનો એક ભાગ રાજ્યના કાર્યો માટે તથા બે ભાગ ધાર્મિક કાર્યો માટે રાખ્યા હતા. કામ કરવામાં તેને જરાપણ થાક લાગતો નહિ અને દિવસ તેને માટે ટૂંકો પડતો.

લશ્કર વિશેની માહિતી પણ એટલી જ રસપ્રદ છે. "રાત્રે તેઓ મહેલમાં ચોકીપહેરો કરે છે. ભરતી જાહેરમાં કરવામાં આવે છે. લશ્કરના ચાર વિભાગ છે. પાયદળ, હયદળ, રથદળ અને ગજદળ. સેનાપતિ ચાર ઘોડા જોડેલા રથમાં અંગરક્ષકોથી ચારે બાજુ વીંટળાઈને નીકળે છે. હાથીઓ બખ્તર પહેરાવેલા છે. લશ્કરી આગેકૂચમાં આગલા ભાગમાં હયદળથી રક્ષિત રહે છે."

આમ હર્ષના સમયમાં ભારતની રાજ્યવ્યવસ્થા ઘણી સંગીન, કાર્યક્ષમ, વ્યવસ્થિત અને મજબૂત હતી, તેનો ખ્યાલ આ વર્ણનો ઉપરથી આવે છે.

(૨) સમાજજીવન :—

હર્ષકાલીન સમયના સમાજજીવનનું હ્યુએનત્સાંગે ઝીણવટભર્યું અને રસીક વર્ણન કર્યું છે. લોકોના નીતિનાં ધોરણો, તેમના પ્રમાણિક જીવન, વર્તનમાં ચોખ્ખાઈ, સમાજમાં વિવિધવર્ગો વચ્ચે ભ્રાતૃભાવ અને સાદાઈ વગેરેમાં તેને ઘણાં વર્ણનો કર્યાં છે. તે લખે છે કે, "તેઓ સાદી પ્રકૃતિના હોવા છતાંયે સ્વમાની અને પ્રામાણિક છે. પૈસાની બાબતમાં તેઓ ચોખ્ખા છે. ન્યાય આપવામાં તેઓ સમભાવી છે. પૂનર્જન્મની બીકથી આ જન્મનાં કાર્યો તેઓ કંઈક ક્ષુલ્લક રીતે કરે છે. તેમની વર્તણૂકમાં તેઓ છેતરપીંડી કે કપટ આચરતા નથી. તેઓ તેમની પ્રતિજ્ઞાઓ અને વચનોને વફાદાર રહે છે. તેઓ રાજ્યવહીવટની બાબતમાં સદાચારી છે, જ્યારે તેમના આચરણમાં તેટલું જ વિનમ્રપણું અને મીઠાશ છે. ગુનાખોરો તેમજ બળવાખોરોની સંખ્યા ઘણી ઓછી છે, અને તેઓ કયારેક જ ત્રાસદાયક બને છે."

તેમનાં ઘરેણાં અને શોખ બાબતમાં તે લખે છે કે, "રાજા તથા ઉચ્ચ વ્યકિતઓનાં આભૂષણ અસાધારણ હતાં. કિંમતી પથ્થરો અને હાર તેમનાં આભૂષણ છે. તેમનાં શરીર વીંટીઓ, બંગડીઓ, અને માળાઓથી સુસજ્જ જોવા મળે છે. જો કે લોકો કપડાં સાદાં પહેરતા હતા, પરંતુ ઘરેણાંના ખૂબ શોખીન હતા."

જાતિપ્રથા બાબતમાં તે લખે છે કે, "જાતિપ્રથાએ હિંદુસમાજને બાંધી રાખ્યો છે. બ્રાહ્મણો ધર્મ–કર્મ કરતા, ક્ષત્રિયો શાસક હતા, રાજા લગભગ ક્ષત્રિય રહેતો. વૈશ્યો વેપારી હતા. ક્ષુદ્રો ખેતી તેમજ લોકોની નોકરી કરતા. ક્ષત્રિય અને બ્રાહ્મણ ઐશ્વર્યપૂર્ણ જીવન જીવતા. ધનિક વ્યાપારીઓ સોનાની વસ્તુઓનો વેપાર કરતા. સર્વ લોકો પોતાના વાળ બાંધે છે, દાંતો ઉપર લાલ અથવા કાળા નિશાન કરે છે, અને કાનોમાં છિદ્ર કરે છે. શારીરિક સફાઈનું તેઓ ખૂબ ધ્યાન રાખતા."

ખોરાક બાબતમાં તે લખે છે કે, "જમ્યા પહેલાં તેઓ મોં ધોતા. પછી જ જમતા. જમ્યા પછી વધેલી વસ્તુઓ પછી ફરીથી કદી ખાતા નહીં. જમ્યા પછી લાકડાના અને માટીના વાસણોનો નાશ કરી નાખતા. ધાતુના વાસણોને સાફ કરી દેતા. જમ્યા પછી હાથ અને મોં ધોઈ લેતા હતા."

લગ્નોની બાબતમાં તે લખે છે કે "આંતરજ્ઞાતિય લગ્નો થતા ન હતા. એકજ જ્ઞાતિમાં વિવિધ વર્ગોમાં પણ લગ્નો ભાગ્યે જ થતાં, ભોજન તથા વિવાહની દૃષ્ટિએ વિવિધ જાતિઓમાં કેટલાંક નિયંત્રણો હતાં. પરંતુ તેમાં સામાજીક આચાર વિચાર અને વ્યવહારની રીતે આ નિયંત્રણો બાધકરૂપ ન હતાં. પર્દાની પ્રથા પણ હતી."

લોકોના રીતરિવાજ અને આચાર બાબતમાં લખે છે કે "શબને બાળવામાં આવતું. અથવા નદીમાં કે જંગલમાં ફેંકી દેવામાં આવે છે. વૃદ્ધ માણસો ઘણી વખત ગંગા નદીમાં દેહવિસર્જન કરે છે...ખોરાકમાં ઘઉંની રોટલી, ખાંડ, ઘી, દૂધ, મુખ્ય છે. માછલી તથા માંસ પણ ખાય છે. લસણ અને ડુંગળી ખાવા પર પ્રતિબંધ છે....સમાજમાં વિદ્યાની ઉપાસના કરનારનું ઘણું માન છે. શિષ્યનું ૩૦ વર્ષે ભણતર પુરૂં થાય છે. તેઓ પોતાનું કાર્ય સંભાળવા જાય ત્યારે પહેલું કાર્ય ગુરુની કૃપાનો બદલો વાળવાનું કરે છે. ગૃહસ્થાશ્રમી જીવનમાં સુખવૈભવ માણવાના હોય છે. પરંતુ ધાર્મિક જીવનમાં

જ્ઞાન પ્રાપ્ત કરવાનું હોય છે, અને એક વખત ધાર્મિક જીવન સ્વીકાર્યા પછી ફરી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો તે ઘણું શરમજનક ગણાય છે,...લોકો ઘણા આદરસત્કારી છે. પોતાનો પૂજ્યભાવ પ્રદર્શીત કરવા તેઓ પ્રાર્થનાઓ કરતા. માથું નમાવતા, હાથ જોડતા, દંડવત્ પ્રણામ અને પરિક્રમા કરતા હતા. પછી સ્તુતિ કે પ્રશંસાનાં વાક્યો બોલવાનો રિવાજ હતો. મોટા પુરૂષો નાના માણસોને આશિર્વાદ આપતા...પોશાકમાં તેઓ સળંગ વસ્ત્રો પહેરતા. તે કાપવા કે સિવવામાં આવતાં નહિ. સફેદ રંગના વસ્ત્રો લોકો ખૂબ પસંદ કરતા. પુરૂષો કમ્મરની નીચેના ભાગમાં વસ્ત્ર વીંટતા અને ઉપરના ભાગમાં આખું જ વસ્ત્ર ઓઢતા, સ્ત્રીઓ લાંબાં એવી રીતે કપડાં પહેરતી કે ખભાનો ભાગ પણ દેખાય નહિ. કપડાં કરતાં ફુલો અને ઘરેણાંના વધુ શોખીન હતા.

"મનોરંજનમાં તેઓ શેતરંજ રમતા. મેળા ભરાતા. જાદુગરોની જાદુ-વિદ્યા ખૂબ પ્રચલિત હતી. મદારી અને નટ ગામડાઓમાં મનોરંજન આપતા. નાટકો પણ થતાં. સંગીતકળા, ચિત્રકળા, વગેરેના લોકો શોખીન હતા. રંગ-શાળાઓ હતી અને વસંતોત્સવ માનવામાં આવતો."

રહેઠાણોની બાબતમાં લખે છે કે નગરોમાં પૈસાદાર લોકો રહેતા. નગરો અને ગામડાઓને ચારે તરફ દિવાલો બાંધવામાં આવતી. શેરીઓ અને રસ્તાઓ વાંકાચૂંકા હતા. ભૂલભૂલામણીવાળા હતા. રસ્તાઓની બંને બાજુ દુકાનો હતી. કાછીઆ, માછીમારો, નૃત્યકરનારાઓ, ઝાડુ વાળનારાઓ વગેરે ગામની બહાર રહેતા, મકાનો તેઓ માટીની ઈંટોના બનાવતા. અને એને ચૂનાથી ધોળતા, મકાન ઉપર સુંદર લીપી લખતા અને ચિત્રો દોરતા.

સ્ત્રીઓની સ્થિતિની બાબતમાં બહુપત્ની વિવાહ પ્રચલિત હતો. તેમની ખરાબ દશા હતી. સ્ત્રીઓને માત્ર વિલાસનું સાધન માનવામાં આવતું. ઉચ્ચવર્ણની સ્ત્રીઓ ઘરે શિક્ષણ પણ લેતી. છતાં દરેક વર્ગમાં પડદા પ્રથા હતી, અને સતી થવાનો રિવાજ પ્રચલિત હતો.

આમ હ્યુએનત્સાંગના વર્ણનથી તત્કાલિન સમાજનું સ્પષ્ટ ચિત્ર આપણી સમક્ષ રજૂ થાય છે.

ધાર્મિકજીવન :

આ સમયમાં બ્રાહ્મણધર્મ, બૌદ્ધધર્મ, અને જૈનધર્મ—ત્રણેયે ધર્મો પ્રચલિત હતા. તેમાં જૈનધર્મનું લગભગ પતન થઈ ગયું હતું. માત્ર વૈશાલી

અને સમતટમાં દિગંબર જૈનધર્મ થોડેક અંશે ટક્યો હતો. તેવી જ રીતનું સ્થાન બ્રાહ્મણધર્મનું હતું. પરંતુ કાશી, પ્રયાગ, વગેરે પ્રદેશોમાં આ ધર્મનું વર્ચસ્વ હતું. જ્યારે બૌદ્ધધર્મ આ સમયમાં ખૂબ પ્રચારમાં આવ્યો હતો. માત્ર વૈશાલી અને કોશલમાં તેની પડતી થઈ હતી. બાકીના સર્વ ભારતમાં તે ઘણો પ્રચલિત હતો, જો કે હ્યુએનત્સાંગના લખાણ ઉપરથી લાગે છે કે આ સમયથી બૌદ્ધધર્મની પડતીની શરૂઆત થઈ રહી હતી. બૌદ્ધધર્મમાં વાદવિવાદ વધી ગયા હતા, અને તેનું તત્ત્વજ્ઞાન જુદા જુદા અઢાર મતમતાંતરમાં વહેંચાઈ ગયું હતું. આ બધી શાખાઓ વચ્ચે હંમેશાં નાની નાની બાબતોમાં ઝગડા થયા કરતા. હ્યુએનત્સાંગ નોંધે છે કે "વિનયના ભંગ માટે બૌદ્ધસંઘે શિક્ષાના ક્રમ નક્કી કર્યા હતા. જો ગુનો નાનો હોય તો ઠપકો આપવામાં આવતો. તેના કરતાં વધારે ગંભીર ગુનો હોય તો સંઘના સભ્યો સાથે વાતચીત કરવાની મનાઈ કરવામાં આવતી, અને અતિ ગંભીર હોય તો તેને સંઘ બહાર હાંકી કાઢવામાં આવતો. સંઘથી તિરસ્કૃત થયેલ સાધુ ભટકી ભટકીને મરતો. અથવા પોતાના પૂર્વસંસારમાં ફરી દાખલ થતો." આમ ધર્મમાં વધુ શિષ્ટ અને વ્યવસ્થા હતી. છતાં મતમતાંતરો આ સમયમાં ઉગ્ર બન્યા હતા.

શિક્ષણપ્રથા : "શિક્ષણ તે સમયે ઘણુંખરું ધાર્મિક હતું, અને વિહારોમાં તેમજ પાઠશાળાઓમાં તે અપાતું હતું. સૌથી વધારે વેદો પ્રચલિત હતા. અને તેને મૌખિક કરવામાં આવતા. તેને કાગળ કે પત્તાઓ ઉપર લખવામાં નહોતા આવતા, તે સમયે પ્રચલિત લીપી બ્રાહ્મી હતી. સંસ્કૃત વિદ્વાનોની ભાષા હતી, સંસ્કૃત વ્યાકરણનું ઘણું મહત્ત્વ હતું."

શિક્ષણપ્રથાથી હ્યુએનત્સાંગ ઘણો પ્રભાવિત થયો હતો. તેના તે ભારોભાર વખાણ કરતાં આગળ લખે છે કે "શિક્ષણ નવ વર્ષની ઉંમરથી આપવાનું શરૂ કરાતું તે ત્રીસ વર્ષે પુરું થતું. પાઠશાળામાં વ્યાકરણ, શિલ્પ, વૈદક, ન્યાય, તત્ત્વજ્ઞાન એમ અનેકવિધ વિષયોનું શિક્ષણ આપવામાં આવતું. જ્યારે શિષ્ય ત્રીસ વર્ષનો થાય ત્યારે તેની બુદ્ધિ સ્થિર થઈ હોવાથી શિક્ષણ સંપૂર્ણ થતાં તે ગૃહસ્થાશ્રમી જીવનમાં પ્રવેશતો. શિષ્ય ગુરુ પત્યે બહુ માનથી જોતા. અને તેમની કૃપા મેળવવા ભાગ્યે જ તક ચૂકતા" વળી તે લખે છે કે "ભારતમાં કેટલાયે લોકો એવા છે કે જે સારુંયે જીવન શિક્ષણપ્રાપ્ત કરવામાં વ્યકિત કરે છે, લોકોનો વિદ્યાપ્રેમ ઘણો હતો. બધા જ ભિક્ષુઓ અને સાધુઓ શિક્ષણમાં શિક્ષકનું કામ કરતા. પ્રાથમિક શિક્ષણ પણ બહોળા પ્રમાણમાં ફેલાયેલું છે."

હ્યુએનત્સાંગે ભારતમાં નાલંદા વિદ્યાપીઠમાં પાંચ વર્ષ સુધી અભ્યાસ કર્યો હતો. અને ન્યાયના આચાર્યની ઉપાધિ મેળવી હતી. છેવટે તે આ વિદ્યાપીઠનો ઉપાચાર્ય પણ બન્યો હતો. આ વિદ્યાપીઠનું તેને વિસ્તૃત વર્ણન કર્યું છે. જ્ઞાનગોષ્ઠિ બાબતમાં તે લખે છે કે "જ્યારે કોઈ વ્યકિત વિદ્વાન તરીકે પ્રસિદ્ધિ મેળવે છે ત્યારે વિચારગોષ્ઠિ (Assembly of discussion) માટે સંમેલન યોજવામાં આવે છે. જેમાં તે પોતાની વિશિષ્ટ શોધ અને ગહન ચિંતનથી અને દલીલો દ્વારા વિશિષ્ટતા પ્રાપ્ત કરી લે તો તેને કિંમતી ઘરેણાથી શણગારેલ હાથી ઉપર બેસાડી વિહાર સુધી સરઘાસાકારે લઈ જવામાં આવતો અને જો તે હારી જાય તો તેના ઉપર માટી લગાડી ખાડામાં ફેંકી દેવામાં આવતો."

આમ હર્ષના સમયમાં શિક્ષણપ્રથા ઘણી વખાણવાલાયક હતી. અને આથી જ તે સમયે બાણ, બ્રહ્મભટ્ટ, દશકથાવિદ્યાધર, નાગાનંદ જેવા અનેક વિદ્વાનો થઈ ગયા જેમની અનેક કૃતિઓ પ્રચલિત છે.

(क) પ્રાચીન ભારતની મુલાકાતે આવેલ અન્ય બે ચીની યાત્રાળુઓ–ફાહિયાન અને ઇત્સિંગ :—

હ્યુએનત્સાંગના ૨૦૦ વર્ષ પહેલાં ફાહિયાન ભારતમાં આવ્યો હતો, જ્યારે ઇત્સિંગ તેના પછી લગભગ ત્રીસ વર્ષે ભારતમાં દરિયાઈ રસ્તે આવ્યો હતો. હ્યુએનત્સાંગની માફક આ બંને યાત્રાળુઓએ પણ તત્કાલિન ભારતનું વર્ણન કરેલું છે. ભારતના ઇતિહાસની ખુટતી કડીઓ સાંધવામાં તે રીતે આ ચીની યાત્રાળુઓના વર્ણન ઇતિહાસકારોને ઘણા ઉપયોગી થઈ પડયા છે. મુસાફરીમાં જાતે નિરીક્ષેલું અને અનુભવેલું વર્ણન હોવાથી તે ઘણું વિશ્વાસપાત્ર થઈ પડયું છે.

ફાહિયાન :—

ભારતની મુલાકાત લેનાર આ સૌ પ્રથમ ચીની યાત્રિક હતો. તે ગુપ્તસમ્રાટ ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યના સમયમાં ભારતમાં આવ્યો હતો. તેનો સમય ઈ. સ. ૩૯૯ થી ૪૧૪ નો માનવામાં આવે છે. તે મૂળ ચીનના ચાંગ-ગાનનો હતો, બૌધ્ધધર્મથી આકર્ષાઈને તે ભારતમાં આવ્યો હતો, આથી બૌધ્ધધર્મના ગ્રંથોનું અધ્યયન કરવા, બૌધ્ધ તીર્થધામોની યાત્રા કરવા તે ઈ. સ. ૩૯૯માં ચીનમાંથી ભારત આવવા નીકળ્યો. તેને જમીન માર્ગે ભારત આવતાં કુલ ૬ વર્ષ લાગ્યાં. છ વર્ષ આમ તેનાં પ્રવાસમાં, છ વર્ષ હિંદમાં

અભ્યાસ કરવામાં અને ત્રણ વર્ષ હિંદમા બૌધ્ધગ્રંથોની નકલ કરવામાં ગાળ્યાં. અંતે પંદર વર્ષે ઈ. સ. ૪૧૪માં તે ચીન પાછો ફર્યો.

મધ્ય એશિયામાં થઈ, તાર્તાર પ્રદેશોમાં અનેક મુશ્કેલીઓ રસ્તામાં વેઠી ગાંધાર, તક્ષશિલા અને પેશાવરને માર્ગે તે ભારતમાં પ્રવેશ્યો, મથુરા આવી કનોજના રસ્તે થઈ તે પાટલીપુત્ર ગયો હતો. તે ચંદ્રગુપ્તના દરબારમાં પણ અમુક સમય રહ્યો હતો, આ સમયે બૌધ્ધધર્મને પ્રચાર ઘણો જ એશિયાના દેશોમાં વધી ગયો હતો, ને ૪૦૦૦ હિનયાન પંથી સાધુઓને મળેલો. નાલંદા, વૈશાલી, રાજગૃહ, લુમ્બિની વગેરે બૌધ્ધ સ્થળોની તેને યાત્રા કરી. ભારતમાંથી બૌધ્ધમૂર્તિઓ, ચિત્રો, ગ્રંથોની નકલો વગેરે મેળવી તે દરિયાઈ માર્ગે ચીન પાછો ફર્યો હતો.

ફાહિયાને પોતાના વર્ણનમાં ભારતના લોકો, તેમના રીતરિવાજો. રાજ્યતંત્ર, વગેરેનું સુંદર વર્ણન કર્યું છે.

ફાહિયાને વર્ણવેલ ભારત :

રાજકીયસ્થિતિ : રાજકીયસ્થિતિ બાબતમાં ફાહિયાને ખાસ ઉંડાણમાં ઉતરીને કંઈએ ચર્ચા કરી નથી. છતાં તત્કાલિન સમયની શાસનતંત્રની પ્રજાજીવન ઉપરની અસર નોંધતાં તે લખે છે કે "સરકારીતંત્ર ઘણું ઉદાર અને કાર્યક્ષમ છે લોકો સુખી અને સમૃદ્ધ છે. અને તેમની સ્વતંત્રતા સારી રીતે જળવાઈ રહે છે." લોકોની શિક્ષા કરવાની બાબતમાં તે લખે છે કે "શિક્ષા કડક ન હતી. પ્રાણદંડ અને અન્ય શારીરિક શિક્ષા કરવામાં આવતી ન હતી. ગુનેગારોને તેમના ગુના પ્રમાણે નાનો મોટો દંડ કરવામાં આવતો હતો. જો વારંવાર ગુન્હો કરે કે બંડ કરે તો તેમનો ડાબો હાથ કાપી નાંખવામાં આવતો."

"લોકો ઉપર ખોટા સરકારી અંકુશો ન હતા. તેમને હરવા ફરવાની સંપૂર્ણ સ્વતંત્રતા હતી."..."જેઓ રાજ્યની જમીન ખેડે છે તેઓ ઉપજનો એક હિસ્સો રાજ્યને આપે છે. ઈચ્છા હોય તેથી વધારે સમય સુધી તેઓ જમીન ખેડવાને બંધાયેલા નથી. રાજવીના અધિકારીઓના પગાર નક્કી થયેલા છે."

સામાજીક જીવન :—

લોકોના સામાજીક જીવન વિશે તે લખે છે કે "આખા પ્રદેશમાં જીવતા

જીવની કોઈ હત્યા કરતું નથી. મદ્યપાન કરતું નથી. કોઇ લસણ કે ડુંગળી ખાતું નથી. કસાઈ કે મદ્ય વેચનારાઓની દુકાનો નથી. ફક્ત ચાંડાળો જ માછલાં વેચે છે"..."લોકો ઘણા આનંદી છે. સુંદર વસ્ત્રોમાં સજ્જ વસંતોત્સવ ઉજવે છે. કપડાં સાદાં પહેરે છે. તેઓ ફૂલો અને ઘરેણાંના ઘણા શોખીન છે."... "દાન આપવામાં અને પાડોશીને મદદ કરવામાં તેઓ માને છે. અનેક શ્રીમંતોએ હોસ્પિતાલો બંધાવી છે. તેનો લાભ કોઈપણ દેશનો અનાથ, અપંગ અને માંદો માણસ લઇ શકે છે. તેમને દરેક પ્રકારની જરૂરિયાતની ચીજો મફત પૂરી પાડવામાં આવે છે. તેમના ખોરાક અને દવાનો પ્રબંધ કરવામાં આવે છે. દર્દીઓ સાજા થાય ત્યારે તેઓ સગવડતાપૂર્વક ઘરે જાય છે."

ધર્મ :—

ધર્મની બાબતમાં બૌદ્ધધર્મની ઘણી વિગતો રજૂ કરી છે. ભારતના તે સમયના બૌદ્ધમઠો, સાધુઓ, અનેક મંદિરો, શિક્ષણ આપતા બ્રાહ્મણો અને સાધુઓના વર્ણનો કરેલાં છે. બૌદ્ધ રથયાત્રાઓ, મૂર્તિના અને શણગારનાં વર્ણનો કરેલાં છે. વિહારો બંધાયાના અને ભિક્ષુઓના વર્ણન છે.

આ ઉપરાંત તેને તે સમયની શિક્ષણપ્રણાલી, રહેણીકરણી, ઉદ્યોગો વગેરેનાં પણ વર્ણન કર્યાં છે.

ઇત્સિંગ :—

હ્યુએન–ત્સાંગ પછી લગભગ ત્રીસેક વર્ષે ઇ–ત્સિંગે ભારતની મુલાકાત લીધી હતી. તે દરિયાઈમાર્ગે તામ્રલિપ્તિ બંદરે થઈ ભારતમાં આવ્યો હતો. અને સમુદ્રમાર્ગે જ ચીનમાં પાછો ગયો હતો. તેને ભારતમાં આવી સંસ્કૃત ભાષાનો અભ્યાસ કર્યો હતો અને કેટલાક ગ્રંથોની નકલો પણ કરી હતી. હ્યુએનત્સાંગની માફક તેને ભારતમાં સર્વ જગાએ ફરી પ્રવાસ કર્યો નથી. પરંતુ સ્થિર થઈ ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો. છતાં તે સમય પૂરતું તેને જે કંઇ અનુભવ્યુ, નિરીક્ષ્યું તેની નોંધ કરી છે. તેની દરિયાઇ મુસાફરીને પંડિત જવાહરલાલ નહેરૂ ઘણી સૂચક અને અગત્યની માને છે. સમુદ્રમાર્ગે ચીન અને ભારત વચ્ચે આ સમયથી ગાઢ સંબંધો બંધાયા હશે, એમ તેઓ માને છે.

ઇત્સિંગે વર્ણવેલ ભારત :—

ઇત્સિંગે પણ ભારતની તત્કાલિન સામાજીક, ધાર્મિક અને આર્થિક સ્થિતિનું સંપૂર્ણ વર્ણન કર્યું છે. તે કહે છે કે, "ભારતના લોકોને ચાર

નિકાયોનું જ્ઞાન હતું. ભારતમાં પુરોહિતો જમ્યા પહેલાં હાથ-માં ધોઈ નાખે છે. સ્વચ્છતાના નિયમોનું ઘણું પાલન કરે છે. લોકોને પુષ્કળ પ્રમાણમાં ખાવાની વસ્તુઓ મળતી. ઘઉં અને ચોખાનો લોકો પુષ્કળ પ્રમાણમાં ઉપયોગ કરતા. દૂધ અને દૂધની બનાવટોનો પુષ્કળ ઉપયોગ થતો. લોકો ચમચાથી ખાવાનું જાણતા નથી. તેઓ આંગળીઓની મદદથી ખોરાક ખાય છે. લોકો વાસી, વધેલું કે એઠું કદી ખાતા નથી. તેઓ આધ્યાત્મિક વિચારો વધુ કરતા અને તેને આચારમાં મૂકતા."

"બૌદ્ધસંઘોને અને વિહારોને ઉત્પાદનનો કેટલોક ભાગ આપવામાં આવતો હતો. ઉપજના છ ભાગ પાડવામાં આવતા, જેમાં એક ભાગ સંઘને આપવામાં આવતો."

તે કહે છે, "વિહારોમાં નાલંદા વિહારના નિયમ ઘણા કડક હતા. ૩૦૦૦ થી વધુ ત્યાં સાધુઓ હતા. ૨૦૦ થી વધુ ગામડાઓ તેને રાજાઓએ દાનમાં આપ્યાં હતાં."

"ભારતમાં લોકો બે કપડાં પહેરે છે, તે લિનનનાં છે, અને આઠ ફૂટ લાંબાં છે. તેમને કાપવામાં કે સીવવામાં આવતાં નથી. તેમને કમરે બાંધવામાં આવે છે. તેઓ ઉન અને ચામડાનાં કપડાં પણ પહેરે છે. લોકો સારા સ્વચ્છ કપડાં પહેરીને ફરવા જાય છે."

"ભારતને આર્યદેશ કહેવામાં આવે છે. આર્યનો અર્થ શ્રેષ્ઠ અને દેશનો અર્થ ક્ષેત્ર થાય છે. ભારતને આર્યદેશ કહેવામાં આવે છે, કારણ કે શ્રેષ્ઠ ચારિત્ર્યની વ્યક્તિઓ ત્યાં વારંવાર જન્મ લે છે. ભારતને મધ્યદેશ પણ કહેવામાં આવતો હતો. કારણ તે સેંકડો દેશોની મધ્યમાં હતો. લોકો તેના નામથી પરિચિત હતા. ઉત્તરની જાતિઓ જ આર્યદેશને હિન્દુ કહેતી હતી. કારણ તે પ્રચલિત નામ હતું. તે ફક્ત સ્થાનિક નામ હતું, સર્વસ્વીકૃત નામ તો 'આર્યદેશ' અથવા 'શ્રેષ્ઠ ભૂમિ' હતું.

ઇત્સિંગે શિક્ષણ બાબતમાં લખ્યું છે કે, "વિદ્યાર્થી આચાર્યની પાસે જઈને તેની સેવા કરતા. આચાર્ય તેમને ઊંડુ જ્ઞાન આપતા. શિષ્યના આચરણ પ્રત્યે ધ્યાન રાખતા, અને તેમના દોષ તેને બતાવતા હતા. શિષ્યની ભૂલ માટે તેને પ્રાયશ્ચિત કરવું પડતું હતું. વિદ્યાર્થીઓને આધ્યાત્મવિદ્યા, ગદ્યપદ્ય, તર્કશાસ્ત્ર, વૈદક વગેરે અનેક શાસ્ત્રોનું શિક્ષણ અપાતું હતું."

આમ ઇત્સિગે જે કંઈ જોયું તે ભારતદર્શન રજૂ કર્યું. ભારતીય ઇતિહાસમાં તેથી તેનું ઘણું મહત્ત્વ અંકાય છે.

*

આટલું યાદ રાખીએ તો......

(૧) હર્ષવર્ધનની કારકિર્દી...નીચે મુજબ છે.

અ. પૂર્વજીવન.

(૧) તેના સમયની માહિતી કવિ બાણભટ્ટના 'હર્ષચરિત'માંથી અને ચીની મુસાફર હ્યુએનત્સાંગના લખાણોમાંથી મળે છે.

(૨) ૧૬ વર્ષની કુમળી વયે ઈ. સ. ૬૦૬માં થાણેશ્વરનો રાજા હતો.

(૩) તેના પિતાનું નામ પ્રભાકરવર્ધન હતું, તેના મોટાભાઈનું નામ રાજ્યવર્ધન અને તેની બ્હેનનું નામ રાજ્યશ્રી હતું.

બ. રાજકીય કારકિર્દી :

વિજયો :

(૧) તેણે તેની બ્હેન રાજ્યશ્રીને સતી થવાની તૈયારીમાં હતી તે સમયે બચાવી લીધી.

(૨) મંત્રીઓની મદદથી તેણે કનોજની ગાદી સ્વીકારી (ઈ. સ. ૬૦૬) તેણે થાણેશ્વરમાં પણ પોતાની સત્તા સ્થાપી હતી.

(૩) તે ગૌડના શશાંકને હરાવવા ગયો હતો પણ તેનું પરિણામ શું આવ્યું તેની અધિકૃત માહિતી મળતી નથી.

(૪) તે વલ્લભી અને ગુર્જર રાજવીઓ સાથે સંઘર્ષમાં આવ્યો હતો.

(૫) કેટલાક વિદ્વાનોના મંતવ્ય મુજબ વલ્લભી પરની ચડાઈ દરમ્યાન તેને લાટ, ભરૂચ અને માળવાના સામંતો સાથે યુદ્ધમાં ઉતરવું પડયું હતું. આ સામંતો પુલકેશી બીજાના સામંતો હતા, તેથી પુલકેશી ૨ જા સાથે તેને યુદ્ધ થયું હશે; તેમાં હર્ષને સફળતા મળી ન હતી.

(૬) સિંધના પ્રદેશના રાજવીને હર્ષે હરાવી તેનું ધન પચાવી પાડયું હતું.

(૭) મગધ જીતી પશ્ચિમ બંગાળના ગંજમ સુધી તે લશ્કરને લઈ ગયો હતો.

प्रकरण ११

दक्षिण भारत

* प्रकरणनी रूपरेखा *

अ तामिल राज्यो :
(१) प्रास्ताविक.
(२) तामिल राज्योनी माहिती आपतां साधनो.
(३) विविध तामिल राज्यो : अ चोल राज्य.
ब पांडय राज्य.
क चेर राज्य.
ब अन्य दक्षिणनां महान राज्यो :
(१) कांचीना पल्लवो.
(२) वाकाटको.
(३) चालुक्यो.

अ तामिल राज्यो :

(१) प्रास्ताविक – भारतना राजकीय, भौगोलिक अने भाषाकीय दृष्टिए त्रण विभागो पडे छे. (१) हिमालयना प्रदेशोथी नर्मदा नदी सुधीना प्रदेशने 'उत्तर भारत' कहे छे.

(२) नर्मदा नदी अने कृष्णा नदीनी वच्चेना प्रदेशने दख्खण अथवा डेक्कन कहे छे.

(३) ज्यारे कृष्णा नदीथी कन्याकुमारी सुधीना प्रदेशने 'दक्षिणभारत' कहेवामां आवे छे.

आ प्रदेशमां विंध्याचळ पर्वत भारतने बे विभागोमां वहेंची नाखे छे. जेमां नर्मदा नदी बाजुनो प्रदेश उत्तरभारत, ज्यारे कृष्णा नदी बाजुनो प्रदेश दक्षिणभारत तरीके अत्यारे प्रचलित छे. दक्षिण भारतमां आपणे दख्खणनो प्रदेश अने दूर दक्षिणनो प्रदेश बतावी शकीए. प्राचीन भारतमां दख्खणना

પ્રદેશમાં વિવિધ રાજ્યોએ શાસન કર્યું હતું. જેમાં રાષ્ટ્રકૂટો, વાકાટકો, ચાલુક્યો અને પલ્લવોનો સમાવેશ થાય છે. જ્યારે દૂર દક્ષિણના પ્રદેશમાં ચોલ, પાંડય અને ચેર રાજ્યો વિકાસ પામ્યાં હતાં, જે **તામિલરાજ્યો** તરીકે ઓળખાયાં છે.

આ તાલિમ રાજ્યોની વિશિષ્ટતા એ છે કે અહીં વસેલ દ્રાવિડ પ્રજા અને ઉત્તર તરફથી આવેલ આર્ય પ્રજા બંને ભાષાકીય, રહેણીકરણી વગેરે સર્વરીતે અલગ અલગ સંસ્કૃતિ ધરાવતાં હતાં. પરસ્પર વિનિમયને પરિણામે આ બંનેનું સાંસ્કૃતિક મિલન થયું. જો કે રાજકીય રીતે ઉત્તર અને દક્ષિણના આ તામિલ પ્રદેશો લાંબાગાળા સુધી એકબીજાથી વિમુખ રહ્યા હતા, છતાં સાંસ્કૃતિક રીત સમન્વયની આ રાજકીય વિમુખતા આડે આવી નથી. પરસ્પર સાંસ્કૃતિક વિનિમયને કારણે ઉત્તર અને દક્ષિણ બંને ભાગમાં સાંસ્કૃતિક સામ્ય જોઈ શકાય છે. છતાં ભાષાકીય રીતે તામિલ રાજ્યોમાં દ્રાવિડ કે તામિલ ભાષા કે જેમાંથી હાલમાં તેલુગુ, મલાયમ્ અને કન્નડ જન્મી છે, તે રીતે પોતાનું અલગ અસ્તિત્ત્વ ટકાવી રાખ્યું છે. પ્રાચીન ભારતના ઈતિહાસમાં આ તામિલ રાજ્યોનો રાજકીય, આર્થિક, સાંસ્કૃતિક તેમજ ધાર્મિકક્ષેત્રે વિશિષ્ટ ફાળો છે.

આ રાજ્યોનો ઈતિહાસ જાણવા માટેનાં સાધનો ઘણાં અપૂરતાં છે. શરૂઆતના ઈ. સ. પૂ. ની પહેલી સદી સુધીના ઈતિહાસ માટેનું કંઈએ સાધન પ્રાપ્ત નથી. પરંતુ તે પછીનાં મળી આવેલ તામિલ સાહિત્ય, અશોકના શિલાલેખો, બૌદ્ધગ્રંથો, જૈનગ્રંથો, અને પરદેશી નોંધો વગેરે સાધનોથી આ રાજ્યોનો ઈતિહાસ જાણી શકાય છે. આ બધા સાધનો ઉપરથી આપણને કેટલીક બાબતોમાં તો તામિલ રાજ્યોની સંસ્કૃતિ, આર્યસંસ્કૃતિ કરતાં પણ વધુ ચઢીયાતી લાગે છે. આ સાધનોને તપાસીએ.'

તામિલ સાહિત્ય :—

આ સાહિત્યમાં **તામિલ કાવ્યો** અને **સંગમ સાહિત્યનો** સમાવેશ થાય છે. આમાં તામિલ કાવ્યો ઈ. સ, ની પહેલી ત્રણ સદીઓ દરમ્યાન રચાયાં છે. જેમાં આપણને તત્કાલિન સમાજનું સુંદર દર્શન નિહાળવા મળે છે. જો કે ઐતિહાસિક વિગતો આ કાવ્યોમાંથી ખાસ મળતી નથી.

સંગમસાહિત્ય ઈ. સ. પૂ. ૫૯૦ થી ઈ. સ. ૫૦૦ ના સમય દરમ્યાન રચાયું હતું. વિદ્વાન લેખકોના સંઘ એ 'સંગમ' તરીકે ઓળખાતો. આવા કુલ ત્રણ સંગમો પાંડય રાજ્યમાં ઉદ્ભવ્યા હતા. આ સંગમોએ કથા, નાટક, કાવ્ય

વગેરે સમૃદ્ધ સાહિત્ય રચ્યું. આ સાહિત્યમાં રાજ્યવંશોના નામો, યુદ્ધો, રિવાજો, રાજાઓની તવારીખો, ધર્મો વગેરે અનેક બાબતોની ચર્ચા કરી છે. તામીલ રાજ્યોનો ઇતિહાસ જાણવામાં આ સંગમસાહિત્ય ઘણું ઉપયોગી થઈ પડે છે.

(૨) અશોકનાં શિલાલેખો :—

તામિલ રાજ્યોની ઐતિહાસિક માહિતી અશોકના શિલાલેખો આપે છે. શિલાલેખ નં. ૨ (બે) અને ૧૩ (તેર) માંથી ઘણી માહિતી મળે છે. અશોકના રાજ્યમાં ચોલ, પાંડ્ય, અને ચેર (કેરલ) નો સમાવેશ પ્રત્યન્ત રાજ્યમાં કરેલો છે અને 'વિજિત' રાજ્યમાં કર્યો નથી. આ બાબત સ્પષ્ટ કરે છે કે આ રાજ્યો અશોકના પ્રભુત્વ બહારનાં સીમા પરનાં સ્વતંત્ર રાજ્યો હતાં.

(૩) બૌદ્ધ સાહિત્ય :– બૌદ્ધસાહિત્યના ગ્રંથો દીપવંશ અને મહાવંશ આ રાજ્યોનો ઇતિહાસ, વંશો, તેમજ આર્થિક, સામાજીક અને ધાર્મિક પરિસ્થિતિનો ઘણો ખ્યાલ આપે છે.

(૪) જૈન સાહિત્ય :– જૈન સાહિત્યમાં દક્ષિણના મૈસુર રાજ્યમાં આવેલાં શ્રવણબેલગોલાનાં તીર્થસ્થાનોનો ઉલ્લેખ આવે છે. તેવી જ રીતે ચંદ્રગુપ્ત મૌર્ય, અને અશોકના પુત્ર સંપ્રતિએ જૈનધર્મ સ્વીકારી દક્ષિણમાં નિવાસ કર્યો, જેની વિગત આવે છે, છતાં આ બધું સાહિત્ય ખાસ ઐતિહાસિક સામગ્રી આપતું નથી.

(૫) પરદેશી નોંધો :– ગ્રીક એલચી મેગસ્થીનીસ ટોલેમી, માર્કોપોલો વગેરે પરદેશી પ્રવાસીઓએ આ પ્રદેશની ઘણી નોંધો કરી છે.

આ ઉપરાંત સિક્કાઓ, તામ્રપત્રો, સ્થાપત્યના અવશેષો વગેરે દ્વારા પણ તામિલ રાજ્યોનો ઇતિહાસ જાણી શકાય છે. છતાં તેમાં સૌથી અગત્યની સામગ્રી અશોકના શિલાલેખો અને સંગમસાહિત્ય પૂરી પાડે છે.

(૩) વિવિધ તામિલ રાજ્યો :—

ઉપરોકત સાધનો ઉપરથી દૂર દક્ષિણનાં તામિલ રાજ્યો ચોર, પાંડ્ય, અને ચેર (કેરલ) નો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ જાણી શકાય છે આ ત્રણે રાજ્યોનો પહેલી સદી સુધીનો ઇતિહાસ દંતકથાઓમાં વેરાયેલો પડયો છે, સંસ્કૃત અને પાલિસાહિત્ય, શિલાલેખો અને પ્રવાસીઓના વર્ણનો ઉપર નજર

નાખતાં મૌર્યવંશ પહેલાનાં દૂર દક્ષિણ ભારતનો ઝાઝો પરિચય મળતો નથી.[૧] આ પ્રદેશોમાં સૌપ્રથમ ચોલ, પછી પાંડય અને ત્યારબાદ કેરલ રાજ્યની સત્તાઓ રાજકીયક્ષેત્રે શક્તિશાળી અને પ્રબળ બની હતી. તેમનો ઇતિહાસ પરસ્પર સંઘર્ષો અને યુદ્ધોથી ભરપુર છે. ખાસ કરીને ચાલુકયો, પલ્લવો અને રાષ્ટ્રકુટો સાથે તેઓને સતત સંઘર્ષમાં રહેવું પડયું હતું. અંતે આ રાજ્યોએ પલ્લવોનું આધિપત્ય સ્વીકાર્યું. છતાં અગત્યનું એ છે કે તેમના રાજકીય ઇતિહાસમાં જેટલી સમાનતા જોવા મળે છે, તેટલી સાંસ્કૃતિક કે આર્થિક ઇતિહાસમાં મળતી નથી. સુંદર શાસનવ્યવસ્થા, લોકોપયોગી કાર્યો, કલા અને સાહિત્યને વેગ વગેરે બાબતમાં તેઓ અલગ પડી જાય છે. તેમની આ સાંસ્કૃતિક સિદ્ધિઓએ પ્રા. ભા. ના ઇતિહાસમાં એક નવા પ્રકરણનો ઉમેરો કર્યો છે. આમાં યે ચોલ સંસ્કૃતિ તો કલા–સ્થાપત્યના વિકાસમાં પરાકાષ્ટાએ પહોચી હતી.

આ ત્રણે રાજ્યોની ક્રમિક ચર્ચા કરીશું.

(અ) ચોલ રાજ્ય : ચોલો મુળ તો ઉત્તર ભારતના વતની હતા. તેઓ ભટકતી પ્રજા હતી. તેઓને ભ્રમણ કરવું પ્રિય હોવાથી તેઓ ચોલ કહેવાયા છે. તામિલ ભાષામાં પણ ચોલ શબ્દનો અર્થ ભ્રમણ કરવું જ થાય છે. તેઓ ઉત્તરમાંથી દક્ષિણમાં ભ્રમણ કરતા કરતા આવી પહોંચ્યા હતા. અને દક્ષિણમાં આજના તાંજોર અને ત્રિચિનાપલ્લીમાં પોતાના શાસનની શરૂઆત કરી હતી. શરૂઆતમાં તેઓ પલ્લવોના સામંતો તરીકે શાસન કરતા હતા. પરંતુ પલ્લવ રાજ્યસત્તા ક્ષીણ થતાં તેઓ સ્વતંત્ર બન્યા. અને ધીમે ધીમે બળવાન બનતા ગયા. તે પછી ચોલ રાજા આદિત્યે છેલ્લા પલ્લવ રાજા અપરાજિતને સખ્ત હાર આપી પલ્લવ રજ્યસત્તાનો અંત આણ્યો અને મજબૂત સ્વતંત્ર સત્તા તરીકે ચોલ રાજ્ય બહાર આવ્યું.

રાજકીય ઇતિહાસ : જો કે ચોલ રાજ્યનો રાજકીય ઇતિહાસ વિગતવાર પ્રાપ્ત થતો નથી તેના જુદા જુદા શાસકોએ રાજધાનીઓ પણ વારંવાર બદલી હતી. તેમના રાજ્ય ઉપર પલ્લવો અને ચાલુકયોના વારંવાર આક્રમણો થયાં હતાં. આથી ઈ. સ.ની નવમી સદી સુધીનો ઇતિહાસ ખાસ કોઈ વિશિષ્ટ મહત્ત્વ ધરાવતો નથી.

'મહાવંશ'માંથી આ રાજવંશના શરૂઆતના બે રાજાઓનો ઉલ્લેખ મળે છે. (૧) ઈલાર નામનો રાજવી (૨) અને રાજા કરિકાલ. આમાં ઈલાર

---

૧. ભા. સા. ઇતિહાસ પાન : ૧૯૫. ડૉ. વિજયસિંહ ચાવડા.

વિશે વિગતો મળતી નથી. સિવાય કે તેને લંકા જીતી લઈને ત્યાં પચાસ વર્ષ સુધી રાજ્ય કર્યું. પરંતુ કરિકાલની જે વિગતો મળે છે તે પરથી તે પ્રબળ શક્તિશાળી રાજવી હતો.

રાજા કરિકાલ :

રાજા કરિકાલના સમય વિશે આધારભૂત માહિતી પ્રાપ્ત થતી નથી. કેટલીક દંતકથાઓ અનુસાર તે ઈ. સ. ની બીજી સદીમાં થઈ ગયો. જ્યારે કેટલાક ઐતિહાસિક આધારો તેને ઈશુની નવમી સદીમાં થયો હોય તેવો નિર્દેશ કરે છે. બૌદ્ધ પુરાવાઓ મુજબ તેનું રાજ્ય છેક હિમાલય સુધી વિંસ્તરેલું હતું. ઐતિહાસિક આધારો માત્ર એટલો જ નિર્દેશ કરે છે કે તે પડોશનાં પાંડય, ચેર અને સિલોનનાં રાજ્યો જોડે સંઘર્ષમાં ઉતર્યો હતો. સમ્રાટ કરિકાલે પાંડય અને કેરલ (ચેર) રાજ્યને સંયુક્ત રીતે હરાવ્યાં હતાં. તેનું સિલોન પરનું આક્રમણ એક વિજયચિહ્ન સમુ બની ગયું. સિલોન-વિજયથી કરિકાલને ૧૨,૦૦૦ યુદ્ધકેદીઓ મળ્યા. તે બધાનો તેને કાવેરી નદીની નહેર બાંધવામાં ઉપયોગ કર્યો. તેને 'કાવેરીપિકુનમ્' નામે ચોલ રાજ્યની નવી રાજધાની સ્થાપી.

રાજા કરિકાલની સિદ્ધિઓ વિશિષ્ટ પ્રકારની હતી. મહાવંશની બૌદ્ધ-પ્રણાલીઓ આપણે લક્ષમાં ન લઈએ તો તેને ચોલ રાજ્યનો વિસ્તાર કન્યાકુમારી અને છેક સિલોન સુધી કર્યો. અને ચોલ રાજ્યને દક્ષિણના એક મોટા રાજ્યની હરોળમાં મૂક્યું. પરંતુ કરિકાલની સિદ્ધિઓ રાજકીય ક્ષેત્ર પૂરતી જ મર્યાદિત ન હતી. તેણે કાવેરી નદીની નહેરના બાંધકામ માટે અને વેપારઉદ્યોગના વિકાસ માટે પુહાર જેવાં બંદરોની ખીલવણી કરી. તેણે સાહિત્યકલા અને લલિતકલાના વિકાસને પણ પ્રોત્સાહન આપ્યું.

નેદુમુદિકિલી : કરિકાલના શાસનના અંત પછી તેનો પૌત્ર નેદુમુદિકિલી રાજ્યગાદીએ આવ્યો પરંતુ તે તેના પ્રપિતા જેટલો શક્તિશાળી ન હતો. કરિકાલે સ્થાપેલી ચોલ મહાસત્તા તેના સમયમાં નિર્બળ બની ગઈ, આ જ સમયે પાંડય અને ચેર સત્તાઓ ફરીથી બળવાન બની અને કરિકાલના સમયનું વેર લીધું. ચોલ રાજ્ય છિન્નભિન્ન થઈ ગયું. ચાંચિયાઓએ કાવેરી-પિકુનમનો વિનાશ કર્યો, આ પરિસ્થિતિ છેક આઠમી સદી સુધી પાંડય સત્તાના

અંત સુધી ચાલુ રહી. પાંડય સત્તા નિર્બળ બનતાં ચોલ રાજા વિજયાલયે ચોલ સત્તાની પુનઃપ્રતિષ્ઠા કરવાનો પ્રયત્ન કરી જોયો.

વિજયાલય : (ઈ. સ. ૮૬૪ થી ૮૭૦) ચોલ રાજા વિજયાલયે પાંડય અને પલ્લવ રાજ્યોની સત્તાસ્પર્ધાનો લાભ લઈ તાંજોર જીતી લીધું અને તેને રાજધાનીનું નગર બનાવ્યું. ત્યાર પછી સત્તાસ્થાને આવેલા આદિત્ય ૧ લાએ પલ્લવ રાજા અપરાજિતને હરાવી પલ્લવોની રાજધાની કાંચી સર કરી. આ રાજાએ ગંગ પ્રદેશનો કેટલોક ભાગ જીતી લીધો હતો. આદિત્ય ૧લા પછી પરાન્તક ૧લો ઈ. સ. ૯૧૦ માં ગાદીએ આવ્યો અને તેને પાંડયોની રાજધાની મદુરા કબજે કરી, અને દક્ષિણનાં અનેક નાનાં રાજ્યોને હરાવ્યાં. પરાન્તક ૧લો રાષ્ટ્રકૂટ રાજા કૃષ્ણ ૩ જાના આક્રમણ વખતે તક્કોલકરની લડાઈમાં માર્યો ગયો.

રાજરાજ : (ઈ. સ. ૯૮૫ થી ૧૦૧૪) ચોલ રાજા રાજરાજ અને તેના પુત્ર રાજેન્દ્ર ૧ લાના સમયમાં ચોલ સામ્રાજ્ય તેના વિકાસની પરાકાષ્ટાએ પહોંચ્યું. રાષ્ટ્રકૂટોના હાથે નબળી પડેલી ચોલ સત્તાને સુવ્યવસ્થિત કરી વિજયમાર્ગે દોરી જનાર રાજરાજે કેરલ, પાંડય, હોયસળ, ગંગ વગેરે રાજ્યોને નમાવ્યાં, અને દક્ષિણ ભારતમાં ચોલ સત્તાને સર્વોપરી બનાવી. રાજરાજ માત્ર એક વિજેતા જ ન હતો, પરંતુ વિકાસપ્રવૃત્તિઓ ઉપાડી લેનાર એક લોકકલ્યાણકારી રાજવી હતો. તેણે જમીનની માપણી કરી, ખેતીના વિકાસને ઉત્તેજન આપ્યું. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ સ્થાપી અને રાજરાજેશ્વરનું ભવ્ય મંદિર બંધાવ્યું.

રાજેન્દ્ર ૧લો : (ઈ. સ. ૧૦૧૪ થી ૧૦૪૪) ચોલ સામ્રાજ્યનો સૌથી શક્તિશાળી સમ્રાટ રાજેન્દ્ર ૧લો મહાન વિજેતા હતો. તેની વિજયકૂચ ઉત્તરમાં કલ્યાણીના ચાલુક્યોથી માંડી કલિંગ, પૂર્વબંગાલ, ગૌડ, લાટ, દડભૂક્તિ, દક્ષિણ કોસલ વગેરેનો સમાવેશ કરતી દક્ષિણમાં છેક સિલોન સુધી વિસ્તરી હતી. રાજેન્દ્ર ૧લા ની વિજયયાત્રાની વિશિષ્ટતા તેની અગ્નિએશિઆના પ્રદેશ પુરતું આક્રમણમાં હતી, જે ભારતીય ઇતિહાસમાં અદ્વિતીય લેખી શકાય. દરિયાપારના જાવા, સુમાત્રા, મલાયા અને બ્રહ્મદેશના વિજયોએ તેનો કીર્તિકળશ સંપૂર્ણપણે ચમકાવ્યો. જિતાયેલા પ્રદેશોની વ્યવસ્થા કરવાનું પણ આ રાજવી ચૂક્યો ન હતો. તેણે પોતાના પુત્રો રાજાધિરાજ અને જયવર્માને રાજ્યપાલ તરીકે નીમી યોગ્ય શાસનવ્યવસ્થા કરી. અગ્નિએશિયામાં ભારતીય સંસ્કૃતિનું

પ્રચારકાર્ય આ રાજવીના સમયમાં થયું, અને વિશાળ ભારતની એક સાંસ્કૃતિક પ્રતિભા ઉત્પન્ન થઇ. રાજેન્દ્ર ૧લાએ 'ગન્ગેયકોન્ડ ચોલપુરમ્' નામે નવી રાજધાની સ્થાપી, અને ચીન જેવા દૂરના પ્રદેશોમાં પણ પોતાનાં એલચીમંડળો મોકલ્યાં.

પતન : ચોલ વંશનો છેલ્લો રાજા અધિરાજેન્દ્ર નબળો હતો, તેની પાસેથી કુલોતુંગ ૧લાએ સત્તા લઇ લીધી. કુલોતુંગ ૧લો ચાલુક્યવંશી હતો, છતાં લોહીની સગાઇથી ચોલ વંશ સાથે જોડાયેલો હતો. તેણે ચોલ શાસનને મજબૂત બનાવવાનો છેલ્લો પ્રયાસ કરી જોયો, પરંતુ તેના અનુગામી ચોલ રાજાઓની નિર્બળતાને પરિણામે ચોલ રાજ્ય તૂટી ગયું. લંકા પણ સ્વતંત્ર થઇ ગયું હતું. ઉપરાંત હોયસળો, ગંગો કાકતીયા વગેરે પણ નબળાં પડતાં ચોલ રાજ્યના સીમાડાઓ કાતરી લેવા લાગ્યા. ચોલ રાજ્યના આંતરિક સામંતો પણ બળવાન બની બેઠા હતા. ઇ. સ. ૧૨૪૬માં પાંડય રાજા જાતવર્મન સુંદર અને કાકતીય રાજા ગણપતિએ ચોલ સામ્રાજ્યને છિન્નભિન્ન કરી નાખ્યું. ઇ. સ. ૧૩૧૦માં અલાઉદ્દીન ખીલજીના સેનાપતિ મલેક કાફૂરે ચોલ સામ્રાજયને નામશેષ કર્યું.

(૫) ચોલ રાજ્યની સિદ્ધિઓ :

રાજકીય ક્ષેત્ર : નાનકડી સામંતસત્તામાંથી દક્ષિણ ભારતની એક વિશાળ રાજ્યસત્તામાં પરિવર્તન પામેલી ચોલ સત્તાની રાજકીય સિદ્ધિઓ અપૂર્વ હતી. રાજેન્દ્ર ૧લાના સમયમાં અગ્નિ એશિયા સુધી આ સત્તાનું પ્રભુત્વ ફેલાયું હતું અને બર્મા, જાવા, સુમાત્રા, મલાયા સુધી ચોલ રાજાઓની હાક વાગી હતી. ચોલ રાજા રાજરાજ પણ એક ઉત્તમ શાસનકર્તા હતો. તેણે જમીનની માપણી કરાવી, અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને ખાસ ઉત્તેજન આપ્યું. પાંડય અને પલ્લવ સત્તાઓ સામે આ રાજાઓએ દક્ષિણમાં સત્તાની સમતુલા સ્થાપી, અને એક પ્રકારનું સ્થિર શાસન સ્થાપ્યું.

સાંસ્કૃતિક : પરંતુ ચોલ રાજ્યે અગ્નિ એશિયામાં કરેલો ભારતીય સંસ્કૃતિનો વિકાસ અને વિસ્તાર એ તેમની સૌથી મહાન સિદ્ધિ હતી. રાજેન્દ્ર ૧લાના સમયમાં છેક ચીન સુધી ભારતીય પ્રતિનિધિ મંડળો મોકલવામાં આવ્યાં હતાં.

ચોલ રાજા પરાન્તક ૧લો સાહિત્યનો ઉપાસક હતો. આ રાજાના

સમયમાં જ મહાન પંડિત વેંકટમાધવે ઋગ્વેદ પરનો સર્વપ્રથમ વિવેચનગ્રંથ રચ્યો હતો. રાજવી રાજરાજ સ્થાપત્યનો શોખીન હતો. તેણે રાજરાજેશ્વરનું ભવ્ય મંદિર બંધાવ્યું. તેની સિદ્ધિઓ આલેખતો શિલાલેખ હજી ઊભો છે.

રાજા કરિકાલે દક્ષિણની પ્રજાની આર્થિક સમૃદ્ધિ વિસ્તરે એ માટે ખાસ લક્ષ આપ્યું હતું. ખાસ કરીને કાવેરી નદીના પુહાર બંદરને વિકસાવવા માટે અને ખેતીવાડીના વિકાસ માટે નહેર બાંધવાની ખાસ જહેમત તેણે ઉપાડી હતી.

આમ છતાં પલ્લવ શાસનની સરખામણીમાં ચોલ સામ્રાજ્યની સાંસ્કૃતિક સિદ્ધિઓ એટલી બધી ભવ્ય લાગતી નથી.

(ब) પાંડ્ય સામ્રાજ્ય :

પ્રાસ્તાવિક : હાલના તામિલનાડ પ્રદેશમાં, ભારતના છેક દક્ષિણ ભાગમાં મદુરા અને તિનવેલી જિલ્લાઓના વિસ્તારને આવરી લેતા પ્રદેશમાં પાંડ્ય રાજ્યનો ઉદ્ભવ થયો હતો. આ રાજ્યનું કેન્દ્રીય નગર મદુરા બન્યું હતું. મદુરા એક સમૃદ્ધ બંદર હોવાથી હિંદી મહાસાગર અને બંગાળના ઉપસાગરના દરિયાઈ વહેવારનું કેન્દ્ર બન્યું હતું. હીરા, મોતી, પોખરાજ, નીલમ વગેરે કીમતી પથ્થરો અને તેજાનાનો વેપાર મદુરા બંદરેથી ધમધોકાર ચાલતો હતો. એક વ્યાપારનગરી હોવા ઉપરાંત મદુરા એક સાંસ્કૃતિક કેન્દ્ર પણ બન્યું હતું. વિશાળ મંદિરો, અને પ્રકાન્ડ પંડિતોની વિદ્યાપીઠથી ખચિત આ નગરી એક સંસ્કારધામ બન્યું હતું. મદુરાની આવી જાહોજલાલી અને કીર્તિને વિકસાવવાનું શ્રેય પાંડ્ય રાજાઓને ફાળે જાય છે.

રાજકીય ઇતિહાસ : પાંડ્ય રાજ્યવંશોની આધારભૂત માહિતી સંગમ સાહિત્યમાંથી મહદંશે પ્રાપ્ત થાય છે. તદુપરાંત બૌદ્ધ સાહિત્યના મહાવંશ જેવા ગ્રંથો અને માર્કોપોલો જેવા વિદેશી પ્રવાસીઓની નોંધોમાંથી પણ કેટલીક તૂટક માહિતી પ્રાપ્ત થાય છે.

પૂર્વ ઇતિહાસ : મહાવંશના ઉલ્લેખો અનુસાર કોઈ પાંડ્ય રાજાએ ઈ. સ. પૂ. ૪૩માં લંકા ઉપર આક્રમણ કરી તેને જીતી લીધું હતું. આ ઉપરાંત રોમન સમ્રાટ ઓગસ્ટસના દરબારમાં ઈ. સ. પૂ. ૨૦માં પાંડ્ય રાજાનું પ્રતિનિધિમંડળ પહોંચ્યું હતું. આ વિગતો ઇશુની શરૂઆતનાં વરસોમાં પાંડ્ય રાજ્યના દરિયાપારના દેશો સાથેના સંબંધોનો નિર્દેશ કરે છે.

ઈશુની સાતમી સદી સુધીમાં કેટલાક પાંડ્ય રાજાઓ થઈ ગયા તેમાં મુદુકુદુમી અને નેદુન્જેલિયન મુખ્ય હતા. આ રાજાઓના સમયમાં ચોલ અને ચેર રાજ્યો સાથેની સત્તાની સાઠમારી ઉત્પન્ન થઈ અને અનેક યુદ્ધો થયાં જેમાં મુદુકુદુમીએ સફળતા પ્રાપ્ત કરી હતી. પોતાની સર્વોપરિતાની યાદમાં તેણે અશ્વમેધ યજ્ઞ કરાવ્યો. નેદુન્જેલિયને વિદ્વાનોને આશ્રય આપ્યો અને પ્રજાની સુખસમૃદ્ધિ વધારવા પ્રયત્ન કર્યા.

આ સિવાય કન્દુગોન, મારવર્મન, અરિકેસરી, મારવર્મન, શ્રીમાર, શ્રી વલ્લભ વગેરે રાજવીઓ થઇ ગયા, તેમાંના મુખ્ય રાજવીઓની સિદ્ધિઓ નીચે અનુસાર છે.

અરિકેસરી મારવર્મન : (ઇ. સ. ૬૭૦ થી ૭૧૦) પાંડ્ય રાજ્યના વિકાસની શરૂઆત કન્દુગોનથી થઈ અને રાજા મારવર્મન અને પૌત્ર અરિકેસરી મારવર્મન (પરાંકુશ)ના સમયમાં તે સુવ્યવસ્થિત બન્યું, અરિકેસરી મારવર્મન પલ્લવ અને ચેર રાજકુંવરીને પરણ્યો હતો. પોતે જૈનધર્મી હતો, પરંતુ પોતાની પત્નીના આગ્રહને અનુસરીને તેણે શૈવપંથ સ્વીકાર્યો.

મારવર્મન રાજસિંહ ૧લો : (ઈ. સ. ૭૨૫ થી ૭૭૫) મારવર્મન રાજસિંહ ૧લો તેના પ્રતાપી પિતા કોચ્ચડયન કરતાં પણ વધુ પ્રતિભાશાળી હતો. રાજસિંહ ૧લાએ વેણુબાઈના યુદ્ધમાં ચાલુક્ય અને ગંગ રાજાઓને ઈ. સ. ૭૫૦માં હાર આપી અપૂર્વ રાજકીય સિદ્ધિ હાસલ કરી તેણે પલ્લવ રાજા નંદિવર્મનને પણ હરાવ્યો હતો. આ રીતે દક્ષિણમાં પાંડ્ય રાજ્યની મહત્તા પણ આ રાજાએ વધારી દીધી.

જતિલ પરાંતક : (ઈ. સ. ૭૬૫ થી ૮૧૫) રાજસિંહ પછી દીર્ઘ શાસન કરનાર તેનો પુત્ર જટિલ પરાંતક એક મહાન વિજેતા બન્યો. તેણે પલ્લવોના રાજા નંદિવર્મન ૨ જાને હરાવ્યો. અને સામ્રાજ્યવાદી નીતિને પરાકાષ્ટાએ પહોંચાડી. પાંડ્ય રાજ્યવિસ્તારને સૌથી વિશાળ ભૂમિવિસ્તાર પર પાથરી દીધો.

શ્રીમાર શ્રીવલ્લભ : (ઈ. સ. ૮૧૫ થી ૮૬૨) જતિલ પરાંતકના પ્રતાપી પુત્ર શ્રીમાર શ્રીવલ્લભે પોતાના પિતાની સામ્રાજ્યવાદી નીતિ ચાલુ રાખી, તેણે ચોલ અને પલ્લવ ઉપરાંત લંકા, કાલિંગ અને મગધમાં

રાજ્યોને નમાવ્યાં. તેના એકત્રિત દુશ્મનો સામેનો તેનો કુંભકોનમનો વિજય ભવ્ય અને નિર્ણાયક હતો.

છતાં જિંદગીના પાછલા ભાગમાં શ્રીમારને પોતાનાજ પુત્ર વરગુણવર્મનના વિદ્રોહનો સામનો કરવાનું કમનસીબ કાર્ય આવ્યું હતું. વરગુણવર્મને પોતાના પિતાની સામે લંકાના રાજવીની મદદ માગી. લંકાના રાજા અને પલ્લવ રાજા નૃપતુંગના બબ્બે પડકારનો સામનો શ્રીમાર કરી શક્યો નહિ અને પુત્રના કુકૃત્યના આઘાતમાં જ તે મૃત્યુ પામ્યો.

શ્રીમાર શ્રીવલ્લભ પછી વરગુણવર્મન ગાદીએ આવ્યો પરંતુ ત્યારબાદ પાંડય રાજાઓ સામંત કક્ષાના નબળા રાજાઓ બની ગયા અને પાંડયોની જાહોજલાલી અસ્ત પામી.

પતન : છેલ્લો પાંડય રાજા મારવર્મન રાજસિંહ રજો અત્યંત નિર્બળ શાસક હતો તેના સમયમાં ચોલ રાજાઓએ મદુરા જીતી લીધું, અને ઈ. સ. ૯૧૦માં પાંડયોની સ્વતંત્રતાનો નાશ થયો. પાંડયોએ સિલોનના રાજવીની મદદથી ફરીથી સ્વતંત્ર થવાનો પ્રયત્ન કરી જોયો પરંતુ ઈ. સ. ૯૨૦માં ચોલ રાજવીએ તેને સખત હાર આપી અને રાજસિંહ લંકા તરફ ભાગી ગયો.

પાંડયોની સિદ્ધિઓ :—

રાજકીય ક્ષેત્રે : પાંડય રાજાઓ મારવર્મન રાજસિંહ ૧લો, જાટલ પરાંતક, અને શ્રીમાર શ્રીવલ્લભ જેવાની રાજકીય સિદ્ધિઓ વિશાળ હતી. તેમણે અનુક્રમે ચાલુક્ય અને ગંગ રાજાઓને, પલ્લવ રાજા નંદિવર્મનને અને લંકા, કલિંગ, અને મગધના રાજ્યોને પણ નમાવ્યાં હતાં, ચોલ રાજવીઓની પેઠે પાંડયોએ પણ અગ્નિએશિયાના દેશો સુધી પોતાના પ્રભાવને વિસ્તાર્યો હતો. અગ્નિ એશિયાના દેશોમાં પાંડય શહેરો અને રાજવીઓનાં નામો પ્રચલિત હતાં.

સાંસ્કૃતિક ક્ષેત્રે : સાંસ્કૃતિક ક્ષેત્રે પાંડયોની સિદ્ધિ સંગમ સાહિત્યમાં દૃષ્ટિગોચર થાય છે. ખાસ કરીને ત્રીજા સંગમમાં તામીલ ભાષામાં લખાયેલાં કથાઓ, નાટકો, કાવ્યો વગેરે વૈવિધ્ય ભરપૂર મૌલિક સાહિત્યની રચના થઈ હતી. સંગમયુગ એ સાહિત્યનો સમૃદ્ધ અને સુવર્ણયુગ લેખવામાં આવે છે. ત્રીજા સંગમની કૃતિઓ 'પથ્થુપાટુ', 'ઈટ્ટહોકાઈ' અને 'પટ્ટીનેનકીલકનકકુ' પ્રસિદ્ધ છે. આ સંગમો અનુક્રમે દશ આદર્શો, આઠ સંગ્રહો અને અઢાર લઘુકાવ્યોનો સમુચ્ચય છે. ત્રીજું સંગમ એક મહાન વિદ્યાપીઠ જેવુ હતુ,

જેમાં ૪૯ સભ્યો અને ૪૪૯ જેટલા કવિઓ આ જ્ઞાનક્ષેત્રમાં વિદ્યાભ્યાસંગ કરી રહ્યા હતા.

(ક) ચેર (કેરલ) રાજ્ય :

પ્રાસ્તાવિક : કેરલ પ્રદેશમાં ઉદ્ભવ પામેલાં આ રાજ્યનો પ્રાચીન ઇતિહાસ ઉપલબ્ધ નથી. માત્ર ચારેક રાજાઓના નામો મળી આવે છે. ઈશુની સદી સુધીમાં થયેલા મુખ્ય રાજવીઓમાં આદન ૧લો, આદન ર જો, સંગુત્તવન, યનૈક્કન વગેરે જાણીતા હતા. જ્યારે ત્યારબાદ થયેલા રાજાઓમાં ભાસ્કર, રવિવર્મન, વીર કેરલ, વીર રવિવર્મન અને રવિવર્મન કુલશેખરના મહત્ત્વના રાજવીઓ હતા.

રાજા આદન ૧લો : આ રાજા ઈશુની સદીમાં થયો હશે એમ મનાય છે. તેના સમયની અગત્યની ત્વારીખમાં ચોલ રાજા કરિકાલ સાથેનું યુદ્ધ મુખ્ય હતું, આ યુદ્ધમાં આદન ૧લો માર્યો ગયો અને કેરલ રાજ્ય ચોલ રાજ્યમાં ભળી ગયું.

આદન રજો : આદન ૧ લાના પુત્ર આદન રજાએ ચોલ રાજ્ય સાથેની દુશ્મની લગ્નસંબંધથી ટાળી દીધી અને કરિકાલની પુત્રી સાથે પરણી સંબંધો સુધારી લીધા. ચોલ, કેરલ વગેરે રાજ્યોએ ભેગાં થઈ પાંડય રાજ્ય ઉપર સંયુકત આક્રમણ કર્યું. પરંતુ પાંડય રાજા નંદુ-જેલિયને તલિયવંગનમના યુદ્ધમાં સંયુકતસંઘને સખત હાર આપી.

સંગુત્તવન : આદન ર જા પછી સંગુત્તવન ગાદીએ આવ્યો. આ રાજવીની સામ્રાજ્ય વિસ્તારની નીતિની કેરલના કવિઓએ વીરોચિત પ્રશંસા કરી છે. તે ઉત્તરમાં ગંગા નદી પર્યંત વિજયયાત્રા કરી ગયો હતો.

સંગુત્તવન પછી તેનો પુત્ર યનૈકકન ગાદીએ આવ્યો પરંતુ ચોલ સાથેના યુદ્ધમાં તે કેદ પકડાયો. સંગુત્તવન પછીની લગભગ પાંચ સદીનો ઇતિહાસ અંધકારમય છે. ૮મી સદીનો ચેદન નામે કેરલનો એક સ્વતંત્ર રાજવી પરમેશ્વરવર્મા સાથે સંઘર્ષમાં આવે છે. પાંડય રાજા જટિલ પરાંતકે પણ કેરલને નમાવ્યું હતું.

અન્ય નાના રાજ્યો :

આ સિવાય દક્ષિણ પ્રદેશમાં અન્ય નાનાં રાજ્યો મ્હૈસૂરમાં ગંગો, કુંતલમાં કદંબો; કોલર પ્રદેશમાં બાણો વગેરે ઉદ્ભવ્યા હતા. બેલૂરમાં હોયસાલ

રાજાઓ રાજ્ય કરતા હતા. વરંગલના કાકતીય રાજાઓ પણ દક્ષિણના ઇતિહાસમાં આગળ પડતા હતા. પરંતુ તેમની ખાસ સિદ્ધિઓ નથી.

(૪) તામિલ રાજ્યોનું સાંસ્કૃતિક પ્રદાન :

ભારતીય સંસ્કૃતિની સંકુલ પ્રતિભા ઊભી કરવામાં દક્ષિણનાં ચોલ, પાંડ્ય, પલ્લવ વગેરે તામિલ રાજ્યોનો ફાળો અનુપમ છે. આર્ય અને દ્રાવિડ સંસ્કૃતિના સુભગ મિશ્રણમાંથી સર્જન પામેલી એક આગવી, વિશિષ્ટ, શકિત-શાળી જીવનપ્રણાલિ દક્ષિણમાં ઉત્પન્ન થઈ, અને તે સમગ્ર ભારતના અવિભાજ્ય એકરસ સાંસ્કૃતિક પ્રવાહમાં ઓતપ્રોત બની ગઈ. તામિલ રાજ્યોએ સંસ્કૃતિના ભૌતિક પાસાંઓમાં પણ આગવું પ્રદાન કર્યું, ગાંધાર શૈલીની શિલ્પ અને સ્થાપત્યકલાની એક અનોખી ભાત દક્ષિણ ભારતમાં વિકસાવી. દરિયાપારના, અને ખાસ કરી અગ્નિ એશિયાના દેશો સાથે વ્યાપારી સંબંધો બાંધી સાંસ્કૃતિક અને ભૌતિક પ્રગતિ સાધી. તામિલ રાજ્યોના સંસ્કારવારસા વિશેની મહત્ત્વની માહિતી સંગમ સાહિત્ય, વિદેશી મુસાફરોની નોંધો, શિલાલેખો વગેરેમાંથી પ્રાપ્ત થાય છે.

અ. રાજકીય ક્ષેત્રે :

ઉત્તર ભારતના મૌર્ય અને ગુપ્ત શાસનની પેઠે દક્ષિણ ભારતમાં પણ ચોલ અને અન્ય રાજ્યોમાં રાજાઓનું સર્વોપરિ અને સર્વસત્તાધીશ શાસન હોવા છતાં આ રાજાઓ આપખુદ ન હતા, પરંતુ હિંદુ શાસન પ્રણાલિ મુજબ વિદ્વાન બ્રાહ્મણો અને ઋષિમુનિઓની સલાહ અનુસાર કારભાર કરતા હતા. દક્ષિણ ભારતનું એક આગવું પ્રદાન એ હતું કે વિકેન્દ્રિત શાસનની એક વિશિષ્ટ વ્યવસ્થા તેમણે ઉત્પન્ન કરી, અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ સ્થાપી તેનું પોષણ, સંવર્ધન કર્યું. ચોલ સામ્રાજ્યમાં વહીવટી એકમ ગામ હતું અને પ્રત્યેક ગામડું પોતાનું શાસન પોતે ચલાવી લેતું. ગામડાઓનો સંઘ 'કુર્રમ્' કહેવામાં આવતો અને અનેક કુર્રમ્ મળી 'નાડુ' અને ઘણા નાડુઓ ભેગાં મળી 'કોટ્ટમ્' બનતું. કોટ્ટમનો સંઘ 'મંડલમ્' કહેવાતો. 'ચોલમંડલમ્' રાજ્યની વ્યવસ્થા આ પ્રકારે વિકેન્દ્રિત શાસન દ્વારા કરવામાં આવી હતી. ગ્રામસભા અને જનસભાઓ ગામડાનો વહીવટ સંભાળી લેતા હતા અને રાજાઓ તેમાં માથું મારતા ન હતા. દક્ષિણના શિલાલેખોમાં 'નાટ્ટર'ના ઉલ્લેખ આવે છે તે આવી 'નાડુ'ની સ્થાનિક સંસ્થાઓ હશે. આ સિવાય કારીગરો, વેપારીઓ વગેરેના વ્યાવસાયિક સંઘો હશે તેઓ પણ

પોતાના ઝઘડાઓ પતાવવાનું કાર્ય પોતે ઉપાડી લેતા હશે એમ લાગે છે. ગ્રામસભાઓ ગામડાના માર્ગો, કૂવાઓ, તળાવો, નદી બંધ વગેરે લોકોપયોગી કાર્યો કરતી હતી. તેમના આવકના સાધનોમાં મુખ્યત્વે જમીન મહેસૂલ ઉપર તથા કાપડ અને તેલ વગેરે પર જકાત હતી. નાડુઓમાં વેચાતા માલ ઉપરની દલાલીનો ઉપયોગ નાડુના મંદિરો નિભાવવા માટે કરવાનો હતો, અને તેની જવાબદારી સ્થાનિક સંસ્થાઓના પ્રતિનિધિઓ પર નાખવામાં આવી હશે એમ મનાય છે. તદુપરાંત સ્થાનિક સંસ્થાઓ કરવેરાઉઘરાણી, ન્યાય આપવાનું કાર્ય અને કેળવણી વગેરે કાર્યો ઉપાડી લેતી હતી. જનસભા કે ગ્રામસભાની રચના ચૂંટણીઓ દ્વારા થતી હતી, અને તેની મુદત એક વરસની હતી.

ख. સામાજિક ક્ષેત્રે :

ઉત્તર ભારતની ચાતુર્વર્ણ્યપદ્ધતિ ધીમે ધીમે જટીલ જાતિ-વ્યવસ્થામાં પરિણમી, અને વિવિધ જાતિઓ, પેટાજાતિઓ અને સ્પૃસ્યાસ્પૃસ્યના ભેદભાવો ઉત્પન્ન થયા. એની સરખામણીમાં દક્ષિણ ભારતમાં મુખ્યત્વે પાંચ સામાજિક વર્ગો દૃષ્ટિગોચર થાય છે. (૧) ધર્મગુરુઓ, (૨) જ્યોતિષીઓ. (૩) સરકારી અધિકારીઓ (૪) વેપારીઓ (૫) કારીગરો અને ખેડૂતો. આ વર્ગોમાં વેપારીઓ સરકારી અધિકારીઓ અને ઉપલા વર્ગના લોકો અગ્નિ એશિયા અને યુરોપ સાથેના વેપારને લીધે સમૃદ્ધ બન્યા હતા. નીચલા વર્ગના સામાન્ય ખેડૂતો અને કારીગરો સામાન્ય જીવન જીવતા હતા. આમ છતાં સમાજમાં ગરીબી કે કંગાલિયત ન હતાં. સ્ત્રીઓ જાહેરમાં હરીફરી શકતી. રાજરાણીઓ સુદ્ધાં જાહેર કાર્યક્રમો અને નૃત્યોમાં ભાગ લેતી હતી. દા. ત. હોયસાલ રાજા બલ્લાકવલાની રાણી નૃત્યકલામાં પારંગત હતી. દક્ષિણ ભારતના અગ્રગણ્ય રાજવી કુટુંબોએ નૃત્ય અને સંગીત જેવી લલિત કલાઓને અપનાવી. કન્યાઓ માટે આ કલાઓના શિક્ષણને ગૌરવ અપાવ્યું, જે આજ-પર્યંત ત્યાં પ્રચલિત છે.

(क) આર્થિક ક્ષેત્રે :

રોમન ઇતિહાસકાર પ્લીનીએ રોમનું સોનું ભારત ઘસડાઈ જાય છે એવી ફરિયાદ કરી હતી તે યથાર્થ હતી. ભારતીય ચીજ વસ્તુઓ રોમનાં બજારોમાં મોંઘીદાટ વેચાતી અને બદલામાં સોનું પ્રાપ્ત થતું હતું. દક્ષિણ ભારતનો વેપાર અગ્નિ એશિયાના જાવા સુમાત્રા, બોર્નિયા, બ્રહ્મદેશ અને

યુરોપના દેશો સાથે પુષ્કળ ખીલ્યો હતો. દક્ષિણ ભારતમાંથી તેજાનાઓ, હીરા મોતી, જરઝવેરાત હાથીદાંત વગેરે વસ્તુઓ યુરોપ જતી હતી. માર્કો પોલોએ પાંડયનગરોની સમૃદ્ધિનું વર્ણન કર્યું છે. તાંજોર કાવેરીપટ્ટનમ્ અને મદુરા જેવી રાજધાનીઓ સમૃદ્ધિને લીધે સોળે કળાએ શોભી ઊઠતી હતી.

(ચ) શિલ્પ અને સ્થાપત્યના ક્ષેત્રે :

દક્ષિણ ભારતમાં મૂર્તિવિધાનની અને શિલ્પકલાની વિશિષ્ટ શૈલી પાંગરી હતી. મૂર્તિવિધાનની દ્રાવિડિયન શૈલીમાં મદુરાશૈલી અને ગાંધાર શૈલીની છાયા સ્પષ્ટપણે જોવા મળે છે. એ રીતે ઉત્તર ભારતની શિલ્પકલાનો પ્રભાવ છતો થાય છે, આમ છતાં દ્રાવિડિયન શૈલીની આગવી વિશિષ્ટતાઓ દ્રાવિડિયન મૂર્તિવિધાનમાં અકબંધ રહેવા પામી છે.

દક્ષિણ ભારતનું ભવ્ય સ્થાપત્ય તાંજોર, મદુરા અને ચોલપુરમનાં સુંદર કલાત્મક મંદિરોમાં પ્રગટ થાય છે. પલ્લવોએ સ્થાપત્યકલાને ઉત્તેજન આપ્યું હતું, અને ચૌલોએ એ પ્રણાલિકાનું સંવર્ધન કર્યું. દક્ષિણ ભારતની સ્થાપત્ય-કલાનાં જીવંત અવશેષોમાં બૌદ્ધોનું દુર્ગામંદિર, મેગૂતિનું જૈનમંદિર (ઈ. સ. ૬૩૪) ગોમટેશ્વરનો જૈન સ્તંભ (ઈ સ. ૯૩૮) રાજરાજેશ્વરનું ભવ્ય શિવાલય (ઈ. સ. ૧૦૧૨) વગેરે ભવ્ય સ્થાપત્યો ભૂતકાળની સાક્ષી પૂરે છે. ચોલ રાજવી રાજરાજ સ્થાપત્યનો શોખીન હતો, અને છેક અગ્નિ એશિયા સુધી વિહારોના નિર્માણ માટે વિપુલ દ્રવ્ય ખર્ચ્યું હતું. રાજેન્દ્ર ૧ લાનું ગન્ગેયકોંડ, ચૌલપુરમ્ મંદિરોનું નગર હતું. પાંડય સ્થાપત્યના નમૂનારૂપે ચિદમ્બરમ્ અને શ્રીરંગમના ભવ્ય મંદિરો આજે પણ ઊભેલો છે. દક્ષિણ ભારતમાં સ્થાપત્યમાં ભવ્યતાની સાથે સૌન્દર્યનો સુભગ સંયોગ થયેલો છે. તેના મંદિરોનાં પ્રવેશદ્વારો-(ગોપુરમ) સૂક્ષ્મ અને નયન મનોહર કોતરણીથી માંગલ્યમય વાતાવરણ સર્જે છે. તેના ગોખો ઉત્કૃષ્ટ કલાસર્જનથી શોભે છે. ઉપસાવેલ મૂર્તિવિધાનના સુંદર નમૂનાઓ આજે પણ કાવેરીપટ્ટનમ્, તાંજોર અને મદુરામાં આપણને જોવા મળે છે.

(છ) સાહિત્ય અને લલિત કલાઓ :

દક્ષિણ ભારતનાં તામિલ રાજ્યોમાં ખાસ કરીને ચોલોએ સાહિત્યને ઉત્તેજન આપવામાં મહત્વનો ફાળો આપ્યો હતો. દક્ષિણ ભારતનું ઉત્કૃષ્ટ સાહિત્યનિર્માણ આપણને 'સંગમ' સાહિત્યના ગ્રંથોમાં પ્રાપ્ત થાય છે સંગમ-સાહિત્ય દક્ષિણની તામિલ ભાષામાં મુખ્યત્વે લખાયું હતું, કુલ ત્રણ સંગમો

રચાયાં હતાં. આ સંગમોમાં વિદ્વાન આચાર્યો અને શિક્ષકો વિદ્યાવ્યાસંગ કરતા હતા. તામિલ, તેલુગુ, મલયાલમ્ વગેરે ભાષામાં લખાયેલી કૃતિઓ આ વિદ્વાનો સમક્ષ રજુ કરવામાં આવતી, અને તેઓ તેનો સ્વીકાર કરે ત્યારેજ તે જાહેરમાં રજૂ કરી શકાતી.

સંગમોનું ઉદ્ભવસ્થાન મદુરા, દક્ષિણ ભારતની એક વિદ્યાપીઠ સમુ હતું, અને સેંકડો વરસ સુધી એક વિદ્યાધામરૂપે રહ્યું, પ્રથમ સંગમની એક પણ કૃતિ ઉપલબ્ધ નથી, પરંતુ દ્વિતીય સંગમનો વ્યાકરણનો મહાગ્રંથ તોલ્કાપ્પીયમ્ પ્રાપ્ત થયો છે પ્રથમ સંગમના સ્થળ અને સમય વિશે એવી પ્રણાલિ છેકે તે દરિયામાં ડૂબેલા મદુરામાં આશરે ૪૦૦૦ વરસના લાંબા સમય દરમ્યાન રચાયું તેમાં ૫૪૯ જેટલા વિદ્યાવ્યાસંગીઓ હતા. બીજું સંગમ મદુરાની પાસે કપાટપુરમ્માં અસ્તિત્વમાં આવ્યું હતું, તેમાં પણ દંતકથાઓ અનુસાર ૩૭૦૦ વરસો દરમ્યાન અનેક કવિઓ અને વિદ્યાવ્યાસંગીઓ થઇ ગયા આ સંગમની એક માત્રકૃતિ તોલ્કાપ્પીયમ્ બચવા પામી છે. એમ મનાય છે કે તેનો લેખક તોલ્કાપ્પીયર અગત્સ્ય મુનિનો શિષ્ય હતો. ત્રીજા સંગમ વિશે ઠીકઠીક આધારભૂત માહિતી ઉપલબ્ધ છે, આ સંગમ લગભગ ૧૮૫૦ વરસો સુધી ચાલુ રહ્યું અને તેમાં ૪૯ વિદ્યાવ્યાસંગીઓ અને ૪૪૯ કવિઓ થઇ ગયા. આ સંગમની મુખ્ય કૃતિઓમાં પથ્થુપ્પાતુ, એત્તુથોકઇ, અને પદીનેન્કીલ્કાનકુનો સમાવેશ થાય છે.

પથ્થુપાતું તામિલ ભાષામાં પકૃતિ વર્ણનોના દશ સમૂહ છે. તેમાં કુદરતના દિલચસ્પ વર્ણન ઉપરાંત તત્કાલીન સમાજવ્યવસ્થા, જાતિરિતિ અને રિવાજો વિશે મહત્ત્વની માહિતી પ્રાપ્ત થાય છે. એત્તુથોકઈ આઠ ઊર્મિકાવ્યોનો સંગ્રહ છે, જેમાં તત્કાલીન માનવનો પ્રકૃતિ પરત્વેનો પ્રત્યાખ્યાન નિર્મલ સ્વરૂપે આપણને જોવા મળે છે. પ્રદીનેન્કીલ્કાનકુ પ્રણયકાવ્યો, ધાર્મિકકથાઓ અને કુદરતના વર્ણનો નિરૂપતાં લઘુ-કાવ્યોનો સંગ્રહ છે તેમાં અઢાર કૃતિઓનો સમાવેશ થાય છે. આ કૃતિઓમાં તામિલ મહાકવિ તિરૂવલ્લુવરની 'કુરલ' જગપ્રસિદ્ધ થયેલી છે, આ ગ્રંથ આદર્શ ગૃહસ્થ અને નાગરિકજીવન સદાચાર, જીવનનાં અંતિમ ધ્યેય વગેરે ઉચ્ચ તત્ત્વજ્ઞાનના વિષમોનું કાવ્યમય નિરુપણ કરે છે.

તામિલ સાહિત્યનાં મહાકાવ્યો 'મણિમેખલાઇ' અને શિલપ્પત્તિકારમ્, સંસ્કૃત મહાકાવ્યો રામાયણ અને મહાભારત અને ગ્રીક મહાકાવ્યો ઇલિયડ અને ઓડેસી જેટલાં જ ભવ્ય અને ગૌરવવંતાં છે. શીલપ્પત્તિકારમ્માં કોવલન અને કન્નકિની પ્રાણયકથાનું કાવ્યમય નિરૂપણ આવે છે, પાછળથી રૂપવતી

માધવીના મોહમાં ફસાતાં કોવલનની ભયંકર યાતનાઓ અને તેનું મૃત્યુ કવિએ કરુણ રીતે દર્શાવ્યું છે. માધવીથી ઉત્પન્ન થયેલી મણિમેખલા નામની પુત્રીની કથા બીજાં મહાકાવ્યમાં વર્ણવી છે, આ બન્ને મહાકાવ્યોમાં તત્કાલીન સમાજ-જીવન, રાજકીય પરિસ્થિતિ, નીતિરીતિના આદર્શો વિચારોનું સુંદર નિરૂપણ આપણને જોવા મળે છે

નિષ્કર્ષ :

દક્ષિણ ભારતનાં તામિલ રાજ્યોએ લગભગ દોઢહજાર વરસો સુધી દક્ષિણમાં કાયદો અને વ્યવસ્થા સ્થાપ્યાં એટલું જ નહિ પરંતુ પોતાની અપ્રતિમ પ્રતિભાથી દખ્ખણ, બંગાળ અને અગ્નિએશિયાના દેશોમાં પોતાનું વર્ચસ્વ ફેલાવ્યું. તેમણે શાંતિ અને વ્યવસ્થા સ્થાપી, એક પ્રતિભાશાળી અને સર્જનાત્મક સંસ્કૃતિનું નિર્માણ કર્યું અને દક્ષિણની પ્રજાને સમૃદ્ધ જીવન અર્પ્યું. ખાસ કરીને ચોલ અને પાંડ્ય સમ્રાટોએ ખેતી, વ્યાપાર અને વાણિજ્યનો વિકાસ સાધ્યો. પરદેશો સાથેના સંબંધો વિકસાવ્યા. અને ભારતીય સંસ્કૃતિને અગ્નિ એશિયાના જાવા, સુમાત્રા, મલાયા, બોર્નિયા અને છેક ચીન સુધી ફેલાવી. આ રીતે ભારતીય સંસ્કૃતિને 'વિશાળ ભારત'ના ફલક પર મૂકવાનું મહાભારત કાર્ય પાંડ્ય અને ચોલ રાજાઓ કરી શકયા, અને ભારતીય સંસ્કૃતિની સુગંધ વિશ્વભરમાં ફેલાવી તે બદલ આધુનિક ભારત તેમનું ઋણી છે.

*

બ દક્ષિણનાં અન્ય મહાન રાજ્યો

(૧) કાંચીના પલ્લવો :

પલ્લવોનો રાજકીય ઇતિહાસ :

પ્રાસ્તાવિક : પાંચમી સદીની શરૂઆતમાં તોન્ડામંડલમનો પ્રદેશ પલ્લવરાજ્યોના પ્રભુત્વ હેઠળ હતો. તેમની રાજધાનીનું નગર કાંચી હતું. તામિલ સાહિત્યમાં આ રાજાઓ 'તોન્ડાઈમન' રાજાઓ તરીકે પ્રસિદ્ધ થયેલા છે. પલ્લવ રાજાઓનો રાજ્યવિસ્તાર ઉત્તરમાં કૃષ્ણા નદીથી પાંડ્યોના મદુરાઈ સુધી હતો.

પલ્લવો કોણ હતા? અને કયાંના હતા?: પલ્લવોના મૂળ વિશે ઇતિહાસકારોમાં વિવિધ મતો પ્રવર્તે છે :

(૧) **પહ્લવ પ્રજા :** આ મત અનુસાર પલ્લવો મૂળ પાર્થિયન પરદેશી પ્રજા હતી જે પહ્લવો તરીકે ઓળખાયા છે. તેમણે ભારતની ઉત્તર-પશ્ચિમ સીમા ઉપર રાજ્ય સ્થાપ્યું હતું. પહ્લવો અત્યંત બુદ્ધિશાળી અને કદાવર જાતિ હતી. સંભવતઃ શાલિવાહન રાજાઓએ પહ્લવ જાતિની બુદ્ધિશાળી વ્યક્તિઓને સચીવપદે નિમી હોય અને તેઓ પાછળથી સ્વતંત્ર બની જઈ અલગ રાજ્ય સ્થાપ્યું હેય એ બનવાજોગ છે. પહ્લવો ઉપરથી આ રાજ્યનું નામ પલ્લવ પડયું.

(૨) **'મણિપલ્લવમ નગર'** આ મત અનુસાર પલ્લવોનો પ્રથમ શાસક ચોલપુત્ર હતો. જ્યારે તેની માતા નાગ વંશની કન્યા હતી. આ નાગ રાજકન્યાની જન્મભૂમિ 'પણિપલ્લવમ્' હતી. તે ઉપરથી પલ્લવ રાજ્યવંશ નામ ઊતરી આવ્યું હતું.

(૩) **બ્રાહ્મણ કે ક્ષત્રિય પ્રજા :** શ્રી કાશીપ્રસાદ જયસ્વાલના મતાનુસાર પલ્લવો દ્રોણાચાર્ય અને અશ્વત્થામાના બ્રાહ્મણ વંશજો હતા. પરંતુ શિલાલેખોમાં તેમનો નિર્દેશ ક્ષત્રિયો તરીકે કરવામાં આવેલો છે. આજ લેખક તેમને (પલ્લવોને) વાકાટકોની એક શાખા માને છે.

(૪) ડૉ. આર. સી. મજમુદારના મતાનુસાર પલ્લવો પરદેશીઓ હતા. તેમણે શાતવાહન રાજ્યમાં ઉચ્ચ રાજ્યપાલ વગેરે હોદ્દાઓ મેળવ્યા હતા, અને શાતવાહન રાજ્ય નબળું પડતાં તેઓ પાછળથી સ્વતંત્ર બની ગયા હતા. જ્યારે શ્રી આર. સાથિયન્થરના મત પ્રમાણે પલ્લવો મૂળ ટોંડ-મન્ડલમના જ હતા તેઓ બીજા કોઈ પ્રદેશમાંથી દક્ષિણમાં ઉતરી આવ્યા ન હતા.

(બ) રાજકીય ઇતિહાસ :

પલ્લવવંશની સ્થાપના કરનાર **બપ્પદેવ** નામનો રાજવી માનવામાં આવે છે, ઇ. સ. ની ત્રીજી સદીનાં બે તામ્રપાત્રો 'સ્કંદવર્મન' નામના રાજાનો 'યુવમહારાજ' ધર્મનમહાધિરાજ નામે ઉલ્લેખ કરે છે, ત્યાર પછીના આઠેક રાજાઓના નામો સંસ્કૃત લખાણોમાંથી પ્રાપ્ત થાય છે, આ રાજાઓ વિશેની કડીબંધ વિગતો હજી ગોઠવી શકાઈ નથી, પરંતુ તેઓનું રાજ્ય છઠ્ઠી સદી સુધી ચાલુ રહ્યું હતું, એમ જણાય છે.

સિંહવિષ્ણુ : (ઇ. સ. ૫૮૫-૬૦૦) પલ્લવ રાજ્યવંશનો સર્વ પ્રથમ ચોક્કસ ઇતિહાસ સમ્રાટ સિંહવિષ્ણુંથી પ્રાપ્ત થાય છે. સિંહવિષ્ણુ એક મહાન

વિજેતા હતો. તેણે પડોશના રાજ્યો પોતાની આણુ નીચે આણ્યાં હતાં. સિંહવિષ્ણુ અને પાંડય રાજા કદુન્ગોન સમકાલીન હતા. સિંહવિષ્ણુએ ૫ મી સદી સુધી રાજ્ય કર્યું અને સિલોન પર્યંત વિજય યાત્રા કરી. મહાન સંસ્કૃત કવિ કિરાતાર્જુનીયના રચયિતા ભારવિનો તે આશ્રયદાતા હતો. મહાબલિપુરમના સ્થાપત્ય અને શિલ્પની ભવ્યતાની શરૂઆત આ રાજાના સમયથી થઈ છે એમ માનવામાં આવે છે.

મહેન્દ્રવર્મા (ઈ. સ. ૬૦૦ થી ૬૩૦) :

સિંહવિષ્ણુ પછી તેનો પુત્ર મહેન્દ્રવર્મા (વિચિત્ર ચિત્ત) પલ્લવવંશનો બીજો મહાન રાજા ગાદીએ આવ્યો હતો. ઉત્તર ભારતનો સમ્રાટ હર્ષવર્ધન, ચાલુક્ય સમ્રાટ પુલકેશી ૨ જો અને પલ્લવ સમ્રાટ મહેન્દ્રવર્મા સમકાલીન હતા. એમ જણાય છે કે આ ત્રણેમાં પુલકેશી ૨ જો સૌથી વધુ શક્તિશાળી સમ્રાટ હતો. તેણે હર્ષને નર્મદાના યુદ્ધમાં હાર આપી હતી, જ્યારે મહેન્દ્રવર્માને પણ બીજાં અનેક યુદ્ધોમાં હરાવ્યો હતો, અને પલ્લવોના કેટલાક પ્રદેશો પર પ્રભુત્વ જમાવ્યું હતું. આમ છતાં રાજધાની કાંચી ઉપર મહેન્દ્રવર્માનું આધિપત્ય સતત ચાલુ રહ્યું હતું.

પુલકેશીના આક્રમણોથી રાજકીય રીતે મહેન્દ્રવર્માને સહન કરવું પડ્યું. છતાં પણ આ પલ્લવ સમ્રાટનો સાંસ્કૃતિક ફાળો એકધારો રહ્યો હતો. તે શરૂઆતમાં જૈનધર્મી હતો, પરંતુ પાછળથી સંત અપ્પરને કારણે શૈવપંથ અંગીકાર કર્યો અને શિવ—શંકરનાં ભવ્ય દેવાલયો બંધાવવાની પ્રવૃત્તિમાં તે પડી ગયો. તેને જુદા જુદા બિરુદો ધરાવવાનો શોખ હતો. તેના શિલ્પ સ્થાપત્યના પ્રેમને લીધે તેને 'ચૈત્યકારી' (મંદિરો બાંધનાર)નું ઉપનામ મળ્યું. મત્તવિલાસ, વિચિત્રચિત્ત, ચિત્રકારપ્પુલી (ચિત્રકારોમાં શ્રેષ્ઠ) વગેરે બિરુદોથી તેની પ્રતિભાનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. તે પોતે સાહિત્યપ્રેમી અને લેખકોને આસરો આપનારો હતો. તેનું સ્વરચિત કાવ્ય 'મત્તવિલાસ પ્રહસન' તેના સાહિત્યકલાપ્રેમનું દ્યોતક છે.

નરસિંહવર્મા ૧લો : (મહામલ્લ) (ઈ. સ. ૬૩૦ થી ૬૪૫) પોતાના પિતાના પરાજયોનો બદલો લેનાર મહેન્દ્રવર્માનો પુત્ર નરસિંહવર્મા ૧લો પંદર વરસ રાજ્ય કરી ગયો. પલ્લવ રાજાઓમાં તે સૌથી મોટો રાજા ગણાય છે. ઈ. સ. ૬૪૨માં ચાલુક્યસમ્રાટ પુલકેશી ૨ જાને તેણે સખત હાર આપી

તેની રાજધાની વાતાપી ઉપર સંપૂર્ણ આધિપત્ય જમાવ્યું. તેના સમયમાં જ પલ્લવ સામ્રાજ્ય સર્વોચ્ચ કક્ષાએ પહોંચ્યું. સિંહલદ્વીપ (સિલોન)ના રાજકુમારો પણ તેમની અંદરોઅંદરની તકરારમાં નરસિંહવર્માની મદદ માગવા લાગ્યા.

વિજયી નરસિંહવર્માએ 'વાતાપી કોન્ડ' અને 'મહામલ્લ' જેવાં બિરુદો ધારણ કર્યાં. આ વિજયોની યાદમાં તેણે 'મહામલ્લપુરમ્' નામનું નગર પણ વસાવ્યું હતું.

વિખ્યાત ચીની મુસાફર હ્યુએનત્સાંગે નરસિંહવર્માના સમયમાં કાચીની જાહોજલાલીથી અંજાઈ જઈ આ પ્રદેશને 'રત્નોનો સાગર' એવું ઉપનામ આપ્યું. પોતાના પિતાને પગલે નરસિંહવર્માએ પણ મંદિરો બંધાવ્યાં. તેણે બંધાવેલું ધર્મરાજરથ મંદિર આજે પણ નરસિંહવર્માની કીર્તિગાથાની સાક્ષી પૂરે છે.

પરમેશ્વરવર્મા ૧લો (ઈ. સ. ૬૭૦ થી ૬૯૫) :

નરસિંહવર્મા પહેલા પછી મહેન્દ્રવર્મા ૨જો રાજગાદીએ આવ્યો, પરંતુ તેના સમયની આધારતભૂત માહિતી પ્રાપ્ત થતી નથી. મહેન્દ્રવર્મા ૧લા પછી પરમેશ્વરવર્મા પહેલો રાજ્યારૂઢ થયો, પરંતુ તે ચાલુકયોના આક્રમણનાં ઘોડાપુર ખાળી શકયો નહિ. નરસિંહવર્માની વિદાય પછી ફરીવાર કાંચી જીતી, ચાલુકય સમ્રાટ વિક્રમાદિત્યે જાણે નરસિંહવર્માના વાતાપી વિજયનું વેર લીધું, અને વાતાપીને પલ્લવ શાસનમાંથી મુકત કર્યું. એટલું જ નહિ પણ પરમેશ્વરવર્માને પણ સખત હાર આપી. પલ્લવોના પાટનગર કાંચી ઉપર પોતે આધિપત્ય જમાવી દીધું. પરમેશ્વરવર્મા માટે આ હાર અત્યંત નામોશીભરી હતી, તેણે પોતાની સમગ્ર શકિત એકત્રિત કરી. પેરુવડતંલ્લુરની લડાઈમાં ચાલુકય રાજા વિક્રમાદિત્યને હાર આપી પુનઃ પ્રતિષ્ઠા આપી.

નરસિંહવર્મા ૨ જો (ઈ, સ. ૬૯૫ થી ૭૨૨) :

પલ્લવ રાજવીઓમાં રાજકીયસત્તા સ્થાપનાનું કાર્ય નરસિંહવર્મા ૧લાના સમય દરમ્યાન પરિપૂર્ણ થયું હતું. પાછળથી પરમેશ્વરવર્મા ૧ લાએ તાત્કાલિક કેટલાક પરાજયો મળવા છતાં કાંચીમાં સ્થિર શાસન જાળવી રાખ્યું. આથી ભૌતિક અને સાંસ્કૃતિક વિકાસનું કાર્ય નરસિંહવર્મા ૨ જાના સત્તાવીશ વરસના લાંબા શાસનકાળ દરમ્યાન થઈ શકયું. નરસિંહવર્મા ૨ જાનો સમય એકંદરે શાંતિ અને સુખસમૃદ્ધિનો હતો. આ રાજાના સમયમાં ખાસ

યુદ્ધો થયાં નહિ. તેને પરિણામે તે પોતાની સમગ્ર શકિત કલા સ્થાપત્ય અને પ્રજાકલ્યાણનાં કાર્યોમાં વાળી શકયો. નરસિંહવર્માના સમયમાં દ્રાવિડિયન શૈલીની શિલ્પકલાને પ્રોત્સાહન મળ્યું. કાંચી અને મહાબલિપુરમ્નાં મંદિરો નરસિંહવર્માના કલાપ્રેમની શાખ પૂરે છે. કાંચીનું કૈલાસનાથનું મંદિર અને ઐરાતેશ્વરનું મંદિર તેની ભવ્યતા માટે મશહૂર છે.

નરસિંહવર્મા ૨ જાએ સાહિત્યને પણ ઉત્તેજન આપ્યું હતું. વિખ્યાત સંસ્કૃત કવિ દંડિન્ નરસિંહવર્માના દરબારમાં રહેતો હતો, એવા પુરાવા ડો. કૃષ્ણસ્વામી આયંગરે આપેલા છે.

પરમેશ્વરવર્મા રજો : (ઇ. સ. ૭૨૨થી ૭૩૧)

નરસિંહવર્મા રજા પછી પરમેશ્વરવર્મા રજો રાજગાદીએ આવ્યો. તેના સમયમાં ચાલુકય આક્રમણો પાછાં શરૂ થયાં. તેનું મૃત્યુ ઇ. સ. ૭૩૧માં થતાં તેના રાજઅમલનો અંત આવ્યો.

નંદિવર્મા

ઇ. સ. ૭૩૧માં નંદિવર્મા માત્ર ૧૨ વરસની ઉંમરે રાજગાદીએ આવ્યો પરમેશ્વરવર્માના મૃત્યુ પછી પલ્લવ રાજવંશમાં આંતરકલેશ ઉત્પન્ન થયો હતો. તેને શાંત પાડવામાં નંદિવર્માએ સફળતા પ્રાપ્ત કરી. નંદિવર્માની લશ્કરી તાકાત રાષ્ટ્રકૂટ અને પાંડય રાજાઓને પણ નમાવી શકી હતી. તેણે ચાલુકય રાજા દંતીદુર્ગના આક્રમણને પણ મારી હઠાવ્યાં હતાં, અને ગંગ રાજા શ્રીપુરુશને હાર આપી સામ્રાજ્યવિસ્તાર કર્યો હતો.

નંદિવર્મનના અમલ બાદ દંતીવર્મન નામે પલ્લવ રાજા થયો. તેના સમયમાં પાંડય અને રાષ્ટ્રકૂટોનાં આક્રમણો ચાલુ રહ્યાં. ત્યારબાદ નંદિવર્મા ૩ જા (ઈ. સ. ૮૪૦ થી ૮૬૫)ના સમયમાં પણ પાંડય રાજાઓ પલ્લવો સાથે લડતા રહ્યા. નૃપતુંગ (ઈ. સ. ૮૬૫ થી ૮૮૦) નામના રાજાએ પલ્લવોની પ્રતિષ્ઠા ફરીથી પ્રાપ્ત કરવા પ્રયત્ન આદર્યો હતો. આ વંશમાં છેલ્લો રાજા અપરાજિત નામે થયો. જો કે અપરાજિત અને નૃપતુંગનો સંબંધ હજી સ્પષ્ટ થઈ શકયો નથી.

(क) પલ્લવોનું પતન :

રાજા અપરાજિતના અમલ પછી પલ્લવોના પતનની શરૂઆત થઈ. પલ્લવોનાં પતન માટે ચાલુકયો રાષ્ટ્રકૂટો અને પાંડયોનાં લગાતાર આક્રમણો

જવાબદાર હતાં. આ યુદ્ધોથી પલ્લવ સત્તા ક્ષીણ બની ગઈ હતી. રાષ્ટ્રકૂટો અને પાંડયો જોડે ચોલ રાજાઓ પણ પલ્લવો સામેની દુશ્મનાવટમાં જોડાયા, અને ચોલ રાજા આદિત્ય પહેલાએ ઈ. સ. ૮૯૧ માં એક યુદ્ધમાં પલ્લવોને સખત હાર આપી, જેની વિનાશાત્મક અસરમાંથી પલ્લવો મુક્ત બની શકયા નહિ.

(૩) પલ્લવોની સિદ્ધિઓ :

अ: પ્રાસ્તાવિક : તામિલ સાહિત્યમાં લોન્ડાઈમન રાજાઓ તરીકે જાણીતા થયેલા પલ્લવ રાજાઓએ વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી. પલ્લવ સત્તાએ કાંચીને દક્ષિણનું કેન્દ્રસ્થ નગર બનાવ્યું, ત્યાંથી દક્ષિણ ભારતમાં આર્યકરણની પ્રક્રિયાને વેગ આપ્યો. વળી આ એક ભારતના ઇતિહાસમાં એવો વિલક્ષણ રાજવંશ છે જેના લગભગ એક બે રાજાઓ સિવાયના બધા જ રાજાઓ સાંસ્કૃતિક દૃષ્ટિએ ઓછેવત્તે અંશે મહત્ત્વના છે...આખા દક્ષિણના સાહિત્યનું 'સંસ્કૃત-કરણ' ને લોકધર્મનું 'આર્યકરણ' તેમના દ્વારા જ થયું છે. હિંદના ઇતિહાસમાં આ બિનાને લઈને તેમના કાર્યનું મહત્ત્વ ઘણું અંકાયું છે.

પલ્લવોની રાજકીય અને સાંસ્કૃતિક સિદ્ધિઓ નીચે અનુસાર હતી.

(ब) રાજકીય : રાજા નરસિંહવર્મા ૧લો પરમેશ્વરવર્મા ૧લો અને નરસિંહવર્મા ૨ જાના સમય દરમ્યાન પલ્લવોએ અનેક રાજકીય સિદ્ધિઓ હાંસલ કરી. તેમણે ઉત્તરમાં છેક કૃષ્ણા નદી સુધી રાજ્યવિસ્તાર કર્યો અને ચાલુકય જેવી બળવાન રાજ્યસત્તાને મહાત કરી. તેઓ દક્ષિણ ભારતના તોન્ડામંડલમ્ પ્રદેશને લાંબો સમય સુધી સ્થિર શાસન આપી શકયા અને એક વિશિષ્ટ પ્રકારની સંસ્કૃતિના વિકાસ માટે યોગ્ય વાતાવરણ પૂરું પાડયું.

(क) સાંસ્કૃતિક : પલ્લવોની સાંસ્કૃતિક સિદ્ધિની ભવ્યતા તેમણે પ્રાકૃત ભાષામાં કોતરાવેલા અસંખ્ય શિલાલેખો અને તામ્રપત્રો પરથી માલૂમ પડે છે. પ્રો. પાણીકર જણાવે છે તેમ "આ પ્રાકૃત લખાણો દક્ષિણનાં ક્રમશઃ થતા આર્યકરણની સાબિતી આપે છે અને શ્રી જયસ્વાલના મતનો નિષેધ કરે છે કે પલ્લવો ગુપ્ત રાજાઓની સંસ્કૃત સંસ્કારિતાના દક્ષિણના પ્રતિનિધિઓ હતા.

૬ઠ્ઠી સદી બાદ પલ્લવોનાં બધાં લખાણો સંસ્કૃત ભાષામાં પ્રાપ્ત થાય છે. ઘણાખરા પલ્લવ રાજાઓ પોતે લેખક યા કવિ હતા. અથવા વિદ્વાનોને આસરો આપનારા હતા. રાજા મહેન્દ્રવર્માએ 'મત્તવિલાસ પ્રહસન' નામનું

કાવ્ય લખ્યું હતું. ડૉ. આયંગર જણાવે છે તેમ, કવિ ભારવિ અને દંડિન્ પલ્લવ રાજદરબારને શોભાવતા હતા.

કાંચી વિશ્વવિદ્યાલયે સંસ્કૃતના પ્રખર વિદ્વાનો, ન્યાયભાષાના લેખક વાત્સ્યાયન, અને દિન્નાગ વગેરે આપ્યા. એમ કહી શકાય કે દક્ષિણ ભારતમાં સંસ્કૃતકરણની પ્રચંડ પ્રક્રિયા કાંચી નગરમાંથી શરૂ થઈ અને ધીરે ધીરે અગ્નિ એશિયા તરફ વિસ્તાર પામી.

પલ્લવ રાજાઓના સમયમાં જ મહાન ધાર્મિક સુધારણાની શરૂઆત થઈ, જેનો જુવાળ સમગ્ર ભારતમાં ૮મી સદી દરમ્યાન ફરી વળ્યો. તામિલ ભાષાનો ઉદય વૈષ્ણવ અને શૈવ સંત સુંદરમૂર્તિ પણ પલ્લવ રાજઅમલ દરમ્યાન જ થયા હતા.

પરંતુ પલ્લવોની આગવી સિદ્ધિઓ સ્થાપત્યના ક્ષેત્રમાં જોવા મળે છે. મહામલ્લ. નરસિંહવર્મા ૧લાએ 'મહાબલિપુરમ્' નગર વસાવ્યું. ઈતિહાસકાર ગ્રાઉસેટ કહે છે કે, "ઘણા પુરાણા સમયથી તેઓએ પોતાની આગવી સ્થાપત્યકળાનો વિકાસ કર્યો હતો. દક્ષિણની બધી શૈલીઓ તેમનો આધાર હતી. હ્યુએનત્સાંગની યાત્રા સમયે તેમની રાજધાની માલવીપુરમ્ ભારતીય કલાનો એક શ્રેષ્ઠ નમૂનો હતી." સારાયે પ્રદેશમાં અનેક મંદિરો તેઓએ બંધાવ્યાં હતાં. તેમાં કોતરેલી જાનવરોની આકૃતિઓ, દેવદેવીઓ, પહાડો વગેરે ઘણા ઉત્તમ શિલ્પના નમૂના હતા. તેઓએ કૃષ્ણા જીલ્લાની મહેન્દ્રશૈલી શિલ્પકલામાં પ્રચલિત કરી હતી. તેમના અનેક ગુફામંદિરો સ્થાપત્યકલાના ઉત્તમ નમૂના છે. ત્રિમૂર્તિ, વરાહ, દુર્ગા, પાંચ પાંડવ ગુફા, વગેરે આ સમયના ઉત્તમ ગુફામંદિરો છે. આ ઉપરાંત દ્રૌપદીરથ, અર્જુનરથ, ધર્મરાજ, ભીમ અને સહદેવરથ, ઉત્તમ મંદિરો છે. આમાંયે ગંગાના ઉતરવાનું દૃશ્ય પલ્લવકળાની એક અદ્વિતીય કૃતિ છે, તેમાં ગંગાને દેવતાઓ, જાનવરો અને અનેક જીવો સાથે ઉતરતી બતાવવામાં આવી છે.

આ ઉપરાંત રાજસિંહ શૈલીમાં કાંચીનું ભવ્ય મંદિર અને મહાબલી-પૂરમનું તટમંદિર પલ્લવ રાજાઓના સમયમાં બંધાયેલાં ભવ્ય મંદિરો છે. તેમાં શુંડાકાર મિનાર અને એક ચપટી છતવાળો મંડપ છે. તેની ચારેબાજુ રથોથી જોડાયેલો હોલ છે. તેમાં સિંહવાળા અસંખ્ય આધારસ્તંભો છે—જે શિલ્પકલાનો ઉત્તમ નમૂનો છે.

આમ પલ્લવોનો સાંસ્કૃતિક વિકાસ ઘણો ભવ્ય હતો. હાલમાં પણ તેના પુરાવારૂપ અનેક સાહિત્યકૃતિઓ અને ભવ્ય મંદિર દક્ષિણમાં શોભાયમાન છે.

(૨) વાકાટકો :-

પ્રાસ્તાવિક – પ્રાચીન ભારતમાં દક્ષિણ ભારતના ઇતિહાસમાં વાકાટક-વંશ શક્તિશાળી વંશ તરીકે ઘણો ખ્યાતિ પામેલો છે. ફ્રેંચ ઇતિહાસકાર દુબ્રાઈલ કહે છે કે "પ્રાચીન ભારતના દખ્ખણના ઇતિહાસમાં વાકાટક રાજવંશ જેવો કોઈ પ્રભાવશાળી, શક્તિશાળી, અને સમર્થ વંશ થયો નથી.' પ્રો. ડુબ્રેલ પણ લખે છે કે "ત્રીજીથી છઠ્ઠી શતાબ્દી સુધી દક્ષિણમાં રાજ્ય કરવાવાળા બધા વંશોમાં સર્વશ્રેષ્ઠ, સન્માનપૂર્ણ સ્થાનનો અધિકારી, અને અન્યથી સ્થાનમાં આગળ નીકળી જનારો તેમજ સમસ્ત દક્ષિણની સંસ્કૃતિવાળો વંશ નિઃસંદેહ વાકાટકોનો તેજસ્વી વંશ છે."

આ વાકાટકો ગુપ્તશાસકોના સમકાલીન હતા. તેઓએ મધ્યભારતમાં રાજ્ય કર્યું. ભારતમાંથી વિદેશીઓના શાસનનો–શકો અને કુશાણો–અંત લાવવામાં તેમને મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. શકિતશાળી ગુપ્તસામ્રાજ્યની હયાતીમાં પણ તેમણે પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ટકાવી રાખ્યુ હતું. નાગ–ભારતીય શાસકોએ હિંદુધર્મ અને તેના પુનરૂત્થાનની જે શરૂઆત કરી હતી, તેને પૂર્ણ કરવામાં ગુપ્તોની જેમ તેમણે પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

રાજકીય ઇતિહાસ :–

વાકાટકોના મુળની બાબતમાં ડૉ. જયસ્વાલ માને છે કે તેઓ શરૂઆ-તમાં વાકાટક નામના સ્થળેથી આવ્યા હશે. પરંતુ ડૉ. મીશારી કહે છે કે વાકાટકો મુળ દક્ષિણના જ હતા. પ્રથમ બે વાકાટક રાજવીઓની વંશાવળી અને માહિતી પુરાણોમાંથી મળે છે. વરાડનો પ્રદેશ જીતી તેઓ ત્યાં સ્થિર થયા, એમ પૂના ખાતેના લેખથી માહિતી મળે છે.

વાકાટક રાજવીઓ :– (૧) વિંધ્યશકિતઃ–

આ વંશમાં અનેક રાજવીઓ થઈ ગયા. તેનો સંસ્થાપક વિંધ્યશકિત હતો, જેને અભિલેખોમાં 'વાકાટક વંશકેતુ" કહેવામાં આવ્યો છે. અજંતાના એક અભિલેખમાં તેની ઘણી પ્રશંસા કરવામાં આવી છે. તેને ઘણા યુદ્ધો કર્યા અને વિજયો મેળવ્યા. ઈન્દ્ર અને વિષ્ણુ સાથે તેની તુલના કરવામાં આવી છે.

તેની પાસે ઘણી મોટી અશ્વસેના હતી. તેને સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી. આ પહેલાં તે ભારશિવોનો શાસક હતો. તેના શાસનનો સમય ઇ. સ. ૨૫૫ થી ૨૭૫ સુધીનો માનવામાં આવે છે.

(૨) પ્રવરસેન પહેલો :-

પુરાણો પ્રમાણે વિંધ્યશકિત પછી તેનો પૂત્ર પ્રવરસેન-૧લો રાજા બન્યો. તેને ૬૦ વર્ષ સુધી રાજ્ય કર્યું. તે ઘણો શકિતશાળી રાજા હતો. જેવા રીતે અકબરને મોગલ સમયનો વાસ્તવિક સંસ્થાપક માનવામાં આવે છે તે રીતે પ્રવેરસેન-૧. લાને પણ આ વંશનો વાસ્તવિક સ્થાપક માનવામાં આવે છે. તેણે તેનું રાજ્ય નર્મદા સુધી વિસ્તાર્યું. તેણે સાત યજ્ઞ કરવાનું શ્રેય મળ્યું છે—અગ્નિષ્ટોન, અપ્તોર્યમ, વાજપેય, જ્યોતિષ્ટોન, બૃહસ્પતિશીવ, શદ્ગયસ્ક, અને અશ્વમેધ. તેણે ચાર અશ્વમેધ યજ્ઞ કર્યાં હતા, અને તે દ્વારા ચાર યુદ્ધો કરીને (૧) પૂર્વ અને ઉત્તરપૂર્વના વિભાગો, (૨) દખ્ખણનો વરાડ પ્રદેશ, (૩) ઉત્તરખંડમાં બાઘેલખંડ, સત્તીસગઢ, અને (૪) ગુજરાત, માળવા અને કાઠિયાવાડ જીત્યા. આમ તેણે વિસ્તૃત પ્રદેશો મેળવ્યા. તે સમયે ભારશિવો શકિતશાળી હતા. આથી તેમની સાથે તેના પુત્રનો વિવાહસંબંધ બાંધી પોતાના શાસનને સ્થિર કર્યું.

પ્રવરસેનને ચાર પુત્રો હતા. આમાં બે પુત્રો (૧) ગૌતમીપુત્ર અને (૨) સર્વસેનની વિગતો મળે છે. જેઓ બંને રાજાઓ બન્યા હતા. અન્ય બે પુત્રોની માહિતી મળતી નથી.

(૩) રૂદ્રસેન-૧ લો :

પ્રવરસેન-૧ લાનો સૌથી મોટો પુત્ર તેના પહેલાં જ મરણ પામ્યો હતો. આથી તેનો પૌત્ર રૂદ્રસેન-૧ લો તેનો ઉત્તરાધિકારી બન્યો. તે ભારશિવ રાજકુમારીનો પુત્ર અને સમુદ્રગુપ્તનો સમકાલીન હતો. જો કે ડૉ. મીરાશી તેને સમકાલીન માનતા નથી. તેને સમુદ્રગુપ્તને હાથે સખ્ત પરાજય મળ્યો. આથી મધ્યભારતના અને નર્મદાની દક્ષિણના કેટલાક પ્રદેશો તેને ગુમાવ્યા. આથી વાકાટકોની સીમા ઘટીને ઉત્તરવિદર્ભ સુધીની જ રહી.

(૪) પૃથ્વીસેન-૧ લો :

રૂદ્રસેન પછી તેનો પુત્ર પૃથ્વીસેન-૧ લો રાજા બન્યો. વાકાટક રાજ્યમાં તેને કુંતલ પ્રદેશ જીતી લઈ વધારો કર્યો. આ કુંતલ પ્રદેશ હાલનો કન્નડ પ્રદેશ

કહેવાય છે. તેને શકિતશાળી ગુપ્ત સમ્રાટ ચંદ્રગુપ્ત-૨ જા સાથે લગ્નસંબંધોથી સારા સંબંધો ટકાવી રાખ્યા.

(૫) રૂદ્રસેન-૨ જો :

પૃથ્વીસેન પછી તેનો પુત્ર રૂદ્રસેન ૨ જો રાજા બન્યો. તે ચંદ્રગુપ્ત બીજાનો સમકાલીન હતો, આથી તેના પ્રભાવથી તે વૈષ્ણવધર્મી બન્યો હતો. તેને ચંદ્રગુપ્તને શકો સાથેના યુદ્ધમાં મદદ કરી સારી ખ્યાતિ મેળવી હતી.

(૬) પ્રભાવતીગુપ્તા :

રૂદ્રસેનનું પાંચ વર્ષના શાસન દરમિયાન મૃત્યુ થયું. તે વખતે તેના બંને નાના પુત્રો પાંચ અને બે વર્ષના હતા. આથી તેની રાણી પ્રભાવતી-ગુપ્તાએ પોતાના પિતા ચંદ્રગુપ્ત બીજાની સહાયથી પુત્રોને બદલે રાજ્યપાલક તરીકે કુશળતાથી શાસન કર્યું. દામોદરસેન ઉંમરલાયક થતાં પ્રવરસેન બીજાની પદવી ધારણ કરી ગાદીએ આવ્યો.

(૭) પ્રવરસેન બીજો :

મોટો પુત્ર દિવાકરસેન નાની ઉંમરે અવસાન પામતાં દામોદરસેન આ પદવી ધારણ કરી ૨૦ વર્ષની ઉંમરે ગાદીએ આવ્યો. તેને ચંદ્રગુપ્તના અવસાન પછી સ્વતંત્ર શાસન સ્થાપ્યું. તેની સાંસ્કૃતિક સિદ્ધિઓ નોંધપાત્ર છે. તેને પિપરસેન નગરની સ્થાપના કરી. તે જાતે કવિ હતો. 'સેતુબંધ' નામનું કાવ્ય તેને રચ્યું હતું.

(૮) નરેન્દ્રસેન :

પ્રવરસેન-બીજા પછી તેનો પુત્ર નરેન્દ્રસેન ગાદીએ આવ્યો. તેને ઉત્તર અને પૂર્વના કેટલાક પ્રદેશો જીતી લીધા. જો કે તેનો સમય કટોકટીનો હતો.

(૯) અંતિમ રાજવીઓ :

નરેન્દ્રસેન પછીના રાજવીઓ નિર્બળ રાજવીઓ પુરવાર થયા. નરેન્દ્રસેન પછી તેનો પુત્ર પૃથ્વીસેન બીજો ગાદીએ આવ્યો. તેને એક લેખમાં "વંશની ખોયેલી કીર્તિને પ્રાપ્ત કરવાવાળો" કહ્યો છે. તે ઉપરથી કહી શકાય કે વાકાટકોના પતનને તેને ઉત્થાનમાં ફેરવ્યું હશે. પણ આ રાજવી આ મુખ્ય શાખાનો અંતિમ રાજવી હતો. તેના પછી આખુયે વાકાટક રાજ્ય બસીમ શાખાના હાથમાં ગયું.

બાસીમ શાખા : સર્વસેન આ શાખાને સંસ્થાપક હતો. તે પ્રવરસેન પ્રથમને પુત્ર હતો. તેના ઉત્તરાધિકારીઓમાં વિંધ્યસેન બીજો, દેવસેન, હરિષેણુ વગેરે રાજવીઓ થઈ ગયા. હરિષેણુ પછી વાકાટક વંશની આ શાખા વિશે ખાસ કંઈ જાણવા મળતું નથી. હરિષેણે વાકાટકોની મૂળ શાખાનું રાજ્ય પડાવી લીધું હતું અને તે વધુ શક્તિશાળી હતો એટલી જ માહિતી મળે છે. ત્યારબાદ ૪૦ થી ૫૦ વર્ષ સુધી વાકાટકોની આ શાખા ટકી હશે એમ માનવામાં આવે છે. ઈ. સ. છઠ્ઠી સદીના મધ્યમાં આ વંશનું પતન થયું.

(બ) વાકાટકોની સિદ્ધિઓ :

વાકાટકોના સમયમાં ધર્મ, કલા અને સાહિત્યના ક્ષેત્રોમાં સારો એવો વિકાસ થયો હતો, તેઓ ચૂસ્ત હિન્દુ હતા, તેમાંના ઘણાખરા શિવના અનુયાયીઓ હતા. અને તેઓ મહેશ્વર કે મહાભૈરવના નામથી શિવની ઉપાસના કરતા હતા. પરંતુ ચંદ્રગુપ્ત બીજાનો જમાઈ રૂદ્રસેન વિષ્ણુનો ઉપાસક હતો. તેઓએ કેટલાયે યજ્ઞો કર્યા હતા. અને વિદ્વાન બ્રાહ્મણોને ભૂમિ દાનમાં ગામડાં આપ્યાં હતાં.

તેઓ વિદ્વાનોના આશ્રયદાતા હતા. એટલું જ નહિ પોતે પણ પ્રસિદ્ધ લેખકો અને કવિઓ હતા. સર્વસેન પ્રાકૃત કાવ્ય 'હરિવિજય' અને કેટલીક ગાથાઓ રચી હતી. પ્રવરસેન બીજાએ પણ કેટલીક ગાથાઓ, સેતુબંધ કાવ્ય, વગેરે રચ્યાં હતાં. કેટલાક લેખકો એમ પણ માને છે કે કાલિદાસ કેટલોક સમય પ્રવરસેનના દરબારમાં પણ રહ્યા હશે, અને મેઘદૂતની રચના તેઓએ અહીં કરી હશે.

તેઓ શિલ્પ, ચિત્રકલા, મૂર્તિકલા વગેરેના પણ સંરક્ષક હતા. વિદર્ભના ટીગોવા અને નકના ખાતેનાં તેમના સમયનાં બંધાયેલ મંદિરો હજુપણ તેના પુરાવારૂપ છે. તેમાં રહેલા સ્તંભોનું કોતરણીકામ ઘણું ભવ્ય છે. તેમાં ઈરાની કળાનું મિશ્રણ નજરે પડે છે. આ મંદિરમાં ગંગા યમુનાની મૂર્તિઓ છે, જે મૂર્તિકલાના ઉત્તમ નમૂનારૂપ છે. અજંતાની ગુફા નં. ૧૬, ૧૭, અને ૧૮ વાકાટક સમયની ચિત્ર અને મૂર્તિકલાના પુરાવારૂપ છે. વાકાટક વંશના રાજા હરિષેણના મંત્રી વરાહદેવે ગુફા નં. ૧૬ બંધાવી હતી. તેમાં ૬૬'×૬૫'×૫૯' નો મોટો હૉલ છે, કલાની દૃષ્ટિએ આ ત્રણે ગુફાના નમૂના ભવ્ય છે. કરૂણા, વિચાર, કળાત્મક કુશળતા અને રંગની દૃષ્ટિએ તે ઘણી પ્રસંશનીય છે.

આમ સાંસ્કૃતિક દૃષ્ટિએ વાકાટકોએ ઘણી સિદ્ધિઓ પ્રાપ્ત કરી હશે, એમ કહી શકાય.

(૩) ચાલુકયો :

(क) પ્રાસ્તાવિક : છઠ્ઠા સદીના મધ્યભાગથી ગુપ્તોના પતનની શરૂઆત થઇ ગઇ હતી ત્યારે દક્ષિણમાં જે અનેક સત્તાઓ વિકસી તેમાંના એક ચાલુકયો હતા. છઠ્ઠીથી આઠમી અને તે પછી દશમીથી બારમી શતાબ્દી સુધી ચાલુકય-વંશ દક્ષિણમાં સૌથી વધુ શક્તિશાળી સત્તા તરીકે ટકયો હતો. પરિણામે દક્ષિણ ભારતમાં તે મહાન શક્તિશાળી સત્તા કહેવાઈ.

(ख) ચાલુકયવંશની ઉત્પત્તિ :

ચાલુકયોની ઉત્પત્તિ અથવા તેમના મૂળ બાબતમાં આધારભૂત માહિતીને અભાવે વિવાદાસ્પદ વિષય રહ્યો છે. ડૉ. વી. એ. સ્મિથ જણાવે છે કે "ચાલુકયો વાસ્તવમાં ચાપો સાથે સંબંધ ધરાવતા હતા. અને તે રીતે વિદેશી ગુર્જરો સાથે તેમનો સબંધ હશે કારણ કે ચાપો તેમની (ગુર્જરોની) જ એક શાખા હતી. આ મતની વિરૂદ્ધમાં ડૉ. ડી. સી. સરકાર જણાવે છે કે 'ચાલુકકો કન્નડ કુટુંબના હતા, જે ક્ષત્રિય હોવાનો દાવો કરે છે.' જો કે આ બાબતમાં ડૉ. સરકારે કંઇએ પુરાવા આપ્યા નથી. કેટલાક વિદ્વાનો તેમને ઉત્તર ભારતના માને છે. અને સૌપ્રથમ તેઓએ અયોધ્યામાં રાજ્ય કર્યું હતું. તેમના મળી આવેલ લેખો ઉપરથી લાગે છે કે તેઓ માનવ્ય ગૌત્રના અને હારિતી વંશના હતા, તેઓ સપ્તમાતૃ દ્વારા પોષાયા છે કે જે માનવમાત્રની માતાઓ હતી. તેથી ઉલટું કલ્યાણીના ઉત્તરકાલિન ચાલુકયોમાં તેમને મનુ અને ચંદ્ર સાથે સરખાવીને ઉત્તર કોશલની રાજધાની અયોધ્યાના બતાવવામાં આવ્યા છે. આમ ચાલુકયોના મૂળ વિશે મતમતાંતર છે, તેથી તેમની ઉત્પત્તિ વિશે ચોક્કસ કંઇએ કહી શકાતું નથી.

(ग) ચાલુકયોનો રાજકીય ઇતિહાસ :

આ વંશનો મૂળ સ્થાપક જયસિંહ હતો. જેણે મૂળ શાખાની સ્થાપના કરી. આમાં કુલ ૪૯ રાજાઓએ અયોધ્યામાં અને ૧૬ રાજાઓએ દક્ષિણાપથમાં રાજ્ય કર્યું. ઇ સ. ની બારમી સદી સુધીના ચાલુકયોના રાજકીય ઇતિહાસને આપણે ચાલુકયોના જુદા જુદા ત્રણ વંશોના અથવા શાખાઓના ઇતિહાસમાં વહેંચી શકીએ, (૧) બાદામી ચાલુકયવંશ, (૨) પૂર્વનો ચાલુકયવંશ

અને (૩) કલ્યાણી અથવા પશ્ચિમી ચાલુકયવંશ. આમાં બાદામીવંશે બે સદી, (છઠ્ઠીની મધ્યથી આઠમી), કલ્યાણીવંશે દશમી સદીના ઉત્તરાધમાં અને પૂર્વના ચાલુકયવંશે સાતમીથી બારમી સદી સુધી રાજ્ય કર્યું.

(અ) બાદામી ચાલુકયવંશ :—

પુલકેશી ૧ લો :

મૂળ સ્થાપક જયસિંહ પછી રાજકીય સ્થાપક પુલકેશી પહેલાએ બાદામી પાસે એક શક્તિશાળી કિલ્લાનું નિર્માણ કર્યું. તેને ઈ. સ. ૫૩૫ થી ૫૬૬ સુધી રાજ્ય કર્યું. સૌપ્રથમ 'મહારાજા'ની પદવી ધારણ કરી. આ ઉપરાંત 'સત્યાશ્રય', 'શ્રી પૃથ્વી-વલ્લભ', 'શ્રી વલ્લભ' અને 'વલ્લભ' પદવી પણ ધારણ કરી હતી. તેને ખાસ મોટા વિજયો કર્યા હોય તેમ માલુમ પડતું નથી.

કીર્તિવર્મા ૧ લો :

પુલકેશી પછી તેનો પુત્ર કીર્તિવર્મા પ્રથમ શાસક બન્યો. તેને પણ 'પુર રણ પરાક્રમ', 'વલ્લભ' અને 'પૃથ્વીવલ્લભ' પદવીઓ ધારણ કરી. તેને બનવાસીના કદંબો, કોંકણના મૌર્યો, અને બરતારના નળોને જીતીને રાજ્યવિસ્તાર કર્યો. આ ઉપરાંત તેને કોંકણ, બંગ, અલિંગ, કલિંગ, મગધ, કેરલ, મદ્રક, ગંગ, ભૂષક, પાંડય, દ્રમિલ, અલૂક અને વૈજયન્તિના શાસકોને પણ પરાજિત કર્યા હતા.

મંગલેશ :

ઈ. સ. ૫૯૮ માં કીર્તિવર્મા પછી તેનો નાનો ભાઈ મંગલેશ રાજા બન્યો. તેને કલચૂરિયો અને રૈવતીદ્વિયના વિજયો કર્યા.

કીર્તિવર્મા ૧ લાને પુલકેશી બીજા નામનો પુત્ર હતો. મંગલેશે પોતાના પુત્રને ઉત્તરાધિકારી બનાવવા પ્રયત્ન કર્યો. આથી મંગલેશ અને પુલકેશી વચ્ચે ગૃહ-યુદ્ધ થયું, જેમાં તેને મારી નાખવામાં આવ્યો અને પુલકેશી બીજો ગાદીએ આવ્યો.

પુલકેશી બીજો :

પુલકેશી બીજો ચાલુકયવંશનો સૌથી મહાન રાજવી હતો. તેને ઈ. સ. ૬૧૦ થી ૬૪૨ સુધી રાજ્ય કર્યું. તે 'વલ્લભ', 'પૃથ્વીવલ્લભ',

'પરમેશ્વર પરમભાગવત' વગેરે નામોથી પ્રખ્યાત હતો. તેને અનેક વિજયો કર્યા અને દક્ષિણમાં ચાલુકયસત્તાને સર્વોપરી સત્તા બનાવી.

જૈનકવિ રવિકીર્તિના ઐહોલના અભિલેખ પરથી જાણી શકાય છે કે તેને કદંબોની રાજધાની બનવાસી ઉપર ચઢાઈ કરી તેને જીતી લીધું. દક્ષિણી મૈસુરના ગંગો અને અનુપોએ તેનું આધિપત્ય સ્વીકાર્યું. લાટ, માળવા અને ગુજરાતે પણ તેનાથી પ્રભાવિત થઈ તેની મિત્રતા બાંધી. કોંકણના મૌર્યો ઉપર આક્રમણ કરી તેમને હરાવ્યા. તે પછીની તેની સૌથી મોટી જીત કનોજના રાજા હર્ષવર્ધન સામેની ગણી શકાય. તેને હર્ષને સખત હાર આપી દક્ષિણ તરફ આગળ વધતો અટકાવી દીધો, અને 'પરમેશ્વર'ની પદવી ધારણ કરી. તેના ઉત્તરાધિકારીઓના અભિલેખમાં કહેવામાં આવ્યું છે કે, "ઉત્તરના સમસ્ત પ્રદેશના યુદ્ધપ્રિય સ્વામી કીર્તિવાન હર્ષવર્ધનને પરાજય આપ્યો."

ઐહોલના અભિલેખમાં કહેવામાં આવ્યું છે કે દક્ષિણ જતાં ચાલુકય સત્તાએ પિતૃપુર દુર્ગ ઉપર આક્રમણ કરી તેના રાજાને પદચ્યુત કરી પુલકેશીના નાના ભાઈને ગાદી આપી. અને આમ પૂર્વીય ચાલુકયવંશની શરૂઆત કરી.

આ ઉપરાંત પુલકેશીએ પલ્લવોના રાજા કીર્તિવર્માને હાર આપી અને દૂર દક્ષિણમાં ચોલ, ચેર અને પાંડય રાજ્યો સાથે મિત્રતા બાંધી. આમ આ વિશાળ દિગ્વિજયથી વિંધ્યાચળ પર્વતથી દક્ષિણનો સમસ્ત અને દખ્ખણ ભારતનો પ્રદેશ તેના શાસન નીચે આવ્યો.

તેણે પરદેશો સાથેનો સંબંધ દૃઢ બનાવવા પર્શિયન સમ્રાટ ખુશરૂ બીજાના દરબારમાં દૂતો મોકલ્યા હતા.

તેણે પલ્લવોને હાર આપી હતી, પણ તેમનો નાશ કરી શકયો નહતો. ધીમે ધીમે પલ્લવસત્તા મજબૂત બની અને તેના મહાન રાજા નરસિંહવર્માને તેના અમલના છેલ્લા વર્ષોમાં બાદામી પર ચઢાઈ કરી તેને મારી નાખ્યો. તેના મૃત્યુ પછી ચાલુકયવંશ ટકયો પણ તે લાંબો સમય ટકયો નહિ.

હ્યુએનત્સાંગે પુલકેશી બીજાની રાજધાનીની મુલાકાત લીધી હતી. તે લખે છે કે 'પુલકેશી બીજો ક્ષત્રિય હતો. તેની પ્રજા સ્વેચ્છાથી તેની આજ્ઞાનું પાલન કરે છે. તેની યોજનાઓ અને ઉદ્દેશ્ય વિસ્તૃત હતા. તેનો રાજ્ય વિસ્તાર પાંચ માઈલ હતો. તેની પશ્ચિમે નદી હતી. જમીન ઘણી ફળદ્રુપ છે અને તેમાં

નિયમિત ખેતી થાય છે." આ ઉપરથી પુલકેશી બીજાની મહાનતાનો ખ્યાલ આવે છે.

વિક્રમાદિત્ય પહેલો :

પુલકેશી બીજાના મૃત્યુ પછી પલ્લવોના હાથમાં બાદામી અને દક્ષિણના કેટલોક પ્રદેશ કેટલાંક વર્ષો સુધી પલ્લવોના આધિપત્યમાં રહ્યો. પરંતુ અંતે આવેલ વિક્રમાદિત્ય પહેલો, પલ્લવો પાસેથી બાદામી પ્રદેશ પ્રાપ્ત કરવામાં સફળ થયો. આમાં પોતાના પિતાની ગાદીએ બેઠેલા પૂર્વના ચાલુકયોએ પણ તેને મદદ કરી હતી.

વિક્રમાદિત્યે પણ સત્યાશ્રય, રણરસીક, રાજમલ્લ, શ્રીપૃથ્વીવલ્લભ, ભટ્ટારક મહારાજાધિરાજ પરમેશ્વર વગેરે પદવીઓ ધારણ કરી પરંતુ તેણે પલ્લવો સાથેના સતત સંઘર્ષમાં રહેવું પડયું હતું.

વિનયાદિત્ય :

વિક્રમાદિત્ય પછી તેનો પુત્ર વિનયાદિત્ય ગાદીએ આવ્યો. તેને ઈ. સ. ૬૮૧ થી ૬૯૬ સુધી રાજ્ય કર્યું. તેણે પણ પલ્લવો, કેરલો, હૈહૈયો, ચોલો, પાંડયો વગેરે સાથે સંઘર્ષમાં ઉતરવું પડયુ હતું. પણ તેના પરિણામની વિગતો મળતી નથી.

વિજયાદિત્ય :

વિનયાદિત્ય પછી તેનો પુત્ર વિજયાદિત્ય રાજા બન્યો. તેનો સમય શાંતિપૂર્ણ હતો. તેણે જૈન મંદિર બંધાવ્યુ અને જૈનોને ઘણાં દાન કર્યાં.

વિક્રમાદિત્ય બીજો :

વિજયાદિત્ય પછી વિક્રમાદિત્ય બીજો ગાદીએ આવ્યો. તેના સમયમાં આરબ આક્રમણો થયાં. પલ્લવો સાથે પણ સંઘર્ષ ચાલુ રહ્યા. તેણે ચોલ, પાંડય અને ચેર રાજ્યો ઉપર વિજય કર્યો અને પલ્લવો ઉપર આક્રમણ કરી પલ્લવ રાજા પરમેશ્વરવર્માને મારી નાખ્યો. તેણે સ્થાપત્યકળાનો શોખીન અને વિદ્વાનોનો સંરક્ષક કહેવામાં આવ્યો છે.

કીર્તિવર્મા બીજો :

વિક્રમાદિત્ય પછી તેનો પુત્ર કીર્તિવર્મા બીજો રાજા બન્યો. ઈ.

સ. ૭૪૬ થી ૭૫૭ સુધી તેને શાસન કર્યું. આ વંશનો તે અંતિમ શાસક હતો. આ સમયે રાષ્ટ્રકુટોની શક્તિ ઘણી વધતી જતી હતી. તેના મહાન રાજા દુંતીદુર્ગે કીર્તિવર્માને સખ્ત પરાજય આપી પોતાના રાજ્ય સાથે મિલાવી દીધું. અને આમ આ શાખાનો અંત આવ્યો.

(૨) કલ્યાણીનો ઉત્તરકાલીન પશ્ચિમી ચાલુક્ય વંશ :

આ વંશનો સ્થાપક તૈલપ બીજો હતો. તેને ઈ. સ. ૯૭૩ થી ૯૯૭ સુધી રાજ્ય કર્યું. તેણે તેના પૂર્વજોએ ગુમાવેલું રાજ્ય ફરીથી પ્રાપ્ત કર્યું. અને મહારાજાધિરાજ પદવી ધારણ કરી. તેણે ચેદી, ઓરીસા, નેપાલ અને કુંતલના વિજયો પ્રાપ્ત કર્યા. આથી તેઓ પોતાને કન્નડ જીલ્લાના સ્વામિ કહેતા.

તૈલપ બીજા પછી તેનો પુત્ર સત્યાશ્રય રાજા બન્યો. તેણે ચોલવિજય પ્રાપ્ત કર્યો. તેના પછી જગદેકમલ્લ ગાદીએ આવે છે, જેણે માળવાના રાજા ભોજને હરાવ્યો હતો. તે પછી સોમેશ્વર પહેલો ગાદીએ આવે છે જેણે ઈ. સ. ૧૦૪૨ થી ૧૦૬૧ સુધી રાજ્ય કર્યું. તેણે ચોલ રાજા રાજેન્દ્રને હરાવ્યો.

તે પછી તેનો પુત્ર સોમેશ્વર બીજો ગાદીએ આવે છે, પણ તે કુકર્મોમાં પડી ગયો. આથી તેના ભાઈ વિક્રમાદિત્યે તેના હાથમાંથી ગાદી પચાવી પાડી. તેણે કોંકણ અને કેરલના પ્રદેશો જીત્યા, તેવી જ રીતે ચોલ રાજા વીરરાજેન્દ્રને હરાવી તેની પુત્રી સાથે લગ્ન કર્યા.

વિક્રમાદિત્ય પછી સોમેશ્વર ત્રીજો અને તે પછી જગદેકમલ્લ બીજો, ગાદીએ આવે છે. જેમાં જગદેકમલ્લના સમયમાં દેવગીરીના યાદવોએ ચાલુકયોની આ શાખા પર આક્રમણ કરી જીતી લીધી. અને તે રીતે ઈ. સ. ૧૧૬૩માં આ શાખાનું પતન થયું.

(૩) પૂર્વનો ચાલુકયવંશ :—

આ વંશનો સંસ્થાપક વિષ્ણુવર્ધન હતો, જે પુલકેશી બીજાનો ભાઈ થાય. શરૂઆતમાં ઈ. સ. ૬૧૫ થી ૬૩૧ સુધી તેને પુલકેશીના મંત્રી તરીકે કારભાર કર્યો. પરંતુ ત્યારપછી તેણે પોતાના રાજ્યને સ્વતંત્ર જાહેર કરી દીધું. અને આંધ્ર દેશમાં પૂર્વીય ચાલુકય વંશની સ્થાપના કરી. તેની રાજધાની વેંગી હતી. આથી તેમને 'વેંગીના ચાલુકયો' પણ કહેવામાં આવે છે. તેણે ૧૮ વર્ષ રાજ્ય કર્યું.

વિષ્ણુવર્ધન પછી તેનો પુત્ર જયસિંહ ગાદીએ આવે છે. તેણે ઈ. સ. ૬૩૩ થી ૬૬૩ સુધી રાજ્ય કર્યું જો કે તેની ખાસ સિદ્ધિઓ જાણવા મળતી નથી. જયસિંહ પછી તેનો ભાઈ ઈન્દ્રવર્મા રાજા બન્યો. પરંતુ તેણે એક અઠવાડિયું જ રાજ્ય કર્યું. અને તે પછી તેનો પુત્ર વિષ્ણુવર્ધન બીજો રાજા બન્યો. આ પછી ઈ. સ. ૬૭૨ થી ૮૪૩ સુધીમાં મંગી યુવરાજ, જયસિંહ બીજો, કોક્કિલ, વિષ્ણુવર્ધન ત્રીજો, વિજયાદિત્ય બીજો અને ત્રીજો એમ અનેક રાજવીઓ થઈ ગયા. પરંતુ તેઓએ કોઈ મહાન રાજ્યની સ્થાપના કરી નહિ. છતાં તેમની મુખ્ય શાખાનો નાશ કરનાર રાષ્ટ્રકુટો સામે તેઓએ નમતું જોખ્યું ન હતું. પરંતુ અંતે છેલ્લા રાજા વિજયદિત્ય ૬ ઠાનો ચોલ રાજા રાજરાજ પહેલાએ હરાવ્યો અને સારું ય ચાલુકય રાજ્ય પોતાને હસ્તક કરી લીધું.

(ड) ચાલુકયની સિદ્ધિઓ :—

ચાલુકયો બ્રાહ્મણધર્મના અનુયાયીઓ હતા. પરિણામે તેઓએ પૌરાણિક દેવદેવીઓના ભવ્ય મંદિરો બંધાવ્યાં. પત્થર અને ઈંટોના અસંખ્ય સ્તૂપો બંધાવ્યાં. બાદામીમાં બ્રહ્મા, વિષ્ણુ અને શિવનાં ભવ્ય સ્મારકો બનાવવામાં આવ્યાં. અજંટાની ગુફા નં ૧ ચાલુકયોએ કોતરાવી હતી. તેમાં જે અનેક ચૈત્યસદન છે, તે પણ ચાલુકયોએ બંધાવ્યાં હતાં. આ સમયમાં અનેક ભવ્ય શિવમંદિરો અસ્તિત્વમાં આવ્યા જેમાં સંગમેશ્વર અને લોકેશ્વર દક્ષિણમાં ઉત્તમ સ્થાપત્યકલાના નમૂના કહેવાય છે. અત્યારનાં દક્ષિણનાં મંદિરોમાં ચાલુકયોએ તેમાંના અનેક બંધાવ્યાં છે, તેમ માનવામાં આવે છે.

સાહિત્યના ક્ષેત્રે પણ સારો એવો વિકાસ થયો હતો. યજ્ઞપદ્ધતિનાં કેટલાંયે પુસ્તકો આ સમયે લખાયાં હતાં. જો કે તેની વધુ માહિતી મળતી નથી.

આટલું યાદ રાખીએ તો........

તામિલ રાજ્યો :-

ભારતના ત્રણ વિભાગો–ઉત્તર ભારત, દખ્ખણ અને દક્ષિણ ભારત–તેમાં દૂર દક્ષિણના પ્રદેશમાં ચોલ, પાંડય અને ચેર તામિલ રાજ્યો વિકસ્યાં.

રાજકીય ઇતિહાસ :-

રાજકીય ઈતિહાસ જાણવા માટેનાં અપૂરતાં સાધનો છે. છતાં તામિલકાવ્યો અને સંગમસાહિત્ય, અશોકના શિલાલેખો, બૌદ્ધસાહિત્ય,

જૈનસાહિત્ય અને પરદેશી નોંધોમાંથી ઘણી ઐતિહાસિક સામગ્રી મળે છે.

વિવિધ તામિલ રાજ્યો :-

(૧) ચોલ રાજ્ય :- (અ) રાજકીય ઇતિહાસ :

(૧) અનેક રાજવીઓમાં પ્રથમ રાજવી કરિકાલ શક્તિશાળી હતો. તેણે ચેર અને પાંડય રાજ્યોને હરાવી ૧૨,૦૦૦ યુદ્ધકેદીઓ કેદ કરી કાવેરી નદીની નહેર અને 'કાવેરીપિટ્ટુનમ્' રાજધાની સ્થાપી.

(૨) કરિકાલ પછી નેદુમુડિકલી, વિજયાલય, પરાન્તક પહેલો, રાજરાજ, મહાન રાજેન્દ્ર ૧ લો, વગેરે રાજવીઓ થઈ ગયા, જેમાં રાજેન્દ્ર પહેલાની રાજકીય અને સાંસ્કૃતિક સિદ્ધિઓ ગણનાપાત્ર છે.

(૩) છેલ્લા રાજા આધરાજેન્દ્ર પછી આ વંશનું પતન થયું. પાંડય રાજ્ય સાથે તે ભળી ગયું.

(બ) સિદ્ધિઓ :- (૧) રાજકીય ક્ષેત્રે : અગ્નિએશિયાના દેશો સુધી ચોલ રાજાઓએ પોતાની પ્રતિષ્ઠા ફેલાવી. જમીન માપણી દાખલ કરી અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને ઉત્તેજન આપ્યું.

(૨) **સાંસ્કૃતિક ક્ષેત્રે :** અગ્નિએશિયામાં ભારતીય સંસ્કૃતિનો પ્રચાર કર્યો. પરાન્તક ૧ લો સાહિત્યનો ઉપાસક હતો. વેંકટમાધવે ઋગ્વેદ પર વિવેચનગ્રંથ લખ્યો. રાજરાજેશ્વરનું રાજરાજે મંદિર બંધાવ્યું. કરિકાલે પુહાર બંદર વિકસાવ્યું. જો કે આ સિદ્ધિઓ ભવ્ય ન હતી.

(૨) પાંડય રાજ્ય :-

હાલના તામિલનાડ પ્રદેશમાં તેની સ્થાપના થઈ હતી. તેઓની રાજધાની મદુરા હતી, જે દરિયાઈ વેપારનું મહત્ત્વનું ધામ હતું. પરિણામે વ્યાપારથી પાંડય રાજ્યો આર્થિક રીતે સમૃદ્ધ બન્યા હતા.

(અ) **રાજકીય ઇતિહાસ :** ઈ. સ. પૂ. ૪૩ માં સ્થાપના આ રાજ્યની થઈ. તેમાં કેન્દુર્ગાન, મારવર્મન, અરિકેસરી, શ્રીમાર શ્રીવલ્લભ, મુદુકુદુમી, અને નેન્દુજેલિયન મુખ્ય રાજવીઓ થઈ ગયા. જેમાં શ્રીવલ્લભે લંકા, કલિંગ, અને મગધનાં રાજ્યો નમાવીને અપૂર્વ રાજકીય સિદ્ધિ પ્રાપ્ત કરી. છેલ્લા નિર્બળ રાજા મારવર્મન રાજસિંહ ૨ જાના સમયથી આ વંશનું પતન થયું.

(બ) **સિદ્ધિઓ : (૧) રાજકીય ક્ષેત્રે :** લંકા, કલિંગ, ચાલુક્યો,

ગંગો, પલ્લવો અને મગધના રાજ્યોને નમાવ્યાં. એટલું જ નહિ અગ્નિ એશિયાના દેશો સુધી પોતાનો પ્રભાવ વિસ્તાર્યો.

(૨) **સાંસ્કૃતિક ક્ષેત્રે** : મૌલિક સાહિત્ય 'સંગમો' ની અનેક રચના થઈ. આ સાહિત્યની પથ્થુપાટુ, ઇટ્ટહોકાઈ, પટ્ટીનેનકીલનકકુ કૃતિઓ પ્રસિદ્ધ છે. આ સંગમોમાં ૪૯ સભ્યો અને ૪૪૯ કવિઓ વિદ્યાવ્યાસંગ કરતા.

(૩) ચેર રાજ્યો :-

રાજા આદન ૧ લો, આદન બીજો, સંગુત્તવન, મુખ્ય રાજવીઓ થઈ ગયા. ૮ મી સદીમાં આ રાજ્યનું પતન થયું. તેની ખાસ રાજકીય કે સાંસ્કૃતિક સિદ્ધિઓ ઉપલબ્ધ નથી.

અન્ય નાનાં રાજ્યોમાં મ્હેસુરના ગંગો, કુંતલના કદંબો, કેરલના બાણો વગેરે પણ તામિલરાજ્યોમાં થઈ ગયા.

(૪) તામિલ રાજ્યોનું સાંસ્કૃતિક પ્રદાન :-

આર્ય અને દ્રાવિડ સંસ્કૃતિના સુભગ મિશ્રણમાંથી સર્જન પામેલી આ સંસ્કૃતિ અવિભાજ્ય ભારતમાં એકરસ બની ગઈ. રાજકીય અને સાંસ્કૃતિકક્ષેત્રે તેમનું મહત્ત્વનું પ્રદાન છે.

(अ) **રાજકીય ક્ષેત્રે** : આ રાજ્યોનું શાસન સર્વોપરી હોવા છતાં પ્રજાપાલક રાજા તરીકે શાસન હતું. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા વહીવટ કરતા. વહીવટી એકમ ગામડું, અનેક ગામડાઓના સમૂહને 'કુર્રમ', અનેક 'કુર્રમ' મળી નાડુ, તેની ઉપર કોટ્ટમ અને મંડલમ્ હતાં. દરેક એકમનો સ્વતંત્ર વહીવટ હતો. રાજા તેમાં દખલગીરી કરતો નહિ.

(ब) **સામાજીક ક્ષેત્રે** : મુખ્ય પાંચ વર્ગો–ધર્મગુરુઓ, જ્યોતિષીઓ, સરકારી અધિકારીઓ, વેપારીઓ અને કારીગરો તથા ખેડૂતો હતા. જ્ઞાતિ–વ્યવસ્થા જટીલ બની. ઉપરનો વર્ગ સમૃદ્ધ હતો. સમાજમાં સ્ત્રીસ્થાન ગૌરવવંતુ હતું. જાહેરમાં નૃત્યો અને સંગીત મહોત્સવોમાં ભાગ પણ લેતી.

(क) **આર્થિક ક્ષેત્રે** : અગ્નિએશિયાના દેશો સાથેના વેપારથી આ દેશો સમૃદ્ધ બન્યા હતા.

(ड) **શિલ્પ–સ્થાપત્યના ક્ષેત્રે** : શિલ્પમાં મદુરા અને ગાંધારશૈલી મિશ્રીત દ્રાવિડિયન શૈલી જન્મી. છતાં મૂર્તિવિધાનમાં આગવી વિશિષ્ટતા જળવાઈ.

હતી. સ્થાપત્યમાં તાંજોર, મદુરા, અને ચોલાપુરમના સુંદર મંદિરો, રાજરાજાનું શિવાલય, બૌદ્ધોનું દુર્ગામંદિર અને જૈનોનું જૈનમંદિર તેના પુરાવારૂપ છે, અગ્નિએશિયાના દેશોમાં પણ ભારતીય સ્થાપત્યકળા વિકસાવી. 'શિલપત્તિકારમ' ગ્રંથ આજના રામાયણ મહાભારત જેવાં છે.

જ. દક્ષિણનાં અન્ય મહાન રાજ્યો :—

(૧) કાંચીના પલ્લવો :—

તેઓ મૂળ ઉત્તરહિંદના રહેવાસીઓ હતા. અને દક્ષિણમાં જઈ રાજ્યસ્થાપના કરી તેઓ પહ્લવોમાંથી પલ્લવો તરીકે ઓળખાયા છે.

(અ) **રાજકાય ઇતિહાસ** બપ્પદેવે આ રાજ્યની સ્થાપના કરી. તે પછી સિંહવિષ્ણુ, મહેન્દ્રવર્મા, નરસિંહવર્મન, પરમેશ્વરનર્મન વગેરે અનેક મહાન રાજવીઓ થઈ ગયા. તેમાં નરસિંહવર્મન સૌથી વધુ પ્રતાપી રાજવી હતો. તેણે શક્તિશાળી રાજા પુલકેશીને યુદ્ધમાં મારી નાખી તેનો પ્રદેશ ખાલસા કર્યો હતો. છેલ્લા રાજા અપરાજીતવર્મનને ચોલ રાજા આદિત્યે હરાવી આ સત્તાનું પતન કર્યું. જો કે તેરમી સદી સુધી તેમનાં નાનકડાં રાજ્યો ટકયાં હતાં.

(બ) સિદ્ધિઓ-(૧) રાજકીયક્ષેત્રે : સૌપ્રથમ બળવાન રાજ્ય દક્ષિણના પલ્લવોએ સ્થાપ્યું. (૨) સાંસ્કૃતિકક્ષેત્રે : પલ્લવ રાજવીઓ પોતે વિદ્વાન હતા. સાહિત્ય અને કલાના ઉપાસક હતા. સંસ્કૃત સાહિત્યને પ્રોત્સાહન આપ્યું. મહેન્દ્રવર્માએ 'મત્તવિલાસ–પ્રહસન' લખ્યું. પાટનગર કાંચી તથા મહાબલિપુરમાં જેવાં મંદિરો બંધાવ્યાં. તેમાં ત્રિપુરાન્તેકેશ્વર અને ઐરાવતેશ્વરનાં મંદિર પ્રખ્યાત છે. તેમજ રથમંદિરો પ્રખ્યાત છે. તેઓએ ધર્મસહિષ્ણુતાની નીતિ અપનાવી હતી.

(૨) વાકાટકો –રાજકીય ઇતિહાસ અને સિદ્ધિઓ :-

વિંધ્યાશક્તિ નામના બ્રાહ્મણ સૂબાએ આ રાજ્યની સ્થાપના કરી. તેના પુત્ર પ્રવરસેને વિસ્તાર કર્યો. તે પછી રૂદ્રસેનના સમયમાં આ વંશની બે શાખાઓ પડી. રૂદ્રસેનની મુખ્ય શાખામાં પૃથ્વીસેન, રૂદ્રસેન બીજો, પુત્રોવતી પ્રભાવતીગુપ્તા, પ્રવરસેન બીજો, નરેન્દ્રસેન, પૃથ્વીસેન બીજો, હરિષેણ વગેરે રાજવીઓ થઈ ગયા હરિષેણ પછી આ સત્તાનું પતન થયું. સર્વસેને 'હરિવિજય' કાવ્ય રચ્યું. તેઓએ 'વૈદર્ભીરીતિ' નામની શૈલી શરૂ કરી. અજંતાની ગુફા નંબર ૧૬ અને ૧૭ તેમના સમયમાં કોતરાઈ હતી.

(૩) વાકાટકો : રાજકીય ઈતિહાસ અને સિદ્ધિઓ :-

આ વંશનો મૂળ સ્થાપક જયસિંહ હતો. તેની મુખ્ય ત્રણ શાખાઓએ દક્ષિણ ભારતમાં રાજ્ય કર્યું (૧) બાદામીના ચાલૂક્યો (૨) કલ્યાણીના ચાલૂક્યો અને પૂર્વના ચાલૂક્યો. મુખ્ય શાખામાં પુલકેશી બીજો મહાન શક્તિશાળી રાજા થઈ ગયો. તેને સમ્રાટ હર્ષવર્ધનને હાર આપી દક્ષિણ તરફની તેની કૂચને થોભાવી દીધી હતી. તે સિવાયના રાજવીઓ એટલા મહાન ન હતા. ત્રણે શાખાઓએ ત્રુટક ત્રુટક રીતે દક્ષિણના જુદા જુદા સ્થળોએ રાજ્ય કર્યું.

*

અભ્યાસ પ્રશ્નો

૧. દક્ષિણનાં તામિલ-રાજ્યોનો સાંસ્કૃતિક વારસો' એ વિષે નોંધ લખો. (ગુ. યુ. ઓકટો, '૬૪.)

૨. સંગમ સાહિત્યની મુખ્ય કૃતિઓનો ઉલ્લેખ કરીને તેમનું મહત્ત્વ સમજાવો.

૩. ચોલ સમ્રાટ કરિકાલ અથવા પાંડય રાજવી નેદુન્જેલિયજની કાર્કિર્દી અને સિદ્ધિઓ વર્ણવો.

૪. ચોલ રાજ્યનો ઇતિહાસ વર્ણવી તેની સિદ્ધિઓ જણાવો.

૫. વાકાટકો તથા ચાલુક્યોએ દક્ષિણભારતના રાજકીય અને સાંસ્કૃતિક વિકાસમાં આપેલા ફાળાનું વિવેચન કરો (ઓકટો, '૬૬.)

૬. વાકાટકો કોણ હતા ? દક્ષિણ ભારતના રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ પર તેમના શાસનની અસરોનું અવલોકન કરો (એપ્રિલ, '૬૬.)

૭. પલ્લવો કોણ હતા ? દક્ષિણ ભારતીય સંસ્કૃતિ પર તેમના શાસનની કઈ અસરો થઈ ? (એપ્રિલ, '૬૫.)

૮. પલ્લવોના શાસનકાળ દરમ્યાન દક્ષિણ ભારતમાં થયેલ સ્થાપત્ય અને શિલ્પનો વિકાસ વર્ણવો (એપ્રિલ, '૬૭.)

૯. ટૂંક નોંધ લખો.

   ૧. દક્ષિણનાં તામિલ-રાજ્યોનો સાંસ્કૃતિક વારસો (ઓકટો, '૬૪.)

   ૨. વાકાટકો (એપ્રિલ, '૬૫, ઓકટો, '૬૭.)

   ૩. પાંડ્ય લોકો (એપ્રિલ, '૬૬.)

પ્રકરણ ૧૨

પ્રાચીન ભારતનો વારસો

* પ્રકરણની રૂપરેખા *

अ પ્રાસ્તાવિક.
ब વારસો — (૧) પ્રજાકલ્યાણકારી વહીવટીતંત્ર.
(૨) ધર્મ અને તત્ત્વજ્ઞાન.
(૩) સમાજમાં સ્ત્રીનું ઉન્નત સ્થાન.
(૪) શિક્ષણ.
(૫) સાહિત્ય.
(૬) કલા.
(૭) વિજ્ઞાન.
क સમાપન.

अ. પ્રાસ્તાવિક

અનેક દૃષ્ટિએ ભારતનો ઇતિહાસ અનુપમ છે. પ્રાચીન સંસ્કૃતિઓમાં ભારતીય સંસ્કૃતિનું વિશિષ્ટ સ્થાન છે. મેસોપોટેમિયા અને ઇજીપ્તની સંસ્કૃતિઓ વિસ્મૃતિના ગર્તમાં વિલીન થઈ ગઈ, પરંતુ ભારતીય સંસ્કૃતિ જીવંત છે. અને અતિ પ્રાચીનકાળથી આજસુધી તેની શૃંખલા કદી તૂટી નથી. તેથી જ **શ્રી નહેરુ** નોંધે છે કે, "હિંદ અને ચીન સિવાય બીજે કયાંય સંસ્કૃતિની પરંપરા અખંડિત ચાલુ રહી નહિ, ભારે પરિવર્તનો, વિગ્રહો અને આક્રમણો થવા છતાંય આ બંને દેશોમાં પ્રાચીન સંસ્કૃતિઓની ધારા અસ્ખલિત વહી રહી છે...... તેમની પ્રાચીન સંસ્કૃતિઓ જમાનાથી એકઠી થયેલી ધૂળ અને ગંદકીના થરો નીચે ઢંકાઈ ગઈ છે, છતાં એ સંસ્કૃતિઓ જીવંત છે અને આજે પણ પ્રાચીન સંસ્કૃતિના પાયા પર હિંદીઓની જીવન-પ્રણાલી રચાયેલી છે...... એક રીતે આપણે હિંદના હજારો વરસોના વારસદાર છીએ. આવી રીતે પ્રાચીન ભારતના ઇતિહાસનું ફક્ત શાસ્ત્રીય જ નહિ પરંતુ વ્યવહારુ મહત્ત્વ પણ છે. ભારતની સંસ્કૃતિ આજે પણ પોતાના આધુનિક સ્વરૂપમાં

પ્રાચીનકાળનાં અનેક પાસાંઓને યથાતથ સ્વરૂપમાં સાચવી રહી છે. પરિણામે ભારતીય સંસ્કૃતિનો પ્રવાહ પાંચ હજાર વર્ષથી અવિછિન્ન રહ્યો છે. પ્રાચીન સંસ્કૃતિના તત્ત્વો સમયચક્રના આક્રમણ છતાં પોતાનું અસ્તીત્વ ટકાવી શકયાં છે, એનું કારણ છે એમનો શ્રેષ્ઠતાનો ગુણ. પ્રાચીન ભારતનાં એ અનેક ઉન્નત પાસાં આજે તો આપણી પાસે ફક્ત સ્મૃતિ કે વારસા રૂપે જ છે. પરંતુ એક સમય એવો પણ હતો, જ્યારે તે તત્ત્વોએ ભારતીય સંસ્કૃતિને પ્રાચીન દુનિયાની સર્વશ્રેષ્ઠ સંસ્કૃતિ બનાવવામાં ફાળો આપ્યો હતો. એ મહાન અને ભવ્ય સંસ્કૃતિ પાસેથી વારસારૂપે મળેલ મહત્ત્વનાં પાસાં આ પ્રમાણે છે.

(૧) પ્રજાકલ્યાણકારી વહીવટીતંત્ર :

પ્રાચીન ભારતના રાજવીઓએ પ્રજાકલ્યાણને લક્ષમાં રાખીને જ શાસન કર્યું હતું. તેઓ પ્રજાને સંતાનવત્ માની રાજ્ય કરતાં મનુસ્મૃતિમાં વર્ણવેલ "प्रजा मनोरंजनात् इति राजाः" (પ્રજાનું મનોરંજન કરે તે જ રાજા) પ્રમાણે તેઓ સાચા રાજા હતાં. અથવા કૌટિલ્ય કહે છે તે પ્રમાણે–"રાજાનું મનોરંજન થાય તે સુકર્મ નહીં, જેનાથી પ્રજા સુખી તથા પ્રસન્ન થાય તે જ સુકર્મ." માટે જ્યારે ધનનંદ જેવા રાજવીઓએ પ્રજા ઉપર અન્યાયપૂર્ણ અત્યાચાર કર્યો ત્યારે પ્રજાએ ચંદ્રગુપ્તને પોતાનો મુક્તિદાતા માની ધનનંદના વિનાશમાં સાથ આપ્યો હતો. મુખ્યપ્રધાનો પણ રાજાને પ્રજાહિતમાં વહીવટ કરવાની સલાહ આપતા અને તે પ્રમાણે ન કરે તો રાજાને પદચ્યૂત કરવાની તેમની ફરજ મનાતી. અશોક અને રૂદ્રદામા પોતાના પ્રધાનમંત્રીની રાજ્યના કોષની દૃષ્ટિએ અમુક ખર્ચ ન કરવાની સલાહ અવગણી શકયા ન હતા. રાજવીઓ પ્રજાકલ્યાણના કાર્યોમાં રસ દાખવતા. વાવ, તળાવ, કૂવાઓ ધર્મશાળાઓ, ચિકિત્સાલયો વગેરે બંધાવવામાં આવતાં. જૂનાગઢમાં આવેલ સુદર્શન તળાવનું બાંધકામ કે જીર્ણોદ્ધાર પ્રજાકલ્યાણની દૃષ્ટિએ ચંદ્રગુપ્ત મૌર્ય, શકક્ષત્રપ રૂદ્રદામા અને ગુપ્ત રાજવી સ્કંદગુપ્તના સમયમાં હાથ ધરવામાં આવ્યું હતું. ટૂંકમાં એમ કહી શકાય કે રાજાઓ ધર્મનું પાલન કરતા અને "કલ્યાણ રાજ્ય" (Welfare State) એ તેમનો આદર્શ હતો. નિરંકુશ રાજાશાહીનો રાજ્યનો પ્રકાર પ્રચલિત હોવા છતાં તે સ્વેચ્છાચારી કે જુલ્મી રાજાશાહી ન હતી, પ્રાચીન ભારતના રાજવીઓએ લોકકલ્યાણકારી વહીવટીતંત્ર સ્થાપી બાહ્ય સુરક્ષા અને આંતરિક સલામતી આણી હતી, તેના જ પરિણામે પ્રજા નિશ્ચિંતપણે આર્થિક વિકાસ સાધી, સાંસ્કૃતિક ક્ષેત્રે પ્રગતિ કરી શકી

હતી. ગ્રામ શાસનમાં સ્થાનિક સ્વરાજ્યનો સંપૂર્ણ અમલ હતો. એટલે જ શ્રી નહેરૂ તેને "ગ્રામ સ્વરાજનો આદર્શ" કહે છે.

(૨) ધર્મ અને તત્ત્વજ્ઞાન :—

એશિયા વિશ્વના બધા ધર્મોનું જન્મસ્થાન છે. તેમાંથી ભારતીય ઉપખંડમાં જ પ્રાચીન યુગમાં હિંદુ, બૌદ્ધ અને જૈન ધર્મોનો (ત્યારપછી આધુનિક યુગમાં શીખ ધર્મનો) ઉદય થયો હતો. સંતો, ઋષિઓ, ધર્મસ્થાપકો અને મહાપુરુષોના ઉપદેશો ભારતીય તત્ત્વજ્ઞાનના પાયામાં રહેલા છે. "પ્રાચીન ભારતને પોતાની ધાર્મિક ભાવના તથા તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે મળેલી સિદ્ધિઓ માટે જે ખ્યાતિ મળેલી છે તે સર્વથા ન્યાયપૂર્ણ છે...પ્રાચીન ભારતમાં ધર્મ પણ હતો અને તત્ત્વજ્ઞાન પણ પરંતુ એવા ઉદાહરણ મળતાં નથી જ્યારે ધર્મ અને તત્ત્વજ્ઞાનનો એક-બીજાથી સંબંધ ન રહ્યો હોય, પ્રાચીન ભારતની લગભગ દરેક વિચારધારાનો ઉદ્દેશ્ય એક મોક્ષશાસ્ત્રની રચના કરવાનો હતો......તત્ત્વજ્ઞાન એક જીવન પદ્ધતિ હતી, તે વિચાર અને કર્મની એક એવી રીત હતી, જેનું લક્ષ્ય મોક્ષના નિશ્ચિત ધ્યેયને પ્રાપ્ત કરવાનું હતું."[૧]

ભારતીય સંસ્કૃતિ જ ધર્મપ્રધાન છે. "ધર્મ" શબ્દનો અર્થ થાય છે. "ધારણ કરવું" માટે મહાભારતમાં કહ્યું છે તેમ "સમગ્ર સમાજને નિયમનમાં રાખનાર કે ધારણ કરનાર અથવા ટકાવી રાખનાર નિયમ કે તત્ત્વ એટલે ધર્મ. મનુસ્મૃતિમાં ધર્મના ચાર સાધનો દર્શાવવામાં આવ્યા છે. વેદ, સ્મૃતિ, સદાચાર અને તે, જે પોતાના આત્માને પ્રિય લાગે. મીમાંસાદર્શનમાં જરૂરી કર્મને અને વૈશેષિક દર્શનમાં પારલૌકિક કલ્યાણનો માર્ગ તે ધર્મ કહેવામાં આવ્યો છે. બુદ્ધના અનુયાયી, ચાર આર્યસત્યો અને અષ્ટાંગમાર્ગને "ધમ્મ" માને છે. સામાન્ય રીતે ધર્મપાલનનો અર્થ કર્તવ્યપાલન માનવામાં આવે છે. ધર્મ પોતાની મહાનતાને લીધે જ પુરુષાર્થોમાં અગ્રગણ્ય છે. ધર્મ ભારતીયોને એક સૂત્રમાં બાંધે છે—મનુષ્યને પશુથી જુદો પાડે છે.

હિંદુધર્મ ભારતના બધા ધર્મોમાં સૌથી પ્રાચીન છે. તેની સ્થાપના ક્યારે થઈ તે વિષે વિદ્વાનોમાં મતભેદ છે, છતાં ભારતીય ધાર્મિક ઇતિહાસ સિંધુ ખીણની સંસ્કૃતિના સમયથી શરૂ થાય છે.

---

૧. B. G. Gokhale–Anc. India, p. 149.

છે. પ્રાચીનકાળથી માંડીને આજસુધી હિંદુધર્મ અનેક ચડતીપડતી અને ઝંઝાવાતોમાંથી પસાર થઈને યુગે યુગે નવઘડતર પામીને આધુનિક સ્વરૂપને પામ્યો છે. યુગે યુગે તેના બાહ્ય સ્વરૂપોમાં અનેક ફેરફારો થતા રહ્યા છે, છતાં મૂળપ્રવાહ અખંડિત રહ્યો છે. મૂળપ્રવાહમાં પરમતત્ત્વની શોધ મુખ્ય સ્થાને રહી છે. એટલે જ ડૉ રાધાકૃષ્ણન કહે છે કે, "હિંદુ ધર્મ એ નદી છે, સરોવર નથી, વિકસતું વૃક્ષ છે, પરિપકવ ફળ નથી, વર્ધમાન પરંપરા છે, સ્થગિત મતસંચય નથી. જ્ઞાન ગમે ત્યાંથી આવતું હોય તોયે તેની સામે તેણે મનના દ્વાર હંમેશાં ખુલ્લાં રાખ્યાં છે."[૨]

ભારતના સૌ પ્રથમ સભ્યનિવાસીઓ (કે જે સિંધુ ખીણના વિસ્તારમાં વસતા હતા) એક માતૃદેવી અને એક શીંગડાવાળા દેવ (શિવ) ને તથા પવિત્રવૃક્ષો, પશુઓ, નદીઓ અને પર્વતોની પૂજા કરતા હતા. ત્યાર-પછી પ્રાચીન આર્યોના ધર્મ વિષેની માહિતી જગતના સૌથી પ્રાચીન ધાર્મિક ગ્રંથ મનાતા ઋગ્વેદમાંથી મળી આવે છે. ઋગ્વેદનો રચનાકાળ ઇ. સ. પૂ. ૧૫૦૦ થી ઇ. સ. પૂ. ૬૦૦ વચ્ચે માનવામાં આવે છે. તે સિવાય સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદમાં પણ આર્યોના ધર્મ વિષેની માહિતી સાંપડે છે. વેદો હિંદુ ધર્મના સૌથી પ્રાચીન અને સર્વમાન્ય ગ્રંથો છે. વેદ એટલે જ "જ્ઞાન" અથવા જાણવું. વેદો એ જ્ઞાનના ભંડાર છે, માટે તેને "વિશ્વજ્ઞાન-કોષ" કહી શકાય. વૈદિક સાહિત્યને શ્રુતિસાહિત્ય પણ કહેવામાં આવે છે, કારણ કે તે જ્ઞાન મહાન ઋષિઓએ પરમાત્મા પાસેથી સાંભળેલું અને પરમાત્માનો સાક્ષાત્કાર કરી મેળવેલું હતું. આ વૈદિક સાહિત્યમાં વેદો (સંહિતા), બ્રાહ્મણો, આરણ્યકો અને ઉપનિષદોનો સમાવેશ થાય છે વૈદિક યુગના આર્યો અનેક દેવોની પૂજા કરતાં હતાં. તેમાં મુખ્ય ત્રણ પ્રકારના દેવો હતા– અંતરિક્ષના દેવો (જેમકે વરૂણ અને મિત્ર), વાતાવરણના દેવો (જેમકે ઇન્દ્ર) અને પૃથ્વીના દેવો (જેમકે અગ્નિ). આ દેવો સ્વર્ગ-નિવાસી અને અમર હતા. તેઓ સૃષ્ટિના નૈતિક નિયમોના રક્ષક હતાં. 'તેઓ સૌંદર્ય, બુદ્ધિમત્તા, ઉદારતા તથા સદાચારના ગુણો ધરાવતા હતા. આર્ય યોદ્ધાની દૃષ્ટિએ ઇન્દ્ર સૌથી મોટો દેવ હતો. કારણ કે તે યુદ્ધનો દેવ હતો. તેણે વૃત્ત રાક્ષસનો વધ કરીને જળને મુક્ત કર્યું હતું. વજ્ર તેનું અસ્ત્ર અને વાયુ તેનો સારથિ હતો. "તેનું નામ જુદું હોવા છતાં તે ગ્રીકોના દેવાધિદેવ ઝિયસ અને

૨. ડૉ. રાધાકૃષ્ણન– હિંદુ ધર્મ–૧૫

જર્મનોના દેવ થોરની ઘણી વિશેષતાઓ ધરાવતો હતો."[૩] ઋગ્વેદમાં ઉલ્લેખ કરવામાં આવેલા અનેક દેવોમાંથી વરૂણ સૌથી વધુ દિવ્ય છે. તે રાજા છે. સર્વશક્તિશાળી શાસક છે. તે સર્વશક્તિમાન અને નીતિપરાયણ દેવ છે. તે સર્વવ્યાપક તથા સર્વજ્ઞ છે, જીવન તથા મૃત્યુનો અધિષ્ઠાતા છે. જેના આદેશોનું પાલન બધા દેવો તથા મનુષ્યો કરે છે તે શીલનો અધિષ્ઠાતા છે, અને પરમેશ્વરના પદને શોભાવવા માટે લાયક છે.[૪]

આર્યોના આ બધા દેવો ઉદાર હતા અને બલિદાનથી પ્રસન્ન થતાં આર્યો ત્રણ રીતે આહુતિ આપીને પોતાના દેવોને પ્રસન્ન કરતા- (૧) દૂધ અને અનાજની, (૨) સોમરસની અને (૩) પશુબલિની.

વેદો પછી રચાયેલા બ્રાહ્મણગ્રંથોનો ધર્મ યજ્ઞપ્રધાન ધર્મ છે. તે સમયે સમાજમાં બ્રાહ્મણોની અને ક્રિયાકાંડોની મહત્તા વધે છે. આ સમયે જ રાજસૂય, અશ્વમેધ જેવા યજ્ઞોની પ્રથા શરૂ થઈ, તો બ્રાહ્મણગ્રંથોના સહાયક એવા આરણ્યકોમાં યજ્ઞના ગૂઢ રહસ્યને સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આરણ્યકોમાં ધર્મ કરતાં તત્ત્વજ્ઞાનનો ભાગ વધુ છે. બ્રાહ્મણગ્રંથો કર્મકાંડ તરફ આગળ વધે છે તો આરણ્યકો જ્ઞાનમાર્ગે આગળ વધે છે. વૈદિક સાહિત્યમાં છેલ્લે આવે છે. ઉપનિષદો, જેમાં પ્રાચીન ભારતના તત્ત્વજ્ઞાનનું નવનીત સમાયેલું છે, તેમ કહી શકાય. તેમાં પરમાત્માના પરમ સ્વરૂપનો વિચાર કરવામાં આવ્યો છે. તદ્નુસાર બ્રહ્મજ્ઞાન મેળવવું એ જ જીવનનો પરમ પુરૂષાર્થ માનવામાં આવ્યો છે. તે આત્માસાક્ષાત્કારનો માર્ગ પણ દેખાડે છે. જગતના બધા પદાર્થો આત્મસાક્ષાત્કારનો માર્ગ પણ દેખાડે છે. જગતના બધા પદાર્થો આત્માનું જ રૂપ છે. ઉપનિષદ પરમાત્માને સર્વવ્યાપક જુએ છે. (ईसावास्यमिदं सर्वं=બધે જ ઈશ્વરનો વાસ છે) તો આત્મા અને બ્રહ્મ જુદાં નથી, તે બતાવવા માટે "તે બ્રહ્મ તું જ છે." (तद् त्वम् असि) તેમ કહે છે. "તે મારો અંતરાત્મા છે. ચોખાના દાણાથી પણ તે નાનો છે, જવના દાણાથી પણ નાનો અને રાઈના દાણાથી પણ નાનો છે. તે જ મારો અંતરાત્મા પૃથ્વીથી પણ મોટો છે, આકાશથી પણ મોટો છે, સ્વર્ગથી પણ મોટો છે. આ સમસ્ત બ્રહ્માંડથી મોટો છે...અંતરાત્મા જ બ્રહ્મ છે."

"तत् त्वम् असि" (તે તું જ છે) તે ઉપનિષદોનું મુખ્ય કથન છે.

---

૩. A. L. Basham–Wonder that was India. p. 233.
૪. B. G. Gokhale–Anc. India, p. 150.

તે એમ કહે છે કે આત્મા જીવાત્મા છે અને બ્રહ્મ પરમાત્મા છે. અને આત્મા વ્યક્તિનો આંતરિક "સાર" છે, તો બ્રહ્મ સૃષ્ટિનો "સાર" છે.

આવી રીતે ઉપનિષદોના ક્રાંતિકારી સિદ્ધાંતોએ ઋગવેદના પ્રાચીન દેવ-તાઓને પાછળ રાખી દીધા અને યજ્ઞની નિરર્થકતા પણ દર્શાવી.[૫] ઉપનિષદમાં કહ્યું છે કે આ યજ્ઞોરૂપી હોડીઓ તૂટેલી છે. (प्लवा एते अदृढा यज्ञरूपा) તો કોઈવાર પુરોહિતના ટોળાને આગલા કૂતરાની પૂંછડી પકડીને પાછળ પાછળ ચાલતા ને "ૐ આપણે ખાઈએ, ૐ આપણે પીએ' મંત્રો રટતાં શ્વાનમંડળ સાથે સરખાવેલ છે. ઉપનિષદોએ કર્મ અને પુનર્જન્મનો સિદ્ધાન્ત પણ પ્રતિ-પાદિત કર્યો છે.[૬] આવી રીતે ઉપનિષદોના ઉપદેશોનું સારતત્ત્વ આત્મા, બ્રહ્મ, કર્મ અને પુનર્જન્મની ચાર ધારણાઓમાં સમાયેલું છે.' ઉપનિષદોના યુગની ઉષા પ્રગટતાની સાથે જ પર્વતો ઉપર નિવાસ કરનારા તથા વાદળાંઓમાં વિહરનારા દેવોનો યુગ સમાપ્ત થઈ ગયો. હવે મનુષ્યે તે ઈશ્વરને શોધી લીધો જે તેની જ અંદર વાસ કરતો હતો અને હવે તેને ઈશ્વરને પ્રસન્ન કરવા માટ યજ્ઞની વેદી સુધી જવાની જરૂરત ન હતી.

વેદોનું ચિંતન ઉપનિષદોમાં ચરમ બિંદુએ પહોંચેલું હોવું તેને "વેદાંત" પણ કહેવામાં આવે છે. તેના વિષે નિરાશાવાદી તત્ત્વચિંતક શોપનહોર પણ લખે છે કે "ઉપનિષદના પ્રત્યેક વાક્યમાંથી ગહન, મૌલિક અને ઉમદા વિચારો ઉદ્ભવે છે......આખી દુનિયામાં ઉપનિષદ જેવું શ્રેયસ્કર અને પાવનકારી બીજું અધ્યયન નથી. તે વળી એમ પણ કહે છે કે "એ મારા જીવનની શાંતિ અને મૃત્યુનો આરામ છે."

જૈન અને બૌદ્ધધર્મ :—

ઈ. સ. પૂ. છઠ્ઠી સદી એટલે વિશ્વમાં ધાર્મિક ક્રાંતિનો યુગ, .તે ક્રાંતિનું કારણ હતું તમામ રાષ્ટ્રોમાં ફેલાયેલી આધ્યાત્મિક અને નૈતિક અશાંતિ. "વિદ્રોહ કે ક્રાંતિ કોઈ એવી વસ્તુ નથી જેનો વિસ્ફોટ અચાનક થતો હોય. ગૂમડું ફૂટે તે પહેલાં ઘણાં સમય સુધી તે પાકતું રહે છે" ઈ. સ પૂ. છઠ્ઠી સદી પહેલાં સામાન્ય લોકો વૈદિક કર્મકાંડોથી કંટાળીને કોઈ નવા માર્ગની શોધમાં હતાં. આ સમયે યજ્ઞો મોક્ષ મેળવવાનાં સાધન ગણાતાં, પરંતુ સામાન્ય જનતા માટે તે ખૂબ ખર્ચાળ બન્યા હતાં. પરિણામે વૈદિક ધર્મ અને આમ જનતા વચ્ચે

૫. દર્શક–આપણો વારસો અને વૈભવ–પાન નં. ૮૬.

૬. B. G. Gokhale–Auc. India–154.

અંતર વધતું ગયું. જન્મથી અંત્યેષ્ટિ સુધીના જીવનમાં બ્રાહ્મણોનું પ્રભુત્વ હતું. કર્મકાંડ અને ઢોંગથી ક્યાંય મુક્તિ ન હતી, પરિણામે લોકોએ આ અંધકારમાં આશ્રય શોધવાનો પ્રયત્ન કર્યો અને તેમને મહાવીર અને બુદ્ધ જેવા આશ્રયદાતા મળી ગયા.

જૈનધર્મ ખૂબ પ્રાચીન માનવામાં આવે છે. મહાવીર સ્વામી પહેલાં તે ધર્મમાં ૨૩ તીર્થંકરો થઈ ગયાં હતાં મહાવીર સ્વામીએ કર્મ અને પુર્નજન્મના સિદ્ધાંતોને તો સ્વીકાર્યા છે પરંતુ આત્માની બાબતમાં તેઓ એમ માનતા કે આત્માનું સ્વરૂપ ચિંતન અથવા અપરિવર્તનશીલ નથી. તે "ઉત્પત્તિ, વિકાસ અને વિનાશને આધીન" છે. આત્મા જ્યાં સુધી આ સંસારમાં રહે છે ત્યાં સુધી તે સંસારના બધા પ્રાણીઓના શરીરમાં મૂર્ત હોય છે અને પુર્નજન્મને આધીન હોય છે પરંતુ જ્યારે તે મુક્ત થાય છે ત્યારે પૂર્ણતાને પ્રાપ્ત થઈ જાય છે. જૈન ધર્મમાં કર્મ આઠ પ્રકારના બતાવવામાં આવ્યાં છે અને બધા કર્મોમાંથી મુક્તિ મેળવી કૈવલ્ય પ્રાપ્ત કરવું તે તેનું લક્ષ્ય દર્શાવાયું છે. એટલે કે ઈશ્વરપદ મેળવવા માટે કર્મમુક્તિ મેળવવી જરૂરી છે. કર્મમુક્તિ માટે તેમણે ત્રિરત્ન સિદ્ધાંત આપ્યો—તે છે—સમ્યક્‌દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર્ય. સમ્યક્‌દર્શન એટલે કે સાચું દર્શન. જગતમાં સાચું અને ખોટું, સારું અને નરસું, યોગ્ય અને અયોગ્ય એમ વિવિધ સ્વરૂપો જોવા મળે છે. માટે વ્યક્તિએ પોતાની ઉન્નતિ કરવી હોય તો જગતના પદાર્થોના સાચા સ્વરૂપને પારખવાની જરૂરત છે. સમ્યક્ જ્ઞાન એટલે કે સંશય વિનાનું જ્ઞાન. જૈન તત્ત્વજ્ઞાનમાં પાંચ પ્રકારના જ્ઞાન છે, જેમાં કેવળજ્ઞાન સૌથી શ્રેષ્ઠ મનાય છે. આ જ્ઞાન મેળવનાર વ્યક્તિ સર્વજ્ઞ બની જાય છે. સમ્યક્ ચારિત્ર્ય એટલે સારું વર્તન. સમ્યક્ ચારિત્ર્યમાં જ પાંચ અણુવ્રતનો સમાવેશ થઈ જાય છે, તે છે સત્ય, અહિંસા, અસ્તેય (ચોરી ન કરવી), બ્રહ્મચર્ય અને અપરિગ્રહ (સંગ્રહ ન કરવો).

આ ધાર્મિક ક્રાંતિના બીજા નેતા હતા—ગૌતમબુદ્ધ તેમણે પોતાનું જીવન એક તપસ્વી તરીકે શરૂ કર્યું અને તથાગત સ્વરૂપે તેમના જીવનનો અંત આવ્યો. તેમણે જે મહાન બૌદ્ધ ધર્મનો પ્રચાર કર્યો તે જીવનની એક મહાન તત્ત્વજ્ઞાનની સરળતા અને ઉદાત્ત કલ્પનાથી પરિપૂર્ણ હતો. તેમણે ચાર આર્ય સત્યો રજૂ કર્યા. (૧) પ્રથમ આર્યસત્ય છે દુઃખ. તેમણે કહ્યું કે, "જન્મ

૭. रामधारीसिंह दिनकर—संस्कृतिके चार अध्याय पे.–१०२.

પણ દુઃખ છે, મરણ પણ દુઃખ છે, અપ્રિય લોકોથી મળવું પણ દુઃખ છે, પ્રિય લોકોથી વિયોગ પણ દુઃખ છે અને ઇચ્છા કરવા છતાં કોઈ વસ્તુ ન મળે તે પણ દુઃખ છે." દુઃખનું આવું વર્ણન દીઘનિકાય નામક બૌદ્ધ ગ્રંથમાં છે. (૨) બીજું આર્ય સત્ય છે દુઃખ **સમુદય,** એટલે કે મનુષ્યને જે દુઃખ થાય છે, તેનું કંઈને કંઈ કારણ હોય છે. આ કારણ તૃષ્ણાનું જ કોઈને કોઈ રૂપ હોય છે, જેમકે જન્મ લેવાની તૃષ્ણા, સુખ ભોગવવાની તૃષ્ણા. (૩) ત્રીજું આર્ય સત્ય છે દુઃખ **નિરોધ,** એટલે કે દુઃખ ઉત્પન્ન કરનાર ઇચ્છાઓનો ત્યાગ કે સમાપ્તિ કરવાથી દુઃખને અટકાવી શકાય છે અને (૪) ચોથું આર્ય સત્ય છે **દુઃખનિરોધ-ગામિની માર્ગ,** એટલે જે દુઃખથી છૂટવાનો માર્ગ પણ છે, તે છે અષ્ટાંગ માર્ગ. આ અષ્ટાંગ માર્ગ નીચે પ્રમાણે છે.

(૧) સમ્યક્ દૃષ્ટિ=(બૌદ્ધ ધર્મના ચાર આર્યસત્યોમાં વિશ્વાસ અને શ્રદ્ધા અને તેનું જ્ઞાન.)

(૨) સમ્યક્ સંકલ્પ=(શુદ્ધ ભાવના દ્વારા વિલાસની વસ્તુઓનો ત્યાગ અને ઈર્ષા અને દ્વેષથી દૂર રહેવું.)

(૩) સમ્યક્ વચન=(સભ્ય અને સત્ય વાણી).

(૪) સમ્યક્ કર્મ =(સારા કાર્ય)

(૫) સમ્યક્ આજીવન=(પ્રામાણિક નિર્વાહ).

(૬) સમ્યક્ વ્યાયામ=(દુર્વ્યસનથી દૂર રહેવું, મનમાં સારા વિચાર ઉત્પન્ન કરવા).

(૭) સમ્યક્ સ્મૃતિ=(આત્મા અને શરીરનું નિયંત્રણ એટલે કે વાસનાનું મર્દન અને જ્ઞાનનો વિકાસ).

(૮) સમ્યક્ સમાધિ=(શુભ ચિંતન=ચિત્તની એકાગ્રતા).

"બુદ્ધને બંને બાજૂના છેડા ત્યાજ્ય છે. તેથી તેમનો માર્ગ મધ્યમ-પ્રતિપદા, એટલે કે મધ્યમમાર્ગ કહેવાય છે.[૮]

તેઓ ઘોર તપ કરતા હતા ત્યારે ત્યાંથી પસાર થતી કન્યાઓએ ગાયેલા ગીતના બોલે તેમને મધ્યમમાર્ગી બનાવ્યા હતા. તે બોલ હતા—"હે ગાયક, તારી વીણાના તાર બહુ ઢીલા પણ ન રાખતો નહિ તો તે વાગશે જ

૮. દર્શક—આપણો વારસો અને વૈભવ–p. 94.

નહિ." આવી રીતે તેમણે જૈનધર્મની જેમ અહિંસા ઉપર ખૂબ જ કડક ભાર નથી મૂકયો. તો વૈદિક ધર્મની જેમ સાવ ઢીલું પણ રાખ્યું નથી એટલે જ તેમનો માર્ગ મધ્યમ-માર્ગ કહેવાય છે. તેમનો આ **અષ્ટાંગમાર્ગ કર્મ-પ્રધાન છે. કર્મકાંડ પ્રધાન નહીં.**

ગૌતમબુદ્ધનું લક્ષ્ય માનવ હતો. તેઓ મનુષ્યના આચરણ ઉપર ભાર મૂકે છે. તેઓ જાતિપ્રથાને એક સામાજીક દંભ કહેતા. તેઓ સમાનતાના સિદ્ધાંતમાં માનતા. તેમનો માર્ગ બધાં માટે ઉઘાડો હતો. તેમના ભિક્ષુકના સંઘના દ્વાર બ્રાહ્મણો અને શુદ્રો બધાં માટે ખુલ્લાં હતાં.

માણસ-જેવું વિચારે છે તેવું આચરે છે. ને જેવું તે આચરે છે, તેવું તેને મળે છે, આ બુદ્ધનો સાવ સાદો ઉપદેશ છે. એ કહે છે, "મારું કર્મ, એ મારી મિલકત છે, મારું કર્મ એ મને ઢાળનારું બીબું છે. મારું કર્મ એ મારી જાતિ છે, ને મારું કર્મ એ મારું શરણ છે. તે આ કર્મની શુદ્ધિનો આધાર સમ્યક્દૃષ્ટિ અને સમ્યક્સંકલ્પ છે.."[૯]

બૌદ્ધ ધર્મ ભારતમાં ખૂબ શીઘ્રતાથી અને મોટા વ્યાપક ક્ષેત્રમાં ફેલાયો પરંતુ પોતાના જન્મસ્થાનના દેશ ભારતમાંથી લુપ્ત થઈ ગયો. જ્યારે જૈનધર્મની પ્રગતિ ધીમી રહી છતાં આજ સુધી તે ભારતનો એક મુખ્ય ધર્મ રહ્યો છે.

ભાગવત ધર્મ ;

હિંદુ ધર્મમાં ભકિતનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. ભકિતમાર્ગનો ઉત્કર્ષ વૈષ્ણવ લોકો દ્વારા થયો. હિંદુ ધર્મની આ શાખાના ઉદય પહેલાં કર્મકાંડ અને ઉપનિષદોનું તત્ત્વજ્ઞાન જ મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવતું હતું. જે ક્રમશઃ ધનવાન અને જ્ઞાની લોકો માટે હતું. માટે આ સંપ્રદાયે સાધારણ લોકો માટે ભકિતની પરંપરા શરૂ કરી એક મહત્ત્વપૂર્ણ અભાવની પૂર્તિ કરી. આ સંપ્રદાયમાં વિષ્ણુને મુખ્ય પાત્ર માનેલ હોવાથી તેને વૈષ્ણવ સંપ્રદાય કહેવાય છે. તો અહીં ભકિતને મોક્ષનો માર્ગ ગણાવ્યો હોવાથી તેને ભાગવત ધર્મ પણ કહે છે. ભાગવત ધર્મમાં મુખ્ય બે સિદ્ધાંતો છે. (૧) કર્મને સર્વોપરિ મહત્ત્વ. તદ્નુસાર કાર્ય કરવું. (૨) નિર્જીવ અને નૈતિક ઉપદેશો જેનો સંબંધ ઈશ્વરમાંની આસ્થા સાથે નથી તેના તરફથી લોકોનું ધ્યાન હટાવે છે. માટે જ ગીતામાં

---

૯. Ibid-97.

ઈશ્વર સંબંધી વિચાર એવા વ્યવસ્થિત કરાયા છે કે લોકો તેને મુક્તિનું સાધન માનીને સમજે. આ ધર્મમાં દયાળુ અને સર્વદ્દષ્ટા ઇશ્વરની ભક્તિના મહત્ત્વ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. બ્રાહ્મણોએ પણ જૈન-ધર્મ અને બૌદ્ધ ધર્મના આક્રમણનો સામનો કરવા માટે આ પંથને સાથ આપ્યો અને ધાર્મિક ક્ષેત્રે ફરી પોતાનું નેતૃત્વ સ્થાપવા પ્રયાસ કર્યો. આમ બ્રાહ્મણધર્મને વિજય મેળવવા માટે નમવું પડ્યું અને તેણે પ્રચલિત મતને પોતાનામાં સ્થાન આપ્યું. મૂર્તિપૂજા આ ધર્મનો મુખ્ય આધાર છે એટલે આ ધર્મમાં મંદિરોની પરંપરા પણ જોવા મળે છે. આ ધર્મ પ્રમાણે વિષ્ણુને પરમાત્મા માનવામાં આવ્યો છે. ભાગવતધર્મ અદ્વૈતવાદી ધર્મ છે, જેમા ઇશ્વરની શ્રદ્ધા, ભક્તિ અને ઉપાસનાને મોક્ષનું સાધન દર્શાવવામાં આવ્યું છે. જો વાસુદેવ કૃષ્ણ, ભક્ત-માર્ગના પ્રવર્તક છે તો ભગવદ્દગીતા તેમનો ધર્મગ્રંથ છે. ભારતના બીજા કોઈ પણ પુસ્તકને ગીતા જેટલી લોકપ્રિયતા પ્રાપ્ત થઈ નથી. અસંખ્ય પેઢીઓથી આ દેશમાં તેને સન્માનપૂર્વક બિરદાવવામાં આવી છે. ગીતા વિષે શ્રી બી. જી. ગોખલે લખે છે કે "ગીતા કેવળ એક ધર્મકાવ્ય નથી. તે જીવનનો ઉપદેશ છે. તેમાં જે પ્રશ્નો ઉપસ્થિત કરવામા આવ્યા છે તે સાર્વત્રિક અને ચિરંતન છે. દરેક મનુષ્યનું હૃદય ક્યારેક પણ એક કુરૂક્ષેત્ર બની જાય છે. જ્યાં સ્વાર્થ અને કર્તવ્યનો સંઘર્ષ થાય છે, તેનો જવાબ ગીતામાં જરૂર મળે છે, તે જ તેની અમર લોકપ્રિયતાનું રહસ્ય છે અને ઈશ્વર (ભગવત્)ના ગાન ગીતાના રૂપમાં છે તેજ તેની મહાનતા છે."[૧૦]

ભાગવતધર્મને ગ્રીક એલચી હેલિયાડોરસે સ્વીકાર્યો હતો. તે વિદિશાના ગરૂડસ્તંભના લખાણ ઉપરથી જાણવા મળે છે. તો ગુપ્તકાળમાં તો તે રાજ્યધર્મ બની ગયો અને લગભગ સંપૂર્ણ ભારતમાં જ નહિ પરંતુ ભારતની બહાર જાવા, કંબોડિયા વગેરે દેશોમાં પણ ફેલાયો.

જૈનધર્મમાં જેમ શ્વેતાંબર અને દિગંબર, બૌદ્ધધર્મમાં જેમ મહાયાન અને હિનયાન જેવા ફાંટા પડયા તેવી જ રીતે હિંદુધર્મમાં પણ ભાગવત્પંથ, શૈવપંથ, શાક્તિપંથ વગેરે સંપ્રદાયો હતા.

(૩) સમાજમાં સ્ત્રીનું ઉન્નત સ્થાન :

પ્રાચીન યુગમાં ભારતમાં સ્ત્રીને સન્માનપૂર્ણ સ્થાન આપવામાં આવ્યું

૧૦. B. G. Gokhale-Anc. India, p. 864.

હતું, એટલું જ નહિ પરંતુ તે આજ સુધી ચાલુ છે. પ્રાચીન ભારતમાં કુટુંબમાં ગૃહિણીનું ગૌરવપૂર્ણ સ્થાન હતું. આર્યોએ એક પત્નીત્ત્વનો આદર્શ સ્વીકાર્યો હતો. ધાર્મિક કાર્યોમાં તે પોતાના પતિ સાથે બેસતી. છૂટાછેડા પણ તે લઈ શકતી અને પુનર્વિવાહ કરી શકતી. તે પોતાની ઇચ્છાનુસાર પતિ પસંદ કરી શકતી. મહાભારતમાં ઉલ્લેખ છે કે નારી જે પુરુષને ચાહતી ન હોય તેની સાથે લગ્ન ન કરવું. તેમાં એમ પણ કહ્યું છે કે સ્ત્રી બાળકોથી જેટલો પ્રેમ કરે છે, તેટલો પુરુષથી નથી કરતી. સ્ત્રી સાથે અપરાધ કરનારને ભારે શિક્ષા થતી અને પતિના દુર્વ્યવહાર સામે અદાલતમાં તે દાદ માંગી શકતી. સ્મૃતિઓમાં ઉલ્લેખ છે કે જે ઘરમાં નારીને કષ્ટ મળે છે તે કુળનો તુરત નાશ થઈ જાય છે, માટે ઘરની સમૃદ્ધિ માટે નારીનો આદર કરવો જરૂરી મનાતો. લગ્ન પ્રસંગે મળેલ દહેજ કે ભેટના રૂપમાં મળેલ સંપત્તિ ઉપર તેનોજ અધિકાર રહેતો. એટલે કે "સ્ત્રીધન" રાખવાની છૂટ હતી. આમ સ્ત્રીને સ્વતંત્રતા અને સમાનતાના અધિકારો મહદ્અંશે મળેલાં હતાં. સ્ત્રીઓ ઉચ્ચ કેળવણી પણ મેળવતી. વેદોમાં એવી સ્ત્રીઓના નામોનો અભાવ નથી, જે વિદુષી હતી. વિશ્વવારા, ઘોષા, લોપામુદ્રા, અપલા, મૈત્રેયી, ગાર્ગી જેવી સ્ત્રીઓ તેમાંની મુખ્ય છે. રામાયણમાં કૌશલ્યાને 'સ્વસ્તિ" યજ્ઞ કરતી જોઈ શકાય છે, જેનાથી ભાગ્યોદય થાય છે, તો સીતા આરામ છોડીને પતિ સાથે વનમાં જાય છે. સીતા અને સાવિત્રી આજે પણ આદર્શ સ્ત્રીનાં ઉદાહરણ છે. વાત્સ્યાયન, શુક્રનીતિ અને મહાભારતમાં સ્ત્રી માટે સોળ કળાના શિક્ષણની વાત છે. તેઓ શાસ્ત્રો પણ જાણતી. પ્રાચીનકાળમાં દેવી–દેવતાઓની ઉપાસનાથી પણ સ્ત્રીની સ્થિતિ સ્પષ્ટ થાય છે. દેવતાઓ અને દેવીઓનાં નામ સ્મરણમાં પ્રથમ દેવીનું નામ જ બોલાય છે, જેમકે લક્ષ્મીનારાયણ, ઉમામહેશ, સીતારામ, રાધાકૃષ્ણ, રૂક્મિણીકૃષ્ણ વગેરે. "જ્યાં નારીની પૂજા થાય છે ત્યાં ઈશ્વર પણ હાજર રહે છે" (यत्र नार्यस्तु पूज्यंते रमंते तत्र देवता।) એ પ્રાચીન ભારતનો મૂળમંત્ર આજે પણ જોવા મળે છે. ત્યાર પછી આધુનિક યુગમાં તારાબાઈ, અહલ્યાબાઈ, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, સરોજિની નાયડુ, વિજયાલક્ષ્મી પંડિત જેવી સ્ત્રીઓ પણ ભારતીય ઇતિહાસમાં ઝળકી ગઈ છે. સ્વતંત્ર ભારતમાં તો આપણે સ્ત્રીને વડાપ્રધાનનું સ્થાન આપી ખરેખર સ્ત્રીની રાજ્યસંચાલનની યોગ્યતામાં વિશ્વાસ પ્રકટ કર્યો છે. અને વિશ્વને આપણા દેશની સ્ત્રીઓને દરેક ક્ષેત્રે સમાનતાના અધિકાર આપેલ હોવાની ખાતરી કરાવી છે.

(૪) શિક્ષણ :

શિક્ષણની વ્યવસ્થા દ્વારા કોઈપણ દેશની ભાવિ પ્રજા અને તેના સાંસ્કૃતિક વારસાનો ઝાંખો ખ્યાલ મેળવી શકાય છે. પ્રાચીન ભારતમાં શિક્ષણને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવેલું. પ્રાચીનયુગમાં જીવનના દરેક કાર્ય સાથે ધાર્મિક વિધિઓ સંકળાયેલી હતી તેમ શિક્ષણ વિષે પણ હતું. ઉપનયન સંસ્કાર જીવનની એક અવસ્થાની સમાપ્તિ અને બીજી અવસ્થા એટલે કે વિદ્યોપાર્જન અવસ્થાના આરંભનું સૂચન કરે છે. ઉપનયનનો અર્થ જ થાય છે. "શિષ્યને ગુરુ પાસે લઈ જવો." શુદ્ર સિવાય બધાં વર્ણ માટે આ સંસ્કાર હતો. એટલે કે તેઓ શિક્ષણ મેળવી શકતા. ઉપનયન સંસ્કાર પછી આર્યોની આશ્રમવ્યવસ્થા અનુસાર જીવનનાં પ્રથમ પચીસ વર્ષ દરમિયાન વ્યક્તિએ બ્રહ્મચર્ય પાળી ગુરુના આશ્રમમાં શિક્ષણ મેળવવાનું રહેતું.

ગુરૂ–શિષ્ય સંબંધ : પ્રાચીન ભારતમાં ગુરૂકુળો હતાં, જ્યાં બાળકો પોતાના શિક્ષણની શરૂઆત કરતાં. કેળવણી મફત હતી, પરંતુ આશ્રમમાં ગુરૂ સોંપે તે કામ વિદ્યાર્થીને કરવું પડતું. સુદામા અને કૃષ્ણને પણ સાંદીપની ઋષિના આશ્રમમાં ભણતાં ત્યારે લાકડાં કાપવા જવું પડેલું. કુદરતના મનોરમ્ય વાતાવરણમાં પ્રકૃતિને ખોળે શિક્ષણના પાઠો અપાતા. ગુરૂ શિષ્યનો "આધ્યાત્મિક પિતા" માનવામાં આવતો. શિષ્ય તેની વ્યક્તિગત દેખરેખ હેઠળ જ રહેતો. ગુરૂથી આશા રાખવામાં આવતી કે તેમાં સર્વોચ્ચ નૈતિક અને આધ્યાત્મિક યોગ્યતાઓ હોવી જોઈએ. શિષ્ય પાસેથી એવી અપેક્ષા રાખવામાં આવતી કે તે પોતાના ગુરૂનું સન્માન કરે અને બ્રહ્મચર્ય તથા સદાચારના નિયમોનું પાલન કરે. "સાદું જીવન અને ઉચ્ચવિચાર" એ તેનો ધ્યેય હતો. પ્રાતઃકાળે વહેલાં ઊઠીને દરેક શિષ્ય સંપૂર્ણ વિનમ્રતા, શુદ્ધતા અને આત્મસંયમ સાથે તે પોતાની દિનચર્યાનો આરંભ કરતો. દિનચર્યામાં પઠન–પાઠન, અગ્નિપૂજા, સ્નાન, ગુરૂ માટે ભિક્ષા માગી લાવવી કે અન્ય ઘરકામ કરવું અને ગુરૂ સેવા એ મુખ્ય કામ ગણાતા. તેમને જુગાર, સ્ત્રી, આળસ, નિંદ્રા અને નાટકથી બચવાનું કહેવામાં આવતું."

અભ્યાસના વિષયો : શરૂઆતના વર્ષોમાં અભ્યાસનો મુખ્ય વિષય વેદ હતો. તેની સાથે વેદોને સમજવામાં સહાયક એવા વેદાંગો (કલ્પ, શિક્ષા, છંદ, નિરૂક્ત, વ્યાકરણ અને જ્યોતિષ)નો અભ્યાસ જરૂરી માનવામાં આવતો હતો. ઉત્તર વૈદિક કાળમાં ષડ્દર્શનો (કપિલનું સાંખ્યદર્શન, પંતજલિનું

યોગદર્શન, કણાદનું વૈશેષિક દર્શન, ગૌતમનું ન્યાયદર્શન, જૈમિનીનું પૂર્વ-મીમાંસા અને બાદરાયણનું ઉત્તરમીમાંસા) નો પણ અભ્યાસ કરાવાતો હતો. રાજકુમારો કે દરબારીઓના પુત્રોને શસ્ત્રવિદ્યા અને રાજ્યવિજ્ઞાન પણ શીખવવામાં આવતાં. ત્યારપછી તો તર્કશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, આયુર્વેદ, ધનુર્વિદ્યા, શિલ્પશાસ્ત્ર, પ્રાણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, કૃષિશાસ્ત્ર, પશુપાલન વગેરે વિષયો પણ શીખવાતા.

શિક્ષણ પદ્ધતિ : શિક્ષણપદ્ધતિમાં મુખ્યત્વે પઠન, પ્રદર્શન, પુનરાવૃત્તિ, સ્મરણ, વાદવિવાદ અને શાસ્ત્રાર્થની રીતિઓ ઉપયોગમાં લેવાતી. ગુરૂ મહત્ત્વના વિષયોનું વ્યાખ્યાન આપે પછી તેના શિષ્યો તે યાદ રાખવા પ્રયત્ન કરતા. પુસ્તકો ન હતા. પરંતુ જ્ઞાનને શ્રવણ કરીને સ્મૃતિમાં રાખવામાં આવતું તેને પરિણામે ઈ. સ. પૂ. ૧૦૦૦ના ગાળામાં ગુરૂ–શિષ્યોએ વેદોનાં જ્ઞાનને આ રીતે ભાવિ પેઢી માટે લગભગ મૌખિક સ્વરૂપમાં જાળવી રાખ્યું. કોઈપણ વિષયની પરીક્ષા પદ્ધતિ ન હતી. ગુરૂ જ્યારે શિષ્યની પ્રગતિથી સંતુષ્ઠ થઈ જતાં ત્યારે તેને ઘેર જવાની રજા અપાતી. કયારેક અભ્યાસપૂર્ણ થયા પછી શિષ્યને (જેમકે શ્વેતકેતુને) વિદ્વાનોની સભા સમક્ષ રજૂ કરવામાં આવતો જ્યાં તેનાં જ્ઞાનની કસોટી કરવામાં આવતી. "પ્રાચીન–કાળમાં દર વર્ષે શિક્ષણસત્ર ઓગસ્ટથી ફેબ્રુઆરી સુધી છ મહિના ચાલતું. સામાન્ય રીતે શિક્ષણનો પૂરો સમય લગભગ બાર વર્ષનો હતો.[૧૧] અભ્યાસ પૂરો કરીને ઘેર જતાં શિષ્ય ગુરૂદક્ષિણા આપતો. રાજ્ય અને સાર્વજનિક સંસ્થાઓ તરફથી પણ શૈક્ષણિક સંસ્થાઓને ઉદારતાથી દાન આપવામાં આવતું કે જેથી ધનની કમીને લીધે શિક્ષણકાર્યમાં ઓટ ન આવે.

શિક્ષણ પદ્ધતિના મુખ્ય બે હેતુ હતા. (૧) જ્ઞાન પ્રદાન કરવાનો અને (૨) સદ્ચરિત્રતાની ભાવનાને જાગૃત કરવી. આ પદ્ધતિથી જ એવી રીતે વિચારવામાં આવેલી કે જેવો જીવન પ્રત્યે વિદ્યાર્થીનો દૃષ્ટિકોણ વ્યાપક બને, તેનામાં જ્ઞાનની જ્યોતિ જાગે, તેની બુદ્ધિ વિકસે અને તેના વ્યકિતત્વના વિકાસ દ્વારા ચારિત્ર્યનું ઘડતર થાય. પ્રાચીન ભારતની શિક્ષણસંસ્થાઓએ મનુષ્યને કેવળ એક સફળ સામાજીક પ્રાણી જ નહિ પરંતુ એક સંપૂર્ણ સુસંસ્કૃત વ્યકિત બનાવવાની પણ ચેષ્ટા કરી હતી.

---

૧૧. Ibid, p. 140.

મહાન વિશ્વવિદ્યાલયો :-

ધીમે ધીમે અમુક નગરો પોતાના વિદ્વાન શિક્ષકો અને આચાર્યો માટે પ્રસિદ્ધ થયાં અને ત્યાં વિશ્વવિદ્યાલયો પણ સ્થપાયાં. તક્ષશીલા, બનારસ, કાંચી, નાલંદા, વિક્રમશીલા, વલ્લભી વગેરે તેમાંના મુખ્ય વિશ્વવિદ્યાલયો હતા.

તક્ષશીલા :-તક્ષશીલા સૌથી પ્રાચીન વિશ્વવિદ્યાલય મનાય છે. અહીં કળા અને વિજ્ઞાનના અનેક પ્રસિદ્ધ શિક્ષકો હતા અને ભારતના ખૂણે ખૂણેથી વિદ્યાર્થીઓ ત્યાં શિક્ષણ લેવા આવતા બુદ્ધના સમયથી તે પ્રસિદ્ધ હતું. બૌદ્ધ જાતકોમાં પણ તેનો ઉલ્લેખ છે. ભારતના વાયવ્ય સીમાડે આવેલા આ વિદ્યાધામમાં અભ્યાસ કરીને ભારતના દરેક વિભાગના વિદ્યાર્થી પાછા ફરતા ત્યારે પોતાની સાથે ઈરાન અને મેસોપોટેમિયાની સંસ્કૃતિના પ્રભાવને પણ પોતાની સાથે લઈ આવતા. તક્ષશીલા સાથે સંકળાયેલા મહાન વ્યાકરણશાસ્ત્રી કૌટિલ્ય (ચંદ્રગુપ્ત મૌર્યનો પ્રધાનમંત્રી અને "અર્થશાસ્ત્ર" ગ્રંથનો રચયિતા), તથા ચરક (બે મહાન ભારતીય ઔષધશાસ્ત્રીઓમાંનો એક)[૧૨] તે સિવાય રાજા બિંબિસાર, કોશલનરેશ પ્રસેનજિત, બેક્ટ્રિયન રાજવી મીનેંડર, મહાપંડિત નાગાર્જુન વગેરે અહીંના જ તેજસ્વી વિદ્યાર્થીઓ હતા.

તક્ષશીલામાં ૧૬ વર્ષની ઉંમરથી વિદ્યાર્થીઓ આવીને અનેક વર્ષો સુધી વિદ્યોપાર્જન કરતા, ધનુર્વિદ્યા, તલવારબાજી, હસ્તીવિદ્યા, ચિકિત્સાશાસ્ત્ર, મંત્રવિદ્યા અને શસ્ત્રક્રિયા જેવા વિષયો સહિત કુલ ૬૪ વિષયો ભણાવાતા. વિદ્યાર્થીની આર્થિક સ્થિતિ અનુસાર ૫૦૦ થી ૧૦૦૦ કાર્ષાપણ ફી તરીકે લેવામાં આવતા. ગરીબ વિદ્યાર્થી પણ દાખલ થઈ શકતો. પરંતુ તેને ફીના બદલે ઘરનું કામકાજ કરવું પડતું હતું. પરન્તુ વર્ગમાં ધનિક કે ગરીબ વચ્ચે ભેદભાવ રખાતો નહિ. ગુરુના પ્રતિભા-સંપન્ન શિષ્યો સહાયક-શિક્ષક તરીકેની કામગીરી બજાવતા. દરેક આચાર્ય પાસે ૫૦૦ વિદ્યાર્થી અભ્યાસ કરતા હતા. આ વિદ્યાધામ ઈ. સ. પૂ. ૭મી સદીથી લઈને ઈ. સ. ની ત્રીજી સદી સુધી એટલે કે લગભગ એક હજાર વર્ષ સુધી કામ કરતું રહ્યું. ત્યારપછી વારાણસી (કાશી)નું મહત્ત્વ વધ્યું. જો કે તક્ષશીલાની હયાતિમાં પણ તે વિદ્યાનું મહત્ત્વનું કેન્દ્ર હતું જ.

નાલંદા :-

જૈનધર્મ અને બૌદ્ધધર્મના ઉદય અને વિકાસની સાથે શિક્ષણના કેન્દ્ર

૧૨: *A. L. Basham—wonder that was India*, p. 164.

ગુરૂના ઘરને બદલે મઠ કે વિહાર સૌથી વધુ પ્રસિદ્ધ હતા. તેની સ્થાપના ગુપ્ત-કાળમાં થઈ હતી. તેની શરૂઆત એક બે મઠ તરીકે થઈ હતી અને ટૂંક સમયમાં જ તે વિદ્યોપાર્જન કરવાનું આંતરરાષ્ટ્રીય કેન્દ્ર બની ગયું. અહીં ભારતના ખૂણેખૂણેથી તથા મધ્યએશિયા, ચીન, કોરિયા, અને જાવાથી પણ વિદ્યાર્થીઓ આવતા. હર્ષવર્ધનના સમયમાં આવેલ ચીની મુસાફર હ્યુ-એન-ત્સાંગે કરેલા વર્ણન ઉપરથી નાલંદા વિષે ખૂબ માહિતી સાંપડે છે.

નાલંદા મહાયાનપંથી બૌદ્ધવિશ્વવિદ્યાલય હતું. માટે ત્યાંના બધા વિદ્યાર્થીઓનું બૌદ્ધ ભિક્ષુ થવું સ્વાભાવિક જ હતું. નાલંદાની ખ્યાતિ એટલી બધી હતી કે ત્યાં પ્રવેશ મેળવવા પડાપડી થતી અને એટલે ત્યાં પ્રવેશ મેળવવા માટે એક પ્રકારની પરીક્ષામાંથી પસાર થવું પડતું હતું. તે એટલી બધી કડક હતી કે બહુ જ ઓછા તેમાંથી સફળ થઈને બહાર આવતા અહીં પ્રવેશ મેળવનારે પ્રાચીન અને નૂતન ગ્રંથોનું ગૂઢ અધ્યયન કરેલું હોવું જોઈએ. તે સિવાય શાસ્ત્રાર્થ અને વાદવિવાદમાં ભાગ લઈને તેને પોતાની યોગ્યતા પૂરવાર કરવી પડતી. માટે જે પ્રવેશ-પરીક્ષામાં પાસ થઈ જાય તે એક મહાન સફળતા ગણાતી. કારણ કે ત્યાર પછી તેને તે પ્રખ્યાત વિશ્વવિદ્યાલયમાં અધ્યયન કરવાનો અવસર મળી જતો તથા તેના ઉપર તે યુગના શ્રેષ્ઠતમ જ્ઞાન અને સંસ્કૃતિની છાપ લાગી જતી.

નાલંદામાં શિક્ષક અને વિદ્યાર્થીઓની કુલ સંખ્યા દસ હજાર હતી. જેમાંથી ૧૫૦૦ તો શિક્ષકો જ હતા, તો ઇત્સિંગના મતે અહીં ૩૦૩૦ શિક્ષકો હતા. અહીંના શિક્ષકોમાં ધર્મપાલ, ચંદ્રપાલ, ગુણમતિ, સ્થિરમતિ, શીલભદ્ર, ધર્મકીર્તિ, શાંતરક્ષિત વગેરે મુખ્ય હતાં. અધ્યયન અને અધ્યાપનકાર્યમાં મદદરૂપ એવું વિશાળ પુસ્તકાલય પણ અહીં હતું અને તેને "ધર્મગંજ" કહેતા. તે પુસ્તકાલય રત્નસાગર, રત્નોદધિ અને રત્નરંજક નામક ત્રણ ઈમારતોમાં આવેલું હતું.

નાલંદા વિષે ચીનીયાત્રી ઇત્સિંગે લખ્યું છે કે "અહીં નાલંદામાં પ્રતિષ્ઠિત તથા વિદ્વાન લોકો જમા થયેલાં છે, તેઓ સંભવ અસંભવ બધા સિદ્ધાંતો ઉપર વાદવિવાદ કરે છે અને જ્યારે તેમના મતની પુષ્ટિ થઈ જાય છે ત્યારે તેમની બુદ્ધિમત્તાની ખ્યાતિ દૂર દૂર સુધી ફેલાઈ જાય છે." નાલંદાના રાજા મહારાજાઓએ આપેલ, અનેક દાનો અને અનુદાનોથી ચાલતો કુઈ-લી લખે છે કે, "રાજાએ ૧૦૧ ગામની આવક મઠને દાનમાં આપી દીધી છે."

ઇત્સિંગ અનુસાર નાલંદાને કુલ્લે ૨૦૦ ગામની આવક દાનમાં રાજાઓએ આપી હતી. ગુપ્તસમ્રાટો, હર્ષવર્ધન, પાલવંશના રાજવીઓ અને અગ્નિએશિયામાં આવેલા સુમાત્રાના રાજા બાલપુત્રદેવે આ વિદ્યાધામને પોતાની કૃપાનું પાત્ર બનાવ્યું હતું. પરિણામે અહીં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને જીવનની ચાર મુખ્ય જરૂરિયાતો (ભોજન, વસ્ત્ર, રહેઠાણ અને ઔષધ)ની ચિંતા કરવી પડતી નહીં, માટે જ તેને વિશ્વમાં પ્રસિદ્ધિ મળેલી તેણે ૮૦૦ વર્ષ સુધી (ઈ. સ. પાંચમીથી તેરમી સદી) જ્ઞાનની જ્યોત જલતી રાખી.

નાલંદાથી પ્રેરણા મેળવીને સૌરાષ્ટ્રમાં **વલ્લભી** વિશ્વવિદ્યાલયની સ્થાપના થઇ. ઈ સ. ની સાતમી સદીમાં મૈત્રક રાજાઓની કૃપાદષ્ટિ હેઠળ ગુણમતિ અને સ્થિરમતિએ તેની સ્થાપના કરી હતી. હ્યુ-એન-ત્સાંગ અને ઇત્સિંગે આ વિશ્વવિદ્યાલયનાં ખૂબ વખાણ કર્યાં છે. અહીં લગભગ છ હજાર બૌદ્ધ સાધુઓ વિદ્યોપાર્જન માટે વસેલાં. પરંતુ તે ફક્ત એક સદી જ ટકી. તેની જેમ જ ઉતર મગધમાં પાલવંશના ધર્મપાલ નામક રાજવીએ સ્થાપેલ **વિક્રમશીલા** વિદ્યાપીઠ પણ બહુ ઓછો સમય ટકી શકી. નાલંદાનો પરાભવ થયો માટે તેની ખ્યાતિ વધી હતી અને તિબેટ સંબંધી અભ્યાસની અહીં વિશેષ વ્યવસ્થા વિદેશી આક્રમણકારીઓના ભોગ બની, છતાં તે બધી વિદ્યા-પીઠોએ ભારતની સંસ્કૃતિને સુરક્ષિત રાખવામાં તથા તેનો વિકાસ અને પ્રસાર કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. આ વિદ્યાપીઠોને કારણે જ આંતરરાષ્ટ્રીય સંપર્ક સ્થાપવામાં સહાયતા મળી. કારણ કે વિદેશોના યાત્રીઓ અને વિદ્યાર્થીઓ અહીં આવતા, તો અહીંના શિક્ષકો વિદેશોમાં ધર્મપ્રચાર માટે જતા.

[૫] સાહિત્ય :

"સાહિત્ય એ સમાજનું દર્પણ છે." કોઈપણ યુગની ઝાંખી તે કાળના સાહિત્ય પરથી કરી શકાય છે. માટે પ્રાચીન ભારતના ઇતિહાસ અને સંસ્કૃતિને સમજવા માટે તેના સાહિત્ય વિષે જાણવું જરૂરી છે. પ્રાચીન ભારતનું સાહિત્ય એ બુદ્ધિ અને જ્ઞાનનો ભંડાર છે. તેમાં પણ સંસ્કૃત સાહિત્યનો તો તે સુવર્ણયુગ હતો. તેના વિષે પ્રો. એસ. આર. શર્મા લખે છે કે "વિશ્વના કોઈપણ સાહિત્ય કરતાં એ વિશાળ અને સમૃદ્ધ છે. સંસ્કૃતની કાવ્યરચનાઓ વિશ્વની સર્વોત્તમ કૃતિઓ સામે ટક્કર લઈ શકે છે."

પ્રાચીનભારતના સાહિત્યને મુખ્યત્વે બે વિભાગમાં વહેંચી શકાય. ધાર્મિક અને લૌકિક-સાહિત્ય, ધાર્મિક સાહિત્યમાં હિન્દુ, જૈન અને બૌદ્ધધર્મના

સાહિત્યનો સમાવેશ કરી શકાય તો લૌકિકસાહિત્યમાં કાવ્ય, નાટકો, શાસ્ત્રોનો સમાવેશ કરી શકાય.

(अ) **ધાર્મિક સાહિત્ય** : ભારતના પ્રાચીનયુગમાં બધી વસ્તુઓને ધર્મ સાથે સાંકળવામાં આવેલી–તેથી ધાર્મિક સાહિત્યની રચના સ્વાભાવિક હતી. પ્રાચીન ભારતના સાહિત્યની શરૂઆત વૈદિક સાહિત્યથી થાય છે. ભારતીય–સંસ્કૃતિનો પાયો પણ વેદો છે. અને ભારતીય ઇતિહાસનો પ્રાચીનતમયુગ એટલે જ વૈદિક યુગ. વેદો આર્યજાતિના પ્રાચીનતમ ગ્રંથ છે. અને આર્યોની સંસ્કૃતિ. જીવન અને ધર્મનો પરિચય મેળવવા માટે તે ખૂબ જ ઉપયોગી છે. માટે જ ડૉ. રમેશચંદ્ર મજુમદાર કહે છે કે, "વેદ ફક્ત આર્યોના જ નહીં પરંતુ ઇન્ડો–જર્મન નામે ઓળખાતી સમસ્ત આર્યજાતિના પ્રાચીનત્તમ ગ્રંથ છે."[૧૩] વૈદિક સાહિત્યમાં વેદો અને વેદો ઉપરની ટીકાઓ (બ્રાહ્મણો, આરણ્યકો, ઉપનિષદો), વેદાંગ, ઉપવેદો, સૂત્રો અને પુરાણોનો સમાવેશ થાય છે. વેદો અને તેના ઉપરની ટીકાઓ એટલે કે બ્રાહ્મણો, આરણ્યકો અને ઉપનિષદોને "શ્રુતિ" કહેવામાં આવે છે, તો વેદાંગો, ઉપવેદો સૂત્રો અને પુરાણોને "સ્મૃતિ" કહેવામાં આવે છે.

(૧) **ચાર વેદ:** ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ એ ચાર વેદ છે. વેદો તો "સંસ્કૃત સાહિત્યના પિરામિડો" મનાય છે. ઋગ્વેદ સંસારનો સૌ પ્રથમ ગ્રંથ માનવામાં આવે છે. જર્મન વિદ્વાન મેક્સમૂલર ઋગ્વેદને "આર્ય–જાતિનો પ્રથમ શબ્દોચ્ચાર" કહી બિરદાવે છે. તે સંસારનું સૌથી પ્રાચીન પુસ્તક જ નહીં પરંતુ વિશ્વજ્ઞાન–કોષ છે. પ્રો. એસ. આર. શર્મા તેને "માનવ-રચિત સર્વ પ્રથમ વૈજ્ઞાનિક રચા" કહે છે. તેમાં ૧૦ મંડળ અને ૧૦૨૮ સૂક્ત છે. દરેક મંડળના રચયિતા જુદા જુદા ઋષિ છે. ઋગ્વેદમાં દેવતાઓની સ્તુતિના શ્લોક છે, તો દાર્શનિક અને ધાર્મિક તત્ત્વોનું ગૂઢ વિવેચન પણ છે. આ ગ્રંથ આર્યોની સંપૂર્ણ સભ્યતા ઉપર પ્રકાશ ફેંકે છે. અથર્વવેદમાં રાક્ષસી શક્તિઓ, રોગ, ભયાનક–જંતુઓ વગેરેના ઘાતક પ્રભાવથી દૂર રાખવાવાળા ચમત્કારો અને જાદુના સૂત્રોનો સંગ્રહ છે. વશીકરણ અને જાદુના આ સૂત્રોથી ભૂતો અને શત્રુઓ ઉપર વિજય મેળવી શકાય છે, તો મિત્રોને જીતી શકાય છે અને ભૌતિક સફળતા પ્રાપ્ત કરી શકાય છે. "એટલે આ સંહિતાની ગણના ઘણાં દિવસો

---

१३. डॉ. आर. सी. मजुमदार–प्राचीनभारत पृ. २१.

સુધી વૈદિક સાહિત્યમાં થતી ન હતી."[૧૪] સામવેદની ૭૫ સિવાય બધી ઋચાઓ ઋગ્વેદમાંથી જ લીધેલી છે. તેથી તેનું ઐતિહાસિક મહત્વ ખૂબ જ ઓછું છે તે મોટે ભાગે સ્તુતિ ભજનોનો સંગ્રહ છે. સામ એટલે ગાયન. સામવેદમાં ગેય શૈલીનો પ્રયોગ થયેલો છે. આમાંના મંત્રોને સબંધ સોમથી છે. આવી રીતે સામવેદનું મહત્વ ભારતીય સંગીતના ઇતિહાસની દૃષ્ટિએ ખૂબ જ છે. આમાં ઉષાની પ્રાર્થનાનું એક ઉદાહરણ તેની મધુરતા પ્રકટ કરવા સમર્થ છે. "ઉષા નર્તકીની જેમ સુંદર વસ્ત્રોમાં સજેલી પોતાના સૌંદર્યને પ્રદર્શિત કરે છે. પ્રાચીન હોવા છતાં પણ ઉષા સદૈવ નવયૌવના છે, તે વારંવાર નવો જન્મ લે છે, ઉષાનો સૂર્યથી ઘનિષ્ઠ સંબંધ છે, તે સૂર્યની પ્રેયસી છે." યજુર્વેદની મુખ્ય બે શાખાઓ છે–શુક્લ યજુર્વેદ અને કૃષ્ણ–યજુર્વેદ. આ વેદના દેવતાઓ ઋગ્વેદ જેવા જ છે. જેમકે ઋગ્વેદનો રૂદ્ર આમાં શિવ કે મહાદેવ થઈ જાય છે. તેમાં દેવો અને અસુરોના સંગ્રામની પણ ચર્ચા છે, જે ક્રમશઃ અચ્છાઈ અને બૂરાઈના પ્રતિકો માનવામાં આવ્યા છે. ચારે વેદોને અપૌરૂષેય એટલે કે પુરૂષરચિત નહિ પરંતુ ઈશ્વરરચિત માનવામાં આવ્યા છે.

(૨) બ્રાહ્મણો, આરણ્યકો અને ઉપનિષદો (વેદો ઉપરની ટીકાઓ) – વેદોના મંત્રોને સમજવા માટે તેના ઉપર ભાષ્ય કે ટીકાઓ પણ રચાઇ હતી. તેમાં ઇ. સ. પૂ. ૮૦૦ થી ૫૦૦ ના ગાળામાં ગદ્યમાં રચાયેલ બ્રાહ્મણો સૌપ્રથમ રચાયાં હતાં. બ્રાહ્મણોમાં એ અનુષ્ઠાનોનું વિશદ વર્ણન છે, જેમાં વૈદિકમંત્રોનો પ્રયોગ થતો. બ્રાહ્મણોને બે ભાગમાં વહેંચી દેવામાં આવ્યા છે. પ્રથમ ભાગમાં યજ્ઞ કરવાની વિધિ, યજ્ઞવેદી બનાવવાની રીત અને યજ્ઞ માટે જરૂરી વિધાનોનું વર્ણન છે. બીજા ભાગમાં દૃષ્ટાંતો દ્વારા યજ્ઞના મહત્ત્વ અને ફળને સમજાવવામાં આવ્યાં છે. દરેક બ્રાહ્મણ ગ્રંથને કોઈ ને કોઈ વેદ સાથે સબંધ છે. અને તેને તે વેદનો બ્રાહ્મણગ્રંથ કહેવાય છે. જેમકે ઐતરેય બ્રાહ્મણ ઋગ્વેદનો, તો તૈતરીય બ્રાહ્મણ યજુર્વેદનો અને ગોપથ બ્રાહ્મણ અથર્વવેદનો છે

બ્રાહ્મણ ગ્રંથોની સાથેજ વૈદિક ઋષિઓએ આધ્યાત્મિક અને દાર્શનિક વિષયોનું ચિંતન પણ કરેલ. આત્મા, સૃષ્ટિની ઉત્પત્તિ, સૃષ્ટિનો કર્તા અને નિયામક કોણ? જેવા ગૂઢ પ્રશ્નોનું ચિંતન જંગલ કે અરણ્યમાં આશ્રમ સ્થાપી નિવાસ કરનારા ઋષિઓ કરતા. અહીં જે સાહિત્યની રચના થઈ તે જ આરણ્યક અને ઉપનિષદ તરીકે ઓળખાયું. અનેક આરણ્યક બ્રાહ્મણો

૧૪. Ibid–24.

ગ્રંથોના જ ભાગ છે આરણ્યકો અને ઉપનિષદો ગદ્ય અને પદ્ય બંનેમાં છે. ઉપનિષદનો અર્થ થાય છે, "નિકટ બેસીને પ્રાપ્ત કરેલ ઉપદેશ". એટલે કે વૈયક્તિક અને ગુપ્ત ધર્મદીક્ષા. ઉપનિષદોમાં ૧૦૦ ધર્મગ્રંથો છે. પરંતુ તેમાંથી ૧૦ થી ૧૨ જ આપણા માટે મહત્ત્વના ગણાય છે. તેના વિષે શ્રી દર્શક નોંધે છે કે, "જે દસ-બાર ઉપનિષદો મહત્ત્વના ગણાય છે, તેમની વાણીમાં આપણે લપેટાઈએ છીએ ત્યારે જાણે આપણે શરીરે ચોંટેલ સંસારની માયાના ધૂળકાદવ ઘડીભર માટે ખરી પડે છે. આખરી અને સનાતન સત્યની શોધમાં એમનો પુરૂષાર્થ એટલો બધો તીવ્ર છે કે આટલાં વર્ષો પછી પણ એ વાણીની તાજગીને તેજસ્વીતા ઘટયા નથી."[૧૫] ડૉ. રાધાકૃષ્ણન ઉપનિષદને એવું જ્ઞાન કહે છે જે ભ્રમનો નાશ કરે છે. અને સત્ય સુધી પહોંચવા માટે લાયક બનાવે છે. ઉપનિષદમાં પરમતત્ત્વ બ્રહ્મ છે, જે અનંત, નિત્ય, સર્વવ્યાપી, સર્વજ્ઞાની અને શુદ્ધ ચૈતન્ય છે, અને પ્રકૃતિની શક્તિઓ બ્રહ્મનો અંશ માત્ર છે. બ્રહ્મની અનંતતા વિષે બૃહદારણ્યક ઉપનિષદમાં કહ્યું છે કે, "पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते । पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥" તો મુંડકોપનિષદ પ્રમાણે "પ્રણવ (ૐ) ધનુષ્ય છે, આત્મા તીર છે, અને બ્રહ્મ તેનું લક્ષ્ય છે. આપણે એકાગ્ર ચિત્તે નિશાન તાકવું જોઈએ, જેથી તીર અને લક્ષ્ય એક થઈ જાય." ઉપનિષદો અનુસાર વૈયક્તિક આત્મા અને પરમાત્મા અંધકાર અને પ્રકાશની જેમ એક જ શરીરની હૃદયરૂપી ગુફામાં વસે છે. પ્રથમને જીવ અને બીજાને આત્મા પણ કહેવાય છે. જીવ કર્મના ફળોને ભોગવે છે. શ્રી સી. રાજગોપાલાચારી (રાજાજી) ઉપનિષદોને જગતના અતિપ્રાચીન ગ્રંથો હોવા છતાં હજુ પણ "જગતના સૌથી આધુનિક અને સૌથી વધુ સમાધાનકારક ગ્રંથો" માને છે. ઉપનિષદોની પ્રાર્થના પણ પ્રકાશ અને જ્ઞાન માટેની છે. આ ગ્રંથો એટલે ભારતીય તત્ત્વજ્ઞાનનો સાર. નિરાશાવાદી જર્મન તત્ત્વચિંતક શોપન્ હોર કહે છે કે, "આખી દુનિયામાં ઉપનિષદો જેવું શ્રેયસ્કર અને પાવનકારી બીજું અધ્યયન નથી...... ઉપનિષદો સર્વોચ્ચ જ્ઞાનનો પરિપાક છે." તે એમ પણ કહે છે કે, "એ મારા જીવનની શાંતિ અને મૃત્યુનો આરામ છે."

(૩) **સ્મૃતિસાહિત્ય :** સ્મૃતિસાહિત્યમાં વેદાંગ, ઉપવેદ, સૂત્રો અને પુરાણોને ગણાવી શકાય. આરણ્યકો જેવા ગ્રંથોને સમજવા માટે વેદના અંગ જેવા છ **વેદાંગ** રચાયાં જેમાં શિક્ષા, છંદ, વ્યાકરણ, નિરૂક્ત, જ્યોતિષ અને

૧૫. દર્શક– આપણો વારસો ને વૈભવ પૃ. ૮૨.

કલ્પનો સમાવેશ થાય છે. તો ચાર ઉપવેદો પણ રચાયાં. ઋગ્વેદનો ઉપવેદ **આયુર્વેદ**, યજુર્વેદનો ઉપવેદ **ધનુર્વેદ**, સામવેદનો ઉપવેદ **ગાંધર્વવેદ** અને અથર્વવેદનો ઉપવેદ **અર્થશાસ્ત્ર** છે. તો ઓછામાં ઓછા શબ્દોમાં વધુ અર્થસભર કહી દેવાના વિચારથી **સૂત્ર સાહિત્યની** રચના થઈ હતી, જેમાં શ્રૌતસૂત્ર, ગૃહ્યસૂત્ર અને ધર્મસૂત્ર મુખ્ય છે.

રામાયણ અને મહાભારત :—

આજે ભારતમાં રામાયણ અને મહાભારત વિશે ન જાણતું હોય તેવું ભાગ્યે જ કોઈ હશે. શ્રી નહેરૂ કહે છે કે, "એ બંનેમાં હિન્દના આર્યોના આરંભના દિવસોના ને હિંદમાં તેઓ ફેલાતા જતા હતા તેમજ પોતાની હકૂમત સુદૃઢ કરતા જતા હતા, તે સમયના તેમના વિજયો તેમજ આંતર-વિગ્રહનાં બયાનો છે."[૧૬] રામાયણ અને મહાભારત ફક્ત આર્યોના જ નહિ પરંતુ સમસ્ત સંસારના મહાનતમ વીરરસથી ભરેલાં કાવ્યો છે. એમના રચનાકાળ વિષે મતભેદ છે, પરંતુ રામાયણને મહાભારત કરતાં વધુ પ્રાચીન માનવામાં આવ્યું છે. રામાયણમાં સાત કાંડ અને ૨૪૦૦૦ શ્લોક છે તો મહાભારતમાં એક લાખ શ્લોકો છે. રામાયણ અને મહાભારતની સરખામણી ગ્રીસના 'ઇલિયડ' અને 'ઓડેસી' મહાકાવ્યો સાથે કરવામાં આવે છે. પરંતુ મહાભારત તો જગતનું સૌથી મોટું કાવ્ય છે માટે જ કહેવાય છે કે, "જે મહાભારતમાં નથી તે બીજે ક્યાંય નથી." ઇલિયડ અને ઓડિસી બંને મળીને થાય તેના કરતાં મહાભારત સાતગણું અને રામાયણ ત્રણગણું મોટું છે.[૧૭]

મિશલેટ નામક ફ્રેન્ચ ઇતિહાસકાર રામાયણને "હિન્દી મહાસાગર જેટલું વિશાળ, મંગળમય, સવિતાનારાયણના સુવર્ણરસથી રસાયેલું, જેમાં વિસંવાદનું નામ નથી એવું 'દૈવી સુસંવાદનું પુસ્તક' કહે છે." રામાયણના રચયિતા છે—કવિ વાલ્મિકી, જેને આદિકવિ અને કવિકુલમણિ કહેવામાં આવ્યા છે. તો મહાભારતના રચયિતા છે—વેદવ્યાસ, જેને "ચતુર્મુખ નહિ છતાં બ્રહ્મા ને ચતુર્ભુજ નહિ છતા હરિ" (अचतुर्बदनो ब्रह्मा, द्विबाहुपरो हरिः) જેવું મહિમાપૂર્ણ બિરુદ આપવામાં આવ્યું છે.

---

૧૬. જ. નહેરૂ – મારું હિંદનું દર્શન, પૃ. ૧૨૫.

૧૭. G. B. Sen – The Story of Early Indian Civilization, p. 13.

બન્ને કાવ્યોનું કથાવસ્તુ સરખું છે: એક સ્ત્રી અને તેને માટે થયેલ યુદ્ધની વાત તેમાં છે. રામાયણમાં સીતા માટે થયેલું કૌરવ રામ અને રાવણનું યુદ્ધ અને મહાભારતમાં દ્રૌપદી માટે થયેલું કૌરવ અને પાંડવોના યુદ્ધનું વર્ણન છે. રામ-રાવણનું યુદ્ધ તે ખરેખર તો આર્ય-અનાર્ય વચ્ચેનું યુદ્ધ છે. અને દક્ષિણમાં આર્યોના પ્રવેશની તથા ફેલાવાની વાત છે તો મહાભારત આર્યોના પારસ્પરિક કૌટુંબિક સંઘર્ષની વાત છે. માટે જ શ્રી દર્શક તેને "આપણા આર્યોના વૈભવી રાજવીઓએ કરેલ આત્મઘાતની કથા" કહે છે. તેઓ આ ગ્રંથોના વખાણ કરતાં કહે છે કે "માના ધાવણ કરતાંયે મીઠું ને પોષક ધાવણ સૌ માટે એમાં પડયું છે." ભવિષ્યની પેઢીઓના કવિઓને તે ગ્રંથોએજ પ્રેરણાસ્થાન પૂરું પાડયું છે. ભારતના જનસમાજમાંથી એ બે ગ્રંથો, ને ગ્રંથોએ કરેલ અસર જો ઉઠાવી લેવામાં આવે તો બાકી શું રહે? એક બાજુ થોડાક તત્ત્વને શોધવા મથનારા ઋષિઓને શ્રવણો, ને બીજી બાજુ વિશાળ અજ્ઞાન પ્રજા"[૧૮] માટે જ તેઓ એમ પણ કહે છે કે જે આ ગ્રંથોને નથી જાણતા તે ભારતીય સંસ્કૃતિ વિશે કશું જ નથી જાણતા. ભારતવર્ષના કરોડો લોકોને એક પ્રેમસાંકળે આ ગ્રંથે બાંધ્યા છે."

મહાભારતમાં ભારતીય ધર્મ, દર્શન અને સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ ભગવદ્દગીતા પણ છે. સાતસો શ્લોકોની આ નાનકડી ગાગરમાં વ્યવહાર અને પરમાર્થ જ્ઞાનનો સાગર ભરી દેવામાં આવ્યો છે. આચાર્યોએ એટલે જ વિસ્મય-વિમુગ્ધ થઈને કહ્યું છે, "गीता सुगीता कर्तव्या, किमन्यैः शास्त्रविस्तरैः।" શ્રી નહેરૂ તેને "જગતની જ્ઞાત-ભાષાઓમાં વિદ્યમાન ફિલસૂફીનું એક માત્ર સાચું કાવ્ય" કહી બિરદાવે છે. ગીતામાં ધર્મ, તત્ત્વજ્ઞાન અને નીતિશાસ્ત્રનો સુભગ સમન્વય સાધવામાં આવ્યો છે ગીતા અનુસાર કર્મસન્યાસ કર્મયોગ બંનેથી મોક્ષ મળી શકે છે. પરંતુ પહેલા કરતાં બીજાને શ્રેષ્ઠ માન્યું છે તેમાં એમ પણ કહ્યું છે કે મનુષ્યનું લક્ષ્ય કેવળ કર્મ છે, ફળ નહિ. ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે કે "નિષ્કામ કર્મ મનુષ્યનો ધર્મ છે અને એ જ મોક્ષ છે." શ્રી બી. જી. ગોખલે કહે છે કે "ગીતા કેવળ એક ધર્મ કાવ્ય નથી, તે જીવનનો ઉપદેશ છે...દરેક મનુષ્યનું હૃદય કયારેક પણ એક કુરૂક્ષેત્ર બની જાય છે. જયાં સ્વાર્થ અને ધર્મ (ફરજ) વચ્ચે સંઘર્ષ થાય છે અને જયારે પણ આવું સંકટ પેદા થાય ત્યારે તેનો ઉત્તર ગીતામાં અવશ્ય મળે છે.

---

૧૮. દર્શક – આપણો વારસો ને વૈભવ p. 34.

તે તેની આખી લોકપ્રિયતાનું રહસ્ય જે ઈશ્વર (ભગવાન)માં ગમ (ગીતા)માં શ્રદ્ધામાં જ તેની મહાનતા છે."[૧૯] ગાંધીજીએ પણ ગીતાના વખાણ કરતાં કહ્યું છે કે "જ્યારે નિરાશા મને ઘેરી વળે છે. ત્યારે હું ગીતા તરફ વળું છું. અને અહીં કે ત્યાંથી એક શ્લોક મળી જાય છે. અને હું તુરત જ અત્યધિક દુઃખોની વચ્ચે પણ સ્મિત કરવા લાગું છું" ટૂંકમાં ગીતા ભારતીય સમાજ માટે પથ-પ્રદર્શક છે.

(૪) બૌદ્ધ અને જૈન સાહિત્ય – બૌદ્ધોનું ધાર્મિક સાહિત્ય મુખ્યત્વે પાલીભાષામાં અને થોડું સંસ્કૃતમાં પણ રચાયેલું છે. બૌદ્ધોનું પાલીભાષાનું સાહિત્ય ત્રણ ભાગમાં વહેંચાયેલું છે. તેને ત્રિપિટક કહેવામાં આવે છે. પિટક એટલે પટારો કે પેટી. બૌદ્ધધર્મથી સંબંધિત લિખિત સિદ્ધાંતોને પેટીમાં જ રાખવામાં આવતા તેથી બૌદ્ધગ્રંથોનો પિટક કહેતા હતા. (૧) વિનયપિટક – જેમાં ગૌતમબુદ્ધના ભિક્ષુઓ માટેના અનુશાસનના નિયમો છે. (૨) સુત્તપિટક – જેમાં ગૌતમબુદ્ધના ધાર્મિક વિચાર છે. અને (૩) અભિધમ્મપિટક – જેમાં બુદ્ધના ઉપદેશના દાર્શનિક સિદ્ધાંત છે. આમ ત્રિપિટકો બૌદ્ધધર્મમાં સૌથી પ્રાચીન ગ્રંથો છે વિનયપિટકના મુખ્યત્વે ચાર ભાગ છે. પાત્તિમોકખ, સુત્તવિભંગ, ખંદાકા અને પરિવાર–તો સુત્તપિટકમાં પાંચ નિકાયોનો સમાવેશ થાય છે– દીઘનિકાય, મંઝિમનિકાય, સંયુકતનિકાય, અંગુત્તરનિકાય અને ખુદ્દકનિકાય. પ્રસિદ્ધ ધમ્મપદ અને લોકકથાઓનો સંગ્રહ જેને જાતક કહેવામાં આવે છે. તેનો પણ આ પિટકમાં સમાવેશ થાય છે અભિધર્મનો અર્થ થાય છે, ઉચ્ચ ધર્મ. પરંતુ રેસ ડેવિડ્સ કહે છે કે અભિધર્મપિટકમાં તત્ત્વજ્ઞાન નામમાત્રનું પણ નથી તો શ્રીમતી ડેવિડ્સે એકવાર કહેલ છે કે જો સંપૂર્ણ અભિધમ્મપિટક ન પણ હોત તો બૌદ્ધદર્શનના આપણા જ્ઞાનમાં જરાપણ કમી ન થાત.[૨૦] અભિધમ્મપિટક અને સુત્તપિટકના પ્રતિપાદિત વિષયો એક સરખા છે, નિઃસંદેહ બુદ્ધના અનેક શબ્દો અને સિધ્ધાંત જે તેના શિષ્યોમાં પ્રચલિત હતા તે ત્રિપિટકોમાં સંગ્રહિત છે. પરંતુ તે બુધ્ધરચિત તો નથી જ તેની રચના બુધ્ધના નિર્વાણ પછી થઈ હોવાનું મનાય છે. વિનયપિટકનો મોટો ભાગ ૩૫૦ ઈ. સ. પૂ રચાયો હશે. ત્રિપિટકના ઘણા અંશો (જેમકે કથાવસ્તુ) બુદ્ધના નિર્વાણ પછી લગભગ અઢીસો વર્ષો બાદ (અશોકના સમયમાં રચાયા હતા પરંતુ એ

૧૯. B. G. Gokhrle–Anc. Ind. p. 164.

२०. डॉ. आर. सी. मजुमदार (अद्दिल्लित)-प्राचीन भारत पे. १६५.

વાતમાં સંદેહ નથી કે ત્રિપિટકોનો મોટોભાગ બુધ્ધના નિર્વાણ પછીના એકસો વર્ષોમાં સંકલિત થઇ ગયો હતો. ત્રિપિટકો સિવાય પાલિભાષામાં રચાયેલા "મિલિન્દપહ્નો" અને "અટ્ઠકથા" ગ્રંથો મહત્વના છે. મિલિન્દપહ્નોમાં યવન શાસક મિનાન્ડરે બૌદ્ધસાધુ નાગસેનને પૂછેલા પ્રશ્નો અને તેના જવાબો છે. પ્લેટોના "સંવાદો" સાથે તેને સરખાવી શકાય. મગધના આચાર્ય બુધ્ધ-ઘોષે ઈ. સ. ની પાંચમી સદીમાં લંકામાં જઈને અટ્ઠકથાઓની રચના કરી હતી. આ અટ્ઠકથા ઉપર આધારિત લંકામાં બે મહાન ગ્રંથોની રચના પણ થઇ. જેનાં નામ છે.–દીપવંશ અને મહાવંશ. તે બંને સુપ્રસિદ્ધ ઐતિહાસિક ગ્રંથ છે. મહાયાન સાહિત્યમાં દંતકથાઓનો ભંડાર છે જેને અવદાન કહેવામાં આવે છે. તેમાંના પ્રસિદ્ધ સંગ્રહ છે–**અવદાનશતક** અને **દિવ્યાવદાન.**

બૌદ્ધધર્મના સંસ્કૃતભાષામાં રચાયેલા સાહિત્યના મહાનતમ લેખકોમાં સૌથી પ્રસિદ્ધ **અશ્વઘોષ** હતો. તે કનિષ્કનો સમકાલીન અને અયોધ્યાનો નિવાસી હતો. તથાગતના જીવન ઉપર શુદ્ધ અને સરલ સાહિત્યિક શૈલીનુ તેનું મહાકાવ્ય **"બુદ્ધચરિત"** સંસ્કૃત કાવ્યનું એક ઉજ્જવલ રત્ન છે. સૌંદરાનંદ, સૂત્રાલંકાર અને "સારિપુત્ર પ્રકરણ" તેની અન્ય કૃતિઓ છે. તે એક દાર્શનિક, લેખક, નાટયકાર, સંગીતજ્ઞ અને મહાકવિ હતો. સિલ્વીન લેવી તેની સરખામણી મિલ્ટન, ગેટે, કાંટ અને વાલ્ટેયર સાથે કરે છે મહાયાન ધર્મ ઉપર લખનાર પ્રથમ વિદ્વાન હતા. **નાગાર્જુન.** "મધ્યમકારિકા" અને "સુહૃલ્લેખા" તેની પ્રસિદ્ધ કૃતિઓ છે.

જૈનધર્મના સાહિત્યને છ ભાગમાં વહેંચી શકાય છે. (૧) અંગ (૨) ઉપાંગ (૩) પ્રકોણ (૪) છેદસૂત્ર (૫) મૂત્ર (૬) અને મૂળસૂત્ર આ સાહિત્યને આગમો કહેવામાં આવે છે. જૈનધર્મનો સૌથી મહત્ત્વનો ગ્રંથ છે 'કલ્પસૂત્ર'. તે પુસ્તકમાં ભગવાન મહાવીરનું જીવનચરિત્ર અને તેના પૂર્વા-વતારોનું વર્ણન છે. જૈન આગમો ઉપર ટીકાઓ પણ રચાઈ છે. જેને **નિયુક્તિ** કહેવાય છે. ટીકાગ્રંથોમાં "પંચાસ્તિકાય" "પ્રવચન સાર" અને "સમય સાર" મહત્ત્વના છે.

(બ) લૌકિક સાહિત્ય :

લૌકિક સાહિત્યના ઇતિહાસમાં કાલિદાસનું નામ સર્વોપરિ છે. કાલિદાસના સમય વિષે વિદ્વાનોમાં મતભેદ છે, છતાં ગુપ્તયુગમાં થયા હોવાનું માનનારા વધુ છે. (તેમાં સ્મિથ અને કીથ જેવાનો પણ સમાવેશ થાય છે.) "ગુપ્તકાળની

આબાદી, શાંતિ, રાજકીય એકતા અને સમ્રાટોના સાહિત્યશોખને લઈને આ યુગમાં ભારતે કદી નહિ અનુભવેલો એવો ભાષાનો વૈભવ અનુભવ્યો."[21] શાંતિ અને સમૃદ્ધિના આ યુગમાં સંસ્કૃત સાહિત્યની કવિતાકામિનીએ સોળે શણગાર સજ્યા હતા. "ભાસ, શુદ્રક, સુબંધુ, વિશાખદત્ત, ભારવી વગેરે ગુપ્તકાલીન સાહિત્યગગનના તેજસ્વી નક્ષત્રો છે, અને કવિકુલગુરૂ તેમાં ચંદ્ર પેઠે ચળકે છે."

ભાસ સંસ્કૃતના ઉત્તમ નાટયકાર મનાય છે. તેમના મળી આવેલા ૧૩ નાટકોમાથી દૂતઘટોત્કચ, દૂતવાક્ય, ઉરૂભંગ, બાલચરિત્ર, સ્વપ્નવાસવદત્તા અને ચારૂદત્ત મુખ્ય છે. તે બધામાં સ્વપ્નવાસવદત્તા (જેમાં વત્સના રાજવી ઉદયન અને અવન્તિની વાસવદત્તાના પ્રણયની વાત છે) સર્વશ્રેષ્ઠ છે. સંસ્કૃત ભાષાના લેખકોમાં બૌદ્ધ કવિ **અશ્વઘોષ**નું પણ ખૂબ ઊંચું સ્થાન છે. તેમનો જીવનકાળ કાલિદાસની અગાઉનો માનવામાં આવ્યો છે "બુદ્ધચરિત" અને "સૌંદરાનંદ" તેની શ્રેષ્ઠ કૃતિઓ છે. **કાલિદાસ** તો ભારતીય જ નહિ પરંતુ વિશ્વસાહિત્યની અનુપમ વિભૂતિ છે, સંસ્કૃતના અદ્વિતીય નાટયકાર અને કવિ મનાય છે. પ્રેમ અને કરૂણા જેવા માનવીયભાવો વ્યક્ત કરવામાં તેને જે સફળતા મળી છે તે સફળતા ભાગ્યે જ કોઈને મળી હશે. કાલિદાસ અને ભવભૂતિ વિષે ઓકસફર્ડ યુનિવર્સિટીના એક વખતના પ્રોફેસર વિલ્સન કહે છે કે, "ભવભૂતિ અને કાલિદાસનાં કાવ્યોનાં જેવી સુમધુર અને સંગીતમય અથવા ભવ્યભાષાની કલ્પના કરવી પણ અશક્ય છે."[22] નારીનાં રૂપ અને સૌંદર્યની પરખ તેના જેવી કોઈને ન હતી. "ઉપમા તો કાલિદાસની જ" એવી કહેવત બની ગઈ છે, તેની પ્રશંસા કરતાં પ્રો. સિલ્વીન લેવી કહે છે કે સરસ્વતીના વરદપુત્રોમાં એનો જોટો જડવો મુશ્કેલ છે." મહાકવિ કાલિદાસની મુખ્ય કૃતિઓ કાળક્રમાનુસાર આ પ્રમાણે છે— ઋતુસંહાર, મેઘદૂત (ગીતકાવ્યો), કુમારસંભવ અને રઘુવંશ (મહાકાવ્યો) અને માલવિકાગ્નિમિત્ર, વિક્રમોર્વશીયમ્, શાકુંતલ (નાટકો). રઘુવંશ કાલિદાસની અંતિમ અને સર્વશ્રેષ્ઠ કાવ્યરચના છે, તો શાકુંતલ તેમની નાટયકાર તરીકેની પ્રતિભાનું સર્વોચ્ચ શિખર છે. **ભારવિ**એ (૭ મી સદી) કિરાતાર્જુનીયમની રચના કરી હતી. સમ્રાટ હર્ષ પણ એક અચ્છા નાટયકાર હતા. તેમણે નાગાનંદ, રત્નાવલી

---

૨૧. ડૉ. વિજયસિંહ ચાવડા–ભારતનો સાંસ્કૃતિક ઇતિહાસ પા. ૧૪૩.

૨૨. જ. નહેરૂ (દ્વારા ઉલ્લિખિત)– મારૂં હિંદનું દર્શન, પૃ. ૨૦૯.

અને પ્રિયદર્શિકા જેવાં નાટકોની રચના કરી હોવાનું મનાય છે. વિશાખાદત્તે "મુદ્રારાક્ષસ" અને શુદ્રકે "મૃચ્છકટિક" જેવાં નાટકો રચ્યાં હતાં. ગુજરાતમાં જન્મેલા માઘની રચના છે "શિશુપાલવધ". આ મહાકાવ્યમાં કૃષ્ણે શિશુપાલનો કેવી રીતે વધ કર્યો તેનું વર્ણન છે. જો કાલિદાસ પોતાની ઉપમાઓ માટે, ભારવિ અર્થગૌરવ માટે અને દંડિ પદલાલિત્ય માટે પ્રસિદ્ધ છે, તો માઘમાં આ ત્રણે ગુણોનો સમન્વય થયેલો છે, એમ તેના પ્રશંસકો કહે છે. ભર્તૃહરિએ શ્રૃંગાર-શતક, વૈરાગ્ય-શતક અને નીતિ-શતક રચ્યાં હતાં. શ્રૃંગારશતકમાં નારીના રૂપ અને પ્રેમની શક્તિનું વર્ણન છે, તો વૈરાગ્યશતકમાં પાર્થિવ જીવનની નિર્મૂળતા ઉપર વિચાર કરીને સંસાર-ત્યાગી રહેવામાં સાચું સુખ બતાવ્યું છે. નીતિશતકમાં નૈતિક આચરણની સલાહ આપી છે. પ્રાચીન ભારતના અંતિમકાળમાં મહાવીરચરિત, માલતીમાધવ અને ઉત્તમ રામચરિતના રચયિતા મહાન નાટ્યકાર ભવભૂતિ થઈ ગયા.

ગદ્યસાહિત્યની મુખ્ય કૃતિઓમાં દંડિનનું (છઠ્ઠી સદી) દશકુમારચરિત અને સુબંધુ (છઠ્ઠી સદી)નું વાસવદત્તા છે. આ ક્ષેત્રે સૌથી મોટા લેખક સમ્રાટ હર્ષના રાજકવિ બાણભટ્ટ હતા, જેમણે કાદંબરી અને હર્ષચરિત લખ્યાં છે. કથા સાહિત્યમાં વિષ્ણુશર્માનું (છઠ્ઠી સદી) પંચતંત્ર, નારાયણ પંડિતનું (૧૦મી સદી) હિતોપદેશ અને ગુણાઢ્યનું "બૃહત્કથા" સૌથી વધુ પ્રસિદ્ધ છે ઐતિહાસિક સાહિત્યનો બહુ જ વિકાસ થયો હતો, છતાં તેમાંના થોડાક ગ્રંથો પ્રાચીન ભારતમાં લખાયા હતા. જેમકે બાણભટ્ટનું હર્ષચરિત, બિલ્હણનું વિક્રમાંક દેવચરિત, પદ્મગુપ્તનું નવસાહસાંકચરિત, બલ્લાલનો ભોજપ્રબંધ, ચંદ બરદાઈનું પૃથ્વીરાજ રાસો અને હેમચંદ્રનું કુમારપાલચરિતને સિવાય દક્ષિણ ભારતમાં તામિલભાષાના "સંગમ સાહિત્ય" ની રચના થઈ હતી. (ઈ. સ. પૂ. ૫૦૦ થી ઈ. સ. ૫૦૦ નો ગાળો) કુલ ત્રણ સંગમ થયા હતા. તેમાંના બીજા સંગમનો એક માત્ર ગ્રંથ "તોલકાપ્પિયમ" મળી આવ્યો છે, તો ત્રીજા સંગમના પથ્થુપ્પાટ્ટુ (જેમાંના શીલપ્પદિકારમ્ અને મીણમેખલાઇ મહત્વના કાવ્યો છે) એટ્ટ-ટોખાઈ અને પાંહનેન કિલકનકકુ તે સિવાય તિરૂવલ્લુરની રચના "કુરલ" પ્રસિધ્ધ છે.

શાસ્ત્રીય સાહિત્યમાં વ્યાકરણ ગ્રંથોની રચના થઈ હતી. પ્રાચીન ભારતમાં વ્યાકરણનું એટલું મહત્ત્વ હતું કે શ્રી જી. ઇ. સેન તેને "વેદોનો પણ વેદ" કહે છે. વ્યાકરણ ગ્રંથોમાં પાણિનીનું "અષ્ટાધ્યાયી", પતંજલિનું "મહાભાષ્ય" ભર્તૃહરિનું "વાકયપ્રદીપ" અને અમરસિંહનો "અમરકોષ" પ્રસિદ્ધ છે. બીજા

ઉપયોગી સાહિત્યમાં કૌટિલ્યનું "અર્થશાસ્ત્ર" શુક્રાચાર્યનું "શુક્રનીતિ" કામંદકનું નીતિસાર, રાજ્યશાસ્ત્ર અંગેના મહત્વના ગ્રંથો હતા. ખગોળશાસ્ત્રમાં આર્યભટ્ટનું "આર્યભટીય" અને વરાહમિહિરનું 'બૃહત્સંહિતા" તથા ચિકિત્સાશાસ્ત્રમાં ચરક અને સુશ્રુતના ગ્રંથો મોખરે હતા.

[૬] કલા

રવિન્દ્રનાથ ટાગોર કહે છે કે "કલા સમૃદ્ધિમાંથી જ ઉદ્‌ભવે છે અને તે સત્ય છે. આર્થિક સમૃદ્ધિ હોય તો જ પ્રજાને ફુરસદ મળે અને ફુરસદ મળે તો જ લાગણીઓ કલાના માધ્યમ દ્વારા અભિવ્યક્ત થાય. ચીનની કળામાં અંગ-સૌષ્ઠવ ઉપર ભાર મૂકવામાં આવે છે. તો યુનાની કળામાં માનવીયરૂપનું સૌંદર્ય જોવા મળે છે, પરંતુ ભારતીય કળામાં અભિવ્યક્તિની પ્રધાનતા છે. ભારતીય કળામાં પાર્થિવ સૌંદર્ય ઉપર એટલો ભાર મૂકવામાં આવ્યો છે જેટલો આંતરિક ભાવાભિવ્યક્તિ ઉપર મૂકવામાં આવ્યો છે. તે સિવાય ભારતીય સંપૂર્ણ પણે કલાકાર છે. તે આધ્યાત્મિકતા અને પ્રાચીનતા પણ તેની વિશેષતા છે. બીજું ભારતીય કલા જીવંત છે.

વસ્તુકળા અને મૂર્તિકળા – ભારતમાં કલાની શરૂઆત સિંધુખીણની સંસ્કૃતિથી થઈ હતી. ઉપયોગી કળાની દૃષ્ટિએ વિશાળ રસ્તાઓ, ભૂગર્ભ ગટર યોજના, જાહેર સ્નાનાગારો વગેરે તેના ઉત્કૃષ્ટ નગર આયોજનના પુરાવા છે. તેમાં કાંસાની મળી આવેલી નર્તકીની મૂર્તિથી પણ ત્યાંની કલાનો પરિચય પ્રાપ્ત થાય છે. વૈદિક ગ્રંથોમાં પણ ઘરોનો ઉલ્લેખ છે. તે મોટેભાગે લાકડાં, માટી કે પથ્થરના બનાવવામાં આવતાં. તે વસ્તુ તેમની વસ્તુકલાના જ્ઞાનની માહિતી પૂરી પાડે છે. કલા વિવેચક રાય કૃષ્ણદાસનું માનવું છે કે, "વૈદિક આર્યો જે દેવોની ઉપાસના કરતા હતા (જેમકે અગ્નિ, ઇંદ્ર, સવિતા, મિત્ર, વરુણ, વિષ્ણુ, રુદ્ર વગેરે) અને દરેક સ્થિતિમાં તેમનાં રૂપનું જે વર્ણન વેદોમાં આવે છે તેનાથી એ જાણવા મળે છે કે તેમની મૂર્તિઓ અવશ્ય બનાવવામાં આવતી હતી." ઇ. સ. પૂ. ૨૫૦૦ થી ઇ. સ. પૂ. ૨૫૦ સુધીનો લાંબો ગાળો એક એવો યુગ છે જેની કલાની અભિવ્યક્તિ વિશે બહુ ઓછા પ્રમાણો મળે છે. તે સમયની વસ્તુકલા મોટેભાગે લાકડાંની હતી અને તેનું નામનિશાન પણ બાકી નથી રહ્યું. માટે જ શ્રી બી. જી. ગોખલે કહે છે કે, મૌર્યકાળ પહેલાંની ભારતની કલાનો ઇતિહાસ "ભાગ્યની

દૃષ્ટિએ એક સાદા કાગળ અને પુરાતત્ત્વની દૃષ્ટિએ એક ખાલી કબાટ જેવો છે."

પ્રાચીન ભારતની કલાનો સાચો ઇતિહાસ તો અશોકના સમયથી શરૂ થાય છે. અશોકે જ સૌ પ્રથમ લાકડાના સ્થાને પથ્થરનો પ્રયોગ કર્યો. પોતાના સામ્રાજ્યના વિવિધ વિભાગોમાં સ્તંભો મૂકાવી તેના ઉપર તેણે લેખો કોતરાવ્યા હતા. આ સ્તંભો 'સલાટોનું ઉચ્ચતમ કૌશલ્ય' દર્શાવે છે તથા તે 'લલિતકલાના ભવ્ય પ્રદર્શનનું માધ્યમ' પણ છે. એટલે જ અશોકનો યશ કેવળ તેના ધર્મવિજય ઉપર જ નહિ પરંતુ કલા અને વસ્તુના ક્ષેત્રમાં તેના નિર્માણ કાર્ય ઉપર પણ આધારિત છે. ડૉ. આર. સી. મજુમદાર તેના સમયની કલાત્મક પ્રાપ્તિઓને ચાર વિભાગમાં વહેંચે છે–સ્તૂપ, સ્તંભ, ગુફાઓ અને નિવાસ માટેના ભવનો. અશોકે ૮૪ હજાર સ્તૂપો બંધાવ્યા હોવાનું મનાય છે, પરંતુ આગળ જતાં તેમાં ઘણાં સુધારા થયા હતા. ૩૦ થી ૪૦ જેટલાં સ્તંભો ઉપર તેણે રાજાજ્ઞાઓ કોતરાવી હતી. તે એક જ પથ્થરમાંથી બનાવવામાં આવતા અને તેનું વજન ૫૦ થી ૬૦ ટનનું હતું. તેની પાલિસ એટલી કુશળતાપૂર્વક કરાતી કે તે જોનારને ધાતુના બનેલાં લાગે. સ્તંભના શીર્ષ ઉપરના પશુઓની આકૃતિઓની સજીવતા અને સુંદરતાના વિવેચકોએ મુક્ત કંઠે વખાણ કર્યા છે. સારનાથના સ્તંભશિખર ઉપર કોતરાવેલ ચાર સિંહો વિશે ડૉ. વિન્સેંટ–સ્મિથ લખે છે કે, **"કળાની આ સુંદર કૃતિ કરતાં શ્રેષ્ઠ કે તેની બરાબરી કરી શકે તેવું પ્રાચીન પશુમૂર્તિનું ઉદાહરણ કોઈ દેશમાં મળવું મુશ્કેલ છે."**

અશોકનો યુગ ગુફાઓની વસ્તુકળાની દૃષ્ટિએ પણ ઉલ્લેખનીય છે. અંદર અને બહારથી પણ જોવામાં પરતુ સાદી ૩૦–૪૦ ફૂટની ગુફાઓ જેના આંતરિક ભાગને ઘસીને લીસો કરવા માટે જે પુરિશ્રમ કરવો પડતો તે ઉંડી ધાર્મિક ભાવનાની પ્રેરણા વિના અસંભવ હતો. ભિક્ષુઓના નિવાસ માટે અશોકે વિહારો પણ બંધાવ્યાં હતાં. તેણે ભવનો પણ બંધાવ્યાં હતાં. ચીની યાત્રી ફાહિયાને અશોકનું બનાવેલ એક ભવન જોયું હતું. જેના વિષે તે લખે છે કે "આવુ અદ્ભૂત નિર્માણ કાર્ય અશોકે દાનવો દ્વારા કરાવ્યું હશે કારણકે તેનું નિર્માણ કાર્ય મનુષ્યો દ્વારા સંભવ નથી."

શૃંગકાળમાં સાંચી અને ભારહૂતના સ્તૂપો બન્યા. સ્તૂપો ઈંટોના બનેલા અર્ધગોળાકાર ગુંબજો છે. તે ઊંધા રાખેલા વાટકા જેવા લાગે છે. અસ્થિપાત્રને

સ્તૂપના શિખર ઉપર અથવા તેના ગર્ભમાં રખાતા. સાંચીના સ્તૂપ વિષે શ્રી દર્શક લખે છે કે 'સાંચી સુપ્રસિદ્ધ છે, આ સ્તૂપની આજુબાજુની પથ્થરની જાળી અને તોરણોમાં ભારતવર્ષની છ સદીનું સ્વપ્ન કંડારાયું છે ને તેને કંડારી જીવંત કરવામાં ભારતના એક છેડા પરથી બીજા છેડા સુધીના લોકોએ શ્રદ્ધાને મૂર્ત કરતો દાનપ્રવાહ રેલાવ્યો છે, ભગવાન, જનસામાન્યે એમના પ્રત્યેની કરૂણાના અવતાર હતા, આ અમૂલા સ્તૂપમાં જનસામાન્યે એમના પ્રત્યેની વ્યકિત વહેવડાવી છે. દાન આપ્યાં છે. એક વીણાવાદકે, મજુસેના એક સુકાદમે, વિદિશાના હાથીદાંતના કારીગરોએ, કોઈકે અખંડ દીવામાં પૂરવાના ઘીનું દાન આપ્યું છે, તો કોઈકે સુગંધ માટે અગરબત્તીનું...પણ જે સલાટોને સ્થપતિ-ઓએ આ તોરણો, સ્તંભો, ગુફાઓ, કમાનો રચ્યાં, તેમના હૃદયમાંથી તથાગતના ધર્મનું રહસ્ય જાણે નવા જ અર્થો લઈને અવતર્યું છે. તથાગતે કરેલી તત્ત્વચર્ચા, તેમની તર્કબધ્ધ દલીલો, જાણે એમના મનમાં સરી પડી છે. એમના અંતરમાં તો આરપાર ઊતરી ગઈ છે કરૂણા.''[૨૩]

ઉત્તરભારતમાં કુષાણ નામની વિદેશી જાતિના શાસક કનિષ્કે બૌધ્ધધર્મની પડતીને રોકવા ગૌતમબુધ્ધને દેવતા માનીને તેને પૂજવાનું શરૂ કરાવ્યું, આમ "મહાયાન" સંપ્રદાયની સ્થાપના થઈ. કનિષ્કનું સામ્રાજ્ય ભારતીય, ચીની, રોમન અને ઈરાની સાંસ્કૃતિક પ્રભાવનું કેન્દ્ર બની ગયું હતું. પરિણામે યૂનાની અને ભારતીય કલાના મિશ્રણરૂપ ગાંધારશૈલી ઉદ્ભવી. રસાનુભૂતિની દૃષ્ટિએ ગાંધારકલાને સફળતા પ્રાપ્ત ન થઈ પરંતુ મૂર્તિનિર્માણની દૃષ્ટિએ તે એક મહાન સફળતા હતી. કારણકે હવે બુદ્ધની મૂર્તિઓ બનાવવાનું શરૂ થયું. મથુરામાં બુદ્ધની સેંકડો મૂર્તિઓ બનાવવામાં આવી. ગાંધારશૈલી પ્રમાણેની બુદ્ધની મૂર્તિ "કોઈ યુનાની રાજકુમાર" જેવી લાગે છે. માટે જ બી. જી. ગોખલે કહે છે કે, "બુદ્ધની આ આકૃતિમાં એક રાજકુમાર અને એક તપસ્વીનું વિચિત્ર સંમિશ્રણ જોવા મળે છે." આ શૈલી વિષે ટીકા કરતાં રાયકૃષ્ણદાસ કહે છે કે, "યુનાની મૂર્તિકળાની વાસ્તવિકતા અને ભારતીયકળાની ભાવમય અથવા આધ્યાત્મિક વ્યંજના એવા બે વિજાતીય તત્ત્વ હતા, જેની એકતા અસંભવ હતી. પરિણામે ગાંધારકલામાં આ બંને વિશેષતાઓમાંથી એક પણ પ્રસ્ફુરિત ન થઈ."

૨૩. દર્શક – આપણો વારસો ને વૈભવ, પૃ. ૧૭૩-૪.

કુષાણકાળમાં મથુરા શૈલીનો પણ વિકાસ થયો, તો સાતવાહનોના શાસનકાળમાં દક્ષિણમાં અમરાવતી અને નાગાર્જુન કોંડામાં મૂર્તિકારો પોતાની કલ્પનાશક્તિનો પરિચય આપી રહ્યા હતા. સ્તૂપોને સજાવવા માટે પથ્થરોને થોડા થોડા કોતરીને સુંદર વેલ–બૂટા બનાવવામાં તેમની વિશેષ અભિરૂચી હતી, આમ ત્યાં બૌધ્ધકલાને પ્રોત્સાહન મળ્યું અને પરીણામે કાન્હેરી (મુંબઈ), કાર્લે (પૂના) અને નાશિકના ગૂફામંદિર શીલાઓ કોતરીને બનાવવામાં આવ્યા. ગૂફામંદિર ભિક્ષુઓમાં નિવાસસ્થાન અને આરાધના તથા ઉપાસનાના સ્થળ પણ હતા.

ભારતીય કળાના વિકાસના ક્ષેત્રે ગુપ્તયુગનો ફાળો અદ્વિતીય છે. ગુપ્તકાળ એટલે જ કળાનો સુવર્ણયુગ. ગુપ્તકાળની વસ્તુકળામાં પ્રાચીન પરંપરા જાળવી રખાઈ તેની સાથે જ નવયુગના આરંભના ચિહ્નો પણ તેમાં જોવા મળે છે. સ્વાભાવિકતા, ઉચ્ચકોટિની સૌંદર્યોપાસના, સરળતા અને આધ્યાત્મિકતા આ યુગની કળાની વિશેષતાઓ છે. સારનાથનો ધમક સ્તૂપ (૧૨૮ ફૂટ ઉંચો) વાસ્તુકળાનો ઉત્તમ નમૂનો છે. પરંતુ મૂર્તિકળાના ક્ષેત્રે ગુપ્તકાળમાં બુધ્ધ, વરાહ, શિવ, વિષ્ણુ સૂર્ય અને કાર્તિકેયની પથ્થર તેમજ તેમજ ધાતુઓની અનેક મૂર્તિમાં ભવ્યતા અને શાંતિ નીતરતી જોવા મળે છે. મથુરામાં ઉભેલા બુધ્ધની મૂર્તિમાં ભવ્યતા અને શાંતિ નીતરતી જોવા મળે છે. મથુરામાં ઉભેલા બુધ્ધની મૂર્તિ અને બુધ્ધની તાંબાની મૂર્તિ આ યુગની મૂર્તિકલાના ઉત્તમ નમૂનાઓ છે. બુધ્ધ સિવાય ચતુર્ભુજ વિષ્ણુની પણ અનેક મૂર્તિઓ મળી આવી છે.

સ્થાપત્યમાં જબલપુર પાસેનું વિષ્ણુમંદિર, નાગોદનું શિવમંદિર, અજયગઢનું પાર્વતીમંદિર અને ભીતરગાવનું ઈંટોનું મંદિર પ્રસિદ્ધ છે. તે ઉપરાંત પર્વતો કંડારીને મોટી મોટી ગુફાઓનું નિર્માણ પણ થયું હતું. ઇલોરાની ગુફાઓ તેનો સુંદર પુરાવો છે. ઇલોરાની જેમજ દક્ષિણ ભારતમાં મદ્રાસ પાસે મહાબલિપુરમમાં પાંચ પાંડવોના રથ બનાવવામાં આવ્યા છે. તે રથ પલ્લવયુગની કૃતિઓ છે. પથ્થરના આ પાંચે રથ એવી જ મોટી શીલામાંથી કોતરવામાં આવ્યા છે. ઇલોરાના કુશળ મૂર્તિકારોના હથોડાઓએ પથ્થરમાં દેવતાઓનું નિવાસસ્થાન કૈલાસ પોતાની કલ્પના પ્રમાણે બનાવ્યુ છે. ઇલોરા અને અજંટાની ગુફાઓનો સમૂહ ઔરંગાબાદ પાસે આવેલ છે. અહીં એક-બીજાથી જુદા એવા ગુફામંદિરોના ત્રણ જૂથ છે. બ્રાહ્મણ; બૌદ્ધ અને જૈન

તેમાં સૌથી વધુ ભવ્ય બ્રાહ્મણુ-શૈવ ગુફાઓ છે. કલાકારોની નિપુણુતા તો જુઓ કે આખુ કૈલાશમંદિર સામાન્ય પ્રણાલિકા પ્રમાણે નીચેથી ઉપર નહીં, પરંતુ તેમાં પ્રવેશ કરતાં જ દર્શકની સામે એક એવું ભવ્ય દશ્ય આવે છે જે તેને મંત્રમુગ્ધ કરી દે છે. અને તેનું મસ્તક શ્રદ્ધા અને પ્રશંસાથી નમી જાય છે. અહીંની સંપૂર્ણ મૂર્તિકળા શક્તિના સદુપયોગનું સાકાર રૂપ છે...અહીં અચેતન પાષાણુ પણુ અલૌકિક શકિત અને ઉદ્દેશ્યથી ઓતપ્રોત મૂર્તિઓનું રૂપ ધારણુ કરી લે છે."[૨૬] અહીંનો મૂર્તિકાર ફકત શિલ્પી જ નથી રહેતો, તે એક ભકત અને દાર્શનિકનું રૂપ પણુ ધારણુ કરી લે છે.

ચિત્રકળા : ચિત્રકળાના વિકાસની દષ્ટિએ ગુપ્તયુગ સર્વશ્રેષ્ઠ છે. અજંતા અને વાઘની ગુફાઓનું ચિત્રકામ જોઈને આજે પણુ જોનારનું ચિત્ત આશ્ચર્યમાં ગરકાવ થઈ જાય છે. સ્મરણીય અને ભાવવ્યંજક ચિત્રો ગુપ્તકાળના ચિત્રકારોની નિપૂણુતા પ્રકટ કરે છે. અજંતા વિશે શ્રી નહેરુ લખે છે કે "અજંતા આપણુને કોઈક દૂરની અને સ્વપ્નસમી છતાં અત્યંત વાસ્તવિક દુનિયામાં લઈ જાય છે."[૨૭] "મરણુાસન્ન રાજકુમારી" અને "માતા-પુત્ર" અજંતાની ચિત્રકળાના ઉત્તમ નમૂના છે. બુદ્ધનું 'મહાભિનિષ્ક્રમણુનું' ચિત્ર સ્વાભાવિક અને પ્રભાવશાળી છે. તેના વિષે ભગિનીનિવેદિતા લખે છે કે "આ ચિત્ર ભગવાન બુદ્ધનું સૌથી મહાન કલ્પનાપ્રધાન ચિત્ર છે. આવી અદ્વિતિય કલ્પના ફરી ઉત્પન્ન થઈ શકતી નથી." એક મહિલા કલા વિશારદ અજંટાની કળાને ભારતની સર્વોત્કૃષ્ટ કળા કહે છે. માનવ-શરીરનાં રૂપ સંબંધી અતિસૂક્ષ્મ વાતોનું ચિત્રણુ અજંતાના કલાકારોએ એટલી કુશળતાથી કર્યું છે કે આધુનિક ચિત્રકાર પણુ તેની સામે પોતાના અજ્ઞાન ઉપર નિરાશા પ્રકટ કરે છે. તે કલાકારોની તીક્ષ્ણુ દષ્ટિ અને મહાન કૌશલ્યને પ્રદર્શિત કરે છે. તેના વખાણુ કરતાં ગ્રિફિથ (જેણે ૧૩ વર્ષ સુધી આ ચિત્રોનું અધ્યયન કર્યું હતું.) તેને ઈટાલીના વિશ્વપ્રસિદ્ધ કલા નમૂના સાથે સરખાવે છે. તેના શૈક્ષણિક મૂલ્ય વિષે તે લખે કે "**કળાના શિક્ષણુની દષ્ટિએ ભારતના કોઈપણુ કલાના વિદ્યાર્થી માટે અજંટાના નમૂનાથી વિશેષ બીજી કોઇ પણુ વસ્તુ ઉદાહરણુરૂપે રાખી શકાય નહિ.** અહીંની કલામાં સજીવ કલાત્મક ભાવોથી યુકત માનવ-મુખાકૃતિઓ, ભાવપૂર્ણ ગતિશીલ અંગ, ખીલેલાં ફૂલ, ઉડતાં પક્ષીઓ, લડતાં પશુઓ-એ બધું પ્રકૃતિની પુસ્તકમાંથી જ લેવામાં

---

૨૬. B. G. Gokhale Anc. Ind. p. 193.

૨૭. જ. નહેરુ – મારું હિંદનું દર્શન પા. ૨૮૨.

આવેલું છે **પર્સી બ્રાઉન** તેના વિષે લખતાં કહે છે કે "અજંટાના દૃશ્યો સજીવતા અને અભિનયથી ભરપૂર છે અને પ્રધાનતઃ ધાર્મિક હોવા છતાં તે ધર્મ નિરપેક્ષતામાં તેમની શ્રદ્ધા વ્યકત કરે છે."૨૮

સંગીત કળા : પ્રાચીનકાળમાં ગંધર્વ અને કિન્નર લોકોનાં નામ આવે છે જે સંગીત અને નૃત્યકળામાં પ્રવીણ હતા. ઋગ્વેદમાં પણ દુંદુભિ, બંસરી અને વીણા ત્રણે વાદ્યોના નામ આવે છે. તો સામવેદ સંપૂર્ણપણે ગેય પદોનો સંગ્રહ છે. ટૂંકમાં વૈદિકકાળથી જ સંગીતકળાનું જ્ઞાન ભારતીયોને હતું. રામાયણ અને મહાભારતમાં પણ તેનો ઉલ્લેખ છે. રામ-પુત્ર લવકુશ રામાયણ ગાતા બતાવાયા છે. તો પાંડવોના અજ્ઞાતવાસમાં અર્જુન બૃહન્નલાની રૂપમાં રાજા વિરાટને ત્યાં રાજકુમારીને સંગીત અને નૃત્ય શીખવતા જોવા મળે છે. ગુપ્તકાળનો મળી આવેલ સિક્કો જેમાં સમ્રાટ સમુદ્રગુપ્ત વીણાવાદન કરતા બતાવાયા છે, તે તેના સંગીતજ્ઞ હોવાનો પરિચય આપે છે. તો ભરતમુનિના નાટયશાસ્ત્રમાં પણ સંગીતશાસ્ત્રનો થોડો પરિચય મળે છે.

નૃત્યકળા – સિંધુખીણની સંસ્કૃતિના અવશેષોમાંથી મળી આવેલી કાંસાની નર્તકીની મૂર્તિ નૃત્યકળા વિષેના તેમના જ્ઞાનની માહિતી આપે છે, તો ઋગ્વેદમાં ચતુરાઈથી આકર્ષક વસ્ત્ર પહેરીને નૃત્ય કરતી નારીઓનું વર્ણન છે. વેદોમાં વાંસ ઉપર નાચ કરતાં લોકોનું પણ વર્ણન છે. રામાયણના વર્ણન અનુસાર અયોધ્યામાં રાત અને દિવસે નૃત્ય થયાં કરતું. અર્જુન પણ અજ્ઞાતવાસમાં નૃત્યશિક્ષક હતા. બૌદ્ધગ્રંથોમાં ભિક્ષુ અને ભિક્ષુણીઓને નૃત્ય પ્રદર્શનમાં ભાગ લેવાની મનાઈ કરવામાં આવી છે. કાલિદાસના "માલવિકાગ્નિમિત્ર" નાટકમાં રાજભવનમાં નૃત્યશાળાનું વર્ણન મળે છે. સારંગદેવના "રત્નાકર" માં પણ નૃત્યની વિવેચના છે. તેમાં વિશેષ કરીને શિવના તાંડવ-નૃત્ય વિષે કહેવામાં આવ્યું છે. દક્ષિણ-ભારતના મંદિરોમાં દેવદાસીઓએ ભરતનાટયમના રૂપમાં આ કળાને સુરક્ષિત રાખવાનો અતૂટ પ્રયાસ કર્યો છે.

(૭) વિજ્ઞાન

પ્રાચીનકાળમાં ભારતે જ્ઞાનવિજ્ઞાનની વિવિધ શાખાઓમાં પ્રગતિ સાધીને જગત સમક્ષ પોતાની શ્રેષ્ઠતા પુરવાર કરી હતી. પ્રાચીન ભારતે ગણિત,

---

૨૮. S. R. Sharma (દ્વારા ઉલ્લેખિત) – Anc. Ind. Hist & Culture p. 121.

ખગોળશાસ્ત્ર, જ્યોતિશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, રસાયનશાસ્ત્ર, વૈદકશાસ્ત્ર વગેરેમાં સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી જેમાંની અનેક તો તત્કાલીન જગતમાં અદ્વિતીય હતી.

ગણિત – નાની અને મોટી સંખ્યા ગણવાનું જ્ઞાન પ્રાચીનકાળમાં ભારતના લોકોને હતું. એક, દશ, સો, હજારથી લઈને પરાર્ધ સુધીની ગણત્રીના નામો યજુર્વેદમાં મળે છે. એક બ્રાહ્મણગ્રંથમાં તો ઋગ્વેદના બધા અક્ષરોની સંખ્યા (૪૩૨૦૦૦) આપેલી છે. તે એમ બતાવે છે કે તત્કાલીન લોકોને અસીમિત સંખ્યાઓ વિષેનું જ્ઞાન હતું. ઘણાં લાંબા સમય સુધી પાશ્ચાત્ય વિદ્વાનો દશાંશપદ્ધતિની શોધનો શ્રેય આરબોને આપતા. પરંતુ હકીકત એમ નથી. દશાંશ પદ્ધતિની શોધ તો ભારતીયોની છે. ખુદ આરબો પણ ગણિતને "હિંદસાં" કહે છે.[૨૯] તે જ બતાવે છે કે આરબોએ પણ આ જ્ઞાન ભારત પાસેથી મેળવ્યું હતું અને પછી તેને યુરોપમાં ફેલાવ્યું હતું, માટે જ પ્રો. એ. એલ. બૈશામ કહે છે કે, "આ બાબતમાં પશ્ચિમી દુનિયા ભારતની ઋણી છે. મહાન શોધખોળો કે જેના માટે યુરોપ ખૂબ ગૌરવ લે છે, તેનો મોટો ભાગ ગણિતની વિકસીત પદ્ધતિ વિના અશક્ય હતો." આર્યભટ્ટે વર્ગમૂળ અને ઘનફળ કાઢવાની રીતિઓનું વર્ણન કર્યું છે. તેને જ πનું જે સૂત્ર આપ્યું છે તે અસંત શુદ્ધ છે. તે છે $\pi = \frac{62832}{20000} = ૩.૧૪૧૬$. ભૂમિતિનો પણ વિકાસ થયો હતો. કારણ કે પ્રાચીન ભારતના વૈદિક યુગમાં યજ્ઞોનું પ્રાધાન્ય હતું. યજ્ઞોની વેદી અને ઈંટોના નિશ્ચિત આકારે ભૂમિતિના વિકાસની તક આપી.

ખગોળશાસ્ત્ર અને જ્યોતિષ – ભારતમાં ખગોળશાસ્ત્રનો વિકાસ બહુ પ્રાચીન છે. વૈદિકયુગમાં યજ્ઞોનું પ્રાધાન્ય હોવાથી યજ્ઞ કરનાર અને કરાવનાર માટે ગ્રહો, નક્ષત્રો અને સમય વગેરેની સાદી જાણકારી જરૂરી હતી. આમ વૈદિકકાળના પ્રારંભમાં જ ખગોળશાસ્ત્રની જાણકારી જરૂરી હતી. તો ઉત્તર વૈદિકકાળમાં છ વેદાંગોમાં જ્યોતિષની ગણત્રી પણ થઈ. ખગોળશાસ્ત્રમાં જૈન ધર્મે પણ ફાળો આપ્યો છે. જૈનોનું "સુરિયપણ્ણતિ" નામનું ઉપાંગ ખગોળ વિદ્યાનો મહાન ગ્રંથ છે.

વૈદિકકાળમાં લોકોને નક્ષત્રોની માહિતી પણ હતી. પરંતુ જ્યોતિષનો શાસ્ત્રીય વિકાસ ઈ. સ. ની પાંચમી સદી એટલે કે ગુપ્તયુગમાં આર્યભટ્ટના

---

૨૯. A. L. Basham – Wonder that was India, p. 496.

સમયથી થયો. તેઓ પાટલીપુત્રમાં ઈ. સ. ૪૭૬ માં જન્મ્યા હતા. તેમનો મુખ્ય ગ્રંથ છે, "આર્યભટીય" (૨૩ વર્ષની ઉંમરે તેણે આ ગ્રંથ લખ્યો હતો.) દશગીતિકાસૂત્ર અને આર્યાષ્ટશત તેમણે સૂર્યસિદ્ધાંતને મૂળ માનીને ગ્રહોની ગતિ વિષે વિચાર્યું છે. તેમણે જ સૌપ્રથમ કહ્યું કે પૃથ્વી ગોળ છે. અને તે પોતાની ધરી ઉપર ફરે છે. ગ્રહણ વિષે. રાહુ–કેતુની કથાને ખોટી બતાવીને તેમણે સાબિત કર્યું કે ચંદ્ર કે સૂર્ય પર પૃથ્વીની છાયા પડવાથી આમ થાય છે. આર્યભટ્ટે ગણના કરીને કહ્યું કે એક વર્ષમાં ૩૬૫. ૨૫૮૬૮૦૫ દિવસ હોય છે. જ્યારે આધુનિક જ્યોતિષીઓના મતે એક વર્ષમાં ૩૬૫. ૨૫૬૩૬૦૪ હોય છે. આમ આર્યભટ્ટની ગણત્રી આધુનિક ગણત્રીની ખૂબ જ નિકટ હતી. તે સિવાય વરાહમિહિર ઈ. સ. (૫૦૫–૫૮૭) પણ મહાન જ્યોતિષી હતા. પંચસિદ્ધાંતિકા, બૃહજ્જાતક, બૃહત્સંહિતા અને લઘુજાતક તેમના મુખ્ય ગ્રંથો છે. વિવાહના વિવેચન માટે તેમણે બૃહદ્વિવાહપટલની રચના કરી હતી. બ્રહ્મગુપ્ત પણ આ સમય દરમ્યાન થયેલ મહાન જ્યોતિષી હતા.

ભારતના પ્રાચીન વિદ્વાનો વિદેશીઓથી વિદ્યાગ્રહણમાં કંઈ સંકોચ રાખતા નહિ. એલેક્ઝાંડિયામાં ગ્રીક પંડિતો જ્યોતિષશાસ્ત્રનો જે વિકાસ સાધી રહ્યા હતા તેનાથી ગુપ્તકાળના ભારતીય જ્યોતિષીઓ સારી રીતે પરિચિત હતા. તેઓ તેમની વિદ્યાનો આદર પણ કરતા. માટે જ વરાહમિહિરે તો લખ્યું પણ છે કે "જો કે યવનો મ્લેચ્છ છે પરંતુ જ્યોતિષ વિદ્યામાં ખૂબ પ્રવિણ છે. માટે ઋષિઓની જેમ તેમનો આદર કરવો જોઈએ." શાયદ ભારતીય વિદ્વાનોએ ગ્રીકો પાસેથી થોડા પારિભાષિક શબ્દો પણ લીધા હોય તો આશ્ચર્ય નથી છતાં એ ધ્યાન રાખવું જોઈએ કે એલેકઝાંડ્રીયાના ગ્રીક જ્યોતિષ કરતાં ગુપ્તકાળનું જ્યોતિષ વધુ ઉન્નત હતું. એટલે જ શ્રી ચંદ્રભાઈ ભટ્ટ લખે છે કે, "વિશ્વસંસ્કૃતિનું અતિ સુરમ્ય એવું ગ્રીકધામ પણ પોતાના ચિંતન, ગણિત અને ખગોળશાસ્ત્રના અભ્યાસ માટે ભારતવર્ષનું ઋણી હતું."

ભૌતિકશાસ્ત્ર અને રસાયનશાસ્ત્ર :

પ્રાચીનકાળમાં દરેક વસ્તુનો સંબંધ ધર્મ સાથે હતો, તે જ રીતે વિજ્ઞાનનો પણ તત્કાલીન ધર્મ સાથે સંબંધ હતો. ધર્મના વિકાસમાં તેણે સહાયતા કરી હતી. પ્રાચીનકાળના ભારતીઓએ ભૌતિકશાસ્ત્રમાં પણ પ્રગતિ સાધી હતી. તેઓ પરમાણુ વિશેનું જ્ઞાન ધરાવતા હતા. મહર્ષિ કણાદે આ સિદ્ધાંત વિશે લખ્યું. વેદાંતીઓ, બૌદ્ધો અને જૈનોએ પોતપોતાની રીતે આ

સિદ્ધાંતનું વિવેચન કર્યું. પ્રાચીનકાળમાં પરમાણુનો આકાર ૧/૩૪૯૫૨૫ ઈંચ માનેલો. વૈદિક ગ્રંથોમાં ચર્ચા છે કે પ્રકાશ સાત રંગનો હોય છે. ઋગ્વેદમાં સૂર્યને સાત ઘોડાના રથ ઉપર બેસવાવાળો કહ્યો છે. તેને "સપ્ત–રશ્મિ" કહ્યો છે. આ પ્રતિકો દ્વારા સપ્તરંગી પ્રકાશની વાત કરી છે, તો સૂર્યના કિરણોની ઉપમા શીઘ્ર ચાલનારા ઘોડાથી આપી છે. તે બતાવે છે કે લોકો જાણતા હતા કે પ્રકાશની ગતિ ખૂબજ તેજ છે.

રસાયનશાસ્ત્રનો વિકાસ સ્વતંત્રપણે નહિ પરંતુ ઔષધિશાસ્ત્રના વિકાસ સાથે થયો છે. રસાયનશાસ્ત્રના ઉત્થાનમાં સુશ્રુત, ચરક, વરાહમિહર અને પંતજલિના ગ્રંથ જોઈ શકાય છે. ચરકસંહિતામાં ભૌતિક દ્રવ્યોનાં ગુણોનું વિસ્તારપૂર્વક વર્ણન છે. પંતજલિના લોહશાસ્ત્રમાં રસાયનશાસ્ત્રનો સ્વસ્થ પરિચય મળે છે. તો નાગાર્જુન પણ લોહશાસ્ત્રના સારા જાણકાર હતા. તેમણે જ પારાનું નિર્માણ કરી રાસાયણિક મિશ્રણના જ્ઞાનમાં વૃદ્ધિ કરી. રસાયનશાસ્ત્રે ગુપ્તકાળમાં ખૂબ પ્રગતિ કરી હતી તેનું જીવતું જાગતું ઉદાહરણ છે—દિલ્હી પાસે મેહરૌલીમાં આવેલો લોહસ્તંભ. તે ૨૪ ફૂટ ઊંચો છે અને તેનું વજન છ ટન છે. આવડો મોટો અને વજનદાર લોહસ્તંભ કેવી રીતે તૈયાર કર્યો હશે, એ એક ગૂઢ રહસ્ય છે. લોઢાને ગરમ કરીને ઘન મારીને તો આવો સ્તંભ બનાવી શકાય જ નહિ, તેને ઢાળી શકાય. જો એમ થયું હોત તો એમ સાબિત થાય કે લોકોને લોઢું ઢાળવાની વિદ્યા આવડતી હતી. આ લોહસ્તંભ વિષેની આશ્ચર્યની વાત એ છે કે આજે ૧૬૦૦ વર્ષ પછી પણ તેને કાટ લાગ્યો નથી. દીર્ઘકાળથી વર્ષા, તોફાન, ઠંડી અને ગરમી બધું તે સહતો રહ્યો છે. પરંતુ પાણી કે ઋતુનો તેના ઉપર કંઈ પ્રભાવ પડ્યો નથી. ગુપ્તકાળના વિજ્ઞાનની પ્રગતિનું આ એક જ્વલંત ઉદાહરણ છે. ભારતની લોઢાની તલવારો પણ પ્રસિધ્ધ હતી. વરાહમિહિરે "વજ્રલેપ"ની બનાવવાની વિધિ પણ કહી છે. આ લેપના પ્રભાવથી જ અશોકના સ્તંભો લોખંડ જેવા માલુમ પડે છે. અને કાચ જેવી ચમક તેમાં જોઈ શકાય છે. દંડીના દશકુમાર ચરિતમાં "યોગચૂર્ણ"નું વર્ણન છે, જેનો પ્રયોગ કરવાથી લાંબી ઊંઘ લાવી શકાતી હતી.

ચિકિત્સાશાસ્ત્ર : વેદોમાં તૂટેલાં હાડકાંને જોડી દેવાના પ્રસંગોનું વર્ણન છે. ઋગ્વેદમાં અશ્વિનીકુમારના પગ તૂટી જતાં જોડી દેવાની પ્રાર્થના છે. "આયુર્વેદ" એક ઉપવેદ જ છે. આમ ચિકિત્સાશાસ્ત્ર અતિ પ્રાચીનકાળથી

સ્વતંત્રપણે વિકાસ પામેલું. આયુર્વેદ આ પ્રમાણે આઠ ભાગમાં વહેંચવામાં આવ્યો છે. (૧) શલ્ય (Surgery) (૨) શાલાકય (આંખ, કાન અને નાકની બિમારીઓ), (૩) કાયા-ચિકિત્સા (બિમાર શરીરનો ઉપચાર) (૪) ભૂતવિદ્યા (ભુત-પિશાચ દૂર કરવાની ક્રિયા) (૫) કુમારભૃત્ય (બાળકો, માતાના રોગોનું વર્ણન અને નિદાન (૬) અગદ (દવા દેવાની રીતિ) (૭ રસાયણ (રસાયણ બનાવવું) અને (૮) વાજીકરણ (માનવજાતિની વૃધ્ધિ માટેના પ્રયોગો). અશોકે માત્ર ઔષધાલયો જ ખોલાવ્યા ન હતા. તેણે તો પશુના કલ્યાણ માટે પશુ-ચિકિત્સાલયો પણ સ્થાપ્યાં હતાં. એ. એલ. બેશામ કહે છે કે બુધ્ધભિક્ષુઓ મોટે ભાગે જ્યાં તેઓ ભિક્ષા માગવા જતા તે સામાન્ય લોકોને વૈદ્ય તરીકે પોતાની સેવા આપતા.

ચિકિત્સાવિજ્ઞાનના અન્ય ગ્રંથોમાં ચરકસંહિતા (પ્રથમ-બીજી સદી) અને સુશ્રુતના ગ્રંથના છ ભાગ છે. પ્રાચીન ચિકિત્સાશાસ્ત્રમાં વાત, પિત્ત અને કફ આ ત્રણેના સંતુલનને જ સ્વાસ્થ્યનો આધાર માનવામાં આવ્યો છે.

શસ્ત્રક્રિયા (surgery) માં પણ પ્રાચીન ભારતના લોકોએ સિધ્ધિ મેળવી હતી. તે સમયે કોઈ જાણતું ન હતું તે પ્લાસ્ટિક સર્જરીનો તેમણે વિકાસ કર્યો હતો. પ્રાચીન ભારતીય સર્જનો નાક, કાન અને હોઠ (યુધ્ધમાં ઘવાયેલા કે કપાયેલા અથવા ન્યાયતંત્રની સજાથી કપાયેલા) સુધારવામાં નિષ્ણાત હતા. આ બાબતમાં ભારતીય શલ્યક્રિયા ૧૮મી સદી સુધી યુરોપિયનો કરતાં પણ આગળ રહી. માટે જ ઇસ્ટ ઇંડિયા કંપનીના સર્જનોએ ભારતીયો પાસેથી શલ્યક્રિયાનું જ્ઞાન મેળવવામાં શરમ ન અનુભવી.[૩૧] ચરકે પણ ગ્રીક વિદ્વાન હિપોક્રેટસના ડોકટરોના સોગંદનામાની જેમ "સોગંદનામું" બનાવેલું જે દરેક પાસ થનાર વિદ્યાર્થીને પાલન કરવાનું હતું.

પશુ-ચિકિત્સા પણ અહિંસાને લીધે વિકાસ પામી હતી. આજે પણ પાંજરાપોળ વગેરે પશુહિતની સંસ્થાઓ છે. હસ્ત્યુપવેદ પણ ગુપ્તકાળમાં પાલકાપ્ય નામક પશુ-ચિકિત્સકે લખ્યો હતો. તે ૧૬૦ અધ્યાયવાળો એક વિશાળ ગ્રંથ છે. હાથીઓના રોગનિદાન અને ચિકિત્સાનું તેમાં વર્ણન છે. પ્રાચીન ભારતના સૈન્યમાં હાથીનું ખૂબ મહત્વ હતું. પરિણામે તેમની ચિકિત્સાના જ્ઞાનનો વિકાસ સ્વાભાવિક હતો.

છઠ્ઠી સદીની શરૂઆતમાં પ્રસિદ્ધ આયુર્વેદાચાર્ય વાગ્ભટ્ટે "અષ્ટાંગહૃદય" ની રચના કરી. તે આયુર્વેદનો પ્રસિદ્ધ ગ્રંથ છે. તે ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યના

નવરત્નોમાં ધન્વંતરિ પણ એક હતો. તે આયુર્વેદનો મુખ્ય આચાર્ય મનાય છે. અને વૈદ્યો તેને "પોતાનો દેવ" માને છે.

ક. સમાપન

આવી રીતે આપણે જોયુ કે પ્રાચીન ભારતે વિવિધક્ષેત્રે પ્રગતિના શિખરો સર કર્યા હતાં, છતાં તેણે કદી તેનો પ્રચાર કર્યો નથી, કારણ કે તે માનતું કે "सत्यमेव जयते" એટલે કે સત્યનો જ જય થાય છે, તેના પ્રચારની જરૂરત હોતી નથી, તેમાં ભૌતિકતાવાદના આધુનિક યુગમાં પણ ભારતે પોતાની ભૌતિક ઉન્નતિ વિષે પોતાના દાવાને મહત્વ નથી આપ્યુ. તેણે તો આધ્યાત્મિક પ્રગતિ, મનુષ્ય માત્રની સમાનતા અને ભ્રાતૃભાવ તથા માનવતાની નિસ્વાર્થ સેવાના સિદ્ધાંતો શોધીને આચારમાં મૂકયા હતા. પછી તે સાહિત્યની વાત હોય કે શિક્ષણની, ધર્મની હોય કે કળાની, આજે તો વિશ્વ ભૌતિકવાદના માયામૃગને મેળવવા જ પ્રયત્નશીલ છે, ત્યારે ભૌતિકવાદના એ અતિરેકમાંથી જગતને શાંતિનો શુભ સંદેશો કે કાયમી સુખ ભારતના આ આધ્યાત્મિક આદર્શો જ આપી શકશે અને ત્યારે જ વિશ્વ ભારતની મહત્તા પિછાણશે. પ્રાચીન ભારતનો આ મહાન વારસો એ તો આપણા પૂર્વજો પાસેથી મળેલી અમૂલ્ય ભેટ છે. તેમાંથી ઉત્તમ તત્ત્વો ગ્રહણ કરીને ભારતને મહાન બનાવવાના પ્રયત્નમાં લાગી જવું જોઈએ, તો ભવ્ય ભૂતકાળનું ગૌરવ ફરી એકવાર જગતમાં સ્થાપી શકાશે.

*

આટલું યાદ રાખીએ તો......

પ્રાચીન ભારતની સંસ્કૃતિનો અમર વારસો હજુ પણ આપણી સમક્ષ આધુનિક સ્વરૂપે યથાતથ સ્વરૂપમાં જળવાઈ રહ્યો છે. તેમાં નીચેનાં વિવિધ પાસાંઓએ આ સંસ્કૃતિને સર્વશ્રેષ્ઠ બનાવવામાં ફાળો આપ્યો છે.

(૧) **પ્રજાકલ્યાણકારી વહીવટીતંત્ર :** પ્રાચીન ભારતના રાજવીઓ પ્રજાને સંતાનવત્ માની રાજ્ય કરતા. પ્રજાનું સુખ, પ્રજાનો મનોરંજન, પ્રજાનું કલ્યાણ, તે પોતાનું કલ્યાણ માનતા. તેઓ પોતાના મંત્રીમંડળની સલાહ તેમની અવગણના કર્યા વગર રાજ્ય કરતા. પ્રજાના કલ્યાણના સર્વ કાર્યો કરતા. અશોક, રૂદ્રદામા, વગેરેના દાખલા આ માટે પુરાવારૂપ છે. રાજા કદી પણ સ્વેચ્છાચારી કે નિરંકુશ બની પ્રજાનું અહિત કરતો નહિ.

(૨) **ધર્મ અને તત્ત્વજ્ઞાન :** પ્રાચીન ભારતમાં હિંદુ, બૌદ્ધ અને

જૈનધર્મ જન્મ્યા અને વિકાસ પામ્યા. ધર્મ સાથે તત્ત્વજ્ઞાન હંમેશાં જોડાયેલું રહ્યું, જેમાં ત્રણે ધર્મનું અંતિમ ધ્યેય મોક્ષપ્રાપ્તિનું બની રહ્યું.

ધર્મનો વિસ્તૃત અર્થ કર્મના સંદર્ભમાં કરવામાં આવ્યો છે. બૌદ્ધધર્મ ચાર આર્યસત્યોને (દુઃખ છે, દુઃખનું કારણ છે, દુઃખનો ઉપાય છે, દુઃખનો નાશ છે.) ધર્મ (ધમ્મ) કહે છે. ધર્મનો અંતિમ હેતુ 'નિર્વાણ' તે અષ્ટાંગમાર્ગ દ્વારા પ્રાપ્ત કરી શકાય છે.

હિંદુધર્મમાં ચારવેદો, ઉપનિષદો, બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો વગેરે ધાર્મિક પુસ્તકો તત્ત્વજ્ઞાનથી ભરપુર. તેમાં બ્રહ્મજ્ઞાન મેળવવું તે જ પરમ પુરુષાર્થ માનવામાં આવ્યો છે. "પરમાત્મા સર્વ વ્યાપક છે, તે જ અંતરાત્મા છે, તે નિરાકાર છે, આત્મા જીવાત્મા છે અને બ્રહ્મ પરમાત્મા છે." આ તત્ત્વજ્ઞાનનો મુખ્ય સાર છે.

જ્યારે જૈનધર્મમાં પુનર્જન્મના સિદ્ધાંતને સ્વીકારી તેમાંથી મુક્તિ મેળવવા કૈવલ્યજ્ઞાન પ્રાપ્તિને લક્ષ્ય બનાવ્યું છે. આ માટે ત્રિરત્ન સિદ્ધાંત-સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર્ય-આપ્યાં છે. તે પાલનથી આ કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત થાય છે.

(૩) **સમાજમાં સ્રીનું ઉન્નત સ્થાન :** પ્રા. ભા. માં સ્રીનું સ્થાન ઘણું સન્માનપૂર્ણ અને ગૌરવપૂર્ણ હતું. તેઓ ઉચ્ચ શિક્ષણ પણ લેતી. અશ્વઘોષા, અપલા જેવી અનેક વિદુષીઓ આ સમયના પુરાવારૂપ છે. સ્વયંવરપ્રથા સ્રીસ્વતંત્રતા સૂચવે છે. પતિવ્રતા તે તેમનો મુખ્ય આદર્શ-સીતા, સાવિત્રી જેવાના આદર્શ દાખલા છે. રાધાકૃષ્ણ, સીતારામ, ઉમામહેશ વગેરેમાં સ્રીનું પ્રથમ નામ બોલાય છે તે જ ગૌરવપૂર્ણ સ્થાન સૂચવે છે. સ્રીઓ આધ્યાત્મિક જ્ઞાન પણ ધરાવતી, અને મહાસમિતિમાં ચર્ચા પણ કરતી.

(૪) **શિક્ષણ :** શિક્ષણને ખૂબ મહત્ત્વ અપાતું. ઉપનયન સંસ્કારથી (૮ વર્ષથી) શિક્ષણની શરૂઆત થતી. ગુરુને ત્યાં શિષ્ય ભણવા જતા. તેમને આદર્શ વિદ્યાર્થીઓ બનાવાતા. ત્યાં તેમને અનેક શાસ્ત્રો (વ્યાકરણ-શાસ્ત્ર, જ્યોતિશાસ્ત્ર, વૈદકશાસ્ત્ર, ધનુર્વિદ્યા વગેરે) નું જ્ઞાન અપાતું. ૨૫ વર્ષે આ શિક્ષણ પુરૂં થતું. શિક્ષણમાં ધાર્મિકજ્ઞાન-તત્ત્વજ્ઞાન સૌથી વધારે હતું. ગુરુ-શિષ્યો વચ્ચે પિતાપુત્રો જેવા સંબંધો રહેતા. ઉચ્ચ શિક્ષણ માટે તક્ષશિલા, નાલંદા, વિક્રમશીલા, વલ્લભી, જેવા મહાન વિશ્વ-વિદ્યાલયો ઊભા

થયા હતા. તેમની ખ્યાતિ સારાયે વિશ્વમાં પ્રસરેલી હતી. તેથી દેશવિદેશથી હજારો વિદ્યાર્થી ત્યાં અભ્યાસ કરવા આવતા.

(૫) **સાહિત્ય :** સાહિત્યના ત્રણ પ્રકાર (૧) ધાર્મિક સાહિત્ય (૨) લૌકિક સાહિત્ય અને (૩) શાસ્ત્રીય સાહિત્ય પડે છે. ધાર્મિક સાહિત્યમાં ચાર વેદ, બ્રાહ્મણો, આરણ્યકો, ઉપનિષદો, સ્મૃતિ સાહિત્ય તેમજ જૈન અને બૌધ્ધ ધાર્મિક સાહિત્યનો સમાવેશ થાય છે. લૌકિક સાહિત્યમાં કાલિદાસની કૃતિઓ, ભાસ, શુદ્રક, સુબંધુ, વિશાખાદત્ત, ભારવી, અશ્વઘોષ, ભવભુતિ, ભર્તૃહરિ, દંડિન, બાણ, હર્ષ વગેરેની કૃતિઓનો સમાવેશ થાય છે. જ્યારે શાસ્ત્રીયમાં કૌટિલ્ય, શુક્રાચાર્યના રાજ્યશાસ્ત્રના ગ્રંથો, આર્યભટ્ટનું ખગોળશાસ્ત્ર, ચરક અને સુશ્રુતનું ચિકિત્સાશાસ્ત્ર, અને પાણિની, પતંજલી, ભર્તૃહરિ અને અમરસિંહના વ્યાકરણગ્રંથોનો સમાવેશ થાય છે.

(૬) **કલા :** પાર્થિવ સૌંદર્ય ભરપુર ભારતીય કલા છે. તે આધ્યાત્મિક અને જીવંત છે. કલાનો ઈતિહાસ સિંધુસંસ્કૃતિની ઈજનેરીકળા, માટીકળા વગેરેથી શરૂ થાય છે. પરંતુ પ્રા. ભા. કલાનો વિકાસ તો મૌર્યયુગથી શરૂ થાય છે. અશોકના સ્તંભો, સ્તૂપો, ચૈત્યો, અને વિહારો કલાના શ્રેષ્ઠ નમૂના છે. શૃંગકાળમાં ગુંબજોવાળા સ્તૂપો બાંધવાની કળા વધુ વિકસી. કનિષ્કના સમયથી બૌધ્ધમૂર્તિપૂજા થતાં મુર્તિકળાનો વિકાસ શરૂ થયો. તેમાં ગ્રીક સંપર્કથી ગાંધર્વકળા ઉદ્‌ભવી. તે પછી કુશાણકાળમાં મથુરાશૈલી વિકાસ પામી. સૌથી વધુ વિકાસ ગુપ્ત સમયમાં થયો મુર્તિકળા અને વસ્તુકળાના એ અતિ વિકાસને પરિણામે 'સુવર્ણયુગ' કહેવાયો. આ સમયે ચિત્રકલા અને સ્થાપત્યકળાનો પણ ઘણો વિકાસ થયો, અજંતા–ઇલોરાની ગુફાઓ તેના પુરાવારૂપ છે. સિક્કા–કળામાં હવે સુશોભન ઉમેરાયુ. સંગીત અને નૃત્યકલા પણ ઘણી વિકાસ પામી.

દક્ષિણ ભારતમાં વિશિષ્ટ પ્રકારની સ્થાપત્યશૈલી વિકસી. ચેર, ચોલ, પાંડય, પલ્લવો, વાકાટકો, રાષ્ટ્રકુટો, અને ચાલુકયોના સમયમાં મંદિરો, રથમંદિરો, ગુફાઓ બંધાયા. એક જ ખડકમાંથી કંડારવામાં આવતી તેમાં મૂર્તિકલા ઘણી ભવ્ય છે.

અભ્યાસ પ્રશ્નો

૧. પ્રાચીન ભારતે જગતની સંસ્કૃતિને આપેલા વારસાનું મૂલ્યાંકન કરો (ગુ. યુ. ઓકટો, '૬૫.)

प्रकरण १३

વિશાળ ભારત

(ભારતીય સંસ્કૃતિનું ગૌરવપ્રદ પ્રકરણ)

"ભારતનો સાંસ્થાનિક અને સાંસ્કૃતિક વિસ્તાર એ ભારતીય ઇતિહાસનું એક જ્વલંત પણ ભૂલાયેલું પ્રકરણ છે......" ડૉ. આર. સી. મજુમદાર

* પ્રકરણની રૂપરેખા *

૧. વિશાળ ભારત એટલે શું? તેના સર્જનનાં પરિબળો.

૨. ભારતનો પશ્ચિમ દેશો સાથેનો સંપર્ક અને તેની અસરો.

૩. ભારતનો મધ્યએશિયા સાથેનો સંપર્ક.

૪. ભારત અને તિબેટ વચ્ચેના સંબંધો.

૫ ભારત અને ચીન વચ્ચેના સંબંધો.

૬. અગ્નિ-એશિયામાં (સુવર્ણ-ભૂમિમાં) ભારતીય વસાહતો અને સંસ્કૃતિનો ફેલાવો.
  (૧) અગ્નિ-એશિયામાં ભારતની સાંસ્થાનિક પ્રવૃત્તિઓ.
  (૨) અગ્નિ-એશિયામાં ભારતીય સંસ્કૃતિની અસરો.

૧. વિશાળ ભારત એટલે શું? તેના સર્જનનાં પરિબળો

અ. પ્રાસ્તાવિક : ડૉ. આર સી. મજુમદાર, ઇલિયટ, સર ઓરેલ સ્ટીન, શ્રીદાસ જેવા વિદ્વાનોની શોધખોળ અને ઉત્ખનનના પરિણામે પ્રાચીન કાળમાં ભારતીય સંસ્કૃતિનાં ચિહ્નો અને પ્રતિકો અન્ય દેશોમાં જોવા મળે છે. મંદિરોનાં ખંડિયરો, સ્તૂપો, સિક્કાઓ વગેરે પ્રાપ્ત થયેલા અવશેષો પરથી સિદ્ધ થાય છે. પ્રાચીન સમયમાં ભારતમાંથી હજારોની સંખ્યામાં વ્યાપારીઓ, ધર્મપ્રચારકો અને અન્ય લોકો પાશ્ચાત્ય અને એશિયાઈ દેશોના વિભિન્ન ભાગોમાં જઈને વસાહતો સ્થાપી અને ત્યાં પોતાની સંસ્કૃતિ અને સભ્યતાનો પ્રચાર કર્યો. જેવી રીતે ગ્રીસ અને રોમે યુરોપને સભ્ય બનાવ્યું તેવી રીતે પ્રાચીન ભારતે એશિયાને સભ્ય બનાવ્યું. આ રીતે ભારતીય ઇતિહાસનું ભૂલાઈ ગયેલું છતાં ખૂબ જ જ્વલંત પ્રકરણ તાજેતરના વર્ષોમાં પ્રકાશમાં આવ્યું છે.

ખ. વિશાળ ભારત એટલે શું ? ડૉ. વિજયસિંહ ચાવડાના મતે સંસ્કૃતિ ભૌગોલિક કે રાજકીય સીમાઓને પીછાણતી નથી. મતલબ કે સંસ્કૃતિ આ સીમાઓને ઉલ્લંઘી વિશાળ પ્રદેશને આવરી લે છે. ભારતીય સંસ્કૃતિ આવી જ રીતે પાશ્ચાત્ય અને એશિયાઈ દેશો સુધી વિસ્તાર પામીને વિકસી હતી. આ બધા દેશોમાં ભારતીય જીવનનું પ્રતિબિંબ પડતું હતું. તેમનાં ધર્મ, કલા, સાહિત્ય, વેપાર, ઉદ્યોગ, ભાષા, પહેરવેશ, લિપિ, નામાભિધાન, વહેમ, માન્યતા, દેવદેવીઓ વગેરેમાં ભારતીય સંસ્કૃતિની ઝલક વધતાઓછા પ્રમાણમાં વર્તાતી હતી. આ બધા દેશોની સંસ્કૃતિ ભારતીય સંસ્કૃતિથી એટલી બધી રંગાઈ ગઈ કે એ દેશો ભારતના એક ભાગ જેવા બની ગયા. આ બધા દેશોની સંસ્કૃતિઓ ભારતીય સંસ્કૃતિ સાથે એટલું બધું સામ્ય ધરાવતી હતી કે વિદ્વાનો સારાયે વિસ્તારને 'વિશાળ ભારત' તરીકે ઓળખાવે છે. ટૂંકમાં વિશાળ ભારત એ પ્રાચીન ભારતીય સંસ્કૃતિનો પ્રભાવ અને પ્રસાર દર્શાવે છે અને એ સંસ્કૃતિના પ્રભાવ હેઠળ આવેલા દેશોને સામૂહિક રીતે 'વિશાળ ભારત' તરીકે ઓળખવામાં આવે છે. આ દષ્ટિએ જોતાં 'વિશાળ ભારત' એ ભારતવાસીઓનો સાંસ્કૃતિક વિજય છે. આમ ભારતીય સંસ્કૃતિનો આ બધા દેશોમાં પ્રચાર એ માતૃદેશની (ભારતની) સંસ્કૃતિના વિકાસની પરાકાષ્ઠા સૂચવે છે, તેથી તો **જનાર્દન ભટ્ટ** પ્રાચીન ભારતને એશિયાઈ અને 'પાશ્ચાત્ય' દેશોની માતૃભૂમિ (Mother Country) તરીકે ઓળખાવે છે.[1]

ક. 'વિશાળ ભારત'ના સર્જન માટેનાં પરિબળો : 'વિશાળ ભારત'ના સર્જન માટેનાં મુખ્ય પરિબળો નીચે મુજબ ગણાવી શકાય.

[૧] ભૌગોલિક પરિસ્થિતિ : ભૌગોલિક દૃષ્ટિએ ભારત વિશ્વના નકશામાં પૂર્વ અને પશ્ચિમના દેશોની બરાબર મધ્યમાં સ્થાન ધરાવે છે. આ સ્થાનને પરિણામે ભારતે પૂર્વ તેમજ પશ્ચિમના દેશોને અને એ દેશોએ ભારતને પોતપોતાની સંસ્કૃતિનું છૂટે હાથે દાન કર્યું. આમ પોતાના વિશિષ્ટ ભૌગોલિક સ્થાનને લીધે તે આ દેશોમાં પોતાની સંસ્કૃતિ ફેલાવી શક્યું અને એ દ્વારા 'વિશાળ ભારત'નું સર્જન શક્ય બન્યું. આ હકીકતને સમજાવતાં ભારતીય ઇતિહાસકાર **કે. એમ. પાનીકર** નોંધે છે કે, 'The influence

---

૧ Swami Sadanand : Hindu Culture in Greater India Forward, p. 6.

India across tbe land frontier was cultural and religious, across the sea, it was also political.'[૨]

[૨] **વ્યાપાર :** ભારતીય સંસ્કૃતિના ફેલાવામાં–વિશાળ ભારતના સર્જનમાં–વ્યાપારી પ્રવૃત્તિઓએ પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો. ભારતને સગવડભર્યો દરિયા કિનારો, સારાં બંદરો અને કુશળ કારીગર વર્ગ હતો. વ્યાપારની બાબતમાં કલિંગ અને દક્ષિણનાં ચોલ, પાંડય અને ચેરા મુખ્ય હતાં. આક્રમણો અને રાજકીય ઉથલપાથલો માટે ઉત્તર ભારત જેટલું જાણીતું હતું, તેટલું જ દક્ષિણ ભારત વ્યાપારની બાબતમાં અગ્રસ્થાને હતું. ત્યાંનાં મહત્ત્વનાં બંદરો દ્વારા સુવર્ણભૂમિ (અગ્નિએશિયા)ના પ્રદેશો સાથે અને દૂરના પાશ્ચાત્ય દેશો ગ્રીસ અને રોમ સાથે વેપાર વિનિમય અને એ દ્વારા સાંસ્કૃતિક પ્રચાર થતો રહેતો હતો. અગ્નિએશિયામાં તો ભારતીય વ્યાપારીઓએ ધનોપાર્જનના હેતુથી સાંસ્થાનિક વસાહતો સ્થાપી અને એ દ્વારા ત્યાં ભારતીય સંસ્કૃતિ પ્રસરાવી. આમ '**Culture and civilisation follow in the wake of trade & commerce**', એ એક જાણીતી હકીકત છે.'

[3] **ધર્મ પ્રચારકો** (ધાર્મિક પ્રવૃત્તિ) : ડૉ. **પી. સરન**ના મતે એશિયાઈ અને પાશ્ચાત્ય દેશોમાં ભારતીય સંસ્કૃતિનો ફેલાવો કરવામાં ધર્મ–પ્રચારકોએ મુખ્ય ભાગ ભજવ્યો છે. અશોકે અને કનિષ્કે બૌદ્ધધર્મના પ્રચાર માટે વિદેશોમાં ધર્મપ્રચારકો મોકલ્યા હતા. આ માટે અશોક બૌદ્ધસાધુઓને ઇજિપ્ત, સિરિયા અને પૂર્વ યૂરોપના દેશોમાં મોકલ્યા હતા. બ્રાહ્મણસાધુઓએ પણ વિદેશોમાં હિન્દુ–સંસ્કૃતિના ફેલાવો કરવામાં અદમ્ય ઉત્સાહ દાખવ્યો હતો. ધર્મપ્રચારકોના રૂપમાં તેઓ જ્યાં જ્યાં ગયા ત્યાં તેમણે અહિંસા, પ્રેમ અને સદ્દભાવનાની સાથોસાથ પોતાની માતૃભૂમિની સંસ્કૃતિના ઉદાત્ત સિદ્ધાંતોનુ પણ પ્રતિપાદન કર્યું અને ત્યાંની પ્રજાને પોતાના ધર્મ, કલા, જીવનપ્રણાલી ઇત્યાદિથી પ્રભાવિત કર્યા. આમ **વિશાળ ભારતનું સર્જન** [**હકીકતમાં તો ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાનો વિજય છે.**

[૪] **પરદેશી આક્રમણો :** ભારતીય સંસ્કૃતિના પ્રચાર અને પ્રસારમાં

---

૨ K. M. Panikar : A survey of Indian History, pp. 84–85.

૩. An Advanced History of India, p 212.

પરદેશી આક્રમણોનો પણ નોંધનીય ફાળો છે. ઈરાનના સાયરસ અને દરાયસની ચડાઈને કારણે ઈરાન સાથે અને સિકંદરની ભારત પરની ચડાઈને લીધે ગ્રીસ સાથે ભારતના સંપર્કોની શરૂઆત થઈ, જે જુદા જુદા તબક્કાઓ દરમ્યાન યવનો, શક, કુશાણો, પહ્લવ જેવી પરદેશી પ્રજાઓના આક્રમણોને લીધે વધુ વિકાસ પામ્યા.

(ડ) **નિષ્કર્ષ** : આમ વિશાળ ભારત એ પ્રાચીન ભારતીય સંસ્કૃતિનો પ્રભાવ અને પ્રસાર સૂચવે છે. વિશાળ ભારત એ ભારતીય સંસ્કૃતિના પ્રભાવ હેઠળ આવેલ દેશોનું સામૂહિક નામ છે. પૌર્વાત્ય અને પાશ્ચાત્ય વિદ્વાનોના પ્રયાસોથી ભારતીય ઈતિહાસનું ભુલાઈ ગયેલું છતાં જવલંત એવું વિશાળ ભારતનું પ્રકરણ પ્રકાશમાં આવ્યું છે, જેના સર્જનમાં ભારતનું વિશિષ્ટ ભૌગોલિક સ્થાન, વ્યાપારી અને ધાર્મિક પ્રવૃત્તિઓ, પરદેશી આક્રમણો વગેરેએ મહત્ત્વનો ફાળો આપ્યો છે.

(૨) ભારત અને પશ્ચિમના દેશો :

(અ) **પ્રાસ્તાવિક** : ભારતની પશ્ચિમ દિશાએ અફઘાનિસ્તાન, તુર્કસ્તાન, ઈરાન, ઈજીપ્ત, સિરિયા. ગ્રીસ, રોમ અને યુરોપના અન્ય દેશો આવેલા છે. આમ તો ઘણા જ પ્રાચીન સમયથી આમાંના ઈરાન, ઈજીપ્ત, ગ્રીસ, રોમ વગેરે દેશો સાથે ભારતનો ઘણો જૂનો સંબંધ સ્થપાયેલો જ હતો. ભારતનો આ સંપર્ક મુખ્ય બે પરિબળોને કારણે વધ્યો. (૧) વ્યાપાર અને (૨) ચઢાઈઓ. પરંતુ ઈ. સ. પૂ. ની ત્રીજી સદી પછી તેમાં ત્રીજુ (૩) ધર્મનું પરિબળ ઉમેરાયું. મૌર્ય સમ્રાટ અશોકના સમયમાં અને તે પછી અનેક બૌદ્ધસાધુઓ ધર્મપ્રચારાર્થે આ દેશોમાં ફરી વળ્યા. વ્યાપારમાં આપણે આ બધા દેશો સાથે કાપડ, મરી, મોતી, શંખ, ચંદન, હાથીદાંત, એલચી અને અનેક કલાકારીગરીની ચીજોની ધૂમ નિકાશ કરતા હતા. તેને બદલે ભારતમાં પુષ્કળ પ્રમાણમાં સોનું, રૂપું, ચાંદી, તાંબુ કિંમતી પથ્થરો વગેરે ઘસડાઈ આવતા હતા. ઈતિહાસકાર પ્લિનીએ રોમમાંથી હિંદમાં સોનું ઘસડાઈ જવાની ફરીયાદ કરી છે. વ્યાપારની સાથે બીજુ પરિબળ આક્રમણોનું ઉમેરાયુ, જેમાં ઈરાની આક્રમણો, મેસીડોનીયાના ગ્રીક સમ્રાટ સિકંદરનું આક્રમણ, શકો, કુશાણો અને પહલવોના આક્રમણો થયાં. તે પછીનું ત્રીજુ પરિબળ તે બૌદ્ધધર્મનો પ્રચાર અને પાછળથી હિંદુધર્મનો પ્રચાર હતું. આ ત્રણેયે પરિબળોને કારણે ભારત પશ્ચિમના દેશોના ગાઢ સંપર્કમાં આવ્યું. પરિણામે બંને દેશો વચ્ચે સંસ્કૃતિઓની આપ લે થઈ.

ભારતની ભવ્ય સંસ્કૃતિ પશ્ચિમના આ દેશોમાં ફેલાઈ આથી તેમની કલા, ધર્મ, તત્ત્વજ્ઞાન, રીતભાત, રહેણીકરણી, શાસનવ્યવસ્થા અને વિજ્ઞાન વગેરે ઉપર ભારતીય સંસ્કૃતિની ગાઢ અસર થઈ. બીજી બાજુ ભારત ઉપર પણ તેમની કેટલીક આવી અસરો થઈ.

ખ. ભારત અને પશ્ચિમના દેશો વચ્ચેનાં સંપર્કની અસરો.

(ક) ભારતીય સંસ્કૃતિ પર પશ્ચિમના દેશોની અસરો :

(૧) શાસનતંત્રના ક્ષેત્રે : પશ્ચિમના દેશોની ભારતમાં, ખાસ કરીને વધુ તો ઉત્તરભારત ઉપર ઘણી અસર જોઈ શકાય છે. દક્ષિણ એટલું બધું પરિચયમાં આવેલું જોવા મળતું નથી. શાસનતંત્ર ઉપર ઈરાની અસર વધુ જોવા મળે છે. મૌર્ય સમયમાં ઈરાનના સમ્રાટોના દરબારી ભપકા અને રીત–રસમોનું અનુકરણ જોઈ શકાય છે. ચંદ્રગુપ્ત, બિંદુસાર, અશોક અને તેના પુત્રોના પોષાકો ઉપર, તેમની દબદબાભરી સ્વાગત અને અતિથિસત્કારની રીતરસમો ઉપર ઈરાની શાહોનું અનુકરણ થયેલું જોવા મળે છે. તેઓ 'દેવપુત્ર' અને એવા અન્ય ખિતાબો ધારણ કરતા. તેમાં ગ્રીક અને રોમન પ્રણાલિઓની અસર હોય તેમ લાગે છે,

અનેક પશ્ચિમના તેમાંયે ખાસ કરીને–ગ્રીક, રોમન અને ઈરાનીઓ ભારતમાં આવીને રહ્યા છે. ભારતીય શાસકોએ તેમને અંગરક્ષકો, પરદેશીદૂતો, અને કેટલીવાર તો મંત્રીપદ પણ આપ્યાં છે. જેની સારી અસર શાસનતંત્ર પર જોઈ શકાય છે.

(૨) સમાજજીવન ક્ષેત્રે :—

સમાજ ઉપર પણ આ પરદેશીઓની ઘણી અસર જોવા મળે છે. ભારતમાં કપડાંને કાપકૂપ કર્યા વગર શરીર પર લપેટવાની પ્રથા હતી. પરંતુ પશ્ચિમી સંસર્ગને કારણે સહેલી અને સુગમ સીવેલાં કપડાં પહેરવાની પ્રથા અપનાવી લેવામાં આવી. લેંઘા, ઓવરકોટ, બ્લાઉઝ વગેરે પહેરવાં શરૂ થયાં. ઉંચી એડીવાળા બૂટ ખુલ્લા પગોની જગાએ પહેરાવા શરૂ થયા. આવી જ રીતે કેટલીક ફેશનની શરૂઆત પણ ત્યારથી જ ઉતરી આવી. પુરુષ અને સ્ત્રી વર્ગમાં સૌંદર્યપ્રસાધનોનો ઉપયોગ શરૂ થયો. દાઢી અને મૂંછો મુંડાવવાની ફેશનની શરૂઆત થઇ. સ્ત્રીઓ સેંથામાં સિંદૂર પૂરવા લાગી. અને શરીરે લેપ લગાડવાનું અને ચિત્રામણ કરવાનું શરૂ થયું. ખોરાકમાં અને ગૃહસજાવટમાં ફર્નિચર જેમાં

મચ્છરદાની, પરદા, કબાટ, સોફા, ખુરશીઓ, ટેબલો, ફૂલદાનીઓનો વધારો થયો. જ્યારે ખોરાકમાં ફળોનો રસ અને જુદી જુદી જાતના આસવોના શોખ વધ્યા. ભારતીય લોકજીવન વૈભવશાળી અને વૈવિધ્યપૂર્ણ બન્યું. આ ઉપરાંત અનેક મોજશોખ અને આનંદપ્રમોદ જેમાં સંગીત, નૃત્ય, નાટક, મદારી, નટો, મલ્લયુદ્ધો, બાજીગરો વગેરે પશ્ચિમમાંથી અપનાવવામાં આવ્યા. પશ્ચિમના દેશો સાથેના ધીખતા વેપારથી જે અનહદ સંપત્તિ ભારતીય લોકો કમાતા હતા, તેથી આ આનંદપ્રમોદ દિવસે દિવસે વધતા જ ગયા.

(૩) સાહિત્ય અને કલાના ક્ષેત્રે :—

સાહિત્યની દૃષ્ટિએ આપણી બ્રાહ્મી અને ખરોષ્ઠી લિપિઓ ઈરાનની એરેમિક લિપિમાંથી ઉતરી આવી. ભારતમાં હવે લખાણ લખવાની શરૂઆત થઈ. કલાક્ષેત્રે શિલ્પ, ચિત્ર, અને સ્થાપત્યકલામાં પણ ઘણી અસર જોવા મળે છે જો કે આમાં મતભેદ છે. શિલ્પકલામાં ગાંધારશૈલી એ ગ્રીક અને ભારતીય કલાનું મિશ્રણ છે. સિક્કા પાડવાની કળા ગ્રીક અને રોમન પ્રજાના સંપર્કને આભારી છે. સિક્કાઓમાં રાજવીની આકૃતિ, લખાણમાં સુશોભન, નિશ્ચિત આકાર, અને નિશ્ચિત વજન હવે અપનાવાયાં. દિનાર અને દ્રમ્મ સિક્કાનાં નામો મુળ પરદેશી ભાષામાંથી ઉતરી આવ્યાં છે. જો કે ચિત્ર અને સ્થાપત્યો પર તેમની બહુ અસર પડી જતી. શ્રી દર્શકે યોગ્ય જ કહ્યું છે કે "ગ્રીસની હસ્તી ન હોય તોય, બુદ્ધની મૂર્તિ બાદ કરતાં બીજી બધી મહત્ત્વની બાબતોમાં હિંદના ઈતિહાસમાં કશો ફેર પડતો નથી."

(૪) વિજ્ઞાનના ક્ષેત્રે :—

ભારતીય ખગોળશાસ્ત્ર ઉપર પણ ગ્રીક અને રોમની અસર જણાઈ આવે છે. ગાર્ગીસંહિતામાં કરવામાં આવેલો ઉલ્લેખ આ હકીકત સ્પષ્ટ કરે છે. "યવનો અસભ્ય તો છે જ. છતાં ખગોળશાસ્ત્રની શરૂઆત તેમનાથી થઇ એટલા માટે તેમને દેવોના જેટલું માન મળવું જોઈએ." ભારતીય ખગોળશાસ્ત્રના વિદ્વાન વરાહમિહિર પણ રોમન ખગોળવિદ્યાની નોંધ કરે છે. ભારતીય ખગોળ-શાસ્ત્રના પાંચ સિદ્ધાંતોમાંના રોમક અને પૌલિષ સિદ્ધાંતોનું સ્થાન પશ્ચિમની આ વિદ્યા પરની અસર બતાવે છે. ચરકના આયુર્વેદશાસ્ત્ર ઉપર પણ ગ્રીકોની અસર માનવામાં આવે છે. આજ રીતે ભારતના વૈષ્ણવધર્મ પર ખ્રિસ્તી ધર્મની અસર છે એમ કેટલાક વિદ્વાનો માને છે. પણ આ વિદ્વાન સાથે સંમત થઈ શકાય તેમ નથી. કારણ ઈસુ પહેલાં ઘણા વખત પૂર્વે ભારતમાં આ ધર્મે

ભાગવત્-તેમાંથી વિષ્ણુવધર્મ બન્યો.) આકાર લઈ લીધો હતો.

(જ) પશ્ચિમના દેશો પર ભારતીય સંસ્કૃતિની અસરો :

ભારતીય સંસ્કૃતિએ પશ્ચિમના દેશો પાસેથી ઘણું મેળવ્યું. પણ જેટલું મેળવ્યું તેનાથી અધિક તેઓએ પશ્ચિમના દેશોને આપ્યું. જોકે તેમાં ઉત્તર અને પૂર્વના દેશોમાં તેની કાયમી સાંસ્કૃતિક અસરો બની રહી, તેવી સ્થિર આ દેશોમાં ન નિવડી. તે માટે કદાચ ખ્રિસ્તી અને ઇસ્લામધર્મનો ફેલાવો કહી શકાય. છતાં ઘણી ભારતીય અસરો પ્રગાઢ પડી છે. આમાં ઈરાની આક્રમણે, વ્યાપાર, બૌદ્ધધર્મનો પ્રચાર ઉપરાંત શિક્ષણ માટેની વિશ્વવિદ્યાલયોએ પણ ભાગ ભજવ્યો છે. આમાં ખાસ કરીને ખોરાક, પોષાક, આભૂષણો, તત્ત્વજ્ઞાન, ધર્મ, સાહિત્ય અને વિજ્ઞાનના ક્ષેત્રે સૌથી વધુ અસરો જોઈ શકાય છે.

(૧) **સમાજજીવનના ક્ષેત્રે** : ખાસ કરીને ભારત-પશ્ચિમ વ્યાપારે પશ્ચિમના દેશોને ખોરાક, પોષાક અને અંગઆભૂષણોની જરૂરિયાતોને પોષવામાં મોટો ભાગ ભજવ્યો છે. ભારતના તેજાના, અત્તરો, મલમલ, હાથીદાંત, રત્નો, મોતી અને ઝવેરાતની આ દેશોમાં ખૂબ નિકાસ થતી. તેનું કારણ તે લોકોની આ ક્ષેત્રે ભારતીઓએ જે.રૂચી ઘડી તે કહી શકાય.

(૨) **તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે** : ભારતીય તત્ત્વજ્ઞાનની ઘણી અસર તે સમયના ગ્રીક તત્ત્વજ્ઞાન પર જોવા મળે છે. ગ્રીસના મહાન તત્ત્વજ્ઞાની પાયથાગોરાસે પોતાના પુનર્જન્મના સિદ્ધાંત માટે ભારતીય તત્ત્વજ્ઞાનનો આધાર લીધો હશે, તેમ માનવામાં આવે છે. ગૌતમબુદ્ધ અને મહાવીર સ્વામીના અહિંસાના સિદ્ધાંત ઉપરથી તેને પણ જીવ-હિંસાનો વિરોધ કર્યો છે. આ ઉપરાંત ગ્રીક તત્ત્વચિંતક પ્લેટોએ કર્મવાદની ફિલસૂફી અપનાવીને નૉસ્તિક સંપ્રદાયથી નવા તત્ત્વજ્ઞાનની રજૂઆત કરી. ભારતીય તત્ત્વજ્ઞાન સમજવા માટે ગ્રીસ, ઇજીપ્ત અને એશિયામાઇનોરમાંથી અનેક જીજ્ઞાસુઓ ભારતમાં આવતા હતા. તેવી રીતે હિન્દુ રહસ્યવાદની પ્રબળ અસર ઇસ્લામના સૂફીવાદમાં જોઈ શકાય છે.

(૩) **ધર્મના ક્ષેત્રે** : ધર્મના ક્ષેત્રે પણ પશ્ચિમના દેશો ઉપર ઘણી અસર થઈ છે. અશોકના સમયમાં બૌદ્ધધર્મના પ્રચારાર્થે બૌદ્ધ સાધુઓ મિસર, સિરિયા, ઈરાન, ઈરાક વગેરે દેશોમાં ગયેલા. પરિણામે ત્યાં બૌદ્ધધર્મની

તીવ્ર અસર તેમના ધર્મમાં જોઈ શકાય છે. કેટલાક વિદ્વાનો તો એટલે સુધી માને છે કે ખ્રિસ્તીધર્મના સિદ્ધાંતો પર બૌદ્ધધર્મના સિદ્ધાંતોની ગાઢ અસર છે. કારણ કે બૌદ્ધચૈત્યો અને ખ્રિસ્તીદેવળોની બાંધણીમાં ઘણું સામ્ય છે. ખ્રિસ્તી મઠોમાં કઠિન તપશ્ચર્યામય જીવન ગાળતા વિવિધ સંપ્રદાયના સાધુઓમાં બૌદ્ધસંઘના નિયમોની અસર જણાઈ આવે છે. બુદ્ધના નામો ધારણ કરેલ જોવા મળે છે. ખુદ બુદ્ધ ભગવાનને પણ 'સેન્ટ જોસેફ' નામ આપીને ખ્રિસ્તી સંતોમાં તેમની ગણના કરવામાં આવી છે. વળી ઇજીપ્તના એલકઝાંડ્રીયાના એક વિદ્વાને પોતાના ગ્રંથમાં બ્રાહ્મણધર્મના પુનર્જન્મવાદનો અને બૌદ્ધધર્મના અવશેષસ્તૂપની પૂજાનો ઉલ્લેખ કર્યો છે.

(૪) **સાહિત્યના ક્ષેત્રે :** સાહિત્યના ક્ષેત્રે પણ ભારતીય સંસ્કૃતિનો સારો એવો પ્રભાવ છે. ભારતની પંચતંત્રની વાર્તાઓ અને જાતકકથાઓ પશ્ચિમને પ્રાપ્ત થઈ. પંચતંત્ર અને જાતકકથાઓનાં અરબી અને યુરોપની અનેક ભાષાઓમાં ભાષાંતર થયાં. જેની અસર યુરોપની અનેક લોકકથાઓ ઉપર જોવા મળે છે. શ્રી દર્શકના શબ્દોમાં કહીએ તો "પંચતંત્ર અને જાતકકથાઓએ વિશ્વની સર્વ ટૂંકી વાર્તાઓ ઉપર અસર પાડી છે, એમાં શંકા નથી."

(૫) **વિજ્ઞાનના ક્ષેત્રે :** આ ઉપરાંત આરબો દ્વારા ભારતનું અંકશાસ્ત્ર, શુન્યની સંજ્ઞા, દશાંશપદ્ધતિ, તેમજ જ્યોતિષ અને વૈદકના સિદ્ધાંતો પશ્ચિમના દેશોમાં ફેલાયા. ભારતના આ વિજ્ઞાને પશ્ચિમની વૈજ્ઞાનિક પ્રગતિના પાયા રોપ્યા હતા, એમ પાશ્ચાત્ય વિદ્વાનો પણ સ્વીકારે છે.

क निष्कर्ष :—

આ રીતે પશ્ચિમના દેશો ઉપર ભારતની સંસ્કૃતિનો પ્રભાવ ઘણો પ્રબળ અને વિવિધ હતો. આ પ્રભાવ વિશે શ્રી દિનકર લખે છે કે "પ્રાચીન સમયમાં ભારતે સ્વતંત્ર રીતે અથવા ગ્રીસની થોડી ઘણી અસર પ્રાપ્ત કરીને જે વિદ્યાઓનો વિકાસ કર્યો હતો, તે જ વિદ્યાઓ આરબો દ્વારા યુરોપ પહોંચી અને એ રીતે પ્રાચીન દુનિયામાં જ્ઞાનની જે આપલે થઈ, તેના જ પાયા પર વર્તમાન વિશ્વની વિદ્યાઓ આગળ વધી છે." સાથે આપણે એ પણ ન ભૂલવું કે ભારતીય પ્રજાએ પશ્ચિમી દેશો પાસેથી પણ ઘણું મેળવ્યું છે. છતાં એકંદરે વધારે ફાળો ભારતીય સંસ્કૃતિનો કહેવાય.

૩. ભારત અને મધ્યએશિયા.

અ. પ્રાસ્તાવિક : ભારત અને મધ્યએશિયાના સંબંધો પશ્ચિમના સબંધોથી કંઈક જૂદા છે. શરૂઆતમાં મધ્યએશિયા સાથેનો સબંધ વ્યાપારને કારણે જ હતો. પરંતુ પાછળથી ધર્મપ્રવૃત્તિ અને ખાસ કરીને બૌદ્ધધર્મના પ્રચારની અદમ્ય પ્રવૃત્તિથી આખો પ્રદેશ ભારતીય સંસ્કૃતિના પ્રભાવ નીચે આવી ગયો. ઉપરાંત અહીંઆં ભારતીઓએ સંસ્થાનિક પ્રવૃત્તિ આદરી કેટલીક વસાહતો સ્થાપી રાજકીય સત્તા પણ જમાવી.

પ્રાચીન ભારતીય સંસ્કૃતિનો મધ્યએશિયા પરનો પ્રભાવ વિશ્વ સમક્ષ ખુલ્લો મૂકવામાં પશ્ચિમના કેટલાક વિદ્વાનોની શોધખોળવૃત્તિ જવાબદાર છે, ખાસ કરીને સર ઓરેલ સ્ટ્રપ, ગ્રનવેડેલ, લીકોક જેવા પશ્ચિમના વિદ્વાનોના અથાગ પ્રયત્નોનું આ પરિણામ છે.

સમ્રાટ અશોક, મીનેન્ડર અને કનિષ્કના સમયથી ભારત રાજકીય રીતે મધ્યએશિયા સાથે જોડાયેલું હતું. ભારતીય કલા અને ધર્મ, અફઘાનીસ્તાન, ઈરાન, તુર્કસ્તાન અને મોંગોલીયાના લોકજીવન પર અસર કરનારું એક મહત્ત્વનું પરિબળ હતું. તે સમયના મુખ્ય સંસ્કારકેન્દ્રો તરીકે કાશગર, કુચી, હક્કા, ખેર, ખાનેહ, તુર્ફાન, મીરાન, તાકલાપાક, શાનશાન વગેરે હતા.

બ. મધ્યએશિયામાં ભારતીય સંસ્કૃતિનો પ્રભાવ અને પ્રસાર :

પ્રાચીન સમયમાં મધ્ય એશિયાના ઉપર દર્શાવેલા શહેરો ભારત, ચીન અને પશ્ચિમ એશિયા વચ્ચેના વ્યાપારી માર્ગોથી સંકળાયેલા હતા. તેથી મધ્યએશિયા ઘણી પ્રજાઓ અને જાતિઓની સંસ્કૃતિઓનું મિલનસ્થાન બની ગયું હતું. આ ઉપરાંત અશોકના સમયથી બૌદ્ધધર્મના પ્રચારની ઝુંબેશને પરિણામે મધ્યએશિયા બૌદ્ધધર્મના ઉપદેશકો અને પ્રચારકોની પ્રવૃત્તિઓનું કેન્દ્ર બન્યું હતું. પરિણામે ભારતીય કલા, ધર્મ, ભાષા, લિપિ અને રાજકીય પવૃત્તિઓનો પ્રભાવ સ્પષ્ટ વર્તાય છે.

તાકલામાકનું અત્યારનું રણ પ્રાચીન સમયમાં વ્યાપારી પ્રવૃત્તિઓ અને ધર્મની પ્રવૃત્તિઓથી ધમધમતું હતું. સર ઓરેલ સ્ટીન નામના સંશોધકે ઈ. સ. ૧૯૦૮ માં સંશોધન કરીને બૌદ્ધ સંસ્કૃતિના પ્રસારની પ્રતિતી કરાવી. ખોતાન પાસેથી પાલિભાષામાં લખાયેલું ધમ્મપદ મળી આવ્યું, ઉપરાંત મોટા પ્રમાણમાં સંસ્કૃત તથા બ્રાહ્મી અને ખરોષ્ટિ લિપિમાં લખાયેલા

અસંખ્ય બૌદ્ધપુસ્તકો મળી આવ્યા છે. સર ઓરેલ સ્ટીને શોધી કાઢેલા ભંડારમાંના ગ્રંથો ને ચિત્રોની પ્રાથમિક યાદી કરતાં જ ત્રણ અઠવાડિયા લાગ્યા હતા. એમાં ૨૦,૦૦૦ હસ્તપ્રતો ને દસ્તાવેજો હતા. ૫૫૪ ચિત્રો ને ૩૦૦૦ ગ્રંથો તો સંસ્કૃતમાં હતા, ને ૫૦૦ તો બૌદ્ધધર્મના જ હતા.+

આ ઉપરાંત ખોતાનની સાંસ્થાનિક વસાહત પણ સાંસ્કૃતિક દૃષ્ટિએ ઘણું મહત્ત્વ ધરાવે છે. ખોતાન બૌદ્ધધર્મનું મહાન કેન્દ્ર હતું. ત્યાંનો ગોમતી-વિહાર મધ્યએશિયાનું સૌથી મોટું અને મહત્ત્વનું વિદ્યાનું ધામ હતું. અશ્વઘોષરચિત નાટક '**સારિપુત્ર પ્રકરણ**'નું છેલ્લું પ્રકરણ જે તાડપત્ર પર લખાયેલું છે તે પણ આ જ વિસ્તારમાંથી મળી આવ્યું છે.

ખોતાન જેટલું બીજું સાંસ્કૃતિક મહત્ત્વ ધરાવતું કેન્દ્ર કુચી છે. કુચી પણ બૌદ્ધધર્મનું મહાન કેન્દ્ર હતું. કારસહર પણ ભારતીય સંસ્કૃતિ અને બૌદ્ધ ધર્મનું મહત્ત્વનું કેન્દ્રસ્થાન હતું.

ભારતીય સંસ્કૃતિ અને બૌદ્ધધર્મની પ્રવૃત્તિનું વર્ણન ફા-હિયાન અને હ્યુ-એન-ત્સાંગે પણ કર્યું છે. આ બન્ને ચીની મુસાફરો ખોતાનમાં બૌદ્ધધર્મની જાહોજલાલી નોંધે છે. ફાહિયાન લખે છે કે 'ખોતાનમાં ખાનગી ગૃહસ્થોને પણ પોતાના બુદ્ધ મંદિરો છે. એમાં નાનામાં નાનું ૨૦ ફૂટ ઉચું છે.' ત્યાનું રાજકુટુંબ અને લોકો બૌદ્ધ હતા.

क. સમાપન – આ પ્રમાણે પ્રાચીન ભારત અને મધ્યએશિયા વચ્ચેના સાંસ્કૃતિક સંબંધો વિશિષ્ટ ઉપરાંત સંગીન હતા. શરૂઆતમાં વ્યાપારના પરિબળ દ્વારા અને ત્યારબાદ બૌદ્ધધર્મ દ્વારા જે સાંસ્કૃતિક પ્રભાવ પડયો તે અજોડ ગણી શકાય તેઓ છે.

૪. ભારત તિબેટ સંબંધો.

એવું માનવામાં આવે છે કે ભારત અને તિબેટ સાથેના સંબંધો બીજા બધા પાડોશી દેશોની માફક ઘણા જૂના હશે. પરંતુ આ સંબંધોની સૌથી પ્રથમ ઐતિહાસિક નોંધ ઈ. સ. ની છઠ્ઠી સદીમાં જોવામાં આવે છે.' સાતમી સદીના પૂર્વાધમાં ત્યાંના વિખ્યાત રાજા **સોનસેનગોપોના** રાજ્ય અમલ દરમ્યાન બૌદ્ધધર્મની પ્રબળ અસર તિબેટમાં ઘણી થઇ. તિબેટની સંસ્કૃતિમાં વળાંકનો સમય શરૂ થયો. તેની બન્ને રાણીઓ એ બૌદ્ધધર્મનો સ્વીકાર કર્યો હતો.

+ આપણો વારસો અને વૈભવ : દર્શક પૃષ્ઠ ૧૮૯ના આધારે.

તિબેટમાં બૌદ્ધધર્મનો પ્રચાર અને પ્રસાર થતાં તિબેટમાંથી બૌદ્ધધર્મના ઘણા અનુયાયીઓ આવવા લાગ્યા. આ સમયમાં બંગાળના પાલરાજાઓએ આ અનુયાયીઓને અભ્યાસ વગેરેની પૂર્ણ સવલતો કરી આપી હતી.

તિબેટમાં બૌદ્ધધર્મના પ્રભાવથી ખુદ બૌદ્ધધર્મને ઘણો લાભ થયો. ભારતમાં બૌદ્ધધર્મ જ્યારે મૃતઃપ્રાય બન્યો ત્યારે તિબેટમાં બૌદ્ધધર્મ વિકાસ–શિખરે હતો. ઈટાલીયન સંશોધનકાર **ગિસેપ્પ ટરસીએ** બૌદ્ધધર્મના કેટલાય દસ્તાવેજો, મૂર્તિઓ અને સ્તૂપોના અવશેષો શોધી કાઢ્યા છે. આ અવશેષો ભારત તિબેટ વચ્ચેના સબંધો અને બૌદ્ધધર્મનો તિબેટમાં વૈભવ વિકાસની સાક્ષી પૂરે છે.

૫. ભારત અને ચીન વચ્ચેના સંબંધો :

અ. પ્રાસ્તાવિક : ભારત ચીન વચ્ચેના સાંસ્કૃતિક સબંધોનો ઇતિહાસ ઘણો પૂરાણો અને સમૃદ્ધ છે. રામાયણ મહાભારતના કાળથી ચીનનું નામ ભારતના લોકોથી પરિચિત હતું. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં ચીની રેશમી કાપડની વિવિધ જાતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ઈ. સ. ની શરૂઆત થઈ તે પહેલાં ભારત અને ચીન બહુ પ્રાચીન સમયથી ઘનીષ્ટ વ્યાપારી સબંધોથી સંકળાયેલા હશે. તેના પૂરાવા પણ મોજુદ છે. ભારત અને ચીનનો વેપાર બે પ્રકારના માર્ગો દ્વારા થતો હતો. મધ્યએશિયાના જમીન માર્ગ દ્વારા અને હિંદી મહાસાગર અને ચીની સાગર વચ્ચેના દરીયાઈ માર્ગ દ્વારા ચીજ વસ્તુઓની લેવડ દેવડ થતી હતી. હિંદમાં ચીની રેશમની ઘણી માંગ હતી. ઉપરાંત સિંદૂર, વાંસ પણ ભારતમાં આયાત થતા હતા.

બ. બન્ને બચ્ચેનો સંપર્ક અને પરિણામો : આ સબંધોમાં વ્યાપારના પરિબળ કરતાં બૌદ્ધધર્મના પ્રચારનું પરિબળ ઘણું મહત્ત્વનું અને અસરકારક હતું, સૌ પ્રથમ ચીનમાં બૌદ્ધધર્મનો પ્રવેશ હાનવંશના સમ્રાટ મીંગ–તીના સમયમાં (ઈ. સ. ૬૫) થયો. મીંગ–તીને જ્યારે બૌદ્ધધર્મને રાજ્યધર્મનું સ્થાન આપ્યું ત્યારથી આ બન્ને દેશો વચ્ચેનો સાંસ્કૃતિક સમન્વય વધુ ઝડપી બન્યો. ચીનમાં બૌદ્ધધર્મનો સૌ પ્રથમ ફેલાવો કરનાર **ધર્મરત્ન** અને **કાશ્યપ માતંગ** હતા. આ બૌદ્ધ સાધુઓએ આજીવન ચીનમાં રહી બૌદ્ધસાહિત્યનું ચીની ભાષામાં ભાષાંતર કર્યું.

એક વખત બૌદ્ધધર્મની પ્રચારની પ્રવૃત્તિ અનેક ઘણી વધી ગઈ. માત્ર ભારતમાંથી નહીં પરંતુ હવે મધ્યએશિયામાંથી પણ ઘણા બૌદ્ધસાધુઓ ચીનમાં

જઈ બૌદ્ધધર્મના પ્રચારના કાર્યમાં ગુંથાઈ ગયા. આ સાધુઓ જુદી જુદી જાતના અને જુદા દેશના હોઈ, એશિયામાં બૌદ્ધધર્મ દ્વારા વિશ્વ-બંધુત્વની ભાવના ફેલાવવામાં તેમનો મહત્ત્વનો ફાળો હતો. પ્રથમ સામાન્ય જનસમાજમાં અને કાળક્રમે ઉચ્ચવર્ગમાં બૌદ્ધધર્મની વિચારસરણીએ અસર કરી, પરિણામે બૌદ્ધધર્મ ચીનના લોકજીવનમાં અગત્યનું સ્થાન પ્રાપ્ત કરવા લાગ્યો.

ઈસ્વીસનની બીજી સદી દરમ્યાન મધ્યએશિયામાં ઈસ્લામની પકડ વધવા માંડી. પરિણામે મધ્યએશિયાનો ભારત અને ચીન વચ્ચેનો જમીન માર્ગ બંધ થયો. તેમ છતાં દરિયાઈ માર્ગે બન્ને દેશોના સબંધોમાં ઉણપ આવી નહીં. આ બધા કટોકટીના સંજોગોમાં પણ બૌદ્ધધર્મનો પ્રભાવ ચીન પર વધતો જ ગયો. ઈસ્વીસનની ચોથી સદી પછી બુદ્ધ ભગવાનનો સંદેશો પહોંચાડવામાં ઘણા સાધુઓએ ભારે જહેમત ઉઠાવી હતી. આ બધામાં આચાર્ય કુમારજીવનું (ઈ. સ. ૪૦૧ થી ૪૧૨ ચીનમાં રહ્યા હતા) કાર્ય ઘણું પ્રશંસનીય છે. તેઓએ ચીની ભાષા શીખી લઈ સો (૧૦૦) કરતાંયે વધારે સંસ્કૃત પુસ્તકોનું ચીની ભાષામાં ભાષાંતર કર્યું. સૌથી પ્રથમ ચીનમાં બૌદ્ધધર્મના મહાયાન પંથનો પ્રચાર તેને કર્યો.

ચોથી અને પાંચમી સદી દરમ્યાન ભારતના જુદા જુદા પ્રદેશોમાંથી બૌદ્ધસાધુઓનો અવીરત પ્રવાહ ચીન તરફ વહેતો થયો. તેમાં મહત્ત્વના બૌદ્ધ સાધુઓમાં સંઘભૂતિ, ગૌતમ, સંઘદેવ, કાશ્મીરનો રાજકુમાર ગુણવર્મન બીજો, કાશ્મીરી બુદ્ધજીવ, મધ્યપ્રદેશનો ગુણવ્રત, બનારસનો પ્રજ્ઞારુચિ ઉજ્જયિનીનો પરમાર્થ, મુખ્ય હતા.

ભારતમાંથી જેમ બૌદ્ધસાધુઓ જતા હતા તેમ ચીનમાં પણ બુદ્ધ ભગવાનની જન્મભૂમિ અને કર્મભૂમિની યાત્રા કરવાની ઉત્કટ ઇચ્છા ચીનમાં બૌદ્ધધર્મીઓમાં પ્રગટી. આ પ્રવાસીઓમાં ફાહિયાન, શેનચાંગ, ઇત્સિંગ, હુ-એન-ત્સાંગ મુખ્ય હતા. આ બધા પ્રવાસીઓએ ભારતમાં પ્રવાસ દરમ્યાન તથાગતના ધર્મના પુસ્તકોનો અભ્યાસ કરી સંસ્કૃત ગ્રંથોનો તરજુમો કર્યો હતો. તેમાંના ઘણા મુસાફરોએ તથાગતની મૂર્તિઓ, બૌદ્ધધર્મનું સાહિત્ય અને જ્ઞાન ભંડાર સાથે લઈ ગયા હતા. ઇ-ત્સિંગે નાલંદા વિદ્યાપીઠમાં સાત વર્ષ અભ્યાસ કર્યો હતો. તેને ૪૦૦ સંસ્કૃત પુસ્તકોનો અનુવાદ કર્યો હતો.

ભારત અને ચીન વચ્ચેના સાંસ્કૃતિક સંબંધોમાં વધારો કરનાર ત્યાંના

ઘણાખરા રાજવંશો હતા. ઘણા ચીની સમ્રાટોએ બૌદ્ધધર્મ સ્વીકારી તેનો પ્રચાર કર્યો. બૌદ્ધધર્મના સાધુઓની પરસ્પર આવજા ઉપરાંત બન્ને દેશોના પ્રતિનિધિ મંડળોની પરસ્પર મોકલવાની પ્રથાથી રાજકીય સંપર્ક પણ સુદૃઢ બન્યો.

આમ ભારત અને ચીન વચ્ચેના અતિ પ્રાચીન સંબંધોને પરિણામે ચીનના સાહિત્ય, કલા, શિલ્પ, સ્થાપત્ય, પર ભારતની સ્પષ્ટ અસર જોઈ શકાય છે. બૌદ્ધધર્મના મૂળ ગ્રંથો જેટલા ભારતમાં મળતા નથી, તેટલા ચીન અને તિબેટમાંથી મળી આવે છે. તદ્ઉપરાંત ગણિતશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર અને વૈદકશાસ્ત્રના પુસ્તકોનું ભાષાંતર ચીની ભાષામાં થયું હતું, જે ચીનમાં જળવાયું છે.

ચીન ઉપરાંત ભારતીય સંસ્કૃતિનો પ્રભાવ દૂર પૂર્વમાં મોંગોલિયા, કોરિયા અને જાપાનમાં જોવા પણ મળે છે.

૬. અગ્નિ-એશિયા (સુવર્ણભૂમિ) માં ભારતીય વસાહતો અને સંસ્કૃતિનો ફેલાવો

અ. અગ્નિ-એશિયામાં ભારતીય વસાહતો :

अ. પ્રાસ્તાવિક : પ્રાચીન સમયમાં ભારતની સરહદોની પેલેપાર પૂર્વમાં આવેલ ચંપા, કંબોજ (કંબોડિયા), કુ-નાન, સિયામ (થાઇલેન્ડ), બ્રહ્મદેશ વગેરે એશિયાઈ ટાપુઓના દેશોમાં અને જાવા, સુમાત્રા, બોર્નિયો, બાલિ વગેરે ટાપુઓમાં ભારતીય વસાહતોની સ્થાપના અને સંસ્કૃતિનો ફેલાવો થયો, જેના પરિણામે અગ્નિપુરાણના વિવરણ મુજબ એક **'દ્વીપાન્તર ભારત'** નો આવિષ્કાર થયો.

ब. અગ્નિ-એશિયામાં ભારતીય વસાહતો (ભારતની સાંસ્થાનિક પ્રવૃત્તિઓ) :

(૧) **સિલોન** (લંકા) : ઇલિયટના મતે અગ્નિએશિયાના બધા દેશોમાં સિલોનમાં સૌ પ્રથમ ભારતીય સંસ્કૃતિએ પ્રવેશ કર્યો. લગભગ ઈ. સ. પૂર્વે ૫ મી સદીમાં **વિજય** નામનો ભારતીય રાજકુમાર પોતાના રસાલા સાથે સિલોનમાં આવ્યો અને અહીંના રાજાની કુમારી સાથે લગ્ન કરીને અહીં રાજ્ય સ્થાપ્યું હતું. આધુનિક સિંહાલી જાતિ તેની વંશજ મનાય છે.[૧] ઈ. સ. પૂર્વે બીજી સદીમાં અશોકે બૌદ્ધધર્મના પ્રચાર અર્થે પોતાનાં પુત્ર-પુત્રી મહેન્દ્ર અને

૧. B. G. Gokhale : Ancient India, p. 198.

સંઘમિત્રાને સિલોન મોકલ્યાં. ત્યારથી સિલોનમાં બૌદ્ધધર્મનો ઝડપી ફેલાવો થયો. ત્યાંના રાજાએ બૌદ્ધધર્મ સ્વીકાર્યો અને બૌદ્ધધર્મને રાજધર્મ તરીકે અપનાવવામાં આવ્યો. ત્યાં અનેક બૌદ્ધમઠો, વિહારો બંધાયા, જ્યાં બૌદ્ધધર્મનું અધ્યયન થવા લાગ્યું. સિલોનમાં બૌદ્ધધર્મના ફેલાવાને લીધે ત્યાંના સાહિત્ય અને કલામાં એક પ્રકારનું સર્જનાત્મક ચેતન આવ્યું. આમ સિલોનમાં ભારતીય સંસ્કૃતિના ફેલાવા માટે બૌદ્ધધર્મ સૌથી અસરકારક માધ્યમ બની રહ્યું. (પ્રા. બી. જી. ગોખલે)

(૨) **બ્રહ્મદેશ** (બર્મા) : બર્મી દંતકથાઓ પ્રમાણે ભારત અને બ્રહ્મદેશ વચ્ચેના સંબંધો ઘણા પ્રાચીન અને પુરાણા છે. ઈ. સ પૂર્વે બીજી સદીમાં અશોકના સમયમાં બૌદ્ધધર્મની ત્રીજી પરિષદે સોણ અને ઉત્તમની નેતાગીરી નીચે બ્રહ્મદેશમાં એક ધર્મપ્રચારક મંડળ મોકલ્યું હતું. અને ઈ. સ. પાંચમી–છઠ્ઠી સદીમાં તો બ્રહ્મદેશમાં આવેલ 'શ્રી ક્ષેત્ર' નામના હિંદુ રાજ્યની રાજધાની પ્રોમ બૌદ્ધધર્મનું કેન્દ્ર ગણાવા લાગ્યું. પ્રોમમાં બૌદ્ધધર્મના બંને પંથો થેરવાદ (હિનયાન) અને મહાયાનનો તેમજ બ્રાહ્મણધર્મની શાખાઓનો ફેલાવો થયો, અને આખરે 'શ્રી ક્ષેત્ર' રાજવીએ (સંભવતઃ અનુરૂદ્ધ) થેરવાદને રાજ્યધર્મ તરીકે જાહેર કર્યો. બૌદ્ધધર્મના ફેલાવાની ત્યાંના સાહિત્ય, કલા અને સમાજ પર ઘણી અસરો થઈ. **સાહિત્યના ક્ષેત્રે** બૌદ્ધ-સાહિત્યની પાલિભાષાએ બ્રહ્મદેશની બર્મી ભાષાના વિકાસમાં ઘણો ફાળો આપ્યો, તેમજ બર્મીના ધમ્મથટ્સ (Dhammathats) એ ભારતીય ધર્મશાસ્ત્રો (કાયદા ગ્રંથો)ની આવૃત્તિ હોય તેમ લાગે છે.[૨] **કલાના ક્ષેત્રે** પગન (Pagan)માં આવેલ 'આનંદ મંદિર' ભારતીય શિલ્પ–કલાનો અજોડ નમૂનો છે. **આનંદમંદિર બર્માના પાટનગરમાં બંધાયેલું હોવા છતાં બધી રીતે ભારતીય મંદિર છે.**

(૩) **ફુ-નાન** : ચીની ઇતિહાસકારોના મત મુજબ ફુ-નાન (Fu-nan) રાજ્યનો સ્થાપક કૌન્ડિન્ય નામનો ભારતીય બ્રાહ્મણ હતો. પ્રચલિત દંતકથા મુજબ તેણે ત્યાંની નાગજાતિની સોમા નામની રાજકુમારી સાથે લગ્ન કર્યું.[૩] તેણે ત્યાં રહીને ફુ-નાનની અસભ્ય અને બર્બર પ્રજાને સભ્યતાના પ્રથમ

---

૨. Ibid, p. 199.

૩. R. C. Majumdar : Ancient Indian colonization in South–East India, p. 22.

પાઠ શીખવ્યા. આ રાજ્યમાં ત્રીજી સદીના પ્રારંભમાં ફાન-ચે-મેન (Fan-che-man) નામના શક્તિશાળી અને મહાન વિજેતા રાજવીએ શક્તિશાળી નૌકાકાફલો તૈયાર કરી પાડોશી રાજ્યો પર આક્રમણ કરીને ૧૦ રાજ્યોને ફુ-નાન રાજ્યનાં ખંડિયા રાજ્યો બનાવ્યાં, અને તેણે 'ફુ-નાનના મહાન રાજવી' તરીકેનું બિરુદ ધારણ કર્યું. ડૉ. આર. સી. મજુમદાર ફાન-ચે-મેનને અગ્નિ-એશિયામાં પ્રથમ ભારતીય સાંસ્થાનિક સામ્રાજ્યના સ્થાપક તરીકે બિરદાવે છે.[૪] ચીની જનશ્રુતિ અનુસાર ઈ. સ. પાંચમી સદીના શરૂઆતમાં કૌન્ડિન્ય નામનો બીજો ભારતીય બ્રાહ્મણ ફુ-નાન આવ્યો. જેણે ફુ-નાન સામ્રાજયની સામાજિક અને રાજકીય સંસ્થાઓને સુધારીને પુનઃસ્થાપી.[૫] કૌન્ડિન્ય બીજાના વંશમાં જયવર્મન નામના શક્તિશાળી રાજવીએ (ઈ. સ. ૪૮૪-૫૧૫) ફુ-નાન રાજ્યનો વિસ્તાર વધાર્યો અને ચીન સાથે વ્યાપારિક સબંધો બાંધ્યા. તે શૈવધર્મી હતો છતાં વૈષ્ણવ અને બૌદ્ધધર્મ પ્રત્યે સહિષ્ણુ હતો. તેના શાસનકાળથી ફુ-નાનના સાચા ઐતિહાસિક યુગની શરૂઆત થઈ. સાતમીસદીના અંતમાં તેના આશ્રિત રાજ્ય કંબોજે (કંબોડિયા) ફુ-નાનને પોતાના સામ્રાજ્યમાં ભેળવી દીધું.

(૪) કંબોજ (કંબોડિયા) : સિલ્વીન લેવી જેવા ફ્રેન્ચ વિદ્વાનોના મત મુજબ કંબોજ રાજ્યનો મૂળ સ્થાપક કમ્બુ નામનો હિંદુમહર્ષિ હતો.[૬] ઈ. સ. છઠ્ઠી સદીના મધ્ય ભાગમાં ભાવવર્મને ગાદીએ આવી નવા રાજવંશની સ્થાપના કરીને ભાવપુર ખાતે નવી રાજધાની વસાવી. આ વંશના ઈશાનવર્મને ચીન અને ભારત રાજદૂતો મોકલી મૈત્રાચારીના સબંધો બાંધ્યાં. ઈ, સ. ૯મીથી ૧૪ સુધી કંબોજમાં ખ્મેર વંશના રાજવીઓએ શાસન કર્યું. આ વંશના જયવર્મન બીજાએ પરદેશીઓને હાંકી કાઢી કંબોજને ફરીથી સ્વતંત્ર કર્યું. અને તેણે કંબોજમાં દેવરાજ નામે નવો સંપ્રદાય શરૂ કર્યો. ખ્મેરવંશના રાજાઓ સાહિત્ય ને કલાના ઉપાસકો હતા. રાજવી યશોવર્મન એક વીર રાજવી હતો. ઉપરાંત મહાન વિદ્વાન પણ હતો. તેણે પંતજલિના મહાભાષ્ય પર ટીકા રચી હતી. ઈ. સ. ૧૨મી સદીમાં થઈ ગયેલ પ્રતાપી રાજવી સૂર્યવર્મન બીજાનું

---

૪. Idid. p. 22. અને N. H. I. P., p. 319.

૫. તેના આગમનને 'ફુ-નાન'માં ભારતીયકરણનું બીજું મોજું, ગણવામાં આવે છે. (પ્રા. ગોખલે).

૬. Swami Sadanand: Hindu Culture in Greater India, p. 74.

શાસન ખ્મેરવંશનો સુવર્ણયુગ હતો.[૭] તે વિશાળ સૈન્ય ધરાવતો હતો, જેમાં બે લાખ હાથીઓ હતા. તેણે દુનિયાનું અજાયબી મણાતું 'અંગકોર વટ'નું વિષ્ણુમંદિર બંધાવ્યું. "ભારત વર્ષની બહાર જેમ બૌદ્ધધર્મે બોરોબુદરનું સર્જન કર્યું તેમ, પૌરાણિક ધર્મે સર્જ્યું છે, કંબોડિયામાં અંગકોરવટનું મહામંદિર" અને ૧૨મી સદીના અંત ભાગમાં જયવર્મન સાતમાએ 'અંગકોર થોમ' નામનું નવું પાટનગર વસાવ્યું અને ત્યાં 'બેયોનનું મંદિર' બંધાવ્યું. તેના મૃત્યુ બાદ કંબોજની પડતીની શરૂઆત થઈ અને ૧૮૫૪માં ફ્રેન્ચોએ આ મહાન સામ્રાજ્યની હયાતી મીટાવી દીધી.

(૫) **ચંપા (અન્નામ) :** કંબોડિયાની પૂર્વે ઇ. સ. બીજી સદીમાં હિંદુરાજ્ય ચંપા (જે આજે અન્નામ તરીકે ઓળખાય છે) સ્થાપ્યું. તેની રાજધાની ચંપાપુરી હતી. **શ્રી-માર** એ ચંપાનો પહેલો હિંદુ રાજવી હતો, જેણે ઇ. સ. બીજી સદીમાં પોતાનો રાજવંશ સ્થાપ્યો. આ વંશના શક્તિશાળી રાજવી ભદ્રવર્મને અમરાવતી, શ્રીવિજય, પાંડુરંગ નામના ત્રણ પ્રાંતોને એકત્ર કરીને ચંપાના સામ્રાજ્યની સ્થાપના કરી અને માઇસોન (Myson) નામના સ્થળે એક શિવાલય બંધાવ્યું, જે 'ભદ્રેશ્વરસ્વામી' ને નામે ઓળખાતું.[૮] ઇ. સ. ૮મી સદીમાં શ્રીમાર-વંશનો અંત આવ્યો અને ત્યારપછી ચંપામાં પાંડુરંગ (૭૫૭-૮૬૦) અને ભૃગુ-વંશ (૮૬૦-૯૮૫) એમ બે નવા રાજવંશોએ શાસન કર્યું. ભૃગુવંશનો રાજા ઇન્દ્રવર્મન ત્રીજો (ઈ. સ. ૯૧૧-૭૨) પ્રખ્યાત વિદ્વાન હતો. તેણે ષડ્દર્શનો, પાણિનીનું વ્યાકરણ, બૌદ્ધ ફિલસૂફી, ટીકાકાસિકા, શૈવસાહિત્ય ઉત્તરકલ્પ વગેરેનો અભ્યાસી હતો. ચંપાના રાજાઓ ધર્મસહિષ્ણુ હતા અને તેને લીધે કંબોજની જેમ અહીં પણ અનેક ભવ્ય હિંદુ અને બૌદ્ધમંદિરો બંધાયેલાં નજરે પડે છે. ઈ. સ. બીજીથી ૧૫મી સદી સુધી વિવિધ હિંદુવંશોએ અમરાવતી, પાંડુરંગ, શ્રીવિજય, કોથેરા વગેરે કેન્દ્રો પરથી ચંપા પર શાસન કર્યું.[૧૦]

(૬) મલાયા દ્વિપકલ્પ-જાવા, સુમાત્રા, બોર્નિયો, અને બાલિ :

---

૭. H. G. Rawlinson: India–a short cultural Hisrory, p. 153.

૮. Swami Sadanand : Ibin, p. 5 અને Ad. Hist. of Ind. p. 217.

૯. Ibid, p. 111.

૧૦. R. C. Majumdar : Greater India, p. 24.

જાવા, સુમાત્રા, બોર્નિયો, બાલિ ઇત્યાદિ ટાપુઓને આવરી લેતા મલાયા દ્વિપકલ્પના સામ્રાજ્યમાં બે મહાન હિન્દુ સામ્રાજ્યો સ્થપાયા હતા : (૧) શ્રીવિજય કે શૈલેન્દ્ર સામ્રાજ્ય અને (૨) મજાપહિતનું સામ્રાજ્ય.

૧. સુમાત્રામાં શ્રીવિજય કે શૈલેન્દ્ર સામ્રાજ્ય : આ સામ્રાજ્યની સ્થાપના મૂળ ઓરિસ્સામાંથી આવેલા શૈલેન્દ્રવંશના રાજવીઓએ કરી હતી. (૪થી સદીમાં) શ્રીવિજય સામ્રાજ્યના આદ્યસ્થાપકો વિષે કોઈ માહિતી ઉપલબ્ધ નથી.[૧૧] પરંતુ આ સામ્રાજ્ય ઈ. સ. ૭૫૦ થી ૮૫૦ ના સમય દરમિયાન ભૂમિ અને દરિયાઈક્ષેત્રે સર્વશક્તિશાળી હતું. ત્યારપછી તેની પડતીની શરૂઆત થઈ. ૧૧ મી સદીમાં દક્ષિણ ભારતની મહાન દરિયાઈ સત્તા ચોલ સામ્રાજ્યની સાથે તે અથડામણમાં આવ્યું અને રાજેન્દ્ર ચોલ ૧ લાએ પોતાના શક્તિશાળી નૌકાદળ વડે શૈલેન્દ્ર સામ્રાજ્ય પર હલ્લો કર્યો અને તેના ઘણાખરા પ્રદેશો કબજે કર્યા, અને શૈલેન્દ્ર રાજવી સંગ્રામ–વિજયોત્તુંગવર્મનને કેદ કર્યો. (૧૦૧૮ ની આસપાસ). આ રીતે શૈલેન્દ્ર સામ્રાજ્યનો અંત આવ્યો.[૧૨] શૈલેન્દ્ર રાજવીઓ બૌદ્ધધર્મના મહાયાન સંપ્રદાયના અનુયાયીઓ હતા અને તેમણે બૌદ્ધ સ્તૂપો, વિહારો અને મઠો બંધાવ્યા, જેમાં બોરોબુદરનો સ્તૂપ મુખ્ય છે.

૨. મજાપહિતનું સામ્રાજ્ય : શૈલેન્દ્ર સામ્રાજ્યના પતન પછી ૧૩મી સદીના અંતભાગમાં જાવામાં મજાપહિતનું શક્તિશાળી સામ્રાજ્ય સ્થાપ્યું. સ્વ. નહેરુએ આ સામ્રાજ્યની સુવ્યવસ્થિત અને લોકપ્રિય સરકારનાં ખૂબ વખાણ કર્યા છે. જાવાની સંસ્કૃતિ આ સામ્રાજ્યના રાજવીઓના શાસન હેઠળ તેની ચરમ સીમાએ પહોંચી હતી. (૧૨૯૪–૧૪–૭૮)[૧૩] પંદરમી સદીમાં આ સામ્રાજ્યની પડતી શરૂ થઇ. મલાકકાના હિંદુ રાજવીએ ઇસ્લામ ધર્મ સ્વીકારી સુમાત્રાની મુસ્લીમ રાજકન્યા સાથે લગ્ન કર્યા. આથી મજાહપતિના હિંદુ રાજાએ જાવા છોડીને બાલિમાં આશરો લીધો.[૧૪]

---

૧૧. શૈલેન્દ્ર સામ્રાજ્યના પ્રથમ રાજા વિષે ડૉ. આર. સી. મજુમદાર કૃત Ancient Indian colonization in south-east Asia, pp. 42–43 જુઓ.

૧૨. આ અંગે આર. સી. મજુમદારનાં વિવાદસ્પદ મંતવ્યોનો અભ્યાસ જરૂરી છે. જુઓ ઉપરોક્ત પુસ્તક પૃ. ૪૩ અને Ad. Hist. India, p. 221.

૧૩. વિગતો માટે જુઓ, H. G. Rawlinson : op. cit., p. 151.

૧૪. See R. C. Majumdar : op. cit., pp. 53–54.

બાલિ ટાપુમાં હિંદુઓએ ૬ઠ્ઠી સદી સુધીમાં પોતાની વસાહતો સ્થાપી હતી. બાલિમાં આજ સુધી હિંદુ સંસ્કૃતિ જળવાઈ રહે છે. "બાલિ હજુ પણ આજ સુધી હિંદુધર્મનો ગઢ છે...હજુ ય તે ગર્વથી હિંદુધર્મનો ધ્વજ ફરકાવતું એકલું અટલું ઊભું છે. બાલિ ટાપુના નિવાસીઓમાં તો આજે પણ હિંદુધર્મ જે પવિત્રતાપૂર્વક પાળવામાં આવે છે, તેવી પવિત્રતાપૂર્વક તો ભારતમાં પણ પળાતો નથી."[૧૫]

क. **નિષ્કર્ષ** – આ પ્રમાણે પ્રાચીન સમયમાં ભારતીય સરહદોની પેલી પાર અગ્નિએશિયામાં સ્થપાયેલ ભારતીય વસાહતોના ઈતિહાસ પરથી સ્પષ્ટ થાય છે કે આ દેશોમાં વસાહતો સ્થાપવાનો ભારતવાસીઓનો ઉદ્દેશ ન હતો વીરતા દર્શાવવાનો કે ન હતો વેપારની સીમાઓને વિસ્તૃત કરવાનો, પરંતુ આ અસભ્ય દેશોમાં જ્ઞાન અને સંસ્કૃતિની જ્યોત ફેલાવીને તેમને સભ્ય અને સુખી બનાવવાનો હતો. સંક્ષેપમાં આ દેશોમાં વસાહતો સ્થાપવાનો ભારતવાસીઓનો મુખ્ય ઉદ્દેશ 'Cultural mission for the uplift of the conquered' ની ગરજ સારવાનો હતો. આ અંગે ડૉ. આર. સી. મજુમદાર તેમના 'Greater India' નામની ૫૬ પાનાની પુસ્તિકામાં લખે છે કે, "They aimed at the uplift of the people, and not selfish gain by means of their exploitation, and instead of wielding the rods of masters, they extended the hands of fellowship to the people among whom they found themselves."

બ. અગ્નિએશિયામાં ભારતીય સંસ્કૃતિનો ફેલાવો :

अ **પ્રાસ્તાવિક** – ધર્મ, સમાજ, કલા અને સાહિત્ય માનવ સંસ્કૃતિનાં મહત્ત્વનાં અંગો છે. ભારતની સાંસ્કૃતિક અસરો પ્રાપ્ત કરીને જે વિશાળભારતની વિશિષ્ટ ભૂમિકા સર્જાઈ તેમાં ભારતીય સંસ્કૃતિના આ ચારેય અંગોની તેના પ્રદેશોમાં ઊંડી છાપ પડી છે. કાલાન્તરે રાજકીય પરિવર્તનોમાં પણ આ સાંસ્કૃતિક છાપ હજુ પણ તેવીને તેવી જોવા મળે છે.

ब. અગ્નિએશિયામાં ભારતીય સંસ્કૃતિનો ફેલાવો :

૧. **ધર્મ** – સંસ્કૃતિની દૃષ્ટિએ જોતાં અગ્નિએશિયાના દેશોમાં હિંદુ

૧૫. Swami Sadanand : op. cit., pp. 7–8.

ધર્મ (પૌરાણિક) સિધ્ધાંતની દષ્ટિએ અને લોકપ્રિયતાની નજરે બંને રીતે વ્યાપક પ્રમાણમાં પ્રસરણ પામ્યો છે.

હિંદુધર્મનું વર્ચસ્વ અને તેમાંય ત્રિમૂર્તિ (બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ) માં શિવની લોકપ્રિયતા વધારે જોવા મળે છે. ઉપરાંત ઉપનિષદોમાં વર્ણવામાં આપેલો રહસ્યવાદ અને ધર્મની તાંત્રિક ક્રિયાકાંડ હિંદની માફક અહીં પણ વ્યાંપક પ્રમાણમાં પ્રચલિત છે.

તેમ છતાં બૌધ્ધધર્મનો પણ અહીં સારો એવો પગપેસારો જોઈ શકાય છે. બોરોબુદરનો ભવ્ય અજોડ સ્તૂપ તેનો મહત્વનો પૂરાવો છે.

અગ્નિએશિયાના પ્રદેશોમાં ધાર્મિક પ્રચારની ઝુંબેશ અને તેમાંથી ઊભી થયેલી ધાર્મિક અસરો મહદ અંશે ત્યાંના રાજવીઓના ધાર્મિક વલણ અને ધર્મપ્રિયતાને કારણે છે. રાજાઓ છ શાસ્ત્રો ભણવામાં, આશ્રમો બંધાવવામાં અને ધર્માચાર્યોને આશ્રય આપવામાં આગળ પડતા હતા.

ભારતનું ધર્મજીવન અને ધર્મવ્યવસ્થા ઉપરાંત ધાર્મિક સહિષ્ણુતા અહીંનું વિશિષ્ટ લક્ષણ છે. સર્વધર્મને સરખા ગણવાની લાગણી અહીંની વિશિષ્ટતા છે.

ધર્મોની વ્યાપકતાની દષ્ટિએ બૌધ્ધધર્મ બ્રહ્મદેશ, સિયામ અને સિલોનમાં ઘણો પ્રચાર પામ્યો, જ્યારે કંબોજ, ચંપા, સુમાત્રા, જાવા, બાલિ વિગેરેમાં શૈવધર્મ વધુ પ્રાબલ્ય ધરાવતો હતો. સ્થાનિક દેવમૂર્તિઓને ભારતીય દેવોના નામ આપીને પૂજવાની એક ખાસિયત ઊભી થઈ હતી. જાવામ 'ભટ્ટાર ગુરુ' ને ગણેશનું સ્થાન આપવામાં આવ્યુ છે. અગ્નિએશિયાના દેશોમાં બૌધ્ધ-ધર્મ અને શૈવધર્મમાં પણ સામ્યતા ઉભી થયેલી જોવામાં આવે છે. 'દિનકર' આ અંગે નોંધે છે કે જાવા, સુમાત્રા બાલિમાં બ્રાહ્મણધર્મ અને બૌધ્ધધર્મ વચ્ચે ઘણું ઓછું અંતર હતું...ત્યાંની કથાઓમાં કયાંક બુધ્ધને શિવના નાના ભાઈ માનવામાં આવે છે.''......

૨. સમાજ – પ્રાચીન હિંદુસમાજના માળખાનું મહત્વનું અંગ મનાતી વર્ણવ્યવસ્થા (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર) અગ્નિએશિયાના દેશોમાં અને ખાસ કરીને જાવા, ચંપા, સુમાત્રા, બાલિ વિગેરેમાં શરૂઆતથી પ્રવેશ પામી હતી. ભારતમાં જે રીતે વર્ણવ્યવસ્થા જડ અને ચુસ્ત (કઠોર) હતી તેવી અહીં ન હતી, પરંતુ શરૂઆતમાં જે રીતે વર્ણવ્યવસ્થા હતી તેવી અહીં હતી. આંતર-

ત્રાતિય લગ્નો અને ભોજનો પ્રચલિત હતા. **અસ્પૃશ્યતા અહીંના સમાજમાં કલંક મનાતું ન હતું.** બાલિમાં શુદ્ર જાતિ તિરસ્કાર ન મનાતી. સમાજમાં સ્ત્રીઓનું સ્થાન ભારતીય સમાજ કરતાં વધારે સારું હતું. સામાન્ય રીતે સ્ત્રી પોતાનો પતિ પસંદ કરવામાં સ્વતંત્રતા ભોગવતી અને તે અંગેની જે પ્રચલિત પ્રણાલિકાઓ હતી, તે જાવા, સુમાત્રા અને બાલિ જેવા દેશોમાં જળવાઈ રહી છે. **ગુણપ્રિયા** જેવી સ્ત્રીઓ રાજકર્તા બની શકતી હતી. સતી થવાનો રિવાજ પ્રચલિત હતો, પરંતુ પડદાનો રિવાજ ન હતો.

ત્યાંની શિલ્પકલાકૃતિઓ જોતાં સ્ત્રી અને પુરુષ વર્ગ કમર ઉપરના ભાગમાં વસ્ત્રવિહીન રહેતા હતા. પગે પગરખાં પહેરવાની પ્રથા પ્રચલિત ન હતી. વાળને અંબોડામાં ગૂંથવામાં આવતા.

વર્ષ દરમ્યાન ચાર વાર પાક (ખેતી) પકવવામાં આવતો. વેપાર કરવામાં સ્ત્રીઓ અગ્રસ્થાને હતી.

ત્યાંના લોકો જ્યોતિષ અને ખગોળશાસ્ત્રમાં અત્યંત રસ ધરાવતા હતા.

સમગ્ર રીતે ઉચ્ચ પ્રકારની સામાજિક પ્રણાલિકાઓ સંગીન સ્વરૂપની હોવા છતાં કાળક્રમે ભરતીને બદલે ઓટ દેખા દે છે. સામાજિક અને નૈતિક જીવનમાં અધઃપતન શરૂ થતું. **ચૈઉતાકુઆન** કેટલાક નવા રીતરિવાજોની નોંધ લે છે.[16] સ્ત્રીઓ અને પુરુષો મોટા પાત્રમાં નગ્ન દશામાં સ્નાન કરે છે. આથીયે ખરાબ રિવાજમાં વાલીઓ દ્વારા નીમાયેલા બૌદ્ધ અને શૈવ સાધુઓ કુમારી છોકરીઓનું કૌમારભંગ કરતા.

નવરાશના સમયમાં અહીંના લોકો ભારતીય સમાજની જેમ મનોરંજનના કેટલાક સાધનોનો બહોળો ઉપયોગ કરતા. તેમાં ખાસ કરીને જુગાર, નૃત્ય, નાટકો, સંગીત મુખ્ય હતા, નૃત્ય નાટકોની બાબતમાં છાયાનાટકો ખાસ કરીને જાવા અને બાલિમાં ઘણાં પ્રચલિત હતાં. **બત્રીસ પૂતળીઓ**ના ખેલો જેમાં એક જ કલાકાર પોતાના હાથની આંગળીઓના જોરે અને કરામતે પ્રેક્ષકોને મનોરંજન પીરસતા હતા. છાયાનાટકોનું કથાવસ્તુ મહાભારત અને રામાયણમાંથી લેવામાં આવતી. આજે પણ રામ–રાવણ યુદ્ધ, દ્રૌપદી–સ્વયંવર, અર્જુન વિવાહ વિગેરેના છાયા નાટકોમાં લોકો માને છે.

---

૧૬. આ અને બીજી કેટલીક માહિતી માટે વિજયસિંહ ચાવડા કૃત, 'ભારતનો સાંસ્કૃતિક ઇતિહાસ'નો આધાર લીધો છે.

૩. સાહિત્ય : ભાષાસાહિત્યની બાબતમાં અગ્નિએશિયાના દેશોમાં સંસ્કૃત અને પાલિભાષા ઉપરાંત દક્ષિણ હિંદની કેટલીક ભાષાલિપિઓની સ્પષ્ટ અસર જોવા મળે છે. સાહિત્યની મુખ્ય ભાષા સંસ્કૃત હતી અને સાહિત્યના લગભગ બધા જ પ્રકારો વિકાસ પામ્યા હતા. અગ્નિએશિયાના ઘણા દેશોમાંથી સંસ્કૃતમાં લખાયેલા શિલાલેખો મળી આવ્યા છે. શિલાલેખો કાવ્યપદ્ધતિના સુંદર નમૂના છે. અહીંનું એક વિશિષ્ટ પાસુ એ હતું કે રાજાઓ પણ વિદ્વાન હતા અને સંસ્કૃતભાષા પર સારૂ પ્રભુત્વ ધરાવતા હતા. કામ્બોડિયાના યશોવર્મને કેટલાક શિલાલેખોમાં ૧૦૦ થી ૧૦૮ જેટલા શ્લોકો કોતરાવ્યા છે. જ્યારે રાજેન્દ્રવર્મને તો એક શિલાલેખમાં ૨૧૮ અને બીજામાં ૨૯૮ જેટલા શ્લોકો મુકાવ્યા છે. આ શ્લોકોની રચનામાં સંસ્કૃતભાષાના પ્રચલિત છંદો અલંકારોનો ઉપયોગ બહોળા પ્રમાણમાં થયો છે.

ભારતીય સાહિત્યનો સારો એવો અભ્યાસ થતો. તેમાં તત્ત્વજ્ઞાન, અર્થશાસ્ત્ર, કાવ્ય, વ્યાકરણ ઉપરાંત બૌદ્ધ અને જૈન સાહિત્યનો વિસ્તૃત અભ્યાસ થતો હતો.

જાવામાં માત્ર સંસ્કૃત સાહિત્ય જ વિકસ્યું ન હતું. જાવાએ પોતાનું વ્યક્તિગત સાહિત્ય મોટા પ્રમાણમાં વિકસાવ્યું હતું.

ઉપર જણાવ્યા પ્રમાણે ચંપા કામ્બોડિયા વિગેરે દેશોમાં રાજાઓ વિદ્વાન હતા, ઉપરાંત તેઓ વિદ્વાનોને આશ્રય આપતા. કામ્બોડિયાનો રાજા યશોવર્મન 'શાસ્ત્રો' અને 'કાવ્યો'માં વિદ્વાન હતો, પતંજલિના 'મહાભાષ્ય' ઉપરનો તેમનો ટીકાગ્રંથ તેમની વિદ્વતાનું પ્રતિક છે. ટૂંકમાં ડૉ. મજુમદાર 'Ancient India'માં કહે છે કે **"ભારતની બહાર બીજી કોઈપણ જગ્યાએ આટલા મોટા કાયદા સાથે અને આટલા મહત્ત્વના પરિણામ સાથે ભારતીય સાહિત્યનો અભ્યાસ થતો નહીં હોય."**

૪. કલા :–

ભારતીય સંસ્કૃતિનું કલાનું પાસું અગ્નિએશિયાના સાંસ્કૃતિક માળખામાં બહુજ યોગ્ય રીતે બંધબેસતું થઈ શક્યું છે. ભારતીય શિલ્પ–સ્થાપત્ય પ્રણાલિકાઓ પ્રમાણે ત્યાંના ઘણાખરાં મંદિરો અને મૂર્તિઓનું ઘડતર કરવામાં આવ્યું છે. ત્યાંની શિલ્પ–સ્થાપત્યની પ્રણાલિઓ સાથે ભારતીય કલાનું મિશ્રણ કેટલીક જગ્યાએ ખાસ કરીને કામ્બુજમાં અને જાવામાં જોવામાં આવે છે અને તે દ્વારા નવા ધોરણો ઉપજાવવામાં આવ્યા છે. ઉપરાંત સંપૂર્ણ ભારતીય–શિલ્પ–સ્થાપ-

ત્યના મંદિરો પણ ઠેરઠેર જોવા મળે છે. તેમાં બર્માનું **આનંદ-મંદિર** મુખ્ય છે. જયારે લર–જોગરંગના બ્રાહ્મણધર્મી મંદિરો ભારત અને જાવાની શૈલીનું પરિણામ છે. ઉપરાંત **બોરોબુદર મંદિર** (જાવામાં) **અંગકોરવટનું મંદિર** (કામ્બોડિયા) બેયોનનું મંદિર તથા **અંગકોરથામનું** કામ્બોડિયાનું પાટનગર ભારતીય સ્થાપત્યકલા અને શૈલીનું સુંદર પરિણામ છે. **ભારતમાં બન્યું છે તેમ અહીં પણ કલા ધર્મની અનુગામિની બની છે.**

અગ્નિએશિયાના વિવિધ દેશોના શિલ્પ–સ્થાપત્યોની વિગતો જાણીને જ ભારતીય કલાની પ્રચંડ અસરનું માપ કાઢી શકાય.

(i) **લર–જોગરંગના મંદિરો :** જાવાના આ બ્રાહ્મણધર્મી મંદિરો કલા–કારીગીરીની દૃષ્ટિએ ઘણા જાણીતા છે. આ મંદિરો આઠ મોટા મંદિરોનો સમૂહ છે. આ મંદિરોમાં **શિવમંદિર** ઘણું સુંદર ભાસે છે. આખું રામાયણ સજીવન કરવામાં અદ્‌ભુત કલાનો પરચો બતાવવામાં આવ્યો છે.

(ii) **આનંદ મંદિર :** બ્રહ્મદેશના પગન શહેરમાં આવેલું આનંદ-મંદિર ભારતીય શૈલી, શિલ્પ–સ્થાપત્યકલાનો અદ્‌ભુત નમૂનો છે. તેની રચના અને બાંધકામની કેટલીક વિશિષ્ટતાઓ ઉપરથી આનંદ મંદિરનું આયોજન અને બાંધણી ભારતીય પ્રતિભાનું ફળ છે.

"આ મંદિરની શિખરથી માંડીને પાયા સુધીની બધી વસ્તુ, તેની ગેલેરીઓ અને પરસાળ પરના જુદા જુદા શિલ્પો...ભારતીય પ્રતિભા અને કારીગરીની ન ભૂંસી શકાય તેવી છાપ ધરાવે છે. આનંદમંદિર બ્રહ્મદેશના પાટનગરમાં બંધાયું હોવા છતાં બધી રીતે ભારતીય છે."

(iii) **બોરોબુદરનું મંદિર** – જાવાના મંદિરો ઉપરાંત બોરોબુદરના જંગી સ્તૂપને યોગ્ય રીતે જ દુનિયાની એક અજાયબી ગણવામાં આવે છે. તે શિલ્પનો ઉત્તમકોટિનો નમૂનો છે. બોરોબુદર આઠમી સદીના અંતમાં અને નવમી સદીની શરૂઆતમાં શૈલેન્દ્રના નેજા હેઠળ બંધાયું હતું.

આ વિશાળ સ્તૂપમાં નવ ઝરૂખાઓ (માળ) બાંધવામાં આવ્યા છે. જેની રચના એક ઉપર એક અને ક્રમે ક્રમે નાની થતી જતી હોય છે. **"તેની સમગ્ર રચનામાં તેની સપ્રમાણ વિશાળતા તેનું અનોખું અંગ છે."*** શ્રી

---

* વિજયસિંહ ચાવડા : ભારતનો સાંસ્કૃતિક ઇતિહાસ, પૃ. ૨૬૯.

દર્શકના મતે "બૌદ્ધધર્મને જન્મ ભારત વર્ષે આપ્યો, પણ તેનું વિશાળ મંદિર બંધાયું જાવામાં. બોરોબુદુરમાંની સમગ્ર રચના જાણે શ્રેયાર્થીને અંતર-જીવનનો પડઘો પાડવા માટે કરાઈ છે."

(iv) **અંગકોરવટનું મંદિર :–** ભારતીય શિલ્પ–સ્થાપત્યની જેમાં બહોળી અસર ઊભી થઈ છે અને જેમાં કંબોડિયાના શિલ્પ–સ્થાપત્યનો થોડા અંશે આધાર લેવામાં આવ્યો છે એવા **અંગકોરવાટ** (અંગોારસનગર, વટ–નગર) નું ભવ્ય મંદિર દુનિયાની એક અજાયબી છે. આ મંદિરની વિશિષ્ટતા તેની વિશાળતા અને સૌંદર્યના સુભગ મિલનમાં છે.

આ મંદિર બંધાવવાનો યશ કંબોડિયાના રાજા સૂર્યવર્મન બીજાને ફાળે જાય છે. આ આખુય મંદિર વિષ્ણુને અર્પણ કરવામાં આવ્યું છે. "આખી કૃતિ સરોવરમાંની એક બેટની કૃતિ જેવું છે."[૧] શ્રી દર્શકની અંગકોરવટના અવલોકનની નોંધ નીચે મુજબ છે:–"ભારતવર્ષની બહાર જેમ બૌદ્ધધર્મે બોરોબુદરનું સર્જન કર્યું, તેમ પૌરાણિક ધર્મે સર્જ્યું છે–કંબોડિયામાં અંગોારવટનું મહામંદિર...દુનિયામાં એવડું વિશાળ મંદિર હજુ પણ બંધાવ્યું નથી...... **ભારત વર્ષે બૌદ્ધ અને હિંદુ સાંસ્કૃતિ દ્વારા કંબોડિયામાં જે ઊંડી અને વ્યાપક અસર કરી હતી તેના** પ્રતિકસમું એ વિશાળ મંદિર ઊભું છે!" **"અંગકોરવટ આજે દુનિયાની પ્રથમ પંક્તિની અજાયબી છે. પાષાણમાં માનવીની પ્રતિભાએ સાધેલી સિદ્ધિની પરાકાષ્ટા છે."**

બેયોનનું મંદિર :

કમ્બોજની સ્થાપત્યકલાનો ઉત્તમ નમૂનો છે. **બેયોન દુનિયામાં સૌથી કલ્પનાપૂર્ણ અને અદ્વિતીય છે. અંગકોરવટ કરતાં તે વધારે મનોહર છે, કેમકે કલ્પનાની દૃષ્ટિએ તે વધારે અલૌકિક છે.**

(v) **અંગકોરથોમ : નગરનું સ્થાપત્ય :–** અંગકોરવટથી આ નગર લગભગ એક માઈલ દૂર છે. અંગકોરવટના મંદિરની જેમ આ નગરની બાંધણી અને રચના ખ્મેર સ્થાપત્યકલાનો સર્વોચ્ચ નમૂનો છે. પં. નહેરૂના મતે "અંગકોરને પ્રેરણા હિંદ પાસેથી મળી પણ ખ્મેર પ્રતિભાએ તેને ખીલવી

૧. વિજયસિંહ ચાવડા : ભારતનો સાંસ્કૃતિક ઇતિહાસ પાન. ૨૭૮.

હતા, અથવા કહો કે એ બંનેએ એકમેકમાં મળી જઈને આ ચમત્કૃતિ નિર્માણ કરી."

क. સમાપન – આમ અગ્નિએશિયામાં ભારતીય સંસ્કૃતિનો પ્રચાર હકીકતમાં ભારતીય સંસ્કૃતિનો વિજય સૂચવે છે. અગ્નિએશિયાની સંસ્કૃતિ અને સભ્યતાના વિકાસમાં ભારતીય સંસ્કૃતિએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. અગ્નિએશિયામાં સ્થપાયેલ વસાહતોને સાંસ્કૃતિક દૃષ્ટિએ એચ. જી. કોરિયક વેલ્સ બે વિભાગમાં વહેંચી નાખે છે. બ્રહ્મદેશ, સિયામ મલાયા દ્વિપકલ્પ, સુમાત્રા વગેરેનો બનેલ **પશ્ચિમવિભાગ,** જેણે ભારતીય સંસ્કૃતિને સંપૂર્ણપણે આત્મસાત કરી પરિણામે ત્યાં જોવા મળતી સંસ્કૃતિ એ માત્ર ભારતીય સંસ્કૃતિની પ્રતિકૃતિસમાન હતી. અને (૨) જાવા, ચંપા કંબોડિયા વગેરેનો બનેલ **પૂર્વ-બંગાલ** જે જોકે, ભારતીય સંસ્કૃતિના રંગે રંગાઈ ગયો હતો, છતાંય એ રંગ પશ્ચિમ વિભાગની જેમ તેના સ્થાનિક સત્ત્વનો સમૂળગો નાશ તો ન કરી શક્યો.

નોંધ : 'Greater India માં India શબ્દ એ ગેરરસ્તે દોરનારો છે, કારણ કે તેમાં હિંદુઓની સાથે મુસ્લિમનો પણ સમાવેશ થાય છે, પરંતુ વિદેશોમાં ભારતીય વસાહતોની સ્થાપનાની બાબતમાં મુસ્લિમોને કોઈ નિસ્બત ન હતી.

*

આટલું યાદ રાખીએ તો......

૧. 'વિશાળ ભારત'નો અર્થ અને સર્જનના પરિબળો :

અ. વિશાળ ભારતનો અર્થ......... નીચે મુજબ છે.
વિશાળ ભારત એ ભારતીય સંસ્કૃતિનો પ્રસાર અને પ્રચાર દર્શાવે છે. તે ભારતનો સાંસ્કૃતિક વિજય સૂચવે છે. જે દેશો ભારતીય સંસ્કૃતિના પ્રભાવ હેઠળ આવ્યા તેમને સામૂહિક રીતે 'વિશાળ ભારત' તરીકે ઓળખવામાં આવે છે.

બ. વિશાળ ભારતના સર્જન માટેનાં પરિબળો...... નીચે પ્રમાણે છે.
(૧) ગોખલેના મતે ભૌગોલિક દૃષ્ટિએ ભારત પૂર્વ અને પશ્ચિમના દેશોની સંસ્કૃતિઓને જોડતી કડીરૂપ હોવાથી અરસપરસ સાંસ્કૃતિક પ્રદાનની સુગમતા ઉપસ્થિત થઇ.